શ્રીદત્તપ્રબોધ

ભાગ-૨



પરમ ભાગવત શ્રી અનંતસુત વિઠ્ઠલ ઉર્ફે

કાવડીબુવા

શ્રીદત્તપ્રબોધ

ભાગ-૨



ભાગ-૧ - ભાગ-૨ - ભાગ-૩ની

કુલ કિંમત : ૧૬૦

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ

નારેશ્વર

પરમ ભાગવત શ્રી અનંતસુત વિઠ્ઠલ ઉર્ફ કાવડીબુવા વિરચિત

શ્રીદત્તપ્રબોધ (ગુજરાતી ગદ્યાંતર)

(મૂળ મરાઠી ગદ્ય ઉપરથી)

મરાઠી ગદ્યાનુવાદ : શ્રી વિષ્ણુપંત મોરેશ્વર પૂજારી

ગુજરાતી ભાષાંતરકર્તા : શ્રી વાસુદેવ દત્તાત્રેય નંદુરબારકર

પ્રકાશક : શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર.

ગ્રાફિક્સ : શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય

'રાહ-રંગપ્રેમની', આણંદ-૩૮૮ ૦૦૧
મોઃ ૯૮૨૫૨ ૯૪૦૦૪
www.rrpnwebsol.com

આવૃત્તિ : પ્રથમ

સોમવાર, કારતક વદ અમાસ,
તા. ૨-૧૨-૨૦૧૩

પૂ.શ્રી રંગ અવધૂત મહારાજની પુણ્યતિથિ

૧ સેટ (૧ થી ૩ ભાગ)

પ્રકાશકનું નિવેદન

મુ. ધીરુભાઈ જ્યારે દત્તાત્રેય વિષે પીએચ.ડી. માટે સંશોધન કરતા હતા ત્યારે શ્રીદત્તપ્રબોધ ગ્રંથ દુર્લભ હતો. તપાસ કરતાં એમના એક સદ્‌ભક્તને ત્યાં હતો. તેમણે તેમને એક એક અધ્યાય લઈ જઈ વાંચી પરત કરી તે પછીનો અધ્યાય આપવાની શરત મૂકી હતી. એટલો એ દુર્લભ હતો અને એમના ભક્તો માટે તો પ્રાણપ્રિય હતો.

એ ગ્રંથ આજે ગુજરાતીમાં છપાઈને બહાર પાડવામાં શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર નિમિત્ત બને છે તેનો અતિ આનંદ છે.

આ ગ્રંથનું મરાઠી ભાષાંતર પહેલાં ડોંબીવલીથી શ્રી ઝૂરળેજી દ્વારા પ્રગટ થયું હતું તેનું જ ગુજરાતી, મરાઠીમાંથી ગુર્જર ભાષામાં અનુવાદની હથોટી ધરાવનાર પૂ.શ્રીના અનન્ય ભક્ત એવા શ્રી વાસુદેવભાઈ નંદુરબારકરે કરી આપ્યું તે બદલ એમનો આભાર. વળી નારેશ્વર તરફથી દાતાને પણ તે નારેશ્વર છાપશે એમ આશ્વસ્ત કર્યા તેવા વિશ્વાસ બદલ પણ ટ્રસ્ટ તેમનું ઋણી રહેશે.

દાતા જે અનામી રહેવા માગે છે તેમના ઉપર પૂ.શ્રીના અમોઘ આશીર્વાદની વર્ષા હો એવી શુભેચ્છા સહ મૂક આભાર!

ગ્રંથ મોટો હોવાથી એના ત્રણ વિભાગો કર્યા છે તેથી ગ્રંથ ખરીદનારે એ બધા જ વિભાગો સાથે ખરીદવાના રહેશે જેથી હિસાબી કામકાજમાં સરળતા રહે. તે માટે પણ એ સૌનો અગાઉથી જ આભાર!!

પૂ.શ્રીના ચરણોમાં સા.દ. પ્રણામ!!!

પ્રકાશક

❋ ❋ ❋

મરાઠી ગદ્યરૂપાંતર

આમુખ

॥ શ્રીગણેશદત્ત ગુરુભ્યો નમઃ ॥

ભગવાન શ્રી દત્તાત્રેય, રાજરાજેશ્વરી કરવીરનિવાસિની શ્રી જગદંબાની જ કૃપાથી નિર્માણ પામેલો ગ્રંથરાજ શ્રીદત્તપ્રબોધ (પરમ ભાગવત શ્રી કાવડીબુવા વિરચિત)ના ગ્રંથનો મરાઠી ગદ્યાનુવાદ શ્રીદત્તભક્તોને ઉપાસના અર્થે અર્પણ કરીએ છીએ. શ્રીદત્તપ્રબોધ મૂળ ગ્રંથની મરાઠી ઓંવી છંદમાં શ્રી વિઠ્ઠલ અનંત પિંપળગાંવકર ઉર્ફે કાવડીબુવાએ ઈ.સ. ૧૮૬૦માં રચના કરી. પ્રસ્તુત ગ્રંથના કુલ ૬૧ અધ્યાય અને ઓંવી સંખ્યા આશરે ૧૪૫૦૦ છે. આ ગ્રંથ શ્રી કાવડીબુવા સમાધિસ્થ થયા પછી ૪૦ વર્ષે પ્રસિદ્ધ થયો. (ત્યાં સુધી તેની લખીને પ્રત કઢાતી હશે તેમ માનવું રહ્યું.)

પ્રથમ આવૃત્તિ ખલાસ થયા પછી ૫૦-૬૦ વર્ષોથી ગ્રંથ દુર્લભ થયો અને દત્તભક્તો તે ગ્રંથના લાભથી વંચિત રહ્યા. આ ગ્રંથ ભાવિક ભક્તો માટે જાણે દત્ત સંપ્રદાયનો એક કોષ જ છે. કારણ સ્પષ્ટ છે કે આ ગ્રંથમાં શ્રી કાવડીબુવાએ સાધકોને ઉપયોગી પારમાર્થિક વિષયોની છણાવટ સુંદર રીતે કરી છે. પ્રમુખતઃ જ્ઞાન, કર્મ અને ઉપાસનાનું ઉદાહરણ સાથે સીધી સાદી ભાષામાં વિવેચન કર્યું છે. તેમ છતાં આ ગ્રંથની ભાષા ૧૫૦ વર્ષ જૂની હોઈ તેનું મરાઠી ગદ્યરૂપાંતર નૃસિંહવાડીના ગુરુભક્ત શ્રી વિષ્ણુપંત પૂજારીએ કર્યું છે જેથી સર્વ ભક્તોને તે જ્ઞાન સુલભ થાય.

અત્યાર સુધી શ્રી નૃસિંહસરસ્વતી સેવા મંડળે આ દિવ્ય ગ્રંથની કુલ છ આવૃત્તિઓ પ્રકાશિત કરી છે અને શ્રી દત્તાત્રેય વિશે અપ્રગટ

વાઙ્મય નવેસરથી પ્રસિદ્ધ કરી સાધકોને ઉપલબ્ધ કરાવ્યું છે. આ ગ્રંથ માટે અનેક ભક્તોએ વિવિધ પ્રકારની સેવા અર્પણ કરી છે. તેમના નામનો ઉલ્લેખ ન કરતાં તે સર્વ ભક્તોને સર્વત્ર વિજય મળે, તેમના સર્વ દુઃખોનું નિવારણ થાય અને કલ્યાણદાયિની ઈશ્વરકૃપા તેમને પ્રાપ્ત થાય તેવી દત્તભગવાનના ચરણે પ્રાર્થના કરીએ છીએ.

આ ગ્રંથના મુદ્રણ અંગેનું કામ એક સદ્‌ભક્ત શ્રી સુરેશ આબાજી પંગેરકર અને તેમના સહકાર્યકરોએ અત્યંત પરિશ્રમપૂર્વક પૂર્ણ કર્યું છે. અમે તેમના ઋણી છીએ. આ ગ્રંથને વાંચ્યા પછી વાચકોને મૂળ ગ્રંથ વાંચવાની જિજ્ઞાસા થશે અને તે જિજ્ઞાસા ઈશ્વર તેમની પૂર્ણ કરશે તે માટે લેશમાત્ર શંકા નથી.

સાધકોએ આ ગ્રંથ નિત્ય વાંચન માટે રાખવો. આ ગ્રંથમાં ભગવાન દત્તાત્રેય વિશે વિસ્તૃત માહિતી, ઉપાસનાનાં વિવિધ અંગો, ભક્તિમાં ગુરુનું અસાધારણ મહત્ત્વ, સાધકનું કર્તવ્ય આમ વિવિધ વિષયોની માહિતી આપેલી છે. આ ગ્રંથનું અવલોકન ફક્ત દત્ત વિચારધારાના ઉપાસકોને જ નહીં પરંતુ બીજા સંપ્રદાયના લોકોને પણ માર્ગદર્શકની ગરજ સારશે અને જ્ઞાન પ્રાપ્ત કરાવશે.

છેવટે સર્વ ભાવિક ભક્તોએ આ ગ્રંથનું નિત્ય પઠન કરવું તેવી ઈચ્છા પ્રગટ કરી ભગવાન શ્રી દત્તાત્રેય અને કરવીર (કોલ્હાપુર) નિવાસિની શ્રી જગદંબાના ચરણે આ વાઙ્મયી સેવા અર્પણ કરું છું.

વ. ન. ઝૂરળે

શ્રી નૃસિંહ સેવા મંડળ, ડોંબીવલી.

❋ ❋ ❋

ગ્રંથ રચનાકાર શ્રી કાવડીબુવાનો પરિચય

જન્મઃ તા. ૧૧-૪-૧૭૯૭ પિંપળગાવ, મહારાષ્ટ્ર.

સમાધિઃ તા. ૨૪-૬-૧૮૬૩ વડોદરા.

શ્રીદત્તપ્રબોધ ગ્રંથના રચનાકાર શ્રી કાવડીબુવાનો જન્મ તા. ૧૧-૦૪-૧૭૯૭ના દિવસે ચૈત્ર મહિનાની પૂર્ણિમાને દિવસે (હનુમાન જયંતી) સવારે ૧૦:૩૦ વાગે થયો હતો. તેઓનો જન્મ મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના પારનેર તાલુકાના પિંપળગાંવ નામના ગામમાં થયો હતો. તેમનું ગોત્ર ભારદ્વાજ હતું. વંશ પરંપરાથી તેઓ વતનના કુલકર્ણી (તલાટી) હતા. કીર્તન અને પુરાણકથનની પરંપરા પણ તેમના વંશમાં ઘણા સમયથી ચાલુ હતી. તેમના ઉપાસ્ય દૈવત વિઠ્ઠલ અને તેમનો સંપ્રદાય આનંદ હતા. જીવનના ઉત્તરાર્ધમાં તેમણે તેમનાં માતા-પિતાને કાવડમાં યાત્રા કરાવી પછી ગુજરાતના વડોદરા શહેરમાં સ્થિર થયા હતા.

શ્રી કાવડીબુવાની અટક પિંપળગાંવકર હતી. પરંતુ શ્રવણની જેમ તેમણે માતાપિતાને કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવી હતી આથી તેઓ કાવડી બુવા તરીકે પ્રસિદ્ધ થયા. તેમનો જન્મ દત્ત સંપ્રદાયના સંત શ્રી નિરંજન રઘુનાથના આશીર્વાદથી થયો હતો. તેમના પ્રપિતામહ પંઢરપુરની વારી કરી ત્યાં કીર્તન કરતા. તે સમયે સ્વયં શ્રી વિઠ્ઠલ ભગવાન પક્ષીનું રૂપ લઈ હાથમાં મોરપીંછનો પંખો તેમને નાંખતા.

એક વખત કારમો દુકાળ પડ્યો ત્યારે તેમણે પોતાના કોઠારો લોકો માટે ખુલ્લા કર્યા અને સરકારી ગોદામો પણ ખોલી નાંખ્યાં. સરકારી તપાસ થઈ અને અંગ્રેજ અમલદારે જયારે જાણ્યું કે

કાવડીબુવાએ પોતાના સર્વ કોઠારો લૂંટાવીને પછી સરકારી ગોદામો લોકો માટે ખોલી નાંખ્યા. લોકો પ્રત્યેની કરુણા જોઈ તે કાવડીબુવા પર ખુશ થયો.

તેમના પિતાની પંચોતેરમી જયંતી ઉજવ્યા પછી પિતાએ પ્રસ્તાવ મૂક્યો કે કાવડમાં બેસાડી તું અમને યાત્રા કરાવ. કાવડીબુવાએ સહર્ષ સંમતિ આપી અને નામસપ્તાહની ઉજવણી પછી તેઓ તીર્થયાત્રાએ નીકળ્યા. તેમના પિતા સાથે નિત્ય સત્સંગ થતો. પિતા શ્રી અનંતરાયે તેમને તે સત્સંગ લખી લેવા જણાવ્યું. યાત્રાના સમયપત્રકમાં તે શરૂ ન થયું. તેઓ નૃસિંહવાડી ગયા તો શ્રી અક્કલકોટ મહારાજનાં તેમને દર્શન થયાં અને તેમણે પણ ગ્રંથ લખવા આજ્ઞા કરી.

ગાલવક્ષેત્રે કાવડીબુવાનું આગમન થયું. અહીં ગાલવ મુનિનો આશ્રમ હતો. દત્તજયંતીનો ઉત્સવ આવ્યો. જે કીર્તનકારને આમંત્રણ આપ્યું હતું તે આવી ન શક્યા. આથી ગ્રામજનોએ કાવડીબુવાને જન્મ આખ્યાન કહેવા વિનંતી કરી. શ્રી કાવડીબુવાએ પ્રથમ ના કહી પરંતુ બીજી વ્યવસ્થા શક્ય ન હોવાથી તેમણે તે આમંત્રણ સ્વીકાર્યું. દત્તજન્મનું આખ્યાન સર્વ શ્રોતાઓને ગમ્યું. દત્ત ભગવાનને પણ ગમ્યું. રાત્રે સ્વપ્નમાં દત્ત ભગવાને બ્રાહ્મણ સ્વરૂપે દર્શન આપી આજ્ઞા કરી કે ગ્રંથની રચના કર. હું તને સર્વ રીતે સહાય કરીશ. શ્રી કાવડીબુવા ધ્યાન અને આત્મચિંતનમાં જ મગ્ન રહેતા. આથી પ્રવચન કે આખ્યાન જેવી બહિર્મુખ પ્રવૃત્તિથી તેઓ દૂર રહેતા. પરમેશ્વરને પણ તેવા જ જ્ઞાનોત્તર ભક્તિ ધરાવતા ભક્ત દ્વારા ચરિત્રલેખન કરાવવું યોગ્ય લાગ્યું.

પ્રવાસ દરમ્યાન ફરી શ્રીદત્ત તેમને બ્રાહ્મણવેશે મળ્યા અને ગ્રંથરચનાની યાદ અપાવી. યાત્રા દરમ્યાન તેમની માતાનો દેહાંત ગયાક્ષેત્રમાં થયો. માતાના પલ્લામાં વિઠ્ઠલ ભગવાનની મૂર્તિ પધરાવી.

પિતા અનંતરાયે કાશીમાં સંન્યાસ લીધો અને ત્યાં જ દેહત્યાગ કર્યો. પિતાનું સંન્યાસાશ્રમનું નામ અનંતાનંદ સરસ્વતી રાખવામાં આવ્યું. તેમણે પણ નિત્ય આધ્યાત્મિક સત્સંગ થતો તેને ગ્રંથ સ્વરૂપે લખવા આજ્ઞા કરી.

કાવડીબુવાને ગણેશ ભગવાનનો તાંબુલપ્રસાદ મળ્યો અને ગ્રંથ નિર્વિઘ્ને પૂરો થશે તેમ વરદાન આપ્યું. ગ્રંથ માટે તેમણે નારદપુરાણનો આધાર લીધો. કર્મ-વેદાંત-પુરાણનો યોગ્ય સમન્વય કરી શ્રીદત્ત અને તેમના ઉપદેશને વિષય બનાવી ઉજજૈનમાં ગ્રંથ લખવાનો પ્રારંભ કર્યો. શ્રી દત્ત ભગવાને અનસૂયા માતાને જે ઉપદેશ કર્યો હતો તે ગ્રંથમાં ગ્રથિત કરેલો હોવાથી ગ્રંથનું નામ શ્રીદત્તપ્રબોધ રાખ્યું. તેના ૪૦ અધ્યાય ઉજજૈનમાં લખાયા. તે પછી તેમને કોઈ પ્રેરણા ના થઈ. આથી ગ્રંથનો આધાર નારદપુરાણની પ્રધાન દેવતા શ્રીકૃષ્ણની દ્વારકા નગરીની યાત્રા કરવાનું નક્કી કર્યું.

દ્વારકામાં કાવડીબુવાને દર્શન કરતાં જ ભાવસમાધિ લાગી અને શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. છતાં આગળનો ગ્રંથ લખવા કોઈ પ્રેરણા ના થઈ. બીજા દિવસે તેમણે ફરી પ્રાર્થના કરી. આથી દ્વારકાધીશે તેમના બીજા સ્વરૂપનાં દર્શન કરવા ડાકોર જવા આજ્ઞા કરી. ડાકોરમાં પણ તેમને ભાવસમાધિ લાગી અને ડાકોરનાથે તેમને આજ્ઞા કરી કે ધર્મપુરી વડોદરામાં વસવાટ કરો અને ત્યાં જ ગ્રંથનું લેખન પૂર્ણ થશે. બાકીના ૨૧ અધ્યાય વડોદરામાં લખાયા.

આ ગ્રંથ ઉપર તેઓ વડોદરામાં પ્રવચન કરતા. અનેક ભક્તોએ આ ગ્રંથ હાથથી લખી લીધો. તા. ૨૩-૩-૧૮૬૦ના રોજ ગ્રંથ લખાઈ ગયો. ગ્રંથની પૂજા કરી તેની શોભાયાત્રા કાઢવામાં આવી.

શ્રી કાવડીબુવાએ વડોદરામાં ભજનમંડળોની સ્થાપના કરી. તેમણે વેદ પાઠશાળાનું પણ સંચાલન કર્યું. એક ભક્તે તેમને

શ્રીરામમંદિર બાંધી આપ્યું. આ મંદિર વડોદરામાં માંડવીથી ગેંડીગેટ દરવાજા તરફ જતાં આવે છે. મંદિરમાં નિત્ય પુરાણ અને વેદપારાયણ થતાં. તા. ૨૪-૬-૧૮૬૩, અષાઢ સુદ ૮, બુધવાર, શક ૧૭૮૫ના રોજ તેઓ નિર્વાણ પામ્યા. તેમણે અનેક લોકોનાં દુઃખ દૂર કર્યાં અને મનોકામના પૂરી કરી. જ્ઞાનપ્રબોધનું કાર્ય તેમનું મુખ્ય કર્તવ્ય હતું.

તેમણે જે કાવડમાં બેસાડી માતા-પિતાને યાત્રા કરાવી હતી તે કાવડ વડોદરામાં ગેંડીગેટ રોડ પરના મંદિરમાં દર્શન માટે હજુ પણ વિદ્યમાન છે. ભક્તો તેનાં દર્શન કરી ભાવવિભોર થાય છે.

શ્રીગુરુદેવ દત્ત.

❋ ❋ ❋

શ્રીદત્તપ્રબોધ- ગુજરાતી ભાષાંતરકારના બે બોલ

॥ શ્રીગણેશદત્ત ગુરુભ્યો નમઃ ॥

બે વર્ષ પહેલાં શ્રી કાવડીબુવાનું ચરિત્ર અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયું. તે ચરિત્રમાં છેલ્લું પ્રકરણ તેમણે લખેલા ગ્રંથ શ્રીદત્તપ્રબોધ વિશે હતું. તે ચરિત્ર વાંચન કરી ઘણા વાચકોએ આ ગ્રંથ પણ પ્રગટ થાય તેમ ઈચ્છા વ્યક્ત કરી. ગ્રંથ બૃહદ્ હોઈ ખાસ્સી વિચારણા માંગી લે તેમ હતું. તેમાં શ્રી રંગ અવધૂત (પૂ.બાપજી-નારેશ્વર) ફાઉન્ડેશન, મુંબઈએ સક્રિય સહયોગ આપવાથી આ પ્રકાશન કરવું સહજ બન્યું છે.

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ એ આધ્યાત્મિક વિચારધારાને પુષ્ટ કરવા અનેક પ્રકાશનો પ્રસિદ્ધ કરે છે. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મુ.ડૉ. શ્રી ધીરુભાઈ શિવપ્રસાદ જોષીએ જહેમત ઊઠાવી પ્રૂફો સુધારવાની કામગીરી ઉપાડી લીધી. ગ્રાફિક્સ માટે આણંદના શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય તથા શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાયનો તેમના યોગદાન બદલ આભાર માનું છું.

શ્રી નૃસિંહસરસ્વતી સેવા મંડળ, અ-૫, જયજય શ્રીરામ સહનિવાસ, રાજાજી પથ, ડોંબીવલી-પૂર્વ, જી. ઠાણે, પીન-૪૨૧૨૦૧ના શ્રી અવિનાશ ઝૂરળેએ શ્રીદત્તપ્રબોધ મરાઠી ગદ્યરૂપાંતરનું ગુજરાતી ગદ્યરૂપાંતર માટે સહર્ષ સંમતિ આપી તેથી તેમનો પણ આભાર માનું છું. આ ગ્રંથના પ્રકાશન માટે પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ જેમણે પણ શુભેચ્છા વ્યક્ત કરી છે અને આંશિક યોગદાન આપ્યું છે તે સર્વનો અંતઃકરણપૂર્વક આભાર.

પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ તથા ભગવતી રુકમામ્બાના ચરણે દંડવત્ પ્રણામ કરી વિરમું છું.

વાચકોના પ્રતિભાવ આવશે તો ભાષાંતરકારને ગમશે. પ.પ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના સમાધિ શતાબ્દી વર્ષમાં આ ગ્રંથ પ્રકાશિત થાય છે તેનો વિશેષ આનંદ! મારા માતાપિતાને યાદ કરી સર્વને ગુરુદેવ દત્ત.

ફ્લેટ જી-૭, સેક્ટર ૮-એ,
નિર્ણયનગર, ચાંદલોડિયા,
અમદાવાદ-૩૮૨૪૮૧.
ફોનઃ (૦૭૯)૨૭૬૨૩૨૩૭
મોઃ ૯૧૩૭૪૬૦૧૯૭

સંતચરણરજ,
વાસુદેવ દત્તાત્રેય નંદુરબારકર

❋ ❋ ❋

આરતી નિંબરાજની (શ્રી કાવડીબુવાના પૂર્વજ)

આરતી નિંબરાજા । જયા સિદ્ધ સહજા ।
મી તૂં પણા માવળલે । બ્રહ્મ દેખણે વોજા ॥ ૧ ॥
સ્વરૂપી ભેદ નાહી । સ્થૂળ સૂક્ષ્મ પાહી ।
યા પરી વિચરતો । સર્વ દેખણે તેહી ॥ ૨ ॥
નિર્ગુણરૂપ આહે । સગુણરૂપ કાજા ।
યજે વોની લવ લાહે । ભક્ત તારિલે વોજા ॥ ૩ ॥

(૨)

આરતી નિંબરાજા । ગુણાતીત ગુણાલયા ।
ભાવે તુજ ઓવાળિતો । કેલી કુરવંડી કાયા ॥ ૧ ॥
સર્વાત્મક તુંચી હોસી । જ્ઞાનઘન ગાવિલાસી ।
અદ્વય અભેદ તૂં । કૃપે દીના ઉદ્ધરસી ॥ ૨ ॥
અનંતસુત આળવિતો । તુમ્હાં સર્વત્ર લક્ષિતો ।
સચ્ચિદ્‌ઘન આત્મતત્વી । લાભ અલભ્ય લાભતો ॥ ૩ ॥

❋ ❋ ❋

પિતાશ્રી અનંતરાય સદ્‌ગુરુની આરતી

આરતી અનંતરાયા । સ્વામી સદ્‌ગુરુ સદયા ।
નમીતસે તવ પાયા । 'સુત' કુરવંડુનિ કાયા ॥ ધ્રુ ॥
હોતા પર્જન્યવૃષ્ટી । જીવ ઝાલા બહુ કષ્ટી ।
પાંડુરંગે રક્ષિયેલે । પ્રાર્થુનિ ત્વાં કેલા કાલા ॥ ૧ ॥
ઠેવૂની વરદ હસ્ત । યાત્રા ઘડવિલી સમસ્ત ।
ઘેઈ પ્રયાગી સંન્યાસ । 'સુત' ચરણી સેવેસ ॥ ૨ ॥
ક્ષેત્ર ગાલવસ્થાની । વિપ્રવેશેં ત્વાં યેવુનિ ।
આજ્ઞાપિલે લેખનાસી । સાહ્ય હોવૂન મી તૂંશી ॥ ૩ ॥
વિશ્વાસોની વચનાસી । ઇંદ્રપુરી આરંભિલા ।
ગ્રંથ દત્તપ્રબોધાસી । દત્તે સદયે બોલવિલા ॥ ૪ ॥
એકસષ્ટ અધ્યાયાંત । ગ્રંથ વદવિલા સમસ્ત ।
દત્તચરણાંતે અર્પિત । 'સુત' અનંતરાયા ॥ ૫ ॥
કરિતા પઠણ ઔદુંબરી । દત્તાત્રેયા કૃપા કરી ।
નિરસોની ભવરોગા । પાવે સત્વર ઉપાયા ॥ ૬ ॥
અનંત શ્રી સદ્‌ગુરુપિતા । નામે રાધિકામાતા ।
વિઠ્ઠલ વિનવિતસે । કૃપાદાન દે 'સુતા' યા ॥ ૭ ॥

❋ ❋ ❋

॥ શ્રી ગુરુપરંપરા ॥

આદિનાથ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
બ્રહ્મદેવ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
અત્રિનાથ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
દત્તાત્રેય ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
જનાર્દન ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
એકનાથ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
નરહરી ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
નિંબરાજ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
જયરામ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
શિવરામ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
નારાયણ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
અનંત ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
વિઠુરાજ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
ગોપાળ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥
શંકર ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાયીં ॥

❋ ❋ ❋

શ્રીદત્તપ્રબોધ સપ્તાહ પારાયણ અને પંદર દિવસના પારાયણનો વિધિઃ

શ્રીદત્તપ્રબોધ ગ્રંથ ભગવાન દત્તાત્રેયની પ્રેરણાથી લખાએલો હોવાથી તેનું નિત્ય વાંચન ભક્તોને ઉપયોગી ઠરશે. પારાયણ થકી દત્ત ભગવાનની કૃપા થયા વગર રહેશે નહીં. આવું વરદાન સ્વયં દત્ત ભગવાને આ ગ્રંથને આપ્યું છે. તેનું સપ્તાહ તેમજ પંદર દિવસનું પારાયણ થઈ શકે છે.

વિધિઃ માતાપિતા, કુળદેવતા તેમજ ગુરુનું સ્મરણ કરી પારાયણની શરૂઆત કરવી. એક આસન, એક સ્થળ રાખવું. ગ્રંથ માટે રંગોળી પૂરી ઘીનો દીવો રાખવો. ફલાહાર, બ્રહ્મચર્ય ઈત્યાદિ નિયમો પાળવા. ગ્રંથનું રોજ પુષ્પથી પૂજન કરવું. સમાપ્તિ સમયે આરતી કરી પ્રસાદ ધરાવવો. બ્રાહ્મણ, સુવાસિની, કુમારિકાને ભોજન કરાવવું અથવા મંદિરમાં સિધુ આપવું.

સપ્તાહ પારાયણ

દિવસ	અધ્યાય	ઓંવી
૧	૧ થી ૯	૨૦૯૭
૨	૧૦ થી ૧૯	૨૦૬૦
૩	૨૦ થી ૨૯	૧૯૫૯
૪	૩૦ થી ૪૦	૨૦૫૯
૫	૪૧ થી ૪૮	૨૦૦૯
૬	૪૯ થી ૫૫	૨૦૯૩
૭	૫૬ થી ૬૧	૧૯૫૯

પંદર દિવસનું પારાયણ

દિવસ	અધ્યાય	ઓંવી
૧	૧ થી ૪	૧૦૬૬
૨	૫ થી ૯	૧૦૩૧
૩	૧૦ થી ૧૪	૧૦૪૦
૪	૧૫ થી ૧૯	૧૦૨૦
૫	૨૦ થી ૨૪	૯૨૮
૬	૨૫ થી ૨૯	૧૦૩૧
૭	૩૦ થી ૩૫	૧૦૨૮
૮	૩૬ થી ૪૦	૧૦૩૧
૯	૪૧ થી ૪૪	૯૩૯
૧૦	૪૫ થી ૪૮	૧૦૭૦
૧૧	૪૯ થી ૫૧	૮૧૯
૧૨	૫૨ થી ૫૪	૯૮૭
૧૩	૫૫ થી ૫૭	૯૭૩
૧૪	૫૮ થી ૫૯	૬૪૫
૧૫	૬૦ થી ૬૧	૬૨૮
		૧૪,૨૩૬

નોંધઃ જે ભક્તોને નોકરી-ધંધાને લીધે સવારે વાંચનનો સમય ન મળે તો સાંજે હાથ-પગ ધોઈ નિત્ય આ ગ્રંથનું વાંચન કરશે તો પણ દત્તપ્રભુ કૃપા કરશે.

❋ ❋ ❋

શ્રીદત્તપ્રબોધ

અનુક્રમણિકા

અધ્યાય નં.	વિવેચન	પાન નં.
	-: ભાગ-૧ :-	
૧	મંગલાચરણ, ગણેશ, સરસ્વતી, ગુરુ, માતાપિતા, સંતો, શ્રોતાઓને વંદન અને સ્તવન.	૧
૨	શ્રીદત્તની પ્રાર્થના, અનસૂયાના ષડ્ઐશ્વર્યગુણોનું વર્ણન અને પતિવ્રતાનું આખ્યાન.	૧૧
૩	અત્રિ આશ્રમમાં નારદમુનિનું આગમન. ત્યાંનું વૃત્ત બ્રહ્મલોક, સત્યલોક અને કૈલાસમાં કથન કર્યું. તેથી પૃથ્વીલોકની સતીનો મહિમા જાણી રમા, ઉમા અને સાવિત્રીને આવેલો દ્વેષયુક્ત ક્રોધ.	૨૩
૪	બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, પત્નીઓના કહેવાથી સિંહાચલમાં આવ્યા. અનસૂયાએ ત્રિદેવને બાળક બનાવ્યા.	૩૨
૫	નારદનું સ્વર્ગમાં ગમન. ઉમા, રમા, સાવિત્રી સાથે વાર્તાલાપ. શક્તિત્રયે નારદને દેવતાઓની શોધમાં મોકલ્યા.	૪૨
૬	નારદ શક્તિત્રયને સમજાવી સિંહાચલમાં લઈ આવ્યા. ત્રિદેવનાં બાળસ્વરૂપો બતાવ્યાં અને બાળસ્વરૂપમાંથી દેવો પૂર્વવત્ બન્યા.	૫૧

અધ્યાય નં.	વિવેચન	પાન નં.
૭	અનસૂયાને દેવો દ્વારા વરપ્રાપ્તિ અને દેવો પોતપોતાના સ્થળે ગયા.	૬૮
૮	વિષ્ણુ ભગવાન દેવતાઓને વૈકુંઠમાં લઈ જાય છે. અનસૂયા ગર્ભવતી થઈ. દુર્વાસાનો જન્મ.	૭૬
૯	શ્રી અવધૂતનું જન્મકથન. સર્વ સુરવરોનું આગમન, તેમણે કરેલું અવધૂતનું સ્તવન અને ત્યાંથી લીધેલી વિદાય.	૮૬
૧૦	શ્રીદત્તનું નામકરણ, ફરીથી ગર્ભવતી થએલી અનસૂયા અને ચંદ્રનો જન્મ.	૯૨
૧૧	બાળલીલાનું વર્ણન, વ્રતબંધ યાત્રા જવા માટે સંવાદ.	૯૮
૧૨-૧૩	યાત્રાનું વર્ણન.	૧૦૯
૧૪	યાત્રાથી પુનરાગમન. દેવતાઓ સાથે મિલન, માતા-પિતા, ઋષિઓને થએલો આનંદ.	૧૩૩
૧૫	જ્ઞાન ઉપદેશ, સેવાભક્તિ વિવરણ.	૧૪૧
૧૬	શ્રીદત્તને વિવાહ માટે માતાપિતાનો આગ્રહ. જ્ઞાનબોધથી તે વિચારનો અસ્વીકાર. ચંદ્રને ગૃહસ્થાશ્રમી બનાવ્યો.	૧૫૩
૧૭-૨૦	શ્રીદત્તે અનસૂયા માતાને ચોવીસ ગુરુ વિશે વિવેચન કર્યું.	૧૬૬
૨૧	અનસૂયાએ પૂછેલા આધ્યાત્મિક પ્રશ્નોના જવાબ શ્રીદત્તે આપ્યા. મૂળમાંથી પંચભૂત ઉત્પત્તિ ઇત્યાદિનું વિવરણ.	૨૧૦

અધ્યાય નં.	વિવેચન	પાન નં.
૨૨	પચ્ચીસ તત્ત્વ નિરૂપણ.	૨૧૪
૨૩	યદુ, સહસ્રાર્જુન અને પરશુરામ કથાનું નિરૂપણ.	૨૨૧
૨૪	પિંડે- તે બ્રહ્માંડે વિશે વિવેચન.	૨૩૦
૨૫	નરદેહમાં સ્થિત વિવિધ દ્વીપ, ખંડ, મેરુ, પાતાળ અને તત્ત્વનું નિરૂપણ.	૨૩૮
૨૬	ષટ્ચક્રનું ભેદન, અજપાજપનું વિવરણ, માત્રાનું વિવરણ.	૨૪૯
	-: ભાગ-૨ :-	
૨૭-૩૨	અનસૂયા માતાએ પૂછેલા ચાલીસ પ્રશ્નોના ઉત્તરો.	૧
૩૩	અનસૂયાને થએલો અનુતાપ, સદ્‌ગુરુને શરણે જવું અને પ્રસાદપ્રાપ્તિ.	૬૩
૩૪	પ્રસાદપ્રાપ્તિનું વર્ણન.	૭૮
૩૫	શુકસનકાદિક ઋષિઓનું સિંહાદ્રિ પર દત્તદર્શન માટે આગમન. પ્રશ્નોત્તરથી થએલો સર્વને આનંદ.	૮૮
૩૬	દત્તાત્રેયનું ગિરનાર પર્વત પર આગમન, ગોરક્ષનાથનું જન્મકથન.	૯૯
૩૭	ગોરક્ષે કરેલી ગુરુસેવા. ચર્પટનાથનો અંગીકાર. ગોરક્ષને યોગાસન પર આરૂઢ કર્યો.	૧૧૧
૩૮	મચ્છિંદ્રનું મલ્યાળ દેશમાં આગમન. ગોરક્ષ અને કાનિફનું મિલન.	૧૨૫
૩૯	ગોરક્ષનું મલ્યાણ દેશમાં ગમન. મચ્છિંદ્રની સ્ત્રીરાજ્યમાંથી કરેલી મુક્તિ.	૧૩૪

અધ્યાય નં.	વિવેચન	પાન નં.
૪૦	મચ્છિંદ્રને થએલો લોભ. તેનું ગોરક્ષ દ્વારા નિવારણ. અવંતી (ઉજજૈન)માં આગમન.	૧૫૨
૪૧	ભર્તૃહરિ આખ્યાન.	૧૬૫
૪૨	ભર્તૃહરિને થએલો અનુતાપ.	૧૮૨
૪૩	ભર્તૃહરિને મળેલી યોગસિદ્ધિ.	૧૯૬
૪૪	ગોરક્ષ-મચ્છિંદ્રનું અવંતીથી નિર્ગમન, પશ્ચિમ પ્રદેશમાં આગમન. શ્રીદત્ત-ગોરક્ષનું મિલન, વાદ-વિવાદનો પ્રારંભ.	૨૧૫
૪૫	ગોરક્ષ-દત્ત વાદ-વિવાદ.	૨૩૦
૪૬	જ્ઞાનપ્રબોધ.	૨૪૪
૪૭	સંતાકૂકડીની રમત. ગોરક્ષનું અદૃશ્ય થવું.	૨૬૫
૪૮	ગોરક્ષને થએલો અનુતાપ. શ્રી દત્તાત્રેયનું પ્રગટ થવું. દેવ અને યોગીઓને થએલો આનંદ.	૨૮૨
૪૯	યોગી, સિદ્ધ, સાધુ, ગોરક્ષ, મચ્છિંદ્રને શ્રીદત્ત દ્વારા બોધ.	૩૦૨
	-: ભાગ-૩ :-	
૫૦	જન્મલીલા નિરૂપણ, રેવા માહાત્મ્ય, જનનીસ્થળ (અનસૂયા ક્ષેત્ર)ની શોધ, યોગીઓને આપેલું આશ્વાસન તથા શ્રીદત્તનું અદૃશ્ય થવું.	૧
૫૧	શ્રી દત્ત ભગવાન જનાર્દનપંતને પાવન કરે છે. એકનાથની ગુરુસેવા.	૨૨

અધ્યાય નં.	વિવેચન	પાન નં.
૫૨	એક પાઈની ભૂલ માટે એકનાથે ઊઠાવેલો પરિશ્રમ. દત્તલીલાલાઘવ અને અનુતાપ.	૪૭
૫૩	એકનાથને થએલાં દત્તદર્શન. યાત્રા પૂરી કરી ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો. નારાયણ સંતુષ્ટ થયો.	૬૭
૫૪	શ્રીહરિએ શ્રીખંડ્યાનું રૂપ લઈ એકનાથને ઘેર સેવા કરી. એકનાથની આળંદીયાત્રા. અજાનવૃક્ષના મૂળિયા જ્ઞાનેશ્વરના ગળાથી દૂર કર્યાં.	૯૫
૫૫	શ્રીપાદે (દંડવતે મહારાજ) કરેલી લીલા. એકનાથે પોઠિયાને ઘાસ ખવડાવ્યું. ચાંગારાણાનું કથાનક.	૧૨૧
૫૬	શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધ પર રચેલી ટીકા. દાસોપંત ચરિત્ર, મણિકર્ણિકાએ ઉપકૃત કર્યા.	૧૪૪
૫૭	એકનાથને થએલા અવધૂતનાં દર્શન. નરહરિકથા. નિંબરાજને અનુતાપ.	૧૭૨
૫૮	નિંબરાજનું તીર્થાટન, સદ્‌ગુરુ ચરણે શરણે જવું.	૧૯૮
૫૯	રુકિમણીએ કરેલી નિંબરાજની પરીક્ષા.	૨૧૯
૬૦	કીર્તન દરમ્યાન નિંબરાજના ખભા પર વિઠ્ઠલે ઊભા રહી મોરપંખથી પવન નાંખ્યો. નિંબરાજને વરદાન.	૨૪૪
૬૧	નિંબરાજના વંશનો વિસ્તાર. દેહઠાણ ક્ષેત્રનું મહોત્સવ વર્ણન.	૨૬૯

અધ્યાય - ૨૭

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુદત્તાનંતાય નમઃ ॥

સદ્‌ગુરુ મંગલાધીશ, વિદ્યાસાગર, અજ્ઞાનનાશક, મતિપ્રકાશક, વિઘ્નહર, તને નમસ્કાર. હે પ્રણવસ્વરૂપ, અરૂપ, નિરંજન તારો જયજયકાર. તારા દર્શનથી જન્મમરણના ફેરા બચી જાય છે. તારો જયજયકાર. હે નિર્વિકાર, પરાત્પર, તું દીનજનો માટે, જગતના ઉદ્ધાર માટે સાકાર થયો છે. હે અનંત, અનાથનાથ, વિશ્વપાલક, કૃપાવંત, તારી સત્તા સર્વત્ર પ્રવર્તે છે. સર્વનો તું જ સૂત્રધાર છે. સહસ્રદળ કમળમાં તું નિવાસ કરી ઇંદ્રિયોને ચેતના આપે છે અને પોતે સાક્ષીરૂપે અલગ રહે છે. તું અતર્ક્ય છે. રમતનાં સોગઠાં ગોઠવી તેની ઉપર તેં માયાજાળ પાથરી છે. તે માયાથી મોહિત થઈ જીવ વિકારમાં અને વિષયોમાં સપડાયા. તેથી પરાધીન થઈ ચોર્યાસી લાખ યોનિઓના ચક્રમાં ફસાયા. ત્યાં તેમની દયનીય સ્થિતિ જોઈ તારું હૃદય પીગળ્યું. આથી તું સાકારરૂપ લઈ જગતને તારવા માટે અવતર્યો. તું અવિનાશ, દિગંબર (જગદુદ્ધારના) નિમિત્તથી અત્રિના પુત્રરૂપે અવતરી અવધૂતવેષ ધરી જગતનો ઉદ્ધાર કરે છે.

તું જ્ઞાનપ્રબોધ કરી વિવેક, વૈરાગ્યનાં ઘરેણાં પહેરાવી જીવને આત્મપદ આપી તેમનો ઉદ્ધાર કરે છે. તું ઉદાર અને સર્વજ્ઞ છે આથી તને દત્ત એ નામ પ્રાપ્ત થયું. વાસના વગરનો તું સર્વસ્વ આપવા દેવદત્ત સ્વરૂપે પ્રગટ્યો છે. કૃત (સત્ય)યુગમાં યદુને, ત્રેતાયુગમાં સહસ્રાર્જુનને અને દ્વાપરયુગમાં માતા અનસૂયા સાથે સંવાદ કરી તેં જગતને બોધ કર્યો. માતા અનસૂયાએ જે જે પ્રશ્નો પૂછ્યા તે તે

શંકાનું નિવારણ શ્રીદત્તે વિગતવાર જવાબ આપીને કર્યું. તે પ્રશ્નોત્તરીને અંતઃકરણમાં જગ્યા આપતાં શ્રોતાઓના મનમાં પ્રેમલહેરો ઉછાળા મારે છે. ગત અધ્યાયમાં આઠ ચક્રોનું ભેદન શ્રીદત્તે કહ્યું. હવે શ્રોતાઓએ અનસૂયાએ પૂછેલા પ્રશ્નો સાંભળવા.

અનસૂયાએ પૂછયું: હે યોગેશ્વર, મારા પ્રશ્નોના ઉત્તર આપી તેં મારા અંતઃકરણને શાંત કર્યું છે. હવે બીજા પ્રશ્નોનો હાર ગૂંથી તારા ગળામાં પહેરાવું છું. તું જ્ઞાનનો સાગર છે અને બધી જ કળા જાણનાર કુશળ કલાકાર છે. હવે મારા પ્રશ્નો સાંભળ:

૧. બ્રહ્મ કોને કહે છે? તેને કેવી રીતે ઓળખવો?

૨. શબલ બ્રહ્મ એટલે શું? તેની નિશાની કઈ? તેને કેવી રીતે ઓળખવું?

૩. ઈશ્વર એટલે કોણ? તેની ખૂબી, પ્રકાર કેવી રીતે ઓળખવી?

૪. જીવ કોને કહેવો? તેને કેવી રીતે ઓળખવો?

૫. પ્રકૃતિ એટલે શું? તેને કેવી રીતે ઓળખવી?

૬. પરમાત્મા એટલે કોણ? તેનાં રૂપ અને ગુણ કયા?

૭. આદ્ય બ્રહ્મ કોને કહેવું? તેને કેવી રીતે જાણવું?

૮. (જાતિ) ન્યાતનો નિશ્ચય કેવી રીતે કરવો?

૯. કર્મ કોને કહેવું? તેને કેવી રીતે જાણવું અને કયા ક્રમથી ઓળખવું?

૧૦. અકર્મ કોને કહેવું? તેને કેવી રીતે ઓળખવું?

૧૧. કયું તપ શ્રેષ્ઠ?

૧૨. અસુર કોને કહેવો? તેને કેવી રીતે ઓળખવો?

૧૩. જ્ઞાન કોને કહેવું? તેની ઓળખાણ કઈ?

૧૪. અજ્ઞાન કોને કહે છે? કયા કર્મથી તે ઓળખવું?

૧૫. સંસાર કોને કહેવો? તેનો વિસ્તાર કેવો?
૧૬. બંધ કોને કહે છે? તેનાં લક્ષણો કયાં?
૧૭. મોક્ષ કોને કહે છે? તેને કેવી રીતે જાણવો?
૧૮. સર્વ સુખમાં શ્રેષ્ઠ સુખ કયું?
૧૯. દુઃખ કોને કહેવું? કઈ રીતે તે જાણવું?
૨૦. સ્વર્ગ કેવું છે? તે કેવી રીતે પ્રાપ્ત થાય છે?
૨૧. નરક કોને કહે છે? કયા કારણથી તે ભોગવવું પડે છે?
૨૨. પરંપદ એટલે શું? તેને કેવી રીતે ઓળખવું?
૨૩. ઉપાસ્ય દેવતા કોણ? ઉપાસના કેવી હોય છે?
૨૪. વિદ્વાન કોણ છે? તેને કેવી રીતે ઓળખવો?
૨૫. મૂર્ખ કોને કહેવો? તેના પ્રકારને કેવી રીતે ઓળખવો?
૨૬. સંન્યાસને કેવી રીતે ઓળખવો? તેનું આચરણ કેવી રીતે કરવું?
૨૭. ગ્રાહ્ય (ગ્રહણ કરી શકાય) શું?
૨૮. અગ્રાહ્ય પદાર્થ કયો?
૨૯. સમાધિ એટલે શું? તેને કેવી રીતે સાધવી?
૩૦. બ્રાહ્મણ કોને કહેવો?
૩૧. આસન એટલે શું?
૩૨. મુદ્રાને કેવી રીતે ઓળખવી?
૩૩. ધ્યાન કોને કહેવું?
૩૪. મુખ્ય જપ કયો?
૩૫. ક્ષત્રિય કોને કહેવો?
૩૬. વૈશ્યની પરીક્ષા કેવી રીતે કરવી?

૩૭. શૂદ્રને કેવી રીતે ઓળખવો?

૩૮. ચાંડાળ કોણ?

૩૯. જાગૃતિ કોને કહેવી?

૪૦. નિદ્રા કોને કહેવી?

હે અવધૂત, આ ચાળીસ પ્રશ્નો મેં તને પૂછ્યા છે. તેનું વિગતવાર વિવેચન કર. આધ્યાત્મિક વિવેચન મને ખૂબ જ પ્રિય છે. તું પરમાર્થનો અધ્વર્યુ છે. સર્વને શ્રવણ કરવાની ઉત્સુકતા છે. તેમને તૃપ્ત કર. તું ભવસાગરમાંથી પેલે પાર ઉતારનાર, અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર, સુખકારક અને કરુણાસાગર છે. અનસૂયાના જિજ્ઞાસાપૂર્વકના પ્રશ્નો સાંભળી શ્રી અવધૂતને સંતોષ થયો. અવધૂતે કહ્યું: હે માતા, તું મારું કેટલું ગૌરવ કરે છે? તારો હું આજ્ઞાંકિત છું. મને કેમ મોટાઈ આપે છે? મને સર્વ જ્ઞાન તારી કૃપાથી જ થયું છે. તને પરોપકાર ગમે છે તેવો જ મને પણ પરોપકાર ગમે છે. તું પોતે શ્રવણ કરી ઇતર જીવોને પણ શ્રવણનો લાભ કરાવે છે. તારી પરોપકારવૃત્તિને ધન્ય છે.

હે માતા, તારા અંતઃકરણમાં જગદુદ્ધારની લગની લાગી છે. આથી તેં શ્રવણવ્રતનો અંગીકાર કર્યો છે. આથી તું પૂર્વપક્ષના ન્યાયે પ્રશ્ન પૂછે છે. હે માતા, તારી જ્ઞાન-જિજ્ઞાસાને ધન્ય છે. તેં પરોપકાર દૃષ્ટિથી પ્રશ્ન કર્યો આથી મને આનંદ થયો છે. હવે તારા પ્રશ્નોના ઉત્તરોનું ઉપનિષદ અનુસાર જ વિવેચન કરવું જરૂરી છે. તે માટે ઉપનિષદનો જ્ઞાનાત્મક ભાગ તને સમજાવી કહું છું. શ્રોતાઓએ સાવધાન થઈ એકાગ્રતાથી શ્રવણ કરી કથારસનો હૃદયમાં સંગ્રહ કરી રાખવો અને આનંદ મેળવવો. હવે તારા પ્રશ્નોના ઉત્તરો કહું છું તે સાંભળઃ

૧. બ્રહ્મઃ- બ્રહ્મ અખિલ, અભંગ, નિરુપાધિક, નિઃસંગ હોઈ એ કર્તા અને ભોગ ભોગીને પણ મુક્ત છે. તે શુદ્ધ, શાંત, નિર્ગુણ,

નિરામય, નિત્યાનંદ, શાશ્વત અને મનથી ન સમજાય તેવું અગોચર છે. તે અખંડ છે. રસની જાણ કરનાર, શબ્દ સંભળાવનાર, નેત્ર દ્વારા જોવડાવનાર, સુગંધ લેવડાવનાર અને સ્પર્શની જાણ કરાવનાર તે જ છે. તેના વગર ઇંદ્રિયો કાર્ય કરતી નથી. જીભની સ્વાદ લેવાની શક્તિ તે જ છે. તે બ્રહ્માંડને વ્યાપીને છે. તેનો કોઈ અંત નથી. તેને રૂપ નથી, ગંધ નથી, રંગ નથી. કોઈ પણ તેને જાણી શકતું નથી. તે નિર્મળ અને અવિનાશી છે. તે ન બળી શકનાર, ન ભીંજાનાર, ન તૂટનાર (ભાંગનાર) અને ન સૂકાનાર (શુષ્ક થનાર) છે. સદ્‌ગુરુકૃપાથી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થાય એટલે જ તેનો અનુભવ થઈ શકે છે.

૨. શબલ બ્રહ્મઃ- શુદ્ધ નિખિલ બ્રહ્મ પાસેથી "અહં બ્રહ્માસ્મિ" આ ચૈતન્યરૂપી મહાતત્ત્વ (માયા) નિર્માણ થયું. ત્યાંથી બે પ્રકારની પ્રકૃતિ નિર્માણ થઈ. શુદ્ધ બ્રહ્મની ઈચ્છાથી જીવ નિર્માણ પામ્યો. તેમાંથી ત્રિપદ (તત્ ત્વમ્ અસિ) નિર્માણ પામ્યા. આ ત્રિઆત્મત્વને ઓળખવું. આ જ ૐકાર છે. (અ. ઉ. મ.) આ ત્રિગુણાત્મમાં ત્રણ અહંકાર (સાત્ત્વિક, રાજસિક, તામસિક). ત્રણે પ્રકારનું વિવેચન આ પ્રમાણે છે.

સાત્ત્વિક અહંકારથી અંતઃકરણ પંચક, રાજસ અહંકારથી પાંચ જ્ઞાનેંદ્રિય અને પાંચ કર્મેંદ્રિયો (શ્રોત્ર, ત્વચા, નેત્ર, જીભ અને નાસિકા, વાણી, હાથ, પગ, ગુદા અને જનનેંદ્રિય કે શિશ્ન), પાંચ તન્માત્રા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. તામસ અહંકારથી પંચમહાભૂત- પૃથ્વી, આપ, તેજ, વાયુ અને આકાશ ઉત્પન્ન થયા. તેમાંથી પિંડબ્રહ્માંડ ઉત્પન્ન થયું. આ નામરૂપાત્મક સૃષ્ટિનો ઉપયોગ કર્મજ્ઞાન માટે અને સત્યપ્રતિપાદન માટે કર્યો. આ પ્રમાણે તામસશક્તિ અચાટ અને અતર્ક્ય છે. એકાદ જાદુગર અદ્‌ભુત પદાર્થ નિર્માણ કરે છે અને

પ્રેક્ષકોને તે સાચા લાગે છે. તે જ પ્રમાણે શબલ બ્રહ્મે "એકોઽહં બહુસ્યામ્" આ સંકલ્પ કરી સ્વસામર્થ્યથી આ બધું નિર્માણ કર્યું.

૩. ઈશ્વરઃ- જે સર્વાત્મક, સર્વનો આધાર, બુદ્ધિદાતા તે ઈશ્વર. બ્રહ્માદિક દેવો તેમની આજ્ઞા પાળે છે. તેના વગર પાંદડું પણ હાલી શકતું નથી. તેની આજ્ઞા થકી સમુદ્ર મર્યાદામાં રહે છે. પર્વત અચળરૂપે રહે છે. ભૂમિ પ્રાણીઓનું વહન કરે છે. પૃથ્વી, આપ, તેજ, વાયુ અને આકાશ આ પંચ મહાભૂતો તેની આજ્ઞામાં રહે છે. તે સર્વશક્તિમાન દાતા અને સંહારક છે. અનંત બ્રહ્માંડોનો નિર્માતા, પાલક, નિયંતા અને ઇંદ્રિયોને રમાડનાર- ક્રિયાન્વિત કરનાર છે. તે કર્તા હોવા છતાં અકર્તા છે. પ્રચંડ વિસ્તાર કરી તે જ તેના સ્વાત્મરૂપમાં સમાપન પણ કરે છે. બ્રહ્મરૂપ હોવા છતાં ભાવાર્થ માટે સગુણરૂપ ધારણ કરે છે. ગુણી હોવા છતાં તે નિર્ગુણ છે. તે જ ઈશ્વર.

૪. જીવઃ- બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર, ગણ, ગંધર્વ, સૂર્ય, ચંદ્ર, ઇંદ્રાદિ દેવ, શક્તિને આદરથી જુએ તે જીવ. જે જે દેખાય છે તે જીવ જ. "બહવો જીવાઃ" આ વાક્ય પર વિશ્વાસ રાખવો. જે દેખાય છે, સંભળાય છે તે જીવ.

૫. પ્રકૃતિઃ- મૂળ બ્રહ્મમાંથી ઇચ્છાશક્તિ નિર્માણ થઈ. તેમાંથી ગુણમાત્રા સાથે વિલક્ષણ માયા નિર્માણ થઈ. ભૂતસૃષ્ટિ ત્રણ ગુણથી (સત્ત્વ, રજ, તમ) ઉત્પન્ન થઈ. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ આ ત્રણેય લોકો જીવમાત્રથી ભરેલા છે.*

૬. પરમાત્માઃ- બીજાને પોતાના જેવો જોવો. આ શરીરમાં જે આત્મા છે તે જ બીજા શરીરમાં પણ છે. દ્વૈતનો ભ્રંશ એટલે

---

* જીવ- અજ્ઞાનવેષ્ટિત આત્મા એ જીવ. ઈશ્વર- ષડૈશ્વર્યયુક્ત જે છે તે ઈશ્વર. જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, યશ, વીર્ય અને શ્રી આ છ ઐશ્વર્ય.

સહજતાથી સમજાય છે કે બીજામાં પણ પોતાનો જ આત્મા છે. જે અત્ર તત્ર બધે વ્યાપેલો છે તે જ પરાત્પર છે. ભ્રમ નષ્ટ થયો એટલે સર્વાંતરમાં તે જ પરમાત્મા દેખાય છે- અનુભવાય છે. સર્વ દૃશ્યોનો લય થાય ત્યારે પરમાત્માનાં દર્શન થાય છે. જાણનારમાં હું, તું પણ નથી હોતું.

૭. બ્રહ્માદ્ય કોને કહેવા? શંકર, વિષ્ણુ, બ્રહ્મદેવ, સૂર્ય, ઇંદ્ર, રુદ્ર, કુબેર, ચંદ્ર, વરુણ, યમ, પિતૃઓ, મરુદ્‌ગણો, શક્તિ, તારાઓ, અસુર, માનવ, દૈત્ય, ગંધર્વ, અપ્સરા એટલા જ નહીં પણ જીવમાત્ર બ્રહ્માદ્ય છે. "સર્વં બ્રહ્મ ઈતિ" આવું વચન છે. કૂતરાનું માંસ, ચાંડાળ, લાકડું, પાષાણ એ સર્વ બ્રહ્માદ્ય છે.

૮. ન્યાતિનો શોધ કરીએ તો જરાકે ભેદ નથી. સર્વત્ર એક જ દેખાય છે. સર્વ પ્રાણીમાત્રમાં માંસ, ત્વચા, નાડી, રક્ત, વાળ, મેદ, હાડકાં આ સર્વ પંચભૌતિક સરંજામ સરખો જ દેખાય છે. સાંધાઓ, ષટ્‌ચક્રો, અવયવ, ઇંદ્રિયોની ભાવના, દસ પ્રકારના પ્રાણના કાર્યો, આહાર, નિદ્રા, મૈથુન, કાર્ય-અકાર્ય, જ્ઞાન-અજ્ઞાન, ઇંદ્રિયોની જાણકારી, ચલનવલન, આકુંચન-પ્રસારણ એ બધું એકસરખું જ દેખાય છે. ન્યાતિના સ્વીકાર માટે કોઈ ફરક નથી.

વ્યવહારની બાબતમાં મનુષ્યોને જુદાં જુદાં કર્મો સોંપવામાં આવ્યાં છે. તે પ્રકારનાં કર્મો કરતાં કરતાં તે જ ન્યાતિ નક્કી થઈ જાય છે. (દા.ત. કોઈ બીજાના રક્ષણનું કાર્ય કરે છે તો તે ક્ષત્રિય છે. ઈશ્વર સર્વ પ્રાણીઓનું રક્ષણ કરે છે આથી તે ક્ષત્રિય છે.) જે પ્રમાણે બ્રહ્મદેવ ઉત્પત્તિ, વિષ્ણુ પાલનપોષણ અને શંકર સંહારનું કામ કરે છે તે જ રીતે વ્યક્તિનો અધિકાર અને ગુણ પ્રમાણે કામો વહેંચી આપવામાં આવ્યા છે. બ્રાહ્મણે તપ કરવું, વેદ-શાસ્ત્રપઠણ કરવું,

સૂર્ય, અગ્નિ અને ગાયત્રીની ઉપાસના કરવી જોઈએ. ક્ષત્રિયોએ પૃથ્વીનું સંરક્ષણ કરી ગાય અને બ્રાહ્મણનું રક્ષણ કરવું અને સાથે સ્વકર્મ પણ કરવું. વૈશ્યોએ વેપાર કરવો, શિવ-ઉપાસના કરવી અને બ્રાહ્મણે ક્ષત્રિયોનો આદર કરવો જોઈએ. શૂદ્રોએ ખેતી માટે મજૂરી કરવી, ગો-બ્રાહ્મણની સેવા કરવી. આવેલા અતિથિનું પૂજન કરવું અને બીજા ત્રણેય વર્ણોની સેવા કરવી. આ પ્રમાણે ચારેય વર્ણોનો આચાર નક્કી કરવામાં આવ્યો છે. તેમાં ન્યાતિ (જાતિ)નો જન્મથી જ વિચાર કરવામાં આવ્યો નથી.

વ્યવહારિક કર્મ આચરતાં તે જ આચરણ વારંવાર આચરવાથી તે કર્મ સાથે દૃઢ સંબંધ જોડાય છે તેથી ન્યાતિનું નિર્માણ થયું. જે પ્રમાણે કર્મ પરથી (દા.ત. અધ્વર્યુ એ અટક) અથવા ગામના નામ પરથી અટક દ્વારા લોકો ઓળખાય છે. (દા.ત. નાશિકકર) તે અનુસાર પૂર્વજોએ જે મર્યાદા લગાડી છે તે પાળવી અથવા અનુસરવી જોઈએ. તેનું ઉલ્લંઘન કરવું જોઈએ નહીં. મૂળ આચાર, વેદાજ્ઞાનુસારનો આચાર, ઈતર શાસ્ત્રો (પુરાણ-સ્મૃતિગ્રંથો) પ્રમાણેનો આચાર, શ્રેષ્ઠ લોકોએ કહેલો આચાર, વૃદ્ધાચાર, કુળાચાર, દેશાચાર, લૌકિકાચાર અને જનાચારનું રક્ષણ અને આચરણ કરવું જ જોઈએ. નહીં તો દોષ નિર્માણ થાય છે. જો પોતાને શુદ્ધ જ્ઞાન થયું હોય અને જે કર્મ કરતાં લોકો વાંધો લે તો તેવું કર્મ આચરવું નહીં. સર્વનું કલ્યાણ કરવું જોઈએ. રૂઢીનો ત્યાગ ક્યારે પણ કરવો જોઈએ નહીં. જેને લૌકિક પ્રત્યે મમત નથી, જે નિર્મોહી અને નિરહંકારી છે, જેના શરીરે યત્ કિંચિત લોભ નથી, જેણે ષડ્વિકાર પર, આઠેય ઇંદ્રિયો પર દ્વૈત-અદ્વૈત પર વિજય મેળવ્યો છે અને જે સ્વસ્વરૂપમાં નિમગ્ન થયો છે તેણે ન્યાતિ, કુળ, ગોત્ર વિશે અભિમાન ધરાવવાની જરૂર નથી. અસ્તુ.

હવે આ વર્ણન પૂરું થયું. આઠ પ્રશ્નોના ઉત્તર શ્રોતાઓએ સાંભળ્યા છે. અવિનાશ અવધૂતે જગતના ઉદ્ધાર માટે જ્ઞાનામૃત થાળીમાં પીરસ્યું છે. જેના મુખમાં આ જશે તે સામે પાર (પરલોક) જશે. હે શ્રોતાઓ, તમારા લીધે જ આ કથામૃત જગતને મળે છે. તમે સાધુ, સંત, મહંત અવધૂતના જીવ-પ્રાણરૂપ છો. હું (કાવડીબુવા) બંને હાથ જોડી તમને પ્રાર્થના કરું છું કે આ દીન અનંતસુતની સંભાળ રાખો. તમારા સિવાય મારો રક્ષણકર્તા કોઈ નથી. મને તમારી ચરણસેવા આપો. તમારી દયા વગર હું એક પણ અક્ષર ઉચ્ચારી શકતો નથી. અનંતસુત માત્ર નિમિત્ત છે. તમારો ગ્રંથ તમે જ લખો-બોલાવો છો. અહીં અવિનાશ અવધૂતે બોલાવ્યો છે. અવધૂત ગ્રંથરૂપ તારકજ્ઞાનનો બોધ કરે છે. જેને સંસારસાગરની પેલે પાર જવું છે તે જ આનો ગૂઢાર્થ સમજશે.

॥ ઈતિ સપ્તવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋❋❋

અધ્યાય - ૨૮

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રી ગુરુભ્યો નમઃ ॥

હે સદ્‌ગુરુ, પરબ્રહ્મરૂપ, તું આગમો અને નિગમોને વંદનીય છે. દીન-વત્સલ, સુખાલય, તું નામ અને અનામની પેલે પાર છે. તને નમસ્કાર. તું સર્વસાક્ષી, ગુણોનું સંવર્ધન કરનાર, કામ આદિ શત્રુઓનો

નાશ કરનાર, પાપનાશક, અવિનાશ છે. તું જ આદિ અને અંત છે. અચળ અભંગ છે, તને નમન. તું સંપન્ન, પતિતપાવન, સર્વજ્ઞ અને દીનાભિમાની છે. દીનોદ્ધાર કરવા માટે તું સહ્યાદ્રિ પર દિગંબરરૂપથી અવતર્યો છે. દેવ અને મુનિવર તારી પ્રેમથી સ્તુતિ કરે છે. તે સ્તુતિથી સંતુષ્ટ થઈ તું શરણાગતને અભય આપી તેમની ઈચ્છા પૂરી કરે છે. અર્થાર્થીઓના મનોરથ પૂરા કરવા તેં દત્ત નામ સ્વીકાર્યું છે. હરહંમેશ આનંદસ્વરૂપ તું સર્વની ઈચ્છા પૂરી કરે છે. આથી અનસૂયાએ આદરથી પૂછેલા પ્રશ્નોના જવાબ તેં પ્રેમથી આપ્યા.

ગત અધ્યાયમાં ન્યાતિ સંબંધી નિરુપણ સાંભળ્યું. આઠ પ્રશ્નોના ઉત્તરો અપાયા. શ્રીદત્તે અનસૂયા માતાને વિનયથી પ્રશ્નોના ઉત્તરો આપ્યા.

૯. કર્મ:- આ શરીરમાં દસ ઇંદ્રિયો છે. જેમને વસ્તુજ્ઞાન છે તેમને જ્ઞાનેંદ્રિય કહે છે. જ્ઞાનેંદ્રિયો પાંચ છે. કાન શ્રવણ કરે છે, નાસિકા વાસ લે છે, આંખો દૃશ્ય જુએ છે, જીભ સ્વાદને ચાખે છે, ત્વચા સ્પર્શની અનુભૂતિ કરાવે છે. આ જ પ્રમાણે પાંચ કર્મેંદ્રિયો પોતપોતાના કામ કરે છે. મુખ શબ્દોચ્ચાર કરે છે, અન્નોદકનો સ્વીકાર કરે છે. હાથ આપવા-લેવાનું કામ કરે છે. પગ ચાલવાનું કામ કરે છે. ઉપસ્થ પેશાબ કરે છે અને મૈથુનમાં પ્રવૃત્ત થાય છે. ગુદા મળત્યાગ કરે છે. આ બધી ઇંદ્રિયો પોતપોતાના કામ પ્રસંગ અનુસાર કાર્યક્ષમ રીતે સંપન્ન કરે છે. આ દસેય ઇંદ્રિયોનો કર્તા હું છું તેમ કહેવા આધાર નથી.

બ્રહ્મદૃષ્ટિથી જોતાં આ દેહ સ્વાનંદપૂર્ણ છે. જે જે પદાર્થ દેખાય છે તે તે બ્રહ્મરૂપ છે. નિષ્ઠા આત્મવિચારણામાં છે, ઇંદ્રિયોના કામમાં નથી. વિચારપૂર્વક ઇંદ્રિયો પોતપોતાની રીતે કાર્ય કરે છે. એકમાત્ર કર્તા તે ઇંદ્રિયોને ચલાવનાર છે. તેની સત્તા તેની રીતે જ

શોભે છે. દરેક મનુષ્ય સાક્ષીભાવથી વર્તે તો તેને દોષ નથી. લાભ, હાનિ, માનાપમાન સહજ સહન કરવાં પડે છે. આવો વિચાર કરતા જે આનંદ અને દુઃખને સમાન ગણે છે તેને કર્મફળ ભોગવવું પડતું નથી. જે પ્રમાણે નિયમ કરીએ એટલે તે રીતે ઇંદ્રિયોને ગતિ મળે છે. પરંતુ શક્યતાનો વિચાર રાખતો નથી તેનું કર્મ શુદ્ધ. દેહ અને ઇંદ્રિયોના વ્યવહાર પરસ્પર ચાલે છે. આ વિચારસરણીથી જે આત્મતત્ત્વમાં સ્થિર હોય છે તેમ છતાં ઉપરછલ્લો લૌકિક આચાર બતાવે તેનું કર્મ સાચું.

૧૦. અકર્મ:- કર્મ પ્રારબ્ધને લીધે આચરાય છે. કર્મથી લાભહાનિ થાય છે. તેમાં કર્તૃત્વ માટે અહંકાર નિર્માણ થાય છે. મેં ઘર, બંગલો બાંધ્યો, આ વેપાર મેં વધાર્યો, મારા લીધે આ સમૃદ્ધિ, વિકાસ થયો. આ બધું મારા લીધે છે તેવી ધારણા થાય છે. મેં અમુકનું કામ કર્યું, મેં અમુકને સર્વદૃષ્ટિએ મદદ કરી અને સક્ષમ બનાવ્યો. આટલો લૌકિક મેં સંપાદન કર્યો. આ કુટુંબનો પોષણકર્તા હું છું. આવી માન્યતા દૃઢ થતી જાય છે. આ બધો અહંકાર બંધન માટે કારણભૂત થાય છે. આ અકર્મ.

મનુષ્યના દેહમાં લોભ અને આશાઓ અનેક હોય છે. ફળની આકાંક્ષાથી કર્મયોજના થાય છે. યજ્ઞ, તપ, દાન, જપ, હોમ, દેવતાર્ચન, અનેક પ્રકારની ઉપાસના કરવામાં આવે છે. આદર અને સન્માન આપવા અને લેવામાં આવે છે. ફળની પ્રાપ્તિ માટે લોકો ખરાબ કે સારા માર્ગનું અવલંબન લે છે. હું-મારા માટે લૌકિક મેળવવા માટે કરવામાં આવેલું બધું જ અકર્મ છે. આવું કેમ? એમ જો પૂછે તો કહું છું: મનુષ્ય સંકલ્પને લીધે ફળની આશામાં લપેટાય છે. પછી તેને તે ભોગવવું જ પડે છે. તેવા કર્તાને અકર્તા કહે છે. લોભને લીધે અહંકાર વધે છે. વધુ ને વધુ કર્મો તેને લીધે થતા રહે છે. તે જ તેને બાધક ઠરે છે. ત્યાંથી છૂટે કેવી રીતે? આ અકર્મ જ છે. અહંકારને લીધે સુખદુઃખ

ભોગનું આ વર્મ થાય છે. આને લીધે જ જન્મમરણના ફેરામાં જોતરાવવું પડે છે.

કર્મો ત્રિગુણાત્મક હોય છે. સત્ત્વ, રજ અને તમોગુણ આ ત્રણ ગુણો છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છેઃ રજોગુણના કર્મમાં ફળનો સદૈવ વિચાર કરવામાં આવે છે. અહંકાર લઘુ હોય છે. અર્થ માટે સદા તત્પર હોય છે. તમોગુણી કર્મમાં અતિશય અહંકાર હોય છે. જેવી ઈચ્છા હોય છે તે પ્રમાણે કાર્ય થવા માટે હેતુપૂર્વક પ્રયત્ન કરવામાં આવે છે અને હેતુપૂર્તિ માટે પ્રાણ પણ આપવામાં આવે છે. આટલા પ્રયત્ન કરવા છતાં કાર્ય સિદ્ધ ના થયું તો તેવી વ્યક્તિ દુઃખ, શોક અને પીડા ભોગવે છે અને બીજાને પણ તેવી જ પીડા પહોંચાડે છે.

સાત્ત્વિક કર્મનું ગણિત જુદું હોય છે. જે પ્રમાણે ઘટના ઘટે તેમ થવા દેવું. કશા માટે પણ આગ્રહ હોતો નથી. ભાવના હરિઅર્પણની હોય છે. આવો મનુષ્ય કાયા, વાચા અને મનથી તેમજ ધનથી જે જે કાર્ય સંપન્ન થાય છે તે તે પરમેશ્વરને પ્રેમથી અને સદ્‌ભાવથી અર્પણ કરે છે. યજ્ઞ, યાગ, તપ, દાન જે જ્યાં સ્થળે, સમયે સંપન્ન થાય છે તે અંગે જે લાભહાનિ થાય છે તે સર્વ ઈશ્વરને અર્પણ કરે છે. શરીરમાં જે જે ભાવના ઉદ્‌ભવે છે તે તે ભાવનાને તે ઈશ્વરાર્પણ કરે છે. ફળની આકાંક્ષા તેને સ્પર્શતી પણ નથી. તેના મનમાં સંકલ્પ કે વિકલ્પ બંનેમાંથી એક પણ નથી હોતું. તે સંશયરૂપી કૂવામાં કદી પણ પડતો નથી. તેનું સર્વ બ્રહ્માર્પણ હોય છે.

૧૧. તપઃ- અંતર્બાહ્ય એક બ્રહ્મરૂપ જ સર્વત્ર જોવું તેને તપ કહે છે. મન સંકલ્પ વિકલ્પરહિત થવું, દેહભાવ સ્વસ્વરૂપે લીન થવો, બ્રહ્મભાવથી ભાષણ, વિવેકથી આત્મવિવરણ અને અપરોક્ષ જ્ઞાનનો વિલાસ, આ બધાં તપનાં લક્ષણો છે. સ્વરૂપમાં નિમગ્ન રહી સંપૂર્ણ જગત અદ્વયદૃષ્ટિથી જોવું, નિંદા, દ્વેષ, રાગ, વિકાર, વિષયભોગ ન

ગમવો, જગતમાં રહેવા છતાં નિઃસંગ રહેવું, આ બધાં તપનાં લક્ષણો છે. અક્રોધ, સહિષ્ણુતા અને મૌન આ પણ તપનાં લક્ષણો છે.

૧૨. અસુરઃ- જપ, તપ, પૂજા, ધ્યાન, યજ્ઞયાગ, દાન સન્માર્ગ આચરણ અને આત્મવિવરણનું મનઃપૂર્વક આચરણ કરતાં વિઘ્નો પેદા કરે તે આસુરી શક્તિ. દૂરના ઉપસર્ગો દૂર જ હોય છે. પરંતુ નજીકના ઉપસર્ગો હાનિ પહોંચાડે છે. રાગ, દ્વેષ, અહંકાર, કામ, ક્રોધ, મદ, મત્સર, દંભ ઇત્યાદિ બુદ્ધિવિકાર પણ અસુર જ છે. સહુ પ્રથમ તેમનું શમન કરવું અને તેમનાથી ચેતતા રહેવું.

૧૩. જ્ઞાનઃ- આ શરીરમાં શક્તિશાળી અગિયાર (મન સાથે) ઇંદ્રિયો છે. તે બાબતોમાં હંમેશાં સાવધ રહેવું જોઈએ. એક પણ ક્ષણ તેમને ખરાબ રસ્તે જવા દેવા જોઈએ નહીં. તેમને સન્માર્ગે લઈ જવા. આડા રસ્તા બંધ કરવા જોઈએ. ઇંદ્રિયો સ્વભાવથી જ ઉચ્છૃંખળ નિરંકુશ હોય છે. તેમને બધા જ રસ્તા ખુલ્લા હોય છે. તેમને જેમાં રસ પડે તેમાં જ લીન રહેછે. આ સ્વભાવથી ઇંદ્રિયો મનુષ્યને અપકીર્તિ અપાવે છે. સુમાર્ગ અને કુમાર્ગ બંને તરફ તેની ગતિ હોય છે. જો કુમાર્ગ તરફ જાય તો જન્મમરણના ચક્રમાં ફસાય છે. તેનાં કષ્ટ પછી અસહ્ય બને છે.

આ દસ ઇંદ્રિયોનો રાજા મન છે. આ મનને બે રાણીઓ છે. એકનું નામ કુમતિ અને બીજીનું નામ સુમતિ. જેની સાથે તે રમે છે તે જ પ્રમાણે નિરંકુશ વર્તન કરે છે. તેમાં ઉત્તમ સુમતિ છે. કુમતિ પાછળ સંકટો આવતાં રહે છે. આ જ પ્રમાણે કુમતિની સંતતિ પાપ, અપયશ અને અપકીર્તિ, દુઃખદાયી થઈ દુઃખની ખીણમાં ઢસડી જાય છે. સુમતિની સંતતિ પુણ્ય, યશ અને કીર્તિ છે. તેને લીધે અદ્‌ભુત લાભ મળે છે. લાભ પણ ત્રણ પ્રકારનો હોય છે. સકામ, નિષ્કામ અને મિશ્ર. નિષ્કામ બુદ્ધિનું આચરણ હોય તો તેમાં ફળની

ઈચ્છા હોતી નથી. તે કર્મ ઈશ્વરને અર્પણ થએલું હોય છે. આથી તેને પુનર્જન્મ નથી. તેવી વ્યક્તિનું જીવન સાર્થક હોય છે.

સકામ કર્મ કરનારને ઈચ્છિત ફળ મળે છે. ક્રમાનુસાર તે પણ ચાર પ્રકારની મુક્તિ (સામિપ્ય, સાલોક્ય, સારુપ્ય અને સાયુજય)નો અધિકારી થાય છે. સમષ્ટિનું કર્મ એ રીતનું હોય છે કે જે કર્મ વધુ હોય (સકામ કે નિષ્કામ) તે ફળ પ્રાપ્ત થાય છે. સકામ આચરીએ તો ઈચ્છિત ફળ પ્રાપ્ત થાય છે. નિષ્કામ કર્મ આચરીએ તો પરમ પદ મળે છે. આથી સુજ્ઞે યોગ્ય તે નિર્ણય કરવો. સારું આચરણ (નિષ્કામ) કરીએ તો દુઃખના માર્ગે જવું પડતું નથી. સારું ભાગ્ય પ્રાપ્ત થઈ મોક્ષ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સુમતિ, કુમતિનો સારાંશ વિસ્તારથી કહ્યો. જેને સ્વહિત સાધવું છે તેણે સુબુદ્ધિનો પાલવ પકડવો અને ઇંદ્રિયોને તેની ટેવ પાડવી.

હરિકથા, પુરાણશ્રવણ, દીનજનોનું દુઃખ જાણવું. આ પ્રથમ પગથિયું. વાણી દ્વારા નામસ્મરણ કરવું, મધુર બોલવું. નામસ્મરણ કરવાથી મનને તેની જ ટેવ પડે છે અને ચિત્તમાં અંકિત થઈ જાય છે. ચરણ દ્વારા તીર્થયાત્રા કરવી. દેવાલયમાં કે સંતદર્શન માટે જવું. દેવને પ્રદક્ષિણા કરવી. હાથ વડે દેવ, ગુરુ, બ્રાહ્મણનું પૂજન કરવું અથવા ચરણસેવા કરવી. તાળી પાડીને ભજન કરવું. નાક વડે વિષ્ણુ નિર્માલ્યની સુવાસ લેવી. વિષ્ણુની ઉત્તમ પ્રકારે પૂજા કરવી અને જોવી.

શ્રીગુરુદેવની મૂર્તિ આદરથી અને એકચિત્તથી જોવી અને તે ધ્યાન હૃદયમાં સાચવી રાખવું. સર્વ અવયવમાં શ્રેષ્ઠ એ મસ્તક છે. તેનો વિનિયોગ બીજાના વંદનમાં જ કરવો. સર્વ પ્રાણીમાત્રને નમન કરવું તે ઉત્તમ ગુણ છે. વંદન કરવાથી દ્વેષ અને અહંકારનો નાશ થાય છે અને પાપનો ક્ષય થાય છે. ભક્તિ એટલે મૂળમાં નમન. તેનો અભ્યાસ કરવાથી મન સ્થિર થાય છે. સાધુ, સંત, ગુરુ, દેવ, યોગી, સિદ્ધ, જ્ઞાની,

દ્વિજ આદિને પ્રેમપૂર્વક આલિંગન આપવું. તેથી કાયા શુદ્ધ થાય છે. આ સર્વ વાતોમાં રંગાઈને વાતાવરણને હૃદયમાં સાચવી રાખવું. લોકો શરીરને શણગારે છે. ઇંદ્રિયોને સદ્‌ગુણોથી શણગારવી, મન સત્સંગમાં રત થાય એટલે પ્રેમભક્તિનો ઉદય થઈ વિરક્તિ અને શાંતિ મળે છે.

સત્સંગ અને વિવેક દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય છે અને દેહમાં અનુતાપ થઈ વિશેષ વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. લજ્જા અભિમાન પલાયન કરી જાય છે. હરિભજન અને હરિસંકીર્તન કરવાથી સપ્રેમ ભક્તિ ઉપજે છે. નામસંકીર્તનની લગની લાગે એટલે વિદ્યા પણ અવગત થાય છે. આમ કરતાં તે હરિના ગુણ અને કીર્તિ ગાતાં પ્રેમની ધજા ફરકતી રહે છે. નવધા ભક્તિનું વર્ણન ઉપર કર્યું છે. તે રંગમાં રંગાઈ જવું. સંચિત કર્મનું ફળ યોગાયોગથી જે ભોગવવું પડતું હોય છે તે તટસ્થભાવથી ભોગવવું. ભક્તિમાં આસકત રહેવું. પ્રપંચમાં આસક્તિ રહિત રહેવું અને ભક્તિમાં ભલે આસક્ત રહીએ. તેના થકી ઉત્તમ હિત સધાશે.

આ જ પ્રમાણે ઇંદ્રિયદમન પણ કરવું. સદ્‌ગુરુની સેવા કરવી અને દૃઢ ઉપાસના ચાલુ રાખવી. બાહ્ય લૌકિક આચાર સંભાળવો. પરંતુ પરમાર્થ તરફ દુર્લક્ષ ન કરવું. આ પ્રમાણે બંને બાબતો સંભાળવી અને જીવનું પણ હિત જોવું. ગૃહ, સ્ત્રી, પરિવાર, આપ્તવર્ગ, મિત્ર ઇત્યાદિ સાથે પણ સંબંધો જાળવવા, તેમને પણ સંતુષ્ટ રાખવા પરંતુ આત્મકલ્યાણ તરફ દુર્લક્ષ ન કરવું. બંને બાજુને કેવી રીતે ન્યાય આપવો તે અંગે એક દૃષ્ટાંત કહું છું.

તાર પર ચાલનારો નટ શરીરના અને હાથના વિવિધ હાવભાવો બતાવે છે. પરંતુ તાર પરનું સંતુલન બિલકુલ જવા દેતો નથી. બીજું દૃષ્ટાંત ભરવાડ સ્ત્રીનું. તે પોતાના માથા પર એક ઉપર એક એમ ભરેલા પાણીના દેગડા મૂકે છે. તેના બંને હાથ છૂટા હોય છે. હાથ વડે

તે જુદા જુદા હાવભાવ કરે છે, ઈશારા કરે છે. લોકો તેના હાવભાવ જોઈ આશ્ચર્યમુગ્ધ થાય છે. પરંતુ તેના માથા પરથી એક પણ ઘડો નીચે પડતો નથી કે પાણી નીચે ઢળતું નથી. તેનું સમગ્ર ધ્યાન તે તરફ જ હોય છે. આ બે દૃષ્ટાંતને યાદ રાખી વ્યવહાર અને પરમાર્થ બે પક્ષોમાં સંયોજન રાખવું.

આ પ્રમાણે ઇંદ્રિયદમન કરી ગુરુસેવા કરવી. શ્રવણ, કીર્તન, અધ્યાત્મ વિવરણ કરવું અને તે દ્વારા સદ્‌ગુરુપ્રસાદ, તત્ત્વબોધ, આત્માનાત્મ વિવેક, ગુપ્ત અનુભૂતિ આ બધું વિનયથી મેળવવું. આ રીતે સાધના અંગે સર્વ બાબતોને ધ્યાનમાં લેતાં અને ભાવપ્રેમ દૃઢ થતાં સાક્ષાત્કાર, જ્ઞાન અને પારમાર્થિક અનુભવ સહજ થાય છે. અંતરની ઓળખાણ થાય છે. આ અંતસ્થનો પરિચય વસ્ત્રના તંતુ જેવો અથવા ઘટમાં પ્રતિબિંબિત સૂર્યબિંબ જેવો હોય છે. સર્વત્ર પરમાત્મા જ વ્યાપેલો છે. આ જ્ઞાન અને તેની જાણથી નિરાશ, નિર્મોહી, નિરહંકારી એની સ્થિર વૃત્તિ એ જ્ઞાનલક્ષણ.

૧૪. અજ્ઞાનઃ- બ્રહ્મ સર્વાત્મક રીતે વ્યાપક છે. તે જ જડ વસ્તુમાં ચેતન આણે છે અને અનેકમાં એક છે તે અભેદ રીતે બતાવે છે. તે જળમાં, સ્થળમાં, કાષ્ઠમાં, પાષાણમાં, સજીવ, નિર્જીવમાં વ્યાપી રહ્યું છે. તેના વગર બ્રહ્માંડમાં એક પણ વસ્તુ નથી. અહીં વર્ણ-જાતિ એવો કોઈ ભેદ નથી પરંતુ ઈશ્વરી માયા એવી છે કે તેવું દેખાતું નથી. લોભ મોહની જાળ પાથરી, નેત્રને અજ્ઞાન પટલ બાંધી, આશારૂપી પાશથી બાંધી આ રમત સમજી શકાતી નથી. કેટલીક વાર ભ્રમથી દૃષ્ટિ આંધળી થઈ હોય તેનું એક દૃષ્ટાંત કહું છું.

અંધારામાં દોરીને સાપ સમજી એક મનુષ્ય ભયથી કાંપવા લાગ્યો. તે દોરીને સાપ જ સમજતો હતો. આ જ પ્રમાણે સર્વ બ્રહ્મ જ વ્યાપી રહ્યું છે. અજ્ઞાનથી જીવ માયાના પ્રભાવથી બ્રહ્મને ઓળખી શકતો

નથી. જીવ ફક્ત બાહ્ય લક્ષણો જોઈ તેમાં મોહ પામે છે. આ મારા માતા પિતા, તે પત્ની, દીકરો, વહુ, પેલા આપ્ત મિત્ર, સગાંવહાલાં, ગોત્રજ ઇત્યાદિ; આ પ્રમાણે કહેવા લાગે છે. આ આપણા અને પેલા પારકા, પેલા શત્રુ, આ મિત્ર, જળચર, વનચર, પક્ષી, શ્વાપદ, જીવજંતુ, પર્વત, વૃક્ષ. આમ, યોનિના ચાર પ્રકાર છે. આ મારા આપ્ત, ગોત્રજ, પેલા લોકો પારકા આ પ્રમાણે ભેદ માને છે. પોતાના આપ્તની સંભાળ લેવી, સગાવહાલાને આદર આપવો, પરિચિતોને દૂરથી નમસ્કાર કરવા. મિત્ર, આપ્તને મદદ કરવી, શત્રુઓને વાદમાં જીતવું (પ્રત્યક્ષ સંઘર્ષ ન કરવો), ધનવાનોને વિનંતી કરવી, દરિદ્રી લોકો પ્રત્યે નિષ્ઠુર થવું, જે આપણને બોલાવે તેને જ આપણે બોલાવવું, જેના તરફથી લાભ થાય છે તેને જ કાંઈ આપવું, ખાલી હાથે આવેલાનો તે જ રીતે સત્કાર કરવો. આમ અનેક ભેદ નિર્માણ થાય છે. એક ભ્રમથી અહંકારયુક્ત થઈ કેટલો આડંબર? એક હોવા છતાં વિપરીત દેખાય છે. દેહ, ઘર, સ્ત્રી, ધનધાન્ય, સંપત્તિ, વૈભવ અને રાજયપદને જોઈને જીવ બ્રહ્મભાવને ભૂલી ગયો. લોભમોહથી જર્જર થઈ અનિવાર્ય કૃત્યો કરવા લાગ્યો. અનેક ઉપાધિઓ વહોરી લીધી. લાભ હાનિકારક અનેક રીતથી જપાનુષ્ઠાન આચરે છે. સુજ્ઞજનોએ કેટલો પણ બોધ કર્યો કે તમે અનીતિયુક્ત વર્તન કરી રહ્યા છો, તેનું પરિણામ સારું નહીં આવે. તેમ છતાં તે ઉપદેશ જીવને ગમતો નથી. સન્માર્ગનું કહેણ ઝેર પ્રમાણે લાગે છે અને ઝેર અમૃત પ્રમાણે લાગે છે.

અહીં એક દૃષ્ટાંતનું કથન કરું છું. એક મનુષ્યને સાપે દંશ કર્યો. સાપનું ઝેર ચઢવા લાગ્યું. શરીર સંવેદનાહીન બનવા લાગ્યું, ઘેન ચઢવા લાગ્યું અને ઊંઘ આવવા લાગી. એક જાણકાર વ્યક્તિ ત્યાં આવી તેણે હરકત જોઈ. ઘેનથી અર્ધનિદ્રિત આંખો જોઈ તેણે મોટેથી બૂમ મારી. પીડિત વ્યક્તિએ મુશ્કેલીથી આંખો ખોલી. પૂછવામાં આવ્યું: તને

શું થયું છે? પીડિત વ્યક્તિએ થોથવાતી જીભે કહ્યું: મને ઊંઘવા દો, હેરાન કરશો નહીં. જાણકાર પરીક્ષક કહેવા લાગ્યા: આ પીડિત વ્યક્તિની આપણે ચિકિત્સા શરૂ કરીશું.

પીડિત વ્યક્તિને ઊભા કરવામાં આવતાં વ્યક્તિ જમીન છોડવા તૈયાર ન હતો. ગમે તેમ તેને ઊભો કરી તેના કાન આગળ મોંટેથી બૂમો પાડી, તાલી મારી અવાજ કરવામાં આવ્યો. તેવા જ ઘેનમાં તે બોલ્યો: પગ ભારે થયા છે, કીડીઓ પગ પર ચઢી રહી છે તેમ લાગે છે, મારી આંખો મીંચાય છે; મને ઊંઘવા દો, તેનાથી સારું લાગે છે. પીડિત વ્યક્તિના આ પ્રકારની પ્રતિક્રિયાથી પરીક્ષક પરિસ્થિતિને યથાર્થ રીતે સમજયો. એક જણ કાંસાની ઠંડી થાળી લઈ આવ્યો અને તેની પીઠને લગાડી. પીડિત વ્યક્તિએ દાઝી ગયો છે તે રીતે મોંટેથી ચીસ પાડી. આ સાથે જ જાણકાર પરીક્ષકે (ચિકિત્સકે) નિદાન કર્યું. પીડિત વ્યક્તિને સાપ કરડ્યો છે. એક જણે કડવા લીમડાના પાંદડાનો રસ તેને પીવડાવ્યો. રસ તેને મીઠો લાગ્યો.

પીડિત વ્યક્તિને ગોળ ખવડાવ્યો. ગોળ તેને કડવો લાગ્યો. તેણે થૂંકી નાંખ્યો. કોકે ફક્ત મીઠું મરચું મોંમાં નાંખતા તેને તીખું ન લાગ્યું. જેને એક જ સાપના દંશથી આવી પરિસ્થિતિ ઊભી થાય અને બધું જ અસત્ય બોલવા લાગે તો પાંચ સાપ જો દંશ કરે તો તેની અવસ્થા કેવી થાય? આવો જ દાખલો છે. માયાનું આવરણ એ જ અંધકાર. પાંચ વિષયરૂપી મોટો સાપ. રમતા અદ્‌ભુત ઘટના ઘટી. આ સર્પની હાલચાલ ચપળ. રમતાં રમતાં તેણે દંશ દીધો. લોભમોહના દાંત શરીરમાં ખોસ્યા અને ક્ષણમાં જીવને ભ્રાંત કર્યો. તારું, મારું કરતાં અહંકારથી પતનના માર્ગે વાળ્યો. શરીરની ગલિતાવસ્થા આવી.

સર્પવિષથી કામક્ષોભરૂપી પિત્ત ઉછળ્યું. નેત્રોમાં ખંજવાળ આવી અને બુદ્ધિ વિપરિત થઈ. આથી જીવ વિષયાસક્ત થયો. આસક્ત પણ

થયો અને ઉન્મત્ત પણ થયો અને ન કરવાનું આચરણ કરવા લાગ્યો. ઉપદેશ કર્યા છતાંય લોકોની નિંદા દ્વેષ કરવા લાગ્યો અને પોતાની જ સ્તુતિ કરવા લાગ્યો. આથી દાંત પણ કાળા પડી ગયા. તે ઝેરની શક્તિ પણ વિશેષ હતી. સ્ત્રીપુત્રના લોભથી ભ્રાંત થયો. અનેક કલ્પનાની કીડીઓ તેની બુદ્ધિ પર ચઢી. પછી તો કોઈની સલાહ ગણકારે જ નહીં. તેવા સમયે સુજ્ઞ, સાધુ, યોગિરાજ ત્યાં સહજ આવ્યા. તેમણે જોતાં જ કહી દીધું કે આનાં લક્ષણો સારાં નથી. તેમણે સદ્‌બુદ્ધિરૂપી કાંસાની થાળીનો તેના કાનને સ્પર્શ કરાવ્યો. તેણે તરત જ તેને દૂર ફંગોળી દીધી. યોગિરાજે તેને ભજનરૂપી ગોળ ખાવા આપ્યો, તેણે કડવું કહીને તરત જ થૂંકી દીધું.

આથી તેને અનેક કડવા વિષયભોગ આપતાં તે તેને ગળ્યા લાગવા માંડ્યા. ભજન-કીર્તન, પુરાણશ્રવણ આપતાં તેનો અસ્વીકાર કરતો હતો. ભજનકીર્તનને બદલે તેને નાચગાન, નારી, મદિરા, ચોરોની સંગતિ જ ગમતી હતી. કામ ક્રોધરૂપી મીઠું-મરચું ખાવા લાગ્યો. વેદાંત જ્ઞાનરૂપી ખાંડ આપતાં તેનો સ્વીકાર કરતો નહીં. આ બધાં લક્ષણો જોતાં નિદાન થયું કે વિષયરૂપી સર્પે દંશ કર્યો છે. સ્વાર્થ સંપત્તિની અસર થતાં તેના પગ ભારે થયા. ઝેરથી ભ્રમિત થઈ તે સત્યને ભૂલી ગયો. અસત્યને જ સત્ય માની લોભને ગળે લગાડ્યો. સંકલ્પ વિકલ્પથી ભેદ વધ્યો. વાસનાને લીધે બંધન પામ્યો અને કલ્પનાનું ભૂત પણ વળગાડી લીધું. હું જ કર્તા છું એમ સમજી કર્મ કર્યું અને તે જ કર્મનું ફળ ભોગવવું પ્રાપ્ત થાય છે. કરવું તેવું ભરવું, તેવું અજ્ઞાનીને સમજાતું નથી.

આશા લોભ મોહ થકી મન વશ થયું કે મનોરથ પૂર્ણ થવા માટે કલ્પના વિસ્તાર ખૂબ જ વધે છે. ધન, કોશ, રાજ્ય, છત્ર, ચામર, બળ, પરાક્રમ, કીર્તિ, સુંદર પત્ની, સંતતિ, યશ બધું જ કાંઈ મને મળે.

મારા જેવો શ્રેષ્ઠ બીજો કોઈ આ પૃથ્વી પર ન હોવો જોઈએ તેવી અનિવાર્ય ઈચ્છા હતી. પૂર્વકર્મ અનુસાર જો આ મળે તો પછી પૃથ્વી છોડી તે સ્વર્ગપ્રાપ્તિ પાછળ લાગે છે. તે લોભથી યજ્ઞ કરે છે. અવિચારને કોઈ સીમા હોતી નથી. તેને ખબર પડતી નથી કે પુણ્યનું ભાથું ખલાસ થતાં જ ફરી પૃથ્વી પર જન્મ લેવો પડે છે. યજ્ઞમાં જે પ્રાણીનો ભોગ અપાય તે પ્રાણી તેનું વેર લેવા તૈયાર હોય છે. ઉધાર પાછું આપવું જ પડે છે.

વિષયોના ભ્રમમાં ભોગવેલા ભોગ રોગ થઈ પીછો કરે છે. આ બધા પ્રયત્નો જન્મમરણના ફેરામાં નાંખનારા હોય છે. જીવને એવું લાગતું નથી કે જન્મમરણમાંથી મુક્ત થવું અને જગદીશ્વરને મળવું. તેને વિષયસુખ પ્રિય લાગે છે. જે જે વિષયસુખ છે તે વિષ જ (ઝેર) છે. કોઈ પણ રીતથી તે અમૃત થશે નહીં. આ જેને સમજાતું નથી તે અજ્ઞાની જ. આ વિવેચન ઉલટી રીતથી સમજાવ્યું. આથી જ્ઞાની લોકોને સંશય થયો. હવે સજ્ઞાન વિશે કથન કરીશું.

બ્રહ્મ સત્ય અને સનાતન છે. તેનો જ સર્વ વિસ્તાર છે. ધર્મકર્મ, ગતિ સુગતિ, કર્મવિકર્મ, કૃત્ય અકૃત્ય, મતિ સુમતિ, કર્તૃત્વ કારણ, કર્તા કરવિતા સર્વ તે જ છે. માયાના આવરણને લીધે બ્રહ્મનો લોપ થઈ અસત્ દૃશ્યમાન થઈ તે જ સાચું લાગે છે. મૂળ પદાર્થ અવિનાશ હોવા છતાં માયાના ભ્રમથી મનુષ્ય તેને ઓળખતો નથી. આથી ડગલે પગલે કૃત્ય નાશ પામે છે. માવો અને ખાંડ ઉત્તમ હોવા છતાં સોનાના સ્પર્શથી ભાંગ થાય છે અને તેના સેવનથી મનુષ્ય ભ્રમિત થાય છે. આનું નામ અજ્ઞાન. સમજણ માટે આટલો વિસ્તાર કર્યો. આ અધ્યાયમાં છ પ્રશ્નોનું વિવરણ કર્યું. એકંદર ચૌદ પ્રશ્નોના જવાબ આપી અનસૂયા માતાને અવધૂતે સંતુષ્ટ કર્યા. આ જ પ્રમાણે ભાવિક, યોગી અને સજ્જનોને પણ સંતોષ આપ્યો. આર્ત અને મુમુક્ષુ માટે શ્રીદત્તે તારક

માર્ગનું પ્રબોધન કર્યું. આથી અસત્ય માર્ગનો ત્યાગ કરી પરમાર્થ માર્ગનો સ્વીકાર કરવો.

અગામી અધ્યાયમાં અવધૂત અદ્‌ભુત પ્રશ્નોત્તર નિવેદન કરશે. તે બ્રહ્મરસ તમે કાન દ્વારા શ્રવણ કરી હૃદયમાં સાચવી રાખો જ છો. તમારા નિમિત્તે બીજાઓને પણ લાભ થશે. તમારો અધિકાર જોઈ શ્રી દેવદત્તે તમારા ઉપર કૃપા કરી. તે હંમેશાં તમારામાં જ રમે છે અને લીલા બતાવે છે. શ્રીદત્ત અને સંત આ બંનેમાં કાંઈ જ દ્વૈત નથી. તમે ઉદારતાના સાગર, પતિતપાવન અને કીર્તિચંદ્ર છો. આ સાંભળી અનંતસુત દોડી આવ્યા અને સંત પ્રાંગણમાં આળોટીને પ્રેમથી તેમના ચરણે આલિંગન આપે છે.

॥ ઈતિ અષ્ટાવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૨૯

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુભ્યો નમઃ ॥

સદ્‌ગુરુ પરબ્રહ્મ, અજ, અજિત, અનામ, તું અગમનિગમોથી અતર્ક્ય છે. તારો જયજયકાર. કરુણાસાગર, સર્વાત્મક, વિશ્વંભર, વિશ્વપાલક તને નમન. હે સર્વાધીશ, હું તારે શરણે આવ્યો છું. કૃપા કરી તારાં ગુણગાન કરવાની બુદ્ધિ આપ. આ વિવેચન તારા પ્રસાદનો મહિમા છે. શ્રોતાઓ પ્રતીક્ષા કરે છે. તારા કથામૃતનું પાન કરાવ.

શ્રદ્ધારૂપી અનસૂયા માતા પ્રતીક્ષા કરે છે. તેની ઈચ્છાપૂર્તિ કર અને તે જ રીતે સજ્જનોને પણ આનંદ કરાવ.

શ્રીદત્તે કહ્યું: તમારા ચિત્તમાં પરમાર્થવાસના છે. કેટલાક લોકોને બીજા પદાર્થ વિશે ચાહના હોય છે. પરંતુ જે લોકો જેવો ભક્તિભાવ આચરણમાં રાખશે તે પ્રમાણે તેમના હું મનોરથો પૂર્ણ કરીશ. તેમ કરવા મેં દત્ત (દા = આપવું) નામ ધારણ કર્યું છે. મારામાં અદત્તવૃત્તિ કદી પણ નિર્માણ થવાની નથી. અનન્ય શરણે આવેલા માટે મને અનન્ય પ્રેમ છે. તમારા અંતઃકરણની ઈચ્છા પૂરી કરવા હું સમર્થ છું. શ્રીદત્ત દ્વારા આ અભયવાણી સાંભળી "જય-જય" એવો ધ્વનિ સંભળાયો અને આનંદ હૃદયાકાશમાં સમાતો ન હતો. ચાતક જેમ ચંદ્રામૃત અથવા દેવ-અસુર સ્વર્ગ-અમૃત માટે તેમ શ્રોતાઓ કથામૃત માટે પ્રતીક્ષા કરે છે. શ્રી અવધૂતે કહ્યું: હવેનું વિવેચન સાંભળો.

૧૫. સંસાર:- પુરાતન સમયથી જે રીત ચાલતી આવેલી છે તેને તે જ રીતે ચલાવવો તે સંસાર. અહીં વાસનાનો ઉદ્‌ભવ અને ષડ્‌વિકાર હોય છે. પરંતુ યોગ્ય વ્યવહાર કરવો તે જ સંસાર. સંસારમાં જન્માદિ સુખ ઉલ્લાસ, તેની આનુષંગિક વાતો, મૃત્યુ પામેલાઓનો વિચાર, શાસ્ત્રાચાર, વૃદ્ધાચાર ઇત્યાદિ સંભવિત છે. શારીરિક કષ્ટ કરી તપ કરવું, તેનું ફળ લેવું, અવિચારથી વર્તન ન કરવું. વિકૃતિ વિકાર અંગે વિવેક રાખવો તેમાં મગ્ન ન થવું, વિરક્ત રહેવું આ સંસાર. ચંચલ ઇંદ્રિયોને સન્માર્ગે રાખવી તેને સંસાર કહે છે. સર્વશ્રેષ્ઠ રિવાજ હોય છે તેના સારરૂપ આચરણના પ્રવાહમાં તણાઈ ન જવું, સાવધાન રહેવું. પ્રપંચ કરતા જીવ પ્રતિ સહાનુભૂતિ રાખવી. દેહવિલય પછી કીર્તિરૂપે જીવવું. (સારા કર્મો કરી તેની કીર્તિ રહે તેવો આશય). સંગમાં રંગાએલા છીએ તેમ દેખાવું પરંતુ યથાર્થમાં તેનાથી અલિપ્ત

રહેવું. બધા અનુરૂપ બધા સાથે હોવા છતાં કોઈની સાથે ન હોવું. આ પ્રમાણે વર્તન રાખીએ તો કોઈ પણ પ્રકારનો ભય રહે નહીં. આ જ સંસારની ધન્યતા. હવે આગળના પ્રશ્નનો જવાબ.

૧૬. બંધઃ- દરેક પ્રાણી જન્મીને હું, મારું, એવા કર્તા તરીકેના અભિમાનનો સંકલ્પ કરી બંધનમાં પડે છે. મારા માતાપિતા, સહોદર, અપત્ય, સ્ત્રી, ઘર, નગર, સંસાર, હું કર્તા, મારો જ વર્ણ શ્રેષ્ઠ, મારાથી મોટો કોઈ નથી. હું જ ભાગ્યવાન, આ વિચારથી તે બંધનમાં પડે છે. વધુ ધન, સન્માન, વિષયસુખ મળે તે માટે પ્રયત્ન કરે છે. રાજ્યપદ પ્રાપ્ત થાય, સ્વર્ગપદ પ્રાપ્ત થાય, અભ્યાસ (ઉપાસના) કરી મોક્ષ મેળવવો, આ માટે તે વિવિધ સંકલ્પ કરે છે, તે જ પ્રમાણે ફળની આકાંક્ષા ધરી વિવિધ વ્રત, દાન, યજ્ઞ, મૌન વગેરે આચરે છે. નીચ કૃત્યો આચરવાથી ઈચ્છિત ફળ મળે છે એમ સાંભળી તે તેવાં કર્મો કરતાં પણ અચકાતો નથી. તે માટે તે શરમ, બીક, પ્રતિષ્ઠાને પણ દાવ પર લગાવી દે છે. પ્રારબ્ધ પ્રમાણે જ પ્રાપ્ત થાય છે. પરંતુ તે પ્રયત્નો છોડતો નથી. સંકલ્પ કરવાથી બંધન આવી પડે છે. આ વાત તેને સમજાતી નથી.

બીજાનું સારું ભાગ્ય જોઈ તેના મનમાં વિકલ્પ આવે છે અને તે પ્રાપ્ત કરવા તે અઘરા સંકલ્પો કરે છે. ધન અને રૂપ જોઈ તે મેળવવા માટે તે સંકલ્પ કરી વાસનાથી બદ્ધ થાય છે. આ સંદર્ભમાં એક દૃષ્ટાંત કહું છું. કોઈ એક વિશેષ વ્યક્તિ ખાસ પ્રકારના અલંકાર અને પહેરવેશ પહેરી, પગમાં નવાં પગરખાં પહેરી રાત્રે ફરવા નીકળ્યો. તે પૂનમની રાત હતી. આનંદથી ચાલતો હતો. ચાલતાં ચાલતાં તે ખડકોવાળા વિસ્તારમાં આવ્યો. ખડકની કઠણ સપાટીને લીધે નવા પગરખાનો કર્ર-કર્ર એવો અવાજ આવવા લાગ્યો. તેનો પ્રતિધ્વનિ પણ સંભળાવા લાગ્યો.

તે મનુષ્ય આમ તો હિંમતવાન હતો પરંતુ અવાજને લીધે તેની પાછળ કોઈ પીછો કરી રહ્યું છે તેમ તેને લાગ્યું. આથી તેણે ઝડપ વધારી. ડરને લીધે તે બરોબર ચાલી શકતો ન હતો. ચીવટપૂર્વક ચાલતાં તેને પોતાનો પડછાયો દેખાયો. તેને લાગ્યું કે આ તો ભૂત પાછળ પડ્યું છે. પગરખાંનો અવાજ ચાલુ જ હતો અને પડછાયો સામે આવ્યો. આથી તે ભય પામી જમીન પર લપસી પડ્યો અને તેના દાંત ભીંસાઈ ગયા. સૂર્યોદય થતા કોકે તેને જોયો અને મનુષ્ય વસતીમાં આવ્યો. બૂમો મારી તેને સાવધ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. તે કોઈ જવાબ આપતો ન હતો. ઘેર લાવી તેના માબાપ અને પત્ની તેને બોલાવવાનો પ્રયત્ન કરતાં હતાં.

પંચાક્ષરી (શિવભક્ત ભૂવો)ને બોલાવવામાં આવતા તેણે નિદાન કર્યું કે ભૂત સવાર થયું છે. કેટલીક વસ્તુઓ તેના પરથી ઉતારીને નાંખવામાં આવી. કોક બોલ્યું કે તે ખેતર પાસે ભૂતોની ટોળી રહે છે અને વટેમાર્ગુને હેરાન કરે છે. તેટલામાં સદ્‌ગુરુ યોગિરાજ આવ્યા. તેમણે પરીક્ષણ કર્યું. બોધ આપ્યો અને અભય આપી તેનો ડર દૂર કર્યો. તેની આંખો પરથી હાથ ફેરવતાં તેણે આંખો ખોલી અને સદ્‌ગુરુનાથને જોયા. તેણે સદ્‌ગુરુના ચરણો પર મસ્તક મૂક્યું. મનમાં હજુ ભય હતો જ. સાવધાન થયા પછી સદ્‌ગુરુએ તેની પૂછપરછ કરી. સદ્‌ગુરુનાથે નિદાન કર્યું કે કલ્પનારૂપી ભૂત તેના પર સવાર થયું છે અને સલાહ આપી કે નિત્ય દર્શન કરવા આવજે. જે તને દુઃખ થાય તે મને જણાવજે. આ પ્રમાણે કહી સદ્‌ગુરુ સ્વસ્થળે પાછા ગયા.

આ મનુષ્ય દિવસે બધા લોકોની વચ્ચે રહેતો. પરંતુ રાત્રે માત્ર કલ્પના ઊઠતી અને ઊંઘમાં તેને ભૂત ત્રાસ આપતું. તેણે સદ્‌ગુરુને આ હકીકતની જાણ કરી. સદ્‌ગુરુએ તેને કહ્યું: રાત્રે નિદ્રા સમયે હાથને તેલ અને મેશ લગાડજે. રાત્રે ભૂત ત્રાસ આપે ત્યારે તેના ચહેરા પર

મેશ લગાડી દેજે. આ પ્રમાણે તે હાથને મેશ લગાડી સૂઈ ગયો. બીજા દિવસે ઊઠીને તે સદ્‌ગુરુ પાસે ગયો અને સૂચન કર્યા અનુસાર વર્તન કર્યું તેની વાત જણાવી. સદ્‌ગુરુએ કહ્યું: અમે ભૂતને ઓળખી કાઢ્યું છે. તેમણે અરીસો મંગાવ્યો અને તેની સામે અરીસો ધર્યો. પીડિત વ્યક્તિએ જોયું કે અરીસામાં તેનો પોતાનો જ ચહેરો મેશથી કાળો થયેલો દેખાયો. તેને શરમ આવી અને તેણે પૂછ્યું: આવું કેમ?

સદ્‌ગુરુએ જવાબ આપ્યો: મૂર્ખ, તને જ શંકા ઉદ્‌ભવી. ભૂત તારી કલ્પનામાંથી ઉદ્‌ભવ્યું છે. તે થકી જ તું દુઃખી થયો. સંકલ્પ, વિકલ્પ જ બંધનને માટે કારણભૂત છે. જે લોકો લોભમોહમાં આસક્ત થાય છે તે જન્મમરણના બંધન માટે કારણભૂત થાય છે.

૧૭. મોક્ષ:- પ્રાણી નરદેહ પ્રાપ્ત કરી હંમેશાં સ્વહિતનો વિચાર કરી જ્ઞાન અભ્યાસમાં રત રહે છે. યોગસાધના કરે છે. નિત્ય-અનિત્ય, સાર-અસાર, આત્મ-અનાત્મ વિશે વિવેકપૂર્ણ વિચાર કરે છે. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે અને પરાત્પરરૂપ જુએ છે. મનમાં ઊઠતા સંકલ્પ-વિકલ્પનો વિવેકથી અંત લાવી સાવધાનવૃત્તિ રાખે છે. તે સાચા સદ્‌ગુરુચરણે હંમેશાં શરણાગત થઈ બોધ સ્વીકારી, અવગુણોનો ત્યાગ કરી ગુણોનો પોતાના હિત માટે અંગીકાર કરે છે. મનુષ્ય જન્મ લઈ આ સ્વહિતને જાળવવું, સગુણભક્તિ કરવી અને સર્વવ્યાપી ઈશ્વરના ચરણે નતમસ્તક રહેવું. સર્વને નમસ્કાર કરવા. આથી દ્વૈતનો નાશ થાય છે. નાના પ્રકારની કલ્પના શાંત થતાં ભક્ત એ દેવ જ બની જાય છે. હૃદયમાં પ્રેમ ઉછાળા મારે છે અને અંતઃકરણ કોમળ થાય છે.

નામસ્મરણમાં પ્રેમ રેડી શ્રવણમાં કીર્તનરસ સંગ્રહે છે. વૃત્તિથી ઉદાસ રહેતાં તેને અનોખી લાગણી થાય છે. ધ્યાનમાં મન ડૂબી જઈ સહજતાથી મન ઉન્મન થાય છે અને સગુણનાં દર્શન થઈ સાક્ષાત્કાર થાય છે. સગુણ ઉપાસનામાં દૃઢ થતાં સર્વત્ર તે જ દેખાય છે. આ કેવી

રીતે થાય છે તે સદ્‌ગુરુને વિનંતી કરી પૂછવું. સર્વાત્મક સર્વેશ્વરની પ્રાપ્તિ થવા માટે તે જ આપણને અધ્યાત્મધન પ્રદાન કરે છે. સદ્‌ગુરુએ કરેલા વિવેચનથી શિષ્યની કલ્પના ઓગળી જાય છે અને મન નિર્વિકલ્પ અને શુદ્ધ થાય એટલે શ્રીગુરુ ગુપ્ત ધન બતાવે છે. નિર્વિકાર નિરાલંબ નિરંજન પરમાત્માનું દર્શન કરાવે છે. મૂળમાં એક સોનું જ હોય છે. તેમાંથી અનેક અલંકાર બને છે. વિવિધ સ્વરૂપ જોઈ લોકો ભૂલે છે. આ જ પ્રમાણે આ જગદીશ્વર જગદાકાર થયો છે. શ્રીસદ્‌ગુરુકૃપા થતાં દૃષ્ટિમાં એકાત્મતા આવે છે; શિષ્યને નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થાય છે. આનું નામ જ મોક્ષ.

૧૮. સુખઃ- સુખના બે પ્રકાર છે. સાચું સુખ અને ખોટું સુખ. ઘણા બધા જન્મોનું સુખ એટલે મનુષ્ય દેહ. માયિક પદાર્થોને લીધે સુખ માનવામાં આવે છે. તેના પ્રકાર પણ કહું છું. નિરોગી સુસ્વરૂપ શરીર, સુંદર સ્ત્રી અને ભાગ્યોદયને મનુષ્ય સુખ માને છે. સત્તા, બળ, પરાક્રમ, યશ, કીર્તિ, લોકોમાં પ્રતિષ્ઠા, વિચારેલું કામ તરત થવું, ફાયદો થાય તેને મનુષ્ય સુખ માને છે. ધનધાન્ય, દાસદાસી, હાથી-ઘોડા, ગાય-ભેંસ, રાજયવૈભવ, સંપત્તિ, છત્ર, ચામરને સુખ માને છે. કન્યાપુત્ર, જમાઈ, વહુઓ, સૌંદર્ય, ઈચ્છિત સન્માનપ્રાપ્તિ, આદરને સુખ માને છે. દિવ્ય વસ્ત્રો, વિવિધ હીરાજડિત સુવર્ણાલંકાર, રમણીય સ્થળો, ઉપચારને સુખ માને છે.

અનેક ભોગ ભોગવવા મળ્યા, જગતે આજીજી કરી એટલે સુખ લાગે છે. ગીત, સંગીત, અનેક વાજિંત્રોનો મધુર સ્વર સાંભળવા મળે એટલે તેને સુખ સમજે છે. નર્તકીનું નૃત્ય, ભાટચારણોએ કરેલી સ્તુતિ, વિદૂષકો દ્વારા કરાએલો વિનોદ, જાદુગર દ્વારા કરાએલા ચમત્કારને સુખ માનવામાં આવે છે. બીજા લોકોએ વાહવાહ કરી, જુગારમાં જીત્યા એટલે, બીજાની વસ્તુ આપણને મળે એટલે આપણને સુખ મળે છે.

આવી અસંખ્ય બાબતોથી આપણને સુખ મળે છે પરંતુ આ સુખ નથી પણ હાનિ છે તેમ સમજ. મનુષ્યને સમજ ન હોવાથી તે વ્યર્થ ભૂલી જાય છે. ધંતૂરાને લોકો કનક (સોનું) કહે છે પરંતુ જો ધંતૂરાનો કોઈ સોના તરીકે સ્વીકાર કરે તો તે હાસ્યાસ્પદ ગણાશે.

ઉપર દર્શાવેલા અનેક ભોગોને લીધે અવનતિ જ થાય છે અને નરકવાસ જ ભોગવવો પડે છે. પ્રારબ્ધવશાત્ ત્યાંથી મુક્તિ થાય તો ૮૪ લાખ જન્મના દુશ્ચક્રમાં જોતરાવું પડે છે. સુખ ભોગવતી વખતે વિવેકથી વિચાર કર્યો નહીં તેથી આ ત્રાસ ભોગવવો પડે છે. આ દલીલ સાંભળી શ્રોતાઓએ પૂછ્યું: તમે જે ભાગ્યસુખોનું વર્ણન કર્યું છે પરંતુ અંતે તેનું પરિણામ અવનતિ કહી છે. અમારા (શ્રોતાઓના) મનમાં એવી શંકા આવી કે ઉપર વર્ણવેલા ભોગ ભોગવતી વખતે જો સદાચરણ રાખીએ તો પછી અધઃપતન કેમ કરીને થશે? વિચારપૂર્વક સત્કર્મનું આચરણ કરવાથી તેવો દુર્ધર ભય શાથી રાખવો?

દાનધર્મ કર્યાં, યજ્ઞક્રિયા કરી, ઘાટ, મંદિરો બંધાવ્યા, યાત્રાળુઓ માટે ધર્મશાળાઓ બંધાવી એટલે તેમને સુખ જ થશે ને? જે લોકો જપતપવ્રતનું આચરણ કરે છે તેમને મદદ કરી, જરૂરિયાતવાળાને મદદ કરી તો તેવા કર્મથી સુખ જ થશે ને? પોતે વ્રતાચરણ કરી દ્વિજોને આદર-સન્માન આપ્યું, તેમને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું એટલે સુખ જ પ્રાપ્ત થશે, નહીં? અન્નવસ્ત્ર દ્રવ્ય, ધાતુરત્ન, મોતી, ગજ, અશ્વરથ, ગાયનું દાન કરવાથી સુખ વધશે જ. દાસદાસી, ભૂમિ, ગુપ્ત-પ્રગટ વસ્તુ, સ્ત્રી પુત્ર, કન્યાનું દાન કરવાથી સુખ જ પ્રાપ્ત થશે.

દયા, ક્ષમા, શાંતિ બતાવી પ્રેમથી પ્રજાનું પાલન કરતા મનમાં જો વિપરિત ભાવના ન લાવીએ તો તેને સુખપ્રાપ્તિ જ થશે ને? દેવ-બ્રાહ્મણને આહાર અર્પણ કરી પૂજન કરીએ, શિવવિષ્ણુમાં

અદ્ભયભાવથી પૂજન કરવાથી તો સુખ જ પ્રાપ્ત થશેને? માતા પિતા, પૂર્વજ, કુલદેવતાની મનઃપૂર્વક પૂજા કરી જે અતિથિને પણ સંતુષ્ટ કરે છે તે તો સુખી થશેને? શ્રોતાઓનો પ્રશ્ન સાંભળી વક્તા તેમને હાથ જોડી કહે છેઃ મેં તમારો પ્રશ્ન સાંભળ્યો છે હવે તેનો જવાબ કહું છુંઃ અંતઃકરણમાં ક્ષોભ ઉત્પન્ન થવા ન દેતાં શાંતિથી શ્રવણ કરો.

તમે જે જે કલ્પના કરી તે આચરણની બાબતમાં શુદ્ધ જ છે. આવું પુણ્ય આચરણ જે કરશે તે દેવોને પણ માન્ય જ થશે. શિવ, ઇંદ્ર, બ્રહ્મદેવ, અનેક દેવતા, આ પુણ્યથી સંતુષ્ટ થઈ તેને સ્વપદ આપશે. કરેલા સત્કૃત્યના ફળ સ્વરૂપે તેને સ્વર્ગપ્રાપ્તિ થશે. પરંતુ પુણ્યસંચય ખલાસ થતાં જ તેને પૃથ્વી પર કર્મ અનુસાર જન્મ લેવો પડશે. એકગણું કર્મ કરો અને અનેકગણું ફળ પ્રાપ્ત થશે. પછી સુખ હોય કે દુઃખ. સકામ કર્મ કરનારને તે પ્રમાણે ફળ મળે જ છૂટકો. જે ફળની આશા ન ધરતાં નિષ્કામ કર્મ કરે છે તેને વૈકુંઠ અથવા શિવલોકમાં સાચું સન્માન પ્રાપ્ત થાય છે. ત્યાં સલોકતા, સમીપતા, સરૂપતા અને સાયુજ્યતા- આ ચાર મુક્તિ મળે છે. એટલું હોય તો પણ સાચુ સુખ નિરાળું જ છે.

ઉપર વર્ણન કરેલાં સુખ એટલે ઈશ્વરે પુણ્યસંચયાનુસાર આપેલા ઉપભોગ. સાર્વભૌમ રાજાનું પદ જો પ્રાપ્ત થાય તો પણ ન્યાયનીતિ, સામ દામ દંડ ભેદનું આચરણ કરવું પડે છે. તેનું કર્તૃત્વ રાજાના શિરે જ આવે છે. પ્રજા દ્વારા આચરાએલું પાપ પણ રાજાના માથે આવે છે. આથી રાજય અંતે તો નરક જ એવો નિયમ કરેલો છે. ગમે તેટલું પુણ્યાચરણ કરેલું હોય, સ્વર્ગોપભોગ મળે તો પણ જન્મમરણના ચક્રમાંથી છૂટી શકાતું નથી. જે જન્મમરણના ચક્રમાંથી છૂટે તે જ સાચો સુખી તેમ મને લાગે છે. આ સુખ સંત અને યોગીઓને ચોક્કસ પ્રાપ્ત થાય છે. તે બીજાઓને કેવી રીતે પ્રાપ્ત થાય છે તે કહું છું.

યોગી, જ્ઞાની, સંત, સજજન આત્મતત્ત્વ વિશે સાવધાન હોય છે અને સચ્ચિદાનંદસ્વરૂપમાં નિમગ્ન હોય છે. ચારેય દેહ (સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ શરીર)ની પેલે પાર પાંચમા દેહમાં નિવાસ છે, ચારેય અવસ્થાથી પર પાંચમી અવસ્થામાં નિવાસ કરનાર, (જાગ્રત, સુષુપ્તિ, નિદ્રા, તુર્યાવસ્થા) દસ પ્રકારના શરીરની પેલે પાર અગિયારમા શરીરમાં વસનાર, અગિયારમા વાજિંત્ર (દશવિધ નાદ કરતાં વિશેષ)માં તલ્લીન થાય છે, સહસ્રદળમાં આનંદ કલ્લોલ કરે છે. સત્તરમી (કળા)નું પાન કરે છે. તેવા યોગી સાચું સુખ ભોગવે છે. તેમને અધોગતિ નથી. જે અનંત સુખનું બીજ, તે સચ્ચિદ્‌ઘન સતેજ રૂપ, તે નિષ્ઠાથી યોગીરાજ સહજ રીતે મોક્ષ મેળવે છે. જેમને આ સુખ ગમે છે તેઓ ચારેય મુક્તિની આશા કરતા નથી તેમને બ્રહ્માંડ સુખની ટોચ એટલે કે અવિનાશપદ પ્રાપ્ત થએલું હોય છે. અસ્તુ. આનાથી ઇતર જે સુખ તે સર્વ પરમ દુઃખ અપાવે છે.

૧૯. દુઃખઃ- શરીર એ અનાત્મ હોવાની વિસ્મૃતિ થઈ, અનિવાર્ય સંકલ્પ વિકલ્પના રસ્તે જવું, વિષયભોગમાં અત્યંત લિપ્ત હોવું, શરીરમાં ઘોર ચિંતા અને ભ્રમ થવો એ દુઃખનું મૂળ છે. આઠ વિકૃતિ, છ વિકાર, અનિવાર્ય લોભમોહની સંગતથી મહાદુઃખ ભોગવવું પડે છે. આ જ દુઃખનું મૂળ છે. કુબુદ્ધિનો વિસ્તાર એ સહુથી ખરાબ છે. તેના સંગથી પાપાચરણ થાય છે. ગમનાગમન, અભક્ષ્યભક્ષણ આચરાય છે. આથી વિપરિત કર્મ અધર્મ આચરાય છે અને સત્કર્મ ચૂકી જવાય છે. પ્રાણી કુસંગના પ્રભાવથી પાપ આચરણ કરે છે જેના થકી જન્મમરણના ચક્રમાં ફસાય છે અને નરકમાં જાય છે. તે દુઃખના વર્ણનનો અંત નથી. જન્મદુઃખ અનિવાર્ય છે. કર્મપીડાનો વિસ્તાર તો અલગ જ છે. સંસારનું દુઃખ પણ મોટું છે. વિપત્તિ-દુઃખ કહેવાય તેમ નથી, સંતતિ દુઃખ બંને બાજુથી દુઃખદ છે. (સંતતિ થાય અને કહ્યામાં

ન રહે તો અને ન થાય તો પણ દુઃખ થાય છે.) ઘરડી ઉંમરે પણ ઘણાં દુઃખો છે. મરણના દુઃખને તો કેવી રીતે વર્ણવી શકાય?

પાછલું દુઃખ પૂરું થાય ન થાય ત્યાં આગામી દુઃખ શરૂ થાય છે. પાપ કર્મો આચરાય તો દુઃખ ભોગવવા યમલોકમાં જવું પડે છે. પ્રાણીના હાથે જે સારાનરસાં કામો થાય તેનું ફળ યમલોકમાં ભોગવવું પડે છે. ત્યાં અનેક યાતનાઓ ભોગવવી પડે છે. ત્યાં પ્રાણીઓને બાફવામાં આવે છે. કુંભીપાકમાં સડવા દે છે. સાણસીથી માંસના લોચા તોડવામાં આવે છે. દાંત ખેંચી કાઢવામાં આવે છે. મોઢામાં અતિ ઉષ્ણ ધાતુરસ રેડે છે. આવા બધા દુઃખોથી પ્રાણી ચિત્કાર કરે છે. નાકમાં આંકડા ખોસી તે વડે ખેંચવામાં આવે છે. નગ્ન શરીરમાં ધારદાર શસ્ત્રો ઘોંચવામાં આવે છે. ધગધગતા તવા પર ચલાવવામાં આવે છે. તલવારની ધાર પર ચલાવવામાં આવે છે. તપ્ત થાંભલાઓ પેટમાં ખોસે છે. કાનમાં ધગધગતા સળિયા ખોસવામાં આવે છે.

હાથપગ બાંધીને પર્વત પરથી ગબડાવવામાં આવે છે. હાથ પગ તોડવામાં આવે છે અને જનનેન્દ્રિય કાપી મોઢામાં મૂકવામાં આવે છે. બળજબરીથી વિષ્ઠા મોઢામાં નાંખવામાં આવે છે. આ પ્રકારની અનેક યાતના આપી કષ્ટો આપવામાં આવે છે. યમદૂતોને બિલકુલ દયા આવતી નથી. કાગડાઓ ચાંચથી આંખો ફોડે છે, રૌરવ નરકમાં ડૂબાડી રાખે છે. તેલની ઘાણીમાં નાંખી પીલવામાં આવે છે. ડોક મચડવામાં આવે છે. સાપ, વીંછીઓથી ભરેલા હોજમાં પ્રાણીઓને ફેંકવામાં આવે છે. ઝેરી જાનવરો દંશ આપી અસહ્ય પીડા આપે છે. ગરમ કરેલી પરાઈ અને સળીયો ગુદામાં અને ઈંદ્રિયમાં ખોસવામાં આવે છે.

મીઠું અને ઝેર ભરેલા કૂવામાં સડવા દે છે. ચક્ર પર લટકાવી ફેરવવામાં આવે છે. આવા દુઃખોનો કોઈ જ અંત નથી. કરેલાં કર્મ પ્રમાણે ભોગવવું જ પડે છે. યાતના પૂરી થયે જન્મપીડા ભોગવવી

પડે છે. જન્મમરણના ચક્રમાં ફસાયા પછી શાંતિ ક્યાંથી? એકબીજાની પીડા જુએ છે, પરંતુ કર્મ કરવાનું છોડતા નથી. આવાં દુઃખો ભોગવતાં ત્યાં કોઈ છોડાવનાર હોતું નથી. આવી દુઃખદ પરિસ્થિતિ ભ્રાંત થએલો પ્રાણી સમજી શકતો નથી. આ દુઃખનું વર્ણન લોકો સાવધ થાય તે માટે કરવામાં આવ્યું છે. તેના નિવારણ માટે પણ સૂચના બતાવી છે.

૨૦. સ્વર્ગઃ- સાધુ સંત યોગીજનનો સંગ કરવો. તેમની સેવા રાત દિવસ કરવી તે જ પ્રસન્ન સ્વર્ગ. સંતોના સંગમાં હરિકથા સાંભળવા મળે છે. સહજ બોધ થાય છે અને વિવેક સ્ફૂરે છે. સંતોની સેવા કરવાથી સંપૂર્ણ પાપદહન થાય છે. તેમના બોધથી ઈંદ્રિયોની વિષયપિપાસા નષ્ટ થાય છે. સત્સંગથી કાયા શુદ્ધ થાય છે. માયાવી પદાર્થો પ્રતિ ઘૃણા થઈ પશ્ચાતાપ થાય છે. સંતચરણોને આલિંગન આપવાથી દ્વૈત પલાયન કરી જાય છે. વૈરાગ્યનો ઉદય થાય છે અને દૃષ્ટિમાં જ્ઞાન દેખાય છે. સંતમૂર્તિનું ધ્યાન કરવાથી જન્મમરણનો ભય દૂર થાય છે. તેમની પાદ્યપૂજાના તીર્થનું સેવન કરવાથી જ્ઞાન સ્થિર થાય છે. જે પોતાને સંતનો દાસ થઈ સેવા કરે છે તેના ભવપાશ તૂટી જાય છે. સંતો વિશે વિશેષ પ્રેમ જાગ્રત થઈ તેને ભક્તિ પ્રાપ્ત થાય છે.

જેને સત્સંગ વિના બીજું કશું ગમતું નથી તેના ઘેર મોક્ષ પોતે દોડી આવે છે. સંતોનું જ્ઞાન અતિ સ્પષ્ટ હોય છે. તેઓ આ શરીરમાં જ ભૂલોક અને પાતાળ બતાવે છે. તે જ પ્રમાણે તેઓ એકવીસ સ્વર્ગ પણ આપણા શરીરમાં જ બતાવે છે. ત્યાંનું સુખ પણ. સદ્‌ગુરુ શિષ્ય પર પૂર્ણ કૃપા કરી જ્ઞાનદાન કરી ત્રૈલોક્યનાં દર્શન કરાવે છે અને અર્ધપીઠ સુધી પહોંચાડે છે. સ્વર્ગની શી વાત? સ્વર્ગમાં પણ તેઓ લઈ જાય છે. અવિનાશ સ્વરૂપમાં તન્મય કરી વૃત્તિઓનો લય કરાવે છે. વેદશાસ્ત્રોમાં જે કર્મો પૂર્વપક્ષમાં કથન કરેલા છે તે બંધનકારક છે. જીવમાત્ર તેવાં જ કર્મો કરે છે. વેદશાસ્ત્રોનો ઉત્તરપક્ષ (જ્ઞાનાત્મક

ભાગ- ઉપનિષદો) ભવતારક અને શ્રેષ્ઠ છે. પરંતુ મુમુક્ષુને તે જડતો/સમજાતો નથી. પોથી પંડિતને પણ તેનું યથાર્થ જ્ઞાન થતું/સમજાતું નથી. વેદના પેટાળમાં શું છે તેની તેમને જાણ થતી નથી. તો પછી સામાન્ય અજ્ઞાની મુમુક્ષુઓને તેનું જ્ઞાન કેવી રીતે થશે? કેટલાક લોકો શાબ્દિક વાચાળતાથી તેની ચર્ચા કરે છે પરંતુ તેનું રહસ્ય તેમની જાણ બહાર જ હોય છે. આવી પરિસ્થિતિમાં અજ્ઞાની મુમુક્ષુ સ્વહિત સાધી સ્વર્ગમાં કેવી રીતે જશે?

આથી જ જગતના ઉદ્ધાર માટે સંત-યોગી સૃષ્ટિ પર અવતર્યા. સદ્‌ગુરુરૂપે તેઓ શિષ્યોને જ્ઞાનદૃષ્ટિ આપી તેમને ગુહ્યજ્ઞાન પ્રદાન કરે છે. સાધકનો વિનય જોઈ તેઓ દયા કરી કૃપાદાન આપે છે. તેઓ આત્મધન આપી તેમને અવિનાશપદે પહોંચાડે છે. આથી સ્વર્ગ એ આ શરીરમાં જ છે તે જાણવું. ત્રૈલોક્યમાં સંતની તુલનામાં આવે તેવો કોઈ પદાર્થ નથી. સંત સુખનો સાગર, જ્ઞાનનો સાગર, જીવોનો તારક હોઈ તેમની સહાયથી જ આ સંસાર પાર કરી શકાય. તેમની કૃપા થઈ એટલે જન્મમરણની ઘટમાળ નષ્ટ થાય છે. સંકટ કે પાપ નજીક આવી શકતું નથી. તે મોક્ષ મેળવી આપે છે. સંત દીનો પ્રતિ દયાળ અને હૃદયના અત્યંત કોમળ હોય છે. શરણાગતની ઈચ્છા પૂરી કરનાર સંત એ સાચા અર્થમાં માતા છે. સંત મહંત હંમેશાં ઉદાર હોય છે. તેઓ જ સ્વામી દત્તરૂપે પ્રગટ થાય છે. તેમના સ્વરૂપમાં જ સદ્‌ગુરુ અનંત છે. આ અનંતના ચરણે આ પુત્ર રત છે. શ્રોતાઓને વિનંતી કે આગામી રસિક કથાનું સદ્‌ગુરુ દત્ત વિવેચન કરશે. શ્રોતાઓએ તે સાવધાન થઈ હૃદયમાં સાચવી રાખવું.

॥ ઈતિ એકોનત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૩૦

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુભ્યો નમઃ ॥

હે સદ્‌ગુરુ ગણેશ, તું અતિ લાવણ્યરૂપ સુંદર છે. ચૌદ વિદ્યાનો નિધિ, અજ્ઞાન હરણ કરનાર અને જ્ઞાન પ્રકાશક છે. તારો જયજયકાર. હે મૂલાધારનિવાસી દત્તાત્રેય, તું વિઘ્નહર્તા, અવિનાશ, ચૌદ પાંખડીવાળા કમળમાં નિવાસ કરનાર (વિલાસ કરનાર) છે. તારા ચરણે ઋદ્ધિ સિદ્ધિ નિવાસ કરે છે. તારો જયજયકાર. તારી સૂંઢ લાલ રંગની છે. સૂર્ય અને ચંદ્ર એ તારી ડાબી જમણી આંખ છે. ડાકિની શક્તિ સાથે ચાર માત્રા ગુણ ત્યાં નિવાસ કરે છે. તારું સ્થાન ચાર આંગળ ઊંચું હોઈ તારા હાથમાં પરશુ અને અંકુશ સ્થિત છે. તેં વીજળી પ્રમાણે ચમકનારું પીળું વસ્ત્ર પરિધાન કરેલું હોઈ ગળામાં મોતીઓની માળા છે. ઋષિ, ઈશ્વર તારી આરાધના કરે છે. તું ભક્તો પ્રતિ દયાની દૃષ્ટિથી જુએ છે. અને તેમના આધિવ્યાધિનું હરણ કરે છે. ભક્તોને તું બુદ્ધિ, સિદ્ધિ અને વિદ્યા આપે છે. આવા સદ્‌ગુરુ દત્તવિનાયકને વિનયી ભક્તો ગમે છે. ભક્તોને લાડ લડાવી તેમની મનોકામના પૂરી કરે છે. આ સર્વ હકીકત જાણી હું ભક્તિભાવપૂર્વક તારા ચરણે વિનંતી કરું છું કે શ્રીદત્ત અવિનાશ વિઘ્નહર શ્રોતાઓનો આર્તનાદ સાંભળી મારા દ્વારા પ્રબોધન વાક્યો વદાવ. હવે શ્રોતાઓએ સાવધાન થઈ આગામી નિરુપણ આદરપૂર્વક શ્રવણ કરવું અને હૃદયમાં સાચવી રાખવું. ગત અધ્યાયમાં સ્વર્ગ વિશે સાંભળ્યું. હવે આગળનો કથાભાગ સાંભળો.

૨૧. નરકઃ- પાપી, કુબુદ્ધિવાળા, દુર્જન, કામી, ક્રોધી, મદોન્મત્ત, મત્સર બુદ્ધિવાળા, દાંભિક, અહંકારી, દ્વેષી, દુષ્ટ લોકોનો સંગ નરક

જેવો છે. હિંસક, નિંદક, ઘાતક, મલિન, પાખંડી, કુતર્ક કરનાર, લવારો કરનાર, આ બધાનો સંગ દુષ્ટ અને નરક જેવો હોય છે. ગુરુતલ્પગ, પિતૃદ્રોહી, જાર, ચાંડાળ, નિર્દય, કપટી, અનાચારી, જીવહત્યારાનો સંગ પણ નરક જેવો છે. અસત્ય બોલનાર, વાદ-વિવાદ કરાવનાર, અવિશ્વાસી, લંપટ, અભક્ષ્યભક્ષક અને દારુ પીનારનો સંગ પણ નરકના સંગ જેવો છે.

જેને પરમાર્થમાં રસ નથી, કીર્તન પુરાણશ્રવણમાં મન લાગતું નથી, ભાંડ, ભવૈયા, જુગારમાં જેઓ રત છે તેવા લોકોનો સંગ પણ નરક સમાન જ છે. જેમને સ્વધર્મકર્મ પર નિષ્ઠા નથી, બીજાઓ આચરણ કરે તો તેની ટીકા કરે*, જે સમયસૂચકતા વાપરતો નથી અને વિષયભોગોમાં જે લિપ્ત છે, વ્યભિચારી લોકો પર જે પ્રેમ રાખે છે. તેવા લોકોનો સંગ પણ નરક જેવો છે. જે માતા-પિતા-ગુરુનો દ્વેષ કરે છે, તેમને જરા પણ પ્રેમ આપતો નથી અથવા જરીકે આદર આપતો નથી, દેવ, દ્વિજ, તીર્થ વિશે જે અજુગતું બોલે છે, નીચ કૃત્યો કરતાં જેને આનંદ થાય છે, પોતાની બડાઈ હાંકવામાં જેને સુખ થાય છે તેમનો સંગ પણ નરક જેવો છે. બીજા જીવો પ્રતિ જે સહિષ્ણુ નથી અને તેમને અતિ ભયંકર પીડા કરે છે, ચોરીમાં જે પ્રવીણ છે તેવા લોકોનો સંગ નરકમાં લઈ જાય છે.

સંત સાધુ યોગી લોકો સાથે જે ઉગ્રતાથી બોલીને તેમને ત્રાસ આપે છે, બિન અપરાધીને અપરાધી ઠરાવી તેને ભાંડે છે, તેવા મનુષ્યનો સંગ નરકમાં લઈ જાય છે. લોકોને ત્રાસ આપવાની બુદ્ધિ જે છોડતો નથી, નીચ કર્મોમાં પ્રવૃત્ત છે, ઉપહાસ કરી લોકોનું અપમાન કરવા જે પ્રવૃત્ત રહે છે તેનો સંગ નરક તરફ દોરી જાય છે. કોઈની સાથે મધુર ભાષણ કરતો નથી. હૃદયને ખૂંચે તેવી વાણીથી લોકોને

* સાચી સલાહ આપીએ તો વડીલો સાથે ઝગડો કરે છે અને અપશબ્દો બોલે છે.

ઘાયલ કરે છે, બીજા કોઈને સુખી થવા દેતો નથી. તેવું વર્તન ધરાવનાર લોકોનો સંગ નરક સમાન છે. સ્વાર્થ હોય ત્યાં સુધી સારું વર્તન રાખે અને કામ પતી ગયા પછી વિરુદ્ધ વર્તન કરે તેવા બગ ભગતનો સંગ નરક પ્રતિ લઈ જઈ જ જંપે.

પોતાની જ્ઞાતિ કઈ, વર્ણ કયો, કેવું આચરણ હોવું જોઈએ તેનો સારાસાર વિચાર જેના ચિત્તમાં નથી અને જે સ્વૈર વર્તન કરે છે તેવા મનુષ્યનો સંગ નરક પ્રતિ લઈ જાય છે. જે બીજા કોઈની વાત સાંભળતો નથી, વડીલોની વાતો કાને ધરતો નથી તેવા લોકોનો સંગ એટલે જ નરક! પ્રબળ લોભ, મોહ એ જ નરકનાં દ્વાર છે. વિવેકદૃષ્ટિ રાખી આ બાબતોનું ધ્યાન રાખવું.

૨૨. પરંપદઃ- જેની સત્તાથી ઇંદ્રિયો હલનચલન કરે છે; દેહમાં પ્રાણવાયુનું વહન થાય છે, જેની સત્તાથી મન, બુદ્ધિનો ખેલ ચાલે છે, પિંડ, બ્રહ્માંડનું જે મૂળ છે અને જેની સત્તાથી ચૈતન્ય સર્વ સ્થળે ડોલતું દેખાય છે તે પરંપદ. તેને અનેક રૂપો હોઈ તેની લીલાઓ પણ અનંત છે. તે સર્વાંતર્ગત, સર્વગત હોવા છતાં અલિપ્ત છે. પરંપદ એ કર્મ કરાવનાર હોવા છતાં કર્માતીત, સર્વમાં વ્યાપીને હોવા છતાં પણ અલિપ્ત છે. તેનું સચ્ચિદાનંદ સ્વરૂપ સર્વાતીત અને અવ્યકત સ્વરૂપનું છે.

ઇંદ્રિયોના વેપારમાં, મનના સંકલ્પમાં, અનેક કર્માચરણમાં તે સાક્ષીભાવે હોય છે. તેને નામરૂપ નથી છતાં તેની સત્તાથી જ રૂપ દૃશ્યમાન હોય છે. તેના વગર સર્વ રૂપહીન છે. તે ગુણાતીત, નિર્ગુણ, ચાર પ્રકારના દેહની પેલે પાર, ચાર પ્રકારની વાણીથી ભિન્ન, પરાત્પર અને પૂર્ણ છે. તે નિત્યાનંદ, શાશ્વત, અચલ, અવિનાશ, મુક્ત, નિરામય, નિરંજન અને માયાતીત છે. તે ગતિહીન, અગોચર, નિર્વિકલ્પ, નિરાધાર,

નિર્મોહ, નિરહંકાર અને નિરાકાર છે. આ પ્રમાણે પ્રારંભ કરનાર અને સમાપ્તિ કરનાર પરંપદ શ્રેષ્ઠ અને શુદ્ધ છે.

૨૩. ઉપાસ્યઃ- ઉપાસ્ય દેવ અગણિત છે. તેઓ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ લોકમાં વસે છે. જીવ માત્ર તેઓને ભજે છે અને ફળપ્રાપ્તિ માટે ભક્તો તેમને ભજે છે. પરંતુ જે દેવની ઉપાસના કરીએ તો તેઓ ફળ પ્રદાન કરે છે અને અર્ચન ન કરો તો તેઓ જીવને પીડા આપે છે. આ તેમની રીત છે. દેવતા જો ફળ આપે તો પણ તે નાશવંત ફળ આપે છે. શાશ્વત ફળ આપી શકતા નથી. સર્વ દેવ અને જીવની ઉત્પત્તિ, પોષણ અને વિનાશ કરવાની શક્તિ ત્રિદેવમાં છે. તેઓ સર્વમાં શ્રેષ્ઠ હોઈ તેઓ ત્રિગુણ અને ત્રણ પ્રકારના છે. તેઓ જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ નામથી ઓળખાય છે. તેમનો પણ ઈશ્વર તે સર્વેશ્વર નિરાળો છે. તે માયાતીત નિર્ગુણ કહેવાય છે. તે સર્વગત, નિત્ય, શાશ્વત અને અવિનાશી છે.

વેદશાસ્ત્રોમાં તેનું વર્ણન છે. ઉપનિષદો તેનો મહિમા વર્ણવે છે. શ્રુતિ પણ તેનું યથાર્થ વર્ણન કરી શકતી નથી. તે સર્વાત્મા, સર્વ વ્યાપક એવા દેવોના દેવની ઓળખાણ ફક્ત સદ્‌ગુરુ જ કરાવી શકે છે. સદ્‌ગુરુની કૃપાથી અવિનાશીપદ પ્રાપ્ત કરી લેવું. તે જન્મમરણના ચક્રમાંથી છોડાવે છે. સદ્‌ગુરુ સ્વબોધથી ત્રિતાપને ટાળે છે. ભવભ્રાંતિને દૂર કરે છે. સ્વ-સ્વરૂપમાં વૃત્તિ લીન કરાવી શાશ્વતપદ મેળવી આપે છે. તે પદ કોઈને પણ આધીન નથી પછી તે માનવ, દાનવ કે દેવ હોય. એક સદ્‌ગુરુ વિના સ્વાત્મધન મળતું નથી. સર્વ શ્રેષ્ઠ ઉપાસ્ય સદ્‌ગુરુ ચરણો છે એવો દૃઢ નિશ્ચય કરવો. સદ્‌ગુરુ જ જીવન્મુક્તિનો ઉપાય જાણે છે અને પરાત્પર ધ્યેયને સિદ્ધ કરાવે છે.

બીજી અનેક પ્રકારની ઉપાસનાઓ છે પરંતુ ગુરુની ઉપાસનાની તુલનામાં તે નગણ્ય જ કહેવાય. અનંત ઉપાસનાનો રાજા સદ્‌ગુરુ છે.

અનંત બ્રહ્માંડમાં શોધ કરતા સર્વ જીવો માટે આ જ ઉપાસ્ય છે. આથી સદ્‌ગુરુની સેવા પ્રેમથી કરવી. જેની સદ્‌ગુરુ ઉપાસના દૃઢ હોય છે તેઓ ત્રૈલોક્યમાં ધન્ય છે. તેમનાં દર્શનથી જ પાપદહન અને પુણ્યવર્ધન થાય છે. જે સદ્‌ગુરુની સેવામાં પ્રેમથી રત હોય છે તેના દર્શનની હરિને ઈચ્છા થાય છે. સકલ સિદ્ધિ તેના ચરણોની દાસી થઈ સેવા કરે છે. જે કાયા વાચા, તનમનધન અર્પણ કરી રાત દિવસ શુદ્ધ અંતઃકરણથી ગુરુસેવા કરે છે, સેવા કરતાં મનમાં વિકલ્પ આણતો નથી તે સંસારમાં સાચે જ ધન્ય છે. તે જ મોક્ષનો સાચો અધિકારી છે. તેની સંભાળ શ્રીહરિ સ્વયં લે છે. તેની આજ્ઞાને માન આપી સ્વયં લક્ષ્મી સાથે રાચે છે. છેવટે શ્રીહરિ તેને પોતાની જેમ જ કરે છે. તેને દૂર કરતો નથી. તેને પોતાના અંતઃકરણમાં સ્થાન આપે છે અને પોતે તેના અંતઃકરણમાં પ્રગટ થાય છે. આથી ગુરુ સર્વથી નિરાળો છે. તેની ઉપાસના કરતાં તે ત્વરિત ફલદ છે. આથી આ વિસ્તારથી વિવેચન કર્યું.

૨૪. વિદ્વાનઃ- વેદશાસ્ત્રપુરાણ, શ્રુતિસ્મૃતિનું અધ્યયન, દશગ્રંથ તેમજ બીજા ગ્રંથોનું પઠન કરેલું હોય, ચૌદ વિદ્યા, ચોસઠ કળા, યંત્રમંત્રતંત્ર, યોગક્રિયા, સાધના, જપાનુષ્ઠાન, સમાધિ વિશે વિસ્તૃત જ્ઞાન છે. કેટલાક લોકો મનોરંજક ભાષણ કરી લોકોનું રંજન કરે છે. આવા બધા ગુણો હોવા છતાં તેઓ અભિમાનરહિત વર્તન રાખે છે. તેઓ શાંત, દાંત, વિરક્ત, દયાળુ, ઉદાર, ભેદરહિત, નિર્દ્વન્દ્વ હોઈ પોતાનું મહત્ત્વ બીજાને બતાવતા નથી. તેમના શરીરમાં ષડ્‌રિપુનો અંશ માત્ર પણ હોતો નથી, સર્વ પ્રત્યે સમભાવથી વર્તે છે. આવા ભાગ્યવાન હોવા છતાં સર્વ સાથે વિનયથી વર્તે છે. પોતાના અને પારકા બંને પ્રતિ સરખો જ પ્રેમ રાખે છે. અનેક વર્ણજ્ઞાતિ પ્રતિ વિવેકપૂર્ણ એક દૃષ્ટિથી જુએ છે. તેમને પવિત્ર અથવા ચાંડાળ પ્રત્યે કોઈ ભેદભાવ હોતો નથી. વિશ્વાત્મા ઈશ્વર છે. તે ચરાચર, અભેદ છે તેવું દૃઢ જ્ઞાન જેમનામાં છે તેમને વિદ્વાન કહેવા.

જેમની પાસે સર્વજ્ઞતા હોવા છતાં ધન ઉપાર્જન માટે જે તેનો ઉપયોગ કરતો નથી તેની વિદ્વત્તા ધન્ય છે! લૌકિક વિદ્યાનો અભ્યાસ કરી ધનપ્રાપ્તિ માટે જેઓ પ્રાણ પણ વેચવા તૈયાર થતા હોય છે, લોકોમાં જ્ઞાની બતાડવા પ્રયત્ન કરે છે તેમને વિદ્વાન કહેવા નહીં. જે પુષ્કળ વિદ્યાભ્યાસ કરે છે પરંતુ તેનાથી અભિમાની થઈ કોઈની પણ આમન્યા રાખતા નથી, પરસ્પર એકબીજા પર વાક્પ્રહાર કરવા તૈયાર હોય છે. તેમને વિદ્વાન કહી ન શકાય. જેઓ પુસ્તક વાંચી વાચાળતાનો આશ્રય લે છે અને જ્ઞાનપ્રાપ્તિ માટે ક્યારેય સાચા પ્રયત્ન કરતા નથી તેઓ વિદ્વાન નથી. તેમના સર્વ પ્રયત્નો ઉદરપોષણ માટે જ હોય છે. પોતે ગુણવાન છે તેમ કહીએ તો દોષ ઉત્પન્ન થાય છે. પરંતુ આ જે સમજે તેના માટે! મન વિરુદ્ધ કોઈ પણ બોલે તો ક્રોધ કરવો નહીં.

વિદ્યાવિનયસંપન્ન, સર્વ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખનાર, અભિમાનરહિત, દ્વૈતભાવ વગરનો જે છે તે જ સાચો વિદ્વાન. જેને માન-અપમાનની પડી નથી, બધા સાથે મધુરતાથી વાત કરે છે, સર્વને એકતાથી જોડવા પ્રયત્ન કરે છે તે વિદ્વાન છે. વિદ્યાનો જેને દર્પ નથી, સર્વ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખે છે તે જ સાચો વિદ્વાન છે. અનેક વિદ્યાઓનો અભ્યાસ કરી તેનો સાર ગ્રહણ કરી તે પ્રમાણે આચરણ કરે છે તે વિદ્વાન છે. સર્વ વિદ્યામાં શ્રેષ્ઠ એ અધ્યાત્મ વિદ્યા છે. આ વિદ્યાનું ગૂઢ જે જાણે છે તે જ વિદ્વાન છે. આ વિદ્યાથી તેને પૂર્ણ સમાધાન મળે છે.

૨૫. મૂઢઃ- પ્રારબ્ધ પ્રમાણે કર્મ આચરાય છે. આ સિદ્ધાંતને જાણી જે અહંકાર કરે છે તે મૂર્ખ. જે મનુષ્ય કર્મનું કર્તાપણું પોતાનું ગણે છે, કોઈ સાચો માર્ગ બતાવે તો તે પ્રમાણે ન કરી સ્વચ્છંદતાથી વર્તન કરી પોતાની હાનિ કરી લે છે, જે પોતાના કુળ, શીલનો વિચાર

ન કરતાં નિંદ્ય કર્મ કરે છે તે મૂર્ખ છે. અમુક માર્ગ અયશસ્વી છે, ભયપ્રદ છે તેમ જાણવા છતાં જે મનુષ્ય તે માર્ગને અનુસરે છે, પોતાની મોટાઈનાં વખાણ કરી બીજાને નીચા બતાડી હર્ષ પામે છે, ભાષણ કરતાં જોરથી હસે છે, ચાલતાં-ચાલતાં ખાય છે તે મૂર્ખ છે. બીજાને હલકા ચીતરવા, બીજા લોકોની ગુહ્ય વાતો સાંભળવા પ્રયત્ન કરે છે તે મૂર્ખ છે. અધિકાર ન હોવા છતાં જે વ્યર્થ વાદ કરે છે, બીજાઓનું અહિત કરવાની જે વાંછા રાખે છે તેવો અવિચારી મૂઢ હોય છે.

દુર્વ્યસની, દુષ્કર્મ કરનાર, અધર્મી, કઠોર બોલનાર, નિષ્ઠુર, અતિ લોભી, ધર્મ પ્રત્યે પ્રીતિ ન રાખનાર મૂર્ખ છે. લાભ-હાનિ પૂર્વ કર્મ અનુસાર પ્રાપ્ત થાય છે. તેના માટે જે શોક કરે છે તે મૂર્ખ. સાચું જોતાં આ શરીર અશાશ્વત છે. તે નાશ પામવાનું છે. તેને જે વિષયરંગથી રંગે છે તે મૂર્ખ. જેણે ઉપર ઉપરથી દીક્ષા લીધી, પરંતુ વિકારરૂપી શત્રુઓ પર વિજય મેળવ્યો નથી, અમથો લૌકિક આચારમાં જ રચ્યોપચ્યો રહે છે તે મૂર્ખ છે. પોતાને રાજવૈભવ, સંપત્તિ, યશ, કીર્તિ પ્રાપ્ત થાય તે માટે અથાક પ્રયત્ન કરે છે અને સ્વપ્નમાં પણ દુઃખ ન પડે, સંકટો ન આવે તે માટે મહેનત કરે છે અને યશપ્રાપ્તિ ન થાય તો શોક કરે છે તે મૂર્ખ છે.

૨૬. કઃ સંન્યાસીઃ- ચૌદ વાતો (અષ્ટ વિકૃતિ + છ વિકાર)નો નાશ કરવો, લોભમોહના પાશ તોડવા, દેહ વિશે જે ઉદાસ-તટસ્થ છે તે સંન્યાસી છે. અમથા ભગવાં વસ્ત્રો પહેર્યાં, પરંતુ અંતઃકરણમાં દ્વૈત તેવું જ છે, દંડની ભાંજગડમાં પડ્યા પરંતુ વાસનાનું મૂંડન કર્યું નથી તેને સંન્યાસ ન કહી શકાય. શિખા અને સૂત્રનો ત્યાગ કર્યો પરંતુ ચિત્તમાં વિષયભોગ પ્રત્યે ખેંચાણ હોય, અંતઃકરણના શત્રુઓને જીત્યા નથી ફક્ત માથાનું ઉપરથી મૂંડન કર્યું. વાસનાના શિકાર થયા અને ભોળા લોકોને અનુગ્રહ આપી છેતર્યા, આ સંન્યાસ નથી. વસ્ત્રને ગેરુઆ

રંગથી રંગ્યાં પરંતુ અંતરંગ તરફ દુર્લક્ષ કર્યું. વસ્તુની આપ-લેમાં પૂર્ણ ધ્યાન હોય છે, ક્યાંય ન્યૂન હોય તો સ્વીકાર્ય નથી હોતું આને સંન્યાસ ન કહેવાય. અનેક ખટપટોમાં મન પરોવી મઠો બંધાવે છે, વ્યાખ્યાનો કરે છે, આ સંન્યાસ નથી. આવા લોકોને દૂરથી જ નમસ્કાર કરવા. આવી બાબતોમાં કેવું વલણ હોવું જોઈએ તે અંગે વાત કરું છું.

અંતઃકરણપૂર્વક વિરક્ત રહેવું, વાસનાનું મંડાણ કરવું, રિપુ અને વિકારનું દંડન (દંડ વડે મારવું) કરવું અને દ્વૈતનો નાશ કરવો. અધ્યાત્મ શાસ્ત્રોનો અભ્યાસ કરવો, નિરાલંબ ઉપનિષદમાં રસ દાખવવો, ઉદાસવૃત્તિ રાખવી અને અંતરના (માયા) પાશ તોડવા, આત્મ-અનાત્મનો ભેદ પારખવો, સાત ચક્રોના ભેદનમાં રસ લેવો, પરાત્પર વસ્તુને ઓળખી પ્રણવ ઉપાસનાનો પ્રારંભ કરવો. નારાયણને સર્વાત્મ રીતે ઓળખવો, અપરોક્ષ જ્ઞાન મેળવી વૃત્તિનું સમાધાન મેળવવું. ફળેચ્છાનો ત્યાગ કરવો, સ્વરૂપમાં સદા લીન રહેવું. નિજાત્મરંગે રંગાવું. આ જ સંન્યાસ.

વૃત્તિને પરબ્રહ્મમાં લીન કરવી, આથી આવાગમન મટ્યું. વિવિધ રસોમાં રસ ના રહ્યો અને ક્યાં પણ આસક્તિ ના રહી તે સંન્યાસી. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા આ ચાર અવસ્થાની પેલે પાર જેનો નિવાસ છે તે જ યોગી અને સંન્યાસી. તે હંમેશાં અદ્વૈત દૃષ્ટિથી જુએ છે તેવા યોગીને વંદન કરવાં. તેની પાસે ભલે ભગવાં વસ્ત્રો ન હોય, માથે મૂંડન ન હોય, દંડ ભલે ધારણ કર્યો ન હોય, સૂત્રત્યાગ ભલે કર્યો ન હોય અથવા ભસ્મવિલેપન પણ ના હોય, છતાં જો તે સર્વાત્મભાવે રહેતો હોય, તેને માનાપમાન ન હોય, તે સર્વતઃ વિરક્ત હોય છે, તે જ નિર્દોષ સંન્યાસી.

૨૭. ગ્રાહ્યઃ- આ વિશે બે માર્ગ છે. એક પ્રવૃત્તિ અને બીજો નિવૃત્તિ. બંનેના ગુણધર્મો જાણી તેનો સ્વીકાર કરવો. પ્રવૃત્તિ એટલે લોકાચાર, નિવૃત્તિ એટલે આત્મવિચાર. પ્રવૃત્તિનાં લક્ષણો સાંભળો.

દેશકાળ જોઈ વિવેકથી તેનું આચરણ કરવું. વસ્તુભેદ, સેવ્યસેવનનો વિચાર કરી કાર્ય કરવું. હિતકારી અને અહિતકારી ગુણ જોઈ ભોજન કરવું. પ્રત્યેક દેશમાં ન આચરવાં જેવાં કામો હોય છે તેને યાદ રાખવા.

હવે નિવૃત્તિ વિશે સાંભળો. હિતકારી કર્મ આચરવું. માયા, મોહ, લોભ, વિષયનો ત્યાગ કરવો. સ્વસ્વરૂપમાં અનુસંધાન રાખી આત્મતત્ત્વમાં મસ્ત રહેવું. અહીં ગ્રાહ્ય, અગ્રાહ્ય લક્ષણની તપાસ કરતાં દોષ લાગી શકે છે. તેમાં પ્રસંગોપાત ગ્રાહ્ય કરવું. અપ્રાસંગિક સર્વનો ત્યાગ કરવો. આ સર્વ અંગે વિવેકપૂર્ણ રીતે વિચાર કરી યોગ્ય તે સ્વીકારવું. માન્ય હોય તે સ્વીકારવું અને અમાન્ય હોય તેનો ત્યાગ કરવો. દેવદ્વિજગુરુની સેવા કરવી. સ્વકર્મ, દયા, ધર્મ, કુલાચાર, આહાર સત્સંગ, કથાપુરાણ, ભજન, શ્રવણ, નિદિધ્યાસન આ સર્વ ગ્રાહ્ય છે. અભ્યાગત, અતિથિ, દુઃખી લોકોની સેવા એ ગ્રાહ્ય છે. તીર્થયાત્રા, પર્વકાલાતીત કર્મ, વ્રતઉદ્યાપનો, યજ્ઞો, સકલ વિદ્યા આ સર્વ ગ્રાહ્ય છે. સદાચરણ, આત્મવિચારણા, જ્ઞાનરસસેવન આ વાતો ગ્રાહ્ય છે, સ્વીકારવા યોગ્ય છે. ભક્તિભાવ, વૈરાગ્ય, અનુતાપ, વિરક્તિ, સાંગ તત્ત્વવિચાર, સમાધિ, વિવેકસંગ, આ સર્વ વાતો ગ્રાહ્ય છે. પિતૃઆજ્ઞાપાલન, શ્રેષ્ઠાચાર, ઇંદ્રિયદમન, સુકર્મમાર્ગ, આ બધું ગ્રાહ્ય છે. પ્રપંચસારને જાણવું, પરમાર્થ રસ્તે આચરણ કરવું, સર્વ પ્રતિ નમ્ર રહેવું અને બ્રહ્મદૃષ્ટિથી જોવું, આ ગ્રાહ્ય છે. વધુ વિસ્તાર ન કરતાં ગ્રાહ્ય વસ્તુનો સાર કહ્યો છે.

૨૮. અગ્રાહ્યઃ- વિકાર, વિકૃતિ, કુભાવના, કુતર્ક, અહં બુદ્ધિ, લોભ આ સર્વનો ત્યાગ કરવો. દ્વેષ, કુસંગ, નિંદા, કુમંત્ર, કુતંત્ર, અજ્ઞાન, મૂઢત્વ અને વિષયો બધા અગ્રાહ્ય. ચોરી, જારકર્મ, ભેદ, પાખંડ, વાદ, મોહ, માયા, ખેદ આ સર્વ અગ્રાહ્ય. ઇંદ્રિયચેષ્ટા, પરકુચેષ્ટા, મૂર્ખાઈ, માનપ્રતિષ્ઠા મેળવવાની ઈચ્છા, સંશયથી કષ્ટ પામવું, સંત પ્રત્યે અશ્રદ્ધા, આ સર્વ અગ્રાહ્ય. મલિન અને અપવિત્ર આચાર, નીચ સેવા,

નિંધ આહાર, વલ્ગના, ભામટાગિરી, દારૂ પીવાનું વ્યસન એ અગ્રાહ્ય. જુગાર, સ્ત્રીલંપટ સ્વભાવ, વડીલ લોકોની અવજ્ઞા, અગમનાગમન, ભ્રષ્ટ આચાર, વિના કારણ ભટકવું, વિક્ષિપ્ત આ બધું અગ્રાહ્ય. ગુરુ અને પિતૃઓનો અનાદર, અસત્ય વ્યવહાર અને વિચાર, અપાર લોભ, કલહ આ બધી વાતો અગ્રાહ્ય.

અગ્રાહ્ય અને ગ્રાહ્ય બાબતોનો ઉપદેશ શ્રી અવધૂતે આપ્યો છે. જેઓ તેનો અંગીકાર કરશે તેઓ તરશે. અવધૂત એ સ્વયં જ્ઞાનસંપન્ન ગુરુ છે જે લોકોને બોધ કરી જગતને પાવન કરે છે. જેણે પોતાનું હિત સાધવું છે તેણે પ્રથમ આ શ્રવણ કરવું. જે આ ઉપદેશ પ્રમાણે આચરણ કરે છે તેની આધિ, વ્યાધિ અને ઉપાધિ દૂર થાય છે. તે આત્મધન મેળવે છે અને સ્વસ્વરૂપમાં આનંદ પામે છે. શ્રીદત્તે પોતાની જાતનું દાન કર્યું અને તે સ્વાત્મપણું સાધુ સંત યોગીઓને પ્રાપ્ત થયું. તેમણે પૂર્ણ પરમાર્થ સાધી તે સુખ સર્વને વહેંચ્યું. તેમને જે શરણે આવે છે તેમના પર તેઓ કરુણાદૃષ્ટિ કરી પાવન કરે છે. તેમના ગુણદોષ ન જોતાં તેમને પોતાના સમાન કરે છે. શરણાગતની જ્ઞાતિ, વર્ણનો વિચાર ન કરતાં ફક્ત ભાવના ઓળખી તેમનો અંગીકાર કરે છે અને તેને પ્રસાદ આપે છે. આ યોગીજનો મહામહંત છે. તેમને સદ્‌ભાવથી શરણ જઈ અનંતસુત (કાવડીબુવા) વિનંતી કરે છે કે મને દીનને પેલે પાર (ભવપાર) લઈ જાવ. મને પોતાનો દાસ માની તમારા ચરણકમળની સેવા આપો.

॥ ઈતિ ત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૩૧

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥ શ્રીગુરુભ્યો નમઃ ॥

હે સદ્‌ગુરુ, અવિનાશ દત્ત, તું મહા સમર્થ અને ભાગ્યવંત છે. હે દીનપાલક, અનાથનાથ, ત્રિગુણાતીત, સર્વજ્ઞ, તારો જયજયકાર. તું અનંતવેષ ધારણ કરનાર, જ્ઞાનઘન અને પ્રકાશ-સૂર્ય છે. કાર્ય અને અકાર્યને તું જ જાણે છે. હે સદ્‌ગુરુ, અનંત, સર્વવ્યાપી, માયાતીત, ભવમોચક, ત્રિતાપહર્તા તારો આ ગ્રંથ તું જ વદાવ. તારી કીર્તિનો મહિમા તું જ કથન કરાવ. લેખનકર્તા અને કરાવનાર, વક્તા અને શ્રોતા તું જ છે. ત્રીસમા અધ્યાયને અંતે ગ્રાહ્ય અને અગ્રાહ્ય ગુણોનું વર્ણન થયું. હવે સમાધિનું વર્ણન કરો. શ્રોતાઓ તેનું શ્રવણ કરવા ઉત્સુક છે. હે અવધૂત, તું સતેજ મેઘ છે. આ શ્રોતાઓ તારા મધુર જળ માટે મયૂર થઈ પ્રતીક્ષા કરે છે. આથી ગડગડાટની ગર્જના સાથે વરસ. તું દયાળુ દાતા છે તેવું સાંભળી યાચક શ્રોતાઓ દાન માગવા માટે અહીં દોડતા આવે છે. તેમની ઈચ્છાને તું પૂરી કર. તારો ભંડાર અવિનાશ વસ્તુથી ઓતપ્રોત છે. તે વેપારને તું જાણે છે. સર્વેશ્વર આ નામ તને શોભે છે.

કોને શું જોઈએ છે તે તું જાણે છે. યાચકનો ભાવ જોઈ તું પ્રેમથી તેમની ઈચ્છા પૂરી કરે છે. ભાવિક પ્રેમળ ભક્તોની આર્તપ્રાર્થના સાંભળી તું તેમની ઈચ્છા માતાની જેમ પૂરી કરે છે. તું સાચો મિત્ર છે. તું નાશવંતને રાખતો નથી. ભક્તને અવિનાશી પદ આપી જન્મમરણના ચક્રમાંથી બચાવે છે અને ક્ષણમાં આત્મધન આપે છે. આ પ્રમાણે તું યોગીરાજ હોઈ વેદ, પુરાણને પણ વંદ્ય છે. હે સદ્‌ગુણ સંપન્ન ગુરુ દત્ત, તારો મહિમા કોઈ જ જાણતું નથી. આ અનંતસુત અનન્યભાવથી તારા

ચરણે નતમસ્તક થયો છે. તેની પ્રાર્થના છે કે શ્રોતાઓ સજ્જન અને સત્પાત્ર છે. અનસૂયા દ્વારા પૂછાએલા પવિત્ર પ્રશ્નોની પ્રતીક્ષા કરે છે. તેના પર રસપૂર્વક વિવેચન કરો. રત્નોની રાશી જેવા અનસૂયાના આ પ્રશ્નો છે. તે પ્રશ્નરૂપી રત્નો પોતાના હસ્તે ભક્તોને આપો. તમારી કૃપા વિના વિવેચનમાં રસમધુરતા આવશે નહીં. વક્તાની આ પ્રાર્થના સાંભળી અને બધાનો ઉત્સાહ જોઈ અવિનાશ દત્તને અત્યાનંદ થયો. તેમણે ત્વરિત વિવેચન કરવાનો પ્રારંભ કર્યો. તેમણે કહ્યું: વિવેચન અસ્ખલિત ચાલશે. શ્રોતાઓએ સાવધાન થઈ શ્રવણ કરવું.

૨૯. સમાધિ:- સર્વ ગુણોથી પરિપૂર્ણ, યશકીર્તિયુક્ત, અત્યંત પરાક્રમી, શાંત, દાંત, વિવેકી, માનપ્રતિષ્ઠાસંપન્ન, ભાગ્યવાન, તપસ્વી, આ રીતે સર્વથા શ્રેષ્ઠ હોવા છતાં જરીકે અભિમાન રહિત, શાંતિ અને વિરક્તિ ધારણ કરનાર મનુષ્ય સમાધિસ્થ સમજવો. તે લોભ અને અહંકારનો ત્યાગ કરી અંત:કરણની મોહ-મમતા દૂર કરી ક્રોધ, દ્વેષ છોડી સર્વ સાથે સમાન રીતે વર્તે છે તે સર્વ ગુણ, જ્ઞાન અને લક્ષણનો સાર શોધે છે. તે જ પ્રમાણે સર્વ ગુહ્ય, બીજ અને તેજનો પણ સાર શોધે છે. જે પ્રમાણે સ્ત્રીઓ ઘઉંમાંથી સોજી બનાવે છે અથવા શેરડીના ઉકળતા રસ સાથે મનુષ્ય સાવધાનતા રાખે છે અને પોતાની કાળજી રાખે છે તે જ પ્રમાણે વિરક્ત મનુષ્ય વિષયભોગો પ્રતિ ઉદાસ રહીને પોતાને સર્વનો દાસ કહેવડાવે છે. મકરંદની શોધમાં ભ્રમર ભ્રમણ કરતો હોય છે તે જ પ્રમાણે ભક્ત અવિનાશ પદને શોધતો રહે છે.

ભક્ત ભૂખ, તરસ એટલું જ નહિ પોતાની જાતને પણ ભૂલી જાય છે. તત્ત્વમસ્યાદિ લક્ષણો, મહાવાક્યોનું વિવરણ, સાર-અસારની શોધમાં પોતે પૂર્ણત: ખૂંપેલો હોય છે. તે વૈરાગ્ય અનુતાપથી વિરક્ત સર્વ વિષયો પ્રતિ તટસ્થ, અંતર્નિષ્ઠ એવો તે પોતાને ભક્ત ન કહેવડાવતાં બધાની સેવા કરે છે. પોતે જ્ઞાની છે તેમ જગતને બતાડતો

ફરતો નથી, પોતાની મોટાઈ ઢાંકી રાખે છે, સર્વ વિરુદ્ધ પરિબળોને સહન કરે છે અને તેના પર દોષારોપણ થાય તો પણ મનને કલુષિત થવા દેતો નથી. આપ-પર ભેદ ન માનતાં આત્માનાત્મ વિચારમાં મગ્ન રહી સર્વત્ર પરમેશ્વરને જોવાનો તેનો પ્રયાસ હોય છે. નિરપેક્ષ રીતે નિર્વિકલ્પ અને ઉદાસ રહી પૃથ્વી પર સ્વૈરસંચાર કરવો અને ફક્ત બ્રહ્મ તરફ દૃષ્ટિ રાખવાની તેની રીત હોય છે. નિજાત્મ તત્ત્વ સિવાય ઇતર પદાર્થોને તે માટી સમાન માને છે.

આદર-સન્માનને સ્પર્શ પણ ન કરતાં વિકૃતિ-શત્રુને નિયંત્રણમાં રાખી હંમેશાં આત્મક્રીડામાં તે મસ્ત હોય છે. ઇતર કાર્યો કરતાં તેનું ચિત્ત સ્વસ્વરૂપથી બિલકુલ ખસતું નથી. સાત ચક્રોનું ભેદન કરી આઠમા ચક્રમાં ઉન્મન અવસ્થામાં તે રત હોય છે. સાક્ષીરૂપે જગતમાં તે વિચરણ કરતો હોય છે. તે કર્મ-અકર્મની પેલે પાર તદ્રૂપ થઈ આનંદમાં ડોલતો હોય છે. તે સુખ-દુઃખ, લાભ-હાનિને સમાન માની હંમેશાં આનંદ સંપન્ન હોય છે. હંમેશાં ઉન્મન અવસ્થામાં હોવાથી જગતને તે ભ્રાંત લાગે છે. આસન, મુદ્રા, ગોમુખી, જપ, આ પ્રકારની ક્રિયામાં રત નથી હોતો. કાર્ય અનુસાર કારણરૂપ ધારણા કરી કામ કરે છે બાકી સર્વ સમયે તેનું વર્તન એટલે સમાધિ. જે જગત (ની આસક્તિ)થી નિરાળો રહે છે તે જ ઐહિક અને પારલૌકિક સાધે છે.

સાક્ષીભાવથી રહેનારો સર્વથી પવિત્ર હોય છે. જે આત્મતત્ત્વમાં રમમાણ છે તે જ સાચો મુક્ત. તેના સંગથી પતિત અને અધમ પણ પાવન થાય છે. હે માતા, તેવા મહાપુરુષો ખરેખર ધન્ય છે. દેવ, ઋષિ તેમને પગે લાગે છે. તે સંપૂર્ણ અને સર્વવ્યાપી હોય છે. તેનું વર્ણન હજુ કેટલું અને કેવી રીતે કરું? તેવા મહાપુરુષને પરમહંસ જાણવો. તેના દર્શનમાત્રથી પાશ તૂટે છે અને ભવનાશ થાય છે. જેનું ચિત્ત સ્વસ્વરૂપમાં નિમગ્ન છે તે દેહી હોવા છતાં વિદેહી હોય છે. જે હંમેશાં

અદ્વય, આનંદભરિત હોય છે તેને જ અવધૂત જાણવો, બ્રહ્મ જાણવો. તેનાથી શ્રેષ્ઠ બીજો કોઈ નથી. 'સ સર્વવિત્ સર્વ' આ અપૂર્વ તખલ્લુસ તેમને જ શોભે છે. તેના દર્શનથી અનંત પર્વકાળનું પુણ્ય અને દેવો સાથે સ્વર્ગનિવાસ મળે છે. તમે સજજનોને મેં આ સમાધિ લક્ષણ કહ્યાં. આવું સાધન જેણે કર્યું તે જ પૂર્ણપદને પામે છે. હે માતા, તું મારી ઈચ્છા પૂરી કર.

માતા અનસૂયાએ કહ્યું: આવું સાધન કરવા અનંત જન્મોનું તપાચરણ જોઈએ. તે પુણ્યથી આત્મધન પ્રાપ્ત થશે. આ એક જ જન્મમાં પ્રાપ્ત થતું નથી એવું મને લાગે છે. માતાનું વચન સાંભળી શ્રીદત્ત ગદ્ગદિત થયા અને પછી સ્મિતવક્ત્ર થઈ બોલ્યા: હે માતા, તું કહે છે તે સાચું છે. આ જ હેતુ માટે છેલ્લો મનુષ્યજન્મ આપ્યો છે. પાપ નષ્ટ થઈ ફક્ત પુણ્ય બાકી રહે છે ત્યારે જ નરદેહ પ્રાપ્ત થાય છે. આ જ દેહમાં સર્વ જાણવાની પાત્રતા છે. બીજી બધી યોનિમાં નરદેહ પ્રમાણે જ માયા મોહ, વિષયાદિ સુખ, લોભ, મમતા, દ્વેષ, ગૃહ, સ્ત્રી આપ્ત અનેક વિકાર, ભય, શોક સર્વ છે. પરંતુ પરમાર્થ જાણવાની પાત્રતા (યોગ્યતા) આ અલભ્ય નરદેહમાં જ છે. સર્વ લાભમાં નરદેહ લાભ દુર્લભ. તેમાં વળી દુર્લભ આત્મજ્ઞાનનો લાભ.

આત્મજ્ઞાની નર એટલે શ્રીપ્રભુનો પ્રિય સખા. જાણે કે જડતરવાળો અલંકાર! નરદેહ પ્રાપ્ત કર્યા પછી ઉપાસના કરી તદ્રૂપ થવું એ અપૂર્વ. તેવો પુરુષ વેદ પુરાણોને પણ વંદ્ય. તેની માતા ધન્ય છે, તેના પિતા ધન્ય છે. કુળગોત્ર પણ ધન્ય છે. તેના લીધે આ સર્વ ધન્ય છે. જે ભૂમિ પર રહે છે તે ભૂમંડળ પણ ધન્ય. તેનો નિવાસ પરબ્રહ્મમાં નિશ્ચિત હોય છે. હે માતા, તેની ધન્યતાને કેમ કરી વર્ણન કરું? અંતઃકરણ પ્રેમથી ઉભરાઈ આવે છે. આથી તમને બોધ કરું છું. તેને મનમાં દૃઢતાથી ધારણ કરી લોભ, મોહમાયાનો ત્યાગ કરવો.

શ્રીમત્ સદ્ગુરુ અત્રિનાથને શરણે જા. તેમની કૃપાથી જ અખંડ સમાધિ પ્રાપ્ત થશે. તે કૃપાનો લાભ થતાં આનંદના અંકૂર ફૂટશે અને તું જ સ્વયંભૂ, સર્વારંભ થઈશ. ત્યારે તું-હું આ ભેદને ભૂલી જઈશ. બ્રહ્મરસમાં લીન થઈશ. સર્વાત્મક સ્વતંત્ર થઈશ. તું પિતા, માતા, પુત્ર, સ્વકુળ ગોત્ર, બધું જ ભૂલી જઈશ. મહર્ષિ અત્રિએ અત્રતા આપી કે તું સ્વતંત્ર થઈશ. અત્રિ, અવધૂત અને અનસૂયા આ ત્રણેનો પ્રથમ અક્ષર 'અ' છે. અત્યારે હવે સંદેહ કે માયાનો શિકાર થઈશ નહીં. અવિનાશી પદ પ્રાપ્ત કર.

૩૦. બ્રાહ્મણઃ- "બ્રહ્મવિત્ બ્રાહ્મણઃ"*. બ્રહ્મને જે જાણે છે તે જ સાચો બ્રાહ્મણ. મૂળ બ્રહ્મ નિરાકાર હોઈ સ્વેચ્છાથી સાકાર થયું. તે બ્રહ્મને 'બ્રહ્માસ્મિ' એવું સ્ફૂરણ થયું. તે ચૈતન્યમય થયું. ઈચ્છાશક્તિથી પ્રગટ થએલું તત્ત્વ તે જ મહામાયા. આ મહામાયાની વિકૃતિ બે પ્રકારે થઈ. એક પુરુષ અને બીજી પ્રકૃતિ. મહાતત્ત્વ માયા ૐકારમાંથી ઉદ્ભવ પામી તેનો ત્રણ માત્રામાં અને ત્રિગુણયુક્ત વિસ્તાર થયો. ત્રણ શક્તિઓ સાથેના ત્રણ દેવ, ત્રિગુણ, અહંકાર પેદા થયો. શુદ્ધ નિખિલ બ્રહ્મ પૂર્ણતઃ અલગ રહી તેની માયા જ આ સર્વ રમત રમે છે. તેણે જ આ ત્રણ બાળકો નિર્માણ કર્યાં અને અલગ અલગ કામ સોંપ્યાં. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર આ છે ત્રિદેવ. ત્રણેય મારફત સૃષ્ટિનો સર્વ વ્યવહાર ચલાવવામાં આવ્યો છે.

બ્રહ્મદેવની ઉદ્ભવશક્તિ (સર્જનશક્તિ), વિષ્ણુની પાલનશક્તિ અને રુદ્રની સંહારશક્તિ આ પ્રમાણે યોજના કરવામાં આવી. બ્રહ્મ દ્વારા બ્રહ્મદેવ અને તેના દ્વારા સૃષ્ટિનું સર્જન થયું. સ્થાવર જંગમ, કાષ્ઠ-પાષાણ આદિ અનેક પ્રકારના જીવન નિર્માણ થયા. બ્રહ્મા દ્વારા

* જન્મના જાયતે શૂદ્રો સંસ્કારાત્ દ્વિજ ઉચ્યતે ।
વેદપાઠી ભવેદ્ વિપ્રો બ્રહ્મ જાનાતિ બ્રાહ્મણઃ ॥

બ્રાહ્મણ, તેના દ્વારા નિર્માણ થનાર આ જીવ. સર્વ જીવોના જીવનરૂપ તે જ વ્યાપીને પણ શેષ રહ્યો છે. આથી મને સર્વત્ર બ્રહ્મત્વ દેખાય છે. ચરાચરમાં તે જ વ્યાપી રહ્યો છે. તેના થકી જ ચાર વર્ણ નિર્માણ થયા. ત્યાંથી વેદમર્યાદા શરૂ થઈ. (દરેક વર્ણે શું કરવું, શું ન કરવું ઇત્યાદિ) આ વિશે પહેલા વિવેચન કર્યું છે પરંતુ તેને ફરી અહીં યાદ કરી લઈએ.

વૃક્ષના ટોચના પાંદડામાં પોષણ છેક મૂળમાંથી જ પહોંચે છે. એક વ્યક્તિએ વૃક્ષ વિશે પ્રશ્ન કર્યો. બીજાએ નિરીક્ષણ કરી અચૂક જવાબ આપ્યો. બીજાએ ડાળી, પાંદડાં, ફળ, ફૂલ, મૂળ બતાવ્યાં. તેને પણ એક જ જવાબ મળ્યો. એક જ ઝાડનું મૂળ, ડાળી, પાંદડાં અને ફળો એમ જુદાં જુદાં કેમ ભાસે છે અને કેમ જુદાં જુદાં નામથી ઓળખાય છે? આવી શંકા પણ થઈ શકે. શંકા શા માટે? પરંતુ માયા, મોહ, ભ્રમ ખૂબ જ મોટા પ્રમાણમાં હોય છે. તેમાં વળી વેદોએ ફરી અધિકાર સ્થાપન કર્યા છે. તેના પર કર્મનો આચાર લાદ્યો. તેથી ઘોર અભિમાન પેદા થયું. આચરવાનાં કર્મો ભિન્ન ભિન્ન નક્કી થયાં. તેમાં સ્વમતના અભિમાનથી (મારો જ મત શ્રેષ્ઠ છે તેમ માનતા) દ્વેષ નિર્માણ થઈ લોભ મોહને લીધે કલહ, સ્પર્ધામાં વધારો થયો.

વિદ્યા, ધન, વિષય આ મદ છે. તે ન સમજતા લોકો આંધળા થઈ વાદ-વિવાદ કરી કલહ કરવા લાગ્યા. મૂળ વસ્તુને બાજુ પર મૂકી સ્વાર્થનું જતન કર્યું. જન્મકર્મ ભોગવતાં થાક્યા પરંતુ નરકવાસ માટે કંટાળ્યા નહીં. ઉપદેશ કર્યો તો પણ માન્યા નહીં. આવા લોકો કડવાને મધુર કહે છે અને મધુરને કડવું કહી થૂંકી નાંખે છે. સત્યનો અનાદર કરી અસત્યનો સ્વીકાર કરે છે અને જન્મમરણના ચક્રમાં ફસાય છે. આ જન્મમાં આવીને આવા જન્મમરણના ચક્રમાંથી છૂટવું જોઈએ અને પરાત્પર સખા સાથે સંબંધ જોડવો જોઈએ. લોકો તેમ ન કરતાં માનવજન્મને વેડફી નાંખે છે. આવા મૂર્ખાઓને હું શી શિખામણ આપું?

સતી અનસૂયાએ પ્રશ્ન કર્યોઃ હે યોગીન્દ્ર, તારા બોધનો સાર કહે. વેદોએ મર્યાદા બાંધી, પૃથક્ કર્મ નક્કી કર્યાં. તે જો આચરવામાં ન આવે તો મોટો દોષ કહેલો છે. સ્વકર્માચરણ શ્રેષ્ઠ છે એમ વેદોએ સ્પષ્ટ કહ્યું છે. તે અનુસાર આચરણ ન કરીએ તો ભ્રષ્ટ કહે છે. નાના માણસો પણ દૂષણ આપે છે. વર્ણજાતિનું પાલન ન કરીએ તો પ્રજા વર્ણશંકર થાય છે. આ પણ દોષપૂર્ણ જ છે. તો પછી સ્વહિત કેમ થશે? માતાનું કથન સાંભળી શ્રીદત્તે હાસ્ય કર્યું અને કહ્યુંઃ હે માતા, તારા મનમાં જે હેતુ રાખી તું બોલી રહી છે તેને હું જાણું છું. સ્વહિત કરવા માટે વેદઆજ્ઞાનું પાલન કરવું પડે છે અને તે દ્વારા પણ કેટલીક વાર ધર્મસંકટ ઊભું થાય છે. એવી તને કલ્પના થાય છે તે ખરી. હવે સાંભળઃ

વેદોએ વર્ણન્યાતિની સ્થાપના કરી. માણસના પાછળ કર્મધર્મની સ્થાપના કરી. તેમનું પાલન કરવું, તેમનું ઉલ્લંઘન કરવું જોઈએ નહીં. તેમને દોષ પણ ન આપવો અને પ્રપંચને પણ આંખ આડા કાન ન કરવા. લૌકિકનું રક્ષણ કરી સ્વહિત સાધવું. સદ્‌ગુરુને શરણે જવું, તેમના ચરણોનું સેવન કરવું, કાયા, વાચા, મન, ધન, પ્રાણ તેને અર્પણ કરવાં. તેણે કરેલા બોધનું મનન કરવું અને તે પ્રમાણે આચરણ કરવું. સદ્‌ગુરુ દ્વારા આત્મધન પ્રાપ્ત થતાં જ તત્ત્વદર્શન થશે. તે તત્ત્વ સર્વમાં વ્યાપેલું છે. આ દૃષ્ટિ પ્રદાન કરનાર જ આબ્રહ્મ-સ્તંભપર્યંત વ્યાપેલું છે. તે દેહમાં છે તેવો અનુભવ થતાં બધા જ ભૂતો (પ્રાણીમાત્ર)ને તેના સ્વરૂપે જોવા. પછી ચિંતા નષ્ટ થઈ નિર્વિકલ્પતા પ્રાપ્ત થાય છે. પછી જે પણ કાર્ય આચરાય તે બ્રહ્મરૂપ જ છે. તેવી પરિસ્થિતિમાં પ્રપંચ રહેતો નથી, સર્વ પરમાર્થ સ્વરૂપ જ થઈ જાય છે.

અહીં વર્ણજાતિ તોડવી પડતી નથી. પ્રપંચનો ત્યાગ કરવો પડતો નથી પરંતુ સર્વ બ્રહ્મરૂપ છે તેમ અનુભવી મનમાં અદ્વૈત થઈ રહેવું

પડે છે. સ્વસ્વરૂપમાં જો સાવધાન રહીએ તો વિરુદ્ધ શા માટે થઈએ? અંતરદૃષ્ટિ જો ખૂલી ગઈ તો તે કોઈ પણ રીતે બાધક નહીં હોય. હવે આ જ યોગનું આચરણ કર. તેનાથી સર્વ રોગનું નિવારણ થશે. નિઃસંગ થઈ બ્રહ્માનંદમાં નિમગ્ન રહે, ધ્યાનપૂર્વક યોગારૂઢ થઈ વિષયપદાર્થોને વિષ સમાન સમજ. ધીરજ રાખ. જો, પાણી ઉપર કીડાઓ આનંદથી રમે છે, ઉછળે છે, પરંતુ તેઓ પાણીમાં ડૂબતા નથી. કમળ પાણીમાં હોય છે. વરસાદનું પાણી તેના પરથી વહે છે પરંતુ તે ભીંજાતું નથી. આ પ્રમાણે આપણે પણ અસક્ત રહેવું.

પ્રવાહ અનુસાર કર્મ કરતા રહેવું. હું કર્તા છું તેવો ભ્રમ છોડી દેવો. સાક્ષીભાવથી રહી સર્વત્ર બ્રહ્મને જોવા. આદિ, મધ્ય અને અંત બધે જ બ્રહ્મ વ્યાપી રહ્યો છે. સદ્‌ગુરુકૃપાથી તેને ઓળખવું અને આપણે તે જ સ્વરૂપને પ્રાપ્ત કરવું. સર્વ કલ્પનાનો ત્યાગ કરી, વિકલ્પ ન આણતાં વાસનાનો ત્યાગ કર. વિકાર, કામનાનો ત્યાગ કરી ભટકવું છોડી સ્થિર થા. તું મનને અમન કર. ચિત્તમાં ચૈતન્યનો પ્રવેશ કરાવ. બ્રહ્મ તરફ ગતિ કરી આત્મઅનુભૂતિની પ્રતિચી લે. હે માતા, ત્રીસ પ્રશ્નોના જવાબ મેં કહ્યા છે. વધારાના દસ પ્રશ્નોના જવાબ આગળ કહું છું.

આ પ્રમાણે શ્રીદત્ત ભગવાને માતાને નિમિત્ત કરી જગતને બોધ કર્યો છે. તેનું શ્રવણ કરી પોતાનું હિત સાધી લેવું. અનંતરૂપો લઈ અવિનાશ અવધૂત મુમુક્ષુને નિજબોધ કરે છે. તેનો અંગીકાર કરી નિજાત્મધન મેળવી પરમાર્થ ઐશ્વર્યસંપન્ન થવું. દત્ત માઉલી (મા) કૃપાળુ હોઈ તેને બાળકો પ્રતિ વાત્સલ્યભાવ છે. ભક્તોનો ભાવ જોઈ તેમની ઈચ્છા પૂરી કરે છે. શ્રોતાઓને અનંતસુતની વિનંતી છે કે આ સમર્થ દત્ત સદ્‌ગુરુ સજ્જનોમાં રાચે છે અને અનેક લીલાઓ કરે છે. સંત, શ્રોતા, સાધુ, યોગી અને સિદ્ધ, અવધૂતના રંગમાં

રંગાયા છે. તેથી તેઓ તેની કૃપાથી નિર્ભય અને નિઃસંગી થઈ જગતમાં આનંદથી ફરે છે. દત્તકૃપાની કળા પ્રાપ્ત થવાથી આનંદમાં તરબોળ થાય છે. તેમના હૃદયમાં અખંડ પ્રેમની જ્યોત જલે છે. તમે સંત દયાસાગર છો. તમારું અંતઃકરણ કોમળ છે. તમારા ભાગ્યનો પાર નથી. તમે દીનોના ઉદ્ધારક છો. આ કીર્તિ સાંભળી હું તમારા બારણે યાચના કરવા આવ્યો છું. મારા મનોરથો પૂર્ણ કરો.

॥ ઈતિ એકત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૩૨

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીસદ્‌ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

હે દત્તાત્રેય, તને મારા નમસ્કાર. મારા પર કૃપા કર. મારું અજ્ઞાન દૂર કરી ત્રિવિધ તાપનું નિવારણ કર. મારા જેવા દીનનો સ્વીકાર કરી મને સંતોને હવાલે કર. આ ગ્રંથરચનામાં સહાય કર. હું તારું અજ્ઞાની બાળક છું. તારા વિના મને કોનો આધાર છે? મને ઉદાસ ન કરીશ. તું દીનજનોનું હિત જાણે છે. મારા મનના મનોરથ પૂર્ણ કરનાર છે, આત્મબોધ કરી તું જગતનો ઉદ્ધાર કરે છે. અનસૂયાના ત્રીસ પ્રશ્નોના તેં ઉત્તર આપ્યા. હવે દસ પ્રશ્નો બાકી છે. તે શ્રવણ કરવા શ્રોતાઓ ઉત્સુક છે. હે અવિનાશ, મારી વાણીને વિવેચન માટે સક્ષમ કરી કથામૃત રસપૂર્ણ થવા દે. આ શ્રોતા સજ્જનોને સંતુષ્ટ કર. આવું નમ્ર ભાષણ સાંભળી અવધૂત પ્રસન્ન થઈ અનસૂયા માતાને કહેવા લાગ્યાઃ

૩૧. આસનઃ- સાધકોને માટે શુદ્ધ ભૂમિ એ ઉત્તમ આસન છે. બીજું આસન તૃણનું (ઘાસનું, પાંદડાંનું). દર્ભાસન તેના કરતાં પણ સારું. યોગી લોકોને મૃગનું આસન કે વ્યાઘ્રાસન શોભે. પ્રાપંચિક લોકોને લાકડાનું કે વસ્ત્રનું આસન ઉપયોગી છે. ગ્રંથ, વેદ અને રાજાને સિંહાસન, પક્ષીઓને માટે વૃક્ષાસન. બધા માટે કામળાનું આસન (ઊનનું) ઉપયોગી છે. જુદા જુદા લોકો માટે જુદાં જુદાં આસનો પ્રયોજાયાં છે. શારીરિક આસનો જુદા છે. તે ચોર્યાસી છે. યોગીઓ તેમાં જ રમે છે. આટલાં બધાં આસનો હોવા છતાં એક આસન વગર તે નિરર્થક છે. તે આસનથી અવશ્ય લાભ થાય છે. તે છે મનનું આસન. જો મન એક જ આસન ઉપર સ્થિર ન હોય તો બીજાં આસનો ક્યાંથી ફાયદો કરાવે?

નપુંસક વ્યક્તિને શૂરવીરનાં ભૂષણો આપી શો લાભ? પુરુષને સ્ત્રીનો વેશ પહેરાવ્યો, તેણે અનેક હાવભાવ કરી લોકોને મોહ પમાડ્યા તો કાર્યને સફળતા મળશે? તેવા પ્રયત્નો વ્યર્થ નથી? તે જ પ્રમાણે ઉપરછલ્લાં આસનો આકર્ષિત હોય તો પણ તેનાથી કાર્યલાભ થશે નહીં. આથી વૈરાગ્ય અનુતાપ નિર્માણ થયો કે મનને દૃઢ આસન આપવું. તદ્ઉપરાંત આહાર વિહારમાં પણ મનોનિગ્રહ જોઈએ. એક વખત મનનો દૃઢ નિશ્ચય થયો કે તેને ચંચળ ન થવા દેવું અને રોજનો નિયમ દૃઢતાથી વળગીએ એટલો ફાયદો થાય છે. મન એક સ્થળે ચોંટી રહે એટલે ઉપર વર્ણવેલા બાહ્ય આસનો શોભે. પ્રથમ મનને સ્થિર કરવું. વિવેકથી તેને તાબામાં લેવું અને પછી દૃઢાસન કરવું. મન એક સ્થળે સ્થિર ન થાય તો કોઈ જ ઉપયોગ નથી. ગમે તેટલી જહેમત ઉઠાવીએ તો પણ વ્યર્થ જ.

૩૨. મુદ્રાઃ- યોગીઓ મુદ્રાઓ ધારણ કરે છે. મુદ્રાઓ દસ છે. હે માતા, તેનું વિવેચન પૂર્વે કરેલું છે. દેહને શણગારવા અલંકારમુદ્રા,

રાજયવહીવટમાં રાજમુદ્રા, કાર્ય આચરવા માટે નિશાનીમુદ્રા, તિલક લગાવવા આડી, ઊભી, અર્ધચંદ્રાકાર જેવી અનેક મુદ્રાઓ છે. આમ, અનેક પ્રકારની મુદ્રાઓ છે. પરંતુ મુખ્ય મુદ્રા આનાથી નિરાળી છે. તે અંતરંગમાં જોવી જોઈએ. તે મુદ્રા અત્યંત સતેજ હોઈ બધા જ પ્રકારની મુદ્રાને તેનું જ તેજ મળે છે. તે સવોત્પત્તિનું બીજ છે. સદ્‌ગુરુકૃપાથી તે ગુપ્ત મુદ્રા ધારણ કરી લેવી. પછી તે સર્વત્ર દેખાશે. તેમાં જ લીન થઈ અવિનાશ પદ મેળવવું.

૩૩. ધ્યાનઃ- એકાદ સ્થળે મન કેન્દ્રિત થાય, મન તેમાં સંલગ્ન થાય અને બીજી બાબતોમાંથી મન પરાવૃત્ત થાય એટલે જ ધ્યાન. હે માતા, આ અનુભવ પ્રાણીમાત્રને છે. તું શ્રવણ માટે આતુર છે તે પણ એક ધ્યાન જ છે. કોઈને વિષયોનું ધ્યાન હોય છે. કામી લોકોને કામિનીનું ધ્યાન હોય છે; તે એટલું તીવ્ર હોય છે કે તે માટે લાજ લજજા, ભીતિ, ધન, શરીર અને પ્રાણ પણ વેચે છે. કોઈનું ચિત્ત ધનમાં એટલું વ્યગ્ર હોય છે કે તે કોઈની પાસે પણ લાચાર થાય છે. પાઈ પાઈ ભેગી કરી પરંતુ તેમાં ગ્રાહ્ય-અગ્રાહ્યનો વિચાર ન કર્યો. કોકનું ચિત્ત સ્ત્રીમાં એટલું આસક્ત હોય છે કે મોહમમતાને લીધે તે ભ્રમિત થાય છે. બીજું બધું જ વિસરી રાતદિવસ તેમાં જ રાચે છે.

કેટલાક લોકો વિવિધ બાબતોમાં ખટપટો કરી તેમાં જ મનને રંગે છે. કોઈ દેવની, કોઈ યક્ષિણીની સાધનામાં રત હોય છે. કોઈ વળી સિદ્ધિની શોધમાં દોડતા રહે છે. કોઈ યજ્ઞયાગ, યોગ, ધ્યાનમાં પ્રયત્નશીલ રહે છે. આવા પ્રકારના અનેક ધ્યાનના પ્રકારો છે. પરંતુ તે વિષયો સંબંધિત છે. તે કોઈ ઉપયોગનું નથી. તે ફક્ત વૈતરું જ છે. તેના લીધે ભવબંધન તૂટતું જ નથી પરંતુ બંધન વધારે દૃઢ થાય છે. જે ધ્યાનથી આ સંસાર સૂકાય છે, ભ્રમ ભાંગી જાય છે, માયા સૂકાય છે તે સુંદર ધ્યાન જુદુ જ છે.

જે ધ્યાનથી વૃત્તિ શુદ્ધ થાય છે, જન્મમરણ ચૂકે છે, નિવૃત્તિનો લાભ થાય છે તે ધ્યાન નિરાળું જ છે. જે ધ્યાનથી અજ્ઞાન તૂટે છે, જ્ઞાન મળે છે, મનુષ્ય પાવન થાય છે એવું ધ્યાન જુદું જ. તે ધ્યાન કયું છે તે કથન કરું છું. સહુ પ્રથમ સત્‌શ્રવણમાં મનને પરોવવું, તે શ્રવણના અર્થમાં ધ્યાનને મગ્ન કરવું, ભક્તિભાવથી સદ્‌ગુરુને શરણે જઈ તેમની સેવામાં મન નિમગ્ન કરવું. તેમની આજ્ઞા શિરસાવંદ્ય કરી તેમની સલાહ અનુસાર યોગને સાધવો. પોતાના અંતઃકરણમાં જે ધ્યાન દૃઢ થયું છે તેને જ પ્રાણ કરતાં પણ પ્રિય માનવું. મનને લાગેલો તેનો રંગ એટલે જ ધ્યાન. તેવું ધ્યાન અમને મધુર લાગે છે. સ્વસ્વરૂપમાં મન મગ્ન થવું, બીજું કશું ન ગમવું, સર્વ તદ્રૂપ થવું તેને જ ધ્યાન કહે છે. તે ધ્યાનની સાધના કર.

૩૪. જપઃ- જપ વિશે મેં ષટ્‌ચક્રના ભેદના વિવેચન સમયે કહ્યું છે. સર્વ હિતાર્થ ફરી તેનું વિવેચન કરું છું. આ પૃથ્વી પર સાડા ત્રણ કરોડ મંત્રો છે. સ્વર્ગ અને પાતાળમાં પણ તે મંત્રો જ ભરેલા છે. ચાર વેદોમાં પણ બધા મળી સાડા ત્રણ કરોડ મંત્રો છે. તે મંત્રના અનુષ્ઠાનથી ઘણા બધા દેવતાઓ પ્રસન્ન થાય છે અને ઈચ્છિત વસ્તુ આપે છે. ભૂલ થાય તો કોપ કરે છે. તેમનો ક્રોધ મોટો હોય છે. તેઓ ભ્રમ નિર્માણ કરે છે અથવા બળતરા ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે અનેક પ્રકારની વિડંબના થાય છે. કેટલાક દેવો સુલભ પણ હોય છે. ઈચ્છેલું ફળ પણ આપે છે પરંતુ સંસારસાગર પાર કરાવી શકતા નથી અથવા સ્વસ્વરૂપસ્થિતિ પ્રાપ્ત કરાવી શકતા નથી. તેઓ ઈશપ્રાપ્તિ કરાવી શકતા નથી અને મુક્તિ પણ અપાવી શકતા નથી. તેઓ યશ, કીર્તિ, આયુષ્ય, સંપત્તિ, ભાગ્ય, સ્ત્રી, ધન, રાજય અથવા અથાક બળ આપી શકે છે. તદ્‌ઉપરાંત વિદ્યા, કલા, દિવ્ય રૂપ, સ્વર્ગની સંપત્તિ ઇત્યાદિ આપીને ભકતને સંતુષ્ટ કરે છે. દાસ-દાસી, વૈભવ, આપ્ત

પરિવાર ઇત્યાદિ આપીને રંકનો રાવ પણ બનાવી શકે છે. આટલું જ નહીં, પરંતુ દેવોનું પદ પણ આપશે. દેવતાઓની ગુપ્ત પ્રગટ થવાની શક્તિ, આકાશગમન, પરદેહયાત્રા, રિદ્ધિ-સિદ્ધિની પ્રાપ્તિ અને ઇચ્છેલું બધું આપશે.

દેવતાઓ અનેક વસ્તુઓ આપી સંપન્ન બનાવી શકે છે પરંતુ જન્મમરણની શ્રૃંખલાને તોડી શકતા નથી, બ્રહ્મદૃષ્ટિ ન આવે તો તેવો કષ્ટપ્રદ જપ શા કામનો? અનેક પ્રકારના જપ તપ અનુષ્ઠાન બંધનને કારણભૂત થાય છે. આથી જન્મદાતા બ્રહ્માએ જીવને તારકમંત્રનો ઉપદેશ કર્યો. ગર્ભમાં બે અક્ષરી મંત્રનો જપ (સોહં) ઉચ્ચાર્યો જેની રાતદિવસની સંખ્યા એકવીસ હજાર છસો થાય છે. તે જપ અસ્ખલિત અખંડ ચાલતો રહે છે. સર્વ જપનું તે બીજ છે. સભાનતાથી કરેલો તે જપ આત્મસાક્ષાત્કાર કરાવે છે. તે મંત્રમાં નિષ્ઠા રાખીએ એટલે દેવતાઓ પ્રત્યક્ષ ધ્યાનમાં આવે છે. તદ્રૂપ થઈ પૂર્ણ ઐક્ય થાય છે. તેના માટે જ વિશ્વંભર ગર્ભનરકમાં જીવનું રક્ષણ કરે છે. પછી તે બંધનમાંથી મુક્ત કરાવે છે.

ઉપર પ્રમાણેનો અનુભવ સર્વને હોવા છતાં જીવ તેવો જ ધ્યાનમગ્ન રહે તો સંકટમાં કેમ પડત? પરંતુ પ્રસૂતિ થતાં જ સૂતિકાવાયુનો સ્પર્શ થતાં માયા મોહ તેને વળગી પડે છે. આથી જીવ બોધને ભૂલી ગયો અને વાયુના સ્પર્શથી તેને ભ્રમ થયો. જીવ ગર્ભમાં રહીને જે "સોઽહં" બોલતો હતો તે ભૂલીને "કોઽહં" બોલવા લાગ્યો. તેવી પરિસ્થિતિમાં જીવ પોતાની સ્વરૂપસ્થિતિ પૂર્ણતઃ ભૂલે તે માટે માયાએ તેના પર આવરણ ઢાંક્યું. માયા પોતે પ્રગટ થઈ જીવ પર આવરણ નાખી નાદ શબ્દથી ભ્રમિત કરી. ક્યારેક સ્વરૂપની યાદ આવતાં અને દૃષ્ટિ સમક્ષ ન દેખાતાં જન્મેલું બાળક રડવા લાગે છે. ત્યારે નજીકના સગાઓ જેમ કે માતા ચપટી વગાડી શબ્દો બોલી પોતાનું મુખ બાળક નજીક

લઈ જાય છે. ત્યારે બાળક ક્ષણભર હસે છે પરંતુ તેની ઓળખાણ ન હોવાથી ફરી તે રડવા લાગે છે. તે સમયે માતા પોતાનું સ્તન બાળકના મુખમાં આપે છે. આ રીતે માતા બાળકની સ્વસ્વરૂપની વિસ્મૃતિ માટે કારણરૂપ બને છે. તે સ્વરૂપની સાક્ષી માટે શ્રોતાઓને કહું છુંઃ

બાળક મોટેથી રડવા લાગ્યું એટલે ઉતાવળે તેને ઊંચકી લે છે. દીવાનો પ્રકાશ જોઈ તેને આનંદ થાય છે અને તેને સ્પર્શ કરવા પ્રયત્ન કરે છે. બાળકને લાગે છે કે મારું ખોવાયેલું આત્મધન (સ્વરૂપસ્થિતિ) આ જ છે. આથી તે તેનો સ્પર્શ કરવા પ્રયત્ન કરે છે. દીવા સાથે વાતો કરવા લાગે છે. તેની સાથે વિવિધ હાવભાવ કરે છે તેની સ્ત્રીઓને શી ખબર? સ્ત્રીઓ બાળકની રમત જોઈ આનંદ અનુભવે છે અને તેના મુખનું ચુંબન લે છે. તમે શ્રોતાઓ વિચક્ષણ છો આથી આ વિવેચન કર્યું. મહિને મહિને તે સ્ત્રીઓ બાળકને વિસ્મૃતિ કરાવે છે. મોહમાં પાડી રમાડવા લાગે છે. માયા બંધાવી આસક્ત કરે છે.

બાળપણ રમવામાં વ્યર્થ ગયું, યુવાનીમાં તારું-મારું કર્યું, વિષયોમાં ગર્ક થયો. સ્વહિતકર્મને ભૂલ્યો. તેના પર વિષયની ધાડ પડે છે. પ્રપંચનું આકર્ષણ વધ્યું અને લોભને વશ થઈ પાઈ પાઈ મેળવવા માટે ખટપટ કરવા લાગ્યો. પ્રપંચમાં મોહ પામી પોતાના હિતનું તેને કશું ચાદ ના આવ્યું અને કોશેટા જેવા પોતે જ કરેલા ઘરમાં ગૂંગળાઈને જન્મમૃત્યુના ફેરામાં ફસાઈ ગયો. વિષયભોગ ભોગવતાં વાસના અધિક પ્રબળ બની. તેથી ગમે તેવું આચરણ કરી અભિમાની થઈ કોઈને પણ ગાંઠતો નથી. આ પ્રમાણે યુવાની પસાર થઈ ગઈ. તે પછી વૃદ્ધાવસ્થા આવી. મારું-મારું કરતા ઉંમર વધતી જ ચાલી પરંતુ જીવ કદી સાવધ ન થયો. પૂર્ણ વૃદ્ધાવસ્થા આવી. ગાત્રો થરથર કંપવા લાગ્યા. છતાં પુત્રોને કહે છેઃ પુત્રો, સંસારને સારી રીતે ચલાવો.

સંસારમાં ક્યાંક ન્યૂન દેખાયું તો તેનો જીવ આકુળવ્યાકુળ થાય છે અને કહેવા લાગે છેઃ મારામાં શક્તિ હોત તો મેં સરસ સંસાર કર્યો હોત. આ પ્રમાણે પ્રપંચમાં ચિત્ત ચોંટ્યું, સ્વહિતને ભૂલી ગયો. આસક્તિ રાખતાં સ્વહિતથી વંચિત રહ્યો. આવી બધી ભાંજગડો કરતાં કરતાં દેહત્યાગ કર્યો અને યમલોકમાં મહેમાન તરીકે દાખલ થયો. અહીં કરેલા કર્મની ચૂકવણી માટે અનેક યાતનાઓ ભોગવવી પડી. તેમાંથી મુક્તિ અપાવનાર કોઈ ન હતું. ગમે તેટલી કાકલૂદીભરી વિનંતી કરીએ તો પણ તેમાં કોઈ ફરક ન પડ્યો. જેનું જેવું કર્મ તેવું ફળ ભોગવવું જ પડે છે. ત્યાંની યાતના ભોગવ્યા પછી ફરી ૮૪ લાખ યોનિમાં ફરી જોતરાવું પડે છે. ઇતર યોનિમાં (મનુષ્ય સિવાય) જીવ શિશ્નોદર રત હોવાથી બધાનું જ વિસ્મરણ (હિતકારી) જન્મમૃત્યુનું વળગણ પાછળ પડી સુખનું સ્વપ્ન પરંતુ પ્રત્યક્ષમાં દુઃખ શરૂ થયું. જીવનું દુઃખ જોઈ વિશ્વેશ્વર વિશ્વપાલકને દયા આવી. તેને થયું કે આને નરદેહ મુક્તિ માટે આપ્યો છે તેની પામરને ખબર જ નથી. વિષયમાં ભટકીને આ તકની ખબર પડી નથી.

માયાનો સ્વભાવ જ એવો છે કે તે જીવને ચેન પડવા દેતી નથી અને વિષયોમાં ગૂંચવી તેની પ્રગતિ થંભાવી દે છે. માયા પ્રબળ છે અને જીવ અશક્ત ક્ષુદ્ર! માયા જીવને મોહપાશમાં બાંધી વાનરવેડા કરાવે છે. માયાએ મૂળમંત્ર (સોઽહં)ને ભૂલાવી મારામાં અને જીવમાં વિભાજન કર્યું. હવે આ જીવને સાવધ કરી તેને મારી ઓળખાણ કરાવીશ. આવો પ્રયત્ન મારા સિવાય બીજો કોણ કરશે? જીવની માયા, મોહ, અજ્ઞાનને દૂર કરીશ અને અધ્યાત્મનો બોધ કરીશ. મારા રૂપમાં તેનો લય કરાવીશ. આ વિચારથી પરમાનંદ આનંદકંદ પરમાત્માએ પોતે હંસરૂપ ધારણ કર્યું. બ્રહ્મદેવ ઉપર કૃપા કરી તેને ઉપદેશ કર્યો. આનંદ સંપ્રદાય સ્થાપ્યો અને શ્રેષ્ઠ ગુરુપદનું નિર્માણ કર્યું.

આ ગુરુપદનું માહાત્મ્ય સર્વથી નિરાળું છે. પરમાત્માએ સાડા ત્રણ સંપ્રદાય સ્થાપી જગતનો ઉદ્ધાર શરૂ કર્યો. સદ્‌ગુરુ જીવને તારનાર છે. તે જ્ઞાનબોધ કરી જગતને જાગ્રત કરે છે. મનમાં અનુતાપ કરાવી સ્વહિત કરવા સૂચવે છે. તે સાંભળી મુમુક્ષુ લોક તેના શરણે જાય છે. તે પછી સદ્‌ગુરુ તેમને તેજસ્વી બીજમંત્રનો ઉપદેશ કરે છે. સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તન રાખવું, મંત્રનો ન્યાસપૂર્વક જપ કરવો. બીજમંત્રોનું પુરશ્ચરણ કરી ગુરુમુખમાંથી જ્ઞાન શ્રવણ કરવું. સદ્‌ગુરુએ અધ્યાત્મજ્ઞાનની સમજણ આપી એટલે મનમાં પ્રકાશ પડશે. મિથ્યા માયાની સમજણ પડશે અને સ્વહિતની જાણ થશે. સદ્‌ગુરુ કૃપા કરશે, ખોવાયેલો આત્મધનનો ખજાનો બતાડશે જેથી મન ઉન્મન થશે અને હું, મારું, તું, તારું એવો ભેદ મટશે.

સદ્‌ગુરુમંત્રનો એવો પ્રભાવ છે કે મૂળ મંત્ર આપોઆપ પ્રગટ થશે અને જ્ઞાનદીપનો પ્રકાશ ઝળહળ કરી ફેલાશે અને આત્મમાં સ્વરૂપ દેખાશે. આમ કરતા સંસારની ભીતિ કલ્પાંતે પણ રહેશે નહીં. આત્મામાં આત્મનિવૃત્તિ થયા પછી અવિનાશપદ હાથમાં આવશે. તેમ થાય એટલે તદ્રૂપ થવાશે અને જન્મમરણની વાત ન રહેતાં સુખ જ સુખ રહેશે. તે સુખનું વર્ણન થઈ શકતું નથી. તે પછી જીવ જન્મમરણના દુષ્ચક્રમાંથી બહાર થાય છે. જે જપમાં આવું સામર્થ્ય હોય છે તેનો જપ હું કરું છું. માતા આનું ધ્યાન રાખ.

૩૫ થી ૩૮. ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, ચાંડાળઃ- હે માતા, દરેક વર્ણનાં કયાં લક્ષણો છે તે જાણવાની તારી ઈચ્છા છે તે લક્ષણો સાંભળ. સર્વ વર્ણમાં શ્રેષ્ઠ વર્ણ બ્રાહ્મણ છે. પરંતુ જેવું રહનસહન અને આચરણ હશે તે જ વર્ણ જાણવો. જન્મથી બ્રાહ્મણ રહીને શું ફાયદો? વર્ણ શ્રેષ્ઠ છે આથી આચરણ ન જોતાં બ્રાહ્મણને નમસ્કાર કરવા યોગ્ય નથી. હા, ઈશ્વરરૂપ સમજીને નમસ્કાર કરી શકાય. કોઈની પણ નિંદા ન કરવી. ક્ષત્રિયે ક્ષત્રિયને ઓળખવો અને ક્ષત્રિયકર્મ ન

જોતાં ફક્ત ક્ષત્રિયવર્ણ જ જોઈએ તો તે અયોગ્ય છે. આ જ રીતે વૈશ્ય, શૂદ્ર, ચાંડાળને તેમનાં આચરણ પરથી ઓળખવા.

પરધર્માચરણ કરનાર અધમ છે. બ્રહ્મનિષ્ઠ છે તે સર્વોત્તમ. ઇતર બધા ભ્રામક છે. જો વર્ણે ચાંડાળ હોય પરંતુ આત્મવિચારમાં જો સાવધ હોય તો તે શ્રેષ્ઠ વર્ણનો જાણવો. જેણે ભક્તિજ્ઞાન અને વૈરાગ્ય મેળવ્યાં છે, આત્માનાત્મ વિચારમાં જે રમે છે, પરબ્રહ્મમાં જે લીન છે તે અમને પ્રિય છે, જેની પ્રીતિ આત્મસ્વરૂપમાં મગ્ન થઈ છે તેની જ્ઞાતિ ગમે તે હોય તેને શ્રીવિષ્ણુ આત્મીય ગણે છે. તે ત્રિભુવનમાં ધન્ય છે. વર્ણવ્યવહાર અધિકાર અનુરૂપ વેદ પ્રમાણે આચરવો. સામાન્ય રીતે જગતના રીત-રિવાજનું આચરણ કરવું. પરબ્રહ્મનું જ્ઞાન થાય તો પણ બીજાઓ સાથે આત્મીયતાથી વાત કરવી.

જગત માટે વર્ણવ્યવહારનું આચરણ ચુસ્તપણે પાળવું. વર્ણની ઓળખ તને સમજાવી છે તે પ્રમાણે વિવેક વિચારથી દરેક વાતને તોલજે અને અનુભવ પોતાની પાસે રાખજે. બીજી વાત કહું છું તેને ધ્યાનથી સાંભળ. આ દેહમાં ચાંડાળ સાથે ચારેય વર્ણ સમાએલા છે. પુરુષસૂક્તમાં પુરુષનું વર્ણન તે દૃષ્ટિથી કરેલું છે તેને જાણી લેવું. સર્વ જ્ઞાતિઓ સારી છે પરંતુ ચાંડાળ એ અનામિક માતંગ વર્ણ છે. આ વિચાર બ્રાહ્મણે જાણ્યો. પછી તે બાબતે વિચારમંથન કરી નિર્ણય કર્યો કે પવિત્ર કાર્યોમાં તેમની હાજરી ન હોવી જોઈએ. પરંતુ તેઓને હાંકી કાઢી ના શકાય આથી યુક્તિ કરી બ્રહ્મકર્મમાં અનામિકાને (ring finger) પવિત્ર (દર્ભની વીંટી) પહેરાવવાની યોજના કરી.

જિજ્ઞાસુઓએ શ્રાદ્ધમંત્ર જોવો. વાસ્તવમાં વર્ણમાં સર્વ વર્ણોની ગણતરી કરેલી છે. જીવોને વર્ણની પેલે પાર તત્ત્વ આપ્યું અને નવી વસ્તુ સમજાવી. બ્રહ્મત્વ સર્વમાં વ્યાપી રહેલું છે પરંતુ સર્વથી પર,

પેલે પાર પણ નિરાળું છે. તે સર્વનું અધિષ્ઠાન અને કર્તા કરાવનાર પણ છે. બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ. ઇતર બધા નામમાત્રનાં.

૩૯. જાગૃતિઃ- સ્વાત્મહિત વિચાર, હંમેશાં આધ્યાત્મસાર જોવું, દેખાતું દૃશ્ય, મહાવાક્યાદિનો વિચાર, તેનો નિરંતર અનુભવ લેવો, આ જાગૃતિ. દૃશ્ય પદાર્થ વિચારમાં ન લેતા અદૃશ્યમાં રમવું, મોહ માયા લોભ વિષય, દ્વૈતાદ્વૈતને સ્પર્શ ન કરવો, માન-અપમાન તરફ ધ્યાન ન આપવું, શરીરમાં વિકૃતિ, વિકારને સ્થાન ન આપવું, હંમેશાં નિરભિમાની રહેવું, સ્વસ્વરૂપમાં સ્થિર રહેવું તે જાગૃતિ. આ જાગૃતિની નિદ્રા એટલે ઉન્મની અવસ્થા. આ જાગૃતિનાં સુખ-દુઃખ, લાભ-હાનિ કયાં તે સાંભળ. બ્રહ્મમાં નિમગ્નતા એટલે સુખ અને તેની વિસ્મૃતિ એટલે દુઃખ. સ્વરૂપસાક્ષાત્કાર આ લાભ અને વિકૃતિવિકારનો ઉદ્‌ભવ એટલે હાનિ. તેવો ઉદ્‌ભવ થાય એટલે ચિત્તને શાંત કરવું તે જાગૃતિ.

૪૦. નિદ્રાઃ- સર્વ જન માયામોહથી વ્યાપેલા છે. જે સ્વહિતને જાણતો નથી, પરમાર્થને જાણતો નથી, સ્વકર્મ અને ધર્મમાર્ગનું આચરણ કરતો નથી, તે નિદ્રાસાગરમાં ડૂબેલો જાણવો.

સત્કર્મમાં મન નથી, લોભ, વિષયમાં ભ્રમ પામ્યો છે. પોતે કોણ છે તે ભૂલી ગયો છે, તેને નિદ્રાધીન જાણવો. હંમેશાં મારું-મારું કરે છે અને કેટલીય વાર બળજબરીથી બીજાનું પણ છીનવી લે છે, માયાપાશ તોડી નાંખવા જોઈએ એવું જેને લાગતું નથી તેને નિદ્રાગ્રસ્ત જાણવો. લોભમોહમાં લપેટાયો તેનું ક્ષણે ક્ષણે આયુષ્ય ઓછું થાય છે તેની જેને જાણ નથી તેને ગાઢ નિદ્રાથી ગ્રસ્ત છે તેમ જાણવું. ધન, સ્ત્રી, પ્રપંચ અને વિત્તમાં જે પૂર્ણતઃ ખરડાએલો છે, આ બધા પરિબળો અનર્થકારી છે તેવી જેને જાણ નથી તે નિદ્રાગ્રસ્ત છે.

"આ બધા મારા છે. હું તેમનો પોષણકર્તા છું, હું કર્તા છું એવું માનનાર નિંદ્રાગ્રસ્ત છે. હું ડાહ્યો, પંડિત, વિચક્ષણ, મારા જેવો કોઈ નથી, હું જ મોટો" એવું મૂર્ખતાથી માનનાર નિંદ્રાગ્રસ્ત છે તે અવશ્ય જાણવો. સર્વ વિદ્યા અને વેદ શીખી જગતને ઉપદેશ કરનાર પરંતુ પોતે ઉપદેશ વિરુદ્ધ આચરણ કરી વાદ-વિવાદ જગાવનાર એ આંધળો અને નિંદ્રાગ્રસ્ત જાણવો. સત્યમાર્ગ, સત્યાચરણ, સદ્‌વૃત્તિ અને સત્યભાષણનો ત્યાગ કરી જે ખોટું બોલે છે અને વર્તન કરે છે તેને નિદ્રાવશ જાણવો. આ નિદ્રાનું વર્ણન ઘણું વિસ્તારથી કરી શકાય. તેનાથી ઘણા લોકો ક્રોધે પણ ભરાશે. પરંતુ આ વર્ણન અસત્ય નથી. માયામોહ એટલે ઘોર અંધકાર. પ્રપંચમાં વિષય અને લોભથી લોકો જર્જર થયા છે. તેના થકી જીવ ઘેલા થઈ સ્વહિતને ભૂલી ગયા. ભ્રમિત થઈ પોતાના હાથથી પોતાનું નુકસાન કર્યું. આ નિદ્રાથી થતું દુઃખ-સુખ કે લાભ-હાનિ જણાવું છું.

વિષય વિલાસ, સુદૃઢ શરીર, ઉત્તમ પદાર્થોનું ભોજન અને વસ્ત્રાલંકારનો ઉપભોગ આ સુખ છે. રોગપીડા, ઘાત, અપમાન, અલૌકિક પરંતુ અહિતકારી પ્રેમભંગ આ દુઃખ છે. ધન, કાંતા, યશ, કીર્તિ, ઈચ્છિત વસ્તુ, વિપુલ લક્ષ્મી, રાજ્યસંપત્તિ, સંતતિવૃદ્ધિ આ લાભ છે. વસ્તુ ખોવાઈ જવી, દંડ મળવો, મારવું, જોતજોતાં હાથનું ભાગ્ય જતું રહેવું આ હાનિ છે. જીવને કદી પણ લાગતું નથી કે હું આચરું છું તે કર્મ ખોટું છે. વિષયભોગમાં મોટું દુઃખ છે અને હું સ્વહિતને ભૂલી ગયો, દુર્લભ નરદેહ પ્રાપ્ત થયો છતાં સ્વહિતને ન જાણીને તક વ્યર્થ ગઈ, આવો પશ્ચાત્તાપ થતો નથી. આવા સત્યપણાને શું કરવું? પ્રપંચમાં લાતો ખાય છે, સ્ત્રી નચાવે તેમ નાચે છે પરંતુ સ્વહિત શામાં છે તેની દરકાર જ કરી નથી. એટલે આને ગાઢ નિદ્રા સમજવી.

અવિનાશ દત્તે અનસૂયા માતાને કહ્યું: હે માતા, તારા ચાલીસ પ્રશ્નોના ઉત્તરો મેં આપ્યા છે. તેનું મનન કરી સ્વહિત માટે જાગ્રત થા. આ નરદેહ વારંવાર બિલકુલ પ્રાપ્ત થતો નથી. પ્રારબ્ધથી જો તે પ્રાપ્ત થયો તો પણ કાળ બિલકુલ દયા દાખવતો નથી અને દિવસની ગણતરી કરે છે. જ્યાં સુધી આ દેહ કાળને આધીન થયો નથી અને ઇંદ્રિયો કાર્યક્ષમ છે ત્યાં સુધી સાધના કરવી અને બંધનમાં પડવું નહીં. જીવને મુક્તિ જોઈતી હશે તો સદ્‌ગુરુની સેવા કરવી અને શાશ્વત લાભ મેળવી સ્વાનંદને અનુભવવો જોઈએ. સદ્‌ગુરુ એ સાક્ષાત્ દૈવત છે તેના અંતર્ગત બીજા બધા હોય છે. તેના કરતાં બીજું કોઈ સમર્થ નથી.

જે દેવોનો દેવ છે, અનંત બ્રહ્માંડનો સ્વામી છે, સર્વાત્મક છે તે પણ ગુરુ અંકિત છે. શાસ્ત્રોનું શ્રવણ કર્યું, અનેક યોગનું સાધન કર્યું, સિદ્ધ દેવતાઓને પ્રસન્ન કર્યા તો પણ તે પાવન થતો નથી. સમર્થ દયાઘન સદ્‌ગુરુ જ તેને પાવન કરે છે. શિષ્યને જ્ઞાનબોધ કરી ભાગ્યસંપન્ન કરે છે. આજ સુધી મેં તને ઘણો બોધ કર્યો પરંતુ તને તેનો અનુભવ થયો નથી આથી મને મનમાં લાગી આવે છે. હું તને એક સચોટ ઉપાય બતાવું છું. મારા પિતા અત્રિમહર્ષિ સદ્‌ગુરુ છે. તે સમર્થને શરણે તું જા. તેઓ કૃપા કરી ઉપદેશ કરશે એટલે જ્ઞાન તારા હાથમાં આવશે. તેમની કૃપાથી જ આ જ્ઞાનનો માર્ગ તને કહ્યો છે. તેમની કૃપા થશે એટલે તને જ્ઞાન થશે. અનસૂયા માતાએ કહ્યું: મને તે સદ્‌ગુરુ બતાવ.

અગામી અધ્યાયમાં અમૃતથી પણ મધુર વિવેચન છે. તેનું શ્રવણ કરીને મુમુક્ષુનું મન પ્રસન્ન થશે. અવધૂત એ આનંદની મૂર્તિ છે. તે જીવને વિશ્રાંતિ આપી બોધ દ્વારા જન્મમરણમાંથી મુક્તિ અપાવે છે અને અમૂલ્ય આત્મધન અપાવે છે. શ્રીદત્ત એ દયાળુ, શાંત હોઈ

મુમુક્ષુના મનોરથો પૂર્ણ કરાવવા અવતર્યો છે. તે મોક્ષદાતા હોઈ હંમેશાં સંતવૃંદમાં આનંદથી ડોલતો હોય છે. આથી હું અનંતસુત સંતોના ચરણે ભક્તિભાવથી વિનંતી કરું છું કે તમારા દ્વારે આવેલા મને-યાચકને કૃપાદાન આપી સંતુષ્ટ કરો.

॥ ઈતિ દ્વાત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય -૩૩

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીસદ્‌ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

સદ્‌ગુરુ અનંત, તારો જયજયકાર. તું અખિલ, અભંગ, માયાતીત, ગુણાતીત અને સર્વસાક્ષી છે. તને મારાં નમન. તારા કોમળ ચરણે મારું મસ્તક મૂકું છું. આમ કરવાથી શરીરને ત્રાસ આપનાર (કામાદિ) શત્રુઓ શાંત થાય છે. તારા ચરણનું તીર્થ કલિ મળનો નાશ કરનાર છે અને બધી રીતે સુખદાયક છે. તે તીર્થનું મને પ્રાશન કરાવ. તું આનંદઘન અને મનથી ઉદાર છે. તું અજ્ઞાનનું અંધારું દૂર કરી તાપનું નિવારણ કર. તું પ્રબોધન કરી મને જ્ઞાનસંપન્ન કર. તું ભવભય દૂર કરી અભય વર આપ. હે માઉલી (માતા), પરમ અમૃતની વાટકી ખૂબ જ હેતથી મોઢે લગાવ. તું શરણાગતને પાવન કરે છે એ માહાત્મ્ય સાંભળી આ પુત્ર તારે અનન્યશરણ આવ્યો છે. હું મતિમંદ, હીન, પામર હોઈ મારો અધિકાર ન હોવા છતાં તેં મારો અંગીકાર કર્યો. તું બીજાને મોટાઈ

આપે છે. બાળકના હૃદયની મનોકામના જાણી નિર્મળ સેવા આપે છે. તું દીનોનો પક્ષપાતી, જીવોનું કલ્યાણ કરનાર, ભવભયને દૂર કરનાર, પ્રબોધ કરી અજ્ઞાનને દૂર કરનાર છે. તું જગતને પાવન કરે છે. આ પ્રકારની કૃપા કરવા તું અનંતગુરુ અવધૂતરૂપે અવતારલીલા બતાવવા સિદ્ધ થયો.

ત્રિગુણાત્મક અવતાર ધારણ કરી સ્વેચ્છાથી તું જગતમાં સંચાર કરે છે અને અનંત રૂપો ધારણ કરી જડ જીવોનો ઉદ્ધાર કરે છે. અદ્વય, અવિનાશ, અચલ, જિતેંદ્રિય, યોગનિર્મળ, સ્વતઃસિદ્ધ, કોમળ હૃદયવાળો અને દયાળુ થઈ ભાવિકોને આત્મજ્ઞાનનો બોધ કરી જગતનો ઉદ્ધાર કરે છે. આ તારો મહિમા છે. તે કૃપાળુ જગત્-ગુરુએ મારું અંતઃકરણ ઓળખ્યું અને બોધ કરી ગ્રંથ લખવા પ્રવૃત્ત કર્યો. હાથમાં લેખિની લેતાં જ મારા મનમાં ભાવાર્થ સૂચવે છે. હું તે જ કાગળ પર ટપકાવું છું. જેનું કાર્ય તે જ જાણે. અહીં કામ પૂર્ણ છે કે અપૂર્ણ છે તેની મને જાણ નથી. સંભાળી લેનાર દત્ત છે. તેમની કૃપાથી હું અસ્ખલિત પ્રવાહની જેમ લખી રહ્યો છું. શ્રોતાઓ જ્ઞાની અને સૂજ્ઞ છે. તેમની જાગૃતિને લીધે રસવૃદ્ધિ થાય છે અને ગ્રંથ સફળતાને વરે છે. તમારા જેવા સમર્થ શ્રોતાઓના ચરણે વિનંતી કરું છું કે આજ સુધી તમે તમારા કાન શ્રવણ કરવા સજજ રાખ્યા અને મારા જેવા દીનને પણ સંભાળ્યો, તે જ રીતે ભવિષ્યમાં પણ સંભાળશો અને શ્રવણ માટે સાદર થશો. મારા જેવા અજ્ઞાનીનાં વચનો સાંભળવાં અને અનાથનો અંગીકાર કરવો.

ગત અધ્યાયમાં અવધૂતે અનસૂયાને બોધ કર્યો. તે સાંભળી અનસૂયા માતા ગદ્‌ગદ્ થઈ અને કહેવા લાગીઃ મને ગુરુનાથ બતાવ. તેં કહ્યું તે મેં શ્રવણ કર્યું ખરું. વિચાર કરતાં બધું જ માયામય મિથ્યા છે એમ તેં બોધ કર્યો પરંતુ સાવધાન થતાં મને ફાવતું નથી.

તેનું કારણ શું તે મને બતાવ. અવિનાશ બોલ્યાઃ માતા, તને પાંચ ભૂતોએ ઝડપી છે. આથી તને ભ્રમ થયો છે. તેમાં વળી અષ્ટ વિકૃતિ અને છ વિકારે ભ્રમિષ્ટ કરી છે. તદ્ઉપરાંત અત્યંત લોભ અને મોહ તને ગમે તેમ નચાવે છે. તને માયા વળગી છે તે કલ્પાંતે પણ તને છોડવાની નથી અને અંતે તે તારી ફજેતી કરશે. તેના સંગથી દુઃખ ભોગવવું પડશે. દુઃખના સાગરમાં અને નરકના પીપડામાં ડૂબતી તને છોડાવનાર કોઈ નહીં હોય. યમ ભગવાનનો ત્યાં પહેરો હોય છે. આપ્ત, સ્વજન, પુત્ર, મિત્ર કોઈ પણ કામ આવતું નથી. શિક્ષા એકલાએ જ ભોગવવી પડે છે. પરલોકમાં આપણે એકલાએ જ જવાનું છે.

અહીંના આપ્તજનો સુખમાં સાથ આપે છે. દુઃખ માત્ર જેનું તેને ભોગવવું પડે છે. અહીંનો પ્રેમ અહીં જ રહેશે. આગળના પંથે એકલાએ જ પ્રયાણ કરવાનું છે. સગાંસંબંધીનો કોઈ ઉપયોગ નથી. પુત્ર હોય કે પતિ, શબનું દહન થતાં જ પાછા ફરે છે. પ્રાણી યમલોક પહોંચ્યો કે તેને બીજું શરીર આપવામાં આવે છે અને અનેક પ્રકારની પીડા આપવામાં આવે છે. તે સમયે યમદૂતોને દયા આવતી નથી. શરીરને પીડા આપે છે. આવું ભયપ્રદ સાંભળી અનસૂયાનું મન આર્દ્ર થયું. મન ઉદાસ થયું અને આંખોમાંથી અશ્રુઓની ધાર શરૂ થઈ. શરીર થરથર કંપવા લાગ્યું. જીવ ભયભીત થયો. અંતઃકરણમાં સંસારનો ભય અને ધાક લાગવા માંડી. તેનું શરીર અનુતાપથી તપ્ત થયું. પ્રપંચ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થયો. રોમાંચ ખડા થયા. તેણે કહ્યુંઃ મને હવે કોણ છોડાવશે?

યમરાજ પાશથી બાંધીને લઈ જશે અને ભયંકર વ્યથા આપશે. હે બાળ અવધૂત, હવે હું શું કરું? તે ઉપર અવિનાશે જવાબ આપ્યોઃ ગુરુનાથને શરણે જવાથી ભયનિવારણ થશે. ત્યારે અનસૂયા જાણે ભય પાછળ પડ્યો છે તેમ માની ઝડપથી ઊઠીને દત્તના ગળે આલિંગન

આપ્યું અને કહ્યુંઃ મને ભયત્રાતા બતાવ. તેના ચરણે મસ્તક મૂકી સ્વહિત માટે પ્રાર્થના કરીશ. ચાલ, ત્વરા કર. મને એક પળ એક યુગ પ્રમાણે લાગે છે. મને સદ્‌ગુરુના ચરણે લઈ જા અને અંતરનો તાપ દૂર કર. અનસૂયામાં પૂર્ણ મુમુક્ષુત્વ પ્રગટ્યું છે તેમ શ્રીદત્ત જાણી ગયા. તેમણે કહ્યુંઃ ચાલ અત્યારે જ સદ્‌ગુરુ સાથે મિલન કરાવું. ઉત્સાહ, ત્વરા, પૂર્ણ પ્રેમનું ઝરણું, પ્રખર અનુતાપ, આ બધું જ એકઠું થએલું જોઈ શ્રીદત્તને સંતોષ થયો.

શ્રીદત્તને થયુંઃ આ જ સર્વશ્રેષ્ઠ મુહૂર્ત અને દિવસ છે. આથી તે અનસૂયાને લઈને અત્રિઋષિ પાસે આવ્યા. મુનિને આસન પર બેઠેલા જોઈ તેમણે નમસ્કાર કર્યા. અનસૂયાએ પણ તેમનાં ચરણો પર મસ્તક મૂક્યું. તેનાં નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. તેની કાયા રોમાંચિત થઈ. તેના મુખ વાટે શબ્દ નીકળતો ન હતો. અનસૂયાના આ પ્રકારના અષ્ટ સાત્ત્વિક ભાવો જાગ્રત થએલા જોઈ અત્રિમુનિને આશ્ચર્ય થયું. તેમનું અંતઃકરણ પીગળ્યું. સર્વજ્ઞ મુનિશ્રેષ્ઠ દયાઘન સ્વામી અત્રિ તેનું અંતઃકરણ જાણી બોલ્યાઃ હે સૌભાગ્યસરિતા, કલ્યાણી, પદ્મનયના, ચતુર શુભાંગી, ગજગામિની, ગુણવર્ધિની, સુપુત્રકા, પ્રાણપ્રિયા, તું કયા દુઃખથી શોકાકુળ થઈ છે? તને શાનો ભય લાગે છે? ઊભી થા, વિગતવાર મને કહે, હું તારું દુઃખ દૂર કરીશ.

અનસૂયા ભય (ભવભય)થી શોકગ્રસ્ત થઈ હોવાથી કાંઈ બોલી શકી નહીં. મુનિશ્રેષ્ઠે તેના ચહેરા પરથી હાથ ફેરવી ઉઠાડી. અત્રિઋષિએ એક કૃપાદૃષ્ટિ તેના પર નાંખી તેને અભય આપતાં કહ્યુંઃ જરાકે ડર રાખીશ નહીં. એમ કહી તેના મસ્તક પર હાથ મૂકી શાંત કરી અને પૂછ્યુંઃ હે સુકોમલાંગી, સંકોચ ન ધરતાં જે હોય તે સ્પષ્ટ કથન કર. અત્રિમુનિની અભયવાણી સાંભળી અનસૂયા હાથ જોડી બોલીઃ હે મોક્ષ આપનાર, મને પાવન કરો. હે સ્વામી, અનાથનાથ,

સદ્‌ગુરુ, કૃપાળુ, સમર્થ, તું ત્રિવિધ તાપને દૂર કરનાર છે. દીનજનોનું તું કલ્યાણ કરનાર છે. તારો જયજયકાર. હે દયાળુ, ઉદાર, સર્વજ્ઞ, તારી પ્રજ્ઞા સર્વશ્રેષ્ઠ છે. હે અચળ, અભંગ, ગુણી, હું તારા ચરણે શરણે આવી છું. તારો જયજયકાર હજો.

હે સદ્‌ગુરુ, પરાત્પર, દાતાર, હું પતિત અને અનાથ છું. મારો અંગીકાર કરી મારો ભવભય દૂર કરો. તમારા ચરણમાં મને શરણ આપો. હું અત્યંત દીન, પાપી, દુર્બુદ્ધિ, મલિન હોઈ ત્રિવિધ તાપથી દાઝેલી છું. હું માયાના ખાબોચિયામાં ડૂબેલી છું. વિકૃતિ વિકારે મને ઘેરી લીધી છે. લોભ, આશાથી હું ત્રસ્ત છું. વિષય સર્પે મને દંશ આપ્યો છે. આ બધાં કારણોથી હું હતબળ થઈ છું. આ બધા પરિબળોને લીધે હું નરકમાં જઈશ તેમ લાગે છે. યમનો દારુણ પાશ મને બાંધીને કઠોર દંડ આપશે. કરેલાં કર્મનાં ફળો ભોગવવા બાધ્ય કરશે, રૌરવ નરકમાં નાંખશે, બધા જ પ્રકારનો ત્રાસ આપી જન્મમરણના કેદખાનામાં નાંખી લાખો યોનિઓમાં ફેરવશે. ત્યાં મને કોઈ પણ છોડાવશે નહીં. આથી હે ગુરુનાથ, તમારા ચરણે મેં મસ્તક મૂક્યું છે. તમારા સિવાય મને કોઈ પણ બચાવનાર નથી. હું સર્વભાવથી તમારા શરણે આવી છું. હવે મારા ગુણદોષ ન જોતાં મારો અંગીકાર કરો અને પાવન કરો.

તમે જો મારો અંગીકાર ન કરો તો બીજું કોણ કરશે? હું ચિંતાસાગરમાં ડૂબેલી હોઈ સત્વર દોડી મારો હાથ પકડી મને બહાર કાઢો. આપ કહેશો કે મિત્રવર્ગ, સગાંસંબંધી તારું રક્ષણ કરશે. તું વ્યર્થ શોક કેમ કરે છે? હે દયાઘન, મારા મિત્રો, આપ્ત મારું રક્ષણ કરશે એવું જે આપ કહે છો તે વિશે મારું શું મંતવ્ય છે તે સાંભળો. તે મંતવ્ય મને યોગ્ય લાગ્યું નથી. તેમના થકી મને મુક્તિ મળવાની નથી. તેઓ પોતાના હિત પૂરતું જ જોશે. તેમના દ્વારા ભવવ્યથા દૂર થવાની નથી. તેઓ ફક્ત સુખ પૂરતા સાથી છે. તું જ એકલો ભવભય દૂર કરનાર,

અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર, માયામોહનો નાશ કરનાર છે. પતિતોને પાવન કરનાર તું જ છે. તું કોમળહૃદયધારી હોવાથી હું તારા ચરણે શરણ આવી છું. તું મારો સ્વીકાર કર.

અનસૂયાનું કહેવું સાંભળી અત્રિમુનિએ શ્રીદત્ત તરફ જોયું. શ્રી અવધૂતે હાથ જોડી કહ્યું: હે સ્વામી ગુરુવર્ય, પ્રકાશરૂપ, જ્ઞાનસૂર્ય, કૃપા કરી માતા અનસૂયાનો ઉદ્ધાર કરો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થ સિદ્ધ કરવા તમે અધિકારસંપન્ન સદ્‌ગુરુ છો. મનમાં દ્વૈત ન આણતાં શરણાગતનો ઉદ્ધાર કરવો. આ શરીર અનુતાપથી તપ્ત થયું છે. વૃત્તિ અનન્ય થઈ છે. બી વાવવા માટે ભૂમિ યોગ્ય છે અને યોગ્ય સમય આવ્યો છે. દયાવંતે ઉદાર થવું, કાન દ્વારા બી વાવવું, કૃપારૂપી અમૃતથી તેને તરબતર કરવું અને ખેતરનું રક્ષણ કરવું. આ ભૂમિ પાક માટે યોગ્ય છે અને પાક ભરપૂર આવશે. આથી વિલંબ ન કરતાં વાવણી કરવી. આપના આ સેવકે ખેતરને સાફસૂફ કરી પ્રબોધન દ્વારા ચોખ્ખું કર્યું છે. સ્વામીએ હવે દયા કરવી.

અવધૂતે ફરી વિનંતી કરી કે કાયા હવે કલાહીન થઈ છે તેને ઉપાય દ્વારા સુશોભિત કરવી. જન્મમરણના ભયથી બચાવી દિવ્ય રસાયણ આપી રોગનો નાશ કરવો અને અવિનાશપદ પ્રદાન કરી આત્મધન આપો. મનને ઉન્મન કરો અને ફરી પુનરાવૃત્તિ (જન્મમરણ) ન થાય તેટલી કૃપા કરો. મેં પ્રબોધન કરી ઉપરતિ કરાવી છે. મેં મારા અધિકાર અનુરૂપ કામ કર્યું છે. તમે મારા પર જે રીતે અનુગ્રહ કર્યો તે પ્રમાણે માતા ઉપર પણ અનુગ્રહ કરો. બંને માતા-પુત્રની વિનંતી સાંભળી અત્રિઋષિને આનંદ થયો. અત્રિઋષિએ કહ્યું: હે ત્રિગુણાત્મક, દીનસખા, તારી લીલા બ્રહ્મા અને શેષ દ્વારા પણ વર્ણવી શકાતી નથી. તું ઉદાર, દયાળુ, અચલ, અવિનાશ, શાશ્વત છે. વેદો પણ તારો પાર પામી શક્યા નથી. વર્ણન કરતાં થાકી જાય છે.

હે અવધૂત, તારું અંતઃકરણ અત્યંત કોમળ છે. જગતના ઉદ્ધાર માટે જ તેં જન્મ લીધો છે. તારામાં સર્વ પ્રકારનું સામર્થ્ય છે. તેમ છતાં તું અમને પૂજ્ય માને છે. તું ધન્ય છે. હવે તું કાર્ય માટે વ્યવસ્થાનો પ્રારંભ કર. શ્રીગુરુની આજ્ઞા શિરસાવંદ્ય કરી શ્રીદત્તે વ્યવસ્થાનો (દીક્ષાની તૈયારીનો) પ્રારંભ કર્યો. અષ્ટ સિદ્ધિઓ દત્તની દાસીઓ છે. તેમણે પ્રસંગ અનુસાર વસ્તુઓનું નિર્માણ કર્યું. દિવ્ય આસનો, રંગોળી, પંચામૃત, શુદ્ધ જળ, દિવ્ય પુષ્પો, પુષ્પમાળા, ચંદન, દિવ્ય ફળો, નાગરવેલનાં પાન, શ્રીફળ, અક્ષત, કપૂર, ઉત્તમ દીપ, શ્રેષ્ઠ અલંકાર, ઉત્તમ વસ્ત્રો, સાકર સહિતનું દૂધ, ઘીમાં તળેલા પદાર્થો, અનેક ખાવાની ચીજો, દક્ષિણા ઇત્યાદિને વ્યવસ્થિત ગોઠવી રાખી. અવધૂતે તે વ્યવસ્થા જોઈ સંતોષ વ્યક્ત કર્યો. તેમણે પુરોહિત અને સર્વ ઋષિઓને આમંત્રિત કર્યા. ચંદ્ર, દુર્વાસા અને સ્વયં પોતે ત્રણેય જણ સેવામાં ઊભા રહ્યા. બધા આમંત્રિતોને આસન પ્રદાન કરી પ્રાર્થના કરી અને નમસ્કાર કર્યા. ઋષિપત્નીઓએ અનસૂયાને મંગલસ્નાન કરાવ્યું અને શુભ્ર વસ્ત્ર આપી દિવ્ય આભૂષણોથી શણગાર્યા.

તૈયારી થયા પછી અવધૂતે માતાને વિનંતી કરી કે તેઓ ગુરુવર્યને નમસ્કાર કરી પ્રાર્થના કરે. અનસૂયાએ અત્યંત પ્રેમથી શ્રીગુરુચરણને વંદન કર્યા અને નેત્રોમાંથી અશ્રુઓ સાથે હાથ જોડી પ્રાર્થના શરૂ કરીઃ જયજય સદ્‌ગુરુ, પરાત્પર, જન્મોદ્ધારક સ્વામી, તું સર્વસાક્ષી, ચૈતન્યઘન, મારા હૃદયની કામના તું જાણે છે. હે પતિતપાવન હું દીન છું. મારો ઉદ્ધાર કરવા જરાકે વિલંબ ન કરીશ. હે કૃપાસાગર, તું દયાળુ, ઉદાર, દીનોનો મિત્ર છે. આ દાસીની પૂજા સ્વીકારી પામરને તાર. અનસૂયાનાં કરુણ વચનો સાંભળી ઋષિવર્યે તેનો અનુતાપ જાણ્યો. તેના પર કૃપા કરવા તેઓ આસન પરથી ઊઠ્યા. પુત્રોએ પાદુકા પગ નજીક મૂકી. પાદુકા પહેરી અત્રિઋષિ બાજઠ પાસે આવ્યા.

અનસૂયાએ ગુરુવર્યનું પાદક્ષાલન કર્યું. શરીરને અત્તર લગાવ્યું. બહાર વાજિંત્રોનો મંગલ ધ્વનિ સંભળાવા લાગ્યો. મુનિને ઉષ્ણોદકથી માર્જન કરાવી ગંગાજળથી અભિષેક કર્યો. તે સમયે વિપ્રોએ મંત્રઘોષ કર્યો. શુદ્ધોદકથી સ્નાન કરાવ્યા પછી ઉત્તરીય વસ્ત્રથી શરીર લૂછી પીતાંબર અર્પણ કર્યું અને પગમાં પહેરવા પાદુકા આપી. પીતાંબર ધારણ કરી મુનીશ્વર આસન પર બેઠા. બાર પ્રકારનાં તિલક કરી હાથ ધોયા. જળથી ભરેલાં પાત્ર અને ઉપપાત્રો જોઈ તેમણે આચમન કરી ઉપવસ્ત્રથી હાથ લૂછ્યા. ઋષિએ બંને વચ્ચે અષ્ટદળનો શ્રૃંગાર કર્યો. અવધૂતે સર્વ પૂજાસામગ્રી બતાવી. પૂજાસાહિત્ય આપવા માટે બંને બાજુ ચંદ્ર અને દુર્વાસા ઊભા હતા. અવિનાશ દત્ત સામે હાથ જોડી ઊભા હતા.

હવે સર્વને પ્રણામ કરો. તે પછી લજજા છોડી સદ્‌ગુરુને સત્યભાવથી નમન કરવા શ્રીદત્તે સૂચન કર્યા પછી માતાએ અત્રિઋષિને વંદન કર્યાં અને સદ્‌ગુરુનાં ચરણો તરફ એકીટશે વિનયથી નજર કરી. સદ્‌ગુરુ ક્યારે અંગીકાર કરશે તે વિચારથી વૃત્તિ તદાકાર થઈ. ત્યારે બ્રાહ્મણોએ કહ્યું: સત્વર આસન પર બેસો. સદ્‌ગુરુ અત્રિમહર્ષિએ અભય આપતાં કહ્યું: મનમાં કોઈ ચિંતા કરશો નહીં. સર્વ મનોકામના પૂર્ણ થશે. હવે આસન પર બેસ. અનસૂયા ગુરુ અને વિપ્રોને વંદન કરી આસનસ્થ થઈ. તરત જ વિપ્રોએ વેદઘોષ પ્રારંભ કર્યો. શ્રી ગજાનનનું સ્મરણ કરી શિવગૌરીનું ચિંતન શરૂ કર્યું. તે જ પ્રમાણે શ્રી નારાયણને વંદન કરી હૃદયસ્થ ચૈતન્યને નમન કર્યું. મંગલકાર્યના પ્રારંભ માટે લગ્નસમય, શુભકાળ, તારાબળ જોઈએ. કાળ શુભ થવા માટે રમાપતિ ગોપાળનું સ્મરણ કર્યું.

તે પછી ઈષ્ટદેવતા, કુળદેવતા, માતાપિતા, ગુરુ, બ્રાહ્મણ આ સર્વને નમન કરી કાર્યનો આરંભ કર્યો. કાર્ય માટે સંકલ્પનો ઉચ્ચાર

કરી અક્ષત ઉદક હાથ પરથી છોડ્યું. સકલ અરિષ્ટનો નાશ કરવા, કાર્યસફળતા માટે વિઘ્નેશ ગણપતિની પૂજા અને સ્તુતિ કરી. તે પછી સર્વ તીર્થોની પ્રાર્થના કરી કલશપૂજા અને ક્રમથી ઉપદેવતાઓની પૂજા કરવામાં આવી. પછી બંને હાથ જોડી અક્ષત લઈ ગુરુસ્તવન કરી આવાહન કર્યું. ગુરુને આસન આપ્યું. અષ્ટદળ ઉપર પાત્ર મૂક્યું. હાથમાં ગુરુના ચરણકમળ ઝાલી પ્રેમથી ગંગાજળથી પ્રક્ષાલન કર્યું. તે પછી પંચામૃતથી મંત્રોક્ત અભિષેક કર્યો. તદનંતર શુદ્ધોદકથી ચરણોને ધોઈ પાલવથી પગ લૂછ્યા અને નમન કરતા અનસૂયાનું મન પ્રફુલ્લિત થયું.

હવે સદ્‌ગુરુના કપાળે કસ્તુરીનું તિલક કરી શરીરને કેસરીચંદન વિલેપન કર્યું. કપાળે અક્ષત અર્પણ કરી, શરીરને સુગંધી અત્તર લગાડ્યું. વસ્ત્ર (ખેસ ઇત્યાદિ) અર્પણ કરી કંઠમાં પુષ્પહાર પહેરાવ્યો. હાથમાં કરભૂષણ પહેરાવી મસ્તક પર પુષ્પમુગટ પહેરાવ્યો. ધૂપ, દીપ, નૈવેદ્ય અર્પણ કરી હિરણ્યદક્ષિણા અર્પણ કરી અને પ્રદક્ષિણા કરી ગદ્‌ગદ્ થઈ અનસૂયાએ પ્રાર્થના શરૂ કરીઃ હે સદ્‌ગુરુ, પરમ આનંદસ્વરૂપ, દયાળુ, આનંદકંદ, અખિલ, અભંગ, બ્રહ્માનંદ, તારો જયજયકાર. હું તારા ચરણે શરણે આવી છું. તારાં ચરણકમળ કોમળ છે. ત્યાં મારું મનભ્રમર ગુંજારવ કરતું પ્રદક્ષિણા કરે છે. તે કમળને તું વિકસાવ. તું સમર્થ દાતા છે. હું યાચક થઈ તારી પાસે દાન માગું છું. મારા મનની ઈચ્છા તું જાણે છે. તું કરુણાની મૂર્તિ છે આથી તું મારા જેવા પતિતની ઉપેક્ષા ન કરતાં મારો ઉદ્ધાર કર.

હું જીવભાવથી તારી દાસી છું. તારા ચરણકમળને હું મારા કેશકલાપથી સાફ કરીશ. મારો અંત કેમ જુએ છે? મારો પ્રાણ કંઠે આવીને રોકાયો છે. ગદ્‌ગદ્ થઈ કરેલી સ્તુતિથી સદ્‌ગુરુનાથે તે આર્તભાવને જાણ્યો. અવધૂત દત્તે કહ્યુંઃ હે સમર્થ, હવે જરા પણ

વિલંબ ન કરીશ. કસોટી પથ્થરથી સોનાની પરીક્ષા થઈ ચૂકી છે. હીરાની પરીક્ષા એરણ પર થઈ ચૂકી છે. તમે કૃપા કરવા યોગ્ય છે. આવી અવધૂતની વાણી સાંભળી અત્રિમુનિએ અનસૂયાને આધાર આપી આસનસ્થ કરી. અનસૂયાએ ચરણો પર મસ્તક મૂકી અશ્રુઓથી ચરણ પખાળ્યા. આ પ્રમાણે પ્રેમસાગરમાં હિલોળા લેતા સદ્‌ગુરુને પરમ આનંદ થયો. બંનેનો પ્રેમાનંદ એક થતાં જ કૃપાનો વંટોળ ઉદ્‌ભવ્યો. સમયને પારખી અવધૂતે તેમના પર વસ્ત્ર ધર્યું અને મોંટેથી તાળી દ્વારા ગુરુનામનું ભજન મોંટેથી શરૂ કર્યું.

અત્રિમહર્ષિએ ત્વરિત અનસૂયાના કર્ણમાં મંત્રોપદેશ કર્યો. તેના અંતઃકરણરૂપી કબાટનાં બધાં જ બારણાં ખુલ્લાં થયાં અને સ્વસ્વરૂપનું જ્ઞાન થયું. તે સ્થળે તદ્‌રૂપ થતાં જ મન ઉન્મન થયું. દેહભાન ઓગળી ગયું અને હું-તુંનો ભેદ મટી ગયો. સદ્‌ગુરુકૃપાનો અભય કર માથા પર મૂકતાં જ વૃત્તિ સ્થિર થઈ. ઋષિએ આ પરિવર્તન જોઈ આનંદ વ્યક્ત કર્યો. આવી પરિસ્થિતિ ચાર ઘટિકા સુધી ચાલુ રહી. માખી ખાંડને ચોંટી રહે તે પ્રમાણે અનસૂયા સ્વસ્વરૂપમાં લીન થઈ. તે બાહ્યસ્વરૂપમાં પાછી આવતી ન હતી. ઋષિ કહેવા લાગ્યાઃ આ આશ્ચર્યકારક ઘટના છે. આ બધો ગુરુચરણોના વૈભવનો પ્રભાવ છે. ગુરુકૃપા ક્ષણાર્ધમાં જ દેહભાવની વિસ્મૃતિ કરાવે છે.

અદ્‌ભુત પરિવર્તન જોઈ અવિનાશ દત્ત આનંદથી ડોલવા લાગ્યા. ચંદ્ર અને દુર્વાસા પણ હર્ષાન્વિત થયા. સદ્‌ગુરુની લીલા અદ્‌ભુત છે. તેઓ કૃપાર્થીને જીવન્મુક્ત કરે છે. ઋષિપત્નીઓ સ્તબ્ધતાથી જોઈ રહી. અચંબામાં પડ્યાં. શું પરિવર્તન થયું તેની તેમને ખબર જ ન પડી. અવધૂત શ્રીદત્તે ઉદ્‌ગાર કાઢ્યાઃ યોગીશ્રેષ્ઠ, કૃપાસાગર, ઈચ્છા પૂરી થઈ. હવે આ બધું સમેટી લઈ માતાને દેહભાન પર આણો. આ ઋષિગણ સ્તબ્ધ બેઠા છે. હજુ બધું કાર્ય પૂર્ણ થયું નથી. મધ્યાહ્ન થવા

આવી છે. સર્વ ઋષિઓને ભોજન આપવાનું બાકી છે. શ્રીદત્તનું કથન સાંભળી અત્રિમહર્ષિ સાવધ થયા. તેમણે એક દૃષ્ટિ અનસૂયા તરફ કરી. તે સ્વસ્વરૂપમાં લીન થઈ હતી. ઋષિએ વિચાર કર્યોઃ સ્વરૂપમાં રંગાઈ ગયેલી અનસૂયાને બહિર્મુખ કેવી રીતે કરવી? તેનો આનંદ-ઉલ્લાસ પણ લય પામશે. અત્રિઋષિનો વિચાર શ્રીદત્તે જાણ્યો.

શ્રીદત્ત પાસે સર્વ કળા- યુક્તિઓ હતી. તે યોગીશ્રેષ્ઠ હતા. તે સર્વનો નિયંતા સર્વનો કર્તા હોવા છતાં અકર્તા હતા. તેને ચિંતા શાની? ચિંતામણિને વળી ચિંતા હોય? અમૃતને રોગની બીક ખરી? સૂર્યને અંધારું રોકી શકે? ના. તે જ પ્રમાણે અવિનાશ દત્તને કોઈ જ ચિંતા નથી. જગતને માર્ગદર્શન કરવા તે યોગ આચરીને લોકોને પથપ્રદર્શન કરે છે. શ્રીદત્ત એ યોગ આચરતા હોવા છતાં યોગરહિત, માયાતીત, અનાદિ, સિદ્ધ, અખંડિત હોવા છતાં જગતના ઉદ્ધાર માટે સાકાર થયો. શ્રીદત્તે કૃપા કરી માતાના મસ્તક પર હાથ ફેરવી તેને દેહભાન પર આણી. માતાની ઉન્મની અવસ્થાને શાંત કરી અને અનસૂયા માતા બહિર્મુખ થયાં. માતાએ ધીમે ધીમે આંખો ખોલી અને ત્વરિત સદ્‌ગુરુના ચરણો પર મસ્તક મૂક્યું. અનસૂયા તૃપ્ત થઈ ગઈ. તે આનંદના સમુદ્રમાં દીર્ઘકાળપર્યંત ડૂબીને પ્રસન્ન થઈ હતી.

સદ્‌ગુરુએ અનસૂયાને પૂછ્યુંઃ તારા મૂળ સ્વરૂપને જોયું? અનસૂયાએ જવાબ આપ્યોઃ જોયું. પરંતુ તે વૈખરી વાણી દ્વારા કહેવાય તેવું નથી. તેનું તેજ બ્રહ્માંડમાં પણ સમાતું નથી. સદ્‌ગુરુએ કહ્યુંઃ સાવધાનતાથી આ અનુસંધાન ચાલુ રાખ. તને તારો પોતાનો રત્નભંડાર બતાવ્યો છે. અભ્યાસ કરવાથી તું જ રત્નભંડાર થઈશ. અનસૂયાએ કહ્યુંઃ હું સ્વરૂપાવસ્થામાં આનંદમગ્ન હતી. તમે મને સાવધ કેમ કરી? શ્રીદત્તે કહ્યુંઃ હે માતા, તેને વિસરીશ નહીં. તે આત્મધન તારી પાસે જ છે. સ્વરૂપનો અનુભવ આપી તને પાવન કરી છે. તાપનું

નિવારણ કરી ભય દૂર કર્યો છે. તારા ભ્રમને દૂર કરી આનંદઘન-સુખસંપન્ન બનાવી છે.

હે માતા, તને સર્વ સુખની ખાણ જડી છે. આ પૂર્વે મેં તને બોધ કર્યો છે. તે સર્વનો અપરોક્ષ અનુભવ લે. સમર્થ દયાળુ સદ્‌ગુરુએ તને સુખનો રસ્તો બતાવ્યો છે. તારા સર્વ મનોરથો પૂર્ણ થઈ જ્ઞાન ફલદ બન્યું છે. શ્રીગુરુએ જે બીજમંત્ર આપ્યો છે તેને નિત્ય સાવધાનતાથી જપજે. એકાગ્ર થઈ સ્વસ્વરૂપની મજા અનુભવજે અને પોતાનું કાર્ય સાધ. ચાર પ્રકારના દેહ (સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ શરીર)નું મૂળ રૂપ તું જ છે. ચાર પ્રકારની અવસ્થા પ્રાપ્ત કરી તેની પણ પેલે પાર જા. અહીં થોડી પણ અડચણ નથી.

માછલીની ગતિથી રસ્તો કાપવો. તારાના પ્રકાશમાં આગળ વધવું. નીલરંગ અને મોતીના રંગોને પણ પાર કરી સહસ્રદળ કમળ સુધી પહોંચવું. ત્યાં સ્થિર થયા પછી ચમકતા નીલરંગનું બિંદુ દેખાશે. અનસૂયાએ કહ્યું: તેં મને ચક્રભેદ કહ્યો. સદ્‌ગુરુએ મને તે જ પ્રત્યક્ષ બતાવ્યું. તેનો મેં અભ્યાસ કર્યો. સદ્‌ગુરુએ કહ્યું: હવે બસ. દત્ત અવધૂતે પૂર્વે તને બોધ કર્યો હતો. હવે બાકીનું કામ મેં પૂરું કર્યું છે. હવે ધ્યેયને તું સિદ્ધ કરીશ. હવે કાંઈ જ બાકી રહ્યું નથી. હવે અંતઃકરણમાં દૃઢતા ધારણ કર અને ચરાચરમાં વ્યાપી રહેલું તત્ત્વ સબાહ્યાભ્યંતર જો. (અંતર-બાહ્ય) આ દૃષ્ટિએ જોતાં તે જ કર્તા કરાવનાર છે. સર્વ તેની જ જવાબદારી છે. આપણે શું કામ ચિંતા કરવી? તે જેમ સાક્ષી થઈને રહે છે તેમ આપણે બાહ્ય વસ્તુઓ માટે સાક્ષીરૂપે રહેવું. અંતર્યામીનું ધ્યાન રાખી સ્વાનંદમગ્ન રહેવું.

જ્યાં સુધી બાહ્ય દૃષ્ટિથી દેખાતા દૃશ્ય પદાર્થોમાં આસક્તિ કે આકર્ષણ છે ત્યાં સુધી ભવબંધનો પાશ છે. તે પદાર્થોનો ત્યાગ (શરીર કે મન દ્વારા) કર્યો કે ભવબંધનો સહજ નાશ થાય છે. જ્યાં સુધી

જીવને સંકલ્પ, વિકલ્પ છે ત્યાં સુધી ગર્ભવાસ છે. તે મનમાં ઉદ્‌ભવે જ નહીં તો જીવ જન્મમરણમાંથી છૂટશે. જન્મમરણનો રેંટ કર્મને લીધે પાછળ પડ્યો છે. કર્મ મનોવ્યાપારને લીધે પાછળ પડ્યું છે. મન વૃત્તિના મૂળમાં છે. ઇંદ્રિયો વિષયરૂપી તૃણ ભક્ષણ કરેછે તે ઘાસ (તૃણ) સમગ્ર (સંસારરૂપી) જંગલમાં ફરીને એકઠું કરવામાં આવે છે. તે ઇંદ્રિયો મનને આધીન છે અને મનોવૃત્તિઓ અપાર છે.

તને ઉપદેશ કરી જ્ઞાન પ્રદાન કર્યું છે. તેં પણ ષોડશોપચારે ગુરુપૂજન કર્યું છે. પરંતુ એક ઈચ્છા બાકી છે. મનઃપૂર્વક ગોદાન કર. નાશવંત હોય તો પણ વ્યવહાર તરીકે અર્પણ કર. સમય બરબાદ ન કરીશ. ઋષિવરો થોભ્યા છે. શ્રીદત્તે અનસૂયાને પૂર્વે જ બોધ કર્યો હતો. આથી તેને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. તદ્‌ઉપરાંત સદ્‌ગુરુએ પણ તેનો અંગીકાર કર્યો હોવાથી તેનો ગૂઢાર્થ અનસૂયાના ધ્યાન પર આવ્યો. તેણે પૂછ્યુંઃ હે ગુરુરાય, નાશવંત ફળ એટલે કાયા સમર્પણ કરી છે, ગોદાન અલગ પ્રકારે કરવું? ઇંદ્રિયો સાથે મન તમને અર્પણ કર્યું છે. વ્યાવહારિક ધન અલગ ક્યાં રહ્યું? (ગો = ઇંદ્રિયો (મન))

તમે દીનનો અંગીકાર કર્યો. દીને સર્વસ્વ સમર્પણ કર્યું. હુંપણું તુંપણામાં વિલીન થયા પછી બાકી શું રહ્યું? આંખ વડે આંખને જોઈ. શૂન્યભાગ તળિયે બેઠો. તે પોતાની જગ્યાએ જ છે. આ લાભ ગુરુકૃપાથી થયો. અનસૂયાની બોલવાની આધ્યાત્મિક ચતુરાઈ જોઈ અવિનાશના શરીરનાં રોમાંચ ખડાં થયાં. સદ્‌ગુરુ આનંદથી ડોલવા લાગ્યા. અનસૂયાએ નમસ્કાર કર્યા. સદ્‌ગુરુએ પ્રસન્ન થઈ અનસૂયાનું પૂજન કર્યું. કપાળે કુંકુમતિલક કરી તેને વસ્ત્રાભૂષણો આપ્યાં. તેણે વસ્ત્રો પરિધાન કર્યા પછી પોતાના કંઠમાંથી પુષ્પહાર, શ્રીફળ અને તાંબુલ સદ્‌ગુરુએ પ્રસાદ તરીકે તેના પાલવમાં અર્પણ કર્યા. પ્રસાદ પ્રાપ્ત થયા પછી અનસૂયાએ સદ્‌ગુરુના ચરણે મસ્તક મૂક્યું. “તને નિર્વિકલ્પતા પ્રાપ્ત થાવ” એવો અભય આશીર્વાદ સદ્‌ગુરુએ તેને આપ્યો.

તે પછી વેદમંત્રઘોષમાં ગુરુતીર્થનું પૂજન થયું. તે તીર્થ ત્રણ મંત્રના ઉચ્ચાર સાથે અનસૂયાને પ્રાશન કરાવ્યું. ચંદ્ર, દુર્વાસા અને અવિનાશ દત્ત આ ત્રણેએ પણ તીર્થ પ્રાશન કર્યું. આવું તીર્થ સંપ્રદાયના ભક્તો સ્વીકારી શકે છે. સંપ્રદાય સિવાય બીજા જો લે તો તેમને પુણ્ય મળે છે પરંતુ બીજાને આ તીર્થ લો એમ વહેંચતાં દોષ લાગે છે. જે લોકો પ્રેમથી તે તીર્થ સ્વીકારે છે તેમને ઘણો લાભ થાય છે. શ્રીગુરુએ સેવન કરેલો ઉચ્છિષ્ટ પ્રસાદ અતિ શુદ્ધ હોય છે. તેનું સેવન કર્યા પછી પરમ સંતોષ થઈ વૃત્તિ અભેદ થાય છે.* આ પ્રમાણે પ્રસાદ લઈ ઉત્તર પૂજન કરવામાં આવ્યું. તે પછી દીપ અને નિરાજન થયું.

અનેક વાજિંત્રો વાગતાં હતાં. વિપ્રો મંત્રોચ્ચાર કરતા હતા. અનેક આરતીઓ બોલી શ્રીગુરુને ઓવારવામાં આવ્યા. કર્પૂર આરતી પણ સંપન્ન થઈ. શ્રીગુરુનો જય જયકાર કરી તાળીઓના ગડગડાટમાં સદ્‌ગુરુના મસ્તક પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. પ્રદક્ષિણા કર્યા પછી સાષ્ટાંગ નમસ્કાર કરવામાં આવ્યા. સંપ્રદાય અનુસાર સ્તુતિસ્તવન કરી અપરાધની ક્ષમા માંગી શ્રીગુરુના મસ્તક પર અક્ષત નાંખવામાં આવ્યા. તે પછી સદ્‌ભાવથી ઇતર સર્વની પૂજા કરી, દક્ષિણા આપી બધાને સંતુષ્ટ કર્યા. દ્વિજવર્યોને કપાળે ચંદનનું તિલક કરી ગળામાં પુષ્પહાર અર્પણ કરી સર્વને પ્રણામ કર્યા. બ્રાહ્મણોને સન્માનપૂર્વક ગોદાન તેમજ વસ્ત્ર પાત્રનું દાન આપવામાં આવ્યું. આ જ પ્રમાણે સુહાગણોની પણ યથાસાંગ પૂજા કરવામાં આવી.

આ પ્રમાણે સર્વને સંતુષ્ટ કર્યા પછી વિપ્રોએ મંત્રઘોષ કરી અક્ષત પ્રસાદ તરીકે આપી. સર્વત્ર આનંદનું મોજું ફરી વળ્યું. સર્વ પૂજા થયા

---

* દત્તાવતારી સંત શ્રી માણિકપ્રભુની પરંપરામાં પીઠાધીશ માણિકપ્રભુની ભોજન સમાપ્તિ પછી ઉચ્છિષ્ટ પ્રસાદ આપવાની પ્રથા છે. મુ. માણિકનગર, જિ. ગુલબર્ગા. પીનકોડઃ ૫૮૫૩૫૩.

પછી "यस्य स्मृत्या" અને "पुनरागमनाय च" એમ બોલી દેવો સહ ગજાનન અને આવાહિત દેવતાઓને વિદાય આપી. શ્રીદત્તે તે પછી થાળીમાં પ્રસાદ લઈ સર્વને વહેંચ્યો. તે પ્રસાદ અતિ મધુર હતો. સર્વ વિધિ પૂર્ણ થયો. ઋષિઓ એક પછી એક ઊઠ્યા. મધ્યાહ્ન આહ્નિકનો સમય થયો હતો. અનસૂયા તેમની સમક્ષ જઈ હાથ જોડી બોલીઃ આ દીન પર કૃપા કરજો. આજે ભોજન માટે સર્વ પધારજો. કોઈ પણ વિનંતીનો અસ્વીકાર ન કરશો. દ્વિજોને ભોજનનું આકર્ષણ, તેમાં વળી અનસૂયાનો આગ્રહ. દ્વિજોએ કહ્યુંઃ ભૂખ તો લાગી જ છે. જલદીથી રસોઈ કરો. શ્રીદત્તે કહ્યુંઃ રસોઈને જરા પણ વિલંબ નહીં થાય. તમે આહ્નિક કરી આવો. દ્વિજવરો આસન વગેરે લઈ નદી પર સ્નાન માટે ગયા.

આ બાજુ દત્ત અવધૂત કામે વળગ્યા. સર્વ સિદ્ધિઓ તેમની આજ્ઞાંકિત હતી. ઈચ્છિત ભોજન તૈયાર થયું. આ જગત્‌ગુરુ દયાળુ છે. ભક્તોનો તે પક્ષપાતી છે. તેને પરમાર્થ પ્રત્યે અત્યંત પ્રીતિ છે. આથી તેઓ હંમેશાં સંતવૃંદમાં નિવાસ કરે છે. જ્યાં ભાવ-ભક્તિ-પ્રેમ છે ત્યાં અવધૂત અવશ્ય હોય છે. જેવી જેની ભાવના તે પ્રમાણે તે રૂપ ધારણ કરી ભક્તોની ઈચ્છા પૂરી કરે છે. અગામી અધ્યાયમાં અવધૂત અદ્‌ભુત લીલા બતાવશે અને ભોજન આપી સર્વ વિપ્રોને સંતોષ આપશે અને માતાની ઈચ્છા પૂરી કરશે. તમે શ્રોતાઓ-સંતોને તેમનો સહવાસ છે. તે તમારા પ્રેમરંગમાં રંગાય છે. આ સાંભળીને હું (કાવડીબુવા) પણ તમારા શરણે આવ્યો છું. સાધુસંતોના ચરણે મારી એક વિનંતી છેઃ મારા જેવા દીનને આપના જેવા સમર્થે ભક્ત તરીકે સ્વીકારી આપની ચરણસેવા આપવી. આ અનંતસુત (કાવડીબુવા) સંતોનો દાસ છે. તેનું આપ રક્ષણ કરો. ફક્ત તમારા ચરણનો જ મને આધાર છે.

॥ ઈતિ ત્રયોવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

અધ્યાય - ૩૪

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીસદ્‌ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુ, મંગલાધીશ, સચ્ચિદાનંદ, અવિનાશ, શ્રી અનંત, અનંતવેષ પરિધાન કરનાર, વ્યાપક, સર્વેશ, તારો જયજયકાર. તને વંદન. હે પરબ્રહ્મ, પરાત્પર, સદ્‌ગુરુ, સમર્થ, ઉદાર, કરુણાનિધિ, દીનોદ્ધાર, જ્ઞાનસાગર, તને નમસ્કાર. સદ્‌ગુરુ, સ્વામી દત્ત, તારા ચરણે નમસ્કાર. શરણાગત પર કૃપા કરી રક્ષણ કર અને અંતઃકરણની ચિંતા દૂર કર. તું કરુણાઘન, આનંદઘન, ભાગ્યસંપન્ન અને ઉદાર છે. શરણાગતની તું ક્યારેય ઉપેક્ષા કરતો નથી અને અર્થાર્થીની ઈચ્છા પૂરી કરે છે. પતિતપાવન તરીકે તારી ભવ્ય કીર્તિ છે. આથી તું મારા જેવા બાળક દ્વારા તારા ગુણોનું વર્ણન કરાવે છે. મારા મસ્તક પર અભયકર મૂકી અતિ મધુર કથા આગળ ચલાવ. આ શ્રોતાઓ શ્રવણ કરવા બેઠા છે. તેમનું અંતઃકરણ તૃપ્ત કર. હે દત્ત, માતાના હેતુપૂર્તિ માટે તું સેવાભાવ દાખવે છે. માતાનું નિમિત્ત કરી તું અનેક આર્તજીવોનો ઉદ્ધાર કરે છે. તેમને પોતાનું મૂળ સ્વરૂપ આપવા તું ઈચ્છે છે.

શ્રીદત્ત ત્રિગુણાત્મક અવતાર ધારણ કરી પોતાના ભક્તોની કામના પૂર્ણ કરે છે. ગત અધ્યાયમાં કહ્યું હતું કે અનસૂયાએ વિપ્રોને સ્નાન-સંધ્યા કરી ભોજન માટે પધારવા આમંત્રણ આપ્યું હતું. તે સર્વ વિપ્ર સ્નાન-સંધ્યા માટે ગયા. જતાં જતાં તેઓ કહેતા ગયા કે મધ્યાહ્નને થોડી વાર બાકી હોવાથી તેઓ ત્વરિત પાછા આવશે. ત્યાં સુધીમાં રસોઈ તૈયાર કરી રાખજો. ત્યારે શ્રીદત્તે પણ તેમને કહ્યું હતું કે રસોઈને

વિલંબ નહીં થાય, ત્વરિત પાછા પધારજો. ઋષિશ્વર મધ્યાહ્ન આહ્નિક માટે નદી પર ગયા. અનસૂયાએ ગૃહકાર્ય શરૂ કર્યું.

પાણીના કળશ ભરી રાખ્યા. રસોઈ માટે અનાજ કાઢી રાખ્યું. રસોઈ માટે જે જે પદાર્થની જરૂર હતી તે સર્વ સાહિત્ય સિદ્ધિઓએ લાવી આપ્યું. અવિનાશ દત્ત જયાં સ્વયં હાજર હોય ત્યાં ન્યૂનતા ક્યાંથી? અનસૂયા એ સાક્ષાત્ અન્નપૂર્ણા. સ્વહસ્તે રસોઈ બનાવતાં એક પછી એક વાનગી સ્વાદિષ્ટ બનતી જ ગઈ. અનેક પ્રકારનાં શાક, ખાવાની વાનગીઓ (દાળ, ખીર, દૂધપાક ઇત્યાદિ), રાઈતાં, ચટણી, લાડુ, જલેબી, ભજિયાં, પૂરી, ભાત, માલપૂડા, અનેક પાત્રોમાં આ બધી વાનગીઓ ભરીને પીરસવા માટે તૈયાર હતી. માતાએ શ્રીદત્તને રસોઈ તૈયાર થયાનું કહ્યું અને બહારની બેઠક વ્યવસ્થા કરવા જણાવ્યું.

દુર્વાસાએ ત્વરિત ભૂમિ શુદ્ધ કરી. તેના પર સંમાર્જન કરી રંગોળીઓ પૂરી. ચંદ્રે પણ રંગોળી પૂરવામાં મદદ કરી. શ્રીદત્તે બધા માટે આસનો પાથર્યાં. કેળનાં પાન ભોજન માટે મૂક્યાં. પીવા માટે સકેસર ઠંડુ પાણી ભરવામાં આવ્યું. ગંધ, અક્ષત, પુષ્પહાર, પગ ધોવા માટે પાણી તૈયાર રાખ્યું. અનસૂયાએ કહ્યું: હવે સત્વર ઋષિવર્યોને બોલાવી લાવો. ચંદ્ર ઋષિવર્યોને બોલાવવા ગયો. ઋષિઓ સત્વર આવ્યા અને પગ ધોઈ આસન પર બેઠા. દ્વિજોએ મંત્રઘોષ કરવાનો પ્રારંભ કર્યો. અનસૂયાએ વીજળી જેવી ચપળતાથી સર્વને પીરસ્યું. ચંદ્ર, દુર્વાસાએ વિપ્રોને ગંધ અક્ષત આપ્યા. અવિનાશ દત્તે સુવાસિત અત્તર લગાવ્યું. દ્વિજોને કંઠમાં પુષ્પહાર પહેરાવ્યા. પંગતમાં દીપ પ્રજવલિત કર્યા અને સુગંધી ધૂપબત્તી સળગાવવામાં આવી. આ પ્રમાણે ત્રણે પુત્રોએ દ્વિજોનો ઉત્સાહપૂર્વક સત્કાર કર્યો.

ઠંડા પીવાના પાણીમાં એલચી અને વાળાની સુગંધ મહેંકતી હતી. અનસૂયાએ અનેક સુગ્રાસ અન્ન પીરસ્યું. શ્રીદત્તે દરેક પાત્ર પર ઘી

પીરસ્યું. મુખ્ય આસન પર શ્રીગુરુરાજ મુનિશ્રેષ્ઠ અત્રિમહર્ષિ બિરાજમાન હતા. સર્વ અન્ન પીરસાઈ ગયા પછી દ્વિજોએ સંકલ્પ કરવા સૂચન કર્યું. હાથમાં સંકલ્પજળ લીધું અને દ્વારમાં અતિથિદ્વિજ પધાર્યા. મહર્ષિને અત્યંત આનંદ થયો. શ્રોતાઓએ પૂછ્યું: જે અતિથિને લીધે સર્વને આનંદ થયો તે અતિથિઓની ઓળખ આપો. જેથી આત્માને શાંતિ થાય. શ્રી અવધૂતે ગુરુરાયને વિનંતી કરી કે અતિથિઓને લેવા તેઓ સ્વયં જાય અને આસન પર બેસાડે.

અતિથિ તરીકે નારદમુનિ અને ભૃગુઋષિ આવ્યા હતા. અત્રિમહર્ષિ તેમનું સામૈયું કરવા ગયા. તેમને સાષ્ટાંગ નમસ્કાર કરી આદર સાથે લઈ આવ્યા અને તેમને સ્નાન કરાવ્યું. ચંદ્ર અને દુર્વાસાએ તેમને નમસ્કાર કર્યા અને વસ્ત્ર તેમજ તિલક કરી તેમને પાત્ર આપ્યાં. તેમની થાળી પીરસવામાં આવી અને તેમને ગંધ-અક્ષત, પુષ્પમાળા ચંદન લેપ અત્તર લગાવવામાં આવ્યું. અનસૂયાએ તેમને વંદન કર્યાં અને તેમની થાળીમાં બધી વાનગીઓ પીરસવામાં આવી. ઋષિવર્યોએ અત્રિમહર્ષિને સંકલ્પજળ હાથમાં લેવા વિનંતી કરી. સર્વની ઈચ્છાને માન આપી નારદજીએ સંકલ્પઉદક હાથમાં લીધું.

દ્વિજોએ મંત્રઘોષનો પ્રારંભ કર્યો. આદિ અનાદિ એક વિષ્ણુ છે. નાના ભૂતોમાં તે જ વ્યાપી રહ્યો છે. ત્રૈલોક્યમાં તે જ વ્યાપી રહ્યો છે. અત્ર તત્ર સર્વત્ર તેની જ વ્યાપ્તિ છે. તે જ સર્વ જીવોનો પોષણકર્તા, રમાકાંત વિષ્ણુ સર્વ કર્તા કરાવનાર છે. તે જ સર્વનો દાતા, સ્વકૃપાથી સર્વ ભૂતોનો પોષણકર્તા, સર્વ દ્વારા તે જ ભોક્તા અને સર્વનું અધિષ્ઠાન પણ તે જ છે. તે જ દેવ, સદ્‌ગુરુ હોઈ સર્વેશ્વર, સર્વાત્મક છે. આ તેમને જ જીવભાવે સમર્પણ કરું છું. આમ કહીને સંકલ્પજળ છોડવામાં આવ્યું. વિપ્રોએ ફરી બીજી વાર સંકલ્પજળ હાથમાં લેવા કહ્યું. બીજી વખત મંત્રઘોષ શરૂ થયો.

બ્રહ્મભાવથી આ બ્રાહ્મણ સંકલ્પ મૂકે છે. તે બ્રહ્મને અર્પણ. જે બ્રહ્મશક્તિએ આ ત્રૈલોક્યને આચ્છાદિત કર્યું છે તેને આદરપૂર્વક અર્પણ કરવું જોઈએ. આથી વિપ્રવર્ગે મોટેથી મંત્રઘોષ શરૂ કર્યો. જે ઈચ્છાશક્તિ બ્રહ્મમાંથી ઉદ્‌ભવી તે ૐકારરૂપે છે. તેને જ બ્રાહ્મણો પ્રાર્થના કરે છે. ૐ નમો દેવી એમ આદર સાથે ઉચ્ચાર કરે છે. તે જ માયા-મહાદેવી. તેને જ વાયવી પણ કહે છે અને તેને જ સતત નમન પણ કરે છે. તે પ્રકૃતિરૂપે સર્વવ્યાપક છે. તે બધાને માટે કલ્યાણદાયક છે. નમ્રતાથી તેનું મનમાં સ્મરણ કરી તે ઈશ્વરી સત્તાને નમન કરી નારદજીએ ભાવપૂર્વક સંકલ્પજળ છોડ્યું.

સંકલ્પ થતાં જ બ્રાહ્મણો બોલ્યાઃ સુફળતા હજો. બ્રાહ્મણોના મુખથી અન્નહવન થવાથી યજ્ઞ પૂર્ણ થયો. જે પ્રમાણે અગ્નિના મુખમાં હુત દ્રવ્ય હોય છે તે જ પ્રમાણે દ્વિજ મુખમાં અન્નને સમજવું. આ પુણ્યકર્મને લીધે દેવતાઓ સંતુષ્ટ થાય છે. ફળસ્વરૂપે પર્જન્ય એટલે કે વરસાદ આવે છે. પૃથ્વી પર બ્રાહ્મણ સંતુષ્ટ થયા એટલે સ્વર્ગના અમર સંતુષ્ટ થાય છે. તેના પરિણામસ્વરૂપ મેઘવર્ષાવ થઈ વનસ્પતિ, ઘાસચારો વિપુલ પ્રમાણમાં થાય છે. આથી અપાર જીવોને પોષણ મળે છે. અન્ય જીવો માટે પણ રસની ઉત્પત્તિ થાય છે.

અન્નથી જીવો તૃપ્ત થાય છે. પર્જન્યને લીધે ધાન્ય અને ઘન પેદા થાય છે. વર્ષાને લીધે જ ઘાસચારો, વનસ્પતિ પેદા થાય છે અને સર્વ જીવોને પોષણ મળે છે. પર્જન્યથી પ્રજાજન, પ્રાણીઓ, વનસ્પતિ સૃષ્ટિ તૃપ્ત થાય છે. અધિક પર્જન્ય માટે યાજ્ઞિક (યજ્ઞ કરાવનાર)ની પૂજા કરી યજ્ઞ કરવા. યજ્ઞકર્મ એ શ્રેષ્ઠ છે પરંતુ દ્વિજમુખે કરેલો યજ્ઞ સર્વશ્રેષ્ઠ. સર્વમુખ દ્વારા થએલો યજ્ઞ તેથી પણ શ્રેષ્ઠ. પોતપોતાની શક્તિ અનુસાર યજ્ઞનો પ્રકાર ચૂંટવો. ભોજન સમયે આવેલા અતિથિને વિષ્ણુ માની તેનું આદરઆતિથ્ય કરવું. ભોજન સમયે અતિથિ આવે

તો તેની જ્ઞાતિ વિશે પૂછપરછ ન કરતાં તેને વિષ્ણુમૂર્તિ સમજી અન્ન સમર્પણ કરવું. અન્ન માટે શક્તિ ના હોય તો સમયોચિત પૂજા કરી શક્તિ પ્રમાણે અતિથિનો પરામર્શ લેવો. (ક્ષેમકુશળ પૂછી જળ ઇત્યાદિ આપવું.) આ ઉપદેશ સ્વહિત માટે છે.

વિપ્રોએ હર હર ગર્જના કરી અને નિવેદ ધરાવ્યો. મનુષ્યનું ઉદર એ નિર્મળ કુંડ છે તેમાં જઠરાગ્નિ પ્રગટેલો છે. 'પરિસિંચામિ' એમ કહી જળ થાળીની આજુબાજુ ફેરવ્યું. પ્રથમ જળથી આપોષણ લઈ અગ્નિસિંચન કર્યું. આહુતિ લેવા માટે આ વિધિ કરવામાં આવ્યો. પછી સ્વાહાકારનો પ્રારંભ થયો. પાંચ આહુતિ આપી (પ્રાણાય સ્વાહા, અપાનાય સ્વાહા, વ્યાનાય સ્વાહા, ઉદાનાય સ્વાહા, સમાનાય સ્વાહા) અગ્નિને સ્થિર કર્યો. નેત્રને જળસ્પર્શ કરાવ્યો. જઠરાગ્નિને શિખામુક્ત કરી નામસ્મરણપૂર્વક અવદાન લીધું. ષડ્રસથી પરિપૂર્ણ ભોજન આત્માને સમર્પણ કર્યું. અનસૂયાએ પ્રત્યેકને તેની રુચિ પ્રમાણે અન્ન પીરસ્યું. અવિનાશે સર્વને પ્રાર્થના કરી કે સ્વસ્થ ચિત્તથી ભોજન કરજો. ગમતી વાનગી માગી લેજો. ભોજન સાદું છે તો પણ મિષ્ટ ગણી સ્વીકારવું. આપ શ્રમિત થયા છો. ભોજનને થતાં વાર થઈ છે.

દુર્વાસા હાથમાં ઠંડા પાણીની ઝારી લઈ પીવાના પવાલામાં રેડતો હતો. ચંદ્ર હાથમાં પંખો લઈ બ્રાહ્મણોને પંખો નાંખતો હતો. આવા અદ્‌ભુત આદરસત્કાર સાથે ભોજન મળવાથી વિપ્રો સુપ્રસન્ન થઈ બોલ્યાઃ આજનું ભોજન અમને અમૃતથી પણ મધુર લાગ્યું. આજે કિંમતી પ્રસાદ મળ્યો છે. અનસૂયાના હાથનું ભોજન મળતાં દુર્વાસા દ્વારા અપાયેલું શીતળ જળ, ચંદ્રે નાંખેલો પવન અને તેં (દત્ત) કરેલી નમ્ર પ્રાર્થનાને લીધે આજે વિશેષ લાભ લીધો. તેમાં નારદ અને ભૃગુને લીધે પંગતને શોભા આવી. તેમાં વળી આજે ગુરુપ્રસાદ પ્રાપ્ત થયો. આથી અંતઃકરણમાં ખૂબ જ હર્ષ થયો.

નારદજીએ પૂછ્યું: કયો ઉત્સવ ઉજવાયો? અમને તો જોવા ન મળ્યો? ભોજનના સમયે જ અમે આવ્યા. નારદનો પ્રશ્ન સાંભળી શ્રીદત્ત નમ્રતાથી બોલ્યા: કૃપાઘન સદ્‌ગુરુ અત્રિ સર્વજ્ઞ, ઉદાર અને જ્ઞાનદાતા છે. તેમણે અનસૂયા માતાને પાવન કર્યાં. આ સાંભળી નારદજીને અતિ હર્ષ થયો. તેઓ બોલ્યા: હું ખરેખર ધન્ય છું કે જે ઉત્સવનો મને લાભ મળ્યો. ભૃગુમુનિ બોલ્યા: અવધૂત, તું આ જ કાર્ય માટે અવતર્યો છે. જીવને પરમાર્થમાર્ગે લગાડી મોક્ષ પ્રદાન કરે છે. હું તારી સહિષ્ણુતા અને દયાને ઓળખું છું. આ પ્રમાણે પરસ્પરનું ગૌરવ કરી ત્રણેય આનંદના મોજાંઓમાં સ્નાન કરતા હતા. બીજા કોઈને તે વિશે સમજ ન પડી.

અવિનાશે સર્વને કહ્યું: સ્વસ્થપણે ભોજન કરો. ગમતી વાનગી માગી લેજો. આ રીતે ઋષિવૃંદ ભોજન લઈ તૃપ્ત થયું. સર્વએ 'અમૃતાપિધાનમસિ' મંત્રથી અપોષણ લીધું. શેષભાગનું બલિદાન આપી પિતરાર્પણ કરી વધેલા લવણમાં પાણી નાંખી સર્વ દ્વિજ આસન પરથી ઊઠ્યા. સુહાગણોએ ઊઠીને સર્વને હાથ ધોવા ઉષ્ણ જળ આપ્યું. બધાની કરશુદ્ધિ થયા પછી આચમન કર્યું અને "તદ્‌યજ્ઞીયસ્ય સ્મૃત્યા" મંત્ર બોલી મુખશુદ્ધિ માટે સર્વને તુલસીદલ આપવામાં આવ્યાં. ત્યાં સુધી ચંદ્ર સર્વ માટે બેઠકની વ્યવસ્થા કરી. મધ્યભાગે અત્રિ, નારદ અને ભૃગુ માટે આસન નાંખવામાં આવ્યા. તે આસન પર ઋષિજન આનંદથી બેઠા.

ત્રણેય મુનિ આસનસ્થ થતા બધાએ તેમને ઊઠીને અભ્યુત્થાન આપ્યું. મધ્યસ્થળે અત્રિઋષિએ ભૃગુઋષિને બેસાડ્યા. નારદજીને પણ માનપૂર્વક જમણી બાજુ બેસાડ્યા. બંનેને આદરપૂર્વક બેસાડીને કુશળઅંતર પૂછ્યા. તેમણે કહ્યું: આજનો દિવસ ધન્ય છે. અમારો આશ્રમ આજે આપે પાવન કર્યો. અમારું ભાગ્ય ઉઘડ્યું. આપનાં ચરણો

આશ્રમમાં આવ્યાં. અમને સાચેસાચ પુણ્ય સાંપડ્યું. અત્રિઋષિના બોલવાનું કૌશલ્ય જાણી ભૃગુના અંતરમાં આનંદ થયો. તેમણે કહ્યું: નારદ સાથે હું દક્ષિણસાગર તરફ નીકળ્યો. નીકળતાં મનમાં થયું કે સહ્યાદ્રિમાં આપને મળી લઉં. તે તક અકસ્માતે સફળ થઈ. ઇતર ઋષિઓ સાથે પણ મુલાકાત થઈ. તમારાં દર્શન થવાથી અમારા મનોરથો સફળ થશે.

તમે સાધુસંતો ધન્ય છો. તમે શાંત, દાંત, સુશીલ, ભાવિક, નિર્મળ, સૂર્ય પ્રમાણે તેજસ્વી અને ધાર્મિક છો. તમારું શ્રેષ્ઠ ભાગ્ય છે કે તમને ત્રિગુણાત્મક પુત્ર છે. તમારી કીર્તિ સર્વત્ર પ્રસરેલી છે. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યથી તમે સંપન્ન છો. આદિપુરુષ અવિનાશ તમારી પાસે રહેલા છે. તમે ઐશ્વર્યના મેરુપર્વત, મુમુક્ષુને તારનાર, સ્વાત્મહિતના ભંડાર હોઈ તમારા પર સર્વેશ્વરની કૃપા છે. તમારું સ્મરણ કરનારનાં પાપ ત્વરિત નાસી જાય છે. જે પુણ્યવાન તમારું દર્શન કરે છે, તમારા ચરણે નમન કરે છે તે મુક્ત થઈ જાય છે. તમારી કૃપા, અનુગ્રહ જેના પર થાય છે તેને સર્વ સુખ પ્રાપ્ત થાય છે અને જન્મમરણનો ભય દૂર થાય છે. ઈશ્વર તેનો મિત્ર થાય છે.

આ જ પ્રમાણે ગુણ પ્રસવનાર અનસૂયા માયા પણ ધન્ય છે. તે તમારા ચરણે લીન હોઈ સર્વ ભૂતો પ્રતિ પણ દયાર્દ્ર છે. તે પતિવ્રતાગ્રણી તમારી કૃપાથી આજે આત્મજ્ઞાન પામી છે. તેની કૃપા જેની પર થાય છે તેનું ભાગ્ય ઊઘડી જાય છે. તે દયાળુ હોઈ તેનામાં દ્વૈત નથી. તેને ઉપમા આપવી હોય તો સાવિત્રી, રમા અને ઉમાની પણ ઓછી પડે છે. તેની ભક્તિ જોઈ સર્વેશ્વરને અવતાર લઈ પોતાનો મહિમા બતાવવો પડ્યો. તેણે ત્રિદેવને પોતાના પુત્ર કર્યા. તેની દુગ્ધભિક્ષાનું સુખ માની ત્રિદેવ લીલા કરે છે. સર્વ દેવોના દેવ તમારો ભાવ જોઈ વર્તન કરે છે. સર્વાત્મક વાસુદેવ તે જ આ યોગેશ્વર

શ્રીદત્ત. જગતની ઉત્પત્તિ કરનાર, વેદાજ્ઞાને પ્રતિષ્ઠા અપાવનાર, જેના લીધે કુલવૃદ્ધિ થાય છે તે બ્રહ્મદેવ એટલે આ ચંદ્ર. તે સર્વાત્મકનું મન છે, તિમિરનો નાશ કરે છે. તાપ શમન કરે છે અને જીવને શાંતિ આપી સમાધાની બનાવે છે. તેનું એક નામ અંબુધર પણ છે. તેના લીધે વનસ્પતિની વૃદ્ધિ થાય છે. તેના લીધે જ સાગર, જીવન અને જીવ સુખી થાય છે.

ભવભયનો સંહાર કરનાર જે ભવાનીપતિ, જે તમોગુણાત્મક દિગંબર મહામૂર્તિ, જેની શક્તિ સંહાર કરનારી છે તે દુર્વાસા. તે તપોનિધિ, મહાવૈષ્ણવ, પિનાકપાણિ, નંદીવાહન, જેનું વિષ્ણુ ધ્યાન ધરે છે તે કૈલાસવાસી દુર્વાસા નામે પ્રગટ થયા. તે યોગનિષ્ઠ, તામસી અને વિરક્ત હોઈ ભક્તિને લીધે તમને પ્રાપ્ત થયો છે. આ ત્રણે કૃતિકા પ્રમાણે અલગ અલગ દેખાતા હોવા છતાં હૃદયથી આત્મતત્ત્વથી એક જ છે. ત્રિગુણાત્મક અભંગ, અવિનાશ શ્રીદત્ત. તે સર્વાતીત, સર્વાધીશ, પરાત્પર, પરેશ, પરબ્રહ્મ અનંતવેષધારી શ્રી વિષ્ણુ છે. ત્રિપુટી ધારણ કરી આ ત્રણેય જગતના ઉદ્ધાર માટે પ્રગટ્યા છે. તેઓ અપાર દયા અને કરુણા ધરાવનાર છે. તમે સાચેસાચ ધન્યવાદને પાત્ર છો. તમારું ભાગ્ય જોઈ અમે પણ ધન્ય થયા.

તમારે ત્યાં આવીને અમને પણ અનંત લાભ થયો. આનંદ તો વર્ણવી શકાય તેમ નથી. નારદે કહ્યું: હે ભૃગુઋષિ, તમારા લીધે મને આ લાભ પ્રાપ્ત થયો. સર્વને આનંદ આપવા તમારા કારણે તેઓ પ્રગટ્યા છે. તમારી કૃપા સમર્થ હોઈ તેનો પાર કોઈ પામી શકે નહીં. તમારો મહિમા શ્રેષ્ઠ છે. આ પ્રમાણે પરસ્પર સુખસંવાદ થતો હતો. તેથી ત્યાં બ્રહ્માનંદની છોળો ઊડતી હતી. તાંબુલપાત્ર હાથમાં લઈ આનંદકંદ શ્રીદત્ત નજીક આવ્યા. તેમણે તાંબુલપાત્ર આગળ મૂક્યું. અત્રિમહર્ષિએ ભૃગુ અને નારદને તાંબુલ આપ્યું. તે પછી સર્વ વિપ્રોને

તાંબુલ આપ્યાં. ત્યાં સુધી દુર્વાસા દક્ષિણા લઈ આવ્યા. તુલસીદલ અને જળ સાથે દક્ષિણા બધા સામે મૂકી અને તેની સૂચના આપી.

દક્ષિણા તાંબુલ અપાયા પછી બ્રાહ્મણોએ મંત્રાક્ષત આપ્યા. 'કલ્યાણ થાવ, સર્વ મનોરથ પૂર્ણ થાવ, દીર્ઘાયુષ્ય, સદ્‌ભાગ્ય અને સૌભાગ્ય પ્રાપ્ત થાવ.' વેદઘોષ સાથે વિપ્રોએ અક્ષત અત્રિના હાથમાં આપ્યા. અત્રિએ દ્વિજોને વંદન કર્યા. તેમણે અનસૂયાને બોલાવી. તેણે પણ વિપ્રોને ભાવપૂર્વક વંદન કર્યા. અત્રિએ તેને વિપ્રો દ્વારા અપાયેલા અક્ષતનો પ્રસાદ આપ્યો. અનસૂયાએ વિપ્રોને નમસ્કાર કર્યા. વિપ્રોએ આશીર્વાદ આપ્યો કે પૂર્ણ સૌભાગ્યફળ પ્રાપ્ત થાવ. પુત્ર, પૌત્ર સાથે સદા કલ્યાણ થાવ. ભૃગુઋષિ બોલ્યાઃ હે પતિવ્રતા, ગુણવર્ધિની, જ્ઞાનસરિતા, તારા આચરણથી અમને સંતોષ થયો છે. તારા આશ્રમમાં મને સુખ પ્રાપ્ત થયું છે. તને સૌભાગ્ય, સંતતિ, ધન, ઐશ્વર્ય, પુત્ર, પૌત્રો સહ કલ્યાણ પ્રાપ્ત થાવ. તારું જ્ઞાન, ભક્તિ સફળ થાવ. તારા મનની ઈચ્છા પૂરી થાવ અને તને પરાત્પર પદની પ્રાપ્તિ થાવ.

નારદમુનિએ કહ્યુંઃ હે માતા, સર્વ આશીર્વાદ તને પ્રાપ્ત થાવ. નારાયણની તારા પર કૃપા થાવ. તને દેવ, દ્વિજ, ગુરુ અને અતિથિની સેવા પ્રાપ્ત થાવ. તને હવે જન્મમરણ નથી. આ પ્રમાણે આશીર્વાદ પ્રાપ્ત થયા પછી અત્રિ અને અનસૂયાએ આનંદથી તેમને વારંવાર વંદન કર્યા. તે પછી ઋષિગણ તેમની આજ્ઞા લઈ પોતપોતાના ગૃહે ગયા. શ્રીદત્તે સદ્‌ગુરુને પ્રસાદ માટે વિનંતી કરી. અત્રિઋષિએ અનુમોદન આપતાં કહ્યુંઃ જા, આનંદપૂર્વક ભોજન કર. ભોજન થયા પછી સર્વ સાફસફાઈ થઈ. અનસૂયાએ સર્વ સ્ત્રીઓને સંતુષ્ટ કરી. ઋષિઓ પ્રમાણે તેમનો પણ યથોચિત સત્કાર કરી તેમને વિદાય આપી.

અનસૂયાએ દત્ત, દુર્વાસા અને ચંદ્રને ભોજન કરવા બેસાડ્યા. તેમણે સદ્‌ગુરુ ઉચ્છિષ્ટ પ્રસાદનું આનંદથી સેવન કર્યું. અવિનાશ દત્તે

માતાને કહ્યું: હે માતા, તારે ખૂબ મોડું થયું છે. તારી પણ થાળી પીરસી જમવા બેસ. માતાએ કહ્યું કે તમે પ્રથમ ભોજન માટે પ્રારંભ કરો. પછી હું ભોજન માટે બેસીશ. આ પ્રમાણે બધા પ્રસાદ ગ્રહણ કરી તૃપ્ત થયા. અવિનાશે તાંબુલ આપ્યું. તાંબુલસેવન કર્યા પછી ત્રણેએ વામકુક્ષી કરી. શ્રીદત્ત સ્વલીલાથી આ પ્રમાણે ઉત્સવનો આનંદ આપે છે. સુખનિદ્રાનું સમાધાન પામી સર્વ ઊઠ્યા. આંખોને જળ સ્પર્શ કરી જળપ્રાશન કર્યું. નારદ, ભૃગુઋષિએ અત્રિ પાસે વિદાય લીધી.

આ જ પ્રમાણે દુર્વાસા, ચંદ્ર અને દત્તે પણ અનસૂયાને વંદન કરી વિદાય લીધી. જતી વખતે સર્વને નમસ્કાર કર્યા. એકબીજાને આલિંગન આપ્યાં. પ્રેમપૂર્વક વિદાય આપી અને પુનઃ આવવા આમંત્રણ આપ્યું. સ્નેહનો ત્યાગ કદી ન કરશો, પરસ્પર લોભ રાખશો, નિત્ય ચરણસેવા આપશો અને કૃપાપ્રસાદ આપજો. આ પ્રમાણે નારદ, ભૃગુને વિનંતી કરવામાં આવી. ભૃગુઋષિ કહેવા લાગ્યા: આ તો પરસ્પર વ્યવહાર છે. મીઠાશ કદી ગોળનો ત્યાગ કરે? લોભ રાખશો. આશ્રમ પાછા જાવ ત્યારે જીવોને ભૂલશો નહીં. આમ કહી તેમણે પ્રયાણ કર્યું.

આ પ્રમાણે ચારેય જણ સુખ-સમાધાનથી રહેવા લાગ્યા. અવિનાશ સ્વયં બોધનો સાગર. તેની ઉપર વળી અત્રિઋષિનો કૃપાહસ્ત. તેનાથી તેમણે અનસૂયાના અંતઃકરણને શાંત કરી અન્ય જીવોનો પણ ઉદ્ધાર કર્યો. આ અવિનાશ દત્ત જગતના ઉદ્ધાર માટે જ પ્રગટ્યો છે. તેણે આનંદ સંપ્રદાયનો વિસ્તાર કરી ઉપદેશ કર્યો. જીવોનો ભવભય દૂર કરવા તે ત્વરિત પ્રગટ થયો. જ્ઞાનરૂપી શસ્ત્ર હાથમાં લઈ તેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો. દુષ્ટ લોકોને દંડ કર્યો અને જીવના દ્વન્દ્વનો નાશ કર્યો. તેણે મોહમાયા, વિકાર લોભનો પણ નાશ કર્યો. કારણ કે આવા શત્રુઓ જીવને અત્યંત પીડા આપે છે. આવા શત્રુઓ જીવને મોહ પમાડી જાળમાં ફસાવે છે. આ બધું જોઈને શ્રીદત્તને જીવોની દયા આવી અને જીવોને તારવા તે સ્વયં પ્રગટ થયો.

શ્રીદત્તે અનસૂયાને બોધ આપી તત્કાળ મુક્ત કરી અને તે જ પ્રમાણે યદુ અને સહસ્રાર્જુનને પણ મોક્ષ અપાવ્યો. જગદ્‌ગુરુ દત્ત એ સનાતન હોઈ જગતનું જીવન છે. જે તેમના ભક્તો અનન્યભાવથી તેમના શરણે જાય છે તેમનું ભવબંધન તે છેદે છે. શ્રીદત્ત એ દયાનો સાગર છે. ઉદ્ધાર માટે તે માર્ગ બતાવે છે. જેને ભવપાર થવું છે તેણે વિચાર કરવો. સદ્‌ગુરુ એ સંતશ્રેષ્ઠ અને તારકરાજા છે. લજ્જા છોડી તેમના શરણે જવું. તેમની સેવા કરી તેઓ કહેશે તેમ આચરણ કરતાં જીવનો ઉદ્ધાર કરશે. જ્ઞાનબીજનું શ્રવણ કરી તેનું મનન કરવું. અનંતસુત શ્રોતાઓને વિનંતી કરે છે કે નરદેહ પ્રાપ્ત કરી પરમાર્થને સાધવો. આ સર્વ સ્વામી દત્ત કહે છે. આથી હું તમને ભક્તિભાવથી શરણે આવ્યો છું.

॥ ઈતિ ચતુઃત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૩૫

શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥ શ્રીગુરુભ્યો નમઃ ॥

હે અવિનાશરૂપ અનંત, દયાળુ, ઉદાર, ભાગ્યવંત, કૃપાવંત, ભવભયહારક, સદ્‌ગુરુનાથ, તારો જયજયકાર. તને નમસ્કાર. તું અનાથનો નાથ, પતિતને પાવન કરનાર, દયાસાગર, જ્ઞાનઘન, અજ્ઞાન છેદક અને પાપ વિમોચન કરનાર છે. તારા નામના પ્રભાવથી કલિકાળ થર થર કાંપે છે. ગૂઢ માર્ગ સહેલો થાય છે અને તારા નામજપથી પાપ નષ્ટ થાય છે. તારી કૃપાદૃષ્ટિ જેના પર પડે છે તેને

ભવવ્યથા ત્રાસ આપતી નથી. તારા ચરણે શરણે આવનાર મોક્ષ મેળવે છે. તારો અભયકર જેના પર મુકાય તે ભવમુક્ત થાય છે. જેને તારા તરફથી બોધ પ્રાપ્ત થયો તેને પરાત્પર વસ્તુનો લાભ થાય છે. હે સદ્‌ગુરુ, દીનવત્સલ તારી એવી અદ્‌ભૂત લીલા છે કે તે કોઈ સમજી શકતું નથી. હે આનંદકંદ, આ તારા અનાથને તારા શરણે લે અને સ્વકૃપાથી આ મતિમંદની અંતરેચ્છા પૂર્ણ કર. તારી કૃપા થકી જ આ ગ્રંથનું વિવેચન થઈ રહ્યું છે. હવે શ્રોતાઓની ઈચ્છા અનુરૂપ આગળનું કથાનક શ્રવણ કરાવ. શ્રોતાઓની ઈચ્છા પૂરી ન થાય તો વક્તાને દૂષણ લાગશે અને તારું બિરુદ ઝાંખુ પડશે.

મારી બુદ્ધિ મંદ થઈ છે અને લેખન માટે કાંઈ સૂઝતુ નથી. મન ભ્રમિત થયું છે. આ હકીકત જાણી સદ્‌ગુરુનાથનું સ્તવન કર્યું અને વિનંતી કરી કે ગ્રંથ લેખનની તને જ ચિંતા છે કારણ કે ગ્રંથ લેખન માટે તેં જ પ્રેરણા કરી છે. તમારા ચરણકમળનો દાસ હું જીવભાવે થયો છું. હવે કથારંભ માટે મારી વાણીને પ્રેરણા આપ. આ પ્રમાણે સદ્‌ગુરુચરણનું ધ્યાન કર્યું અને કાગળ અને લેખિની બાજુ પર મૂકી સચિંત બેઠો. અંતઃકરણપૂર્વક ગુરુનાથનું સ્મરણ કરતાં ગુરુનાથને દયા આવી. તેઓ ધ્યાનમાં પ્રગટ થયા અને અભય આપતાં કહ્યું: તું વિવેચનને આગળ વધાર. સાચો વક્તા તો હું છું. અભયવચન સાંભળી હું સાવધ થયો અને શ્રીગુરુચરણે પ્રણામ કરી કાગળ-લેખિની હાથમાં લીધી. ત્યારે મનમાં થયું કે હવે શ્રોતાઓની જ પ્રાર્થના કરવી જોઈએ. તેઓ શ્રવણમાં સાદર થાય તો કથામાં અપાર રસવૃદ્ધિ થશે.

હે શ્રોતાઓ, તમે સંત મહંત, જ્ઞાની, ચિકિત્સક, પંડિત, દયાળુ, શાંત, દાંત અને બધા જ ગ્રંથોના જાણનાર છો. તમે જ્ઞાનવૃદ્ધ હોઈ, ગ્રંથરસપાનકર્તા છો. તમારા લીધે વક્તાનું માન વધે છે. તમે મને શંકર, સનક આદિ પ્રમાણે જ્ઞાની ભાસો છો. હું તમને વિનંતી કરું છું કે

હું મતિમંદ, અજ્ઞાની હોઈ તમારી સમક્ષ વિવેચન કેમ કરું? આપના જેવા સિંહ સામે શિયાળનું શું ગજું? મૂર્ખ મનુષ્યે બૃહસ્પતિ સમક્ષ વિદ્વત્તા દર્શાવવા જેવું થાય. માખીએ મેરુ પર્વતને પોતાની ઊડવાની ક્ષમતા બતાવવી અથવા આગિયાએ સૂર્ય સામે ચમકવા જેવું થાય. મારામાં ક્ષમતા ન હોવા છતાં આપના જેવા શ્રોતાઓ સમક્ષ નિરુપણ કરવાનું સાહસ કરી રહ્યો છું.

મારું કથન સાંભળી શ્રોતાઓ કહેવા લાગ્યાઃ હે વક્તા, તમે જરા પણ ઓછુ લગાડશો નહીં. તમારી પાછળ શ્રીદત્તની કૃપા કાર્યરત છે. કથા શ્રવણ કરાવો. તમારી વાણીને વહાવનાર તમારાથી ભિન્ન જ છે. ભય કે ચિંતા રાખ્યા વગર વક્તવ્ય શરૂ કરો. મનમાં સંકોચ ધરશો નહીં. તમારી કથા અમને મધુર લાગે છે. શ્રીદત્તકથા અતિશય પાવન હોઈ તેમાં અમારુ મન ખેંચાય છે. હવે કથારસનું અમને પ્રાશન કરાવો, અમે શ્રવણ કરવા અતિ ઉત્સુક છીએ. શ્રોતાઓનો ઉત્સાહ જોઈ વક્તાનો પણ ઉત્સાહ વધ્યો. તેણે કથા પ્રવાહને આગળ વધાર્યો.

ગત અધ્યાયમાં કહ્યું કે અવધૂતે બ્રાહ્મણોને તૃપ્ત કર્યા, ભૃગુ-નારદને સંતુષ્ટ કરી વિદાય આપી અને તે ઘરે પાછો ફર્યો. ત્યાંથી કથા આગળ વધે છે. શ્રીદત્તલીલા નિત્ય નવી છે. તે મહિમાનું વર્ણન કરું છું. અવધૂત એ સુખનો સાગર, અનાથનો નાથ અને દીનનો સખા છે. તેણે અનસૂયાને બોધ આપી પરમાનંદ આપ્યો. તે થકી અનસૂયા નિષ્કામ અને વૃત્તિરહિત થઈ. તેના જન્મમરણના ફેરા બંધ થયા, વૃત્તિ સ્વરૂપી લીન થઈ ભ્રાંતિ મરી પરવારી. મોહમાયા નષ્ટ થઈ અને મન આશા લોભ રહિત થયું. પ્રપંચ વિસરાઈ ગયો અને હું-તુંનું વિસ્મરણ થયું.

ધન્ય સદ્‌ગુરુ અત્રિનાથ કે જેમનો વરદહસ્ત મસ્તક પર પડતાં જ અનસૂયા બ્રહ્માનંદમાં ડોલવા લાગી અને સ્વાનંદપૂર્વક ગુરુપદનું સેવન

કરવા લાગી. તેના મનનો કકળાટ દૂર થયો અને મન શાંત થઈ શાશ્વત સુખ પામી. આ જોઈ દત્તદયાળને આનંદ થયો. ચિત્ત પ્રસન્ન થઈ અવધૂત સ્વેચ્છાથી વિચરણ કરવા લાગ્યા. સાંજે તેઓ સહ્યાદ્રિ પર આવી પિતૃસેવા કરતા. ચંદ્રને ગૃહસ્થાશ્રમી બનાવ્યો અને દુર્વાસા તપસ્ચારત થયો. તેણે યોગ સાધના કરી ઋષિ ઉચિત માર્ગ ગ્રહણ કર્યો. દિગંબર એ અવધૂત કક્ષાનો મોક્ષદાતા. તે યોગિઓમાં શ્રેષ્ઠ હોઈ તેની કાર્યપદ્ધતિ કોઈને ખબર પડતી નહીં. ત્રણેય લોકમાં તે વંદ્ય છે.

કોઈ એક સમયે તેમનાં દર્શન માટે સનત્કુમાર, સનંદન, કપિલમુનિ, નારદ, ભૃગુ, સપ્તર્ષિ, ગર્ગ ઈત્યાદિ ઋષિઓ આવ્યા. શુક યોગીંદ્ર પણ આવ્યા. શ્રીદત્તે તેમનું સન્માન કરી આસન પર બેસાડ્યા. પરસ્પર નમસ્કાર થયા. સહ્યાદ્રિમાં વસંતઋતુએ કિશોર અવસ્થા પ્રાપ્ત કરી હતી. બધાને આશ્રમ અને તેની આજુબાજુની શાંતિ જોઈ પ્રસન્નતા અનુભવાઈ. સર્વના મનમાં એક જ પ્રશ્ન હતો કે દત્તાત્રેય એ સ્વતંત્ર અવતાર કે દેવ છે તે જોવું. તે વિશે પ્રશ્ન પૂછીએ એટલે જવાબ મળશે તેમ તેમના મનમાં હતું. શ્રીદત્તનું મુખારવિંદ જોઈ તેમના મનમાં પ્રશ્ન જ ઉદ્ભવતો ન હતો. અવધૂત એક પ્રશ્નરૂપ જ દેખાતા હતા. આ પરિસ્થિતિ જોઈ સર્વ આશ્ચર્યચકિત થયા. નારદજી આ જાણતા હતા પરંતુ તેઓ કશું બોલ્યા નહીં.

ઋષિઓને જેના મનમાં જેવી ભાવના હતી તેવા તેઓ તેમને દેખાતા હતા. મુખમાંથી શબ્દ નીકળતો ન હતો. બધા જ જ્ઞાની, ચતુર હોઈ એકપણ શબ્દ વૈખરી દ્વારા બહાર પડતો ન હતો. તેમની વૃત્તિ સ્થિર થઈ ગઈ. મનમાં એક જ કોયડો હતોઃ શ્રીદત્ત કોણ અને કેવી વ્યક્તિ છે? મનમાં પ્રશ્ન છે પરંતુ પૂછી શકાતું નથી. તે સમયે દત્તાત્રેયે સર્વના મનમાં જે પ્રશ્ન હતો તે ઓળખ્યો. પરંતુ પોતે થઈને કશું પ્રગટ કરવાની તેમની ઈચ્છા ન હતી. જેની જેવી ભાવના તે પ્રમાણે તેમને

તેમનું સ્વરૂપ દેખાતું હતું. બધાને ગતાગમ પડતી ન હતી. સ્વરૂપની ઓળખાણ પડતી ન હતી. ઇંદ્રિયો શાંત થઈ, વૃત્તિઓ શમી ગઈ. આંખોની પાંપણ હાલતી ન હતી. બધાને આશ્ચર્ય થયું કે આ વિભૂતિ ધન્ય છે.

સર્વને થયું કે આપણે કઈ યુક્તિ કરીએ તો આપણી ઈચ્છા પૂરી થાય? દત્ત સ્વરૂપમાં મન પરોવાયું હતું તે આંખો સાથે પાછું ખેંચ્યું. અંદર અંદર વાર્તાલાપ કરવા લાગ્યા. સપ્તર્ષિ આશ્ચર્યથી બોલવા લાગ્યાઃ પદાર્થમાત્ર ક્યાંથી આવે છે? શું પરિવર્તન પામે છે અને આ વ્યવહારનો નિયંતા કોણ? પ્રશ્નના જવાબમાં સનત્કુમારે કહ્યુઃ આ સર્વ પ્રકાર માયાથી ઉત્પન્ન થાય છે. માયાનો નિયંત્રક ઈશ્વર છે. તે બધા જાણે છે. કપિલ ઋષિએ સવાલ કર્યોઃ ઈશ્વર કોને કહેવો તથા તેને કેવી રીતે ઓળખવો તે નિશ્ચિતપણે કહો. આ સાંભળી સનકનંદન બોલ્યાઃ ઈશ્વર નિર્ગુણ, નિરામય છે, નિરુપમ, નિર્વિકાર, નિરાલંબ, નિરંજન, પરત્પર, અનાદિ, અગમ્ય બ્રહ્મ જ ઈશ્વર સ્વરૂપ છે.

જ્ઞાનચર્ચામાં ભાગ લેતા શુકમુનિ કહેવા લાગ્યાઃ આવી મહત્તા જેની છે તે ઈશ્વર ગુણમાં રાચે છે તે એક નવીનતા છે. તેણે અનેક અવતાર ધારણ કર્યા, અનેક પ્રકારનાં ચરિત્રો બતાવ્યાં. તેના ગુણનું વર્ણન વેદોએ પણ કર્યું છે અને પુરાણોમાં પણ તેનો મહિમા ગાયો છે. નારદજીએ ટાપશી પુરાવતા કહ્યુંઃ શુકદેવજી, ભક્તિભાવ જોઈ તે અવતાર લે છે તે તો તમને ખબર જ છે. દુષ્ટ લોકોનો પાપાચાર વધ્યો, સન્માર્ગી લોકોને કષ્ટ થવા માંડ્યું એટલે તે અવતાર લે છે તે તમે જાણો છો. તેવી પરિસ્થિતિમાં દુરાચારી લોકો પર કોપ કરી તેમનો સંહાર કરે છે અને પોતાનું સામર્થ્ય બતાવી ધર્મસ્થાપનાનું કાર્ય કરે છે. પોતાના ભક્તોનું રક્ષણ કરે છે, દુષ્ટોનો ભાર પૃથ્વી પરથી ઓછો કરે છે. આ રીતે તે જગતનો ઉદ્ધાર કરે છે. શરણાગતનું રક્ષણ કરે છે અને પોતાનો મહિમા ફેલાવે છે.

ચર્ચામાં ભાગ લેતાં ગાર્ગીએ કહ્યુઃ તમે જે કહો છો તે સર્વ માયાનો ખેલ છે. તમે એકબીજાને અલગ અલગ ઉદાહરણો આપો છો પરંતુ તે એક જ જળના વિવિધ તરંગો છે તે જાણતા નથી. પારાનો પરપોટો ફૂટ્યો તો પારો જ જમીન પર વિખરાઈ જાય છે. તે જ પ્રમાણે ઈશ્વર સાકારરૂપ છે. તે એકનું જ અનેકમાં રૂપાંતર જુઓ છો. જે તમે જુઓ છો તે તો ભાસમાત્ર જ છે પરંતુ ભોગવતી વખતે તે સત્ય જ ભાસે છે. જેટલું દેખાય છે તેટલું જ નાશવંત છે પરંતુ મનુષ્ય તેમાં જ પ્રેમથી બદ્ધ થાય છે. આ પ્રેમ જ્યાંથી નિર્માણ પામે છે તે દેખાતું નથી. તેની ઓળખાણ થતાં જ જન્મમૃત્યુનું ચક્ર નષ્ટ થાય છે.

મૂળ જેનું તેમાં જ છે. જે પ્રમાણે ફળમાં બીજ હોય છે તે બીજથી વૃક્ષ પેદા થાય છે. વૃક્ષને ફરી ફળ લાગે છે. સ્વપ્નમાં આપણે પોતે જ છીએ. જે સર્વમાં આસક્તિરહિત થાય છે તે મૂળ સ્વરૂપને જ પ્રાપ્ત થાય છે. ગાર્ગીની વાતથી સર્વને સંતોષ થયો. ભૃગુઋષિએ કહ્યુંઃ તે જ અવિનાશમાં સ્થિત છે. તે જ સાકારમૂર્તિ દત્તદેવ તરીકે દેખાય છે. કાળજીપૂર્વક તેનું પ્રેમપૂર્વક ધ્યાન ચિત્તમાં કરવુ. આ દત્તદેવ એ આનંદ-કંદ, સર્વજ્ઞનો સાગર હોઈ જગતના ઉદ્ધાર માટે દયાળુ થઈ પ્રગટ્યો છે. જેનું અનંત પુણ્ય એકઠું થયું છે તેને જ તેનાં દર્શન થાય છે. આપણું અત્યાર સુધી પુણ્ય એકઠું થયું આથી આજે તેનાં દર્શન થયાં. તેનું સ્વરૂપ એટલુ સુંદર છે કે તેના તરફ મન ચોટ્યા પછી ખસેડવાનું મન થતું નથી. સાચું સ્વરૂપ દૃષ્ટિએ પડતાં જ ખોટું અદૃશ્ય થયું અને મનની ભ્રાંતિ દૂર થઈ.

જુઓ દત્તાત્રેયનું અવલોકન કરતાં જ કમળ તરફ ભ્રમર આકર્ષિત થાય છે તેમ નેત્રો તેની તરફ જ મંડાએલાં રહે છે. માયિક પદાર્થની યાદ, ભૂખ અને તરસ અને બીજાં કાર્યો ભૂલાવી દે છે. આ વાક્ય પર બધાએ સંમતિ દર્શાવી અને કહ્યુંઃ તે મનોહર સ્વરૂપ પર પ્રેમ

ઉભરાયો. જાણે કે મધમાખી અને મધપુડા વચ્ચે આવો જ સંબંધ રહ્યો. વૃત્તિ ખસતી જ નથી. મન આકર્ષિત થયું તે ખસતું જ નથી. ઇંદ્રિયો, અંતઃકરણ જાણે સમરસ થઈ ગયાં. પરંતુ શ્રી દત્તાત્રેયના વાક્‌પ્રસાદ માટે કાન અધીરા થયા છે. આ પ્રમાણે અંદરોઅંદર જ્ઞાનચર્ચા થતી હતી તેનો મર્મ જાણી દત્તાત્રેયને થયું કે આપણે આનું રહસ્ય પ્રગટ કરી સમજાવવું અને ઋષિઓના મનોરથ પૂર્ણ કરીએ.

શ્રીદત્તે સર્વ ઋષિઓ પર કૃપાપૂર્ણ વેધક દૃષ્ટિ નાંખી અને સસ્મિત વદનથી બોલ્યાઃ બધા ધ્યાન આપો. હું કથન કરું છું તે સાવધાનતાથી શ્રવણ કરો. શ્રીદત્ત કહે છેઃ હું પુરુષ નથી કે પ્રકૃતિ નથી. નાનો નથી કે મોટો નથી. મને કોઈ શિષ્ય નથી અથવા હું કોઈનો શિષ્ય નથી. હું નમ્ર નથી કે ઉદ્ધત પણ નથી. મને ક્ષય કે વૃદ્ધિ નથી. હું આંધળો કે દેખતો નથી. હું સુંદર કે કુરૂપ નથી. મારો કોઈને ભય નથી અને હું પણ કોઈથી ભય પામતો નથી. હું દોડતો નથી પણ પાંગળો પણ નથી. હું વ્યવસ્થિત કે અવ્યવસ્થિત નથી. હું મૂંગો નથી અને વાચાળ પણ નથી. હું નિર્બળ નથી અને બળવાન પણ નથી. હું ભાસમાન કે અભાસમાન પણ નથી. હું ખાલી કે ભરેલો પણ નથી. હું હલકો કે ભારે પણ નથી. હું સીધો કે વાંકો નથી. હું બિરાજમાન કે લટકતો પણ નથી.

હું રૂપી કે અરૂપી નથી. હું તેજ નથી કે દીવો નથી. પુણ્ય કે પાપ અથવા દયાળુ કે ક્રોધી પણ નથી. હું ગુણી કે ગુણાતીત પણ નથી. ભેદ કે ભેદાતીત, વાદી કે વાદાતીત નથી. હું લોભી કે ઉદાર પણ નથી. હું વર્ણી કે અવર્ણી નથી. મને કોઈ અલગ કુળગોત્ર નથી. હું હોમ નથી કે હવિ નથી. હું ભોગવનાર કે ભોક્તા નથી. નામી કે અનામી, કર્મ કે કર્મી, વર્મ કે વર્મી નથી. હું સાવધાન નથી કે ઊંઘણશી નથી. હું કર્તા, કરવિતા નથી. મને આદિ, મધ્ય અને અંત નથી.

હું આસક્ત કે અનાસક્ત નથી. ભાગ્યવાન કે ભાગ્યહીન નથી. રંગી કે અરંગી, સંગી કે નિઃસંગી પણ નથી. ભોગી કે ત્યાગી નથી.

હું અનિત્ય કે શાશ્વત નથી, ન રાત્રી છું કે દિવસ છું. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, તારો પણ નથી. હું સ્વર્ગ, પૃથ્વી કે પાતાળ પણ નથી. હું પૃથ્વી, આપ, તેજ, વાયુ, આકાશ નથી. હું ઇંદ્રિય, મન, બુદ્ધિ, પ્રાણ નથી. હું ઉદય નથી કે અસ્ત નથી. પર્જન્ય, તડકો, છાંયડો, પાપ, પુણ્યથી જુદો છું. રમતમાં રહેવા છતાં રમતથી જુદો છું. હું જ્ઞાની, અજ્ઞાની, ગુણી, અગુણી, ગુણજ્ઞ કે મૂર્ખ નથી. ક્ષર, અક્ષર, આપ, પર, આપ્ત, અનાપ્ત નથી. પરંતુ સર્વાંતર સર્વાત્મા છું. હું દૂર, નજીક નથી અને સર્વવ્યાપી હોવા છતાં નિરાળો છું. મારા વગર ખાલી કોઈ જગ્યા-સ્થળ નથી. મને માતા પિતા, ભાઈ, બહેન, પત્ની પરિવાર નથી. હું એકલો જ છું.

હું જ પોતાને બધે સ્થળે જોઉં છું. અનેકમાં એકત્વથી રહું છું. હું જ વિકાર રૂપ આકાર થયો. સર્વ સ્થળે વ્યાપક રહી સાક્ષીપણાથી જુદો રહ્યો. "બ્રહ્માસ્મિ" પદ પામ્યો અને તમને જોઈને આનંદ થયો. મારી થાપણ (જ્ઞાનરૂપી) તમારી પાસે છે. તમારા વગર મને વિશ્રાંતિ ક્યાં મળશે? તમારી જેવી પ્રેમભક્તિ તે અનુસાર મારે થવું પડે છે. હું-મારું છોડીને તમે મારી સાથે જોડાવ છો. તમારી ઈચ્છાથી હું તે અનુરૂપ સગુણરૂપ ધારણ કરું છું. મેં ભકતોની ઈચ્છા પ્રમાણે ૨૪ અવતારો ધારણ કર્યા છે. પરંતુ ભાવિકોને મળવા માટે પ્રગટ થવું જ પડે છે. તે અવતારોની ગણના વેદ પુરાણોમાં ક્યાંય થઈ નથી. મારા નામરૂપને અંત નથી, આથી મારું નામ અનંત છે.

તમે સર્વ અનંતમાં આવી ગયા. તે સિવાય બીજું કાંઈ સિલક નથી. તમે મારામાં તથા હું તમારામાં વ્યાપ્યો છું. રત્ન અને તેનું તેજ એક જ હોય છે, ચળકાટ અને સુવર્ણ એક છે તેમ તમે અને હું એક જ

છીએ. સદ્‌ગુરુનું આવું અદ્‌ભુત અને મધુર ભાષણ સાંભળી બધાંને આનંદ થયો અને તેઓ આનંદથી ડોલવાં લાગ્યાં. પ્રેમનાં મોજાં હૃદયમાં ઉછાળા મારવાં લાગ્યાં બધાએ દત્તગુરુનો જયજયકાર કર્યો. દેહઅહંતા ભૂલી બધાએ શ્રીદત્તચરણે મસ્તક મૂક્યું. શ્રીદત્તે પણ બધાંને વંદન કર્યા અને આલિંગન આપ્યું. આલિંગન આપતાં જ હું-તુંનો વિલય થયો. સાગરમાં મીઠું જેમ ઓગળી જાય તે પ્રમાણે સમાધિ વ્યાપી ગઈ. હૃદયમાં અવિનાશ દત્ત પ્રગટવાને લીધે વૃત્તિ દેહાતીત થઈ.

દેવર્ષિ નારદે વિચાર કર્યો કે આ તો વિપરીત થઈ રહ્યું છે. આમને સાવધાન કરવા જોઈએ. નારદે ગાયનનો પ્રારંભ કર્યો. પ્રેમભક્તિથી કરેલા ગાયનને શ્રવણ કરી શ્રીદત્ત સમાધિમાંથી જાગ્રત થયા. સર્વની દૃષ્ટિ તેમના તરફ હતી. શ્રીદત્તનું મુખારવિંદ જોઈ સર્વને આનંદ થયો. બધા જ આનંદથી ડોલવા લાગ્યા. તેઓ સ્વગત બોલવા લાગ્યાઃ આ અવિનાશ દત્તમૂર્તિ ખરેખર ધન્ય છે. જીવોને વિશ્રાંતિ આપવા માટે તે પ્રગટ થઈ છે. જગત માટે તે દયામેઘ સ્વરૂપે કૃપાનો વર્ષાવ કરી રહ્યો છે. તેનું નામ અવિનાશ પતિતપાવન. તે જગતનો ઉદ્ધાર કરવા પ્રગટ્યો છે. કોમળ હૃદયનો દયાળુ દત્ત એ પરબ્રહ્મ જ છે.

શ્રીદત્તનાં દર્શનથી જીવોના સર્વ તાપ શમે છે તે શરણાગતને નિર્ભય પદ આપે છે. શ્રીદત્ત એ સુખનો દાતા, શરણાગતનો શ્રમહર્તા હોઈ તેની કૃપાથી દુઃખચિંતા નષ્ટ થાય છે. અંતરની કામના પૂરી થાય છે. આ ષડ્‌ભુજ ત્રિગુણાત્મક, સર્વાધીશ, મોટો સમર્થ અવતાર છે. દેવ અને માનવ તેનાં દાસ થઈ તેની કૃપાની ઈચ્છા કરે છે. તે માટે શુક, સનકસનંદન, સનત્કુમાર, ગાર્ગી, કપિલમુનિ, ભૃગુ, નારદ અને ઈતર ઋષિમુનિ કહે છે કેઃ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ઇંદ્રાદિ દેવ, નળ, કુબેર આદિએ અનેક સ્તુતિ સ્તોત્રો કર્યા છે. તેઓ સાધકોને સ્વહિત

સાધવા માટે ખૂબ જ ઉપયોગી છે. કેટલાકે સ્તોત્રોની રચના કરી, કેટલાકે કવચ, મંત્ર, યંત્ર, તંત્રોની રચના કરી શ્રીદત્તને પ્રસન્ન કર્યા છે. તે બધાનો ઉલ્લેખ કરવા જઈએ તો ગ્રંથ સાગરની જેમ વિશાળ થાય. આથી વિસ્તાર ન કરતાં ફક્ત ભાવાર્થ કહ્યો.

જે વિવિધ સાધનો અને પ્રયોગ છે તે જાણકારોની માહિતીમાં છે. તે સાધનો દ્વારા ઈચ્છિત મનોરથો પૂરા થાય છે. તેમાં શ્રીદત્તકૃપા મુખ્યત્વે કારણભૂત છે. શ્રીદત્તકૃપા પ્રાપ્ત થવા એક ઉપાય શોધ્યો છે. તે ઉપાય દ્વારા ભક્તો મનોકામના સિદ્ધ કરી શકે છે. તે સાધન એટલે દત્તમાલામંત્ર. શ્રીદત્તનું વિધિયુક્ત ધ્યાન કરવું. સદ્‌ગુરુને શરણે જઈ તે મંત્રરાજ ગ્રહણ કરવો. ન્યાસ, ક્રમ, ધારણા, ધ્યાન, આસન આદિ સમજી લેવાં. અશ્વત્થ, તુલસી, ઔદુંબર, આમળાનું ઝાડ, વડ, રમ્ય વન, ગંગાતીર, દેવમંદિર અને ગુરુઆશ્રમ આટલાં સ્થળો અનુષ્ઠાન માટે યોગ્ય નિર્મળ સ્થળો છે. સાધકોએ ઇંદ્રિય નિગ્રહ કરી તે મંત્રનો ત્રિકાળ જપ કરવો. મન એકાગ્ર કરી મંત્ર નિયમપૂર્વક જપવો. તેનું અક્ષરયુકત પુરશ્ચરણ કરવાથી અવિનાશ દત્ત દર્શન આપે છે. હું આ અનુભવ લઈને વિશ્વાસ સાથે કહું છું. ભાવિક ભક્તોને અવશ્ય ફળ મળશે. દાંભિકોનું અહીં કામ નથી.

વિષયી, પાપી, નુગુરો, દુર્મતિ લોકોને તેનો અધિકાર નથી. શુદ્ધ સાત્ત્વિકને તે નિશ્ચિત ફળ આપે છે. આ પ્રમાણે સાધકોને સાધન કહ્યું છે. જે કહ્યા પ્રમાણે આચરણ કરશે તેના પર અવિનાશ દત્તાત્રેય કૃપા કરશે. ઋષિ મુનિઓની આ પ્રકારની વાણી સાંભળી શ્રીદત્તાત્રેયે આનંદપૂર્વક કહ્યું: આ આજ્ઞા સ્વીકારી હું અનુષ્ઠાનકર્તાનું કલ્યાણ કરીશ. આ પ્રમાણે શ્રીદત્ત તરફથી અભયવચન મળવાથી સર્વએ શ્રીદત્તનો જયજયકાર કર્યો. ધન્ય છે અવધૂતને! આનંદ ઉલ્લાસ સાથે સર્વ સમાધાન પામ્યા. અવધૂતની આજ્ઞા લઈ સહુ પોતપોતાના ઘરે

ગયા. તે પછી ષડ્‌ગુણ સંપન્ન શ્રીદત્ત સ્વેચ્છાથી ભ્રમણ કરતા આગામી અધ્યાયમાં તેઓ પશ્ચિમ દિશામાં જઈ લોકોને મળશે. તેમની અભિનવ લીલાનો કથાપ્રસંગ સાંભળી સર્વ આનંદ પામશે.

શ્રીદત્તના સંવાદમાં લઘુતા છે. યોગિરાજ દત્તનો મહિમા યથાર્થ રીતે કોઈ પણ જાણી શકતો નથી. જીવોની સર્વકામના પૂર્ણ કરી અનન્ય શરણે આવેલાનો તે ઉદ્ધાર કરે છે. શ્રીદત્ત હંમેશા સંતોના હૃદયમાં નિવાસ કરે છે. સંતોને દત્ત ચરણની પ્રીતિ છે. સંતોના સહવાસમાં દત્તને આનંદ આવે છે. સંતો પોતાના હૃદયકમળમાં નિર્મળ, અવિનાશી દત્તનું ધ્યાન કરે છે. એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં દત્ત સંતોનું રક્ષણ કરે છે. ચૈતન્યનો ગર્ભ એવો શ્રીદત્ત સંતોના કીર્તનમાં હાજર હોય છે. સંતોમાં દત્તકૃપાની શોભા હોય છે. લીલાલાઘવ શ્રીદત્ત એ સંતોનું પિયર છે. તેની કૃપાથી તે સંતોનું હૃદય રંગી નાંખે છે.

તમે સંતો દયાળુ, વૈરાગ્યપૂર્ણ, પ્રબોધરૂપી જ્ઞાનસૂર્ય પ્રેમભક્તિનો મુગુટમણિ છો. તમે શ્રોતાઓરૂપી સંતો ઉદાર, ધીર ગંભીર કૃપા સાગર હોઈ તમારી દાતૃત્વશક્તિને કોઈ પણ મર્યાદા નથી. તમારી કીર્તિથી આકાશ છલકાય છે. તમારા સંતોના ચરણે સિદ્ધિ દાસી થઈ રહે છે. તેમ છતાં તમે તેની દરકાર કરતા નથી અને અવિનાશ દત્તના ચરણે લીન થાવ છો. તમે સાચે જ ધન્ય છો. ચિંતામણિ, કલ્પતરુ અથવા કામધેનુ જે આપી શકતાં નથી તે તમે આપી શકો છો. તમારું સામર્થ્ય ગહન છે. સૂર્ય સામે આગિયો, મોટા પક્ષી સામે બાજ પક્ષી તે પ્રમાણે તમને કોઈ પણ ઉપમા આપીએ તો તે તુચ્છ છે.

તમારું સામર્થ્ય અપાર અને અનુપમ છે. દેવો તમારી પાછળ ઘેલા છે. તમારા જેવાએ આર્તપોકાર કર્યો કે તમે લાકડામાંથી પણ પ્રગટ થાવ છો. (પ્રહ્‌લાદ) તમે હંમેશા સાધુ સંતોની આગળ પાછળ ફરો છો. ઈશ્વર ભક્તોની ભાવના પ્રમાણે અનુરૂપ થઈ તમારી ઈચ્છા

પ્રમાણે વર્તે છે. પોતાની મહત્તા ભૂલી તે એકદમ હલકાં કામો પણ કરે છે (ચોખામેળા માટે મરેલા ઢોરનાં ચામડાં ઉતારવાના કામમાં તેને મદદ કરી. સાવંતા માળીને માળી કામમાં મદદ કરી, જનાબાઈ માટે છાણાં થાપ્યાં, ગોરાકુંભાર માટે માટલાં ટીપ્યાં.) તમે સંતો ખરેખર ધન્ય છો. તમારી લીલા અને કીર્તિ સાંભળી હું તમારા શરણે આવ્યો છું. આ અનંતસુત સેવકની સેવા હંમેશા લેતા રહેજો.

॥ ઈતિ પંચત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૩૬

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુભ્યો નમઃ ॥

હે દિગંબર વેષધારી પાંડુરંગ, ત્રિતાપ દૂર કરનાર સંસાર તારનાર, તું તારા કૃપાકટાક્ષથી જગતનો ઉદ્ધાર કરે છે. યોગીઓના અંતઃકરણમાં નિવાસ કરનાર યોગીંદ્ર તને નમન. વિમલ અને કોમળ કમળની પાંખડી પ્રમાણે તેજસ્વી તારી આંખો છે. તું શ્યામસુંદર અને સુહાસ્યવદન છે. વીજળી જેવા તેજસ્વી પીળા વસ્ત્રમાં તું શોભી રહ્યો છે. હે પતિતપાવન, તને નમસ્કાર. તું શાશ્વત, અભંગ, સર્વજ્ઞ, ઉદાર નિઃસંગ સદ્‌ગુરુ છે. મારા પર ત્વરિત કૃપા કર અને તારા ગુણ ગાવા માટે મને સ્ફૂર્તિ આપ. અત્યાર સુધી તારી કૃપાના બળ ઉપર ગ્રંથ વદાવ્યો. તે જ પ્રમાણે આગળ પણ રસાળ વિવેચન થવા દે. શ્રોતાઓનું મન કથામાં રસતરબોળ

થયું છે. હે સદ્‌ગુરુ અનંત, તું સર્વજ્ઞ, સંપન્ન અને દાતા છે. આ દીનના અંતરનો હેતુ તું જાણે છે. તે પૂરો કર.

ગત અધ્યાયમાં શુકસનકાદિ ઋષિ પોતપોતાના સ્થળે ગયા. તે પછી અવધૂત સ્વેચ્છાએ નિર્બંધ વિચરણ કરવા લાગ્યા. થોડા સમય પછી તેઓ પશ્ચિમમાં દ્વારકા પહોંચ્યા. ત્યાંથી ગિરનાર પર્વત પર વિશ્રાંતિ માટે પહોંચ્યા પછી સર્વ સિદ્ધોને આ વાતની ખબર પડી. તેઓ શ્રીદત્તનું ગૌરવ કરી તેમનાં દર્શને દોડી આવ્યા. તે સમયે એક અદ્‌ભુત ઘટના બની. આદિવૈષ્ણવ, ભૂતપતિ, પરમેશ્વર, કૈલાસનાથ, ઉમાવર, યોગિરાજ, શિવશંકર, પન્નગભૂષણ, પંચવદન, દશભૂજ, વૃષભવાહન, ગંગાધર, જેનું ધ્યાન સર્વ દેવતા કરે છે, વેદપુરાણ શાસ્ત્રો જેનો મહિમા ગાય છે, ઋષિમુનિ જેમનું સ્તવન કરે છે, જે વિષ્ણુનું આરાધ્ય દૈવત, શૂલપાણિ તપ માટે સિંધુતીરે બેસી સમાધિમાં આરાધ્ય દૈવતનું ધ્યાન કરતા હતા.

શિવશંકર એ વિષ્ણુના આરાધ્ય દેવ. વિષ્ણુને હંમેશાં લાગે કે આપણે સદ્‌ગુરુ શંકરને ભાવપૂર્વક નમન કરી તેનો અનુગ્રહ લેવો. પણ ઉપાય જડતો ન હતો. શંકરનું આરાધ્ય દૈવત વિષ્ણુ.* તો આ ઈચ્છા કેવી રીતે પૂરી કરવી? કોઈ યુક્તિ કરવી જોઈએ. જેને પોતાનો હેતુ સિદ્ધ કરવો છે તેણે મોટાઈ અને જક્કીપણું છોડવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરી વિષ્ણુએ એક માછલીના ઉદરમાં પ્રવેશ કર્યો અને યોગ્ય તકની રાહ જોવા લાગ્યા.

શૂલપાણિ ધ્યાનસ્થ હોવાથી શ્રી વિષ્ણુએ માછલીના મનમાં પ્રેરણા કરી અને તે શિવશંકરની આજુબાજુ ફરવા લાગી. તેનું ચિત્ત પણ

* બ્રહ્મનાં જ આ અભિન્ન અંગ હોવાથી કોઈ તેમાંથી નાનો નથી કે કોઈ મોટો નથી. પરસ્પર સમસમાન હોઈ તેઓ લીલા તરીકે આવું વર્તન કરે છે અને તેનું વર્ણન પુરાણોમાં હોય છે.

શિવચરણે લાગ્યું. શિવશંકરનો ઘણો સમય તપશ્ચર્યામાં વીત્યો. આથી તેમની શોધમાં પાર્વતી ફરતાં ફરતાં તે સ્થળે આવ્યાં.

પાર્વતીએ શિવજીનાં ચરણવંદન કરી નમ્રતાથી પૂછ્યુંઃ સર્વ દેવ તમારાં ચરણોને વંદન કરે છે. તમે એકાંતમાં કોનું ધ્યાન અને સ્તવન કરો છો? શિવશંકરે જવાબ આપ્યોઃ સર્વાત્મક, મોક્ષદાયી, માયાતીત, નિરંજન, ચિત્તચાલક, ચૈતન્યઘન, અવિનાશ, નિરામય, નિર્ગુણ, અચલ, અભંગ, સનાતન, માયાનિયંતા, સર્વાધાર, પરાત્પર ઈશ્વરનું હું ધ્યાન કરું છું. જન્મ લઈને તેને જાણવું ત્યારે જ સાર્થક થશે ઈશ્વરને કેવી રીતે જાણવો તે સદ્‌ગુરુમુખથી શ્રવણ કરવું છે. સદ્‌ગુરુના જ્ઞાનપ્રબોધથી દ્વંદ્વ તૂટે છે. સદ્‌ગુરુકૃપા દ્વારા જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી તેને પશુ જ જાણવો. તેવો મનુષ્ય ભવસાગરમાંથી પાર થતો નથી. ગુરુવિમુખ પ્રાણીને ગધેડો જ સમજવો. તેવા મનુષ્યનાં દર્શન થતાં સ્નાન કરીને શુદ્ધ થવું.

ગુરુકૃપા વિના જેણે પણ અનેક સાધન કર્યાં, પુષ્કળ અભ્યાસ કરી જ્ઞાન મેળવ્યું, મોટી માન્યતા મેળવી હોય તો પણ ગુરુ વિના સર્વ વ્યર્થ છે. જ્ઞાનનું તેને અભિમાન થાય છે આથી બીજાનું અપમાન કરવા તે પ્રયત્ન કરે છે. આશા, લોભ, મોટાઈ અને અજ્ઞાનથી દૂષિત થઈ તેની પડતી થાય છે. ધ્યાનમાં ચિત્તને પરોવવું કે આપણે જ ધ્યાનરૂપ થઈ અવિનાશપદે સુખ ભોગવવું. કયું શ્રેષ્ઠ? સદ્‌ગુરુને શરણે ગયા વિના આપણે જ ધ્યાનરૂપ થવાનું શ્રેષ્ઠ પગથિયું ચઢી શકતા નથી. વિદ્યાનું અભિમાન કરવાથી અપરોક્ષ જ્ઞાન થતું નથી. તે માટે સદ્‌ગુરુને શરણે જવું જોઈએ. તેની કૃપા પ્રાપ્ત થાય તો અનુભવ નિશ્ચિતપણે મળે છે. ગુરુકૃપા થાય કે બીજી કોઈ ચિંતા રહેતી નથી. નિર્વિકલ્પતા સિદ્ધ થઈ ચિત્તને પૂર્ણાનંદ પ્રાપ્ત થાય છે.

જળમાં તરતી માછલીએ આ જ્ઞાનવાર્તા સાંભળી તેને આનંદ થયો. ભગવતી ઉમાએ ગદ્‌ગદ્‌ થઈ શિવચરણે નમસ્કાર કર્યા અને તેણે

વિનંતી કરીઃ હે આદિનાથ શંકર, હું તમારા શરણે આવી છું. મારો શિષ્ય તરીકે સ્વીકાર કર. મારો સદ્‌ગુરુ તું જ છે. કૃપા કરી મારો ઉદ્ધાર કર. મને તારકમંત્રનો ઉપદેશ કરી જ્ઞાનપ્રબોધ કર. મને સ્વસ્વરૂપમાં લીન કરાવી અદ્વૈતની પ્રાપ્તિ કરાવ. ત્રિવિધ તાપથી દાઝેલી મને શાંત કર અને અઢળ અવિનાશ પદ આપ. તું સચ્ચિદ્‌ઘન, આનંદમૂર્તિ હોઈ શરણાગતની મનોકામના જાણે છે. તું પતિતપાવન, અનાથનાથ, કૈવલ્યનિધાન, જીવોનું જીવન છે. આથી હું તારે શરણે આવી છું.

અપર્ણા (પાર્વતી)ની વિનંતી સાંભળી શંકરનું હૃદય દ્રવ્યું અને તેમણે પાર્વતીને આલિંગન આપ્યું. પાર્વતીએ શિવજીનાં ચરણો દૃઢ પકડ્યાં. શિવજીએ તેને અભય આપ્યું અને સ્વબીજ કાનમાં પ્રેરિત કર્યું. મંત્રબીજ તરત જ તેના હૃદયસોંસરવું ઉતરી ગયું અને ક્ષણાર્ધમાં તેના તાપ શમી ગયા અને દેહ શીતળ થયો. ઉમાપતિએ અપર્ણાને આધ્યાત્મજ્ઞાનનો બોધ કર્યો. તેનું દ્વૈત મટી ગયું અને વૃત્તિ શુદ્ધ થઈ. માયાનાં આવરણો નષ્ટ થયાં અને સત્ય પદાર્થ પર મન કેન્દ્રિત થયું. ષટ્‌ચક્રો ક્રિયાન્વિત થતાં જ મન ઉન્મન થયું. શિવશંકરે જ્ઞાનની અસર કેવી થઈ અથવા તને હવે આ દુનિયા કેવી લાગે છે તેમ પૂછતાં પાર્વતી હુંકારાથી જવાબ આપી શકવા શક્તિમાન ન હતી.

માછલીના ગર્ભમાં રહેલા વિષ્ણુ ભગવાને હુંકારો ભરવાનું ચાલુ કર્યું. વિષ્ણુએ ઉમા સાથે અનુગ્રહ પ્રાપ્ત કરી જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેને સ્વરૂપ સાક્ષાત્કારનો પણ અનુભવ થયો. શંકર ભગવાને ઊંચે નજર કરી તો અપર્ણા દેહભાન ભૂલી હતી. તે હુંકારો કાઢતી ન હતી. તો સામો જવાબ કોણે આપ્યો તે જોતાં જળમાંથી તે જવાબ આવતો હતો. માછલીના ગર્ભસ્થ શિશુએ પ્રગટ થઈ શિવજીનાં ચરણવંદન કર્યાં. તે મનુજરૂપે અત્યંત સુંદર જાણે કે પૃથ્વી પર અવતરેલ સૂર્ય જ હતો. તેણે શિવજીની સ્તુતિ કરી તેમને સંતુષ્ટ કર્યા. શંકરે તેનું નામાભિધાન મત્સ્યેન્દ્રનાથ પાડ્યું. તેને અદ્‌ભુત જ્ઞાન થયું.

મત્સ્યેન્દ્રનાથના મસ્તક પર હાથ મૂકી યોગમાર્ગનું નિવેદન કર્યું. આત્મબોધ દ્વારા તેને પણ યોગેશ્વર કરી જગદુદ્ધાર કરવા આજ્ઞા કરી. વિષ્ણુ જ શિષ્યરૂપ ધરી સેવા કરવા આવ્યો છે તે શંકર ભગવાને જાણ્યું. તેની પાસેથી સેવા ન લેતાં યોગમાર્ગમાં પ્રવૃત્ત કર્યા અને વિચરણ કરી લોકોને ધર્મમાર્ગે પ્રવૃત્ત કરવા પ્રેરણા કરી અને મત્સ્યેન્દ્રનાથ એમ નામ પાડ્યું. હંમેશાં યોગમાં રત રહેવું, સ્વેચ્છાથી પૃથ્વી પર વિચરણ કરવું, ભિક્ષા માંગવી અને દીનજનોનો ઉદ્ધાર કરવો, અદ્વૈત અનુભવવું, રાતદિવસ અમારું સ્મરણ કરવું, સ્વસ્વરૂપમાં મગ્ન રહી વિશ્વરૂપ થઈને રહેવું. યોગીએ જળપ્રવાહની જેમ હંમેશાં વહેતા રહેવું. એમ કહેવાય છે કે સાધુ તો ચલતા ભલા. એક સ્થળે રહેવું નહીં. પરોપકાર કરવો અને વિરક્ત થવું. ધન, સ્ત્રી, મોહ-મમતાને ચિત્તમાં સ્થાન આપવું નહીં અને નિરંજન અવસ્થામાં રહીને સ્વાત્મહિત જોવું.

મચ્છિંદ્રે આ પ્રમાણે બોધ લીધા પછી શિવજીને વંદન કરી આજ્ઞા અનુસાર યોગસાધના કરવા પ્રયાણ કર્યું. ગિરિકંદરા, વનોપવનમાં ભ્રમણ કરીને એક સારી જગ્યા જોઈ ત્યાં આસન નાખ્યું. સદ્‌ગુરુએ બોધ કર્યો હતો તે પ્રમાણે હૃદયમાં જપ શરૂ કર્યો. આહારનિદ્રાનો ત્યાગ કર્યો, મૌન પાળી ઇંદ્રિયદમન કર્યું. શ્રીગુરુરૂપનું ધ્યાનયુક્ત ચિંતન શરૂ કર્યું. ૮૪ આસનોનો અભ્યાસ કર્યો, યમનિયમનું પાલન કર્યું, ૐકાર સાધના કરી પ્રાણાયામની સહાયથી કુંડલિનીને જાગ્રત કરી અંતરના મેલને બાળી નાંખ્યો. ષટ્‌ચક્રભેદનમાં ક્યાંય વિઘ્ન નડ્યું નહીં. માર્ગમાં જે જે દેવતા આવી તેમને સંતુષ્ટ કરી આગળનો માર્ગક્રમણ કરી સ્વર્ગલોક તરફ પ્રયાણ કર્યું. સ્વર્ગલોકને પાર કરી વિવિધ લોકોની મુલાકાત લીધી. ત્યાંના દેવોને પણ સંતુષ્ટ કરી પ્રાણની અપાનમાં આહુતિ આપી મન-પવન (પ્રાણ)ની જોડી બનાવી સ્વર્ગ સર કર્યું.

સ્વર્ગની પેલે પારનું સ્થળ જે અત્યંત નિર્મળ, નિરુપમ અને વિશાળ હોઈ સર્વનું મૂળસ્થાન છે, ત્યાંની સિદ્ધિઓનું વૃંદ આગળ આવ્યું અને મોહ પમાડવા લાગ્યું. મોહ પામ્યા વગર તે સ્થળને પાર કરી અત્યંત દુષ્કર એવો માર્ગ પકડી જેને બ્રહ્મરંધ્ર કહે છે તે સ્થળે આવી પહોંચ્યો. આ અંતરમાર્ગની ઓળખાણ ફક્ત યોગી લોકોને જ છે. હું પામર તેના વિશે શું કહું? વેદો પણ તે વિશે કશું કહેતા નથી. શ્રી શંકરની કૃપાથી મચ્છિંદ્ર તે સ્થળે પહોંચી ગયો અને ઉન્મની અવસ્થાનો અનુભવ થયો. જે સંત યોગીઓનું ગુહ્ય, ઋષિમુનિઓની થાપણ, અનંત બ્રહ્માંડના બીજને જોઈ મચ્છિંદ્રને આનંદ થયો. તે સ્વાનંદસુખમાં હું-તું ક્યાંથી સિલક રહેશે? આનંદની લહેર અનુભવી તે બહાર આવ્યો. આ પ્રમાણે તેણે નિત્ય અભ્યાસ ચાલુ રાખ્યો.

સાધના દરમ્યાન સર્વ સિદ્ધિ તેમની સમક્ષ દાસી તરીકે ઊભી રહેતી. મચ્છિંદ્ર યોગીઓમાં શ્રેષ્ઠ થઈ સ્વચ્છંદતાથી જગતના ઉદ્ધાર માટે પૃથ્વી પર ભ્રમણ કરવા લાગ્યા. પ્રદેશ, નગર, ગ્રામ, પટ્ટન ઇત્યાદિ સ્થળે ફરતા ભિક્ષા માંગી શિવધ્યાન કરતા અને દીનજનોનો ઉદ્ધાર કરવા લાગ્યા. આ પ્રમાણે ફરતાં ફરતાં તેઓ એક નગરમાં પહોંચ્યા. ભિક્ષા માગવા જતા એક ઘર સમક્ષ આવી "અલખ" શબ્દ ઉચ્ચાર્યો. ઘરની ગૃહસ્વામિની હાથમાં ભિક્ષા લઈ આવી. તેની નજર મચ્છિંદ્ર તરફ જતાં તેમનાં નેત્રો કમળ પ્રમાણે કર્ણ સુધી પહોંચતા હતા. હાસ્યચુત વદન હતું. દૈદીપ્યમાન કર્ણકુંડળો હતા, શરીરે ભસ્મવિલેપન કર્યું હતું. માથે જટાનો મુગટ હતો. શિંગી અને સારંગી તેની પાસે હતા. શિંગી એટલે પ્રાણીના શિંગડામાંથી બનાવેલું વાદ્ય જે સિસોટીની માફક વાગે છે. પાણી પીવા તુંબી. શિવલીલાના મહિમાને ગાનાર તે યોગિરાજ હતો.

વધારે બારીકાઈથી જોતાં તે સ્ત્રીને મચ્છિંદ્રના હાથમાં કંકણો દેખાયાં. ગળામાં સ્ફટિક તેમજ રુદ્રાક્ષની માળા હતી. પગમાં ઝાંઝર

(તોડર) હાથમાં ત્રિશૂળ અને ડમરુ હતા. ભ્રૂકુટી પર લાલ રંગનું તિલક હતું. તેનો ચહેરો શાંત અને આનંદસભર દેખાતો હતો. મચ્છિંદ્રનાથના સ્વરૂપને જોઈ તે સ્ત્રી પ્રભાવિત થઈ. તેણે ભિક્ષા સમર્પણ કરી અને નાથને ચરણે લાગી. તે સ્ત્રીના ચહેરા પરના વિષાદયુક્ત ભાવ જોઈ મચ્છિંદ્રનાથે પૂછ્યું: હે માતા! તારા મનમાં શી ઈચ્છા છે?

યોગી તે અભાગી સ્ત્રી પર કૃપા કરવાની ઈચ્છા દર્શાવે છે તે જાણી સ્ત્રીએ પોતાની આપવીતી કહેવાની શરૂઆત કરી. તેણે કહ્યું: યોગિરાજ, ઈશ્વરની કૃપાથી ઘરમાં સર્વ પ્રકારની સમૃદ્ધિ છે. પતિ સહૃદયી અને ભાગ્યવાન છે. તેઓનો મારા પર અપાર પ્રેમ છે. ઘરમાં કોઈને આધિવ્યાધિ નથી. ફક્ત એક જ ખોટ છે. જેમ દૃષ્ટિ વગર નેત્રો, નાસિકા વગરનું મુખારવિંદ, શ્રવણશક્તિ વગરના કાન, તેવી જ રીતે આ ઘરમાં સંતાન નથી. તમારા ભાગ્યવાન પગલાં અમારા ઘર તરફ પડ્યાં છે તો આ ઉણપને આપ કૃપા કરી દૂર કરો. મચ્છિંદ્રનાથને સ્ત્રીની દયા આવી અને તેનું વાંઝિયાપણું દૂર કરવા નિશ્ચય કર્યો. આમ પણ સાધુજનો, યોગિજનો લોકોનાં દુઃખો દૂર કરવા જ વિચરણ કરતા હોય છે.

મચ્છિંદ્રનાથે તેના પર કૃપા કરી પ્રસાદવિભૂતિ આપી અને માસિક સમાપ્તિ પછી રાત્રે તે વિભૂતિનું સેવન કરવા જણાવ્યું. આનાથી નિશ્ચિત ફળપ્રાપ્તિ થશે. મનમાં કોઈ પણ શંકા આણીશ નહીં. તને મહાપ્રતાપી પુત્ર થશે. બાર વર્ષ પછી હું તેને જોવા આવીશ. તે સરસ્વતી નામની સ્ત્રીએ હર્ષનિર્ભર થઈ તે વિભૂતિ સ્વીકારી અને "તારી મનોકામના સફળ થાવ" તેવા આશીર્વાદ આપી મચ્છિંદ્રનાથ આગળ પ્રયાણ કરી ગયા.

સ્ત્રી તે વિભૂતિનો પ્રસાદ લઈ ઘરમાં આવી. પ્રસાદને યોગ્ય સ્થળે મૂકી તે સ્ત્રી એક દિવસ બહેનપણીના ઘેર ગઈ. સ્ત્રીઓ અંદર અંદર વાતો કરતી હતી. પુત્રસંતાનની વાતો નીકળી અને નિઃસંતાન સ્ત્રી પ્રતિ સર્વેએ સહાનુભૂતિ પ્રગટ કરી. તે સમયે આ સરસ્વતી નામની સ્ત્રીએ

હર્ષનિર્ભર થઈ કહ્યું કે ભલે મને અત્યાર સુધી સંતાન ન થયું હોય, હવે દિવસો દૂર નથી કે આવતે વર્ષે મારા ખોળામાં બાળક રમતું હશે. બહેનપણીઓએ પૂછ્યું કે શું તે ગર્ભિણી છે? તેણે સ્પષ્ટ ના પાડી પરંતુ નાથપંથીય સાધુએ આપેલી વિભૂતિની વાત કરી. તેની વાત સાંભળી પડોશણે કહ્યું: જોજે, સાધુઓથી છેતરાઈશ નહીં. તેમાં વળી કાન ફાટેલા આ સાધુઓ પાસે અનેક પ્રકારની વિદ્યાઓ હોય છે. સુંદર સ્ત્રીઓને જોઈ તેઓ કામણટૂમણ કરી સ્ત્રીનું પરિવર્તન કૂતરી કે બિલાડી કે વાંદરીમાં કરી પોતાની સાથે દોરી બાંધીને લઈ જાય છે. રાત્રે તેઓ પુનઃ કૂતરીમાંથી સ્ત્રી બનાવી તેમનો ઉપભોગ કરે છે. આવા ઢોંગી અને કપટી સાધુઓની વાતમાં કદી પણ આવવું જોઈએ નહીં. સવારે કૂતરી કે વાંદરી બનાવી ગામ પરગામ ભ્રમણ કરે છે.

પડોશણોએ આ પ્રમાણે સરસ્વતીને ચેતવણી આપી. સ્ત્રીઓએ વધુમાં જણાવ્યું કે તેણે હજુ સુધી વિભૂતિ લીધી નથી તે સારું થયું. સરસ્વતી તો આ બધું સાંભળી થરથર કંપવા લાગી. તે માનવા લાગી કે પડોશણોએ તેને અગ્નિમાં પડતાં બચાવી છે. સ્ત્રીવૃંદે આપેલી શિખામણ પ્રમાણે તેણે તે વિભૂતિ ચૂલામાં નાંખી. નસીબની બલિહારીથી ચિંતામણિ પ્રાપ્ત થયો પરંતુ દુર્ભાગ્યવશાત્ કોઈ તેને પથ્થર સમજી ઘર બહાર નાંખી દે તેમ થયું. ઘરના પ્રાંગણમાં કલ્પતરુ ઊગ્યો પરંતુ તેને મૂળ સાથે ઉખેડીને ઘર બહાર નાંખી દીધો તેના જેમ થયું. પારસમણિ મળે પરંતુ સામાન્ય પથ્થર સમજી કોઈ ઘર બહાર નાંખી દે તેવું જ સરસ્વતીના કિસ્સામાં બન્યું.

સવારે વહેલા ઊઠી ઘરને વાળીઝૂડીને સ્વચ્છ કર્યું અને ચૂલાની રાખોડીને પણ એકઠી કરી ઉકરડાની જગ્યાએ નાંખી દીધી. નિત્યક્રમ પ્રમાણે ઘરનો કચરો ઉકરડામાં નાંખવામાં આવતો. આમ ઘણા દિવસો પછી તે જગ્યાએ ઉકરડાનો મોટો પર્વત જ થયો. તેમાંથી જ ખેતરમાં

ખાતર નાંખવામાં આવતું. પરંતુ નીચેનો ભાગ તો તેવો ને તેવો જ રહેતો. બાર વરસ થવા આવ્યાં. મંત્રશક્તિથી જે વિભૂતિ આપેલી હતી તેના થકી દિવ્ય ગર્ભનો જન્મ થઈ ચૂક્યો હતો. બાર વર્ષે મચ્છિંદ્રનાથને ઈચ્છા થઈ કે મંત્રપ્રસાદ બાળકને નજરે જોવો.

બાર વર્ષ પછી ફરી મચ્છિંદ્રનાથ તે જ ગામમાં પાછા આવ્યા. તે જ ઘર સામે આવીને "અલખ" શબ્દનો ઘોષ કર્યો. શિંગી વગાડી તે ગૃહસ્વામિનીની બહાર આવવાની પ્રતીક્ષા કરવા લાગ્યા. સરસ્વતી હાથમાં ભિક્ષા લઈ આવી. તેને મચ્છિંદ્રનાથે ઓળખી અને પૂછ્યું: તારું બાળક ક્યાં છે? તેની મુલાકાત લેવા આવ્યો છું. બાર વરસનાં વહાણાં વાઈ ચૂક્યાં. સ્ત્રીએ કહ્યું: હે યોગી, મારા નસીબમાં સંતાન જ નથી પછી હું શું બતાવું? આ ભિક્ષા સ્વીકાર અને જા. યોગીને આવાં વચનો સાંભળી આશ્ચર્ય થયું. તેણે સ્ત્રીને પૂછ્યું: તું મને ભૂલી ગઈ? બાર વરસ પહેલાં આવીને મેં સૂર્યમંત્રથી મંત્રિત વિભૂતિ આપી હતી. તે વિભૂતિને તેં ગ્રહણ કરી હતી કે નહીં? અને ગ્રહણ ન કરી હોય તો ક્યાં નાંખી હતી? સંકલ્પશક્તિથી તે પુત્રનો જન્મ અવશ્ય થઈ ચૂક્યો છે.

સ્ત્રીને યાદ આવ્યું કે બાર વર્ષ પહેલાં આ યોગીએ વિભૂતિ આપી હતી. પરંતુ સ્ત્રીમિત્રોએ તે ન લેવા સમજાવી હતી. તેના દ્વારા વિભૂતિ ન લેવાનો અપરાધ થયો હતો. હવે શું કરવું? તેના મુખ થકી શબ્દ બહાર નીકળતો ન હતો. યોગી ક્યાંક શાપ ના આપે તે ખ્યાલે તેની આંખોમાંથી અશ્રુઓની ધારા વહેતી હતી. તેણે યોગીના પગ પકડ્યા. ત્યાં સુધી તે સ્ત્રીનો પતિ આવ્યો. તેણે મચ્છિંદ્રને નમસ્કાર કર્યા અને પૂછ્યું: મારા માટે શી આજ્ઞા? મચ્છિંદ્રનાથે તેને કહ્યું: પુત્રપ્રાપ્તિ માટે તારી પત્નીને મેં વિભૂતિપ્રસાદ આપ્યો હતો. તેને ૧૨ વર્ષ થવા આવ્યાં. હું તે પુત્રને મળવા આવ્યો છું. તારી કાંતા પુત્ર સાથે મિલન

કરાવતી નથી. પૂછીએ તો જવાબ પણ આપતી નથી. ફક્ત ચરણે માથું મૂકે છે. સત્ય હકીકત જણાવ નહીં તો તમે શાપનો ભોગ બનશો. પતિએ પત્નીને સમજાવ્યું કે જે સત્ય હકીકત હોય તે જણાવ.

સ્ત્રીએ બંને હાથ જોડી કહેવાની શરૂઆત કરી. તમે કૃપા કરી પ્રસાદવિભૂતિ આપી હતી. પડોશણોમાં તે વાત કરી. તેમણે મારા ભોળપણનો લાભ લઈ મારી વાત કઢાવી લીધી અને આડીઅવળી વાત કરીને તે વિભૂતિ અગ્નિમાં નાંખવા ફરજ પાડી. યોગી એકદમ ક્રોધથી સંતપ્ત થયા. તેમણે કહ્યું: મેં આપેલું અમૃત તમને ઝેર સમાન લાગ્યું? તમે મહામૂર્ખ છો. તમારા દુર્ભાગ્યને શું કહેવું? છતાં હું કહું છું કે તે સંકલ્પવિભૂતિ ક્યાં નાંખી હતી તે જગ્યા બતાવો. ક્ષણાર્ધમાં ચમત્કાર કરી બતાવું. તમે લોકોના કહ્યામાં આવ્યા અને યોગીના વચનોને અસત્ય માન્યાં, પરંતુ યોગીના શબ્દો ખોટા નહીં પડે. યોગીના સંકલ્પ પાછળ ઈશ્વરની શક્તિ ક્રિયાન્વિત થાય છે. મને તે સ્થળ બતાવો. આ બધી વાતો થતી સાંભળી ઘણા લોકો ત્યાં એકઠા થયા.

પતિએ પત્નીને કહ્યું: યોગીને જગ્યા બતાવ. સ્ત્રીએ કહ્યું: વિભૂતિ ચૂલામાં નાંખી હતી અને બીજા દિવસે તે રાખોડી ઉકરડાના સ્થળે નાંખી. તેના પર તો રોજ કચરાના ઢગલા ઠલવાતા જાય છે. આ હકીકતને બાર વર્ષ વીતી ગયા. યોગીએ મોટેથી ઘાંટો પાડી કહ્યું: તે જગ્યા બતાવ. યોગી ક્રોધથી થરથરતો હતો અને પ્રત્યક્ષ યમરાજ જ લાગતો હતો. દંપતી ભયથી થરથરતું હતું. લોકો વાતો કરવા લાગ્યા કે સાધુએ તો ઢોંગનો આશ્રય લીધો છે. તેના થકી શું થવાનું છે? અરે કાનકટ્ટા સાધુ, જતો રહે.

કોક વળી બોલ્યું: સ્ત્રીઓ બુદ્ધિહીન હોય છે. પતિને પૂછ્યા વગર પોતાની અક્કલ ચલાવવા જાય છે. કોકે વળી ટાપશી પૂરાવતા કહ્યું: આ સ્ત્રી તો ભોળી છે. તેનો કોઈ દોષ નથી. બીજી સ્ત્રીઓએ અવળે

રસ્તે દોરી. આ યોગી તો સમર્થ દેખાય છે. તેઓ જગત ઉપર ઉપકાર કરવા માર્ગક્રમણ કરતા હોય છે. બીજાએ વળી વિરોધ કરતાં જણાવ્યું કે આવા તો અનેક ઢોંગી સાધુઓની જમાત રખડતી હોય છે. તેઓ ભોળી સ્ત્રીઓને છેતરી તેમનું અપહરણ કરવા પણ પાછળ જોતા નથી. મચ્છિંદ્રનાથે વિચાર કર્યોઃ લોકો બંને બાજુથી બોલે છે. તેમની સાથે જીભાજોડી કરીને કલહને આમંત્રણ નથી આપવું. તેણે દંપતીને કહ્યુંઃ મને તે જગ્યા બતાવો. બધા જ લોકો યોગી સાથે તે ઉકરડા નજીક આવ્યા. મચ્છિંદ્રનાથ પણ ઉકરડા પાસે આવ્યા.

મચ્છિંદ્રનાથે શિંગી બજાવી અને "અલખ" એમ ઉદ્‌ઘોષ કરી "આદેશ" એ સાંપ્રદાયિક શબ્દ ઉચ્ચાર્યો. જે નાથ પરંપરામાં હજુ પણ બે યોગીઓ મળે ત્યારે ઉચ્ચારાય છે. ઉકરડાના ઊંડાણમાંથી ધીમો અવાજ સંભળાયોઃ આદિનાથ, આદિગુરુ કો આદેશ. આ પ્રમાણે ત્રણ વાર વાક્યોની આપ-લે થઈ. બધા જ લોકો આશ્ચર્યચકિત થયા. યોગીએ કોદાળી પાવડો લઈ ઉકરડાને ખોદવા કહ્યું. કોદાળીથી ખોદતા મોટા-મોટા ઢેફા નીકળવા લાગ્યા. અડધાથી વધારે ખોદાઈ ગયું. અંદરથી ઝળહળતો પ્રકાશ દેખાયો. અંદર નજર નાંખી તો પદ્માસનમાં સ્થિત એક બાળયોગીની આંખ બંધ કરેલી મૂર્તિ દેખાઈ.

બાળયોગીના મસ્તક પર કાળા સુંવાળા વાળ હતા. સૂર્ય પ્રમાણે તેજસ્વી શરીર એ છાણ કાદવમાં ખૂંપેલું હોવા છતાં તેનાથી ખરડાએલું બિલકુલ ન હતું. વ્યાસપત્નીના શરીરમાં જે રીતે શુકયોગી ઉછેરાયા તે જ રીતે બાર વર્ષ સુધી બાળયોગીનો ગોબરમાં ઉછેર થયો. બાળયોગીનું તેજસ્વી શરીર જોઈ સર્વને આશ્ચર્ય થયું. મચ્છિંદ્રનાથે શિંગી વગાડી બાળયોગીને જાગ્રત કર્યો. બાળયોગી સમાધિમાંથી જાગ્રત થયો. મચ્છિંદ્રનાથે વિચાર કર્યો કે ગોબરના રક્ષણ હેઠળ આ બાળયોગી ઉછેર પામ્યો છે આથી આનું નામ ગોરક્ષ રાખીશું. મચ્છિંદ્રે બે હાથ વડે

ઈશારો કર્યો અને બોલ્યાઃ “આવ બચ્ચા ગોરક્ષ.” તે જન્મથી જ સાવધ હતો. તે બહાર આવ્યો અને મચ્છિંદ્રનાથના ચરણે પડ્યો.

મચ્છિંદ્રનાથે તેને દૃઢ આલિંગન આપ્યું. બધા જ લોકોને આનંદ સાથે આશ્ચર્ય થયું. યોગિરાજ મચ્છિંદ્ર એ પ્રત્યક્ષ વિષ્ણુનો અવતાર. તેના દ્વારા અપાયેલી વિભૂતિ થકી શંકર પ્રગટ્યા. શંકરની સેવા કરવા મત્સ્યગર્ભમાં વિષ્ણુ અવતર્યા. શિવે તેમને ઓળખી બોધ કર્યો અને જગતના ઉદ્ધાર માટે યોગમાર્ગની દીક્ષા આપી. શંકરની ઈચ્છા વિષ્ણુની સેવા કરવાની હતી તેથી આ યોગાનુયોગ ભેગો થયો. મૂળમાં જ સ્વયં શંકર, તેમાં વળી મચ્છિંદ્રનો કૃપાહસ્ત પડ્યો. આથી ગર્ભવાસ ટાળીને ગોબરમાં પ્રગટ થયા. સદ્‌ગુરુની સેવા સત્વર પ્રાપ્ત થવી તે માટે અયોનિજ જન્મ લીધો અને જન્મતાં જ સદ્‌ગુરુ ચરણ પકડ્યાં.

ગુરુએ તેને આલિંગન આપ્યું. સદ્‌ગુરુ-શિષ્યની મુલાકાત થઈ. આનંદની છોળો ઉડવા લાગી. તે કથા અત્યંત મધુર હોઈ શ્રવણ કરનારને અમૃતલાભ થશે. ક્રમશઃ શ્રીદત્તાત્રેય સાથે તેની મુલાકાત થશે. દેહભાવ નષ્ટ થઈ બંને વચ્ચે અદ્વૈત સિદ્ધ થશે. દત્ત અવિનાશ, દિગંબર, સર્વાંતરવ્યાપી હોઈ હંમેશાં સંતો વચ્ચે વસે છે. તેની કીર્તિ સાંભળી હું અનંતસુત દોડી આવ્યો છું. હે સંતો, મારો સ્વીકાર કરો. તમારી કૃપા થાય એટલે માધવ મારી ઉપેક્ષા નહીં કરે. તમારા ચરણોનો આશ્રય કરવાથી હું આ વાણી બોલું છું. આ ગ્રંથનો હું કર્તા નથી. શ્રીદત્ત જ બોલાવનાર છે તે તમે જાણો છો. હું તો નિમિત્તમાત્ર છું.

॥ ઈતિ ષટ્‌ત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૩૭

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

હે અજ્ઞાનનિવારક સદ્‌ગુરુ, ભવભયહારક શ્રીદત્ત, જ્ઞાનદાયક અનંત, તારો જયજયકાર. હે દીનપાલક, મારાં તને નમન. હે વિમલરૂપ સદ્‌ગુરુનાથ, આનંદવિલાસ, સ્વામી સમર્થ, ઉદાર ધીર, કૃપાવંત, મને અનાથને પાવન કર. હે ત્રિગુણાત્મક ગુરુરાજ, હું તારે શરણે આવ્યો છું. આ બાળક પર દયા કરી તેના મુખે પોતાનું ગુણવર્ણન કરાવ. હે ત્રિગુણાત્મક અમૃતમૂર્તિ, સ્વકીર્તિ વદાવનારો તું જ છે. મારા હૃદયમાં સ્ફૂર્તિ પ્રેરી ગ્રંથને રસપૂર્ણ બનાવ. ગત અધ્યાયમાં આપણે જોયું કે ગુરુએ શિષ્યને આલિંગન આપ્યું. તે જોઈ સર્વ લોકોને પણ આનંદ થયો. ત્યાં સુધીની કથા સાંભળી શ્રોતાઓ પણ આનંદમાં તરબોળ થયા અને વિનંતી કરે છે કે હવે આગળની કથાનું રસપૂર્વક વર્ણન કરો. અમારું ધ્યાન કથા શ્રવણ તરફ કેન્દ્રિત થયું છે.

હે શ્રોતાઓ, તમે સંત, અનુભવી, જ્ઞાની અને વિવેચક છો. તમને મારા પ્રણિપાત. તમારા શ્રવણના આધારે કથાનો અંકુર વૃદ્ધિ પામે છે. હું શું બોલું? તમે જ મને બોલાવનાર છો. વસંતઋતુ આવે એટલે કોકિલા બોલવા લાગે છે. તમે મારી વસંતઋતુ છો. તમે જો પ્રશ્ન ન પૂછો તો કથા ક્યાંથી આગળ વધશે? મારી વક્તવ્ય શક્તિને તમે વધારી છે. અત્યાર સુધી તમે મને સંભાળ્યો, હવે પછી પણ સંભાળજો. શ્રોતાઓ કહેવા લાગ્યાઃ હવે અમારી સ્તુતિ પૂર્ણ કરો અને કથાનું વિવેચન શરૂ કરો. વક્તાએ શ્રોતાઓની વિનંતી સ્વીકારી.

ગુરુ-શિષ્યનું આલિંગન જોઈ લોકસમૂહ આશ્ચર્યથી તેમનો અલૌકિક પ્રેમ જોઈ રહ્યા. લોકો કહેવા લાગ્યાઃ આ યોગીની લીલા અદ્‌ભુત છે. આ અભાગી સ્ત્રી સંકલ્પ વિકલ્પને લીધે આબાદ છેતરાઈ ગઈ. આ બાળયોગી સુંદર, આજાનુબાહુ અને કમળનયન હોઈ સૂર્ય પ્રમાણે તેજસ્વી છે. આ દુર્ભાગી સ્ત્રીએ આવું અપૂર્વ ફળ હાથમાંથી ગુમાવ્યું. હવે યોગી તે બાળકને લઈ જશે. કેટલું સુંદર અને તેજસ્વી બાળક છે? ડાહ્યા લોકો કહેવા લાગ્યા કે બિનજરૂરી બબડાટ ન કરશો. જે દેખાય છે તે જોતા રહો.

મચ્છિંદ્રે ગોરક્ષને પૂછ્યુંઃ તું યોગી થઈશ કે ભોગ ભોગવીશ? ગોરક્ષ એટલે શંકરનો જ અવતાર. તેના મનમાં વિકાર ક્યાંથી? તેણે વિનંતીના સ્વરમાં કહ્યુંઃ મારા અંતઃકરણની પરીક્ષા કેમ લો છો? આપ તો સર્વ જાણો જ છો. મને યોગનું જ આકર્ષણ છે. હું તમારી સેવા કરીશ. મને સેવાનો લાભ આપો. સર્વ વિષયો મને ત્યાજ્ય છે. મારો ત્યાગ ન કરશો. સદ્‌ગુરુની વિનવણી કરતાં ગોરક્ષના નેત્રોમાંથી અશ્રુઓ વહેતાં હતાં. તેણે સદ્‌ગુરુનાં ચરણોને દૃઢ આલિંગન આપ્યું. તેના અંતઃકરણની ભાવના પ્રગટ થતી હતી. હે સદ્‌ગુરુ, તું જ મારો બાપ અને તું જ મારી મા છે. તું જ મારો મિત્ર, હિતચિંતક અને સખા છે. તારાં ચરણો જ મારું સર્વ કાંઈ છે. મને બીજા પ્રલોભનો બતાવીશ નહીં. તું જ મારું જીવન છે.

શિષ્યની અંતઃકરણપૂર્વકની ઈચ્છા જાણી મચ્છિંદ્રને આનંદ થયો. ઉપસ્થિત લોકો પણ કહેવા લાગ્યા કે ધન્ય છે બાળયોગીને! જન્મતાં જ જે મુક્તિ માટે યાચના કરે છે. ગુરુચરણ સેવા સિવાય બાળકને કાંઈ જોઈતું નથી. જેનું અનંત પુણ્ય ગાંઠે હોય તેવાને ત્યાં આવો પુત્ર જન્મે. નિરોગી, સ્વરૂપવાન, સુશીલ, સત્પુત્ર જન્મવો પણ અનંત પુણ્યનું દ્યોતક છે. આ દંપતીના નસીબમાં જ કશું ન હતું.

આમ પરસ્પર લોકો અંદર-અંદર વાતો કરતા હતા. મચ્છિંદ્રે ગોરક્ષનું અંતઃકરણ ઓળખ્યું અને તેને દૃઢ આલિંગન આપ્યું.

મચ્છિંદ્રનાથે ગોરક્ષને કપાળે વિભૂતિ લગાવી અને હાથમાં ઝોળી અને ફાવડી (T આકારની લાકડાની સોટી જેનાથી યોગીઓ ચંદ્રસૂર્ય નાડી બદલી શકે છે.) આપીને તેના દ્વારા અલખ નામનો ઘોષ કરાવ્યો. નાથપંથની નિશાનીઓ આપી બંને યોગીઓએ ત્યાંથી પ્રસ્થાન કર્યું. લોકોમાં એક જ હાહાકાર થયો. ઉભય પતિપત્ની યોગીરાજ તરફ દોડી ગયાં અને થએલા અપરાધ બદલ ક્ષમા માગવા લાગ્યા.

પતિપત્ની કરગરીને કહેવા લાગ્યાંઃ હે અનાથનાથ, કૃપાવંત, અમારી ઉપેક્ષા કરશો નહીં. અમારી ચિંતા તમારા વિના કોણ નિવારશે? અમે સાચેસાચ તમારા અપરાધી છીએ. બીજાના કહેવાથી અમે ભાગ્યહીન થયાં. અમારા દોષ ન જોતાં અમારી ઈચ્છા પૂરી કરો. અમે તમારા શરણે આવ્યા છીએ. તમે સમર્થ હોવાથી તમારું વચન અસત્ય ન થવું જોઈએ. અમને સંતાન આપો. આ પ્રમાણે તેઓએ વિનંતી કરી અને ચરણે મસ્તક મૂકી નમન કર્યા. તેમની આંખોમાંથી આંસુઓ વહી રહ્યાં હતાં. દંપતીનાં કરુણાવચન સાંભળી ગોરક્ષને દયા આવી. તેણે મચ્છિંદ્રને વિનંતી કરી કે દંપતી પર દયા કરો. મચ્છિંદ્રે કહ્યુંઃ આ દૈવીપુત્ર તો તમને નહીં જ મળે. હવે પાછા જાવ.

પતિપત્નીએ અતિ દુઃખી થઈ મચ્છિંદ્રનાં ચરણો દૃઢ પકડી રાખ્યાં અને કૃપા કરવા જણાવ્યું. છેવટે મચ્છિંદ્રનાથને પણ દયા આવી અને તેમના મુખથી શબ્દો નીકળ્યાઃ જાવ, નવ મહિના પછી તમારે ત્યાં સંતાન થશે. તે સંતાન દૈવી હશે. હવે ગોરક્ષે પણ તે દંપતીને કહ્યુંઃ હવે તમે પાછા જાવ. તમને ગુરુકૃપાથી સંતાન થશે. પાલવે ગાંઠ બાંધી રાખો અને શિવસ્વરૂપ મચ્છિંદ્રનાથને ભૂલશો નહીં. ગોરક્ષે આટલું કહ્યું અને બંને યોગી ત્યાંથી અંતર્ધાન પામ્યા. લોકો વિસ્મય જ કરતા રહ્યા.

આખા ગામમાં નાથપંથીય યોગીઓની લીલા જ દરેકના મુખ પર હતી. સમય જતાં તે દંપતીને નાથના આશીર્વાદથી પુત્રસંતાન થયું. તેઓ મચ્છિંદ્રનાથના અનન્ય ભક્ત થઈ રહ્યા. તેઓ ઘરમાં રહી અતિથિસત્કાર કરતા જ રહ્યા.

આ બાજુ ગુરુશિષ્ય મચ્છિંદ્રનાથ અને ગોરક્ષ લોકોદ્ધાર માટે વિચરણ કરતા જ રહ્યા. ગોરક્ષ ગુરુની અનન્ય સેવા કરતો. મનમાં ક્યાંય વિષાદ થતો ન હતો. બધો જ સામાન પોતે ઊંચકતો. પ્રવાસમાં ગુરુ થાકી જાય તો વૃક્ષ છાંયડો કે મંદિર જુએ તો ત્યાં આસન નાંખતો. સદ્‌ગુરુ બેસે એટલે તેમની પગચંપી કરતો. પાણી લઈ આવતો. ભિક્ષા પણ ગામમાંથી માંગી લાવતો. સદ્‌ગુરુને સ્નાન પણ કરાવતો, તેમના વસ્ત્રો ધોતો અને ભોજન પણ કરાવતો. ભોજન પછી ગુરુને મુખશુદ્ધિ માટે તાંબુલ કે તુલસીદલ આપી તેઓ નિદ્રાધીન થાય ત્યાં સુધી તેમની ચરણસેવા કરતો. ગુરુનું ઉચ્છિષ્ટ પ્રસાદ તરીકે પ્રેમથી સ્વીકારતો. આ પ્રમાણેની ગોરક્ષની સેવાથી મચ્છિંદ્રનાથ હંમેશાં પ્રસન્ન રહેતા.

ગોરક્ષ સદ્‌ગુરુના ચરણોનાં દર્શન સામેથી લેતો. સદ્‌ગુરુ કાંઈ પણ બોલે તો તેને ઉપદેશ સમજી ધ્યાનથી સાંભળતો. સદ્‌ગુરુ કદાચ કારણવશ ક્રોધ કરે તો પણ સામો જવાબ ન આપતાં અતિ નમ્રતાથી ભાષણ કરી મનમાં જરા પણ કંટાળો ન લાવતાં અહર્નિશ આજ્ઞાપાલન કરતો. આમ ઘણા દિવસો વીતી ગયા. મચ્છિંદ્રનાથે હજુ ગોરક્ષને અનુગ્રહ આપ્યો ન હતો. (ઓછી મહેનતે ગુરુકૃપાથી મહત્ ફળ પ્રાપ્ત થાય તેને અનુગ્રહ કહે છે.) ગોરક્ષનાથને જો કે ક્યારની મનમાં ઈચ્છા હતી કે ગુરુજી પાવન કરી દીક્ષા આપે.

એક દિવસ ગુરુજી પ્રસન્નમન હતા. તેમણે ગોરક્ષને પૂછ્યું: તારા મનમાં શી ઈચ્છા છે? ગોરક્ષે તરત જ મચ્છિંદ્રનાથનાં ચરણો પકડ્યાં. તેણે કહ્યું: હે સદ્‌ગુરુ, તું મારી માતા સમાન છે. બાળકને શું જોઈએ

તે તું જાણે છે. આ પતિત બાળકનો અંગીકાર કરી તેના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર. આપ સદ્‌ગુરુ હોઈ સમર્થ, સર્વાધીશ છો. મને તારકમંત્રનો બોધ કરી આત્મઘનની ઓળખાણ કરાવો. ગોરક્ષનું કથન સાંભળી મચ્છિંદ્રનાથ વિચાર કરે છે કે શિષ્ય યોગ્ય વસ્તુની માંગણી કરે છે. પરંતુ અપાત્રને દાન ફળતું નથી. સોનાની પરીક્ષા કસોટી પથ્થર પર થાય છે. હીરાની પરીક્ષા એરણ પર ઘા મારીને થાય છે. મહોરને સુતર વીંટાળી અગ્નિપ્રવેશ કરવામાં આવે છે. વાસણને છિદ્ર છે કે નહીં તે જોવા તેને પાણીમાં ડૂબાડવામાં આવે છે. નાણાં પણ ચોકસાઈ કરી સ્વીકારવામાં આવે છે. આથી શિષ્યની પરીક્ષા પણ અવશ્ય કરવી જોઈએ. આથી તે સમયે તેમણે મૌન રાખ્યું.

મચ્છિંદ્રનાથે ગોરક્ષને જવાબ ન આપ્યો અને આસન પરથી ઊઠીને ચાલવા લાગ્યા. ગોરક્ષે સામાન સમેટ્યો અને મચ્છિંદ્રનાથ પાછળ ચાલવા લાગ્યો. તેઓ ડુંગર, વન, પ્રદેશ, નગર, ગામને પાર કરતા ભ્રમણ કરતા હતા. કેટલાંક ધર્મક્ષેત્રો વચ્ચે આવતાં, તીર્થો પણ આવતાં ત્યાંના દેવતાઓનાં દર્શન કરી આગળ જતા. બંને યોગીઓ જે તે સ્થળના સિદ્ધો, મહંતો, મુનિજનોનાં દર્શન અવશ્ય કરતા. આમ ઘણાં દિવસો થયા. ગોરક્ષનાથ શ્રીગુરુની ઉત્સાહપૂર્વક સેવા કરતો. એક દિવસ બપોરે તેઓ એક ગામમાં પ્રવેશ્યા.

ગામમાં પ્રવેશીને મચ્છિંદ્રે ગોરક્ષને ધૂણી ચેતવવા કહ્યું. ધૂણી પ્રગટાવ્યા પછી મચ્છિંદ્રે જણાવ્યું કે હવે કકડીને ભૂખ લાગી છે. આથી સત્વર ગામમાં ભિક્ષા માટે જા. ખભે ઝોળી પરોવી ગોરક્ષ 'અલખ'નો ઉચ્ચાર કરી બારણે ઊભો રહ્યો. ગૃહસ્વામીએ તેની પત્નીને કહ્યું કે દ્વારે આવેલા અતીતને ભિક્ષા પીરસો. ગૃહસ્વામિનીએ રાંધેલી બધી જ વાનગીઓ એક થાળમાં પીરસી તે થાળ લઈ બહાર આવી.

ઘરની સ્ત્રીએ વિવિધ વાનગીઓથી ગોરક્ષની ઝોળી ભરી દીધી અને નમસ્કાર કર્યા. ઝોળી ભરાઈ એટલે ગોરક્ષ ભિક્ષા લઈ મુકામે આવ્યો. મચ્છિંદ્રનાથને સ્નાન કરાવી નિત્ય પ્રમાણે તેમની પૂજા કરી અને ભોજન પીરસ્યું. મચ્છિંદ્રનાથે વિવિધ વાનગીઓનો આસ્વાદ લીધો. તેમાંથી તેમને વડાં ખાસ ભાવ્યાં. તેમણે ગોરક્ષને કહ્યું: આજની ભિક્ષા ખરેખર સુરુચિપૂર્ણ હતી. પરંતુ તે વડાં તો ખરેખર યાદ રહી જાય તેવાં છે. હજુ બે-ચાર વધુ હોત તો સારું. ગોરક્ષે કહ્યું: કાલે વધુ લઈ આવીશ. મચ્છિંદ્રને સંતોષ થયો. ભોજન પછી મચ્છિંદ્રે હસ્તપ્રક્ષાલન પછી મુખશુદ્ધિ કરી. ગોરક્ષે તેમને શય્યા કરી આપી. તે પછી ગોરક્ષ ભોજન આરોગવા બેઠો. સદ્‌ગુરુને માટે નિદ્રા પછી પીવાનું પાણી પણ ભરી રાખ્યું.

ભોજન પછી સદ્‌ગુરુએ કહેલા વેદાંતનું શ્રવણ કરી તેના અર્થનું મનન કર્યું. રાત-દિવસ તેનો આ જ નિત્યક્રમ હતો. રાત સમાપ્ત થઈ. સવારે સ્નાન ઇત્યાદિથી પરવારી મચ્છિંદ્રનાથ ધ્યાનમાં બેઠા. ગોરક્ષ તેમનું રક્ષણ કરવા બેઠો. ધ્યાન વિસર્જન કર્યા પછી સદ્‌ગુરુએ તેને ભિક્ષા માટે મોકલ્યો. ગઈ કાલનાં વડાં લાવવા ખાસ યાદ અપાવ્યું. ગુરુજીને નમસ્કાર કરી, ઝોળી લઈ ગોરક્ષે ભિક્ષા માટે ગામ તરફ પ્રયાણ કર્યું. ગોરક્ષે વિચાર કર્યો: બીજા બધા ઘેર જઈશું તો ગઈ કાલનાં વડાં નહીં મળે. આથી ગઈ કાલના શ્રાદ્ધવાળા ઘેર જઈશું તો જ વડાં મળશે. આથી ગોરક્ષ ગઈ કાલના ઘેર જ ગયો અને 'અલખ'નો ઘોષ કર્યો.

ઘરના માલિક ઘરે ન હતા. ગૃહસ્વામિની ભિક્ષા લઈને આવી. તેણે લાવેલા પદાર્થો જોઈ ગોરક્ષે કહ્યું: હે માતા, બીજી બધી વાનગીઓની જરૂર નથી. મારા ગુરુજીને તો વડાં ખૂબ જ ભાવ્યાં આથી ફક્ત વડાં જ પીરસ. સ્ત્રીએ દલીલ કરી કે ગઈ કાલે તો પિતૃશ્રાદ્ધ હતું તેથી વડાં બનાવ્યાં હતાં. આજે વડાં બનાવ્યાં નથી. આથી

જે રસોઈ બનાવી છે તે વાનગી તું લઈ જા. ગોરક્ષે દલીલ કરી કે વડાં વગર હું કોઈ વાનગી લઈ જઈશ નહીં. સ્ત્રીએ કહ્યું: આજે જ્યાં પણ શ્રાદ્ધ હોય ત્યાં જજે. ત્યાં તને વડાં મળશે. ગોરક્ષ કહે: બીજા ઘરે અમને કોણ ઓળખે? તું દયાળુ સ્ત્રી છે આથી આ ઘરે આવ્યો છું. ઘેર ના બનાવ્યાં હોય તો બનાવ અને અમારા જેવા સાધુના આશીર્વાદ લે.

ગોરક્ષ અને ગૃહસ્વામિની વચ્ચે ચડભડ ચાલતી હતી. સ્ત્રી કહેવા લાગી કે વડાં આજે બનાવ્યાં નથી આથી તે સિવાયનું અન્ન ભિક્ષામાં સ્વીકાર. ગોરક્ષે હઠ કરી કે તે વડાં લીધા સિવાય જશે નહીં અને તે ગુરુજીને ભાવ્યાં હોવાથી તેની માગ કરી રહ્યો છે. સ્ત્રીએ દલીલ કરતાં કહ્યું: યોગીઓએ તો રસાસ્વાદ જીતવો જોઈએ ત્યારે યોગ સધાય. તું તો ઉલટું કરી રહ્યો છે. ગોરક્ષે દલીલ કરી કે માતા, તારે જે શિક્ષા કરવી હોય તે કર અથવા તેના બદલે જે જોઈએ તે માગ પરંતુ વડાં બનાવીને આપ જેથી મારા ગુરુજી સંતોષ પામે.

સ્ત્રીને આશ્ચર્ય થયું કે ભિક્ષા માગનાર વડાની ભીખ માંગી રહ્યો છે અને કહે છે કે તેના બદલે તું માગે તે આપું. તેણે ક્રોધયુક્ત સ્વરમાં કહ્યું: ભીખ તો તું માંગી રહ્યો છે. તું મને શું આપીશ? જો આપવું હોય તો તારી ડાબી આંખ કાઢીને આપી દે. તેના બદલામાં હું વડાં બનાવી આપીશ. પોતાની જિહ્વા લોલુપતા અને ગુરુનું નામ વટાવી ખાય છે. સ્ત્રીનાં વચન સાંભળી તરત જ ગોરક્ષે નખ વડે ડાબી આંખ કાઢી આપી અને કાઢતાં એ જ ક્ષણે લોહી વહેવા લાગ્યું. લોહીનો ફુવારો જોઈ તે સ્ત્રી તો ડઘાઈ જ ગઈ. તેણે એવું કલ્પ્યું પણ ન હતું કે આ બાળયોગી આવું કાંઈ કરશે. હવે તેને ડર લાગવા લાગ્યો કે સાધુને આંખ કાઢવા મજબૂર કરીને ક્યાંક ભવિષ્યમાં અજ્ઞાત સંકટ ન આવવાનું હોય!

તે સ્ત્રી વિચારવા લાગી કે મારા પતિ ઘેર આવે અને મેં વડાં સામે આંખ માંગી તેવું જાણે તો શું થશે? ગોરક્ષે તેને કહ્યું: હે માતા, તું જરા પણ ગભરાઈશ નહીં. ત્વરિત વડા બનાવ અને ભિક્ષામાં આપ. ગુરુજી રાહ જોતા હશે. તેણે ગોરક્ષની માફી માંગી અને ઘરમાં પ્રવેશ કરી વડાં બનાવવા લાગી. વડાં બનાવીને તેણે ગોરક્ષની ઝોળી ભરી દીધી. ગોરક્ષે સંતુષ્ટ થઈ આશીર્વાદ ઉચ્ચાર્યા અને મચ્છિંદ્રનાથ તરફ આવવા નીકળ્યો. તેણે ગુરુની ઈચ્છા પૂરી કરવા વડાંને બદલે આંખ કાઢી આપી. ગૃહિણીએ તેને ખૂબ ચગાવ્યો. ડાબી આંખ પણ કઢાવી લીધી પરંતુ ગોરક્ષને તો સ્ત્રી પ્રત્યે કોઈ કુભાવ ન થયો. સદ્‌ગુરુની ઈચ્છા તે સ્ત્રી દ્વારા જ પૂરી થવાની હતી. ગુરુગીતામાં કહ્યું છે કે ગુરુ માટે સમગ્ર દેહનું બલિદાન આપીએ તો પણ ઓછું છે. આ તો ફક્ત એક જ આંખ ગુરુકાર્યાર્થ કાઢી આપી હતી.

ગોરક્ષ મુકામે આવ્યો અને ડાબી આંખ તેણે વસ્ત્રથી ઢાંકી દીધી. સદ્‌ગુરુને માટે તેણે થાળી પીરસી અને તેમને મનગમતાં વડાં વિપુલ પ્રમાણમાં પીરસ્યાં. ગુરુજી ભોજન માટે આસન પર બેઠા. આજનાં વડાં ખૂબ જ સ્વાદિષ્ટ થયા હતા. વડાની પ્રશંસા ગુરુજી કરતા હતા. ગોરક્ષે કહ્યું: પેટભર ખાવ. આજે તો ઝોળી ભરીને વડાં લાવ્યો છું. તેટલામાં મચ્છિંદ્રનાથની નજર ગોરક્ષના મુખ તરફ ગઈ. ડાબી આંખ પર તેણે હાથ મૂક્યો હતો. ગુરુજીએ પૂછ્યું: ડાબી આંખને શું થયું છે? ગોરક્ષે કોઈ પણ ઉત્તર ન આપ્યો. સદ્‌ગુરુએ ફરી પૂછ્યું: ડાબી આંખ કેમ ઢાંકી દીધી છે? ગોરક્ષ ફરી જવાબ આપતો નથી.

ગોરક્ષને લાગ્યું કે જો સાચું કારણ જણાવીશ તો ગુરુજી ભોજન કરવાનું બંધ કરશે. તેણે કહ્યું: ગુરુજી, પ્રથમ ભોજન કરી લો પછી કહું છું. હવે મચ્છિંદ્રને પણ રસ જાગ્યો કે ડાબી આંખને શું થયું હશે? તેમણે કહ્યું: ગોરક્ષ, જે થયું હોય તે સાચું કહે. તને મારા સોગંદ છે.

ગુરુએ સોગંદ ખાધા એટલે અસત્યભાષણ બિલકુલ ન કરાય. છેવટે તેણે સત્ય હકીકત કહેવાની શરૂઆત કરીઃ ગઈ કાલે જે ઘેર વડાં મળ્યાં હતાં તે ઘેર ગયો. ગૃહિણીએ વડાં ન આપ્યાં. મેં કહ્યું કે આજે હું વડા લઈને જ જઈશ. આથી તે સ્ત્રી કોપાયમાન થઈ અને તેણે કહ્યું કે વડા મફતમાં નહીં મળે. તારી ડાબી આંખ કાઢી આપ. તે પછી તે વડાં બનાવવા ગઈ અને ઝોળી ભરીને વડાં ભિક્ષામાં આપ્યાં. તે વડાં લઈને હું મુકામે આવ્યો. આપ સ્વસ્થપણે ભોજન કરો.

મચ્છિંદ્રનાથે પરીક્ષા કરવાના હેતુથી કહ્યુંઃ તે સ્ત્રીને તેં ડાબી આંખ કાઢી આપી. તેનો ડાબો ડોળો લોહીના લોથડાથી ખરડાએલો હતો. હવે તું તારી જમણી આંખ પણ કાઢી આપ. ગોરક્ષે કહ્યુંઃ ગુરુજી, જમણી આંખ શું કામ, આ મન, પ્રાણ, ઇંદ્રિયો બધું આપના માટે જ છે. એમ કહીને તેણે જમણી આંખ પણ નખથી ખોતરી કાઢી આપી. તેણે બંને હાથ જોડી વિનંતી કરી કે ગુરુમહારાજ, હવે આપ સ્વસ્થતાથી ભોજન કરો. તેની જમણી આંખમાંથી પણ લોહી દદડતું હતું. તેની ગુરુભક્તિ જોઈ મચ્છિંદ્રનાથ પ્રસન્ન થયા. તેમણે મનમાં વિચાર કર્યો, આ શ્રેષ્ઠ ગુરુભક્ત છે. તેના પર તો હવે ગુરુકૃપા થવી જ જોઈએ.

મચ્છિંદ્રનાથે તેને નજીક બોલાવ્યો અને તેની બંને આંખો પર હાથ ફેરવી સંજીવની મંત્ર બોલ્યા. તે સાથે જ ગોરક્ષની આંખો પૂર્વવત્ થઈ અને તેને દેખાવા લાગ્યું. ગોરક્ષે સદ્‌ગુરુનાં ચરણો પર મસ્તક મૂક્યું. મચ્છિંદ્રનાથે તેના મસ્તક પર કૃપાહસ્ત મૂક્યો અને કાનમાં બીજમંત્રનો ઉપદેશ કર્યો. ગુરુમંત્ર પ્રાપ્ત થતાં જ તેનું મન ઉન્મન થયું. ધન્ય તે ગુરુરાજ જે શિષ્યને પોતાના જેવો જ બનાવે છે. ગોરક્ષની દૃઢ નિષ્ઠા જોઈ તેને નિજબોધ કરી શાશ્વત સુખ આપ્યું. તે સુખનો અનુભવ લેતાં ગોરક્ષ પૂર્વની વાર્તા વીસરી ગયો અને સ્વસ્વરૂપમાં રમમાણ થયો. તે બાહ્યભાન પર આવતો ન હતો.

જે પ્રમાણે મીઠું પાણીમાં ઓગળી જાય તેમ ગોરક્ષનું આત્મસ્વરૂપ વિરામ પામ્યું અને તે સાવધ થઈ બહિર્મુખ મન થતું ન હતું. ગોરક્ષ સુખસંપન્ન થઈ આનંદઅર્ણવમાં પરિપૂર્ણ હતો. મચ્છિંદ્રનાથને થયું: આજે શિષ્ય પૂર્ણ ગુરુકૃપાંકિત થયો. હવે તેને જાગ્રત કરવાની જરૂર છે. જો જાગ્રત હોય તો લોકકલ્યાણ પણ કરશે. આથી શાસ્ત્રીય ઉપાયથી ગુરુએ શિષ્યને સાવધ કર્યો. ગોરક્ષે કૃતજ્ઞતાના ભાવથી કહ્યું: સદ્‌ગુરુ મહારાજ, ખરેખર ધન્ય છો. આપે હું-મારું પૂર્ણતઃ નષ્ટ કર્યું. સમગ્ર જગત બ્રહ્મરૂપે દેખાડ્યું. મચ્છિંદ્રનાથે કહ્યું: હવે તું યોગમાર્ગનું અવલંબન લે. તેના થકી પૂર્ણત્વ મળશે. મનમાં વિકલ્પ લાવીશ નહીં. વૈરાગ્યવૃત્તિથી રહેવું, એકાંતમાં એકાગ્ર ચિત્તથી સાધના કરવી. અંતઃશત્રુઓને તાબામાં રાખ. ભિક્ષા કદી છોડીશ નહીં. આ સમગ્ર બ્રહ્મરૂપ જ છે. પરંતુ વિવેક વિચારથી તેની શોધ કર.

સદ્‌ગુરુએ વધુમાં કહ્યું: અદ્વય, અભેદ થઈને રહે અને તે સર્વ શક્તિમાનની કીર્તિ ગા. એકથી અનેક થયા. તે અનેકમાં તે એકલો જ વ્યાપી રહ્યો છે. તેનો તું અનુભવ લે. ત્યાં તર્કવિતર્ક ચાલતા નથી. તત્ત્વજ્ઞાનનો અંગીકાર કર. અધ્યાત્મજ્ઞાન શ્રવણ કર. તત્ત્વજ્ઞાનની અંતઃકરણમાં શોધ કર. તે એકને તારામાં શોધ. તે ગ્રંથમાં કે વાચકોમાં નથી. તે સર્વમાં હોવા છતાં સર્વથી નિરાળો છે. તે ક્યાંય જતો નથી, આવતો નથી, રંગાતો નથી, પીગળતો નથી. દૃષ્ટિમાં ભરેલો હોવા છતાં દેખાતો નથી. વેદ અને પુરાણો કોઈ પણ શાસ્ત્ર હોય તેમાંનું જ્ઞાન એ કથામાં જ રહે છે. સદ્‌ગુરુકૃપા હોય તો જ તે જ્ઞાન અનુભવવા મળે છે. અનુભવ કરાવનાર ફક્ત એક સદ્‌ગુરુ જ હોય છે.

આ પ્રકારનું જ્ઞાન મને આદિનાથ શંકર દ્વારા પ્રાપ્ત થયું. મેં તેમનાં ચરણ ગ્રહ્યાં. શંકર ભગવાને તેમનો કૃપાહસ્ત મારા મસ્તક પર મૂક્યો. તારું અંતઃકરણ શુદ્ધ જોઈને આ જ્ઞાન મેં તને કહ્યું.

મેં કહ્યા પ્રમાણે તું યોગસાધના કર. આ સાંભળીને ગોરક્ષે કૃપાસાગર કહીને મચ્છિંદ્રનાથનાં ચરણ પર મસ્તક મૂક્યું. આ રીતે મચ્છિંદ્રનાથે ગોરક્ષને નાથપંથની દીક્ષા આપી કૃપાંકિત કર્યો. તેને પ્રસાદમાળા, ટોપી, મેખલા, શૈલી, તુંબી, ત્રિશૂળ, શિંગી ઇત્યાદિ આપ્યું. તેના કાન ફાડીને મુદ્રા નાંખી (કર્ણવેધ) વિભૂતિ બટવો અને ઝોળી આપી. હાથમાં સુંદર પાત્ર અને કપાળ પર સિંદૂર અને ભસ્મ વિલેપન કર્યું. તદ્ઉપરાંત કુબડી, સોટો, મૃગાજિન, સ્ફટિક અને રુદ્રાક્ષ પરોવીને માળા તેમજ વીરકંકણ આપ્યું. આટલી વસ્તુઓથી સજજ કરી મચ્છિંદ્રે તેને આશીર્વાદ આપ્યાઃ તું મારાથી પણ સો ગણો સમર્થ થા. ત્રિભુવનમાં તારી કીર્તિ ફેલાશે.

ઉપર પ્રમાણે આશીર્વાદ મળતા ગોરક્ષે ફરી ગુરુપદે નમન કર્યું. તેને આલિંગન આપી સદ્ગુરુએ 'તારું સદા કલ્યાણ થાવ' એમ આશીર્વાદ આપ્યા. આ પ્રમાણે ગુરુ અને શિષ્યને પરસ્પર આનંદ થયો. બંનેએ આગળ પ્રસ્થાન કર્યું. તેઓ પશ્ચિમ દિશાએ આગળ વધ્યા. રસ્તામાં તેમને એક દીન ગરીબ વ્યક્તિ મળી. તે મનુષ્ય સ્વભાવે અત્યંત ભોળો અને ભાવિક હતો. તેનામાં ચાલવાની પણ શક્તિ ન હતી. બંનેએ તે મનુષ્યની પૂછપરછ કરી. તે વ્યક્તિએ કહ્યુંઃ હું હીન-દીન માણસ છું. નાનપણમાં જ મારા માતાપિતા સ્વર્ગે સિધાવ્યાં. મને બીજો કોઈ સંબંધી નથી. ત્યારથી હું એકલો જ માંગીને પેટ ભરું છું અને ફરતો રહું છું. ગુરુ-શિષ્યને તેની દયા આવી અને કહ્યુંઃ તારે અમારી સાથે આવવું હોય તો સાથે ચાલ. તેણે હા પાડી અને આ ત્રણેય આગળ માર્ગક્રમણ કરવા લાગ્યા.

બપોરે તેઓ એક સ્થળે રોકાયા. ત્રીજા મનુષ્યને ખાસ કોઈ તાલીમ ન હતી પરંતુ જે કામ આવે તેને તેની સમજ મુજબ કરતો. ગોરક્ષ ભિક્ષા માંગવા નીકળ્યો એટલે તે વ્યક્તિ પણ તેની સાથે ગઈ અને ગોરક્ષની ઝોળી પોતે ઊંચકી. બંને ભિક્ષા માંગી મુકામ પર

આવ્યા. ગોરક્ષે સદ્‌ગુરુની સેવા કરી અને ત્રીજી વ્યક્તિએ પણ તેમાં યથાશક્તિ પ્રેમપૂર્વક મદદ કરી. યોગીઓનો નિત્યક્રમ જોઈ ત્રીજી વ્યક્તિએ તેને સમજવાનો પ્રયત્ન કર્યો અને યથાશક્તિ મદદ કરતો. સેવાની એક પણ તક તે જવા દેતો ન હતો. સેવાને કદી ત્રાસ માનતો ન હતો. ધીરે ધીરે તે રોજ કરતાં બમણી, ચાર ગણી સેવા કરવા લાગ્યો. મચ્છિંદ્ર-ગોરક્ષે તેને કહેવાની જરૂર ન રહેતી.

મચ્છિંદ્રનાથે પ્રતિભાવ આપતાં કહ્યું: ગઈ કાલ સુધી આ મનુષ્ય અબુધ જેવો હતો. ગોરક્ષ બોલ્યો: ગુરુનાથ, તેની સેવાપરાયણતા જોઈ તેના પર આપની કૃપા થઈ તેમ લાગે છે. તે સેવાભાવી છે, ભાવિક છે અને સાત્ત્વિક છે. તેનું અંતઃકરણ પણ શુદ્ધ લાગે છે. આ સેવકને ગુરુવર્યે દૂર કરવો ન જોઈએ. તેને કોઈ નામ નથી. કયા નામથી તેને આપણે બોલાવીશું? મચ્છિંદ્રનાથે કહ્યું: આને ચર્પટનાથ નામથી બોલાવીશું. ત્યારથી તેને ગુરુશિષ્ય ચર્પટનાથ નામથી બોલાવતા. ચર્પટનાથની હૃદયપૂર્વકની સેવાથી મચ્છિંદ્રનાથ અને ગોરક્ષનાથ સંતુષ્ટ થયા. ગોરક્ષનાથે સદ્‌ગુરુને વિનંતી કરી કે ચર્પટનાથને પણ કૃપાંકિત કરવો. દયાસાગર મચ્છિંદ્રનાથ તેના પર સંતુષ્ટ થયા. ચર્પટને અનુગ્રહ આપી નાથપંથમાં ભેળવ્યો.

ચર્પટના કાન ચીરવામાં આવ્યા (કર્ણવેધ), તેમાં મુદ્રા પરોવવામાં આવી, શૈલી, શિંગી, ઝોળી આપી તેનું નામ ચર્પટનાથ રાખવામાં આવ્યું. બીજહોમ સંપન્ન થઈ પ્રસાદભોજન પણ સંપન્ન થયું. ત્યાંથી પ્રવાસ કરી તેઓ ત્રણેય જણ આબુ પર્વત પર આવ્યા. સિદ્ધાશ્રમમાં આવીને મચ્છિંદ્રનાથે ગોરક્ષને કહ્યું: હે ગોરક્ષ, તું અહીં યોગસાધના કર. તારી સર્વ મનોકામના પૂરી થશે. આટલી મારી આજ્ઞાનું પાલન કર. સદ્‌ગુરુનું કથન સાંભળી ગોરક્ષ સદ્‌ગુરુને પગે લાગ્યો અને કહેવા લાગ્યો: હે ગુરુદેવ, શું તમે મને તમારાથી દૂર રાખશો? તમારાં ચરણોનો

મને વિરહ થશે. તેનો કંઠ ગદ્‌ગદ્‌ થયો. વધુમાં તેણે કહ્યું: આ દીનની ઉપેક્ષા કેમ કરો છો? શું આ દીનથી કંટાળો તો નથી આવ્યો ને? આથી આ રસ્તો શોધ્યો?

મચ્છિંદ્રનાથની આંખોમાં પણ આંસુ આવ્યા. જેના જન્મ માટે સ્વયં કારણભૂત હતા તે ગોરક્ષ હવે તેમના ભૌતિક સાંનિધ્યથી દૂર થવાનો હતો. સાધનાનો એક સિદ્ધાંત છે કે એક ઝાડ નીચે બીજું ઝાડ વધતું નથી, તેનો વિકાસ રુંધાય છે. આથી સાધના પણ શિષ્યે ગુરુથી દૂર રહીને કરવાની હોય છે. મચ્છિંદ્રનાથને ગોરક્ષનું નિર્મળ મન તથા તેની સેવા જોઈ આંખો ભીની થઈ. તેમણે ઉપદેશના સ્વરૂપમાં કહ્યું: હે શિષ્ય શિરોમણિ, તારું મન ઉદાસ થવા દઈશ નહીં. યોગીને લોભ મોહ હોવા ન જોઈએ. તેણે સદા નિઃસંગ નિરામય રહેવું. શિષ્યે ગુર્વાજ્ઞાનું આળસ વગર પાલન કરવું જોઈએ. હું-તું આ ભેદ મનનો ભ્રમ છે. ભ્રમના નિરસન માટે જ યોગની સાધના કરવાની હોય છે.

યોગ જ્યારે સિદ્ધ થાય છે ત્યારે દ્વૈત મટી જશે અને સર્વત્ર તું જ બધે વ્યાપી રહ્યો છે તેનો અનુભવ થશે. શાશ્વત પદ પામીશ પછી સર્વ કલ્પનાનો ધ્વંશ થશે. સર્વત્ર મને જ જોઈશ. ખેદ કરીશ નહીં. યોગ સાધીને સિદ્ધ થા અને અંતર્બાહ્ય મને જ જો. સદ્‌ગુરુનો ઉપદેશ સાંભળી ગોરક્ષનું હૈયું ઉભરાયું અને સદ્‌ગુરુના ચરણે નતમસ્તક થયા. તેમણે કરુણ સ્વરમાં કહ્યું: આપની આજ્ઞા મને શિરસાવંધ છે. પરંતુ આપનું દર્શન મને ફરી ક્યારે થશે? મચ્છિંદ્રનાથે કહ્યું: "અમે તીર્થાટન કરવા નીકળીશું. તારો યોગ પૂર્ણ થાય એટલે મને શોધતો આવજે. તું મારી ચિંતા કરીશ નહીં. સેવામાં હવે ચર્પટનાથ છે. આપણી ફરી મુલાકાત થશે." આ પ્રમાણે ગોરક્ષનાથને ઉપદેશ કરી મચ્છિંદ્રનાથે ગોરક્ષને આસન પર બેસાડી યોગધારણામાં પ્રવૃત્ત કરી ચર્પટનાથ સાથે તીર્થાટન માટે પ્રસ્થાન કર્યું.

મચ્છિંદ્રનાથ પછી મલ્યાળદેશ (આસામ) જશે. ત્યાં ગોરક્ષનાથ તેને જઈને મળશે અને અદ્‌ભુત લીલા કરશે. શ્રીદત્તાત્રેયનો મહિમા કહેતાં ઉપરની કથાનો ક્રમ આવ્યો. પ્રબોધનની દૃષ્ટિથી આ કથા મધુર લાગી આથી કથન કર્યું. ખાસ કરીને સેવાનું ગુણવર્ણન કરવું યોગ્ય લાગ્યું આથી વિગતવાર વર્ણન કર્યું. આગામી પ્રસંગમાં ગોરક્ષ અને કાનિફનું મિલન થશે. તે કથા ખૂબ જ રસાળ અમૃતમય છે. કથા રહસ્ય દત્તદિગંબર બોલાવી રહ્યો છે. તેની કૃપાનો જ આધાર છે. બાકી પામર મનુષ્ય શું વિવેચન કરશે?

વાયુના આધારે પતંગ ઊડે છે. પવન ન હોય તો દોરી સાથે તે નીચે પટકાય છે. કાષ્ઠનો સૈનિક યુદ્ધ કરે છે. પરંતુ તેનો દોરીસંચાર કરનાર સૂત્રધાર બીજો હોય છે. તે જ પ્રમાણે આ દેહને ચલાવનાર અવિનાશ દત્ત છે. વાજિંત્રનો અવાજ ખૂબ જ મધુર હોય છે. પરંતુ તે તેને વગાડનારની કળાને આભારી હોય છે. હે સંત મહંત, આ રહસ્ય તમે જાણો છો જ. હું શું કામ અહંકારમાં રાચું? જેની સત્તા તે જ જાણે. તમે સાધુ દીનદયાળ છો. રસસિદ્ધિ કરાવી સેવન કરો છો. આ તમારી કૃપા છે. મારી બુદ્ધિની શક્તિ નથી.

હું અતિશય પતિત દીન અને અપરાધી છું. હું અજ્ઞાની બાળક છું. પરંતુ આપને શરણે આવ્યો છું. તમે મને પાવન કરો. મારાં દીન વચનો સાંભળી તમને દયા આવી. મારા અપરાધોને નજરઅંદાજ કરી મને શરણે લીધો અને આ સુંદર ગ્રંથ આગળ વધાર્યો. હજુ આગળ વધારજો. મારું મન અક્ષય તમારા ચરણે રહેવા દો. મારી બુદ્ધિને બીજું કાંઈ ન ગમો. તેવું વરદાન મને આપો અને આ ગ્રંથને પૂર્ણતા તરફ લઈ જાવ.

॥ ઈતિ સપ્તત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

અધ્યાય - ૩૮

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુ સ્વામી દત્ત, અજ, અનન્ય, માયાતીત, અનામી, નિઃસંગ, શાશ્વત, અનાદિ, અનંત, તારો જયજયકાર. તને નમન. હે સર્વવ્યાપક, સનાતન, ચૈતન્યઘન, પૂર્ણબ્રહ્મ, નિરંજન, ચિત્સ્વરૂપ, પ્રકાશગહન, તને નમસ્કાર. હે ત્રિભુવનપાલક, ત્રિગુણાત્મક, ત્રિતાપહારક, સુખદાયક, તિમિરનાશક, દીનપાલક, ભયનિવારક, તને નમસ્કાર. હે સદ્‌ગુરુ અનંત, દિગંબર, અખિલ અભંગ, દીનોદ્ધારક, તારાં ચરણે મસ્તક મૂકી મારી વિનંતી છે કેઃ હું જ્ઞાની નથી, અજ્ઞાની નથી કે વિચક્ષણ નથી. તેમ છતાં તેં મારો અંગીકાર કર્યો છે અને મારા બોબડા બોલને મધુર માને છે. હે સદ્‌ગુરુ, તને જે ગમે છે તે તું બાળકને આપે છે અને તેને લાડ લડાવે છે અને તારો મહિમા વધારે છે. તું પોતાની શક્તિથી સુરસ કથાનો પ્રવાહ વહેવડાવે છે. મચ્છિંદ્ર-ગોરક્ષનું આખ્યાન એટલે સાધના વિશે સાધકોને ઉપદેશ જ હતો.

ગત અધ્યાયમાં ગોરક્ષને યોગમાં બેસાડી મચ્છિંદ્રનાથ યાત્રામાં આગળ વધ્યા તે કથાભાગ આવ્યો. મચ્છિંદ્ર અને ચર્પટ ચૌરંગી માર્ગક્રમણ કરતા આગળ ચાલ્યા. તેઓ પદયાત્રા કરતા હતા પરંતુ કોઈ પણ સ્થળ કે ક્ષેત્ર પ્રતિ નિઃસંગ રહેતા. અનેક તીર્થક્ષેત્રોનાં દેવી-દેવતાનાં દર્શન કરી જે તે સ્થળે મુકામ કરી ઘણા દિવસો પછી મલ્યાળ (આસામ) પ્રાંતમાં પહોંચ્યા. મલ્યાળ પ્રાંતનો ઈતિહાસ અચરજભર્યો હતો. અહીં સ્ત્રીઓનું જ વર્ચસ્વ હતું. એક પણ પુરુષ નજરે પડતો ન હતો.

હનુમાનજીની ગર્જનાથી પુરુષો વીર્યહીન બનતા. સર્વત્ર સ્ત્રીઓ અને કન્યા. ત્યાં પુરુષો મળવા દુર્લભ. તે પ્રાંતમાં અનેક તીર્થક્ષેત્રો હતાં. આથી તે તીર્થોમાં યોગીશ્વર જતા. ત્યાંની સ્ત્રીઓ વિષયસુખ માટે પુરુષોને મોહિત કરતી.

મચ્છિંદ્ર અને ચર્પટ સ્ત્રીરાજ્યની સરહદ નજીક આવ્યા. તેમણે જ્યારે હકીકત જાણી ત્યારે સંકટ આવે તેમ હતું. આથી મચ્છિંદ્રે વિચાર કર્યો કે પોતે સ્ત્રીરાજ્યમાં જશે ત્યારે સાધક અવસ્થાનો ચર્પટ તે પ્રાંતની બહાર યોગસાધના કરશે. તેમણે તે પ્રમાણે ચર્પટને કહ્યું: ચર્પટ, અમે આ રાજ્યમાં જઈને આવીશું. ત્યાં સુધી તું અહીં જ રહીને સાધના કર અને ભિક્ષા માંગજે. પ્રદેશ જોયા પછી હું પાછો આવીશ. ચર્પટ ચૌરંગીએ કહ્યું: આપની આજ્ઞા મને શિરસાવંદ્ય છે. આપ ત્યાં જઈને જલદી પાછા આવજો. આ બાળકની ઉપેક્ષા કરશો નહીં. મચ્છિંદ્રનાથે સૂચના આપતાં કહ્યું: સાવધાનતાથી રહેજે. આમ કહીને મચ્છિંદ્રનાથે મલ્યાળદેશમાં પ્રવેશ કર્યો. તે પ્રદેશનાં નગરો, તીર્થક્ષેત્રોની મુલાકાત લેતા મચ્છિંદ્ર આગળ વધ્યા. મધ્યાહ્ન સમયે તેઓ ભિક્ષા માંગી ભોજન કરતા. માર્ગે જતાં શિંગી વગાડતા અને કીંગરીના સૂરમાં ભજનો ગાતા.

આ પ્રમાણે મચ્છિંદ્રનાથનો દિનક્રમ રહ્યો. ફરતાં ફરતાં તેઓ સ્ત્રીરાજ્યના મુખ્ય નગરમાં આવ્યા. નગરદ્વાર પરની સ્ત્રીરક્ષકોએ ભવ્ય અતિથિને જોઈ તેમના સમાચાર રાજમહેલમાં પહોંચાડ્યા. એક દિવ્ય પ્રભાવશાળી યોગી પ્રવેશદ્વાર પર આવ્યો છે. આ સમાચાર સાંભળી સ્ત્રીરાજ્યની સામ્રાજ્ઞી પ્રેમળ યોગીને આવકારવા આવી. સંગીત વાદ્યો સાથે સમારંભપૂર્વક રાણી તેમનું સ્વાગત કરવા આવી. તેમની મધુર શબ્દોમાં સ્તુતિ કરી. યોગીવર્યને પાલખીમાં બેસાડવામાં આવ્યા અને વાજતે ગાજતે તેમને રાજમહેલ લઈ જઈ તેમને સિંહાસન પર બિરાજમાન કરવામાં આવ્યા. રસ્તે ઠેરઠેર તેમના પર પુષ્પવૃષ્ટિ કરવામાં આવી.

સિંહાસન પર યોગીરાજને બિરાજમાન કરી તેમની ષોડશોપચારે પૂજા કરવામાં આવી. ઊંચી જાતનું અત્તર લગાડવામાં આવ્યું. અનેક પ્રકારનાં સુગંધી પુષ્પોની માળા પરિધાન કરાવવામાં આવી. અત્યંત ભક્તિભાવપૂર્વક યોગીની સેવા કરી તેનું અંતઃકરણ મોહિત કર્યું. કાળપ્રવાહની મગરીએ શિકારમાં કોઈને પકડે કે ક્યારેય તેની દાઢમાંથી શિકાર છૂટતો નથી. તે મોહઅરણ્યની રીંછણી, વાસનાખીણની વાઘણ જીવને પકડે કે કદી પણ હત્યા કર્યા વગર છોડતી નથી. આ વિષયાગ્નિની જવાળા બાળતી વખતે આ અશ્વત્થનું વૃક્ષ છે, ચંદનનું વૃક્ષ છે કે સામાન્ય વૃક્ષ છે તેમ ભેદભાવ કરતું નથી, બધાંને ભસ્મ કરી નાંખે છે. તે પ્રમાણે પ્રેમળરાણીએ મચ્છિંદ્રનાથને વિષયની જાળમાં ફસાવી મોહગ્રસ્ત કર્યો. પોતાનો પૂર્ણ તાબેદાર બનાવી દીન બનાવી દીધો.

મચ્છિંદ્ર યોગને ભૂલી ગયો અને આત્મધનના સંરક્ષણ માટે જાગ્રત રહેવાનો સ્વાધ્યાય પૂર્ણતઃ વિસરી ગયો. આમ ઘણા દિવસો વીતી ગયા. ચર્પટનાથને આ અંગે કશી ખબર ન હતી. ચાતક જેમ ચંદ્રની પ્રતીક્ષા કરે તેમ ચર્પટ મચ્છિંદ્રનાથની પ્રતીક્ષા કરતો હતો. આ બાજુ પ્રેમળરાણી અને મચ્છિંદ્રની પ્રેમલીલાના પરિપાકરૂપે મીનનાથનો જન્મ થયો. રાણી ખૂબ જ ચતુર હતી. તેને ખબર પડી કે મચ્છિંદ્રનાથને બે પ્રમુખ શિષ્યો છે. આથી તેણે સ્ત્રીસૈનિકોને આજ્ઞા કરી કે મચ્છિંદ્રનાથની નજીક કોઈ પણ પુરુષને ફરકવા દેવો નહીં. નહીં તો શિષ્યો મચ્છિંદ્રનાથને સમજાવી, પટાવી, સ્ત્રીરાજ્યમાંથી બહાર લઈ જાય. રાણીની આજ્ઞા અનુસાર નગરના પ્રવેશદ્વારમાં જાપ્તો ગોઠવી કોઈ પણ પુરુષને નગરમાં પ્રવેશ ન આપવા કડક સૂચના આપી. રાણીની આજ્ઞાનું કડક પાલન કરવામાં આવ્યું અને તેઓ કોઈ પણ પુરુષને (યોગી-સાધુ હોય તો પણ) નગરમાં પ્રવેશવા દેતા નહીં.

આ બાજુ જાલંદરનાથનો શિષ્ય કાનિફનાથ માર્ગક્રમણ કરતાં ત્યાં આવ્યો. તેને મચ્છિંદ્રનાથના સમાચાર મળ્યા હતા. સમાચાર સાંભળી કાનિફ સ્ત્રીરાજ્યનો પ્રદેશ છોડી ગયો. તેની સાથે આવેલા શિષ્યો પણ મોહજાળમાં ફસાવાની બીકે અન્યત્ર જતા રહ્યા. રસ્તામાં કાનિફની મુલાકાત ચર્પટનાથ સાથે થઈ. પૂછપરછ કરતાં તેમણે મચ્છિંદ્રનાથની હકીકત ચર્પટનાથને કહી સંભળાવી. મચ્છિંદ્રનાથના સમાચાર સાંભળી ચર્પટનાથનો ચહેરો નિસ્તેજ થયો. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે નાથયોગીઓની આ હાલત? પ્રત્યક્ષ મળવા જઈએ તો કદાચ મચ્છિંદ્ર જેવી જ હાલત થાય. ત્યાંની સ્ત્રીઓ જાદુગરણીઓ હોઈ અનેક મંત્રતંત્રમાં વિશારદ હતી. કાનિફે પણ ત્યાંથી વિદાય લીધી. તેની સાથે આવેલા શિષ્યો પણ જે રસ્તો મળે ત્યાં વિખરાઈ ગયા.

પાછા ફરતી વખતે કાનિફની મુલાકાત ચર્પટ સાથે થઈ. ચર્પટ મનમાં અતિ દુઃખ કરવા લાગ્યો. નગરમાં જઈ મુલાકાત લેવી હોય તો કોઈ પણ પુરુષને પ્રવેશ બંધ હતો. ગોરક્ષ પણ યોગમાં ઉપાસનારત હતો. તેને ખબર પડે તો ગોરક્ષ જરૂરથી ત્યાં દોડી આવશે. તેણે નક્કી કર્યું કે જે કોઈ યોગી વાયવ્ય દિશામાં જશે તે યોગી દ્વારા આ સમાચાર ગોરક્ષ સુધી પહોંચાડવા. તે પ્રમાણે તેણે ગોરક્ષનાથને સંદેશો કહેવડાવ્યો.

આ બાજુ ગોરક્ષનો યોગાભ્યાસ પૂર્ણ થયો હતો. તેના ઉપર સદ્‌ગુરુનો કૃપાપ્રસાદ હતો જ. તે તપશ્ચર્યાનું ફળ મેળવી પ્રસન્ન હતો. હવે તેને સદ્‌ગુરુની યાદ સતાવવા લાગી. ક્યારે સદ્‌ગુરુ મળશે તે ક્ષણની તે રાહ જોવા લાગ્યો. સદ્‌ગુરુ કયા પ્રદેશમાં હશે? તેમનાં ચરણદર્શન ક્યારે થશે? કોણ મને તેમની સાથે મુલાકાત કરાવશે? સદ્‌ગુરુએ સૂચન કર્યું હતું કે તપશ્ચર્યા પૂરી થાય એટલે મને શોધજે. હવે મારે ગુરુરાજની શોધમાં ત્વરિત નીકળવું જોઈએ. તેની સાથે બીજા અનેક યોગીઓ પણ હતા. અનેક તીર્થક્ષેત્રોની મુલાકાત લેતા તેઓ આગળ વધ્યા. પ્રખર

કિરણોથી આચ્છાદિત જેમ સૂર્ય શોભાયમાન દેખાય છે તેમ ગોરક્ષ યોગીસમૂહમાં શોભાયમાન દેખાતો હતો. વચ્ચે ગોરક્ષ પોતાના મનના ઉદ્‌ગારો કાઢતો હતો. ક્યારે સદ્‌ગુરુ દર્શન થશે તેમ મને થાય છે.

ગોરક્ષની આંખોમાંથી વિરહના અશ્રુઓ નીકળતાં હતાં. બધા યોગીઓએ ગોરક્ષ વિશે ધન્યોદ્‌ગાર કાઢ્યા. ઇતર યોગીઓ કહેવા લાગ્યાઃ ગોરક્ષ, તું ખરેખર ધન્યવાદને પાત્ર છે. ગુરુભક્તિમાં તરબોળ તારું અંતઃકરણ! જે ગુરુભક્તમાં વૈરાગ્ય, ઇંદ્રિયનિગ્રહ ઇત્યાદિ ગુણો છે અને જે સત્યવચની હોય છે તેવા શિષ્યના પુણ્યને કોઈ સીમા નથી. તેને યોગેશ્વર જ જાણવો. તેની સામે રિદ્ધિ-સિદ્ધિ હાથ જોડી ઊભી હોય છે. યમરાજ પણ તેવા ભક્તની આજ્ઞામાં હોય છે. ઇંદ્ર તેને માન આપે છે અને ત્રિદેવ તેની સહાયમાં હોય છે. ગુરુભક્તોમાં તું શ્રેષ્ઠ છે. તારાં દર્શન માત્રથી જીવોનાં પાપ નષ્ટ થાય છે. તારી યોગ્યતાનો બીજો કોઈ પણ યોગી નથી.

તારી જેના પર દૃષ્ટિ પડે છે તે તારા જેવો જ થાય છે. તું શ્રેષ્ઠ શિષ્ય છે. તું સર્વ ગુણોથી યુક્ત એવો પરમ શિષ્ય છે. પોતાની પ્રશંસા ગોરક્ષને ન ગમી. તેણે પૂછ્યુંઃ મારી સ્તુતિ શા માટે કરો છો? સદ્‌ગુરુ સાથે મારું મિલન ક્યારે થશે તે મને કહો. સદ્‌ગુરુની યાદ આવવાથી તેનું અંતઃકરણ આર્દ્ર થયું. રસ્તે ચાલતાં કોઈ પણ તેને મળે તો તેને તે સદ્‌ગુરુ વિશે સમાચાર પૂછતો. પર્વત, ખીણ, વન, ઉપવનો ઉલ્લંઘીને તે પૂર્વ દિશા તરફ ચાલવા લાગ્યો. વાયવ્યથી ઉત્તર, પૂર્વ દિશામાં માર્ગક્રમણ કરતા તે પાછો ફર્યો અને મહાક્ષેત્ર ઉજજૈન આવી પહોંચ્યો. સપ્ત મોક્ષપુરી પૈકી એક અવંતિકા ક્ષેત્ર જોઈ તેને આનંદ થયો.

ઉજજૈન નગર બહાર એક મોટો બગીચો હતો. ત્યાં યોગીઓ સાથે ગોરક્ષનાથનું આગમન થયું. ગોરક્ષનાથ કેન્દ્રમાં અને બાકીના યોગીઓ તેની આજુબાજુ વીંટળાઈ વળ્યા. થોડો સમય તેઓએ વિશ્રાંતિ લીધી

અને તે જ સમય દરમ્યાન દક્ષિણ માર્ગે એક બીજું યોગીવૃંદ આવીને તે બગીચામાં રોકાયું. બંને યોગીવૃંદના સભ્યોએ પરસ્પર "આદેશ" શબ્દની આપ-લે કરી. જે નાથ સંપ્રદાયમાં એકબીજાને મળતા કુશળ શબ્દ* તરીકે ઉચ્ચારાય છે. તેમણે એકબીજાની ગુરુપરંપરાની પૂછપરછ કરી. દક્ષિણ દિશામાંથી આવતા યોગીવૃંદના સભ્યોએ કહ્યું કે મહાયોગી જાલંધરનાથના શિષ્ય યોગીરાજ કાનિફનાથ પોતાના શિષ્યવૃંદ સાથે તીર્થયાત્રાએ માર્ગક્રમણ કરી રહ્યા છે.

ગોરક્ષનાથના શિષ્યોએ જણાવ્યું કે આ યોગીરાજ શિવાવતાર મચ્છિંદ્રનાથના શિષ્યશિરોમણિ ગોરક્ષનાથ છે. બંને યોગીઓનો પંથ એક જ નાથપંથ છે. ગોરક્ષનાથ અને કાનિફનાથે પરસ્પર આલિંગન આપ્યું અને બંને નજીક નજીક આસન પર બિરાજમાન થયા. બગીચામાં અનેક કેરીથી લચેલા આંબાના ઝાડ હતા. ઝાડ પરની પાકી કેરીઓ જોઈને શિષ્યોના મોંમાં પાણી આવ્યું. ગોરક્ષનાથે શિષ્યોની આ ઈચ્છા જાણી. તેમણે કાનિફનાથને કહ્યું: શિષ્યવૃંદ પાકી કેરીની અભિલાષા ધરાવે છે. તમે યોગશક્તિથી કેરીઓ ઉતારી શિષ્યોની ઈચ્છા પૂરી કરો.

કાનિફનાથે ગોરક્ષનાથને કહ્યું: તમે નાથપંથના શ્રેષ્ઠ વડીલ યોગી છો. આથી આ કામ તમારા પર છોડ્યું છે. વૃક્ષોને પણ ઈજા ન થાય અને શિષ્યોની ઈચ્છા પૂરી થાય તે રીતે સિદ્ધિનો ઉપયોગ કરો. કાનિફનાથની સૂચના પ્રમાણે ગોરક્ષનાથે વિભક્તાસ્ત્રમંત્ર બોલી અને પછી આકર્ષણમંત્ર બોલી તે પાકી કેરીઓનો મોટો ઢગલો ગોરક્ષનાથ પાસે ભેગો થયો. ગોરક્ષનાથે આ કરામત બતાવી અને શિષ્યોમાં બધી પાકી કેરીઓ વહેંચી. બધા શિષ્યોએ પ્રેમથી બધી કેરીઓ આરોગી અને તેમનું મન સંતોષ પામ્યું. ફળો ખાધા પછી ગોટલા અને છાલનો ઢગલો થયો.

* Greeting words.

ગોરક્ષે કાનિફને વિનંતી કરી કે આંબાવાડીના માલિકની પરવાનગી વગર આપણે બધાએ કેરીઓ આરોગી. આથી હવે સિદ્ધિના બળે તે બધી જ કેરીઓને પૂર્વવત્ કરી ઝાડ પર લટકાવી દો એટલે આપણને દોષ લાગે નહીં. કાનિફે ગોરક્ષનાથને કહ્યું: તમે સર્વ વિદ્યા જાણો છો. આથી આ કામ તમે જ કરો. ગોરક્ષનાથે દલીલ કરી કે તમે પણ પૂર્ણયોગી જાલંદરનાથના શિષ્ય છો. આથી તમારી પાસે પણ તે શક્તિ છે જ. અને જો તેવી શક્તિ તમારી પાસે ના હોય તો વૃથા યોગી તરીકે પોતાને કેમ કહેવડાવો છો?

છેવટે ગોરક્ષનાથે સંમત થઈ સંજીવનીમંત્ર બોલી સર્વ પાકી કેરીઓને પૂર્વવત્ કરી અને વાતાસ્ત્રથી તે કેરીઓ આંબાના ઝાડને લટકી રહી. ગોરક્ષે તેમ પણ કહ્યું કે સદ્‌ગુરુની કૃપાનું પરિણામ જુઓ. જેનો સદ્‌ગુરુ સમર્થ હોય તેનો દરેક શિષ્ય આવો પરાક્રમી હોય જ છે. સર્વ શિષ્યો આ ચમત્કાર જોઈ આશ્ચર્યચકિત થયા. ગોરક્ષે બીજી સૂચક વાત કાનિફને કરી કે તે જાલંદરનો કૃપાપાત્ર શિષ્ય હોવા છતાં તેની પાસે કેમ આવી શક્તિ નથી? શક્તિ પ્રાપ્ત કર્યા વિનાના મનુષ્યએ દીક્ષા મેળવી કે ન મેળવી કાંઈ ફરક પડતો નથી.

કાનિફનાથનો સ્વભાવ શાંત હતો. ગમે તેટલું તેના વિશે ઘસાતું બોલાય તો પણ તે વાણીનો પ્રતિહુમલો કરતો ન હતો. તેણે દલીલ કરી કે આવી શક્તિ તેની પાસે નથી અને આવા શક્તિપ્રદર્શન માટે યોગસાધના કરવામાં આવતી નથી. સદ્‌ગુરુ જાલંદરનાથનાં ચરણોને જ અમે જાણીએ છીએ અને તેમનાં ચરણે અમારી શરણાગતિ છે. અમે તેમના દાસ છીએ. સામે પક્ષે તમે વિરક્ત યોગી કહેવડાવો છો અને જાદુગરની જેમ લોકોને ચમત્કાર બતાવી પોતાને પૂજ્ય કહેવડાવો છો. જે યોગી સ્વસ્વરૂપમાં લીન નથી હોતો તેને આવી બધી કરામત કરવી પડે છે. તારો ગુરુ મચ્છિંદ્રનાથ સ્ત્રીરાજ્યમાં રાણીની સોડમાં સૂતો છે.

તેણે આપણા નાથપંથને ડાઘ લગાડ્યો છે. પોતાને વિરક્ત કહેવડાવવું અને સ્ત્રીઓથી વીંટળાઈ વળવું, શું આને જ યોગ કહેવો?

પોતાના ગુરુ વિશે અશોભનીય શબ્દો સાંભળી ગોરક્ષનાથને ગુસ્સો આવ્યો. તેણે કહ્યું: તમે જાલંદરનાથના શિષ્ય કહેવડાવો છો પરંતુ જાલંદરનાથે મૈનાવતી સ્ત્રીને ઉપદેશ આપી અજુગતું કર્યું છે. આ તો સારું થયું કે તેનો પુત્ર ગોપીચંદ ઉસ્તાદ નીકળ્યો. તેણે જાલંદરનાથને ઘોડાની લાદ અને વિષ્ઠાના ખાડામાં દાટી દીધો છે. ગૌડ બંગાલમાં તારો ગુરુ સડી રહ્યો છે. તે પોતે બહાર નીકળી શકતો નથી અને તું પણ તારા ગુરુને ખાડામાંથી બહાર કાઢી શકતો નથી. જાલંદરના શિષ્ય થઈ તમે જગતમાં માન-સન્માન મેળવો છો પરંતુ તમારા ગુરુ આવા પ્રતાપહીન છે.

ગોરક્ષનાથનાં આવાં કઠોર વચન સાંભળી કાનિફને કોઈ ગુસ્સો ન આવ્યો. તેણે ગોરક્ષનો ખૂબ જ અંતઃકરણપૂર્વક આભાર માન્યો. તેણે કહ્યું: હે ગુરુભક્ત, તેં મારા પર મોટો ઉપકાર કર્યો છે. મારા ગુરુજી વિશે માહિતી આપી મને ઉપકૃત કર્યો છે. આમ કહીને તેણે ગોરક્ષને આલિંગન આપવા વિનંતી કરી. ગોરક્ષનાથને પણ પોતાના ગુરુની માહિતી મળતાં કૃતજ્ઞતાની લાગણી થઈ. તેણે કહ્યું: હે કાનિફ, તેં ખરેખર મારા પર મોટો ઉપકાર કર્યો છે. મારા ગુરુની માહિતી આપી. હવે હું સદ્‌ગુરુનાં દર્શન કરવા સ્ત્રીરાજ્યમાં જઈશ.

ગોરક્ષે કાનિફને પશ્ચાત્તાપના સ્વરમાં જણાવ્યું કે તું ખરેખર શાંત સ્વભાવનો અને પૂર્ણતાએ પહોંચેલો શિષ્ય છે. તારી કરુણાને લીધે જ હવે હું મારા ગુરુનાં દર્શન કરી શકીશ. મારી સિદ્ધિનાં પ્રદર્શન કરી મેં મોટી ભૂલ કરી છે. આમ બંને યોગીઓએ એકબીજાને આલિંગન આપ્યાં અને ક્રોધ સમૂળો વિસરી ગયા. આમ પણ સંતો, યોગીઓ દેખાવ પૂરતો જ ક્રોધ કરે છે અને ક્ષણાર્ધમાં તેને ભૂલી જાય છે.

તેઓ જ સંત કહેવાય છે. કૃત્રિમ ક્રોધ દર્શાવતાં જ બંને યોગીઓને તેમના ગુરુની માહિતી મળી. આથી તેઓ પ્રસન્ન મન હતા. કાનિફે ગોરક્ષની રજા માંગી. પરસ્પર આલિંગન કરી બંને યોગીઓ છૂટા પડ્યા. કાનિફ પૂર્વ દિશામાં ગયો અને ગોરક્ષ શિષ્યો સાથે દક્ષિણ દિશામાં ગયો. આમ, કાનિફ ગૌડ બંગાળ પ્રાંતમાં ગયા અને ગોરક્ષનાથે મલ્યાળ (સ્ત્રીરાજ્ય) તરફ શિષ્યો સાથે પ્રયાણ આદર્યું. ગોરક્ષનાથને થયું કે ક્યારે સ્ત્રીરાજ્યમાં જાઉં અને સદ્‌ગુરુને સમજાવી પાછો લઈ આવું.

ગોરક્ષનાથ સદ્‌ગુરુનું સ્મરણ કરતાં માર્ગક્રમણ કરવા લાગ્યો. અગામી અધ્યાયમાં બંને ગુરુશિષ્યનું મિલન થશે. તે કથા ઘણી રસભરિત છે. તે કથાનું રસપાન શ્રોતાઓએ શાંતિથી કરવું. સ્ત્રીરાજ્યમાં જઈને ગોરક્ષનાથ મચ્છિંદ્રનાથનાં દર્શન અવશ્ય કરશે. તે ચમત્કારિક પ્રસંગનું વિવેચન શ્રીદત્ત કરાવશે. શ્રીદત્ત એ સનાતન, નિશ્ચલ, દયાળુ, ઉદાર હોઈ તેની કૃપાનો પરિપાક એટલે જ આ ગ્રંથવૃદ્ધિનો રસથાળ! દત્ત દિગંબર જગદોદ્ધાર માટે જ ગ્રંથરૂપે પ્રગટ્યો છે. તેના તરફ પ્રેમદૃષ્ટિએ જોતાં તે કૃપાહસ્તથી ભક્તને સંસારસાગર પાર કરાવે છે. ભક્તના અજ્ઞાનનો નાશ કરે છે. પોથીપંડિતોનું અજ્ઞાન દૂર કરી તેમના મનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવે છે.

દત્તદયાર્ણવ ઉપાસકોના મનનો ભાવ જાણી તેમની ઈચ્છાપૂર્તિ કરે છે અને તેના ચરણે આશ્રય આપે છે. આ દત્ત દેવ આપણા શરીરમાં જ વિદ્યમાન છે.* આ હકીકતને સાધુસંતો જાણે છે. આથી તેમને જ જિજ્ઞાસુઓએ શરણે જવું. સંતો અને સાધુસંતોમાં બિલકુલ ભેદભાવ નથી.** સંતોના શરણે જવાથી જીવાત્માનું સહજ કલ્યાણ થાય છે. સાધુસંત એટલે જ ઈશ્વર, કોમળ, ઉદાર અને દયાળુ છે.

---

* દેહ તે ડાકોર, આત્મા શ્રીરણછોડ... -પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ.

** હરિ ગુરુ સંતન ભેદ મિટાઉં... -પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ. (અવધૂતી આનંદ)

તેઓ શાંત, ભાગ્યવંત અને જ્ઞાનસાગર હોઈ તેમની ગતિ પરાત્પર છે. તેઓની સમદૃષ્ટિ હોય છે. તેઓ વૈરાગ્યસંપન્ન, પતિતપાવન, ભક્તોનું ભૂષણ અને શ્રીદત્તના પ્રાણસ્વરૂપ છે. આથી તેમના ચરણે ભક્તિભાવથી શરણે જવું. આથી તેઓ અભય હસ્ત મૂકી ભક્તોને સંતુષ્ટ કરે છે. સંતોની કૃપાથી જ આ ગ્રંથનો વિસ્તાર થયો છે. તેની સફળતા માટે મેં તેમનાં ચરણે મસ્તક મૂક્યું છે. હે સંતો, તમે કૃપા કરશો ત્યારે જ ગ્રંથ પૂર્ણતા પામશે. તે શક્તિ મારા જેવા અશક્ત પાસે નથી. હું તમારો વહાલો કહેવડાઉં છું. મારી ઈચ્છા પૂરી કરવા તમે જ સમર્થ છો. તમને વારંવાર વિનંતી છે કે કૃપા કરી મારા મુખ થકી કથાનો ઘોધ વહેવડાવો. અનંતસુત કાયા-વાચાથી સંતોનો દાસ છે. તમારા બિરુદને તમે સત્ય પ્રતીત કરાવો.

॥ ઈતિ અષ્ટત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૩૯

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

હે આનંદ વધારનાર શ્રીદત્ત, નિરંજન, જ્ઞાનદીપ, સ્વયંપ્રકાશક, ભ્રમને છેદનાર, તારો જયજયકાર. તને નમસ્કાર. હે જગત્પાલક શ્રીદત્ત, અવિનાશરૂપ, કૃપાળુ, હે સિદ્ધયોગીમુનીંદ્ર, ભૂપાળ, તારાં ચરણે મારા નમસ્કાર. હે કમળનયન, અજઅજિત, સર્વાધ્યક્ષ, પતિતની વિનયતા

ધ્યાનમાં લઈ કૃપાદૃષ્ટિપૂર્વક તેમની સંભાળ રાખ. હે દત્ત, તું દીનને માતા સમાન છે. કૃપા કરી સ્નેહાંકિતોની સંભાળ લે. તારા સિવાય ત્રિલોકમાં તેમની સંભાળ રાખનાર બીજો કોઈ નથી! તું ઉદાર, દયાળુ દાતા છે. શરણાગતનો ત્રાતા છે. તારો ગ્રંથ હવે તું જ કથન કર.

ગત અધ્યાયમાં કાનિફનાથને વિદાય આપી ગોરક્ષનાથે શિષ્યો સાથે આગળ પ્રસ્થાન કર્યું. દક્ષિણના માર્ગે તીર્થક્ષેત્રો જોયાં. મનમાં સદ્‌ગુરુનાં દર્શનની તીવ્ર ઉત્કંઠા હતી. આનંદથી માર્ગક્રમણ કરતાં શિષ્યોને ઉપદેશાત્મક કથાઓ કહી સત્સંગ કરતા. અનેક પ્રદેશોમાં વિચરણ કરતા. અનેક સ્થળે સ્થાનિક યોગીઓને મળી સ્થાનિક પરિસ્થિતિનો ક્યાસ લેતા. આગળ જતા બીજા પણ યોગીઓ મળ્યા. ગોરક્ષનાથને જોઈ તેમને આનંદ થયો. તે યોગીઓએ કહ્યું: તમારા જેવો જ તેજસ્વી યોગી ચર્પટનાથ છે. તે સુલક્ષણ હોઈ શ્રીપુરમાં ભિક્ષા માગી અલખનું ધ્યાન ધરે છે. તેના હૃદયમાં સદ્‌ગુરુદર્શનની ઉત્કંઠા છે. તેને હે ગોરક્ષ, તમારા મિલનની ઉત્કંઠા છે. આથી તમે જઈને તેને દર્શન આપો. રામદર્શનની ઉત્કંઠા જેવી ભરતને હતી તેવી જ ઉત્કંઠા ચર્પટને થઈ છે.

ગોરક્ષનાથે તે યોગીઓને જણાવ્યું કે ચર્પટનાથ એ અમારો બંધુ છે. તેને જોયાને ઘણા દિવસો થયા છે. તેની જ શોધમાં હું છું. તમે મને તેના સમાચાર કહ્યા આથી હું હવે ત્વરિત તેને મળવા પ્રસ્થાન કરું છું. આ પ્રમાણે યોગીઓ સાથે વાર્તાલાપ કરી શ્રીપુર જઈ ચર્પટનાથને મળ્યા. ગોરક્ષનાથને જોઈ ચર્પટનાથ તરત જ તેમના પગે પડ્યો. તેના નેત્રોમાંથી હર્ષાશ્રુ નીકળી રહ્યા હતા. તે અશ્રુઓનો અભિષેક ગોરક્ષનાં ચરણો પર થયો. તેને મહાપૂજા માની ગોરક્ષનાથ સંતુષ્ટ થયા અને ચર્પટને તેમણે ઊઠાડી આલિંગન આપ્યું. બંને વચ્ચે આત્મીય વાર્તાલાપ થયો. બાર વર્ષ દરમ્યાન બનેલી ઘટનાનું તેણે ગોરક્ષનાથને બયાન કર્યું.

ચર્પટે ગોરક્ષનાથને જણાવ્યું કે સદ્‌ગુરુ મચ્છિંદ્રનાથ (મલ્યાળ) સ્ત્રીરાજ્યમાં ફસાઈ ગયા છે. ત્યાંની રાણીએ તેમને મોહપાશમાં બાંધી રાખ્યા છે. હું તેમને છોડાવવા પ્રયત્ન કરવાનો હતો પરંતુ ત્યાં પુરુષોને નગરમાં પ્રવેશ નથી. તે દિવસથી હું અહીં નિવાસ કરું છું. સ્ત્રીરાજ્યની સ્ત્રીઓ કામમત્ત હોઈ પુરુષોને મોહજાળમાં ફસાવી પોતાના ગુલામ બનાવે છે. તે સમગ્ર પ્રદેશમાં કોઈ પણ પુરુષ નથી. આથી પરપુરુષને અંકિત કરી તેને જ વિવાહ માને છે. તે પુરુષ કદી પણ તેમની તાવડીમાંથી છૂટી શકતો નથી. પુરુષના પુરુષત્વને ચૂસી તેનું આજીવન શોષણ કરે છે. પુરુષપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ત્યાંની સ્ત્રીઓ કુમારી કન્યા હોય છે. ત્યાંની રાણી પરાક્રમી હોઈ તેણે સદ્‌ગુરુ મચ્છિંદ્રનાથને મોહગ્રસ્ત કરી તેના બંદીવાન બનાવ્યા છે. નગરમાં સખત ચોકીપહેરો છે જેથી કોઈ પણ બીજા પુરુષને નગરની અંદર પ્રવેશ નથી જે તેમને સહાય કરી શકે. મચ્છિંદ્રનાથને મહેલની બહાર આવવા દેતી નથી.

ચર્પટ દ્વારા હકીકત જાણી ગોરક્ષે તેને સાંત્વન આપતાં કહ્યું: તું ચિંતા કરીશ નહીં. આપણે સદ્‌ગુરુનાથને લઈ આવીશું. તું પણ મારી સાથે ચાલ. આમ કહીને ગોરક્ષનાથ અને ચર્પટનાથે બીજા યોગીઓ સાથે ત્યાંથી પ્રયાણ આદર્યું. શ્રીપુરથી તેઓ સ્ત્રીરાજ્યમાં પ્રવેશ્યા. ત્યાંના અનેક તીર્થક્ષેત્રોની મુલાકાત લેતા તેઓ આગળ વધ્યા. સદ્‌ગુરુ વિશે ગોરક્ષે તપાસ કરી પરંતુ કોઈ માહિતી આપવા તૈયાર ન હતું. તેઓ મુખ્ય પ્રવેશદ્વાર પાસે આવ્યા અને કોઈ કરામત કરી નગરપ્રવેશનો વિચાર કરવા લાગ્યા. પોતાનો હેતુ ગોરક્ષે ગુપ્ત જ રાખ્યો. નગર અંદર પ્રવેશ કરવા કોઈ શક્યતા ન હતી. તે જ સમય દરમ્યાન રૂપગુણયુક્ત સ્ત્રીઓનું વૃંદ તે સ્થળે આવ્યું. ગોરક્ષે ત્વરિત નિર્ણય લીધો અને તેણે ચર્પટનાથને કહ્યું: તમે અહીં જ રોકાશો. હું અગત્યના કામ માટે જાઉં છું.

ઉપર પ્રમાણે ચર્પટનાથને કહીને ગોરક્ષનાથ ત્વરિત સ્ત્રીવૃંદ પાસે પહોંચ્યો. ગોરક્ષનાથ સુંદર ચહેરો ધરાવનાર હતો. અનેક ગુણો તેની પાસે હતા. તેણે દીનવાણીથી તે સ્ત્રીઓનો વિશ્વાસ સંપાદન કર્યો. તેણે ચિત્તાકર્ષક મૃદંગ વગાડી તે સ્ત્રીઓનું મન મોહી લીધું. તે સ્ત્રીવૃંદ એક નૃત્ય કરનાર વૃંદ હતું. તેમના વૃંદમાં બધી જ સ્ત્રીઓ હતી. તેઓ ઠેર-ઠેર પોતાના નૃત્ય કાર્યક્રમો રજૂ કરી જીવનનિર્વાહ ચલાવતાં હતાં. તેઓ સ્ત્રીરાજ્યમાં પ્રેમળરાણીને નૃત્યનું નિદર્શન કરી બક્ષિસ મેળવવાની ખ્વાહીશ ધરાવતાં હતાં. ગોરક્ષના સંગીત વિષયક ગુણો જોઈ તેને સ્ત્રીવૃંદ સાથે રહેવાની રજા મળી ગઈ.

બીજી મુશ્કેલી એ હતી કે સ્ત્રીરાજ્યમાં પુરુષને પ્રવેશ મળતો નથી તેનો નિકાલ કેમ કરવો તે જણાતો નથી. અહીંની રાણી પુરુષોને નગરમાં પ્રવેશવા દેતી નથી. ગોરક્ષે સૂચન કર્યું: હું સ્ત્રી પહેરવેશ પરિધાન કરીશ. તમે મને સ્ત્રીઆભૂષણો આપો. ગોરક્ષનું આ સૂચન તે નૃત્યવૃંદે સ્વીકાર્યું. તે સ્ત્રીઓએ ગોરક્ષને સારી રીતે શણગાર્યો. સ્ત્રીઅલંકારોથી ગોરક્ષ અત્યંત સુંદર દેખાતો હતો. જે રીતે ભસ્માસુરથી શંકર ભગવાનને બચાવવા વિષ્ણુભગવાને મોહિનીરૂપ લીધું તેવી જ રીતે મચ્છિંદ્રનાથને રાણીના સકંજામાંથી છોડાવવા ગોરક્ષનાથે સ્ત્રીરૂપ ધારણ કર્યું. યોગની સિદ્ધિ અનુરૂપ યોગીઓ કામરૂપતા (અનેક રૂપ ધારણ કરવાની શક્તિ) ધારણ કરી શકે છે. નૃત્યસમૂહે સ્ત્રીરાજ્ય નગરમાં પ્રવેશ કર્યો. યોગ્ય સ્થળે નિવાસ કરી પ્રેમળરાણીને તેમના આગમનની જાણ કરી.

રાણીની સ્ત્રીસેવિકાએ નૃત્યવૃંદને જાણ કરી કે રાત્રે તેમના નૃત્યના કાર્યક્રમનું રાજમહેલમાં આયોજન કરાયું છે. નૃત્યમંડળી પોતાના સાજ સરંજામ સાથે રાજમહેલમાં સાંજ સુધી પહોંચી ગઈ. સંગીતકારોની બેઠકવ્યવસ્થા ગોઠવાઈ. ઢોલ, સારંગી, મૃદંગ, કરતાલ ઇત્યાદિ વાજિંત્રો યોગ્ય રીતે ગોઠવાયાં. સિંહાસન સામે નૃત્યમંડળી આવી અને સિંહાસન

સમક્ષ નમન કરી આલાપ-તાન સાથે મધુર સંગીત સાથે છન છન... નૃત્યની શરૂઆત કરી. નેત્રકટાક્ષ, અંગમરોડ, હાવભાવ સાથે નૃત્ય-ગાયનનો કાર્યક્રમ શરૂ થયો. ધ્રુપદ, ખ્યાલની મિજબાની સાથે સરંજામનો પણ મધુર સુયોગ ભળ્યો. શ્રોતાઓ કોકિલકંઠની જેમ મધુર સંગીત સાંભળી મોહિત થયા. પોતાનું અસ્તિત્ત્વ જ ભૂલી ગયા. સિંહાસન પર મચ્છિંદ્રનાથ બિરાજમાન હતા. બાજુમાં રાણી પ્રેમળ અને એક નાનું બાળક જે ઘણું કરીને મીનનાથ હશે તેમ ગોરક્ષે ખ્યાલ બાંધ્યો.

નૃત્યસંગીત સાંભળી મચ્છિંદ્રનાથ "ક્યા બાત હૈ?" "બહોત અચ્છા" એમ પ્રશંસાના સૂર કાઢી સંગીતકારોનો ઉત્સાહ વધારતા હતા. ગોરક્ષને પોતાની હાજરી પ્રગટ કરવાનો આ સમય યોગ્ય લાગ્યો. તે સદ્‌ગુરુનાં ચરણોને આલિંગન આપવા અધીરો થયો હતો. મહામહેનતે તેણે પોતાની તીવ્ર ઈચ્છા મનમાં દબાવી રાખી અને ક્રમશઃ તે આગળ વધવા ઈચ્છતો હતો. છેવટે તેણે નિર્ણય કર્યો અને મૃદંગ એ રીતે વગાડ્યું કે તેમાંથી અવાજ આવ્યોઃ

ચલો મચ્છિંદર ગોરખ આયા, સન્મુખ દર્શન તેરા પાયા । શિંગી મૃદંગ નાદ બજાયા, કિજે દયા નાથજૂ ॥

સિંહાસન પર મચ્છિંદ્રનાથ, પ્રેમળરાણી, બાળક મીનનાથ બિરાજમાન હતા. સ્ત્રીસેવિકા ચામર ઢોળતી હતી. બંદીજનો સ્તુતિવાક્યો બોલતા હતા. "ચલો મચ્છિંદર ગોરખ આયા" આ વાક્ય સાંભળી મચ્છિંદ્રનાથ ચમકી ગયા. તેમને એમ કે ગોરક્ષ અહીં સુધી આવી ગયો? અહીં તો કોઈ પુરુષ દેખાતો નથી. આ વાક્ય બીજા કોઈને સંભળાતું નહીં. પરંતુ ફક્ત મચ્છિંદ્રનાથને જ સંભળાતું. ફરીથી ગોરક્ષે મૃદંગથી ગુરુજીને નમન કરવા નિશ્ચય કર્યો. ફરીથી તેણે અવાજ કાઢ્યોઃ "ચલો મચ્છિંદ્ર ગોરખ આયા..." મચ્છિંદ્રનાથ ફરી ચમક્યા. તેમણે સૂક્ષ્મતાથી જોતાં તેમને થયું કે આ અવાજ મૃદંગ વગાડનાર સ્ત્રી દ્વારા થાય છે. મચ્છિંદ્રનાથ ચકળવકળ જોવા લાગ્યા કે ગોરક્ષ ક્યાંથી પ્રગટ થયો?

પ્રેમળરાણી મચ્છિંદ્રની અસ્વસ્થતા જાણી ગઈ. ગોરક્ષનો આર્તનાદ મચ્છિંદ્રનાથના હૃદયને ભેદતો હતો. તેને થયું જેનો જન્મ પોતે આપેલા મંત્રથી થયો હતો; જેણે પોતાની વડાં ખાવાની ઈચ્છાને પૂરી કરવા બદલામાં પોતાની આંખ કાઢી આપી હતી તે બાળક ગોરક્ષને ક્યારે પણ ભૂલાય નહીં. તેણે તરત જ ફરમાન છોડ્યું: "ગોરક્ષ, ત્વરિત પ્રગટ થા." ગુરુની આજ્ઞા થતાં જ ગોરક્ષ સ્ત્રીવેશે આગળ આવીને સદ્‌ગુરુનાં ચરણોમાં પડ્યો. સ્વરૂપ પ્રગટ થતાં જ મચ્છિંદ્રે તેને આલિંગન આપ્યું. ગુરુશિષ્ય બંનેની આંખ ભીની થઈ. પ્રેમળરાણી તો આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ.

પ્રેમળરાણીએ ગોરક્ષને પૂછ્યું: અરે, તું કોણ? અહીં ક્યાંથી? ગોરક્ષનાથે રાણીનાં ચરણોમાં મસ્તક મૂક્યું અને કહ્યું: માતાજી, તમે ધન્ય છો. તમે મારા ગુરુજીની સેવા કરો છો. તમે મારાં માતા સમાન છો. હું મચ્છિંદ્રનું બાળક એટલે તમારું પણ બાળક જ છું. મારી અને આ મીનનાથની બંનેની સંભાળ લેજો. ગોરક્ષનાથે વિનયપૂર્વક હકીકત કહી પરંતુ પ્રેમળરાણીને તે ગમ્યું નહીં. એક તો તેની પરવાનગી વગર એક પુરુષ તેની નગરીમાં પ્રવેશ્યો અને તે મચ્છિંદ્રનાથને પાછો ના લઈ જાય! રાણી આક્રોશ સાથે બોલી: તેં તારા ગુરુનાં દર્શન કર્યાં ને! હવે તરત જ તું અહીંથી ચાલ્યો જા. વધારે કશું બોલીશ નહીં.

ગોરક્ષનાથે કહ્યું: માતા, તું શું કામ ગુસ્સે થાય છે? ક્રોધથી તમને જ અશાંતિ ઊભી થશે. હું સદ્‌ગુરુનાં દર્શન કરવા આવ્યો. ત્યાં તારાં પણ દર્શન થયાં. મારા મનમાં આનંદ માતો નથી. મારો કોઈ અપરાધ નથી તો તું કેમ ક્રોધ કરે છે? તું વિવેક ધારણ કર અને દ્વૈતનો ત્યાગ કર. હું અનન્યભાવથી શરણે આવ્યો છું. તું મને કૃપાદાન આપ. મને દુઃખી કરીશ નહીં. હું તારી આજ્ઞા પાળીને તારી સેવા કરીશ. પ્રેમળના મનમાં ભય ઉપજ્યો. તેને થયું કે ગોરક્ષ વિનયના શબ્દો

બોલે છે પરંતુ તેના શબ્દોમાં દૃઢતા છે. તેને અહીં ન રહેવા દેવામાં ડહાપણ છે. તેણે ફરી કહ્યું: તું અહીં રહીશ નહીં. આવ્યો તેવો પાછો ફર. અહીં રહીશ તો સંકટમાં પડીશ.

પ્રેમળરાણીના કઠોર વચન સાંભળી ગોરક્ષે પણ વિનયથી પરંતુ તેટલી જ દૃઢતાથી કહ્યું: સદ્‌ગુરુને મારી સાથે આવવા દે. હું ક્ષણમાત્ર પણ રોકાવા રાજી નથી. જો મચ્છિંદ્રનાથને મારી સાથે મોકલવા ન હોય તો હું અહીંથી બિલકુલ જવાનો નથી. મને કશાનો ડર નથી. અમે યોગીઓ કાળના પણ કાળ છીએ. ગુરુચરણ છોડીને હું જવાનો નથી. સદ્‌ગુરુ એ મારું સંપત્તિધન છે. તેને તેં ચોરીને અહીં સંતાડી રાખ્યું હતું. તેમને અહીં રાખવા હોય તો હું પણ અહીં જ રહીશ અને સ્થળ છોડીને જઈશ નહીં.

મચ્છિંદ્રે પ્રેમળને સમજાવવાનો પ્રયત્ન કર્યો. રાણી, ગોરક્ષ બળજબરીથી જશે નહીં. તેને તું ત્રાસ આપીશ નહીં. તારો ભાવ મારામાં છે અને મારો પણ તારામાં ભાવ છે. આપણી પ્રીતમાં વિઘ્ન ન આવે તે માટે એક ઉપાય સૂચવું છું. બળજબરીથી ગોરક્ષ જશે નહીં. તેને ત્રાસ પણ આપી શકાય નહીં. તેને અહીં જ રહેવા દે. તે આપણા બંનેની સેવા કરશે. પ્રેમળરાણી સાનમાં સમજી ગઈ કે મચ્છિંદ્રનાથ ગોરક્ષને દૂર કરવા માગતા નથી. જો વધારે બળજબરી કરીશું તો મચ્છિંદ્રને પણ ખોવા પડશે. આથી તેણે ગોરક્ષને જણાવ્યું કે અહીં રહેવું હશે તો અમારી સેવા કરવી પડશે. જે કામ કહીશું તે કરવું પડશે. તો જ તને રહેવા અનુમતિ છે. ગોરક્ષે વચન આપતાં કહ્યું: સેવામાં હું જરીકે કચાશ રાખીશ નહીં. કોઈ ખાસ વ્યવહારની ખ્વાહીશ નથી. પ્રેમળરાણીએ તેની વિનંતી માન્ય રાખી અને ગોરક્ષ સેવા કરવા ત્યાં જ રોકાયો. નૃત્યવૃંદ બક્ષિસ લઈ રવાના થયું.

ગોરક્ષે ઉભયની સેવા કરી તેમનો પ્રેમ સંપાદન કર્યો. મચ્છિંદ્ર અને પ્રેમળરાણીને ગોરક્ષ લક્ષ્મીનારાયણ સમજી સેવા કરવા લાગ્યો અને

તેમની મરજી સંપાદન કરી અને કોઈ પણ પ્રકારની ન્યૂનતા ન રાખતાં તેમની આજ્ઞા પાળતો. પ્રેમળરાણીના મનમાં શાંતિ ન હતી. તેનું ચિત્ત શુદ્ધ ન હતું. આથી તે ગોરક્ષને ક્રોધપૂર્વક ગમે તેવાં હલકાં કામો કરવા આજ્ઞા કરતી. ગોરક્ષ કોઈ પણ પ્રકારની સૂગ ન રાખતાં ગમે તે કામ ચોકસાઈથી કરતો. નાનકડા મીનનાથનાં મળમૂત્રવાળાં વસ્ત્રો ધોવા અને સૂકવવાનું કામ ગોરક્ષને સોંપાતું. ગોરક્ષ તે કામ ઉત્સાહથી પૂરું કરતો. સેવા કરતાં ગોરક્ષ બિલકુલ થાકતો નહીં. ક્યારેક એકાંત મળે તો ગોરક્ષ મચ્છિંદ્રને વિનંતી કરતોઃ આપણા દેશમાં પાછા ચાલો. ચર્પટને મળવા ચાલો! હીનજનોનો ઉદ્ધાર કરવા ચાલો! યોગીજનો તમારી પ્રતીક્ષા કરે છે! તેમને માર્ગદર્શન આપો.

હે સદ્‌ગુરુરાજ, આપે યોગનો પણ ત્યાગ કર્યો છે અને ભોગનો સ્વીકાર કર્યો છે. તે ભોગ નથી પણ રોગ છે. વિવેકપૂર્વક તેનો ત્યાગ કરવો. આપ જ્ઞાનસિંધુ, પ્રકાશસૂર્ય, સિદ્ધોના મુગટમણિ, બુદ્ધિમાં બૃહસ્પતિ, તપશ્ચર્યામાં સૂર્ય જેવા તેજસ્વી, શંકર જેવા ઐશ્વર્યવાન છો. તમારી સમક્ષ મારું ડહાપણ ક્યાં ચાલશે? સૂરજ સામે એક દિવેટ જ સમજો. હું તો તમારો એક સેવક છું. મચ્છિંદ્રનાથને થોડી થોડી અસર થવા લાગી. તેણે કહ્યુંઃ ગોરક્ષ, તારી વાત હું સમજી શકું છું. પરંતુ મારું મન મોહગ્રસ્ત થયું છે. પ્રેમળરાણી મને જવા દેશે નહીં. સ્ત્રીપુત્ર લોભનો ત્યાગ કરવાથી વિપરિત પરિણામ થશે. હું જો નગરનો ત્યાગ કરી તારી સાથે આવું તો રાણી દુઃખી થશે અને મીનનાથનું શું થશે? એકાએક રાણીનો ત્યાગ કરી જઈએ તો હું હજુ તેના આધીન છું. તેની પરવાનગી વગર મારાથી નીકળાશે નહીં.

મચ્છિંદ્ર વધુમાં કહે છેઃ મને બધા જ યોગીઓ વિશે ચિંતા છે પરંતુ આ બધું છૂટતું નથી. હું શું કરું શું ન કરું તે વિશે કોઈ નિર્ણય લઈ શકતો નથી. રાણીને છોડી દઉં તો એક પણ ક્ષણ તેની જરૂર

નથી પરંતુ રાણી મારો વિરહ સહન ન કરી શકે. સદ્‌ગુરુનાં વચન સાંભળી ગોરક્ષે મનમાં વિચાર કર્યો કે સીધી સાદી યોજના કારગત નહીં નીવડે. તે માટે કંઈક વિપરિત કરવું પડશે. તે યોગ્ય તકની રાહ જોતો હતો. ત્યાં સુધી આજ્ઞાનુસાર સેવા કરવાનો નિશ્ચય તેણે ચાલુ રાખ્યો. પોતાની યોજનાની સફળતા માટે તે સાવધ હતો જે પ્રમાણે બૃહસ્પતિનો પુત્ર કચ સંજીવની વિદ્યા પ્રાપ્ત કરવા દૈત્યગુરુ શુક્રાચાર્યના ઘરે મનઃપૂર્વક સેવા કરતો હતો તે જ રીતે ગોરક્ષે ગુરુને રાણીના તાબામાંથી છોડાવવા સેવાયજ્ઞ દ્વારા દૃઢ પ્રયત્ન કર્યો.

રાણી પ્રેમળે તેની સખીઓને જણાવ્યું કે ગોરક્ષને પણ મોહ પમાડી તેની સ્થિતિ મચ્છિંદ્રનાથ જેવી કરવી. રાણીની આજ્ઞા માન્ય કરી સખીઓ તે કામમાં પ્રવૃત્ત થઈ. હવે સ્ત્રીઓ ગોરક્ષ પ્રત્યે મૃદુવચન બોલતી. તેના કામમાં મદદ કરતી. હાસ્યલીલા, કામચેષ્ટા કરી તેને મોહ પમાડવા પ્રયત્ન કરવા લાગી. ગોરક્ષની સેવા તેઓ હાસ્ય કટાક્ષ ફેંકી પોતાની પાસે લઈ લેતી. વારંવાર તેને સ્પર્શ કરી તેનું મન આકર્ષવા પ્રયત્ન કરતી. કેટલીક સ્ત્રીઓ ગોરક્ષને કહેતી કે હવે થોડો આરામ કરો. લાવો, હું તમારું કામ કરી દઉં. તમે થાકી જશો. કેટલીક તેને કદન્નને બદલે સૂકામેવા સહિત મિષ્ટાન્ન ભોજન આપવા લાગી.

મોહક હાસ્ય ધરાવતી ઘણી સ્ત્રીસેવિકા તેના પગ દબાવવા લાગી. કેટલી તેને પગે લાગતી તો કેટલીક સ્ત્રીઓ ગોરક્ષની પૂજા કરવાનું શરૂ કરતી. કોઈ તેને જળપાન કરાવતી તો કેટલીક તેને તાંબૂલ આપતી. કોક વળી તેને પુષ્પહાર પહેરાવતી તો કોક તેને રત્નાલંકારો પહેરાવતી. અનેક પ્રલોભનો આપી સ્ત્રીઓ તેને કહેતી કે તારો સંગ આપી અમને તૃપ્ત કર. તું દેખાવમાં સુંદર છે. તારું મુખકમળ હસતું રહેવા દે અને મુખમાંની પરિમલનું સેવન અમને કરવા દે. અમારું અનંત પુણ્ય ઉદય પામ્યું છે આથી તારો સંગ પ્રાપ્ત થયો. તારાં ચરણોને આલિંગન આપવા

મન તલપાપડ થાય છે. હવે તારો દેહસંગ અમને આપી અમારા શરીરની આગને શાંત કર. સદ્‌ગુરુ સાથે તું પણ અહીં જ નિવાસ કર. કશાની ચિંતા કરીશ નહીં. અનેક ઉપભોગ અહીં હાજર છે. અમારા જેવી દીન અબળા પર કૃપા કર અને અમારો સ્વીકાર કર.

જે પ્રમાણે શુક્રાચાર્યની કન્યા દેવયાનીએ કચને મોહ પમાડવા પ્રયત્ન કર્યો તેમ તે સ્ત્રી સખીઓએ અવિશ્રાંત પ્રયાસ કર્યા. તે માટે સ્ત્રીઓએ મધુરવાણી અને કામુક હાવભાવનો સહારો લીધો. ગોરક્ષના ચિત્તમાં જ્ઞાનાગ્નિ ધગધગતો હતો અને ક્યારે પણ તે મંદ પડતો ન હતો. ગોરક્ષ પૂર્ણતઃ નિષ્કામ હતો. તેણે દલીલ કરતાં કહ્યું: હે માતા, બહેનો, મને તમે ત્રાસ ન આપશો. હું તમારો પુત્ર-બંધુ છું. વિષયસુખ નાશવંત છે અને તે વિવેકને ભૂલાવી કામીઓનો નાશ કરે છે. તમે શા માટે વૃથા પ્રયત્ન કરો છો? મને તો સર્વત્ર ગુરુરૂપ જ દેખાય છે. ગોરક્ષના મનમાં એક વાત પાકી રીતે દૃઢ થએલી હતી કે "નારી એ હાસ્ય કરી મનને હરે છે, સ્પર્શ થકી બળ હરે છે, સંભોગે વીર્ય હરે છે એટલે નારી એ ડાકણ સમાન છે."

ગોરક્ષ સ્ત્રીઓને સમજાવતો કે સદ્‌ગુરુસેવા અને ભિક્ષાન્ન સિવાય બીજી કશાની તેને ચાહ નથી. કામવિકારી સ્ત્રીઓ અમને રીંછણ જેવી ભાસે છે. ગધેડાને ગધેડી અને વાનરને વાનરી શોભે. અમારા યોગીઓને તો ધન, છાણ, હીરો અને પથ્થર સર્વ સમાન છે. યોગીઓ દ્વંદ્વથી પર હોય છે. તેમને મન ઠંડી-ગરમી, માન-અપમાન, કડવું-મીઠું બધું જ સમાન છે. વધારે શું કહું? હજુ સાનમાં સમજી લો નહીં તો તમારું સુખ ગુમાવશો. નરકયાતના ભોગવશો. ગોરક્ષની વૈરાગ્યની વાતો સાંભળી સ્ત્રીરાજ્યની નારીઓ સ્તબ્ધ થઈ. તેમણે રાણીને જઈ સર્વ હકીકતની જાણ કરી. રાણી વિચાર કરવા લાગી કે આ તો વિપરિત દેખાય છે. હવે મારો ઘાત જ થશે. સખીઓને પૂછતાં તેમણે સલાહ આપી કે આના

કરતા તો ગોરક્ષને કઠોર સેવા જ આપવી. આથી તે કંટાળી જશે. આથી રાણીએ સર્વ સ્ત્રીઓને પણ સૂચના આપી કે અનેક પ્રકારનાં કામો ગોરક્ષ પાસેથી કરાવવા.

ગોરક્ષનાથ તો દરેક સેવાનું કામ સદ્‌ગુરુનું સ્મરણપૂર્વક ગુરુસેવા છે તેમ સમજી હૃદયપૂર્વક કરતો. એક દિવસ મચ્છિંદ્રનાથ, પ્રેમળરાણી અને બાળક મીનનાથ પલંગ પર નિદ્રાધીન હતાં. ઉત્તર રાત્રીનો સમય હતો. મીનનાથ ઊઠીને રડવા લાગ્યો અને ઝાડાની હાજત થઈ તેમ કહેવા લાગ્યો. પ્રેમળરાણીએ ગોરક્ષને બૂમ મારી બોલાવ્યો અને મીનનાથને આંગણામાં ઝાડાની હાજત માટે લઈ જવા સૂચન કર્યું. ગોરક્ષ મીનનાથને લઈ આંગણામાં આવ્યો અને તેને બ્હીવડાવતાં લાકડી બતાવી કહ્યું કે જો ઝાડો કરીશ કે પેશાબ કરીશ તો આ લાકડી વતી મારીશ. મીનનાથ આવું રૌદ્રરૂપ જોઈ ડરી ગયો અને તેને ઝાડો કે પેશાબ ડરને લીધે ના થયો. ગોરક્ષ તેને પલંગ પર લઈ આવ્યો. થોડીવાર પછી મીનનાથ ફરી ઝાડાની હાજત લાગતાં રડવા લાગ્યો. રાણીએ ફરી ગોરક્ષને બોલાવ્યો અને મીનનાથને પ્રાંગણમાં લઈ જવા સૂચન કર્યું. ગોરક્ષે ફરી તેને બીક બતાવી અને ઝાડો પેશાબ થયા વગર ફરી તેને પલંગ પર લાવી મૂક્યો.

ઝાડાની હાજત હવે રોકી શકવા મીનનાથ સમર્થ ન હતો. તેણે પલંગ પર જ ઝાડો કર્યો અને તેનાં વસ્ત્રો, શરીર મળથી ખરડાઈ ગયાં. રાણીએ ગોરક્ષને ફરી બોલાવ્યો અને મીનનાથને સાફ કરી સુકાવીને લઈ આવવા આજ્ઞા કરી. ગોરક્ષ મીનનાથને લઈ બહાર ગયો. મોહનું કારણ મીનનાથનું અસ્તિત્ત્વ નાશ કરવા ગોરક્ષે વિચાર કર્યો. તેણે મીનનાથના ટાંટિયા ઝાલી ખડક પર પછાડ્યો. તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. શરીર સ્વચ્છ કરી લાવવાનું રાણીએ કહ્યું હતું. આથી તેણે તેની ખાલ ઊતારી. હાડકા, માંસ, મેદ જુદું કરી ચોકખું કર્યું. લોહી અને મળ

પાણીમાં વહાવ્યું અને પોતે સ્નાન કરી સ્વચ્છ થયો. મીનનાથની ખાલ તેણે મહેલ બહાર સુકવવા નાંખી. નમ્રતાપૂર્વક તે મચ્છિંદ્રનાથ અને રાણી સમક્ષ ગયો.

બંનેને સ્નાન કરાવી ગોરક્ષે તે બંનેની પૂજા કરી. ભગવાનને થાળ થયો એટલે પ્રેમળરાણીએ મીનનાથને બૂમ મારી બોલાવ્યો. તેમ છતાં મીનનાથ આવ્યો નહીં આથી રાણીએ ગોરક્ષને કહ્યું: તેને શોધીને જમવા તેડી લાવ. ગોરક્ષે જવાબ આપ્યો કે તેને સૂકવવા નાંખ્યો છે. સવારે તમે જ મને મીનનાથને સાફ કરી કોરો કરી લઈ આવવા જણાવ્યું હતું. મીનનાથને ધોઈ ચોકખો કરી અગાશીમાં સૂકવવા મૂક્યો છે. રાણીએ કહ્યું: તેને કેટલો સમય વીતી ગયો. હજુ પણ તે સૂકાયો નથી? તેને ત્વરિત હાજર કર.

રાણીની આજ્ઞા માની ગોરક્ષ મેડી પર ગયો અને મેદ, માંસ, ત્વચા, હાડકાં અને શિરાનું પોટલું લઈ આવ્યો. શરીરના પાંચ ઘટકો, વસ્ત્ર અને અલંકાર ગોરક્ષે તેમની સામે મૂક્યા. આવું અઘટિત ઘટવાથી રાણી ખૂબ જ આક્રોશપૂર્વક શોક કરવા લાગી. આવું જઘન્ય કૃત્ય થએલું જાણી મહેલના સર્વ કોઈ શોક કરવા લાગ્યા. રાણી તો એટલી શોકાન્વિત થઈ કે તે પોતાની છાતી કૂટવા લાગી, મોંમાં માટી નાંખી રોકકળ કરવા લાગી. સમગ્ર વાતાવરણમાં એક જ શોક પ્રસરી ગયો. બધાનાં નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા.

રાણી ગોરક્ષને ઠપકો આપતાં કહેવા લાગી: અરે, તેં વેરીની જેમ નિર્દય રીતે બદલો લીધો? અરે જોગટા, તને તો માયા ક્યાંથી હોય? તને માની મમતા ક્યાંથી સમજાય? તું સાધુ થઈને ખાટકીની જેમ વર્તન કરીશ તેવું સ્વપ્ને પણ મને ખ્યાલ નહીં. તું કાળ થઈને મારા બાળકને ગ્રસ્યો. પુત્રની પ્રસવપીડા ભોગવવા છતાં હું વાંઝણી રહી. હું તને મોટી શિક્ષા કરીશ. તારું હૃદય જલ્લાદની જેમ કઠોર છે. મારા બાળકને મારતાં

તારું અંતઃકરણ કેમ દ્રવ્યું નહીં? તું હત્યારો છે. હું તારો વધ કરીશ. ગોરક્ષે સામો પ્રશ્ન કર્યો. અમને ન તો જન્મ છે કે મરણ છે. તું કેવી રીતે કોની હત્યા કરીશ? મિથ્યા વૈખરી દ્વારા બબડાટ ન કરીશ. અમે મૃત્યુને અને કાળને જીત્યો છે. અમે વિકારશત્રુનો નાશ કર્યો છે.

ગોરક્ષે જ્ઞાનનો ઘટસ્ફોટ કરતાં જણાવ્યું: અમે આશા-લોભનો ત્યાગ કર્યો છે. કર્મનાશ કર્યો છે. તું અમારી હત્યા કેમ કરીને કરીશ? અમે મૃત્યુની પણ પેલે પાર છીએ. સર્વ પ્રકારનાં બંધનથી મુક્ત છીએ. રાજમહેલની બીજી સ્ત્રીઓ પણ ગોરક્ષને કટૂવચનો સંભળાવી તાડન કરવા લાગી. નિર્દોષ બાળકની હત્યા કરી શુષ્ક જ્ઞાનની વાતો કરે છે; તે અમને બિલકૂલ મંજૂર નથી. હવે બાળકને પાછો લાવી દે. મીનનાથ વગર રાજ્ય સ્મશાન ભાસે છે. અરે ચોરટા, અમારો યુવરાજ પાછો લાવી દે. મચ્છિંદ્રનાથે પણ પૂછ્યું: બાળકનો ઘાત કેમ કર્યો? અમને દુઃખી કરી તે શું મેળવ્યું? તને યોગદીક્ષા આપી તેનું આ ફળ? મીનનાથનો વધ કરી કયા યશને વર્યો?

ગોરક્ષનાથે મચ્છિંદ્રનાથને વિનયના સ્વરમાં કહ્યું: સદ્‌ગુરુનાથ, આપે જ કહ્યુ હતું કે મીનનાથની મમતા છૂટતી નથી. તેની જ ગૂંચ મનમાંથી છૂટતી નથી. આ મીનનાથ હવે આનંદપૂર્વક પરલોક પહોંચી ગયો છે. હવે મનમાં મમતા રાખી શોક કેમ કરો છો? હવે આપ મમતા રહિત થયા હોવાથી મારી સાથે પ્રસ્થાન કરો. આપણે આનંદમગ્ન થઈ યોગ આચરીશું. આપની સેવા કરતા હું અચકાઈશ નહીં. તે સિવાય નાથપંથના સેવકો પણ સેવા કરવા હાજર છે. હજારો નાથપંથીય જિજ્ઞાસુ અને સાધકો તમારા માર્ગદર્શન માટે તલપાપડ થયા છે. રાણીનો મોહપાશ હતો તેનો ઘાત રાણીએ જ કર્યો. હવે આપણે બંને યોગના ઉચ્ચ શિખરોને પામીશું.

ગોરક્ષની જ્ઞાનવાણી મોહમમતાથી જકડાએલી રાણીને બિલકુલ ન ગમી. તેણે ક્રોધમાં આવી કહ્યું: તમે બંને યોગીઓ ઢોંગી છો, નિર્દય છો અને ઘાત કરનારા છો. મારો પુત્ર મને પાછો આપો અને અહીંથી તમારું મોં કાળુ કરો. મારા કોમળ મીનનાથ માટે મારો જીવ અકળાય છે. તેના ઉપર તમારું દાંભિક ભાષણ મારા પેટમાં આગ રેડવાનું કામ કરે છે. હે મારા હૃદયના ટુકડા મીનનાથ, તું મને એકલી મૂકીને ક્યાં ગયો? તારા માટે મારું હૃદય ફાટ ફાટ થઈ રહ્યું છે. હું હવે પ્રાણ ત્યાગ કરીશ. પ્રજા જ્યારે મળવા આવશે ત્યારે તેમની સાથે કોણ મુલાકાત કરશે? તેમને શું જવાબ આપીશ? તેમને કેવી રીતે મારું મુખ બતાવીશ?

રાણી કહેવા લાગી: હે મારા પ્રાણના ટુકડા, તું ક્યાં ગયો? એમ કહીને રાણી પોતાના ચહેરા પર લપડાક મારી, માથું જમીન પર પછાડવા લાગી. છેવટે તે બેભાન થઈ. તેની સખીઓ તેની સંભાળ લેવા લાગી. સખીઓ પણ અટ્ટહાસ્ય કરી રુદન કરવા લાગી. મચ્છિંદ્રનાથ પણ મોહવશ રડવા લાગ્યા. રાણી ગોરક્ષને કહેવા લાગી: હે ગોરક્ષ, તારું મોં મને બતાવીશ નહીં. અહીંથી ત્વરિત નીકળ, જા. ગોરક્ષે કહ્યું: હું ગુરુ સિવાય અહીંથી જવાનો નથી. સખીઓ પણ ગોરક્ષને કહેવા લાગી: પ્રથમ અમારો મીનનાથ પાછો આપી દે અને પછી તારા સદ્‌ગુરુને ગમે ત્યાં લઈ જા. અમે વચ્ચે પડીશું નહીં. રાણીએ પણ કહ્યું: મીનનાથને પાછો આપ અને તારા ગુરુને લઈ જા અને નાથપંથની ધજા ફરકાવ.

ગોરક્ષ જોઈ રહ્યો હતો કે તેની પૂર્વ યોજના પ્રમાણે રાણી મીનનાથને જીવતો કરીએ તો ગુરુને લઈ જા એમ તેની યોજના મુજબ કબુલ થઈ. ગોરક્ષને ખાતરી જોઈતી હતી. તેણે કહ્યું: લોકો પોતાનું કામ થઈ જાય એટલે આપેલું વચન ભૂલી જાય છે. જવાબમાં રાણીએ વચન આપતાં કહ્યું: હું વચનમાંથી ફરી જઈશ નહીં. મચ્છિંદ્રે પણ રાણી

વિશે કહ્યું: પ્રેમળરાણી કોઈ દિવસ અસત્ય બોલતી નથી. મીનનાથને બતાવ અને આનંદ ઉત્સવનો પ્રારંભ કર. ગોરક્ષે તેની યોજનાને આખરી ઓપ આપતાં ચાલાકીભર્યા શબ્દો કહ્યા.

ગોરક્ષે સદ્‌ગુરુને સંબોધી કહ્યું: હે સદ્‌ગુરુ, તારી લીલા અગાધ છે. સર્વ શક્તિ તારી જ છે. બધે સત્તા તારી જ ચાલે છે. તુંજ તારા બિરુદ (પતિતપાવન)ને સાર્થક કર. તું દયાળુ છે, ઉદાર છે, સર્વજ્ઞ છે. તું મને નિમિત્ત બનાવે છે. તારી કૃપા થાય તો મીનનાથને ઊઠતાં વાર લાગવાની નથી. તું જે બોલીશ તે જ થશે. આમ કહીને ગોરક્ષે માંસ, મજ્જા, અસ્થિ, ત્વચા એકઠી કરી તેના પર વસ્ત્ર આચ્છાદન કર્યું. ગોરક્ષે સદ્‌ગુરુચરણનું ધ્યાન કર્યું અને ગુરુમંત્રથી તેના પર જળ પ્રોક્ષણ કર્યું. વિભૂતિ તેના પર છાંટી અને શિંગીનો અવાજ કરી "મીનનાથ ઊઠ" એમ બધા સાંભળે તેમ મોટેથી બોલ્યો.

ક્ષણાર્ધમાં વસ્ત્ર નીચેથી મીનનાથ જીવતો થઈ ઊઠ્યો અને ગોરક્ષનાથના પગે પડ્યો. મીનનાથ કહે છેઃ હું આનંદસાગરમાં સ્નાન કરતો હતો. મને તે આનંદથી વંચિત કેમ કર્યો? જાગૃત થતાં હું દુન્યવી સાગરમાં આવ્યો જે દુઃખથી ભરેલો છે. ગોરક્ષનાથે કહ્યું: બેટા, ભય પામીશ નહીં. મચ્છિંદ્રનાથના શરણે જા. તેમની કૃપા થતાં જ તું સંસારના ભયથી-જન્મ-મરણના ભયથી મુકત થઈશ. મીનનાથ તરત જ મચ્છિંદ્રનાથને ચરણે પડ્યો. તેનો વિનય જોઈ મચ્છિંદ્રનાથે તેને આલિંગન આપ્યું. તેના મસ્તક પર કૃપાહસ્ત મૂક્યો અને મીનનાથ રાણીને સ્વાધીન કર્યો. તે આનંદને વર્ણવવા કોઈ શબ્દો નથી. બધાંએ જયજયકાર કર્યો. સર્વ સ્ત્રીઓને મીનનાથને જીવતો જોઈ ગોરક્ષની યોગશક્તિ પ્રત્યે સર્વોચ્ચ માન ઉપજ્યું. બધી સ્ત્રીઓએ તેની ક્ષમા માગી.

પ્રેમળરાણી કહેવા લાગીઃ હે યોગીરાજ, તેં મારા પર દયા કરી. તેનો શો બદલો આપું? તેં મારા પર પૂર્ણ કૃપા કરી. તારા સામર્થ્યને

ઓળખ્યા વગર મેં તારી પાસેથી તુચ્છ સેવા લીધી. હવે તો મને તારામાં અને ઈશ્વરમાં કોઈ ભેદ દેખાતો નથી. તેં કરેલા ચમત્કારથી અમે બધા સંતુષ્ટ છીએ. અમે અજ્ઞાની સ્ત્રીઓ રહી. અમે તને ઘણો જ ત્રાસ આપ્યો. અમે તને પ્રાર્થના કરીએ છીએ કે અમારા અપરાધને ક્ષમા કર. અમે ખરેખર મૂર્ખ છીએ.

ગોરક્ષે કહ્યું: માતા, ક્ષમા કરવાનો અધિકાર ફક્ત સદ્‌ગુરુનો છે. હું તો તેમનો એક સેવકમાત્ર છું. સમર્થ સદ્‌ગુરુ મચ્છિંદ્રના શરણે જઈ કૃપાદાનની યાચના કરો. તેઓ પૂર્ણરીતે ઉદાર, દયાળુ છે. તેઓ અનન્યને પાવન કરે છે. ગોરક્ષની સૂચના પ્રમાણે બધી સ્ત્રીઓએ મચ્છિંદ્રચરણમાં નમન કર્યાં. તેમની ષોડશોપચારે પૂજા કરવામાં આવી. પ્રાર્થના કરવામાં આવી કે હે સ્વામી અનાથનાથ, દીનોદ્ધારક, કૃપાવંત, અમે તારા શરણે આવ્યાં છીએ. અમારા જેવા પામરોનો ઉદ્ધાર કર. અમે અનંત અપરાધો આચર્યા છે. અમારા ક્ષુદ્ર સ્વાર્થ માટે તારો વ્રતભંગ કર્યો. તેં અમારા ગુણદોષો પ્રતિ દુર્લક્ષ કરી અમારા મનોરથો પૂર્ણ કર્યા. તું દયાળુ અને કૃપાસાગર છે. આ જાણીને અમે વારંવાર તમારી પ્રાર્થના કરીએ છીએ. અમારો ઉદ્ધાર કરો.

મચ્છિંદ્રનાથ વિનંતી સાંભળી કરુણાર્દ્ર થઈ બોલ્યા: આ મીનનાથ તમને જ્ઞાનનો બોધ કરી તમારો ઉદ્ધાર કરશે. આ રાજછત્ર, સિંહાસનનો ભોગ ભોગવશે. તે પછી મીનનાથ યોગનું આચરણ કરશે અને નાથસંપ્રદાયનો વિસ્તાર કરશે. આ આશ્વાસન સર્વ સ્ત્રીઓએ માન્ય રાખ્યું. મચ્છિંદ્રનાથે મીનનાથને પોતાના ખોળામાં બેસાડ્યો. તેના ગળામાં શિંગી પહેરાવી દીધી, મેખલા બાંધી. વસ્ત્રો પહેરાવ્યાં. તેના પર છત્ર ચામર ઢોળાવ્યાં. યોગ્ય મુહૂર્ત પર તેને રાજગાદી પર બેસાડ્યો તે અંગે મોટો મહોત્સવ કરવામાં આવ્યો. પ્રજાને મીનનાથની આણ અંતર્ગત રહેવા આજ્ઞા કરી. મચ્છિંદ્રનાથે મીનનાથને રાણીને સ્વાધીન કર્યો અને

રાજનીતિનું નિરૂપણ કર્યું. બધાંને સંતોષ પમાડી ઉપાસના ઉપદેશીને ભક્તિમાર્ગના પંથે ચઢાવ્યા. બધી જ સ્ત્રીઓ આનંદમાં હતી. ત્યારે ગોરક્ષે રાણી પાસે જવાની આજ્ઞા માગી.

રાણી ગદ્‌ગદ્ થઈ. તેના મુખથી શબ્દ પણ નીકળતો ન હતો. તેમ છતાં પોતાના પર નિયંત્રણ કરી બોલીઃ હે ગોરક્ષ, મોહનો ત્યાગ કરી સ્વામીને લઈ જાય છે. હવે પુનર્દર્શન ક્યારે થશે? અમે જ પ્રારબ્ધહીન છીએ. ગોરક્ષે જવાબ આપતાં કહ્યુંઃ માતા, આ મીનનાથ એ સ્વામીનો પ્રસાદ છે. સ્વામીનાં ચરણોનું ચિંતન કરી તેના પ્રતિ જોવું અને શાંતિ રાખવી. અમે હંમેશાં તીર્થાટન કરનાર. ફરતાં ફરતાં, લોકોનો ઉદ્ધાર કરતા આ સ્થળે પાછા આવીશું. અમારો પ્રાણ તારી પાસે છે. અમે તેને ક્યારે પણ ભૂલીશું નહીં. તે માટે અમે અહીં આવીશું અને તેના લીધે તમને દર્શનનો લાભ થશે. સ્વામી કૃપા કરવા ક્યાં કૃપણ છે? નિજ ભાગ્યને આનંદથી ભોગવવું. જેમ મીનનાથ ઉપર પ્રેમ છે તેમ મારા ઉપર પણ વાત્સલ્યનો વર્ષાવ થવા દે. મીનનાથ અને મારામાં દ્વૈત માનીશ નહીં.

મચ્છિંદ્રનાથ સાથેના દીર્ઘકાળ સુધીના સાહચર્યને સ્વપ્નની જેમ અતિ અલ્પકાલીન માની રાણી તે સર્વ પળોને વાગોળવા લાગી. ત્યારે ગોરક્ષે વિનંતી કરીઃ હવે અમને અમારા માર્ગે જવા આજ્ઞા આપો. અભંગ પ્રેમ રાખજો અને કહ્યા પ્રમાણે વર્તન રાખજો. તે પછી રાણી એકાંતમાં મચ્છિંદ્રનાથના ચરણે પડી અને ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી. મચ્છિંદ્રનાથે આશ્વાસન આપતાં કહ્યુંઃ તું તારા અંતઃકરણમાં મારું ધ્યાન કરજે. હું તારાથી દૂર નથી. જેવો જેનો ભાવ તેવો હું દેખાઈશ. મીનનાથ એ મારી જ વિભૂતિ છે. ભવિષ્યમાં તે પ્રખ્યાત થશે. તેના વિશે મને લોભ છે. તું પણ તેના પર વિશેષ પ્રેમ રાખજે.

મચ્છિંદ્રનાથ વધુમાં કહેવા લાગ્યા કે નાથપંથના શિષ્યો અમારી પ્રતીક્ષા કરે છે. તે માટે જ ગોરક્ષ મને લઈ જાય છે. મારું સૂચન સ્વીકારી

આનંદથી કાળક્રમણ કરવું. રાણીએ વિનંતી કરીઃ હે નાથ, મારી સેવાના પ્રતિકરૂપે થોડું ધન સાથે લઈ જવું. મચ્છિંદ્રે કહ્યુંઃ જો ગોરક્ષ આ વાત સાંભળશે તો તે તેનો પ્રખર વિરોધ કરશે. રાણીએ સોનાની બે ઈંટો ગોરક્ષને કહ્યા વગર ઝોળીમાં નાંખી દીધી.

સર્વ સ્ત્રી, નાગરિકોએ તેમને વંદન કર્યાં અને વિનંતી કરીઃ અમારા પર પ્રેમ રાખજો. પ્રસ્થાન કરતા યોગીદ્વયને જોઈ બધી સ્ત્રીઓ કહેવા લાગીઃ આ યોગીઓની લીલાને ધન્ય છે. ત્યારે મચ્છિંદ્રનાથે કહ્યુંઃ હવે પોતપોતાના ઘરે જાવ. અમારે આગળ ઘણે દૂર જવું છે. બધી જ સ્ત્રીઓ શોકયુક્ત વદનથી ઘરે પાછી ફરી. પાછા ફરતી વખતે પણ તેઓ મચ્છિંદ્ર-ગોરક્ષની લીલાઓ વાગોળતી હતી.

સમય પસાર થતાં વચવચમાં સ્ત્રીઓ યોગીઓની લીલાનાં ગુણગાન ગાતી રહી. ધન્ય છે આ જગદ્‌વંદ્ય યોગીદ્વયને! તેમનાં ફરી દર્શન ક્યારે થશે? સત્સંગનું માહાત્મ્ય અદ્‌ભૂત છે. સ્ત્રી રાજયની સ્ત્રીઓ ભક્તિભાવને લીધે આનંદ પામી. જગતમાં સત્સંગ જેવી કોઈ બીજી શ્રેષ્ઠ વસ્તુ નથી. તેનાથી ત્રિતાપ (શારીરિક, માનસિક અને આધ્યાત્મિક તાપ) નષ્ટ થઈ અંતઃકરણના વિકારો નાશ પામે છે અને ભવભય નાશ પામે છે. સત્સંગથી સમાધાન પ્રાપ્ત થાય છે, અજ્ઞાન નાશ પામે છે, પાપ દહન થાય છે અને જન્મ-મરણનું બંધન તૂટે છે. સત્સંગથી ભ્રમ નષ્ટ થાય છે, સંકટો ટળે છે અને કાયા શુદ્ધ થાય છે. આ પ્રમાણે સત્સંગથી મોટો લાભ થાય છે. સત્સંગથી કુકર્મો નાશ પામે છે, સત્કર્મો આચરાય છે, શ્રીપતિ સાથે મિલન થાય છે અને સ્વાત્મપ્રાપ્તિ થાય છે.

સત્સંગ સર્વને તારે છે. તે કલ્યાણદાયક હોઈ હંમેશાં સુખદાયક અને દુઃખનાશક હોય છે. જેને સત્સંગની પ્રાપ્તિ થાય તેને દત્તપ્રબોધમાં રસનિર્માણ થાય છે. તેઓ પરાત્પર શ્રેયને આંબે છે અને તેની કીર્તિ

ત્રિલોકમાં ફેલાય છે. સત્સંગનો લાભ થાય એટલે જ કૃપાળુ દત્ત પ્રસન્ન થયા તેમ સમજવું, તેણે અભય આપી આ (કાવડીબુવા) જેવા મૂર્ખના મુખે તેની કીર્તિ વદાવી. જિહ્વાને સ્ફૂર્તિરસ આપી ગ્રંથમાં અનેક સુરસ કથાની રચના કરાવી. તે કથાઓ શ્રવણ કરી શ્રોતાઓને તેમાં રસ જાગ્યો અને દત્ત પ્રતિ પ્રેમ ઉપજ્યો. શ્રીદત્તકૃપા અલૌકિક છે. ગ્રંથમાં તે જ વક્તા છે. અગામી અધ્યાયમાં આ જ કથા, આગળ વધશે. સંત સદ્‌ગુરુ અનંતનો સેવક, સુત સર્વને નમ્ર પ્રાર્થના કરે છે કે આ દીનને સહાયનો હાથ લંબાવો.

॥ ઈતિ એકોનચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૪૦

શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥ શ્રીગુરુભ્યો નમઃ ॥

હે દત્તયોગી, આનંદકંદ, દયાળુહૃદયવાળા, ગુણવર્મ, સર્વાત્મક, હું તારાં ચરણે નિજભાવથી વંદન કરું છું. તું અનાદિ યોગી, મહાસિદ્ધ, નિર્દ્વંદ્વ, નિર્વિકાર, નિરામય છે. જગતના ઉદ્ધાર માટે તું આ ગ્રંથસંવાદ ગ્રંથમાં પરોવે છે. હે ગુરુદત્ત, તું ષડ્‌ગુણસંપન્ન, સર્વજ્ઞ અને જ્ઞાનદાતા છે. અનેક જીવોના ઉદ્ધાર માટે તું સહ્યાદ્રિ શિખર પર પ્રગટ થયો છે. શરણાગતનો ભાવ જોઈ સ્મરણ કરતાં જ તું પ્રગટ થઈ તેની હેતુપૂર્તિ કરે છે. તારો આવો સ્વભાવ જોઈ સંકટમાં આવી મેં તારી પ્રાર્થના કરી છે. તેં તત્કાળ પ્રગટ થઈ મારી ઈચ્છા પૂરી કરી. ગત અધ્યાયમાં

મચ્છિંદ્ર અને ગોરક્ષે રાણી પાસેથી વિદાય લઈ પ્રસ્થાન કર્યું ત્યાં સુધી કથાનું નિરુપણ થયું હતું.

સ્ત્રીરાજ્યની સરહદ બહાર ચર્પટનાથ કેટલાક યોગીઓ સાથે રોકાયા હતા. મચ્છિંદ્ર અને ગોરક્ષ ત્યાં પહોંચતાંજ બધા નાથપંથીય સાધુઓ આગળ ચાલવા લાગ્યા. ચર્પટનાથ બધાંની સેવા કરતા હતા. મલ્યાળ દેશ પાર કરી બધા ગોકર્ણક્ષેત્રે આવ્યા. અહીંના મહાબળેશ્વરલિંગ પાસે બધા જ દેવ-દેવીઓ, નિવાસ કરે છે. તે સ્થળનું માહાત્મ્ય જોઈ મચ્છિંદ્રનાથે ચર્પટનાથને કહ્યું: તું અહીં જ યોગસાધના કર. ગોરક્ષનાથે પણ સૂર પૂરાવતાં કહ્યું કે અહીંજ તપસ્યા શરૂ કર. ચર્પટે કહ્યું: "જેવી આજ્ઞા."

ગોરક્ષનાથે સારું મુહૂર્ત જોઈ ચર્પટને આસન પર બેસાડ્યો. સદ્‌ગુરુએ તેને યોગક્રિયા શિખવાડી. ચર્પટને જ્યારે યોગસાધના માટે બેસાડ્યો ત્યારે બીજા સાધકોએ પણ તપસ્યામાં બેસવા વિનંતી કરી. આથી મચ્છિંદ્ર અને ગોરક્ષ બંનેને આનંદ થયો. મચ્છિંદ્રે કહ્યું: એકબીજાની સંભાળ લેવી. યુક્તિથી યોગની સાધના કરવી. મન ક્યાંય ફરવા-ચરવા દેવું નહીં. હંમેશા સાધનારત રહેવું. યોગસિદ્ધ થાય એટલે ગુરુદર્શન કરવાં. બીજે ક્યાંય જવું નહીં. આ સૂચન હંમેશા ધ્યાનમાં રાખશો. આ પ્રમાણે ઉપદેશ કરી ગુરુશિષ્ય ત્યાંથી ત્વરિત નીકળ્યા.

ચર્પટે આર્દ્ર અંતઃકરણથી સદ્‌ગુરુચરણને વંદન કર્યાં. તેણે રૂંધાએલા કંઠે ફરી ફરી પ્રાર્થના કરતાં કહ્યું: મારા દીનની ઉપેક્ષા કરી આપ દૂર જઈ રહ્યા છો. હે કૃપાઘન, ગુરુવર્ય, ફરી આ ચરણનાં દર્શન ક્યારે થશે? જેમ આપ શ્રેષ્ઠ ગુરુમૂર્તિ તેવીજ રીતે તું જયેષ્ઠ ગુરુબંધુ આપ બંને નજીકના હો તો મને કેવી લાગણી થાય? ત્યારે હું શું કરું? આપ દૂર કેમ જાવ છો? મચ્છિંદ્રે તેને અભય આપતાં કહ્યું: ફરીથી તારી અને મારી મુલાકાત થશે. ક્યાંય પણ મોહ ન રાખતાં સ્વહિત સાધ. ગોરક્ષે સૂચન કર્યું. અંતઃકરણમાં નિત્ય સદ્‌ગુરુની આરાધના કર.

તેમનાં દર્શનથી તને સુખ પ્રાપ્ત થશે. તેમાં જ આનંદ મળશે. આ અભયવચન છે. આ પ્રમાણે બોધ આપી યોગીજનોની વિદાય લઈ બંને યોગીવર્ય રામેશ્વર દર્શનાર્થ નીકળ્યા. અતિત્વરાથી રસ્તો કાપતા તેઓ રામેશ્વરે પહોંચ્યા. દ્વાદશ જ્યોતિર્લિંગમાંનું એક. તેનો મહિમાજ નિરાળો. પ્રત્યક્ષ રામપ્રભુએ તેની સ્થાપના કરી હતી.

દેવક્ષેત્રની મુલાકાત લઈ દર્શન કરી, સાગરની શોભાનો આનંદ લઈ, નાના ક્ષેત્રો આશ્રમોની મુલાકાત લઈ, સંતમુનિઓનાં દર્શન કરી તેમણે પૂર્વ દિશાનો રસ્તો લીધો. વિકટ રસ્તો હોય, પર્વત ખીણનો માર્ગ હોય ત્યારે મચ્છિંદ્રનાથને બીક લાગતી. તેઓ ગોરક્ષને કહેતાઃ મને બીક લાગે છે. તું મારાથી દૂર જઈશ નહીં. મારી સાથે જ ચાલજે. ગોરક્ષે ગુરુજીને પૂછયુંઃ આપણને યોગીઓને વળી ભય ક્યાંથી? મન નિર્વિકાર, નિર્દ્વન્દ હોય એટલે ભય-આનંદ-બધું સમાન જ લાગે. જે સદા નિરાશ નિઃસ્પૃહ છે તેને ભય ક્યાંથી? જેનું ચિત્ત શુદ્ધ હોય તેને કદી પણ ભય સતાવતો નથી. પરધન, પરકાંતા જેને વમન સમાન છે તેને કદી પણ ભય હોઈ શકે નહીં. આ ભયનું કારણ તમે જ જાણો!

ગોરક્ષ ફરી કહે છેઃ હું તમને વધુ શું કહું? મારા તોતડા બોલથી કહું છું કે આશા તૃષ્ણા, લોભ, મોહ, કામ, ક્રોધ, મદ, મત્સર, દંભ, અહંકાર એ પતનને માટે કારણરૂપ ઠરે છે. દ્વેષ, નિંદા, વાદ-વિવાદ, દુશ્મનાવટ, હઠાગ્રહ એ ઘાતક છે. ચોરી, જારકર્મ, ચુગલી, નિંદા, અભિલાષા, કપટ, તૃષ્ણા, ભ્રાંતિ, રૂપ, ઈચ્છા, વાસના ઈત્યાદિ દુર્ગુણ મનુષ્યને સંકટમાં નાંખે છે. આ દુર્ગુણોનો પડછાયો જે પોતાની પર પડવા દેતો નથી તેને કદી પણ ભય લાગતો નથી. આશ્રિતો વીતરાગ, નિઃસંગ હોઈ જગત તેને જાણે છે અને આપ સર્વપૂજય યોગી છો. આપ નિર્લોભી હોવાથી પૃથ્વી પર ક્યાંય પણ જાઓ તો તમને ક્યાંય પણ ભય નથી. મારી સાથે ચિંતા છોડી ચાલો, યોગ્ય સ્થળે મુકામ કરીશું.

ઉપર પ્રમાણે ભાષણ કરી ગોરક્ષ અને મચ્છિંદ્ર માર્ગક્રમણ કરવા લાગ્યા. ચાલતાં ચાલતાં જ્ઞાનચર્ચા, શ્રવણ પઠન થતું હતું. ગોરક્ષની વાત સાંભળી મચ્છિંદ્ર સ્તબ્ધ થયા. સોનાની ઈંટમાં તેમને આસક્તિ હતી.* આથી તેઓ સોનાની ઈંટ પોતાની ઝોળીમાં રાખી તેનું રક્ષણ કરતા. તે ઝોળી પોતે જાતે જ રાખી હતી. ઝોળી વજનદાર લાગે અને સેવક તરીકે ગોરક્ષ નજીક હોવા છતાં તેને આપતા નહીં. ગોરક્ષ ઉત્તમ શિષ્ય હતો. ઝોળીના વજનથી ગુરુજીને શ્રમ લાગે છે. તેમ જાણી તેણે ગુરુજીને કહ્યું: ગુરુજી, આપને શ્રમ પડે છે તે ઝોળી મને આપી દો. મચ્છિંદ્રે વાત્સલ્યભાવથી કહ્યું: તારી પાસે અત્યારે જ વધુ બોજ છે. વધુ શા માટે ભાર ઊંચકીશ?

ગોરક્ષ ગુરુજીના મનના વિચારો જાણતો હતો. તેણે વિનયભર્યા શબ્દોમાં કહ્યું: આપની કૃપાથી મને બિલકુલ શ્રમ લાગતો નથી. ઝોળી આપવા સંકોચ કરશો નહીં. થોડીવાર વિશ્રાંતિ લો. શિષ્યનો આગ્રહ જોઈ મચ્છિંદ્રે તેની ઝોળી ગોરક્ષને આપી. પરંતુ સોનું ચોરાઈ જવાનો ભય પ્રગટ કર્યો નહીં. વારંવાર તેઓ ઝોળી વિશે પૂછતા. ઝોળી સલામત છેને? વારંવાર ઝોળી પોતાની પાસે માગવા લાગ્યા. ગીચ અરણ્ય આવે, પર્વત, ખીણ આવે કે મચ્છિંદ્ર કહેતા: ગોરક્ષ, આ જંગલ તો ભયંકર લાગે છે. ચોર લૂંટારાઓ પણ હશે. આપણે તો બે જ જણ. કેવી રીતે જંગલ પાર કરીશું?

ગોરક્ષ સામે દલીલ કરતો: સ્વામી, ચોરનો ભય શા માટે? આપની કૃપા હોય તો ચોરો શું કામ ત્રાસ આપે? આપણી પાસે વૈરાગ્યરૂપી કૌપીન સિવાય શું ચોરવા જેવું છે? રસ્તામાં જે કોઈ મળે તેઓ તો તમને વંદન જ કરે. આપણી પાસે ઝોળી, શિંગી, તુંબી, કિંગરી, કંથા

* વાસ્તવિક રીતે ગુરુ મચ્છિંદ્રનાથ જ ગોરક્ષની પરીક્ષા કરવા ઈચ્છતા હતા કે કનકમાં ગોરક્ષને કેટલો મોહ છે. તેનું માપ કાઢવા તેમણે આવું નાટક કર્યું.

જેવી ચીજો છે. આ ચીજોને લઈ ચોરો શું કરશે? તેમને માટે આ નકામી ચીજો છે. આથી મને ચોરોની બીક લાગતી નથી. આ વસ્તુઓથી ચોરોનું પેટ થોડું ભરાશે? આપણે આનંદથી માર્ગક્રમણ કરવું. સિંહ, વાઘ, રીંછ કે વરુ સાથે ભેટો થાય તો તેઓ તો આપણા મિત્રો છે. વીંછી, નાગ, ઘામણની ચિંતા કોણ કરે? તમારું સામર્થ્ય એટલું મોટું છે કે પિશાચ, રાક્ષસ, ડાકિની, ભૂત, પ્રેત તમારાથી ડરે છે. કોઈ પણ ખોટી કલ્પના મનમાં ન આણતાં મનને શાંત રાખવું. સુખપૂર્વક રસ્તો કાપવો. મને ચાલતાં આધ્યાત્મ, વેદાંત વિશેનું જ્ઞાન પરિચિત કરાવતા રહો. હું તેનો ખૂબ જ ભૂખ્યો છું.

ઉપર પ્રમાણે વારંવાર ગોરક્ષ મચ્છિંદ્રને સાંત્વન આપતો રહ્યો પરંતુ મોહ કે આસક્તિ એવી ચીજ છે કે તે વસ્તુનો વિરહ થાય તો તે વિશે વિષાદ કે ભય કલ્પિત રીતે પણ મનમાં ઘર કરી જાય છે. ઝાડી આવે એટલે મચ્છિંદ્ર સોનાની ઈંટને બગલમાં વધુ જોરથી દબાવતા. એકપણ શબ્દ બોલતા ન હતા. ચિંતાથી મન અસ્થિર થયું. ગોરક્ષે ગુરુ તરફ જોયું તો કોઈક પ્રકારનો ભય તેમને સતાવતો હતો (અથવા દરેક સાધકને તે સતાવે છે તેનું નિદર્શન આ આખ્યાનમાં કરવામાં આવ્યુ છે.) તે ભયનું કારણ કયું હોઈ શકે?

ગોરક્ષ વિચારના ચકરાવે ચઢ્યા. અનેક વર્ષો સ્ત્રીઓના સહવાસમાં રહ્યા આથી વિષયસુખના મોહમાં સપડાયા લાગે છે. (વિષય ત્રણ છેઃ કનક, કામિની અને પ્રતિષ્ઠા.) એકાએક રાજમહેલ છોડવાથી જંગલમાં ભય લાગતો હશે? આથી આ ચિંતા દૂર કરવા કંઈક અવશ્ય કરવું પડશે. વાત કઢાવવા ગોરક્ષે સદ્‌ગુરુના ચરણે મસ્તક મૂકી વિનંતી કરીઃ હે સદ્‌ગુરુનાથ, મારી વિનંતી સાંભળો. તમારા મનમાં શું છે તે જણાવો. આમ અનેક પ્રકારે વિનંતી કરવા છતાં મચ્છિંદ્ર કશું કહેતા નહીં. આથી ગોરક્ષે મૌન ધારણ કર્યું અને તે ચર્ચાને ત્યાં જ વિરામ

આપ્યો. બંને ગુરુશિષ્ય માર્ગક્રમણ કરતા શ્રીશૈલ પર્વત તરફ આવ્યા. અહીં મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ આવેલું છે. ત્યાંનું ગીચ અરણ્ય જોઈ બંને સ્તબ્ધ થયા.

ખૂબ જ ઊંચા પહાડો, આકાશને આંબતાં વૃક્ષો, સૂર્યપ્રકાશ જમીન સુધી પહોંચતો પણ નહીં. કેવી ગીચતા! હિંસ્ર પ્રાણીઓનાં ટોળા આમ તેમ વિચરણ કરતાં હતાં. કેટલાક વૃક્ષો અને ઘાસ પાછળ છૂપાયા હતા. સિંહ, વાઘની ગર્જનાઓ સાંભળી સામાન્ય માણસના તો હાંજાં ગગડી જાય તેવી પરિસ્થિતિ હતી. તેમાં વળી ચોરોનો ત્રાસ. એકલ દોકલ માણસનું તો કામ નહીં. આવા ગીચ જંગલમાં ગુરુશિષ્ય આવી પહોંચ્યા. નિર્જન, ભયંકર સ્થળ જોઈ મચ્છિંદ્ર તો કાંપવા લાગ્યા. તેમનાથી એક પણ શબ્દ મુખ વાટે નીકળતો ન હતો. મચ્છિંદ્રના પગ પણ ઉપડતા ન હતા. મંદમંદ ગતિથી તેઓ ચાલતા હતા. ગોરક્ષે પણ ચાલ ધીમી કરી.

ગોરક્ષ માત્ર નિર્ભય સુખપૂર્વક ચાલતો હતો. સદ્‌ગુરુને દુઃખ ન પહોંચાડતાં હૃદયપૂર્વક સેવા કરતો. ગીચ જંગલ જોઈ મચ્છિંદ્ર કહેવા લાગ્યાઃ અરે આ તો ભયંકર સ્થળ દેખાય છે. મને ખૂબ બીક લાગે છે. અહીં ચોર લૂંટારા અવશ્ય હશે. ગોરક્ષે દલીલ કરતાં જણાવ્યુઃ જેની પાસે ધન, સોનું, ઝવેરાત હોય તેને ચોર લૂંટારુની બીક લાગે. આપણને ડર શાનો? આપણે તો યોગી હોઈ નિર્ધન છીએ. તો પછી આપણે શાથી બ્હીવું? પેટ ભરવા આપણે રોજ ઘેર ઘેર ભીખ માંગીએ છીએ. પાસે એક પણ પાઈ નથી. તો ચોર શાની ચોરી કરશે?

શરીર પરની જીર્ણ કંથા, કાંધે ઝોળી, ભસ્મ વિલોપન આ વસ્તુને લઈ ચોરો શું કરશે? આપણે આશાપાશ વિનાના તેમ આખું જગત ઓળખે છે. આપણને કોઈ પીડા કરશે નહીં. નિર્ભયતાથી ચાલો, ગમે ત્યાં વિશ્રામ કરો. પ્રેમથી શિવ સ્મરણ કરો, મનમાં વિકલ્પ લાવશો

નહીં. ગોરક્ષની વારંવારની દલીલો સાંભળી મચ્છિંદ્રનાથ ચિડાયા. તેમણે કહ્યું: બિનજરૂરી શું બબડે છે? ભય તો દરેકને જ હોય છે. આટલી સીધી વાત તને સમજાતી નથી? સદ્‌ગુરુનો ક્રોધ જોઈ ગોરક્ષ વિચારમાં પડ્યો. સદ્‌ગુરુને વળી શાની ચિંતા છે? શાનો ભય છે તે જણાતું નથી. તેની ચતુરાઈથી શોધ કરવી જ રહી. કોઈ પ્રકારના દ્રવ્ય વગર ભય પ્રાપ્ત ન થાય.

ગોરક્ષ ગુરુ સાથે ધીમે ધીમે ચાલતો હતો. તેણે ગુરુને વિનંતી કરી: આપ થાકી ગયા છે. ઝોળીનો બોજો મને આપો અને સામાન વગર રસ્તા પર સીધા ચાલો. અરણ્ય પૂરું થાય એટલે સપાટ પ્રદેશમાં વિશ્રામ કરવો. મચ્છિંદ્રને આ સૂચન ગમ્યું. તેમણે પોતાની ઝોળી ગોરક્ષને આપી. હવે બંનેની ચાલવાની ઝડપ વધી. આગળ મચ્છિંદ્રનાથ અને પાછળ ગોરક્ષ અનુસરતા હતા. ગોરક્ષે પોતાની ચાલ ધીમી કરી અને મચ્છિંદ્રનાથ થોડા દૂર હતા ત્યારે ઝોળી ખોલીને જોઈ તો તેમાં સોનાની બે ઈંટો હતી. સદ્‌ગુરુને ભય પ્રાપ્ત કેમ થયો તેનું રહસ્ય ગોરક્ષને સમજાયું.

ગોરક્ષ એટલે શંકરનો અવતાર. વૈરાગ્યની મૂર્તિ. સંગ્રહ તેના સ્વપ્નમાં પણ સ્પર્શ કરે તેમ ન હતું. પરધન અને પરસ્ત્રી તેને વમનની જેમ તુચ્છ હતા. આથી જ તે હંમેશા આનંદમગ્ન રહેતો. આશારહિત વૃત્તિ અને નિર્મળતા હોય ત્યાં ગંદવાડ ક્યાંથી દેખાય? ડહોળાએલા પાણીમાં જ ગંદકી હોય છે. સૂર્યને કાજળ કશું ન કરી શકે. તે જ પ્રમાણે ગોરક્ષનું મન સોનામાં જરાએ ન આકર્ષાયું. તેણે એક ખીણ જોઈ તે ઈંટો ફેંકી દીધી અને ભય પણ (ગુરુજીનો) ફેંકી દીધો. મચ્છિંદ્રનાથને ઈંટો ફેંકી તે ખબર ન પડે તે માટે તેટલા વજનના પથ્થર તેણે ઝોળીમાં ભરી લીધા. તે ઝડપથી ચાલીને મચ્છિંદ્રનાથની સાથે થયો.

રસ્તામાં સપાટ પ્રદેશ આવ્યો. નિર્મળ જળથી ભરેલું સરોવર હતું. તેવા નિસર્ગરમ્ય સ્થળે તેઓ વિશ્રાંતિ માટે રોકાયા. સદ્‌ગુરુએ ગોરક્ષને પૂછ્યું: મારાથી ખાસ્સો પાછળ કેમ રહ્યો? ગોરક્ષે કહ્યું: લઘુશંકા માટે રોકાયો હતો. આપની ચાલ ઝડપી હતી આથી તમને વિલંબ લાગ્યો. મચ્છિંદ્રે પૂછ્યું: હવે ભય પૂરો થયો કે નહીં? ગોરક્ષે જવાબ આપ્યો: ભય પાછળ રહી ગયો. સદ્‌ગુરુને પણ હાશ થઈ. ત્યાં બેસીને બંનેએ પરસ્પર સુખસંવાદ કર્યો અને ફરી માર્ગક્રમણ માટે માર્ગસ્થ થયા.

મચ્છિંદ્રે ગોરક્ષને કહ્યું: લાવ હવે ઝોળી મારી પાસે. હવે ઝડપથી આગળ વધીશું. ગોરક્ષે ઝોળી મચ્છિંદ્રને આપી દીધી. બંને આગળ વધ્યા. આગળ જતા સાત શિખરવાળા પર્વત પર આવ્યા. ફરી ગીચ ઝાડી શરૂ થઈ. ગુરુજી ફરી ચમક્યા. તેમણે ગોરક્ષને પૂછ્યું: શું અહીં ભય વિદ્યમાન છે? ગોરક્ષે જવાબ આપ્યો: ભય તો પાછળ જ રહી ગયો. હવે નિર્ભય રીતે ચાલો. પર્વતની ટૂંક ચઢતા ઉતરતા ફરી ગીચ જંગલ આવ્યું એટલે મચ્છિંદ્રનું મન ભયગ્રસ્ત થયું. તેમણે કહ્યું: ગોરક્ષ, આ ઘોર જંગલ જોઈ હું ભયભીત થયો છું. ક્યારે આ પર્વત ઉતરી જઈશું? એમ મનમાં થાય છે. તને તો બિલકુલ ભય નથી થતો? જો સંકટ આવે તો તું શું કરીશ? મને તો કોઈ ઉપાય દેખાતો નથી. જ્યાં સુધી વિશ્રામ સ્થળે આપણે પહોંચતા નથી ત્યાં સુધી ભયની જવાળા હૃદયમાં સળગતી રહે છે. વિકટ સમય આવતાં વાર લાગતી નથી. સાથે ઘણા મનુષ્યો હોત તો ભય ન લાગત. આપણે તો ફક્ત બે જ છીએ.

ગોરક્ષે સ્પષ્ટ શબ્દોમાં શપથપૂર્વક કહ્યું: ગુરુમહારાજ, ભયને તો આપણે પાછળ નાખી આવ્યા છીએ. હવે શરીરને દુઃખ કેમ આપો છો? ભય તો હવે ખૂબ જ દૂર રહી ગયો છે. હું અસત્ય બોલતો નથી. જો હું અસત્ય બોલું તો મારી જીભ તૂટી પડો! તમે સ્વસ્થ રહો.

આ પ્રમાણે સંભાષણ કરતાં ઉભય ગુરુશિષ્ય માર્ગક્રમણ કરતા હતા. મચ્છિંદ્રે ધ્યાનપૂર્વક જોયું તો ઝોળી વજનમાં હલકી લાગી. તેમને થયું કે કશુંક અજૂગતું તો નથી બન્યું ને? તેમની ધીરજ ખૂટી. તેમણે ઝોળી નીચે મૂકી અને કપડાની ગાંઠ ખોલીને જોયું તો સુવર્ણ ઇંટોને બદલે પથ્થર હતા.

હકીકતનો ઘટસ્ફોટ થતાં, અરે મારા કરમ! એમ કહીને કપાળ કુટયું. વસ્ત્રની ગાંઠ કોણે છોડી? કોણ નિર્દય વેરી નીકળ્યો જેણે મારી સુવર્ણ ઇંટો ચોરી? આમ બોલીને મચ્છિંદ્રનાથ જમીન પર શોકાકુળ થઈ આળોટવા લાગ્યા. કયા દુષ્ટે મારું ધન ચોર્યું? સદ્‌ગુરુનું વર્તન જોઈ ગોરક્ષે ગુરુજીના પગ પર માથું મૂકી પ્રાર્થના કરવા લાગ્યાઃ હે સદ્‌ગુરુનાથ, આપ કેમ શોક કરો છો? મચ્છિંદ્રનાથે જવાબ આપ્યોઃ પ્રેમળે મને બે સોનાની ઇંટો આપી હતી. જીવન નિર્વાહ માટે કામમાં આવશે. તે વાત ગુપ્ત રાખવા કહ્યું હતું. આથી તે બે સુવર્ણ ઇંટોની તને પણ વાત કરી ન હતી. ખૂબ જ મોટો અનર્થ થયો. હવે શું કરીશું? ક્યાં ગઈ તે ઇંટો?

મચ્છિંદ્રે દલીલો કરતાં કહ્યુંઃ આપણા બે વચ્ચે ત્રીજો કોઈ આવ્યો પણ નથી. ગોરક્ષે કહ્યુંઃ ગુરુજી આપણા બે વચ્ચે ત્રીજો હતો. તેણે જ તમને વિક્ષિપ્ત કર્યા. ત્રીજાને નસાડવા મેં ખૂબ પ્રયત્ન કર્યો. આથી તે વધુ તમારી નજીક આવી ચોંટયો. આપણે બંને કેવા આનંદમાં હતા? ત્રીજાએ આવી ભયની રોપણી કરી. તે ક્યાંથી કેવી રીતે આવ્યું તેની મેં પ્રયત્નપૂર્વક તપાસ કરી. મને થયું કે તે ભય મારા ગુરુમહારાજને ખૂબ જ ઉપદ્રવ કરે છે. આથી તેઓ આત્મધન ભૂલી ગયા છે. તેની શોધમાં મેં ગઈકાલે ઝોળી ખોલી જોઈ. તેમાં બે સુવર્ણ ઇંટો જોઈ. તેને જોઈને મને ક્રોધ આવ્યો. સર્વ અનર્થનું મૂળ આ જ ઇંટો છે. આથી તેને દૂર ફગાવી દેવાનું મેં નક્કી કર્યું અને એક ઊંડી ખીણમાં મેં તેને

ફેંકી દીધી. તે સાથે જ આપણી વચ્ચેની ત્રીજી વ્યક્તિ દૂર થઈ. આથી જ હું આપને પ્રાર્થના કરતો હતો કે આપણો ભય પાછળ રહી ગયો. ચોરી થાય તેવી કોઈ વસ્તુ જ ન હોય તો ચોરી થવાની જ નહીં.

મચ્છિંદ્રનાથે જો કે આક્રોશપૂર્વક શોક કર્યો. તેઓ બોલ્યાઃ અરે ગોરક્ષ તેં મારો ઘાત કર્યો. મારું ધન મને પાછું આપી દે. જો સુવર્ણ ઇંટો મને પાછી નહીં આપે તો પથ્થર પર માથું પટકી પ્રાણત્યાગ કરીશ. તને પછી ગુરુ હત્યાનું પાતક લાગશે. ગોરક્ષે વિનંતી કરીઃ આપ તો જ્ઞાનીઓમાં પણ શ્રેષ્ઠ છો. ધનના મોહમાં કેમ પડો છો? વૃથા દુઃખી કેમ થાવ છો? ધન અઢાર પ્રકારના અનર્થોને કારણભૂત થાય છે. (ઘણા ગ્રંથોમાં લક્ષ્મીથી ૭૨ અનર્થો થાય છે તેમ જણાવ્યું છે.) આ શાસ્ત્રીય વાતો જાણ્યા છતાં તમે કષ્ટી થાવ છો તેનો મને અફસોસ છે.

ગોરક્ષ કહે છેઃ આશા રાખવાથી લાભ થાય છે એમ માની લોભ નિર્માણ થાય છે. તેના થકી તૃષ્ણા પેદા થાય છે. તેના દ્વારા અનેક શાખા-ઉપશાખાઓ દ્વારા તર્ક-કુતર્કનું જંગલ નિર્માણ થાય છે. ષડ્રિપુઓ તે બજારના મોટા સોદાગર છે. અવિવેક એ વ્યવહાર કર્તા. વસ્તુ લેનાર તે મોહ. સુવર્ણ તો સર્વથા માયામય છે. તેના થકી આગ જ આગ! આ સર્વ વિષયોમાં અણુમાત્ર સુખ નથી. ચિંતાના કૂવામાં ડૂબવું પડે છે. ચિંતા અને ચિતા બંને સરખાં છે. ફક્ત એક અનુસ્વાર (ં)નો ફરક છે. આવો ફરક હોવા છતાં બંને બાળવાનું કાર્ય કરે છે. એક (ચિતા) મૃતદેહને બાળે છે જ્યારે બીજી (ચિંતા) જીવતાને બાળે છે. યોગેશ્વરે ચિંતાને દૂર કરી આત્મમાં રમમાણ રહેવું. દુઃખ ચિંતા યોગીઓ પાસે ફરકે પણ નહી તે જોવું. હંમેશા વિરક્ત, નિઃસ્પૃહ રહેવું તેવો વિવેક હૃદયમાં સ્થિર પણે હોવો જોઈએ. સ્વરૂપઆનંદમાં સ્વસ્થ રહેવું.

ગોરક્ષ વધુમાં કહે છેઃ અનુતાપ થઈ વિવેક વડે લોભ અને સંતાપને દૂર કરવા. યોગ પ્રતાપને પ્રગટ કરવા અને પોતાનાં દર્શનથી બીજાનો તાપ દૂર કરવો. આપણે જાતે સાવધ થઈ પોતાનું મન પ્રસન્ન રાખવું. તેના થકી સર્વ સિદ્ધિઓ હાથ જોડી ઊભી રહેશે. ઈચ્છિત પદાર્થો સંકલ્પમાત્રથી પ્રાપ્ત થશે. આથી શોકનો ત્યાગ કરો. આપ તો યોગગભસ્તિ છો. આપને માટે તો સુવર્ણ અને છાણ બંને સરખું છે. તેના માટે શોક કેમ કરવો? લોભ મોહનો ત્યાગ કરો. તમે સુવર્ણને લાવ્યા કે સુવર્ણ તમને લઈ આવ્યું? સુવર્ણે માત્ર તમને મોહગ્રસ્ત અને ભયાન્વિત અવશ્ય કર્યા. તેવા દુષ્ટ પદાર્થની સંગતિ કદી પણ કરવી જોઈએ નહીં. તેનો સંગ સદ્‌બુદ્ધિ અને યોગનો ભંગ કરે છે અને વિષયનો રંગ ચઢાવે છે. આથી કનક અને કામિનીનો ત્યાગ કરો. વાસના પર વિજય મેળવી અંતઃકરણને શુદ્ધ કરવું. આમ કરવાથી કદી પણ સંકટ આવશે નહીં. સર્વ સિદ્ધિ પગે પડશે. કોઈ પણ પ્રયત્ન કર્યા વિના સ્વસ્વરૂપે જાગૃતિ રહેશે.

ધન અત્યંત દુષ્ટ છે, અમંગલ છે. તેની પાછળ મનને કદી જવા દેવું નહીં. નિર્વાહ માટે ભિક્ષા છે તો ધનની શા માટે જરૂર? ભિક્ષા એ કામધેનુના દૂધ જેવી છે. તે આપણુ સર્વ રીતે પોષણ કરે છે. ભિક્ષામાં બીજાનો દોષ આપણને લાગતો નથી. સંકલ્પ વિકલ્પ આવતા નથી. ભિક્ષા એ આપનાર અને લેનાર બંનેનું પુણ્ય વધારે છે અને પાપ નષ્ટ કરે છે. પ્રસાદ સેવનથી બંને પાવન થાય છે. આમ સર્વનું કલ્યાણ થાય છે. ભિક્ષા માતા શ્રેષ્ઠ હોઈ નિત્ય અપાર દૂધ આપે છે. જે તેનું સેવન કરે તેને તૃપ્ત કરે છે. તે નિર્દોષ હોઈ તેનું સેવન કરનારના પાપ ધોઈ નાંખે છે. સુવર્ણ એ સર્વ ઘાતનું મૂળ હોઈ તેનો ત્યાગ કરી ભયને કાયમ માટે વિદાય આપો.

હે સદ્‌ગુરુનાથ, તમે જ્ઞાની છો. આપ શ્રેષ્ઠ હોવા છતાં નજીવી ક્ષુદ્રવસ્તુમાં મન કેમ પરોવો છો? ગોરક્ષની દલીલ સાંભળી મચ્છિંદ્ર કહે, તું અજ્ઞાનીની જેમ લવારો કરે છે. મને તું દુઃખ પહોંચાડે છે. તું અધમ છે. મારું સોનું ખૂંચવીને મને જ્ઞાનની વાતો શિખવાડે છે? ગુરુને ત્રાસ આપવાની તારી બુદ્ધિ કેમ ચાલી? મેં કેટલા પ્રયત્ન કરી ધન સાચવી રાખ્યું હતું. તેને તેં ગુમાવી દીધું. મને દુઃખી કરી તું અપયશને પાત્ર ઠર્યો. એક તો મને દુઃખ આપ્યું અને દાવો કરે છે કે મારા મોહનાં જાળાં દૂર કર્યા! હું તારી વાતમાં આવવાનો નથી. મને મારું સોનું પાછું આપી દે. તેના માટે પ્રાણનું પણ બલિદાન આપીશ. તું પાછો ફર અને જ્યાં ઈંટો ફેંકી હતી ત્યાંથી પાછી લઈ આવ.

ગોરક્ષ નમ્રતાથી કહે છેઃ આટલી નાની બાબત માટે ક્રોધ કેમ કરો છો? પ્રકાશ સૂર્યને સોનાની શી જરૂર? ધીરજ ધરો. તમને કેટલું સોનું જોઈએ? તમારી કૃપાથી મને ક્યાંય ગરીબી નથી. મચ્છિંદ્ર કહેઃ સોનું કાંઈ રસ્તામાં મળતું નથી. લોકો અથાક પ્રયત્ન કરે છે છતાં તેમને યશ મળતો નથી. તને કયાંથી મળશે? વ્યર્થ લવારો ન કરીશ. મારું સોનું પાછું આપી દે. ગુરુવર્યની આ દલીલ સાંભળી ગોરક્ષે સદ્‌ગુરુના ચરણો પર મસ્તક મૂક્યું અને કહ્યુંઃ ગુરુજી, તમારી કૃપાનો ચમત્કાર જુઓ. સોનાની ક્યાં ખોટ છે? સામે પર્વતના એક ખડક પર ગોરક્ષે પેશાબ કર્યો અને ક્ષણાર્ધમાં તે સોનાનો બની ગયો. સૂર્યના કિરણોથી તે ઝગમગવા લાગ્યો. ગોરક્ષે ફરી સદ્‌ગુરુને વંદન કર્યાં અને કહ્યુંઃ જેટલું જોઈએ તેટલું સોનું આમાંથી લો. ઓછું પડે તો હું સેવામાં હાજર છું.

ખડકનું સુવર્ણમાં થયેલું રૂપાંતર જોઈ મચ્છિંદ્ર પ્રસન્ન થયા. તેમણે કહ્યુંઃ અરે, જેને હું નિર્બુદ્ધ બાળક સમજુ છું તે તો ઈશ્વર સમાન શ્રેષ્ઠ છે. આને મેં ખોટો ત્રાસ આપ્યો. આ ગોરક્ષની લીલા અદ્‌ભુત છે.

હવે મને શાંતિ થઈ. ગોરક્ષના મનમાં તો દુનિયાની બધી જ કિંમતી વસ્તુઓ તુચ્છ છે. મચ્છિંદ્રે ગોરક્ષને આલિંગન આપ્યું અને કહ્યું: હે શિષ્યોત્તમ, મેં તને ખોટો ત્રાસ આપ્યો. તું પૂર્ણ યોગસિદ્ધ છે. તારી શક્તિ જોઈ મને હવે શાંતિ થઈ. હવે મને તારી સુવર્ણ ઈંટો ન જોઈએ. મેં પણ લોકશિક્ષણને માટે તારી કસોટી કરી. તેં મારી ભ્રાંતિને દૂર કરી અને ખોટી કલ્પનાનો નાશ કર્યો. મારા લોભમોહને તેં દૂર કર્યા. તારું આચરણ ખરેખર ધન્યવાદને પાત્ર છે. તું યોગ મુગટમણિ છે. તારાં દર્શન કરવાથી જગત્નો ઉદ્ધાર થશે. તારી કૃપા પામનાર અમર થશે. શરણાગત પર કૃપા કરતા તેઓ તારા જેવા થશે.

પોતાની પ્રશંસા ગોરક્ષને ન ગમી. તેણે તરત જ સદ્ગુરુના ચરણે મસ્તક મૂક્યું અને કહ્યું: ગુરુમહારાજ, હું તો તમારાં ચરણની ધૂળ છું. આપ સમર્થ, અનાથનાથ છો અને હું તમારો એક કિંકર છું. મને કોઈ યોગ આવડતો નથી. તમારી કૃપા એજ મારી યોગક્રિયા છે. કર્તા, કરાવનાર તું જ છે. તારી દયા એજ મને મદદકર્તા છે. તારો મહિમા અપાર છે. સૂર્યકાંત પર સૂર્યકિરણ પડ્યા પછી જ અગ્નિ ઉત્પન્ન થાય. તેવી જ રીતે ફક્ત મારા થકી કશું ન થાય. તારી કૃપાનું કિરણ મારા પર પડે પછી જ (યોગ) અગ્નિ પ્રગટ થાય. આ પ્રમાણે વાતચીત કરતા શિષ્યનાં વચન સાંભળી સદ્ગુરુનું સમાધાન થયું. હવે ગુરુશિષ્ય બંને ઉજજૈન ક્ષેત્રે જશે.

ઉજજૈન શહેરમાં યોગીરાજ અદ્ભુત લીલા બતાવશે. ગોરક્ષનાથ અપૂર્વ દાસ્યભાવ દર્શાવશે. સદ્ગુરુ લોકાચારનું પણ યોગ્ય રીતે પાલન કરી બતાવશે. જેનું ચિત્ર શુદ્ધ, નિર્વિકાર, નિઃસંગ છે તેવા શ્રેષ્ઠ શિષ્ય ગોરક્ષ પોતે પણ નિર્મળ છે અને ગુરુ દ્વારા આચરાએલા વિપરિત આચરણ વિશે મનમાં કોઈ પણ પ્રકારનો દુર્ભાવ તેણે આવવા ન દીધો. તેણે સદ્ગુરુની પ્રેમપૂર્વક અવિશ્રાંત સેવા કરી યોગ સાધ્યો. ધન્ય છે

તેવા સદ્‌ગુરુની સેવા કરનાર શિષ્ય અનેક જીવોનો ઉદ્ધાર કરશે. અનંતસુત સજજન શ્રોતાઓને વિનંતી કરે છે હવે પછીની મધુર કથા પ્રેમથી શ્રવણ કરવી. યોગીરાજ શ્રી દત્ત તે કથા વદાવી રહ્યા છે.

॥ ઈતિ ચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૪૧

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥ શ્રીગુરવે નમઃ ॥

ૐ દિગંબર; તને નમસ્કાર. તું વિશ્વનિયંતા, વિશ્વંભર કોમળહૃદય, ઉદાર, પરાત્પર અને પરિપૂર્ણ છે. તારા અપાર મહિમાનું વર્ણન હું કેવી રીતે કરું? તારો મહિમા ગાતાં જ્યારે શેષ પણ થાક્યો ત્યારે મારા જેવા દીનની શી ગતિ? આથી હું તારા શરણે આવ્યો છું. આ શરણાગતનો મનોરથ તું યથાર્થ રીતે જાણે છે. તે મનોરથને પૂર્ણ કરવા તું સમર્થ છે. તારી કૃપા થકી જ મારી વાણી પ્રવાહિત થાય છે. પીરસનાર અને ખાનાર બંને તું જ છે. તારું નામ અવિનાશ દત્ત છે. તેમાંથી દ્વિ અક્ષરી દત્ત સાથે સંકળાએલો દત્ત પ્રબોધ ગ્રંથ છે. જગતના ઉદ્ધાર માટે તેં આ ગ્રંથની રચના કરી છે. કથા રહસ્યના સાગરમાં ગુરુદાસ્યરૂપી લહેર જોવા મળી. આ ચરિત્રનું રહસ્ય કથન કરવા તું જ જિહ્વા પર નિવાસ કરે છે. દત્ત સંપ્રદાયના લોકોને માર્ગદર્શન મળે તે માટે ગોરક્ષ મચ્છિંદ્ર આખ્યાનનું નિરૂપણ થઈ રહ્યું છે. હે દત્ત દયાઘન આ ગ્રંથને તે જ રીતે આગળ વધાર અને ભક્તોને જ્ઞાનબોધ કર.

હે દત્તાત્રેય! તું મારા હૃદયમાં નિવાસ કરી કથા આખ્યાનની યાદ કરાવે છે. તે જ પ્રમાણે હું તેને ગ્રંથસ્થ કરું છું. ન્યૂનતાની પૂર્ણતા તું જ કરે છે. શ્રવણ કરનારને તૃપ્ત કરનાર તું જ છે. મારા જેવા પામરને નિમિત્ત કરી તું જ તારા સામર્થ્યને યથાર્થ ઠેરવે છે. અનંતસુત શ્રોતાઓને વિનવે છે કે આ સર્વ દત્તાત્રેયની દયા છે. ભક્તોના મનોરથો પૂર્ણ કરવા અને પ્રેમથી કથા શ્રવણ કરનાર માટે તેનો વિસ્તાર કર્યો છે. શ્રોતાઓ માટે અહીં ષડ્રસ પકવાન્નનો થાળ છે. ત્વરિત તેનો આસ્વાદ લો. તેનાથી ભવરોગ નાસી જશે. જેને જે રસ ભાવે તેણે તે રસનું આકંઠ સેવન કરવું. કોઈએ પણ અતૃપ્ત ન રહેવું. આ રસામૃત કાનમાં સંગ્રહી રાખવું. અમૃતનું બીજુ નામ સુધા છે. જેનું પાન દેવો નિત્ય કરે છે. પરંતુ તે થકી જન્મમરણની જંજાળ દૂર થતી નથી. આ કથામૃતની સરખામણી તે અમૃત સાથે કદી પણ ન થઈ શકે. તે અમૃત મુક્તિ નથી આપતું પરંતુ ભવભય વ્યથા આપે છે.

કથામૃત શ્રવણ કરનારને તે તૃપ્ત કરે છે. આઘાત-પ્રત્યાઘાતનું નિવારણ કરે છે અને મુમુક્ષુને મુક્ત કરે છે. પ્રેમથી શ્રવણ કરતાંની સાથે જ સર્વ પાપ બળીને ભસ્મ થાય છે. ઇંદ્રિયો તેજસ્વી થાય છે. શ્રવણ કરતાં જ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાનનો સંચાર થતાં સાર-અસારનો ભેદ પારખી શકાય છે. મનન કરવાથી નિશ્ચિત ધ્યેય નક્કી થાય છે અને વૃત્તિ તદાકાર થાય છે. તે રંગ વૃત્તિમાં સમરસ થાય એટલે વિવિધ ચેષ્ટા ભંગ પામે છે અને સત્સંગ પ્રતિ પ્રીતિ ઉદ્‌ભવે છે અને અજ્ઞાન પીગળવા લાગે છે. અજ્ઞાનનો નાશ થતાં સત્સંગથી સમતા પ્રાપ્ત થાય છે. ભિન્નાભિન્નતા રહેતી નથી અને સ્વાત્મપદાર્થની પ્રાપ્તિ થાય છે. આત્મતત્વમાં મન લીન થાય કે તે ઉન્મન થાય છે. નિરંજન નિર્વિકાર પદ પ્રાપ્ત થાય એટલે પછી "હું-તું" ક્યાંય રહેતું નથી. શમદમ માટે જગ્યા રહેતી નથી. બધે જ સ્વસ્વરૂપનાં દર્શન થાય છે. સગુણ

સાથે મિલન તે આ જ. આનંદઘનનો વર્ષાવ થાય છે જેનો વિયોગ કદી પણ થતો નથી. સગુણપ્રાપ્તિથી સુખ પ્રાપ્તિ થાય છે અને ભોક્તા ભોગવનાર અને ભોગની એકરૂપતા અનુભવાય છે.

ઉપર પ્રમાણે અનુભવવા મળે એટલે કર્મ-અકર્મ વિકર્મ રહેતું નથી. જીવ એ સર્વ કર્મનો સાક્ષી છે, રક્ષણકર્તા છે, તેમ છતાં જીવના માથે કર્મ રહે છે. તેનું મૂળ શોધીએ તો કર્તાનું અહંપણું એ જ છે. હું કર્તા છું તેવી સંજ્ઞા ક્યારે લોપ પામશે? મૂળ શોધીએ એટલે કર્તા કોણ તે સરળ રીતે સમજાશે. પરંતુ આ જ્ઞાન સદ્‌ગુરુ સિવાય પ્રાપ્ત થતું નથી. સહુ પ્રથમ ગુરુને શરણે જઈ તન-મન-ધન સમર્પણ કરવું. તેમની નિત્ય સેવા કરવાથી તેઓ ઉપદેશ આપશે. તે ઉપદેશ જીવનમાં ઉતારીએ એટલે તેવો અનુભવ આવશે. સદ્‌ગુરુ, સંત આ પ્રમાણે દૃઢ સાધન ઉપદેશે છે. તે સાધન એટલે સત્‌કથાનું કીર્તન, શ્રવણ, સત્સમાગમમાં રહીને કથામૃતરસનું શ્રવણ કરી તેનો સંગ્રહ કરવો. તેથી જીવને સ્વાનંદ, સુખ, સંતોષ અને મુક્તિ પ્રાપ્ત થાય છે. તે જીવને જીવન્મુક્ત કરે છે. જન્મમરણ મિટાવી અમરત્વ પ્રદાન કરે છે. આ વિશે એક રસપૂર્ણ કથા છે તે સાવધાનતાથી શ્રવણ કરો. તે ભર્તૃહરિનું મધુર આખ્યાન છે.

ઉજ્જૈન માળવા પ્રાંતમાં આવ્યું. બાર જ્યોતિર્લિંગો પૈકી મહાકાળનું જ્યોતિર્લિંગ ઉજ્જૈન શહેરમાં આવેલું છે. ક્ષિપ્રા નદી અવંતી (ઉજ્જૈન) નગરમાંથી વહે છે. ક્ષિપ્રા તીર્થમાં સ્નાન કરવાથી પાપનો સંહાર થાય છે. અહીં સર્વ દેવતાઓ નિવાસ કરે છે. સિદ્ધ, યોગી, સાધુ, મહંત પણ અહીં નિવાસ કરે છે. કાશીની જેમ આ ભૂતલ પર વિખ્યાત ક્ષેત્ર છે. અહીં દિવસરાત તપસ્વીઓ ગુપ્ત-પ્રગટ રીતે તપ કરે છે. વૈશાખ મહિનામાં અહીં પંચક્રોશીની યાત્રા થાય છે. શિવરાત્રીના ઉત્સવમાં ભવ્ય પૂજા અને નામસંકીર્તન થાય છે. સુરવરો દર્શન માટે આવે છે. સિંહસ્થ

કુંભમેળો પણ અહીં આયોજાય છે. ત્યારે અસંખ્ય ભક્તો, સાધુઓ સિદ્ધો, મહંતો ક્ષિપ્રામાં સ્નાન કરી પુનિત થાય છે. હજુ પણ ઉજ્જૈનમાં કુંભમેળો ભરાય છે. ત્યારે ભક્તો હજુ પણ તેના સાક્ષી બને છે. તેના વિશે જેને જાણકારી જોઈએ તેણે અવંતીમાહાત્મ્ય શ્રવણ કરવું અથવા વાંચવું. તેનું અહીં વિસ્તારથી વર્ણન કરીએ તો પ્રસ્તુત ગ્રંથ ખૂબ જ મોટો થશે. આથી સારરૂપે તેનું સંક્ષિપ્તમાં વર્ણન કરું છું.

આ અવંતિકાનગર (ઉજ્જૈન)નો રાજા ભર્તૃહરિ નામે હતો. તે અપાર વૈભવ સંપત્તિનો માલિક હતો. તેની પત્નીનું નામ પિંગલા હતું જે અત્યંત સુંદર અને સદ્‌ગુણી હતી. પતિ-પત્નીને એકબીજા પ્રત્યે અપાર પ્રેમ હતો. રાજાને તેના વગર એક ક્ષણ પણ ચેન પડતું નહીં. તેની નજર પિંગલા પર પડે પછી જ તેના મનમાં શાંતિ થતી. રાણીવાસમાં નિત્ય નૂતન રીતે શ્રૃંગાર કરેલા વિશાળ ખંડોમાં અનુપમ શય્યા કરી ભર્તૃહરિ રાજા નિત્ય વિલાસમાં લિપ્ત રહેતો. સુંદર ગૌર શરીર, મૃગનયનોને લજવે તેવાં આકર્ણનયનો, જેના હોઠની સુગંધમાં ભમરો ભાન ભૂલે તેવા, જેના શરીરની મહેકથી સર્પો ડોલાયમાન થાય, જેની ચાલથી માતંગ શરમાય, જેની દંતપંક્તિ જોઈ દાડમ સંકોચ પામે, જેની કમર જોઈ સિંહ હાર માને, જેની નાસિકા સામે પોપટ હાર માને તેવી પિંગલા રાણી કનકની લતા જેવી પતિની ઈચ્છા પ્રમાણે વર્તનારી પતિવ્રતા તરીકે તેની ખ્યાતિ હતી.

પિંગલારાણી રાજાની અત્યંત પ્રિય હોવાને લીધે રાજા પોતાના હાથે તેને અલંકારથી શોભાયમાન કરતો, ચંદન આદિ સુગંધી દ્રવ્યોથી અને કજ્જલ આદિથી શણગારતો. રાજા તેને પોતાના ખોળામાં બેસાડી તેના સુંદરરૂપને જોઈ સુંદર કાવ્યરચના કરતો જે શ્રૃંગાર શતક તરીકે પ્રસિદ્ધ છે. રાજા પોતે પણ રૂપ અને ગુણથી સુંદર હોઈ વિદ્યા, બળ અને પરાક્રમથી સંપન્ન હતો. રાજા સર્વ જીવોનો શ્રમ હરણ કરી તેમને

આરામ અને સુખનો છાંયડો પ્રદાન કરતો. રાજાનું વર્તન ન્યાય વિવેકસંગત રહેતુ. વેદમર્યાદાનું તેણે કદી પણ ઉલ્લંઘન કર્યું ન હતું. સજજન સાધુ, વિપ્રોને હંમેશા આદર આપી વંદન કરતો. ધર્માધર્મનો વિવેક કરી યજ્ઞ, દાન કર્મ આચરતો. અપરાધ સિવાય કોઈને શિક્ષા કરતો નહીં.

ભર્તૃહરિ રાજા, પ્રજા પ્રત્યે પણ વાત્સલ્યભાવ રાખતો. કાચબી જેમ પોતાનાં બચ્ચાંનું પોષણ કરે છે તેમ તે પ્રજાનું લાલન પાલન કરતો. રાજા ધીર, ગંભીર, ઉદાર, યુદ્ધનિષ્ણાત, શૂરવીર, દીનો પ્રત્યે દયાળુ અને દુષ્ટો પ્રતિ કઠોર વલણ ધરાવતો હતો. તે કદી પણ અવિચારી વર્તન કરતો નહીં. તે પોતાની આવડત અનુસાર રાજય વહીવટ ચલાવતો અને પિંગલા રાણી સાથે સુખદ દાંપત્ય ભોગવતો. તેને શિકાર કરવાનો શોખ હતો. એક વખત તે શિકાર કરવા જંગલમાં ગયો. તે દિવસે તેણે હરણોનું ટોળુ જોયું જેમાં ચાર-પાંચ હરણી અને એક નર મૃગ હતું.

રાજાએ તે હરણોના ટોળાને ઘેર્યું અને રાજા નર-મૃગનો વધ કરે છે તે જોઈ તે માદા-હરણીઓ રાજાને વીંટળાઈને ખૂબ જ દીન અવાજમાં રાજા પાસે મૃગ માટે અભયદાન માંગવા લાગી. બધી જ હરણીઓ પ્રાણીની ભાષામાં કહેવા લાગી (ભર્તૃહરિને પ્રાણીઓની ભાષા સમજાતી હતી કારણ કે તેનો બાળ ઉછેર હરણનાં બચ્ચાં સાથે થયો હતો) હે દયાળુ રાજા! અમારા જેવા ગરીબ પ્રાણીઓનો વધ કેમ કરે છે? અમે તને શો ત્રાસ આપ્યો છે તે તું અમારો વધ કરે છે? અમારો શો અપરાધ છે?

રાજાને નાનપણની પ્રાણીભાષા યાદ આવી. તેણે તેમની જ ભાષામાં જવાબ આપ્યોઃ શિકાર કરવો એ રાજાનો ધર્મ છે. હરણો એક

સાથે બોલ્યાઃ તો પછી અમારા બધાનો એક સાથે જ વધ કર. એકનું દુઃખ બીજાથી જોઈ શકાશે નહીં.

રાજાએ જવાબ આપતાં કહ્યુંઃ હું માદા પ્રાણીઓનો વધ કરતો નથી. હું સ્ત્રીલિંગી નદીને પણ ત્રાસ આપતો નથી કારણ કે નદીમાં અનેક જળચર પ્રાણીઓ રહેતાં હોય છે. હું ફક્ત નર-પશુઓનો જ શિકાર કરું છું. આથી હું હરણીઓનો વધ નહીં કરું. ફક્ત નર-મૃગનો શિકાર કરીશ. હરણીઓ આંખમાં આંસુ લાવી બોલવા લાગી, અરે રાજા, તને દયા નથી આવતી? અમે બધી આ મૃગની પત્નીઓ છીએ. તેના સિવાય અમને કોઈ પણ આધાર નથી. આથી તું દયા દાખવ અને અમારા મૃગને મારીશ નહીં. રાજાએ કહ્યુંઃ હું શિકાર કર્યા વગર કદી પણ પાછો જતો નથી.

હરણીઓએ ફરી રાજાને કાકલુદી ભરી વિનંતી કરીઃ આ મૃગ એ અમારો પતિવ્રતાનો પ્રાણપ્રિય છે. અમારા સૌભાગ્યનું રક્ષણ કર. અમને વિધવા બનાવીશ નહીં. તું વિવેકી, ચતુર અને જ્ઞાની છે. અમારા પતિનું રક્ષણ કર અને યશકીર્તિનો માલિક થા. હરણીઓના વચનો સાંભળી રાજાને આશ્ચર્ય થયું. તેમ છતાં રાજા તરીકે તેના મનમાં ઘમંડ હતું. રાજાને વણમાંગી સલાહ આપનાર કોણ? તેણે નર-મૃગનો શસ્ત્ર વડે વધ કર્યો. પોતાના પતિનો વધ જોઈ બધી જ સ્ત્રી(હરણી)ઓ મૃગને વીંટળાઈ વળી. તેઓ શોક કરવા લાગી. તેઓ કહેવા લાગીઃ હે પ્રાણનાથ! અમારો ત્યાગ કરી તું દૂર જઈશ નહીં. અમે તારી પ્રેયસીઓ તારા વગર કેમ જીવીશું? થોભ, અમે પણ તારી સાથે પ્રાણ ત્યાગ કરીશું.

બધી હરણીઓએ નર-મૃગના શિંગડાઓ પર કૂદીને પોતપોતાના પેટ ફાડી પ્રાણ ત્યાગ કર્યા. આ જોઈને રાજાને આશ્ચર્ય થયું. રાજાને થયું. જંગલી જાનવરો પણ ધર્મનું આચરણ કરે છે! તેઓ ખરેખર

ધન્યવાદને પાત્ર છે! મનુષ્ય વૃથા અહંકાર કરે છે કે ફક્ત તે જ ધર્મનું આચરણ સારી રીતે કરે છે. તેમ માની પોતાની મોટાઈ બતાડવા ધર્મ આચરણ કરવાનું પ્રદર્શન કરે છે અને તે આચરણનો ઉપદેશ કરે છે. આ અબોલ પશુઓ ક્યાંથી ધર્મનું શિક્ષણ લેતા હશે? તેમણે આ શ્રેષ્ઠ ધર્મનું આચરણ કરી પ્રાણનું પણ બલિદાન આપ્યું. "સ્વધર્મે નિધનં શ્રેયઃ" આ સિદ્ધાંતનું યથાર્થ રીતે પાલન કરનાર આ એક જ વનચર સમુદાયને જોયો. ધર્મપાલનમાં આ મૃગજાતિ શ્રેષ્ઠ છે. તે જોઈને રાજાને સંતોષ થયો તે સર્વ હરણોનાં શબોને એકઠાં કરી રાજા તેને રાજમહેલમાં લઈ આવ્યો. તેણે તે સર્વ નિષ્પ્રાણ મૃગ શરીરો પિંગલા રાણી સામે મૂક્યાં.

રાણી પિંગલા પશુ હત્યા જોઈ વિચારમાં પડી. તેને થયું રાજાએ આ વિપરિત કૃત્ય કર્યું છે. તેણે રાજાને બે હાથ જોડયા અને કહ્યું: આવો અવિચાર કેમ કર્યો? રાજાએ જવાબ આપતાં કહ્યું: મેં અધર્મનું આચરણ બિલકુલ કર્યું નથી. વનમાં જે વૃત્તાંત બન્યો તેનું તેણે વર્ણન કર્યુ. રાજાની દલીલ હતી કે મૃગયા કરવાનો રાજાનો ધર્મ છે. તેણે માદા હરણનો શિકાર બિલકુલ કર્યો નથી. પરંતુ નર-મૃગનો શિકાર થતાં જ તેની બધી જ હરણીઓએ પોતાના પ્રાણનું બિલદાન હરણના શિંગડા પર કૂદીને પોતાનું પેટ ફાડી આપ્યું. રાજાએ વધુમાં કહ્યું: પશુઓમાં પણ પતિવ્રતાધર્મ જોઈ મને આશ્ચર્ય થયું. માદા હરિણીનો પતિવ્રતાધર્મ ધન્યવાદને પાત્ર છે! પતિનું મૃત્યુ થતાં પત્નીઓએ સામૂહિક પ્રાણત્યાગ કર્યો.

પિંગલા રાણીએ પોતાનો તર્ક રજૂ કરતાં જણાવ્યું કે તેમાં આશ્ચર્યકારક કશું નથી અથવા પ્રશંસાલાયક પણ કશું નથી. તેમણે દેહને કષ્ટ આપી પ્રાણત્યાગ કર્યો છે. તેને પતિવ્રતા ન કહેવાય. આ તો છીછરી બુદ્ધિની હરિણીઓ હતી. પતિવ્રતાનો ધર્મ અને કર્મ

કાંઈક જુદાં જ છે. આ તો અધર્મ થયો ગણાય. આમણે તો પ્રત્યક્ષ આત્મહત્યા કરી જે શાસ્ત્ર વિરુદ્ધ ગણાય અને તેનું ફળ પણ તેમને ભોગવવું પડશે. પતિવ્રતાનો તો એ ધર્મ છે કે પતિનિધનની વાર્તા સાંભળતાં જ પત્નીનું પ્રાણપંખેરુ ઊડી જાય તે છે. તેના મનમાં બીજા કોઈ પણ સંકલ્પ-વિકલ્પ આવવા જોઈએ નહીં. પતિ સાન્નિધ્યમાં હોય તો તેની સાથે બોલતાં બોલતાં પ્રાણ જવા જોઈએ. તેવી પતિવ્રતા જ ધન્ય છે. મને પણ આજ દલીલ ગમે છે.

રાજા વળી આ દલીલ સાંભળી વધારે આશ્ચર્યચકિત થયો. તેણે મનમાં વિચાર કર્યો કે આવી પતિવ્રતા કોણ હશે? મૃત્યુવાર્તા જાણી કોણ પ્રાણત્યાગ કરી શકે? આમ કરવું સહેલું તો નથી. પિંગલાએ કહ્યું જો તેમ ન થતું હોય તો પતિવ્રતા ન કહેવાય! આત્મહત્યા કરવાથી તે પાપનું ફળ ભોગવવું પડે છે. શરીરમાં શૌર્ય ન હોય અને રણક્ષેત્રમાં માર ખાઈને જેને પ્રાણત્યાગ કરવાનો સમય આવે તેને ફરી ગર્ભવાસ ભોગવવો પડે છે. તે બંને માટે એક જ ફળ છે કે કૃતકર્મનો પશ્ચાત્તાપ થાય છે અને જન્મ લેવો પડે છે. જન્મ પણ પતંગનો! પોતાની મોટાઈ બતાવવા દીપકને મળવા જતા પાંખો બાળીને પોતાનું જ મૃત્યુ. આ પ્રમાણે મૃત્યુ-જન્મની શ્રૃંખલામાં જવું આવવું પડે છે પરંતુ મુક્તિ મળતી નથી. હે રાજા! આથી મારું માનવું છે કે આ પ્રકારનું કર્મ કરી શ્રમ કેમ ભોગવવો? જે કર્મથી સુખ-આરામ મળે તેવો જ ધર્મ આચરવો. વિપરિત કૃત્ય ન આચરતાં ક્ષણ માટે યોગાયોગ થાય અને તેને લીધે મુક્તિ મળે છે. જેને આ કુશળતાપૂર્વક આચરતાં આવડે તે જ મનુષ્ય ધન્ય છે.

રાણીની દલીલો રાજા શાંતિથી સાંભળી રહ્યો. તેના મનમાં જે પ્રશ્નો ઊઠતા હતા તે તેણે હૃદયમાં જ દબાવી રાખ્યા. સેવકોને કામોની સોંપણી કરી. નિત્ય રાજય વહીવટનાં કામો નિપટાવ્યાં. દયાથી

પ્રજાપાલન કર્યું, અપરાધીઓને શાસન કરતો રહ્યો અને ન્યાયપૂર્ણ રીતે રાજ ચલાવવા લાગ્યો. રાજા પોતે સ્વધર્માચરણમાં ખંડ પડવા દેતો નહીં. પિંગલા રાણી પણ હંમેશા પતિ સેવામાં રત રહી બીજી કોઈ વાત મનમાં લાવતી નહીં. આમ રાજા રાણી બંને પોતપોતાના કર્તવ્યપાલનમાં દક્ષ હતાં. આમ થોડા દિવસો પસાર થયા પછી રાજાએ ફરી શિકારની યોજના બનાવી અને જંગલમાં શિકાર માટે ગયો.

વનમાં હરણાનું ટોળુ તેણે જોયું. તેને થયું કે પિંગલા રાણી જે કહેતી હતી તેની ચકાસણી કરવી. શું તે તેના પતિના નિધનથી તરત જ પ્રાણ ત્યાગ કરશે અથવા તેનાથી વિપરિત વર્તન કરશે? તેણે હરણના ટોળાનો શિકાર ન કર્યો. રાજા હજુ વનમાં આગળ વધ્યો. અકસ્માત તેની સામે એક સિંહ આવ્યો. રાજા શૂરવીર તો હતો જ. તેણે સિંહનો શસ્ત્ર દ્વારા વધ કર્યો. તેણે પોતાના પ્રધાનને પાસે બોલાવ્યો અને એકાંતમાં ગુપ્ત રીતે જણાવ્યું કે પિંગલાને એ રીતે સમાચાર મોકલાવો કે સિંહે ભર્તૃહરિને ઠાર કર્યો છે. તેને આ હકીકત સત્ય ભાસે તે માટે જે કરવું હોય તે કરજો. શોકનું વાતાવરણ ઊભું કરો અને પિંગલા આ હકીકતથી ઉદાસ થાય અને મારી કસોટીમાં તે ઉત્તીર્ણ થાય તેવી વ્યવસ્થા કરો. રાજાને વંદન કરી પ્રધાને તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવી.

મરેલા સિંહના રક્તમાં રાજાનાં વસ્ત્રો ભીંજવ્યા જેથી ભર્તૃહરિ હત્યાની વાત રાણીને સાચી લાગે. રાજાના અલંકાર અને લોહીમાં ખરડાએલા શસ્ત્રો પણ સાથે મૂક્યાં. પ્રધાને એક સેવકને આજ્ઞા કરી કે લોહી રંજીત વસ્ત્રો અને અલંકાર લઈ જઈ રાણી સમક્ષ મૂકો અને આક્રંદ કરીને શોકયુક્ત વાણીથી રાણીને આ હકીકતનું બયાન કરો. તે પછી મૂક થઈ રાણી શું કરે છે તે જોવું અને રાણી કઈ આજ્ઞા કરે છે તે અહીં લઈ આવવી. સત્ય હકીકતની તેને જાણ ન થાય અને

આપણી રાજ-હત્યાની અસત્ય વાત સત્ય ભાસે તેવું વાતાવરણ ઊભું કરો. સેવક સાથે અશ્વ, ગજ અને પાયદળ સૈન્ય પણ મોકલાવ્યું. સવારી મંદગતિથી ચાલતી. ઘંટનાદ બંધ હતો. રાજાની છડી પોકારાતી ન હતી. ભેરી આદિ વાદ્યો વગાડવાનાં બંધ હતાં. નૃપવિહીન રાજસવારી નગરમાં પાછી ફરી. સવારીના લોકોએ મોં પર વસ્ત્ર નાંખી શોકયુક્ત અંતઃકરણથી નગરમાં પ્રવેશ કર્યો. વિપરિત દૃશ્ય જોઈ પ્રજાજનો પણ શોકાનલમાં ડૂબી ગયા. નગર સુમસામ થયું. સમાચાર રાજમહેલમાં ગયા.

રાજમહેલમાં રાજસેવક આક્રંદ કરતાં પ્રવેશ્યા અને રાણીવાસમાં પણ સમાચાર પહોંચ્યા. સેવકે રાજચિહ્નો લોહીમાં ખરડાએલા રાણી પિંગલા સમક્ષ મૂક્યાં અને સિંહ દ્વારા રાજાનો વધ થએલો જણાવ્યો. વાર્તા જાણી પિંગલા આશ્ચર્યચકિત થઈ. તપાસ કરવા તેણે રાજાના આયુષ્ય વૃક્ષ તરફ નજર કરી. તે વૃક્ષ હજુ પણ નવપલ્લવિત હતું. આથી તેણે દુઃખી ન થતાં દૂતોને પૂછ્યું: સત્ય હકીકત જણાવો. દૂતોએ ગદ્‌ગદ્‌ થઈ શોકયુક્ત વાણીમાં તે જ હકીકત પુનઃ જણાવી. માતા, રાજાજીનું નિધન થયું છે. સત્યતાની પિછાણ થાય તે માટે રાજ અલંકાર અને વસ્ત્રો લાવ્યા છીએ. પ્રધાનજી બહાર ઊભા છે. આથી તેમના માટે આજ્ઞા આપો.

રાણીએ ફરી પૂછ્યું: શું સાચેસાચ મારા પતિ પરલોકમાં સિધાવ્યા? ત્યારે દૂતે જણાવ્યું: માતા, તને અસત્ય કેમ કહેવાય? બીજી વખત તે વાત સાંભળી પિંગલાએ ઊભા ઊભા જ પ્રાણત્યાગ કર્યો. ધડામ દઈને તેનો નિષ્પ્રાણ દેહ જમીન પર ફસડાયો. આવું અઘટિત બનવાને લીધે સર્વત્ર એક જ હાહાકાર થયો. સમગ્ર નગર શોકસાગરમાં ડૂબ્યું. ઠેરઠેર લોકો આક્રંદ કરવા લાગ્યા. દૂતે તરત જ આ અશુભ સમાચાર રાજાને વનમાં જઈને કહ્યા. બધાંને જ આશ્ચર્ય થયું. આવું અવળું પરિણામ આવશે તેવી કોઈને પણ કલ્પના ન હતી. રાજા ત્વરાથી નગરમાં

આવ્યો તેણે પત્નીનું ચૈતન્યહીન શરીર જોયું. તેણે પણ મગજ પરનો કાબુ ગુમાવ્યો. જમીન પર આળોટીને પિંગલાના ગુણોને યાદ કરતા આક્રંદ કરવા લાગ્યો. ભર્તૃહરિ આક્રંદપૂર્વક કહેવા લાગ્યોઃ હે પ્રિયા, તું ક્યાં દૂર જતી રહી? મેં તો તારી મશ્કરી કરી હતી. મારાથી તું કેમ રિસાઈ ગઈ? તારા વગર મહેલ કારાગૃહ ભાસે છે. હવે આ રાજવૈભવને હું કેમ ભોગવું? આ વસ્ત્રાલંકાર, પરિવાર, રાજમહેલ તારા વગર મીઠો લાગતો નથી. હવે શું કરું જેથી તારી ફરી મુલાકાત થાય? વારંવાર શોકથી ગ્રસ્ત થઈ રાજા જમીન પર આળોટવા લાગ્યો અને પોતાની છાતી પીટવા લાગ્યો. હા પિંગલા, તું ક્યાં છે એમ વારંવાર બોલવા લાગ્યો. મને કેમ કુબુદ્ધિ સૂઝી અને મેં તને ગુમાવી? હે પિંગલા, તું ક્યાં છે? ક્યારે મને પાછી મળીશ? પ્રધાન અને સેવકો આવી રાજાને સમજાવવા પ્રયત્ન કરતા હતા પરંતુ રાજા વધુ શોક કરવા લાગ્યો.

વિવેકની વાતો કરતાં રાજા વધારે શોકાકુલ થયો. કારણ કે રાજાએ વિવેક ભૂલી પિંગલાને ખોટો સંદેશો મોકલાવ્યો હતો. જમીન પર તે માથું પછાડવા લાગ્યો. સાંત્વન આપનારા પણ આક્રંદ કરવા લાગ્યા. રાજા ફરી કહેવા લાગ્યોઃ અરે મને મારી પિંગલા સાથે મિલન કરાવો! વડીલ લોકો રાજાને સમજાવવા પ્રયત્ન કરતા હતા પરંતુ મોહથી ભ્રમ પામેલો રાજા કોઈની વાત પણ કાને ધરતો ન હતો. રાજાને અન્ન, પાણી કે સાંત્વનપૂર્વકનાં વચનો શાંતિ આપતા નહીં. સર્વ પ્રજા પણ શોકાન્વિત થઈ. હવે આગળ શું કરવું કોઈને ખબર પડતી ન હતી.

કેટલાક સમજુ લોકોએ પિંગલાની અંત્યેષ્ટિ ક્રિયા માટે તૈયારી કરી. તેને સૌભાગ્ય અલંકાર પહેરાવી પાલખીમાં તેને બેસાડી તેની સવારી નીકળી. ત્યારે રાજા પોક મૂકીને રડવા લાગ્યો. મોઢા પર તે તમાચા મારવા લાગ્યો. આવું વાતાવરણ જોઈ સમગ્ર રાજયમાં વિષાદનું વાતાવરણ ફેલાયુ. આખું નગર શૂન્ય દેખાવવા લાગ્યું. રાજા જમીન પર

આળોટવા લાગ્યો. સેવકોએ રાજાને ચારેબાજુથી પકડ્યા. શોકમગ્ન આક્રોશ કરતા લોકો ઉજ્જૈનમાં ક્ષિપ્રાનદીના કિનારે સ્મશાનમાં આવ્યા.

સ્મશાનમાં લાકડાની ચિતા ઊભી કરવામાં આવી. ચંદનનાં લાકડાં ગોઠવાયાં. ગમે તેટલા સુગંધી દ્રવ્યો ખડકાયા હોય તો પણ તેનાથી કોઈ શોક ઓછો થતો નથી. ભલે કપૂર, ગુગળ, લોબાનના ઢગલે ઢગલા ચિતામાં ખડકવામાં આવ્યા હોય! ચિતા વેદમંત્રો સાથે પ્રગટાવવામાં આવી. પિંગલાનો દેહ દહન થતો જોઈ રાજા ચિતામાં ભૂસકો મારવા પ્રયત્ન કરવા લાગ્યો ત્યારે પ્રધાન આદિ લોકોએ મહામહેનતે તેમને પકડી રાખ્યા. માથું કૂટતા બધા લોકો સ્નાન કરી શુદ્ધ થવા લાગ્યા. સંકલ્પ વિધિ, તિલાંજલિ વિધિ સંપન્ન થઈ. પ્રેતાગ્નિ શાંત થયા પછી સર્વ પોતપોતાના ઘરે જવા તૈયાર થયા. પરંતુ રાજા પાછા ફરવા તૈયાર ન હતો. તેણે દૃઢ શબ્દોમાં કહ્યું: તમે ભલે પાછા જાવ. હું પિંગલાને છોડીને પાછો આવવાનો નથી. હું પણ અગ્નિમાં મારા દેહની આહુતિ આપીશ.

રાજાનું વિપરિત વર્તન જાણી બધા લોકો તેને સમજાવવા લાગ્યા: હે રાજા, આ મૃત્યુલોકમાં કોણ શાશ્વત છે? અગ્નિસંસ્કાર કર્યા પછી બધાં જ સગાંવહાલાં સ્મશાનમાંથી પાછા ફરે છે. સ્મશાનમાં કોઈ રહેતું નથી. હે રાજા! આ તમે જાણો છો. જે જન્મે તે અવશ્ય મૃત્યુ પામે જ. તમે ગમે તેટલા અહીં રોકાવ, પિંગલા પાછી આવવાની નથી. જન્મ પછી મૃત્યુ અને મૃત્યુ પછી જન્મ આ ચક્ર શાશ્વતપણે ચાલતું જ રહેવાનું. અત્યાર સુધી કેટલા ગયા અને ભવિષ્યમાં કેટલાએ જશે. તે માટે શોક કેમ કરવો? આપણો પણ એક દિવસ તેમાં ક્રમ આવવાનો છે. આ માયા ખોટી છે. આથી વિવેક ધરીને મનને તાબામાં રાખ. અમને પ્રજાને તારા વગર કોણ છે? તુંજ અમારો પિતા અને માતા છે.

પ્રજાજનોએ વધુમાં કહ્યું: આ રાજવૈભવને સંભાળી પ્રજાની ચિંતા દૂર કરો. તમારાં પ્રજારૂપી બાળકોનું રક્ષણ કર. તું પ્રસન્ન રહીશ તો અમારી પણ સર્વ ઈચ્છા પૂરી થશે. હવે હે રાજા! મનથી શોક કરીશ નહીં. આ પ્રમાણે પ્રજા તેને સાંત્વન આપવા લાગી. તેમ છતાં રાજા શાંત થતો નથી. મશ્કરીરૂપે અસત્ય બોલવાથી જે ભયંકર નુકસાન થયું હતું તેના સ્મૃતિ-અગ્નિમાં તે પોતે ભડભડ બળતો હતો. વિરહાગ્નિથી દાઝતો રાજા શોકાન્વિત થઈ કોઈ સાથે પણ શબ્દ બોલતો ન હતો. તેના મુખ થકી ફક્ત પિંગલા, પિંગલા, "મને પિંગલા સાથે કોઈ મિલન કરાવો" આટલું બોલી તે ગુમસુમ બેસી રહેતો.

પ્રધાન સમજાવવા લાગ્યો: હે રાજા, તારી પત્નીને ધન્ય છે. તે પતિવ્રતા સતિને તારા હાથથી ઉત્તમ ગતિ મળી. પતિવ્રતા સતી ધન્યવાદને પાત્ર છે. માટે હવે શોક ન કરતાં વિરહાગ્નિને વિવેકરૂપી જળથી શાંત કર. હવે મહેલમાં પાછા ચાલો. બધા જ પ્રતીક્ષા કરે છે. હે ભૂપાળ, તું જ્ઞાની છે. સતીની મુક્તિ માટે હવે આગળની વિધિ, દાન, ધર્મ કરવો આવશ્યક છે. આ લોકનો શ્રેષ્ઠાચાર છે. આથી હે રાજા! તું વિવેકથી વિરહ ઉપર વિજય મેળવ. ભર્તૃહરિએ પ્રધાનને જવાબ આપતાં કહ્યું: હે પ્રધાન, તું સર્વને લઈને પાછો જા. હું બિલકુલ પાછો ફરવાનો નથી. ખોટો દુરાગ્રહ કરીશ નહીં. ભર્તૃહરિની હઠ જોઈ પ્રધાને બાકી સર્વજનોને પાછા જવા આજ્ઞા કરી અને સેવકોને યોગ્ય આજ્ઞા આપી પોતે રાજા સાથે રોકાયો.

સ્મશાનમાં જ રાવટીઓ (તંબુ) ઊભી કરી સર્વ સામગ્રી એકઠી કરી અને મૃત્યુ પછીની સર્વ ક્રિયાઓ ત્યાં જ સંપન્ન કરી. બધી ક્રિયાઓ પૂર્ણ થતાં પ્રધાને ફરી રાજાને પાછા ફરવા વિનંતી કરી. પરંતુ રાજાએ સ્પષ્ટ ના પાડી. તે પિંગલાનો વિચાર કરતાં પિંગલામય થયો હતો. અધિક આગ્રહ કરતાં રાજા ક્રોધે ભરાયો અને ઉગ્ર સ્વરમાં કહેવા લાગ્યો:

મને કેમ ત્રાસ આપો છો? મને છત્ર, સિંહાસન, ધન, વૈભવ, સંપત્તિ કશાની જરૂર નથી. પિંગલા માટે હું દેહત્યાગ કરીશ પણ પાછો વળીશ નહીં પરંતુ નગરમાં પાછો વળીશ નહીં. તમતમારે ઘરે પાછા ફરો અને રાજવૈભવને સંભાળો. હું હવે વિરક્ત-વિરાગી થયો છું. મને ત્રાસ આપશો નહીં. ભર્તૃહરિનો દૃઢ નિશ્ચય જોઈ પ્રધાન આદિ રાજાની આજ્ઞા લઈ નગરમાં પાછા ફર્યા. જતી વખતે પ્રધાને રાજાના રક્ષણ માટે તેમજ સેવા માટે સેવકોની નિમણુંક કરી.

ભર્તૃહરિ રાજાએ શરીરે સુગંધી દ્રવ્યોને બદલે રાખનું લેપન કર્યું અને સ્મશાનમાં જ તે પિંગલાના દહન સ્થળે રહેવા લાગ્યો. અવંતિકા નગરીમાં પ્રજા રાજા વગર દુઃખી હતી. પ્રાણ વગર શરીર તેમ રાજા વગર પ્રજા દેખાતી હતી. તે જ સમય દરમ્યાન અવંતિકા નગરીમાં યોગીરાજ મચ્છિંદ્રનાથ અને ગોરક્ષનાથનું આગમન થયું અને તેમણે અંતરિક્ષમાં અદ્ધર આસન પર બિરાજમાન થઈ યોગાચરણ શરૂ કર્યું. આ રીતે તેઓ યોગમુદ્રામાં રમમાણ થતા. નિત્ય આ પ્રમાણે યોગાચરણ કરતા સમગ્ર નગરમાં ચર્ચા ચાલી કે અવંતિકામાં બે યોગીવરેણ્યનું આગમન થયું છે અને તેઓ જમીનથી અદ્ધર આસન પર બિરાજમાન થઈ તપસ્ચા કરે છે.

યોગીદ્વયનાં દર્શન કરવા અસંખ્ય લોકો આવ્યા અને લોકોને દર્શનથી ખૂબ જ આનંદ થતો. ભક્તોની ટોળી એક પછી એક આવવા લાગી. આમ સમગ્ર નગરમાં આ બે યોગીઓની જ ચર્ચા થતી. આ વાત સાંભળી રાજ્યનો પ્રધાન પણ દર્શન કરવા આવ્યો અને તેમની યોગસિદ્ધિ જોઈ આશ્ચર્ય પામ્યો. લોકો તેમની સેવા કરી પોતાને ધન્ય માનવા લાગ્યા. પ્રધાને યોગીશ્વરને દંડવત્ પ્રણામ કરી પ્રાર્થના કરીઃ હે યોગીરાજ, આપના ચરણે હું નતમસ્તક છું. અમારા જેવા દીનો પર દયા કરો.

પ્રધાનની પ્રાર્થના સાંભળી ગોરક્ષનાથ બોલ્યાઃ અમે હંમેશાં આત્મક્રીડ હોઈએ છીએ. તમારે શું કામ છે તેનું નિવેદન કરો. પ્રધાને બે હાથ જોડી વિનંતી કરતા કહ્યુંઃ આ નગરનો રાજા ભર્તૃહરિની પત્ની પરલોકવાસી થઈ છે. આથી રાજા શોકસાગરમાં ડૂબી ગયો છે. અમે તેને અનેક રીતે વિનવ્યો પરંતુ તે અમારી વાત સ્વીકારતો નથી. તેણે સ્મશાનમાં જ નિવાસ કર્યો છે અને હજુ પણ 'હા પિંગલા, હા પિંગલા' એમ કહી રાણીના વિરહમાં શેકાય છે. સ્ત્રીવિરહમાં તે ભ્રમિષ્ઠ થઈ રાજ્યવહીવટ, રાજવૈભવનો ત્યાગ કરી શોક કર્યા કરે છે. અનેક રીતે તેને સમજાવવા છતાં તે વિવેકપૂર્વક વિચાર કરતો નથી. આથી હવે રાજ્યની સંભાળ કોણ લેશે? તેનું અમને મોટું દુઃખ છે.

પ્રધાને વધુમાં કહ્યું કે રાજાને સમજાવવાની અમારી મર્યાદા આવી ગઈ. આથી અમે તમારા શરણે આવ્યા છીએ. આપ રાજાને બોધ કરો. આપ જ્ઞાનના સાગર છો, દીનજનોનું પિયર છો, અજ્ઞાનનાશક સૂર્ય છો અને સર્વજ્ઞ છો. આપ ઉદાર, મહાસિદ્ધ, ભવસાગરના નૌકાધાર, શરણાગતનો આધાર અને ગુણગંભીર પ્રબોધકર્તા છો. શરણાગતને તમારો જ આધાર છે. રાજા માયામોહમાં લિપ્ત હોવાથી તે બિલકુલ સાવધ નથી. તેને આપે બોધ કરી આટલું કૃપાદાન અમને કરો. આપ જેવા સંત મહંતોએ અમારા પર કૃપા કરી સ્વાત્મ બોધનો રાજાને ઉપદેશ કરવા વિનંતી છે. આ જ એક વિનંતી અમારી તમારાં ચરણે છે.

ગોરક્ષનાથે પ્રધાનને જવાબ આપતાં કહ્યુંઃ તેં આગ્રહપૂર્વક પ્રાર્થના કરી કે અમારે કાંઈક કરવું તે મને માન્ય છે. પરંતુ જેને પણ અમે બોધ કર્યો તેઓ સંસારમાં કદી પણ પાછા ફરતા નથી તેનું શું? આંધળાને દૃષ્ટિ પ્રાપ્ત થાય તો તેનું લથડવાનું બંધ થાય છે. પરંતુ જેની દૃષ્ટિ ચોકખી થઈ છે તેને આ લથડવાનું કહીએ તો પણ તે લથડી ન શકે. બહેરો માણસ ગમે તેવા ન ગમતા શબ્દો સાંભળવા

છતાં કોઈ પ્રતિક્રિયા કરશે નહીં પરંતુ જે માણસ સ્પષ્ટ સાંભળે છે તેને ન ગમતી વાતો કહેતાં તે શાંતિથી સાંભળી લેશે? મૂંગો માણસ ઈશારાથી બધી વાતો સમજે છે અને તે પોતે પણ ઈશારાથી બીજાને વાત સમજાવે છે. જો તેને વાણી પ્રાપ્ત થાય તો તે ઈશારો કરશે કે વાણીનો ઉપયોગ કરશે?

ગોરક્ષનાથે પ્રધાનને સમજાવતાં કહ્યું: અહીં પણ આવો જ કિસ્સો છે. રાજા સાથે જો અમારી એક જ મુલાકાત થાય તો તેની સ્થિતિ બદલીને તેનો મોહ નષ્ટ કરી શકીએ છીએ. રાજા ક્યાં નિવાસ કરે છે તે સ્થળ અમને બતાવ. તેને બોધ કરવા વાર શું કામ? અમે ત્યાં જઈશું પરંતુ તે અંગેની સૂચના રાજાને આપ. ગોરક્ષનાથનું આશ્વાસન સાંભળી પ્રધાને યોગીરાજનાં ચરણ પકડ્યાં અને કહ્યું: આપ જેવા સાધુ સંત, યોગીરાજ, દયાળુ, પ્રત્યક્ષ ત્રિતાપહારક, શરણાગતને સુખ આપનાર અને કલિમલનો નાશ કરનાર છો. સાધુસંત અનાથનાથ, પતિતપાવન, દેવતાઓનું અધિષ્ઠાન હોવાથી દેવોની પાસે દેવપણું છે. ધીરગંભીર, ઉદાર સાધુ એ કેવળ ઈશ્વર સ્વરૂપ હોય છે.

પ્રધાને વધુમાં કહ્યું: સાધુસંત આપ અને પર(અન્ય)માં સમતા રાખે છે. અશક્ય વસ્તુને જેઓ પ્રત્યક્ષ રીતે શક્ય કરાવી શકે તે સામર્થ્ય તેમનામાં હોય છે. તેઓ જગતના ઉદ્ધાર માટે સગુણરૂપે પ્રગટે છે. તેઓ પોતાનું સામર્થ્ય ખર્ચીને શરણાગતને પાવન કરે છે અને તેને પોતાની જેમ અવિનાશ સ્વરૂપ પ્રદાન કરે છે. આથી પ્રત્યક્ષ શિવ જ ગોરક્ષરૂપે પ્રગટ થયા. શરણાગતનું મન જાણી તેની ઈચ્છા તેઓ પૂરી કરે છે અને આગળ જતાં નિરીચ્છ કરે છે. આ સિદ્ધાંતનું નિરૂપણ આગામી અધ્યાયમાં થશે. ગોરક્ષનાથ અગમ્ય લીલા કરી ભર્તૃહરિ રાજાને બોધ કરશે. સંત, સાધુ, યોગી, મહંતના રૂપમાં જ દત્ત દેવ વિચરે છે. તે અભેદપણે સર્વમાં વિદ્યમાન હોય છે. તે સર્વના

મનોરથ પૂર્ણ કરશે. તે હંમેશા વાણીમાં વિદ્યમાન હોય છે પરંતુ આ વાત યોગી લોકો જ સમજી શકે છે.

હું એક મતિમંદ છું. (કાવડીબુવા) મને આ જ્ઞાનનું રહસ્ય ન સમજાય. પરંતુ સંતોએ મારા પર કૃપા કરી આથી મારો માર્ગ સુગમ થયો. અજ્ઞાનનો પડદો દૂર કરી આત્મરૂપ બતાવ્યું. આત્મામાં જ આત્મ સ્વરૂપે દત્ત સાથે મિલન થાય છે. જીવને ભેદરહિત કરી સત્યનું અભેદ રીતે દર્શન કરાવે છે. આ કામ સદ્‌ગુરુ મહારાજે કર્યું. સદ્‌ગુરુ દત્ત દિગંબર એ અનંતરૂપે રંગાએલો છે. તે બાહ્યાભ્યંતર સર્વત્ર છે. આ બધાનો સાર એ જ કે સૂત્ર (હારમાં) એક જ હોય છે તે સૂત્ર કે દોરો અનંત સાથે જોડાય તો તેને આધિવ્યાધિ ક્યાંથી? અનંતના રંગમાં રંગાતા તેને કોઈ પણ ઉપાધિ રહેતી નથી. પ્રેમના માર્ગે અને પ્રેમના બળ પર નિરુપાધિ અને નિરામય થઈ શકાય છે. આથી શ્રીગુરુનાં ચરણોની સેવા કરવી એ જ એક ઉપાય છે. આથી અનંતસુત (કાવડીબુવા) હંમેશા સદ્‌ગુરુ ચરણે રત થઈ સંતશ્રોતાઓને વિનંતી કરે છે કે તેઓ પોતાના આ સેવકની સંભાળ લે.

॥ ઈતિ એકચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

અધ્યાય - ૪૨

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

ૐ સ્વરૂપ હે સિદ્ધ અવધૂત ગુરુદત્ત, તને નમન. હે અવિનાશ સ્વરૂપ, સમર્થ, આદિ મહંત તને નમન. હે કલ્યાણમૂર્તિ, તું સુખદાયક, ત્રિતાપ હર્તા, અજ્ઞાનછેદક, પાપપર્વતનો દાહક, દયાળુ અને ભવતારક છે. તારાં ચરણે મસ્તક મૂકી આરંભાએલું કીર્તન શરૂ કરીશું. પરંતુ વિવેચન કરનાર અને અવધાન આપનાર તું જ છે. તું જ સ્ફૂર્તિદાતા, રસકર્તા, ન્યૂનપૂર્ણકર્તા અને સંતોને સંતોષ આપનાર છે. કાગળ, શાહી, લેખિની ગ્રંથ લખાવનાર સર્વ કાંઈ તુંજ છે. હું એક રંક, તારાં ચરણોનો સેવક છું. હંમેશા સાધુસંતોની પ્રાર્થના કરવી તે મારો સ્વભાવ છે. તેમના ચરણે નતમસ્તક થઈ તેમની આજ્ઞાનું પાલન કરવુ મને ગમે છે. સંતોને બેસવા આસન આપવું, સન્માન પૂર્વક શ્રવણ કરાવવા બિરાજમાન કરવા, તેમની પાદુકાનું જીવભાવથી રક્ષણ કરવું અને તેમનો પડતો બોલ ઝીલવા તરફ મારું ધ્યાન કેન્દ્રિત હોય છે. હું શ્રોતાઓને વિનંતી કરું છું કે કથા શ્રવણ માટે તૈયાર થઈ દત્તપ્રસાદનું સેવન કરવું.

ગત અધ્યાયમાં શ્રોતાઓએ શ્રવણ કર્યું હતું કે સ્ત્રીમોહમાં ભર્તૃહરિ રાજા મૂઢ થઈ ભ્રમિષ્ટ થયો અને તેને સાવધાન કરવા ગોરક્ષનાથને પ્રધાને વિનંતી કરી. ગોરક્ષનાથે પ્રધાન પાસેથી આશ્વાસન લીધું. અહીંથી આગળની કથા શ્રવણ કરો. તે કથા સુરસ અને નાવિન્યપૂર્ણ છે. ગોરક્ષનાથે મનમાં વિચાર કર્યો કે અતિશોકમાં ડૂબેલા રાજાને શોકમુક્ત કરવો હોય તો સીધી સાદી ઉપદેશની રીત નહીં ચાલે. તેના માટે કોઈ નવી યુક્તિ શોધવી પડશે. ગોરક્ષનાથે તે દિશામાં કામ શરૂ કર્યું.

ગોરક્ષનાથે એક કાચની બાટલી લીધી. ઝોળીમાં વ્યવસ્થિત ગોઠવી. એક અજનબીની જેમ ગોરક્ષનાથ રમતા રમતા સ્મશાન તરફ નીકળ્યા જ્યાં ભર્તૃહરિ મોહવશ શોકમાં ડૂબેલો હતો. ત્યાં સુધી પ્રધાને રાજા પાસે જઈ ગોરક્ષનાથની વાત જણાવી.

ગામમાં બે મહાસિદ્ધ યોગીઓનું આગમન થયું છે. તેઓ અદ્‌ભૂત યોગશક્તિ ધરાવે છે. જમીનથી અદ્ધર આસન ઉપર તેઓ યોગમુદ્રામાં સ્થિત હોય છે. તેમનું દર્શન સામાન્ય મનુષ્ય માટે દુષ્પ્રાપ્ય છે. તેઓ પૂર્વે પણ અહીં આવ્યા હતા. વૃક્ષોનાં ફળો ખાધા પછી તેના છોતરાં-ગોટલીમાંથી પુનઃ ફળો બનાવી વૃક્ષને ચોંટાડી દીધાં હતાં. તે સમયે ઘણા શિષ્યો હતા. હવે ફક્ત બે જ યોગીઓ છે. અમે તેમનો ચમત્કાર જોયો છે. તેઓ સહજ રીતે દર્શન આપવા આવ્યા છે. તેમના ચરણે નતમસ્તક થાવ. તમારું ભાગ્ય શ્રેષ્ઠ છે. આથી તેઓ સ્વતઃ દર્શન આપવા પધાર્યા છે. આવો અલભ્ય લાભ ફરી મળશે નહીં. આ સુવર્ણ તકને ચૂકશો નહીં.

ઘણા દિવસોથી રાણીના શોકનિમગ્ન રાજાએ કાંઈક નવી વાત સાંભળી. યોગી-પ્રભાવશાળી, તપોગભસ્તિ, ભોગમાં રત રાજા માટે આ નવા શબ્દો હતા. રાજાએ યોગી તરફ નજર નાંખી. અનુપમ તેજસ્વી યોગી હતા. માથે કાળી જટા, અંગે વિભૂતિ ધારણ કરેલી હતી. હાથમાં શિંગી, સારંગી, કાંધે ઝોળી હતી. એક પ્રકારનું અગમ્ય આકર્ષણ સિદ્ધ લોકોમાં હોય છે. અત્યાર સુધી મોહાસક્ત રાજા દ્વારા પિંગલા, પિંગલા સિવાય બીજો કોઈ શબ્દ નીકળતો ન હતો. યોગીના પ્રભાવથી તેનું ચિત્ત ત્યાં આકર્ષાયું. રાજા પોતાના સ્થળેથી ઊઠ્યો અને યોગી તરફ ચાલવા લાગ્યો.

રાજાને આવતો જોઈ ગોરક્ષનાથે ઝોળીમાંથી કાચની બાટલી કાઢી તેને ઊછાળીને ઝીલવાનો પ્રયત્ન કરવા લાગ્યા. બે-ત્રણ વખત

યોગી ઝીલવામાં સફળ રહ્યો અને છેલ્લી વખતે તે ઝીલી ન શક્યો અને તે કાચની બાટલી જમીન પર પડી અને ટૂકડે ટૂકડા થઈ ગઈ. કાચની બાટલી ફૂટતાં ગોરક્ષનાથે મોટેથી પોક મૂકી અને આક્રંદપૂર્વક રડવા લાગ્યા. અરે મારી બાટલી, તું મને એકલો મૂકીને ક્યાં ગઈ? તારા વગર હું કેવી રીતે જીવન વ્યતીત કરું? ભર્તૃહરિ રાજા તે અરસામાં યોગી નજીક આવી પહોંચ્યો હતો અને તેને એ વાતનું આશ્ચર્ય થતું હતું કે વૈરાગ્યશીલ યોગી એક નગણ્ય કિંમતની બાટલી માટે કેમ શોક કરે છે? નાશવંત ચીજ માટે શોક કરવો શું વ્યાજબી છે? એટલે કે વિવેકના બીજનું આરોપણ ભર્તૃહરિના ચિત્તમાં થઈ ચૂક્યુ હતું.

ભર્તૃહરિએ યોગીનાં ચરણોમાં વંદન કર્યાં પરંતુ ગોરક્ષનાથે કોઈ પ્રતિભાવ ન દર્શાવ્યો. રડમસ ચહેરે ગોરક્ષ જાણે કે જીવનની કમાણી ખોઈ ચૂક્યા હોય તેમ દુઃખ કરવા લાગ્યા. યોગીઓ, સંતો કે ઈશ્વર પ્રસંગોપાત ખોટું નાટક કરે તો તે એટલું આબેહૂબ હોય છે કે સામાન્ય જીવ તરતજ પ્રતિભાવ આપવા તૈયાર થાય છે અને શિખામણ લેવાને બદલે તેમને શિખામણ કે ઉપદેશ આપવા તૈયાર થઈ જાય છે, ત્યારે જ તે આબાદ સપડાય છે. ગોરક્ષનાથ તો ધરતી પર આળોટતા હતા. વચ્ચે કપાળ કૂટતા હતા. હા વલ્લભા, હા બાટલી, તું મને મૂકીને ક્યાં ગઈ? રાજાને કેટલાય ડાહ્યા માણસો પૂછતાઃ શોક કેમ કરો છો? ત્યારે રાજા તેમને જવાબ આપતોઃ તમને તેની ખબર ન પડે. અત્યારે ઊલટું બની રહ્યુ હતું. રાજા ભર્તૃહરિ શોક કરી રહેલા (કે બતાવી રહેલા) ગોરક્ષને પૂછે છેઃ તમે શોક કેમ કરો છો? કારણ જણાવો. શક્ય હોય તો તેનું નિવારણ કરીશ.

અત્યાર સુધી ભર્તૃહરિ સાથે વાર્તાલાપ કરનાર સમદુઃખિયો કોઈ ન હતો. અત્યારે તો પ્રાણપ્રિય વસ્તુ/વ્યક્તિના વિરહમાં મગ્ન બંને હતા. ગોરક્ષનાથે નિઃસાસા નાખતાં કહ્યુંઃ રાજા, જે થવાનું નથી તો

શા માટે જવાબદારી લે છે? ગએલી-નષ્ટ થએલી વસ્તુ પાછી આવવાની નથી. તે નષ્ટ વસ્તુ તું પાછી નિર્માણ કરી શકવાનો નથી પછી તને કહેવાથી શો લાભ?

રાજાએ કહ્યું: કહી તો જુઓ: હું અહીંનો નૃપતિ છું. તમારા આશીર્વાદથી કાંઈ કરી શકું. માટે મને સેવાની તક આપો. સંતોની સેવા કરવાના સંસ્કાર રાજાના ચિત્તમાં હજુ પણ હતા. કાચની બાટલી લાવવાથી યોગીનું કામ થવાનું હોય તો રાજા માટે તે એકદમ સહેલું હતું. યોગીએ કહ્યું: મારી પ્રિય કાચની બાટલી ફૂટીને નષ્ટ થઈ છે. આથી હું શોક કરું છું. તું પોતે નગરીનો રાજા છે એમ કહે છે તો રાજપાટ છોડીને અહીં સ્મશાનમાં શું કરી રહ્યો છે?

રાજાએ ઉત્તર આપ્યો: હે યોગીરાજ, મારી પ્રિય રાણી જેનું નામ પિંગલા હતું, જે પતિવ્રતામાં શ્રેષ્ઠ અને સુસ્વરૂપવાન હતી. વનમાં સિંહનો શિકાર કર્યો અને મશ્કરીમાં સંદેશો કહેવડાવ્યો કે સિંહ દ્વારા રાજા ઠાર મરાયો. આ વાત સાંભળતાં જ રાણીએ પ્રાણત્યાગ કર્યો. મશ્કરીને સત્ય માની રાણીએ પ્રાણત્યાગ કર્યો તે સાંભળી મને પશ્ચાત્તાપ થયો અને હું અહીં દોડી આવ્યો. તેનું શબ જોઈ મને ખૂબ જ દુઃખ થયું. પ્રાણથી પણ પ્રિય હોવા છતાં હું જ તેના મૃત્યુ માટે કારણભૂત થયો. પ્રિય રાણીની યાદમાં મેં મારા દેહને ક્ષીણ કર્યો. લોકોએ પિંગલાના શરીરને અગ્નિદાહ આપ્યો. આ જ અગ્નિદાહનું સ્થળ છે.

રાણીના લાવણ્યવંત ચહેરાને યાદ કરતો હું અહીંજ શોક કરતો રહ્યો છું. પિંગલા મને પાછી મળે, તેનું પુનર્મિલન થાય તે માટે રાત-દિવસ હું અહીં પ્રતીક્ષા કરું છું. તે ફરી મને ક્યારે મળશે તેની રાહ જોઉં છું. ગોરક્ષનાથે કહ્યું: હું પણ તેવી જ રીતે મારી કાચની બાટલી માટે ઝુરું છું. શોક કરું છું. તેના વગર મને એક પણ ક્ષણ ચૈન પડતું નથી. રાજા, મારી તે બાટલી પાછી લાવી દે. રાજાએ કહ્યું: હું પ્રયત્ન

કરી તમારી બાટલી પાછી લાવી દઈશ. તેના જેવી અનેક બાટલી મેળવીશ. તેમાં ક્યાં શ્રમ પડશે? ગોરક્ષનાથે કહ્યું: હે રાજા, તું જો મારી બાટલી પાછી આપીશ તો હું પણ તારી રાણી તને મેળવી આપીશ. આપણા બંનેની પરિસ્થિતિ સરખી જ છે. આપણે બંને શોકગ્રસ્ત હોવાથી બંનેની સ્થિતિ સરખી છે એમ કહીને ગોરક્ષનાથે રાજાને સમદુ:ખી કહીને યોગી માનસશાસ્ત્રના ખાસ જાણકાર હતા તેમ સમજાય છે. રાજાના ઉદાસ મનમાં આશાનું કિરણ યોગીએ પ્રગટાવ્યું.

રાજાએ પ્રધાનને બોલાવી શહેરમાં માણસો મોકલાવ્યા અને યોગીરાજની ફૂટેલી બાટલી જેવી બીજી નવી બાટલી બનાવી લાવો તેમ કહ્યું. કારીગરોએ "જી રાજાજી" એમ કહી નગરમાં પરત ફર્યા. રાજાએ કહ્યું હતું કે યોગી ખૂશ થાય તેમ બાટલી બનાવી લાવો. હું તમને યોગ્ય બક્ષિસ આપીશ. પ્રયત્નમાં કચાશ રાખશો નહીં. રાજાની આજ્ઞા સાંભળી કારીગરોએ ત્વરિત કામગિરી શરૂ કરી. જૂદા જૂદા કારીગરોએ જૂદી જૂદી કાચની સામગ્રીથી બાટલીઓ બનાવી. બધી જ બાટલીઓ યોગી સામે મૂકવામાં આવી. પરંતુ ગોરક્ષનાથના મનનું સમાધાન ન થયું. ફરી ફરી ગોરક્ષનાથે હાય રે મારી બાટલી, તું કયાં ગઈ એમ કહી પોક મૂકી. એમ કહેવાય છે કે કાંટા વતી કાંટો કાઢવામાં આવે છે તેમ શોકને નિર્મૂળ કરવા ગોરક્ષનાથે શોકનું જ હથિયાર વાપરવાનું નક્કી કર્યું.

નગરના કારીગરોએ વિવિધ બાટલીઓ તૈયાર કરી પરંતુ ગોરક્ષનાથ રાજી ન થયા. તેમણે તે તરફ દૃષ્ટિ પણ ન નાંખી. રાજાએ પૂછ્યું: યોગીરાજ, આટલી સુંદર બાટલીઓ સામે પડેલી છે. આપને ન ગમી? યોગીરાજે જણાવ્યું: ગમે તેટલી વધુ સુંદર અથવા વધુ કિંમતી હોવા છતાં એ મારી મૂળ બાટલી નથી આથી મને તે ન જોઈએ. રાજાએ ફૂટી ગયેલી બાટલીની કરચો ભેગી કરી અને કારીગરોને આપી જણાવ્યુ કે જૂની બાટલી જેવી જ નવી બનાવો અને અહીં લઈ આવો. કારીગરોએ

જૂના ટૂકડામાંથી નવી બાટલી બનાવી અને લઈ આવ્યા. રાજાએ કહ્યું: યોગીરાજ, જુઓ. તમારી જૂની બાટલી નવી થઈને પાછી આવી છે.

ગોરક્ષનાથે બાટલી જોઈ પરંતુ તે પહેલાંની ન હતી. આથી તેને ફેંકી દીધી. ગોરક્ષનાથે કહ્યું: પહેલાં હતી તે જ બાટલી જોઈએ છે. આવી સાંધાવાળી ન જોઈએ. રાજા પણ આ લીલા જોઈ આશ્ચર્યમગ્ન થયો. તે યોગીરાજના ચરણે પડ્યો અને કહેવા લાગ્યો: યોગીરાજ, તમે સાધુ-સંત યોગીની કોટીમાં આવો છો અને આવી નાનકડી વસ્તુ ગુમાવવાથી વૃથા શોક કરો છો? જે જાયું તે જાય અને ફૂલ્યું તે કરમાય. ગએલું પાછું આવતું નથી. ગએલી વસ્તુ પાછી આવતી નથી તેનો વિવેકપૂર્ણ રીતે વિચાર કરવો ઘટે.

ગોરક્ષનાથે પ્રતિ પ્રશ્ન કર્યો: જો તને આ દલીલ સમજાય છે તો તું પણ શોક કરવાનું મૂકી દે. તારુ મન કેમ મોહગ્રસ્ત થયું? નાશવંતને શાશ્વત સમજી શોક કરે છે! આ પિંડ પાંચ જણ પાસેથી ઊછીનો લીધો અને એકઠો થયો. એક મહાભૂતમાંથી પાંચ વિભાગ સર્જાય છે. તેના ત્રણ શ્રેષ્ઠ અધિપતિ છે. પાંચ ભિન્ન માત્રા છે. આવા સંમિશ્રણથી પિંડવૃક્ષની વૃદ્ધિ થઈ છે. તેના સાડા ત્રણ ખંડ છે અને પરિવાર વિશાળ છે. આ વૃક્ષ પર સમય થતાં તે પક્ષીઓ ઊડી જાય છે. શ્રેષ્ઠ જે ત્રણ અધિપતિ છે તેમની પાસે જૂદાં જૂદાં કામો છે. એક પાસે ઉત્પત્તિનું, બીજા પાસે સ્થિતિનું અને ત્રીજા પાસે વિનાશનું કાર્ય છે.

પક્ષીઓ ઊડી જતાં વૃક્ષ ધરાશાયી થાય છે. જેનો તેને (પંચભૂત પૈકી) ભાગ આપી પક્ષીઓ અન્ય સ્થળે ઊડી જાય છે. જેનો તેને ભાગ મળે તેમાં આપણું શું જવાનું? સ્વપ્નમાં દ્રવ્યનો મોટો ભંડાર મળ્યો. તે જાગૃતિમાં કામમાં આવશે? તે જેમ સત્ય નથી તે જ રીતે આ પણ સત્ય નથી. આનો તું વિચાર કર અને ભ્રમણામાંથી મુક્ત થા. મોહના ખાબોચિયામાં ડૂબી ન જઈશ. યોગીની દલીલો સાંભળી

રાજા બોલ્યોઃ યોગીરાજ, આપનો ઉપદેશ સાચો હોવા છતાં પ્રીત મારા હૃદયમાં ઊંડે ઊંડે વિદ્યમાન હોવાથી વિરહથી હું દુઃખ કરું છું.

રાજાએ વિસ્તારથી વર્ણન કરતાં જણાવ્યુંઃ બીજી સ્ત્રીઓ અસંખ્ય છે પરંતુ પિંગલા જેવી કોઈ નથી. તેના તોલે આવે એવી એકેય નથી. તે સર્વગુણ અને સૌંદર્યસંપન્ન હતી. તેના જેવી ત્રિલોકમાં બીજી મળશે નહીં. તેની મને ચાહ છે. તેનાથી વધુ અથવા ઓછી ગુણસંપન્ન સ્ત્રીઓ મળશે. પરંતુ તેની સમતોલ કોઈ નહીં મળે. મને તે જ જોઈએ. તેના માટે મારા પ્રાણ આકુળ વ્યાકુળ થાય છે. ક્ષણે ક્ષણે કંઠ રૂંધાય છે. તે ફરી ક્યારે મળશે તે ખબર નથી. મૃત્યુ એ મૃત્યુલોકનો સામાન્ય રિવાજ છે. ફક્ત એક વખત તેની સાથે મુલાકાત થઈ જાય તો બેડો પાર થઈ જાય. પછી ભલે તે જતી રહે. આ પ્રમાણે અંતઃકરણનો ઉભરો ઠાલવી રાજા દુઃખી થયો.

ગોરક્ષનાથે કહ્યુંઃ હે રાજા, તું તો મારી બાટલી પાછી આપી શકતો નથી પરંતુ યોગની શક્તિથી હું તારી પિંગલાને પ્રગટ કરાવી શકું છું. યોગીરાજે જ્યાં પિંગલાનું દહન થયું હતું ત્યાં ઝોળીમાંથી ભસ્મ મંત્રીને સંજીવની મંત્રથી પ્રોક્ષણ કરતાંજ આળસ મરડીને બેઠી થાય તેમ પિંગલા ત્યાં પૂર્વવત્ પ્રગટ થઈ. તે જ રૂપ, તેટલી જ ઊંચાઈ. તેવાં જ વસ્ત્રો પરિધાન કરેલી, તેવાં જ અલંકારો ધારણ કરેલી, તેવું જ પૂર્વવત્ હાસ્ય! તે જ મારકણી આંખ. ગોરક્ષનાથે ભર્તૃહરિને કહ્યુંઃ બરાબર નિરીક્ષણ કર. તેં મારી બાટલી પાછી નથી આપી પરંતુ મારી યોગશક્તિથી મેં તારી પિંગલા પાછી આણી છે. રાજા સાથે ઉપસ્થિત લોકો પણ આશ્ચર્યચકિત થઈ આ ચમત્કાર જોઈ રહ્યા.

રાજા નજીક જઈને નિરીક્ષણ કરે છે તો તે જ લાવણ્ય, તે જ ઊંચાઈ, તેટલી જ ઉંમર, તેવી જ મોહકવાણી. સર્વની સમક્ષ રાણી શરમાઈ. રાજા તરત જ યોગીરાજનાં ચરણે પડ્યો. તેણે કહ્યુંઃ યોગીરાજ,

આપે મારા પર મોટો ઉપકાર કર્યો. આપનામાં અપાર સામર્થ્ય છે. મેં બહુ મોટી ભૂલ કરી કે તમને બાટલીનો મોહ ઓછો કરવા પ્રવચન આપ્યું. ગોરક્ષનાથે ફરી કહ્યું: અમારી વસ્તુ તું પાછી આપે તો તને અસંખ્ય પિંગલા આપું. રાજાએ પોતાની અસમર્થતા સ્વીકારી કહ્યું: યોગીશ્રેષ્ઠ, આપના જેવી શક્તિ મારામાં નથી. આપ તો યોગશ્રીથી વિભૂષિત છો.

ગોરક્ષનાથે કહ્યું: રાજા, અમે જે બોલીએ તે સત્ય કરીને બતાવીએ છે. સામર્થ્ય ન હોય તો બોલવું નહીં. ગુરુકૃપાનો પરચો જો અને તારો શોક દૂર કર. આમ કહી મંત્રોચ્ચારથી ગોરક્ષનાથે અસંખ્ય પિંગલા પ્રગટ કરી. વિવિધ વસ્ત્રોમાં સજજ, વિવિધ અલંકારો ધારણ કરનારી, વિવિધ અંગમુદ્રાવાળી પિંગલાને જોઈ ભર્તૃહરિ અચંબામાં પડ્યો. તેને થયું શું હું સ્વપ્ન જોઈ રહ્યો છું? અનેક પિંગલાઓ રાજાને વીંટળાઈ વળી. પૂર્વજીવનની અનેક વાતો રાજાને પૂછવા લાગી. એક પિંગલા કહેવા લાગી: રાજા હવે શોક કરવાનું છોડી દે. હવે તો અમે તારી સમક્ષ છીએને? બીજી કહે રાજા, ચાલો હવે મહેલમાં જઈએ. ત્યાં આરામ કરો. ત્રીજી રાજાના ચહેરા પર હાથ ફેરવવા લાગી. ચોથી તેના ચરણ દબાવવા આગળ આવી. રાજા તો આ બધું જોઈ દિઙ્મૂઢ થઈ ગયો.

એક પિંગલા હાથ જોડી વિનંતી કરતી હતી. બીજીના હાથમાં તાંબૂલ હતું. તે તાંબૂલ રાજાને ખવડાવવા ઈચ્છતી હતી. ચોથી પિંગલા હાથમાં પુષ્પહાર લઈ રાજાને પહેરાવવા આગળ આવી. પાંચમી પિંગલા તેને ચુંબન આપવા આગળ આવી. એક કહે પ્રાણેશ્વર, આપની પગચંપી કરી આપું. બીજી કહે નાથ, સ્નાન માટે પાણી તૈયાર છે. ત્વરિત સ્નાન કરી લો. ત્રીજી કહે રાજાજી, ભોજન તૈયાર છે. ભોજન માટે ચાલો. ચોથી પિંગલા કહે: હે પ્રિયતમ, તમારા માટે મેં પુષ્પશૈયા તૈયાર કરી છે. શયનખંડમાં ચાલો. પાંચમી પિંગલા ચામર ઢોળવા લાગી.

એક પિંગલાએ મોતીની માળા રાજાના ગળામાં પહેરાવી. વિવિધ પિંગલાઓ અલગ અલગ હાવભાવ સાથે રાજા જોડે વર્તન કરવા લાગી. આથી રાજાને ચિત્તભ્રમ જેવું થયું. તે પિંગલાની સંખ્યા ગણવા લાગ્યો.

આવુ ઇંદ્રજાળ જેવું દૃશ્ય જોઈ હાજર રહેલા માણસો આશ્ચર્યથી સ્તબ્ધ થયા. આ યોગ સામર્થ્ય છે તેમ કોઈ સમજી શક્યુ નહીં. બધી પિંગલાઓ પોતાની ઈચ્છા પૂરી કરવા દબાણ કરવા લાગી. ભર્તૃહરિ અસમંજસ પરિસ્થિતિમાં મૂકાયો. તેનામાં વિવેક સ્ફૂર્યો. તેને થયું કે એક પિંગલાને માટે તે બાર વર્ષ સ્મશાનમાં રહ્યો. આ તો અસંખ્ય પિંગલાઓ ઉદ્‌ભવી. આ લોકો થકી તો મારે કેટલું વેઠવું પડશે? રાજા ભયગ્રસ્ત થયો અને કોઈ પણ ઉપાય ન દેખાતાં ગોરક્ષનાથને શરણે ગયો. ભર્તૃહરિએ કહ્યું: હે યોગીરાજ, હું તારા શરણે આવ્યો છું. મૂર્ખતાને લીધે હું મોહગ્રસ્ત થયો. મને આમાંથી બચાવો.

રાજાનું શરીર ધ્રૂજતું હતું. આંખોમાંથી અશ્રુઓ વહી રહ્યાં હતાં. ગોરક્ષનાથે પરીક્ષા કરતાં કહ્યું: રાજા, તું બાર વર્ષથી જેની પ્રતિક્ષા કરતો હતો તે પ્રાપ્ત થતાં તને આનંદ થવો જોઈએ. આનંદ થવાને બદલે દુઃખી કેમ થાય છે? તેમનો પ્રેમથી સ્વીકાર કર. આનંદપૂર્વક સુખ ભોગવ. તું એક પિંગલા માટે વિરહ કરતો હતો. હવે અસંખ્ય પિંગલા તને મળી છે. તેમની સાથે ઐહિક સુખ ભોગવી ઇંદ્રિયોને તૃપ્ત કર. તેમને રાજમહેલમાં લઈ જા અને તેમના મનોરથ પૂર્ણ કર. વિરુદ્ધ આચરણ કરીશ નહીં. જેનાથી સર્વને સમાધાન થાય તે પ્રમાણે આચરણ કર. ગોરક્ષનાથનું કથન સાંભળી પ્રજા તથા પ્રધાનને આનંદ થયો. તેમણે યોગીનાં ચરણો પકડ્યાં અને નતમસ્તક થયા.

પ્રજાજનો તથા પ્રધાન યોગી વરેણ્યને કહે છે: હે યોગીરાજ, અમારા મનમાં જે હતું તે જ તમે કહ્યું છે. હવે આ રાજ્યનું કલ્યાણ થવાનું છે. રાજાએ તેનાથી વિપરીત રીતે ગોરક્ષનાથને ચરણવંદના

કરતાં કહ્યું: હે કૃપામૂર્તિ, અનાથનાથ, મારા પર દયા કરો. મને આ મોહમાયાથી બચાવો. એક પિંગલાના મોહથી મને આટલાં કષ્ટ પડ્યાં, બાર વર્ષ સુધી સ્મશાનમાં પડ્યો રહ્યો. આટલી પિંગલા મને કેટલાં કષ્ટ આપશે? ગોરક્ષનાથે ફરીથી ચકાસણી કરવા પૂછ્યું: તને અનેક પિંગલા દેખાય છે તેમાંથી તને જે ગમે તે પિંગલા સાથે મહેલમાં પાછો ફર. બાકીની બધી પિંગલા અદૃશ્ય થઈ જશે.

રાજાએ ગોરક્ષનાથને કહ્યું: હે સદ્‌ગુરુ, આપની કૃપાથી મને સમજાયું છે કે એક પિંગલા કેટલું બધું અનિષ્ટ કરી શકે છે. સ્ત્રી-વાસના એ નરકનું દ્વાર છે. હું મનઃપૂર્વક પ્રાર્થના કરું છું કે મને આમાંથી બચાવો. સાંસારિક સુખ દેખાય છે પરંતુ આપે છે દુઃખ. આ દુઃખદ સંસારમાંથી બચાવો. બધીજ પિંગલા રાજાને કહેવા લાગી: હે રાજા, અમે બધી જ તારી રાણીઓ છીએ. તું કોઈનો પણ ત્યાગ કરીશ નહીં. યોગી એક છોડીને બીજી બધીનો ત્યાગ કરવા કહે છે. તું તેમ કરીશ નહીં. એક પિંગલા કહેવા લાગી: અમારામાં ભેદ કરીશ નહીં. આપણે તેને વીંટળાઈ વળીશું જેથી તે કોઈનો ત્યાગ નહીં કરી શકે. બધી પિંગલાઓ રાજાને આમતેમ ખેંચતી હતી. લોકોથી હસવું રોકાયું નહીં.

પ્રધાન વિચાર કરવા લાગ્યા કે આ તો રાજાને ડાહ્યો બનાવતાં ખૂબજ મોટો અનર્થ થયો. ત્રિભુવનમાં આવું કદી જોયું નથી. રાજાએ એક પિંગલા માટે શોક ન કર્યો હોત તો આવી હાસ્યાસ્પદ પરિસ્થિતિ પેદા ન થાય. આવી આશ્ચર્યજનક પરિસ્થિતિ જોઈ વક્તા શ્રોતાઓને વિનંતી કરે છે કે દૃષ્ટાંત તરીકે એક કથાનક કહું છું. તેને ધ્યાનપૂર્વક સાંભળો.

એક શૂદ્ર પતિપત્ની પોતાના કર્મ અનુસાર સંસાર ચલાવતા હતાં. તેઓ આર્થિક રીતે ગરીબ હતાં. બપોરનો સમય તેમને માટે મુશ્કેલભર્યો રહેતો. ગરીબાઈથી કંટાળીને તે શૂદ્ર પોતાની પત્નીની સલાહ અનુસાર

દેવીના મંદિરે અનુષ્ઠાન માટે બેઠો. શૂદ્રની તપસ્ચાથી દેવી તેના પર પ્રસન્ન થઈ. દેવીએ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું. દેવીના શબ્દો સાંભળી શૂદ્રે આંખો ખોલી. પોતાની તપસ્ચાથી દેવી સંતુષ્ટ થઈ છે તે જાણી શૂદ્રે આનંદ અનુભવ્યો. તેણે દેવીનાં ચરણે નમસ્કાર કર્યા. દેવીએ પૂછ્યું: હે ભક્ત તારા મનમાં કઈ ઈચ્છા છે? તારી કોઈ પણ ઈચ્છા હશે તે હું પૂરી કરીશ. શૂદ્રે વિચાર કર્યો કે પત્નીની કહેવાથી તે અનુષ્ઠાન માટે બેઠો છે. દેવી પ્રસન્ન થાય તો શું માંગવુ તે અંગે પત્ની સાથે ચર્ચા વિચારણા કરી નથી. તેણે દેવીને કહ્યું: મને આ અંગે ખબર પડતી નથી. હું મારી પત્નીને પૂછી આવું છું. દેવીએ સહર્ષ હા પાડી.

ઘણા દિવસો પછી પતિ ઘરે પાછો આવેલો જોઈ પત્નીને આનંદ થયો. પતિનું સ્વાગત કરવા હસતે ચેહરે બહાર આવી. આદર સાથે ઘરમાં લઈ ગઈ. પતિએ પત્નીને દેવીના વરદાનની વાત કરી. પત્નીએ સલાહ આપી કે સંસારને લગતી અસંખ્ય વસ્તુઓ છે. અમુક વસ્તુઓ માંગીએ અને અમુક વસ્તુઓ માંગવાની રહી જાય તો દેવી ફરી ફરી વસ્તુઓ ન આપે. આપણા પર ગુસ્સે પણ થાય. આથી મનમાં જે પણ વસ્તુની ઈચ્છા કરીએ તે કદી ખૂટે નહીં તેવો વર દેવી પાસે માગો. બધી જ વસ્તુઓ કદી પણ ન ખૂટે તેવી માંગો. હવે ત્વરિત દેવી પાસે જાવ. નહીં તો દેવી અદૃશ્ય થઈ જશે.

શૂદ્ર દેવી પાસે ગયો અને મનમાં ઈચ્છા થાય તે પ્રમાણેની વસ્તુ કદી ખલાસ ન થાય તેવી આપવા વિનંતી કરી. દેવીએ કહ્યું: વસ્તુ ખલાસ થાય તેવી માંગને. શૂદ્રે ચોખ્ખી ના પાડી. તેણે કહ્યું મારી પત્નીએ મને સાચી સલાહ આપી છે. તમારે આપવી હોય તો કદી ન ખૂટે તેવી ઈચ્છિત વસ્તુ આપો. દેવીએ ફરી વિચાર કરવા જણાવ્યું પરંતુ શૂદ્ર તેની માંગ પર અડગ રહ્યો. આથી દેવીએ તેને વરદાન માટે

"તથાસ્તુ" કહ્યું અને દેવી અંતર્ધાન થઈ. શૂદ્ર આનંદ પામી ઘેર પાછો ફર્યો અને દેવીએ આપેલા વરદાનની વાત કરી. પત્ની વાત સાંભળી ખુશ થઈ. તેણે વ્રતનાં પારણાં કરવા કરિયાણાની અને પૂજાની સામગ્રી પતિ દ્વારા મંગાવી.

પૂજાની અને ઘરવખરીની સામગ્રી પતિ વેપારી પાસેથી મોટા ટોપલામાં લઈ આવ્યો. પતિ જ્યારે ઘેર આવ્યો ત્યારે માથા પરથી મોટું ટોપલું ઉતારવા સ્ત્રી સામે ચાલીને ગઈ. તેણે પતિના માથા પરથી ટોપલું ઉતાર્યું અને જોયું તો પતિના માથા પર બીજું ટોપલું હતું જ. તેણે બીજું ટોપલું ઉતાર્યું તો ત્રીજું હાજર હતું. તેને ઉતારતા ચોથું, પાંચમું એમ અસંખ્ય ટોપલાથી તેનું ઘર ભરાઈ ગયું. તેમ છતાં પતિના માથે ટોપલું હતું જ. પત્ની ટોપલા ઉતારતાં થાકી ગઈ. તેણે પતિને કહ્યું: હવે તમે જ ટોપલું નીચે નાંખો. પતિએ ટોપલું વસ્તુ સાથે નીચે નાંખ્યું. તેમ છતાં તેના માથા પર બીજું ટોપલું હતું જ. પતિ થાકી ગયો. તેનું માથું દુઃખવા લાગ્યું. તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં.

પતિએ પત્નીને કહ્યું: તું પહેલાં રસોઈ બનાવ. પત્નીએ રસોઈ બનાવી. પતિને ઊભા ઊભા જ ભોજન કરાવ્યું. તેને પાણી પણ પીવડાવ્યું. પરંતુ માથા પર ટોપલું તો હતું જ. તેમની વાત સાંભળી આજુબાજુના લોકો દોડી આવ્યા. વિચિત્ર હકીકત જાણી લોકો હસવા લાગ્યા. લોકોએ પૂછ્યું: આમ કેવી રીતે બન્યું? પત્નીએ કહ્યું કે દેવી પ્રસન્ન થઈ અને વરદાન માંગવા કહ્યું. પતિ મને પૂછવા આવ્યો અને મેં સલાહ આપી કે કદી પણ ન ખૂટે તેવું વરદાન માંગો. લોકો કહે તેથી જ આમ બન્યું છે.

આ પ્રમાણે ત્રણ દિવસ થયા. લઘુશંકા, શૌચ બધું જ તે સ્થળે! સ્ત્રી કંટાળી ગઈ. પતિએ અન્નપાણીનો ત્યાગ કર્યો. માથે ટોપલા સાથે તેણે શિક્ષા ભોગવી. તે આડો પડ્યો અને તેના પ્રાણ જતા રહ્યા. તેની

સ્ત્રી રૂદન કરવા લાગી. આજુબાજુના લોકો આવી સ્ત્રીને કઠોર વચનો કહેવા લાગ્યા. તેં જ પતિને દેવી પાસે અઘટિત માંગણી કરીને પતિનો પ્રાણ હર્યો. લોકોએ તેના પતિના શબને બાંધી (ઠાઠડીમાં) સ્મશાન લઈ ગયા. ઘેર પાછા આવીને જુએ છે તો તેનું શબ અને ઠાઠડી ત્યાં જ હતી.

બીજી ઠાઠડીને ઘર બહાર લઈ ગયા તો ત્રીજું શબ ત્યાં હતું. જે લોકો ઠાઠડી લઈ સ્મશાન તરફ જતા હતા તે થાક ખાવા રોકાયા અને શબ જમીન પર મૂક્યું. તો ખભા પર બીજું શબ હતું જ. લોકો કંટાળી ગયા. સમગ્ર ઘર શેરી રસ્તા શબ ઠાઠડીથી ભરેલાં હતાં. ઘરમાં અનાજના પણ અસંખ્ય ટોપલા હતા. શું તે આનંદ આપશે? તેવી જ પરિસ્થિતિ રાજાની થઈ. અનેક પિંગલા તેને વીંટળાઈને પોતાની પાસે ખેંચવા લાગી. રાજા કંટાળ્યો. અત્યંત ત્રસ્ત થઈ તે બોલ્યોઃ વિષયોને ધિક્કાર હો. વિષયો નરકના દ્વાર છે.

રાજાને જ્ઞાન થયું કે આ રાજવૈભવ, છત્ર, ચામર, ગજ, અશ્વ પરમાર્થમાં બિલકુલ કામમાં આવશે નહીં. સ્ત્રીઓ પણ બિલકુલ કામમાં આવશે નહીં. કામિનીના પ્રેમને ધિક્કાર હો. રતિસુખને ધિક્કાર હો. મારા પોતાના કર્મને ધિક્કાર હો. મારાં આપ્ત, નરનારી જે મને મોહગ્રસ્ત કરે છે તે સર્વને ધિક્કાર હો. ધન, ધાન્ય, સિંહાસન, સત્તા, માન, અહંકાર આ સર્વનો ધિક્કાર હો. વિદ્યા, ચતુરાઈ, ખાસ કરીને મન- જે વિષયો તરફ દોરી જાય છે તેને ધિક્કાર હો. વિકૃતિ, વિકાર, ખાદ્ય, પેય, આસન, વસન, અલંકાર, ભૂષણ, વિષયલુબ્ધ લોકો અને તેમના ભાષણોને ધિક્કાર હો. દાસ-દાસી, અપાર માયામોહને ધિક્કાર હો. તેનાથી નરકની જ પ્રાપ્તિ થશે.

પત્નીનો સહવાસ અને વિષયોના ચાળાને ધિક્કાર હો. આ બંને થકી શરીરનું શોષણ અને પ્રાણનું સંકુચન થાય છે. મને તેમાંથી કશું

જોઈતું નથી. મને તેનો તિરસ્કાર થાય છે. આ બધી વસ્તુને હું સ્પર્શ પણ કરવાનો નથી. તેનાથી હું ખૂબ જ શેકાઈ ગયો છું- દાઝી ગયો છું. આ રીતથી ભર્તૃહરિએ વૈરાગ્યશતકમાં વર્ણન કર્યું છે. સર્વ પદાર્થોનો ધિક્કાર-તિરસ્કાર કરી તે ગોરક્ષનાથના ચરણે નતમસ્તક થયો. તેનું શરીર જ્ઞાનાગ્નિથી પરિશુદ્ધ થયું. તેના અષ્ટ સાત્ત્વિક ભાવો જાગ્રત થયા. તેના નયનોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. તિરસ્કારથી તેનું મન કંટાળી ચૂક્યું હતું. તેનાં રોમાંચ ખડા થયા. રાજાએ ગોરક્ષનાથ સમક્ષ દંડવત્ પ્રણામ કર્યા. ગોરક્ષે જોયું કે ભર્તૃહરિનો દેહભાવ ક્ષીણ થયો છે. વિષયસુખથી કંટાળ્યો છે.

ગોરક્ષનાથે તેને પૂછ્યું: હવે આક્રંદ કેમ કરે છે? તારા મનમાં શી ઈચ્છા છે તે જણાવ. સિદ્ધ પુરુષો, યોગીઓ શરણે આવેલા જીવોના દુઃખનિરસનના ઉપાયો જાણે છે. તેઓ પોતાના સામર્થ્યથી તેવા શરણાગતનાં સંકટો ટાળે છે, દીનોને સહાય કરે છે. અંતઃકરણ આર્દ્ર થઈ તેમણે રાજાને જવાબ પૂછ્યો. તે રસભરિત પ્રસંગ અગામી અધ્યાયમાં આવશે. સાધુ સંતનું હૃદય માખણ કરતાં પણ કોમળ હોય છે. શરણાગતનું રક્ષણ કરી તેઓ તેની ઈચ્છાપૂર્તિ કરે છે. તેવા સંતોથી વધારે કોઈ પણ બીજો સમર્થ નથી. તેઓ યાચકના મનોરથો પૂરા કરે છે. આ કીર્તિ સાંભળી મુમુક્ષુ અને અર્થાર્થી ભક્તોને આનંદ થઈ તેઓ સંતપુરુષોને શરણે આવ્યા. તે ભક્તોમાં હું પણ છું. હીન, દીન, પામર, અનાથ, પતીત, દુર્લભ, હાથ જોડી ઊભો છું. આ હકીકત જાણી મને અભય આપી પ્રેમપૂર્વક મારી સેવા સ્વીકારો.

॥ ઈતિ દ્વિચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૪૩

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

ૐ દત્ત, અવિનાશ, અજ્ઞાનનાશક, જ્ઞાનપ્રકાશક, સર્વજ્ઞ, ઈશ, તું દેવ અને અસુરોનો ઈશ હોઈ વંદનીય છે. તને નમસ્કાર. તું સર્વસાક્ષી, સર્વાતીત છે. આથી તને અતીત અને અવધૂત કહે છે. ત્રણેય લોકમાં તું વિખ્યાત છે. ભગવાન શંકરને પાર્વતીએ અવધૂત શબ્દનો અર્થ પૂછ્યો. શંકર ભગવાને અવધૂતનો અર્થ કરતા કહ્યું: જે આદિ, મધ્ય, અંત રહિત, આશાપાશથી મુકત, અંતર્બાહ્ય રીતે આસક્તિરહિત, આનંદઘન, અવિનાશ, આધિવ્યાધિ રહિત, અસ્તોદયશૂન્ય, આકાર-નિરાકારાતીત, અગોચર અને અનિવાર્ય આટલા અકારાંત લક્ષણ અવધૂતને લાગુ પડે છે.

વ્યાપક, વ્યાપેલું, સર્વાકાર, અવ્યંગ, અવદ્ય, અવ્યય, અવતાર, આભાસ, વાસનાવર્જિત, વેદાંતવદની, જેનું વક્તવ્ય સારું, નિરામય વાસ્તવ્ય, નિઃસંગ અને અભય જેનું વચન છે તેવો, સદા વર્તમાનમાં રાચનાર, વાદ-વિવાદથી પર (પ્રવૃત્ત ન રહેનાર) કોઈનું રહસ્ય પ્રગટ ન કરનાર અને સંતવૃંદમાં બેસનાર આ "વ" અક્ષર પરનાં લક્ષણો છે.

જેનું ચિત્ત ધોએલું એટલે કે સ્વચ્છ, દેહ ભસ્મથી ધૂલિત અથવા લિપ્ત છે, સર્વ લક્ષણથી યુક્ત એવો, ધૂર્ત, અચલ ધૈર્યવાન, ધારણાથી પાર ન પમાય તેવો, ધ્યાનગમ્ય હોવા છતાં ધ્યાનથી પણ પામી શકાય નહીં તેવો, ઉદાર, ધર્માર્થી, ધીર, ગંભીર, ધન્ય, ધ્યાન, ધ્યેય, ધ્યાતા, જેના સુખની કલ્પના બ્રહ્મા પણ પામી ન શકે, જેના પદસ્પર્શથી ભૂમિને

આનંદ થાય છે તેવો, દુશ્મનો જેનાથી ડરે છે તેવા, આ "ધ"કારના લક્ષણો છે.

જેના ચિત્તમાં તમોગુણ નથી, તત્ત્વમાં તત્ત્વવિચારણા કરનાર, દેહમાં આસક્તિ રહિત, જે તપમાં તપતો રહે છે, બીજાના તાપસંતાપ નિવારણ કરનાર, લોકોને તારનાર, જેના શરીરમાં તામસવૃત્તિ બિલકુલ નથી, અહંકાર રહિત, હંમેશાં યોગમાં રમમાણ, ત્વમહં, સર્વાગત, અદ્‌ભુત અનુપમ તેજસ્વરૂપ આ "ત"કારનું લક્ષણ છે. આ ચાર અક્ષરો ઉત્તમ હોઈ તે જ પ્રમાણે દીક્ષા હોવાથી અવધૂત આ નામ છે. હે સ્વામી અવધૂત, જ્યાં સ્વયં શિવજી તમારી પ્રશંસા કરે છે તો બીજા કેમ વખાણ નહીં કરે? તારો મહિમા ગાવાથી ચિત્તને આનંદ થાય છે. આથી હું તારા ચરણે વારંવાર વિનંતી કરું છું કે વારંવાર તારા ગુણનું વર્ણન કરું એવું જ મને ગમે છે.

અવધૂતને હું વિનંતી કરું છું કે તું જ મને અભય આપી આ ગ્રંથનું આગળ વિવેચન કર. તારી કૃપા વગર વાણી વક્તવ્ય કરવા અશક્તિમાન છે. હું તો અજ્ઞાની મતિમંદ છું. જ્ઞાની નથી. હે શ્રીદત્ત, તેં કૃપાળુ થઈ મારો અનાથનો હાથ ઝાલી મારી જિહ્વા દ્વારા વક્તવ્ય કરાવ્યું. ગત અધ્યાયમાં ભર્તૃહરિને અનુતાપ થઈ ઉદાસ ચિત્તે ગોરક્ષનાથને શરણે ગયો તેનું વિવેચન થયું. ગોરક્ષનાથનાં ચરણો તેણે પકડ્યાં પણ છોડતો ન હતો. ગોરક્ષનાથે રાજાને પૂછ્યું: હે નૃપ, તને કયું દુઃખ છે તે જણાવ. સંકોચ રાખીશ નહીં. ભર્તૃહરિએ ગોરક્ષના ચરણો જોરથી પકડી રાખ્યાં અને યોગીરાજને કહ્યું: હે યોગીરાજ, મારો અનાથનો ઉદ્ધાર કરી મારી વ્યથાનું નિવારણ કરો. હું તમારે શરણે આવ્યો છું. મારા પ્રાણ આકુળવ્યાકુળ થાય છે. મારો શિષ્ય તરીકે સ્વીકાર કરો. રખડપટ્ટી ન કરાવીશ.

ભર્તૃહરિ રાજાના અંતઃકરણનો ભાવ જાણી મચ્છિંદ્રશિષ્ય ગોરક્ષે તેને હાથના સહારે ઊઠાડ્યો. રાજાના નેત્રોમાંથી અશ્રુઓ નીકળતાં હતાં. તેનો કંઠ ગદ્‌ગદ્‌ થઈ તેના થકી બોલાતું ન હતું. ગોરક્ષનાથના ગળાને આલિંગન આપી તે પોક મૂકી રડવા લાગ્યો. રાજાનું અંતઃકરણ વલોવાતું જોઈ સદ્‌ગુરુએ તેને સાવધ કર્યો અને કહ્યુંઃ હે રાજા, હવે શોક કરીશ નહીં. તારા મનમાં શું ઈચ્છે છે તે જણાવ. તારી ચિંતાનું હું નિવારણ કરીશ. ભર્તૃહરિએ વિનયના સ્વરમાં કહ્યુંઃ મારા પર દયા કરો અને આ સ્ત્રીસંકટનું નિવારણ કરો. મને તમારા અંકિત રાખો. મને હવે સંસારસુખ ન જોઈએ. ન તો સિંહાસન જોઈએ કે ન તો છત્ર, ચામર જોઈએ. રાજવહીવટ ન જોઈએ અથવા ધનભંડાર પણ ન જોઈએ.

રાજાએ વધુમાં કહ્યું કે જે વિષયો માટે પ્રથમ મન આકર્ષાતુ હતું તે જોઈને શરીર દાઝે છે. મને પત્ની ન જોઈએ. મને ખાનપાન ગમતું નથી.* મન તે વિશે ઉદાસીન થયું છે. તેની સંગતથી ડર લાગે છે. આ બધી વસ્તુઓ મારાં દુશ્મન છે. વિષયરૂપી સર્પે મને દંશ કર્યો છે. વિષયવિકૃતીથી હું ઝડપાએલો છું. લોભમોહથી હું ગ્રસ્ત છું. તેના થકી મેં અમૂલ્ય જિંદગી ગુમાવી. ઉત્તમ મનુષ્યદેહ મેળવવા છતાં વિષયોથી ગ્રસ્ત થઈ મેં સ્વહિત તરફ દુર્લક્ષ કર્યું. નર્કમય સ્થિતિમાંથી મને ઉગારો. વિષયરૂપી બંધનોમાં જકડાયો. ભવિષ્યમાં યમયાતના ભોગવવાની આવશે ત્યારે મને કોણ છોડાવશે?

ભર્તૃહરિ મનમાં ચિંતન કરવા લાગ્યોઃ જિહ્વા રસમાં અને કટુવચનોમાં ગૂંચવાઈ, કુકર્મ, નિંદા કાનમાં ભરાઈ ગયાં. વસ્તુ અને કામિનીએ મારી દૃષ્ટિને દૂષિત કરી. ગંધમાં નાસિકા આસક્ત થઈ. દાંત શત્રુત્વના રંગમાં રંગાયા, વિષયસેવનમાં જનનેંદ્રિય લિપ્ત થઈ, હોઠ ચુંબનમાં રત થયા, હાથ સ્ત્રીના આલિંગનમાં ગૂંચવાયા, મન

* ખાન ને પાન મન ઝેરસમ લાગતાં... - પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ.

વિકલ્પોથી વ્યાપ્ત થયું, ચરણો વામમાર્ગના આચરણ તરફ વળ્યાં. આ રીતે આ અપવિત્ર શરીરને પુષ્ટ કરવા કોઈ કાળજી ન લીધી. મારાથી કોઈ દેવતાર્ચન થયું નથી, તીર્થાટન ન થયું, કથાશ્રવણ ન થયું કે ન તો કીર્તનમાં રુચિ બતાવી. ન તો પરોપકાર કર્યો કે ધર્મ-અધર્મ વિશે વિચાર કર્યો. મેં સંતો કે વડીલોનો સત્કાર ન કર્યો. મારા થકી યજન, યાજન, અધ્યયન કે અધ્યાપન થયું નથી. ન તો મેં વ્રત આચરણ કર્યું કે ન દાન આપ્યું. ન તો ગો-બ્રાહ્મણને સંતુષ્ટ કર્યા. ન તો પુણ્યમાર્ગનું આચરણ કર્યું અને બંને હાથ વડે પાપાચરણનો જ આશરો લીધો. તેવા મારા જેવા અધમને માટે નર્કમાં જવાનું જ યોગ્ય ગણાય.

ભર્તૃહરિ વધુમાં ચિંતન કરે છે કે જે પ્રકારનું કર્મ કરીએ તેનું ફળ ભવિષ્યમાં ભોગવવાનું આવે જ છે. આથી હું તમારા શરણે આવ્યો છું. હું અન્યાયી, અપરાધી અને દીન છું. પરંતુ તમારા શરણે આવ્યો છું. હવે કોઈ ગુણદોષ ન જોતાં આ પતિતને પાવન કરો. સર્વ અપરાધની ક્ષમા પ્રદાન કરી મને અધમને સંસારસાગરમાંથી તારો. મેં અનેક ભૂલો કરી છે. મારા ભવપાશને તોડીને તમારા ચરણનો દાસ કરો. હું જીવનથી ઉદાસ થયો છું. મારી આટલી આશા પૂરી કરો. હે દયાળુ, ઉદાર, કૃપામૂર્તિ મારો સમૂળો ભય દૂર કરો.

ગોરક્ષનાથે ભર્તૃહરિ રાજાની આજીજીભરી વિનંતી સાંભળી ઉત્તર આપતાં કહ્યું: બીજાના તાપથી કેમ ડરે છે? જેના મનમાં જે હેતુ હોય તેવું જ ફળ તેને પ્રાપ્ત થાય છે. બિનજરૂરી કલ્પના ન કરતાં અંતઃકરણ શુદ્ધ કર. સાવધાન થઈ નૂતન દૃષ્ટિથી નજર નાંખ. ગુરુવચન પર વિશ્વાસ રાખ. રાજાએ પાછા વળીને જોયું તો એક પણ પિંગલા ત્યાં ન હતી. આ ગોરક્ષનાથના સંકલ્પનો પ્રતાપ હતો. રાજા યોગીરાજના ચરણે પડ્યો અને બોલ્યો: હે સદ્‌ગુરુનાથ, તમારી લીલા અગાધ છે.

તમે મારો સ્વીકાર કરો, મને બીજી વસ્તુઓમાં આસક્તિ નથી. મારું મન તમારા ચરણોમાં આસક્ત થયું છે. મને ત્યાં અક્ષય આશ્રય આપો. હું તમારી પાસે બીજું કાંઈ માંગતો નથી. મારા ભવબંધનનો છેદ કરી જન્મમરણની ઘટમાળને તોડો. મારા અજ્ઞાનનો નાશ કરી તમારા જેવો કરો.*

ભર્તૃહરિએ વધુમાં વિનંતી કરતાં જણાવ્યું કે હે સદ્‌ગુરુનાથ, તમે જ મારાં મા-બાપ, આપ્ત, સ્વજન, બંધુ, ત્રાતા, ઈષ્ટ, સખા છો. તમે જ મારા સૌભાગ્યધન, કલ્યાણકર્તા, પ્રાણપ્રિય, શ્રમહર્તા છો. તમે જ મારા સ્વામી, સદ્‌ગુરુ, ભવસાગર પાર કરાવનાર છો. તમે જ મારા પાલનકર્તા, દાતા છો. તમારા વગર મારા જેવા અનાથનો કોઈ રક્ષણકર્તા નથી. હું તમારા ચરણરૂપી પિયરમાં આવ્યો છું. હવે મને ઉદાસ ન રાખતાં મારી ચિંતાનું નિવારણ કરો. મારા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી ત્રિવિધ તાપનો સંહાર કરી મારું અંતઃકરણ શીતળ કરો. મારો જન્મ-મૃત્યુનો ભય દૂર કરો. મારા અપરાધોને ક્ષમા કરી મારો ઉદ્ધાર કરો.

ભર્તૃહરિ અતિ વિનયથી પ્રાર્થના કરતાં કહે છેઃ હે સ્વામી, મારો અંત ન જોતાં હવે મને સનાથ કરો. હું અતિ તૃષિત થયો હોવાથી મને બ્રહ્મરસનું પાન કરાવો. કર્ણમાં બીજામૃત પીવડાવો. તેના થકી મને સ્વાત્માનંદ પ્રાપ્ત થશે. પ્રબોધરૂપી અલંકાર પરિધાન કરાવી મારા મસ્તક પર કૃપાહસ્ત મૂકો. આપને ગમતું શ્રેષ્ઠ સ્થાન મને આપો. તમારા આ નાનકડા બાળકને ખોળામાં લો. ભર્તૃહરિની આ અંતરના ઊંડાણમાંથી નીકળેલી વિનંતી સાંભળી ગોરક્ષનાથનું અંતઃકરણ પણ દ્રવ્યું. તેમણે શરણાગત તરફ એક નજર નાંખી. આનંદ સુમુહૂર્તની આ જ અમૃત વેળા! (અમૃત ક્ષણ). સદ્‌ગુરુએ રાજાને નજીક બોલાવ્યો અને તેમની સાથે નીચે પ્રમાણે વાર્તાલાપ થયોઃ

---

* આપ સમાન કરે શિષ્યનકો, દેવે પદ નિરબાના... શ્રી રંગ અવધૂત મહારાજ.

ગોરક્ષનાથ કહે છેઃ હે બાળક, તું સંસારના તાપથી થાક્યો છે. ત્રિવિધ તાપથી દાઝ્યો છે. આથી તારો આત્મા દુભાયો છે. તારી પરિસ્થિતિ મેં જાણી છે. હવે સાવધ થઈ પૂજાની તૈયારી કર. અંતરના સર્વ દોષ ભૂલીને ગુરુપદની પૂજા કર. સદ્‌ગુરુનું આવું અભયવચન સાંભળી ભર્તૃહરિ આશ્વસ્ત થયા. તેમણે બે હાથ જોડી નમ્રપણે વિનંતી કરીઃ હે કરુણાસાગર, મારી વિનંતી શ્રવણ કરો. પૂજાસમારંભ સિદ્ધ જ છે. નયનસરિતાનાં પ્રેમજળ તૈયાર છે. તેનાથી આપના ચરણકમળ ધોઈશ. કપાળે સદ્‌બુદ્ધિરૂપી ચંદનનું તિલક કરીશું. તેના ઉપર વિવેકરૂપી સુગંધ લગાડીશ. ભક્તિના રંગમાં રંગાએલ અક્ષત અર્પણ કરીશ. સદ્‌ભાવનો હાર ગૂંથી ગળામાં પહેરાવીશ. વૈરાગ્યરૂપી વસ્ત્ર અર્પણ કરીશ અને શમ-દમના નિનાદમાં ક્ષમા, દયા, શાંતિની ધજા ફરકાવીશ. વૈરાગ્યની પુષ્પમાળા સદ્‌ગુરુને પહેરાવીશ. અનુતાપની મેખલા, નિશ્ચયનો કટિબંધ અર્પણ કરીશ. મુમુક્ષુરૂપી કુંડલો કાનમાં ધારણ કરાવીશ. પગમાં મોહ અને મમતાની પાદુકાઓ ધારણ કરાવીશ. ગુણાનુવાદના પાયલ અને કાર્યકારણની બિરુદાવલી અર્પણ કરીશ.

ભર્તૃહરિએ પોતાના મનોભાવ વ્યક્ત કરતાં વધુમાં જણાવ્યું કે પ્રકૃતિરૂપી કોમલ તુલસી, ત્રિગુણરૂપી ત્રિદલ (બિલિ) અષ્ટભાવરૂપી કમળ અને ધીરજરૂપી પીતાંબર પહેરાવીશ. *કામક્રોધરૂપી ધૂપને બાળીને જ્ઞાનદીપ પ્રગટાવી અહં-સોહં નૈવેદ્ય અર્પી પ્રાશન કરવા ચિદ્‌ગંગા આપીશ. કરમુખશુદ્ધિ થયા પછી પ્રીતિનો તાંબુલ આપીશ. તે મુખમાં સ્વીકારી તેનો રસ અંતરમાં સાચવવો. ગુરુચરણે તનમનધન (દ્વૈત) સમર્પણ કરીશ.

આ પ્રકારે અર્ચન થયા પછી હૃદયરૂપી સિંહાસન પર બિરાજમાન કરાવીશ. પાંચ પ્રાણની જયોત પ્રજ્વલિત કરી જીવભાવે આરતી

* બાળીને કામ ક્રુધ ધૂપ દેઉં... પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ.

ઓવારીશ. ઈચ્છા કામનારૂપી ફળો ચરણે ધરીશ. સત્સંગનો કપૂર પ્રગટાવી તમારો મુખચંદ્ર નીરખી વિજય-આદરના ભજન ગાઈશ. સુકલ્પ (સંકલ્પ) પુષ્પોની પુષ્પાંજલિ અર્પણ કરીશ. કાયા દંડવત્ કરી ચરણો પર મસ્તકરૂપી શ્રીફળ અર્પણ કરીશ. આ રીતે તમને સર્વાર્પણ કરીશ. હે ગુરુરાજ, આ પ્રમાણે હું મારી પૂજા તમને સમર્પણ કરું છું. સ્વામી મારો સ્વીકાર કરો!

ભર્તૃહરિની પ્રાર્થના સાંભળી ગોરક્ષનાથે સંતોષ પામી ભર્તૃહરિના મસ્તક પર હસ્ત મૂકી કાનમાં મંત્ર ફૂંક્યો. ભર્તૃહરિએ કર્ણમાં તે મંત્રને સાચવી રાખ્યો. જ્ઞાનબોધ કર્યા પછી યોગનું પણ સાંગોપાંગ નિરૂપણ કર્યું. ઈંદ્રિયશમન અને મનોદમન કરાવી વિકૃતિ-વિકાર નષ્ટ કરાવી પાંચ વિષયોથી તેમને પરાવૃત્ત કર્યા. સંકલ્પવિકલ્પને ભસ્મ કર્યા. વિવેકનું બીજારોપણ કર્યું અને આસક્તિ નષ્ટ કરી આત્મરંગમાં રંગ્યા. ઈડા, પિંગલા, સુષુમ્ણાનો માર્ગ બતાવી ભયસ્થાનો પણ બતાડ્યાં. રેચક, કુંભક અને પૂરક, ત્રાટક ઈત્યાદિની સાધના શીખવી. પંચતત્ત્વની ઓળખાણ કરાવી પ્રાણ-અપાનની સાથે સખ્ય કરાવ્યું. કુંડલિની પ્રવેશ કરાવી તે માર્ગમાં સ્થિર કર્યો.

સદ્‌ગુરુની કૃપાથી ભર્તૃહરિનું ષટ્‌ચક્રભેદન થયું અને માતૃકા સાથે દેવતાઓનાં વરદાન પ્રાપ્ત કરાવી પશ્ચિમનો પંથ બતાવ્યો. અજપાજપ, પાંચ પ્રકારના દેહનું વિવરણ, પાંચ પ્રકારની સમાધિ અવસ્થા, સપ્તપાતાળનો ભેદ, સપ્તાદ્રિ, સપ્તસાગર, સપ્તદ્વીપ અને સરિતાની ઓળખાણ કરાવી. પશ્ચિમ માર્ગે એકવીસ સ્વર્ગની રચના ચૌદ ભુવનો ઈત્યાદિની અનુભૂતિ કરાવી બ્રહ્મસ્થાનની મુલાકાત કરાવી. નવ ભૈરવદ્વાર બતાડ્યાં. વાદ્યોનો અનુભવ કરાવ્યો. (દશવિધ નાદ) તેનો દસ પ્રકારનો અનુભવ કરાવ્યો. આગળનો પણ પ્રવાસ કરાવ્યો અને બ્રહ્મરંધ્રનાં દર્શન કરાવ્યાં. તેમાં પ્રવેશ કરાવી ત્રિકુટાસનમાં આસનસ્થ કરાવ્યો.

ત્યાંથી પણ આગળ પ્રયાણ કરતાં ઝળહળતું પ્રજ્વલિત તેજ દેખાયું. સહસ્રગણું તેજ બધે પ્રકાશિત થઈ ફેલાયું. ત્યાં સમરસ થતાં જ દશવિધ નાદ થવા લાગે છે. તે સાંભળી દેહભાવ નષ્ટ થઈ સ્વસ્વરૂપતા પ્રાપ્ત થઈ યોગીને અમરત્વ પ્રાપ્ત થયું. રંગ છોડી અરંગી થવાયું. તારા ગ્રહમંડળનો ભાસ જોયો. તે પણ ગુરુકૃપાથી પીગળ્યો અને પછી શુદ્ધ ગગન દેખાયું. તે જ સ્થળ છે નિરાકાર, નિર્ગુણ, નિરામય, નિર્વિકલ્પ સ્થાન. અહીં જ યોગી નિરંજનને જુએ છે. આ પ્રમાણે અનુભવ કરાવી ભર્તૃહરિને ઉન્મન બનાવ્યા (ઉન્મની મુદ્રા કરાવી). નિત્ય સત્તરમી કળાનું પાન કરાવી તેને અજરામર કર્યો. પ્રાણાયામથી શરીરનો મળ કુંડલિનીમાં દગ્ધ કરાવ્યો.

આ પ્રમાણે ભર્તૃહરિ રાજા નિત્ય નવા પ્રકારનો યમ અને નિયમનો અભ્યાસ કરવા લાગ્યો. ગોરક્ષે ભર્તૃહરિને આ ઉત્તમ યોગનો ઉપદેશ કરી અભ્યાસમાં પારંગત કરાવી નિજસુખ પ્રાપ્ત કરાવ્યું. અભયકર મૂકી આત્મતત્ત્વમાં રમમાણ કરાવી અમર કર્યો. જન્મમૃત્યુનો સંહાર કરી તેની કાયા અમર કરી. ગોરક્ષનાથ બોલ્યાઃ "જબ લોક રહે થે ધરતી । તબ તક જીવ તું ભરથરી । અમર કરી તેરી કાયા ।" આ તેમનું વાક્ય યથાર્થ રીતે સત્ય છે. હવે તું નિરોગી રહે. બધા માયિક આવરણોનો ત્યાગ કર. કલિયુગમાં લોકો ત્રિવિધ પ્રકારના હોય છે તેમની સાથે સંબંધ રાખીશ નહીં. સાવધાન રહી સ્વેચ્છાએ વિચરણ કરવું અને શરણે આવેલાને બોધ કરવો.

ગોરક્ષનાથે વધુમાં કહ્યું કેઃ ગુપ્ત રીતે વિચરણ કરવું, નિત્ય તપ અને યોગનો સહારો લેવો, ઇંદ્રિયનિગ્રહવાન લોકોને દર્શન આપવાં, તેમની મનોકામના પૂરી કરવી. તું જેને જે આપવા ઇચ્છીશ તેને તે સફળ થશે. જે લોકો તને મનપૂર્વક ભજશે તેમને પણ ફળ મળશે. આપણે આપણો યોગ આચરી જગતમાં અદૃશ્યપણે રહેવું. કોઈના પણ

ગુણદોષ ન જોવા. અહંકાર ન રાખવો. કોઈના પર બોજારૂપ ન થવું. અંતઃકરણમાં શાંતિ અને દયા રાખી વર્તન કરવું. ક્યાંય પણ સિદ્ધિ વડે હરિફાઈ ન કરવી. નિર્લોભી અને આશારહિત રહેવું. વૈરાગ્યની મનથી કસોટી કરવી. જગતમાં હોવા છતાં ન હોય તેવો વર્તાવ રાખવો. સજ્જનોમાં અલગ રીતે રહેવું. કોઈને ક્યારેય દુભવવું નહીં કારણ કે આપણે જ સર્વત્ર વ્યાપેલા છીએ.

ભિક્ષા કદી છોડવી નહીં. ક્યાંય વાદ-વિવાદ ન કરવો. બધાં નિદ્રાધીન હોય ત્યારે (રાત્રે) આપણે જાગવું. ખોટો વિષાદ ન માનવો. જીભની સ્વાદલાલસાને તાબામાં રાખવી. કોઈને દોષ દેવો નહીં. મોટાઈથી ભાષણ ન કરવું. જગતમાં અહંકારથી ન રાચવું. કોઈ પર ક્રોધ કરી તેનું શોષણ ન કરવું. બાહ્યતઃ ગમે તેવા મેલા દેખાઈએ પરંતુ અંતરથી નિર્મળ રહીએ. એક જ સ્થળે નિવાસ ન કરવો અને સમય આવે તે પ્રમાણે સહન કરવું. માન-અપમાન, સુખ-દુઃખના દ્વંદ્વો પ્રતિ સાક્ષીભાવ રાખી આનંદમગ્ન રહેવું. લોભ, મોહ, ભયનો નાશ કરી નિર્ભય રહેવું. કોઈની નિંદા કે દ્વેષ કરવો નહીં.

બહુમતીને દોષ ન આપવો (પંચ ત્યાં પરમેશ્વર). પરમ સત્યનો બોધ એક જ સાચા જિજ્ઞાસુને કરવો. એક જ યોગસાધકને સર્વગ્રાહી તૈયાર કરવો યોગ્ય છે. તેવા યોગ્ય સાધકનો સંગ બીજા વીસ જિજ્ઞાસુઓને થાય તે શ્રેષ્ઠ છે ફક્ત ઘણા વર્ષોનો સાધનારત યોગી તેટલો પ્રશંસનીય નથી. આ માર્ગ પુરાણોમાં વર્ણવેલો છે. વેદોને ગ્રાહ્ય છે. બાકી સંસારજંગલમાં ભટકવાથી કોઈ અર્થ સરશે નહીં. આ પ્રમાણે ગોરક્ષનાથે ભર્તૃહરિને બોધ કર્યો અને હાથમાં ઝોળી આપી અને કહ્યું: હે રાજા, તને હવે યોગીનો વેશ આપ્યો છે. તેને આચરણમાં ઉતારી અનુભવ લેવાનો છે. લાજશરમનો ત્યાગ કરી ભિક્ષા માગી લાવીશ ત્યારે તું સાચો.

ગોરક્ષે કહ્યું: આ નગરમાં તેં રાજવૈભવ, સત્તા ભોગવી છે. અહીં તારા સગાંવહાલાં, પ્રધાન, સેવકો, કર્મચારીઓ ઇત્યાદિ છે. તદ્ઉપરાંત પુરોહિત, દાસદાસી, સ્ત્રી-પુત્ર, પ્રજાજન, શત્રુ-મિત્ર સર્વ નગરમાં નિવાસ કરે છે. મારી તને આજ્ઞા છે કે તારે ઘેરેઘેર ફરી ભિક્ષા માગવાની છે. ભિક્ષા માગતા લાજશરમનો ત્યાગ કર. ભિક્ષા માગતી વખતે સર્વને માતા-પિતા સમાન માન. કોઈ વિશેષ આગ્રહ કરે તો તે તરફ ધ્યાન ન આપવું. કોઈ પ્રતિ કઠોર વચન ન બોલવાં. ભિક્ષા આપનાર અને ન આપનાર પ્રત્યે કોઈ દ્વેષભાવ ન રાખવો. દુગ્ધભિક્ષા સ્વીકારવી. રક્તભિક્ષા (માંસ આદિની) કદી પણ સ્વીકારવી નહીં. મનમાં શાંતિ રાખવી. સર્વ પ્રાણી પ્રત્યે સમભાવ કેળવવો. ભિક્ષા માંગતા નામસ્મરણ કરવું, બિનજરૂરી વાતચીત ન કરવી. વડીલોને નમન કરવું, બિનજરૂરી ક્યાંય બેસી ન રહેવું. માન-અપમાનને સમાન માનવું. વાણીથી અસત્ય ન બોલવું અને હંમેશાં કલ્યાણકારક જ શબ્દો બોલવા.

કોઈનું દ્વાર પકડી ઊભા ન રહેવું, ભિક્ષા માટે ઉદ્ઘોષ કરી રસ્તા પર ચાલતા રહેવું. કલહ, મોહ, શોકમાં લપેટાવું નહીં. ભિક્ષા સિવાય કોઈ વસ્તુનો સ્વીકાર ન કરવો. ક્યાંય એક સ્થળે ચીટકી ન રહેવું. (સાધુ તો ચલતા ભલા.) આ શિખામણને સમજી ભિક્ષા માગવી. મને-ગોરક્ષને આ પ્રિય છે. આ આપેલી દીક્ષાનું જતન કર. ગોરક્ષનાથના વચન સાંભળી ભર્તૃહરિએ સદ્ગુરુચરણોમાં વંદન કર્યાં, ત્રણ પ્રદક્ષિણા કરી અને "આદેશ" એમ કહી નગરમાં ભિક્ષા માટે પ્રસ્થાન કર્યું.

નગરમાં ભિક્ષા માટે ફરતા કિંગરીનું વાદ્ય વગાડતાં ચાલતો તે સદ્ગુરુના મહિમાનું ગાન કરવા લાગ્યો. લોકો રાજાનું ભિક્ષુકનું સ્વરૂપ જોઈ દુઃખ કરવા લાગ્યા. પ્રજાને થયું, અસંખ્ય દાન આપનાર રાજા પોતે ભિક્ષા માગે? લોકો તેમને સમજાવવા લાગ્યાઃ હે રાજા, તારા કોમળ શરીરને શા માટે કષ્ટ આપે છે? પ્રારબ્ધથી મળેલા ભોગવૈભવનો ત્યાગ

કેમ કર્યો? ભિક્ષુકસ્વરૂપમાં તારું સિંહાસન કયું? છત્ર કયું? અલંકાર વસ્ત્રો કયાં? ગજાશ્વરથ વાહન કયું? આ બધા વૈભવનો ત્યાગ કરવામાં ખૂબ જ કષ્ટ પડે છે. ષડ્રસ પકવાન્નો હવે તમને કોણ આપશે?

લોકો વધુમાં કહેવા લાગ્યા કે ભોજન માટે સુવર્ણ પાત્રોના ત્યાગમાં કયું સુખ છે? આરામદાયક પલંગ પરની સુખની પુષ્પશૈયા કેમ છોડી? હવે ઊંઘ કેમ કરીને આવશે? હવે અલકમલકની વાતો તમારી સાથે કોણ કરશે? આ બધા પ્રશ્નોના જવાબ આપતાં ભર્તૃહરિ રાજાએ આ પ્રમાણે કહ્યું: અમે યોગ સામ્રાજયના અધિપતિ છીએ. અમારા વૈભવની તોલે આવે તેવો કોઈ પણ વૈભવ ત્રૈલોક્યમાં નથી. આ નાશવંત રાજવૈભવની શી કિંમત છે? રાજસત્તા પણ ફક્ત એક જ દેશ પૂરતી સીમિત છે. સુખની આશામાં લોકોને દુઃખ ભોગવવું પડે છે. વિષયી (માયિક) પદાર્થોની તમને મોટી આસક્તિ છે. ભોગવતાં ભોગવતાં જન્મમરણની યંત્રણા ભોગવવી પડે છે. કોશેટાનો કીડો પોતાની જ જાળમાં ફસાય છે અને તેને બાફીને રેશમનો ધાગો તૈયાર થાય છે.

રાજા વધુમાં કહે છે: તપશ્ચર્યાનો ખજાનો એકઠો કરવો, નાશવંત રાજય મેળવવાની ખ્વાહિશ નથી. માયિક પદાર્થો ભોગવી નરકની ગતિ પ્રાપ્ત થાય છે અને ત્યાં નરકની નારી પ્રાપ્ત થાય છે. આની સમજ સંસારી મૂઢને પડતી નથી. વિષયોના ઉપભોગમાં જીવ હરિહરને ભૂલે છે. પાપનાં પોટલાં ભેગાં કરે છે. શરીરમાં પણ પાપ જ ભેગું થાય છે. પાપ એટલે યમના દૂતોજ! યોગીની વિચારસરણી જુદી છે. યોગીઓની ઉપાસના એટલે ક્રિયાયોગ. તેમને અવિનાશ-ચરણે રમમાણ થવું ગમે છે. આથી તે કદી સંસારસંકટમાં પડતો નથી. યોગયુક્તિનો આશ્રય લઈ અવિનાશ-ચરણે સ્વાત્માનંદનું સામ્રાજય ભોગવે છે.

યોગી જ્ઞાનપૂર્વક વિવેકથી બુદ્ધિ સાથે રમત કરે છે. કામધેનુ એ યોગીનું પાલતુ જાનવર છે. યોગીને તે હંમેશાં ભિક્ષારૂપે દૂધ

આપે છે. ષડ્રસ અન્નની પ્રાપ્તિ કરાવે છે. આથી યોગીઓ હંમેશાં તૃપ્ત હોય છે. તેમને કોઈનું બંધન હોતું નથી. તેઓ હંમેશાં મુક્ત જ હોય છે. આ યોગીઓ સર્વત્ર માતાપિતાને જુએ છે. મૃગાસન, સિંહાસન, કંબલાસન, ધરારૂપી પર્યંક (ઝૂલો), અચલાસન અને તેના પર યોગીનું પદ્માસન પર જ તેમનું સુખશયન હોય છે. સૂર્ય-ચંદ્ર એ તેમની મશાલ, કંથા-મેખલા એ શાલ, આકાશ એ વસ્ત્ર પછી સંકોચ ક્યાંથી રહે? યોગીને શૈયા પર ઉન્મની (મુદ્રા) અને સેવા માટે તુર્યા હાજર હોય છે.

યોગીઓ સ્વસ્વરૂપમાં ભોગ ભોગવે છે. બ્રહ્માનંદ ભુવનમાં આનંદ ભોગવે છે. યોગીની સર્વ રાજ્યોમાં સત્તા ચાલે છે. તે સ્વરૂપ સ્વાર્થ માટે જાગ્રત હોય છે અને સર્વ તંત્ર સ્વતંત્ર, સર્વ કર્તા હોય છે. યોગીની સેવામાં ઋદ્ધિ-સિદ્ધિ હોય છે આથી તેમને કશાની કમતરતા ભાસતી નથી. યોગપદનું વૈશિષ્ટ્ય એ જ કે તે હંમેશાં અજર-અમર હોય છે. મેં યોગશિખરનું દાસત્વ સ્વીકારી તેના ચરણે નિવાસ કર્યો છે. યોગશ્રી જ મારી સર્વ ઈચ્છાપૂર્તિનો સ્રોત છે. હું યોગનો આશ્રય કદી છોડીશ નહીં. લોકો પ્રશ્ન પૂછે છે કે રાજા, તારાં છત્ર, ચામર, બિરદાવલી, નાનાં વાજિંત્રો, શસ્ત્રો, ભંડાર, ગોપુરનો ત્યાગ કર્યો તે અમને ગમ્યું નથી. તેનો ઉત્તર આ પ્રમાણે છેઃ

શ્રીસદ્‌ગુરુનો અભયહસ્ત એ જ અમારું છત્ર છે. પ્રકૃતિ એ અમારી ચામર છે. દગ્ધકર્મની વિભૂતિ શરીરે લગાડી, જ્ઞાનકથારૂપી ચાદર ઓઢાડી બોધ વિવેકનાં કુંડળો કાનમાં પહેરાવ્યાં અને આત્મિક સુખનો સાફો બાંધ્યો. ગળામાં વૈરાગ્યમણિ બાંધ્યો. સ્વશક્તિની કલગી છે. અભેદતત્ત્વની બિરુદાવલી અને અદ્વૈતનું પુષ્પગુચ્છ છે. શમદમનું વીરકંકણ અને નિશ્ચયનો બાજુબંધ, સત્યસંકલ્પનું કૌપીન મને સદ્‌ગુરુએ જ આપ્યું છે.

પાંચ વિષયોનું મર્દન કરી (રગદોળી) મારા પગમાં પાયલ બાંધ્યાં. સાર્ધત્રય (સાડા ત્રણ) માત્રાનું મંદિર નિવાસ માટે આપ્યું. તદ્ઉપરાંત સ્વાત્મતત્ત્વનો ભંડાર, દશવિધ વાજિંત્રો, રાજય કરનાર શ્રી શંકર છે અને સેવા કરનાર જીવ છે. ત્રિગુણનો ત્રિશૂળ, અનાહતનાદનો ડમરુ, શૃંગી પિંગીના વધારાના નાદ, કિંગરીનો સૂક્ષ્મ નાદ થાય છે. સત્તરમી કળાનો પ્રવાહ કુંભમાંથી સતત વહેતો જ રહે છે. તે કળા જ સર્વ જીવોનું પોષણ કરે છે અને તેના થકી જીવો તાજા સ્ફૂર્તિવાન થાય છે. સદ્ગુરુ શ્રી ગોરક્ષનાથે મને આવું ઐશ્વર્ય દયા કરી આપ્યું છે. તેમની આજ્ઞા થકી હું અહીં ભિક્ષા માગવા આવ્યો છું.

ભર્તૃહરિ રાજા કહે છેઃ મને તમારા વૈભવ વિશે કશું કહેશો નહીં. સાંસારિક વૈભવને તમે ભોગવો અને આનંદપૂર્વક રહો. મનમાં દુઃખ માનશો નહીં. તમે મારાં મા-બાપ છો આથી તમને હાથ જોડીને પ્રાર્થના કરું છું કે મારા પર કૃપા કરજો. આ દીન પર સ્નેહ રાખજો, મનમાં ખેદ કરશો નહીં. અમે સદા સંતુષ્ટ છીએ. તમે સદાચરણથી જીવન વ્યતીત કરો. સારાસારનો વિચાર કરો. નિત્ય-અનિત્યનો નિર્વિકારપણે વિચાર કરજો. ભેદ-અભેદ અને દ્રોહનો ત્યાગ કરી આપ-પરને ઓળખો. ભાગ્ય અને દારિદ્ર કોને કહે છે તેનો વિવેકપૂર્વક વિચાર કરજો. સાચું સુખ શામાં છે અને સાચું દુઃખ શેમાં છે તેનો ન્યાયપૂર્ણ રીતે નિર્ણય લેજો.

દેવ, દ્વિજ, સાધુસંત, યોગી, સિદ્ધ, તપસ્વી, મહંત ઇત્યાદિને શરણે જઈ કુમાર્ગનો પૂર્ણતઃ ત્યાગ કરો. સારા માર્ગનો સ્વીકાર કરો. હંમેશાં વિવેક રાખી શક્ય એટલો પરોપકાર કરવો. પાપના રસ્તે જશો નહીં અને પુણ્યનો રસ્તો પકડવો. ગમે તેવા આઘાતનો સામનો કરવો પરંતુ ધૈર્યનો ત્યાગ ન કરવો. ગમે તે કસોટીનો ધૈર્યથી સામનો કરવો. સત્ત્વગુણનો જથ્થો વધારવો. મળેલી તક કદી પાછી આવતી નથી. ભજન, પૂજન, દાન, વ્રત, શ્રવણ, પઠન, નિદિધ્યાસન અવશ્ય કરો.

શ્રેષ્ઠ આચરણનો ત્યાગ ક્યારેય કરશો નહીં. વિકારને તિલાંજલિ આપી દો. વ્યસનનો કચ્ચરઘાણ કરો. પોતાના કલ્યાણ માટે સદ્‌ગુરુના ચરણોનો આશ્રય લો. હઠાગ્રહ કોઈનો ન કરવો.

બોલવામાં નમ્રતા રાખો. સર્વ પ્રાણીઓ પર દયા કરો. આ બોધને જે સ્વીકારશે તે સ્વહિત સાધશે. હંમેશાં સત્ય બોલવું. પરસ્ત્રી અને પરધનનો ત્યાગ કરવો. ધર્મકર્મનું આચરણ વફાદારીથી નિભાવો. આ બધી બાબતો અંગે સજાગ રહો. તમારા પ્રત્યેના પ્રેમને લીધે મારું હૈયું હચમચી જાય છે. અત્યારે જે પણ ભિક્ષા તૈયાર હોય તે આ યોગીને આપો. ભર્તૃહરિનું ભાષણ સાંભળી સ્ત્રીપુરુષોએ ડોક હલાવી આનંદ વ્યક્ત કર્યો. તેમની આંખોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. લોકો કહેવા લાગ્યા કે તમે અમને છોડીને જશો તો આવો સંતોષ અમને કોણ આપશે? હે રાજા, તારાં વૈરાગ્યપૂર્ણ વચનો સાંભળી અમે ઉદાસ થયા છીએ. તું અમને ચિંતારૂપી અગ્નિમાં નાંખી જાય છે અને પોતે બૈરાગી થઈ અરણ્યસેવન કરે છે.

પ્રજાજનો રાજાને પૂછવા લાગ્યાઃ અમને પુનર્દર્શન ક્યારે થશે? તમારો વિરહ થશે. અમારે કેમ પ્રાણને રક્ષવો? શ્રીરામ વનમાં ગયા ત્યારે અયોધ્યાવાસીઓ દુઃખી થયા તે જ પ્રમાણે તું યોગી થઈને નગર છોડે છે તેથી અમને દુઃખ થાય છે. શ્રીકૃષ્ણ જેમ વ્રજ છોડીને મથુરા ગયા ત્યારે વ્રજવાસીઓને જે દુઃખ થયું તેવું જ દુઃખ અમને થાય છે. ભર્તૃહરિએ કહ્યુંઃ શોક ન કરતાં અંતઃકરણને શાંત રાખો. મનમાં વિવેક ધરો. સદ્‌ગુરુની આજ્ઞા અનુસાર હું ભિક્ષા માટે તમારા દ્વારે આવ્યો છું. સુખપૂર્વક આપશો તો જ તેનો હું સ્વીકાર કરીશ. દુઃખ કરતાં ભિક્ષા આપશો તો મારા ગુરુ ગોરક્ષનાથને તે ભિક્ષા ગમશે નહીં.

ભર્તૃહરિએ વધુમાં જણાવ્યું કેઃ હું તમારી ઉપેક્ષા કરતો નથી તેનું કારણ જાણો. રાજાનું આવું વચન સાંભળી લોકોએ તેમની ઝોળીમાં

ભિક્ષા આપી. ભર્તૃહરિ ઘેર ઘેર ભિક્ષા માંગવા લાગ્યો. મોટા પ્રતિષ્ઠિત લોકો તેની સાથે થયા. ભર્તૃહરિનો શબ્દ સાંભળતાં જ લોકો ત્વરિત ભિક્ષા આપવા લાગ્યા. ભિક્ષા આપનારની આંખોમાં અશ્રુઓ હતાં. રાજા તે અશ્રુઓ અથવા વ્યક્તિ તરફ ન જોતાં તરત જ આગળ પ્રસ્થાન કરતો. રાજાના પગમાં કાંકરાં ખૂંચતા તે જોઈ પ્રજાનું હૈયું હચમચી ગયું.

ભર્તૃહરિ ભિક્ષા લઈ ઉજ્જૈન શહેરની બહાર આવ્યો. વેગથી ચાલીને રાજા સદ્‌ગુરુ પાસે આવી પહોંચ્યો. ભર્તૃહરિએ 'અલખ'નો ઘોષ કરી સદ્‌ગુરુને 'આદેશ' એમ બોલી પોતાના આગમનની સૂચના આપી. ગોરક્ષનાથે જવાબમાં "આદિનાથ, આદિગુરુનો આદેશ" એમ પ્રતિવચન કહ્યું. ભર્તૃહરિએ ભિક્ષા સદ્‌ગુરુને અર્પણ કરી અને ભાવપૂર્વક દંડવત્ પ્રણામ કર્યા. હાથ જોડી, રાજા સામે ઊભો રહ્યો.

ગોરક્ષનાથે ભર્તૃહરિને કહ્યું: ભિક્ષામાં પુષ્કળ સામગ્રી પ્રાપ્ત થઈ છે. તેમાંથી ભંડારો કરો. ઉજ્જૈન નગરના સર્વ નરનારીને (જાતપાતનો ભેદ રાખ્યા વગર) આમંત્રિત કરો. બધાના મુખમાં ખૂબ જ પ્રેમથી પ્રસાદઅન્ન અર્પણ કરો. ગુર્વાજ્ઞા અનુસાર ભર્તૃહરિએ સર્વ પ્રજાને આમંત્રણ આપ્યું. ભર્તૃહરિની આજ્ઞા થતા સર્વ ન્યાતિના લોકો એકઠા થયા. ભર્તૃહરિએ તે સર્વને રસોઈ કરવા કાચી સામગ્રી આપી. રસોઈ તૈયાર થયા પછી સદ્‌ગુરુને જાણ કરવામાં આવી. પ્રસાદનો થાળ સામે મૂક્યો. ગોરક્ષનાથે મચ્છિંદ્રનાથની માનસપૂજા કરી. તે પછી ભર્તૃહરિએ ગોરક્ષનાથની ષોડશઉપચારથી પૂજા કરી. ષડ્રસ પદાર્થોના થાળનો નિવેદ ધરાવ્યો.

ગુરુમૂર્તિએ સર્વને પ્રસાદ વિતરણ કરવા આજ્ઞા કરી. ક્ષિપ્રાનદીના કિનારે બધા લોકો પ્રસાદ આરોગવા બેઠા. રાજાએ તેમની પ્રદક્ષિણા કરી મનોભાવથી ત્રણ વાર પ્રણામ કર્યા. હાથ જોડી તેણે પ્રાર્થના કરતાં કહ્યું: પ્રસાદ થતા વિલંબ થયો છે. શાંતિથી પ્રસાદ ગ્રહણ કરો. આ

સદ્‌ગુરુનો પ્રસાદ છે. પ્રેમપૂર્વક આરોગો. બધા લોકો એક જ અવાજથી બોલ્યાઃ રાજા, આજે અમને સર્વને બ્રહ્માનંદ થયો છે. આ પ્રમાણે સર્વની પ્રાર્થના કરી ભર્તૃહરિ સદ્‌ગુરુ પાસે આવ્યા. ગુરુએ તેને શેષ પ્રસાદ સેવન કરવા આજ્ઞા કરી. સદ્‌ગુરુની આજ્ઞા અનુસાર ભર્તૃહરિએ પ્રસાદ ગ્રહણ કર્યો. તે પછી સદ્‌ગુરુએ કહ્યું કે હવે આપણે પ્રયાણ કરવું જોઈએ.

સદ્‌ગુરુએ પ્રયાણની તૈયારી કરી તે જોઈ ભર્તૃહરિએ વસ્ત્ર, આસનને એકઠું કર્યું. ત્રણે જણે પોતપોતાનો સરંજામ એકઠો કર્યો અને સ્થળને વંદન કરી અલખનો ઘોષ કરી શૃંગી, પુંગીનો નાદ કરી ગુરુશિષ્યે પાદુકા પહેરી. પ્રસ્થાન શરૂ થતાં જ લોકોને વાતની ખબર પડી. બધા જ લોકો દોડીને ત્યાં આવ્યા. તેમને વીંટળાઈ વળ્યા અને વિષાદ કરવા લાગ્યા. હે યોગીઓ, તમે અમારા પ્રાણને કેમ લઈ જાવ છો? નરનારીઓ પોતાની છાતી કૂટવા લાગ્યા. કેટલાંક જમીન પર આળોટવા લાગ્યા. લોકો પોતાના પાલવ ફેલાવીને યોગીઓ પાસે રાજાનું દાન માગવા લાગ્યા. લોકોની આંખોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. તેઓ પ્રાર્થના કરતા હતા કે "રાજાને લઈ જશો નહીં." આમ કહી યોગીદ્વયના ચરણોને પકડી લીધા.

લોકો વિનંતીના સ્વરમાં કહેવા લાગ્યાઃ હે યોગીવર્ય, દીનના દાતાર, અમારા અંતઃકરણ જોઈ અમને અભય આપ. બીજો કહેવા લાગ્યોઃ હે દયાઘન, અમારી કરુણા આવવા દે. અથવા સમગ્ર નગરને યોગી બનાવી ભિક્ષા માટે પ્રવૃત્ત કર. ત્રીજો કહેઃ હવે ફરીથી રાજાનાં દર્શન ક્યારે થશે? બધા જ નગરલોકોએ રાજાને અનુસરવું. ચોથો કહે કે હે યોગીવર્ય, રાજાને લઈ જવા હોય તો તમારા હાથે આ નગરને બાળીને દગ્ધ કરો. એકી સાથે અમારો નાશ કરો. પૂર્વે ગંધર્વસેને ક્રોધથી નગરીને પાયમાલ કરી હતી. આ સમયે ભર્તૃહરિએ નગરીની આ દશા કરી છે.

ગંધર્વસેનને સ્ત્રીએ ત્રાસ આપ્યો હતો. ભર્તૃહરિને તમે યોગી બનાવ્યો આથી તે રાજા તરીકે મટી ગયો. આથી અમને અપાર દુઃખ થાય છે.

નગરજનો કહેવા લાગ્યાઃ હે યોગીદ્વય! તમે તો પૂર્ણતઃ વિરક્ત છો. તેવી જ સ્થિતિ તમે રાજાની કરી છે. અમારે ક્યાં જવું? રાજા વગર પ્રજા અનાથ બની છે. રાજા અમારો પ્રાણ છે અને તેનું જ તમે હરણ કરી જાવ છો. અમારો પણ પ્રાણ જતો રહે તેમ કરો. આમ કહી પ્રજા શોક કરવા લાગી. આમ શોકગગન ફાટ્યું તેને ક્યાં થીંગડું મરાય? આવા શોકના વાતાવરણમાં યોગીઓની ગતિ થંભી. ગોરક્ષે રાજા પ્રતિ જોઈ કહ્યુંઃ રાજા, આ પ્રજાનું શું કરવું? આપણા પ્રસ્થાનને વાર લાગશે. તું જ આનો ઉપાય કર. સદ્‌ગુરુના વચન સાંભળી ભર્તૃહરિનું હૈયું ભરાઈ આવ્યું. તેને ખબર પડતી ન હતી કે તેણે શું કરવું?

રાજાની આંખોમાંથી અશ્રુઓ વહેતા હતાં. એક બાજુ પર્વત અને બીજી બાજુ ખાઈ હતી. રાજા ચિંતામાં હતો. સદ્‌ગુરુએ ઊંચા અવાજે કહ્યુંઃ પ્રસ્થાનને મોડું થાય છે. તું તારા સંબંધોની કાળજી લે. અમે માત્ર નીકળીશું. ભર્તૃહરિએ કહ્યુંઃ ગુરુભાય, આપના ચરણોની સોગંદ ખાઈ કહું છું કે મારો તમારી સાથે આવવાનો સંકલ્પ બદલાવાનો નથી. મારું દૃઢ મન હોવા છતાં આપ મારી પરીક્ષા કેમ કરો છો? આપ સ્વયં ધન્વંતરી છો અને મારી નાડીપરીક્ષા કરી રોગ નિવારણ પણ આપ જ કરશો.

બ્રહ્માંડને પ્રકાશમાન કરવાનું સામર્થ્ય આપની પાસે છે. સમગ્ર ભૂમિને તૃપ્ત કરવાની શક્તિ ઘડામાં થોડી છે? હું આ લોકોને શાંત કેમ કરી શકીશ? હું તમારા શરણે આવ્યો છું. મારી ઉપેક્ષા કરશો નહીં. આપ સમર્થ, કૃપાળુ, ઉદાર, દીનોદ્ધારક છો. મને લૌકિક સંબંધો ગમતા નથી. મારો મોહ પૂર્ણતઃ નષ્ટ કરો. મોહપાશ કાપી નાંખો. તે માટે આપ જ સમર્થ છો. મને આમાંથી છોડાવો. ભર્તૃહરિની વિનંતી

સાંભળી ગોરક્ષનાથે લોકોને જણાવ્યું: હવે તમારો રાજા યોગસાધનારત થયો છે. પ્રાણ જાય છતાં તે આ માર્ગનો ત્યાગ નહીં કરે.

ગોરક્ષનાથે વધુમાં કહ્યું કે: હું જાણું છું કે તમને રાજા પર વિશેષ પ્રેમ છે. હું તમને ઉપાય કહું છું. અમે ભર્તૃહરિને અમર કર્યો છે. ઉપરથી યોગની દીક્ષા આપી છે. આ રાજસુખ કદી પણ ભોગવશે નહીં પરંતુ વિતરાગી થઈને પરિભ્રમણ કરશે. પરંતુ રાજા અહીં રહે તેમ તમારી ઈચ્છા હોય તો મારું સૂચન સાંભળો. ગોરક્ષનાથે ભર્તૃહરિને કહ્યું: તારા પર આ લોકોને ખૂબ જ પ્રેમ છે. તારા વિરહથી આ લોકો દુઃખી થયા છે. આ લોકોને સાન્નિધ્ય મળે તે માટે તું અહીં ક્ષિપ્રાનદીના કિનારે જ એક ગુફા તૈયાર કર, ઉજજૈનમાં જ ભિક્ષા માંગ અને ગુફામાં નિવાસ કર. યોગાભ્યાસ પણ ગુફામાં જ કર. થોડું અંતર હોવાથી મોહ દૂર થશે, ગુપ્ત સહવાસ ઘડશે અને સર્વ હિત સધાશે.

ગોરક્ષનાથે વધુમાં કહ્યું: હે રાજા, તું સ્વેચ્છાથી જે તે સ્થળે જઈ શકીશ પરંતુ તારું કાયમનું વાસ્તવ્ય આ જ રહેશે. પ્રજાજનોને દર્શન આપી તેમની ઈચ્છા પૂરી કર. અમારા માટે તું કદી પણ દુઃખ કરીશ નહિ. તારી અમારી સાથે મુલાકાત થશે. કોઈ પણ પ્રકારની હઠ કરીશ નહીં અને અમારી આજ્ઞાનું પાલન કર. ભર્તૃહરિને તે જ નગરમાં રહેવાની આજ્ઞા થતાં પ્રજાજનોને આનંદ થયો. લોકોએ નાથયોગીઓનો જયજયકાર કર્યો અને તેમની સ્તુતિ કરવા લાગ્યા. ભર્તૃહરિએ સદ્‌ગુરુને કહ્યું: આપે કરુણા કરી મને અહીં રહેવાની આજ્ઞા કરી તેથી હું તમારી સેવાથી વંચિત થઈશ પરંતુ મારા પર કરુણા ચાલુ રાખજો.

ગોરક્ષનાથે કહ્યું: હે રાજા, તું જે પણ કાંઈ કામ કરીશ તે સેવારૂપે અમને જ પ્રાપ્ત થશે. મનમાં શોક કરીશ નહીં. અમે હંમેશ તારી પાસે જ છીએ. આમ કહીને તેમણે સ્થળનો ત્યાગ કર્યો. બધાએ તેમને વંદન કર્યા. ત્યાંથી નીકળી તેઓએ ગર્ગાશ્રમ અને ગૌતમીતીર્થને

વંદન કર્યા. પાછા આવી ધર્મરાજનાં દર્શન કરી ક્ષિપ્રાકિનારે યોગેશ્વર આવીને ઊભા. લોકોને તેમણે આજ્ઞા કરી કે હવે તમે પોતપોતાના ઘેર જાવ. અમારી સાથે આવશો નહીં. લોકોએ તેમને ફરી પ્રણામ કર્યા અને પ્રાર્થના કરતાં કહ્યું: અમ દીનજનો પર કૃપા કરવી. ગોરક્ષનાથે તેમની વિનંતી સ્વીકારી અને આશીર્વાદ આપતાં કહ્યું કે મારા તમને આશીર્વાદ છે. તમે હંમેશાં આનંદમાં રહો. ભર્તૃહરિને મારું સ્વરૂપ સમજી તેમની સેવા કરો.

યોગીરાજે ભર્તૃહરિને કહ્યું: અમે હવે રજા લઈએ છીએ. તું કોઈ પણ પ્રકારની ચિંતા કરીશ નહીં. ભર્તૃહરિને તેમણે પ્રસાદરૂપે પાદુકા આપી. ભર્તૃહરિની સ્થિતિ ભરત જેવી થઈ. ગોરક્ષ અને મચ્છિંદ્ર બંને યોગીઓએ ક્ષિપ્રાનદી પાર કરી કચ્છ-ભુજ તરફ પ્રસ્થાન કર્યું. ગોરક્ષનાથના ગયા પછી ભર્તૃહરિ ક્ષિપ્રાનદીના કિનારે રહ્યા. સ્થાનિક લોકોને આ અમૂલ્ય લાભ મળ્યો. પ્રધાન આદિ લોકોએ રાજાને નગરમાં આવવા વિનંતી કરી. રાજાએ કહ્યું: ખોટો દુરાગ્રહ ન કરશો. અહીંયાં જ મારા માટે ગુફા બાંધો. અમે અહીં એકાંતવાસમાં રહીશું. રાજાની દૃઢ ઈચ્છા જોઈ ત્યાં મજબૂત ગુફા બાંધવામાં આવી.

સદ્‌ગુરુથી જે સ્થળે વિદાય લીધી તે સ્થળે ગુફા બાંધવામાં આવી. ભર્તૃહરિ તપ માટે વનમાં ન જતાં ત્યાં જ રહ્યા આથી લોકોને પણ આનંદ થયો. તે સ્થળે ભર્તૃહરિએ પૂર્ણ યોગસાધના કરી. સાધના પૂર્ણ થયે તેઓ સ્વેચ્છાથી પરિભ્રમણ કરવા લાગ્યા. ઠેરઠેર તેમણે તપસ્યા કરી. તે સ્થળે ભાવિકોનો મેળો જામે છે. તે તે પ્રદેશના લોકોને તેમણે ધર્મમાર્ગે વાળ્યા. મુલાકાત લીધેલા સ્થળે તેમણે પોતાનાં સ્થાન સ્થાપિત કર્યાં. ભાવિકોને તેમણે દર્શન આપી તેમની ઈચ્છા પૂર્ણ કરી. ભર્તૃહરિએ સ્થાપેલા દરેક સ્થળે મેળા ભરાય છે. ભજન, ધૂન, ધ્યાન ઇત્યાદિના મહોત્સવ ઉજવાય છે.

ગૌડ બંગાલ દેશમાં જાલંધરનાથે ગોપીચંદને અમર કર્યો તેમ ગોરક્ષનાથે ભર્તૃહરિને વિશિષ્ઠ રીતે અમર કર્યો. બંને યોગીઓ હજુ પણ ભારતભૂમિમાં આનંદથી વિદ્યમાન છે. સદ્‌ગુરુનો મહિમા મોટો છે અને તેને યથાર્થ રીતે કોઈ પણ જાણી શક્યું નથી. તેઓ શરણાગતને તારે છે અને પોતાની જેમ જ અમર કરે છે. શ્રીસદ્‌ગુરુ દત્ત દિગંબરે આ સુંદર ચરિત્રનું નિરૂપણ કર્યું છે અને હજુ પણ કરશે. તેની લીલા અપરંપાર છે. "શ્રીદત્તપ્રબોધ" નામનો આ ગ્રંથ સાક્ષાત્ દત્તસ્વરૂપ જ છે. તે અવિનાશ જગતના ઉદ્ધાર માટે પ્રગટ્યો છે. તે સિદ્ધોને, યોગીઓને, ભક્તોને માટે પ્રગટ જ છે. આ રહસ્ય જાણીને અનંતસુત (કાવડીબુવા) સંતોની સેવામાં રત થયો છે.

॥ ઈતિ ત્રિચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૪૪

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

સદ્‌ગુરુ દત્તસમર્થ, તને મારા પ્રણામ. તું જ્ઞાનસમુદ્ર, ત્રિતાપહર્તા, સર્વજ્ઞ, સર્વકર્તા અને મધુર કથા કથન કરનાર છે. તારા મધુર ચરિત્રને શ્રવણ કરવા શ્રોતાઓ આદર સાથે ઉત્સુક થયા છે. તેઓ રસપૂર્ણ વિવેચનની પ્રતિક્ષા કરે છે. હે સ્વામી અવધૂત, તેમના મનોરથ પૂરા કરવા સ્વચરિત્રનું વિવેચન કર. તેવી પ્રાર્થના આ દીન કરે છે.

ગત તેંતાલીસમા અધ્યાયમાં ભર્તૃહરિને યોગદીક્ષા મળી. મચ્છિંદ્ર અને ગોરક્ષે ક્ષિપ્રાનદી પાર કરી કચ્છ-ભુજ પ્રદેશ તરફ પ્રસ્થાન કર્યું. ત્યાં તેઓ મૂળ સ્થળે નિવાસ કરવા લાગ્યા.* ત્યાં ગોરક્ષનાથે તપસ્યા કરી આદરપૂર્વક ગુરુસેવા કરી સંપ્રદાયને દૃઢ કર્યો અને વધાર્યો. અનેક લોકોને ધર્મમાર્ગે વાળ્યા. તેમના દુઃખનું નિવારણ કરી સુખ આપ્યું. નાથસંપ્રદાયમાં ગોરક્ષનાથનું અનેરું આદરપાત્ર સ્થાન છે. ગોરક્ષનાથે ગુરુની આસન પર સ્થાપના કરી સંપ્રદાયના લોકોને તેમની સેવામાં જોડ્યા. ગોરક્ષનાથે ગુરુની આજ્ઞા લઈ ઉત્તર તરફ પ્રયાણ કર્યું.

ઉત્તરનો પંથ કઠણ હતો પરંતુ યોગીઓ કાંઈ સુંવાળા રસ્તા પર જ ચાલતા ટેવાએલા નથી હોતા. સિદ્ધિ તેમની સેવામાં હાજર હોય છે અને કામધેનુ તેમનું પોષણ કરે છે. દેવતીર્થસ્થાનોની મુલાકાત લેતા, યોગીઓ, સિદ્ધોનાં દર્શન કરતા આગળ વધ્યા. સાગરનું સ્નાન કર્યું અને મેરુની પ્રદક્ષિણા કરી. દ્વિપ-દ્વિપાંતરોને જોતાં જોતાં (કૈલાસ) માનસસરોવર આવી પહોંચ્યા. ત્યાંનું રમ્ય પર્યાવરણ જોઈ મન પ્રફુલ્લિત બન્યું. ત્યાંથી જંગલ, પર્વત ઓળંગીને પૂર્વકિનારાના સમુદ્રમાં આવી સ્નાન કરી પૃથ્વીને પાર કરી.

ગૌડ બંગાલ દેશમાં જઈ કામાક્ષી દેવીનાં દર્શન કર્યા. ત્યાં નાથસંપ્રદાયનો મહિમા વધારી લોકોને ભક્તિમાર્ગે વાળ્યા. કેટલાકને યોગમાર્ગરત કર્યા અને અસંખ્ય લોકોનો ઉદ્ધાર કર્યો. ત્યાં સંસ્થાગત અધિષ્ઠાનની સ્થાપના કરી વહીવટ માટે સેવકોનું આયોજન કર્યું. બધાને ઉપાસનારત કરી દક્ષિણ તરફ ગમન કર્યું. અનેક પ્રદેશ પાર

---

* કચ્છમાં ભુજથી ૮૦ કિ.મી. દૂર કાળા ડુંગર સ્થળ આવ્યું છે. અહીં દત્તનું સ્થાન છે. અહીં હજુ પણ બપોરે શિયાળને ભોજન આપવામાં આવે છે. જેઓ બૂમ પાડતા બપોરે ૧૨=૦૦ વાગે જંગલમાંથી અચાનક પ્રગટ થાય છે.

કરી રામેશ્વર શિવલિંગનાં દર્શન કરી મહારુદ્રનાં દર્શન કરી લંકાની મુલાકાત લીધી. ત્યાં ભિક્ષા ગ્રહણ કરી સમગ્ર લંકાનું નિરીક્ષણ કર્યું.

શ્રીલંકામાં ચિરંજીવ વિભીષણને મળી પરસ્પર દર્શન કર્યાં. તેમની સાથે સત્સંગ કર્યો અને સુવેળા, નિકુમ્બળાને જોઈ ગોરક્ષ સાગરતીર પર આવ્યા. સાગર પાર કરી ત્વરિત ઋષ્યમૂક પર્વત પર આવીને કિષ્કિંધા જોઈ પશ્ચિમકિનારાના માર્ગે આગળ વધ્યા. અનેક તીર્થક્ષેત્રો જોતાં વૈખરીથી ગુરુમહિમાનું ગાન કરીને જ્યાં યોગ્ય લાગે ત્યાં સુખપૂર્વક નિવાસ કરતા. આમ સુખપૂર્વક તીર્થયાત્રા કરતા ગોરક્ષનાથ મહાબળેશ્વરક્ષેત્રે આવી પહોંચ્યા. ત્યાં તેમની મુલાકાત શિષ્યોસહિત ચર્પટનાથ સાથે થઈ.

ચર્પટનાથ સાથે ઊભા રહી ગોરક્ષનાથે 'અલખ' એમ ઉદ્‌ઘોષ કર્યો. શબ્દ સાંભળીને ચર્પટનાથે ધ્યાન વિસર્જન કર્યું. "આદેશ" એમ પ્રતિવચન કહી ગોરક્ષનાથને વંદન કર્યા. પ્રેમાલિંગન આપ્યું અને બંને યોગીઓ પરસ્પર ભેટ્યા. આત્મીય સંગોષ્ટિ થઈ પરસ્પર કુશળ વર્તમાન અંગે પૂછપરછ થઈ. ચર્પટનાથે હાથ જોડી ગોરક્ષનાથના કુશળ પૂછ્યા. તેણે વિનંતીના સ્વરમાં કહ્યું: હે સદ્‌ગુરુ, મારી દીનની યાદ આવે છે? પ્રત્યક્ષ મુલાકાત માટે હું ક્યારનોય તલપાપડ થાઉં છું. આપની આજ્ઞા મને શિરસાવંદ્ય હોવાથી તેનું ઉલ્લંઘન કરી ન શકાય. સદ્‌ગુરુની હું ચાતક પ્રમાણે રાહ જોઉં છું. રાતદિવસ તમને યાદ કરું છું. અકસ્માત તમે આવ્યા. તમને જોઈને મને સમાધાન થયું. હવે મને સદ્‌ગુરુનાં ચરણોનાં દર્શન કરાવો.

ગોરક્ષનાથે જવાબ આપતાં કહ્યું: સદ્‌ગુરુનાં ચરણોનાં દર્શન ટૂંક સમયમાં કરીશ. ઈતર યોગીઓએ કહ્યું: ચર્પટનાથને ધન્ય છે. તેના સહવાસમાં હંમેશાં સુખ મળે છે. ચર્પટે કષ્ટો સહન કરી અમને પૂર્ણ સુખ આપ્યું અને યોગની સાધના કરી. વાણી દ્વારા તેણે સદ્‌ગુરુભજન કરી પુષ્કળ જીવોને પાવન કર્યાં. ચર્પટ, શાંત, દાંત, વિરક્ત, નિઃસ્પૃહ

અને નિઃસંગ છે. યોગીઓનાં વચનો સાંભળી ગોરક્ષને આનંદ થયો. ગોરક્ષનાથે ચર્પટને કહ્યું: યોગસાધનામાં તને ખૂબ જ પરિશ્રમ થયો. તું થાકી ગયો. હવે તું મારી સાથે ચાલ. ગોરક્ષનાથનાં વચન સાંભળી ચર્પટને ખૂબ જ આનંદ થયો. તે તરત જ ગોરક્ષનાથને પગે પડ્યો. ગોકર્ણ મહાબળેશ્વરનાં દર્શન કરી તેમણે ત્યાંથી પ્રસ્થાન કર્યું.

અનેક પ્રદેશોની મુલાકાત લેતા તેઓ ઠેકઠેકાણે જ્ઞાનવાર્તા, શાસ્ત્રોક્ત નિરૂપણ, આગમોક્ત વિવરણ કરતા મલ્યાળ દેશમાં આવી પહોંચ્યા. નગર બહારના રાજદૂતોએ રાજા મીનનાથને સમાચાર પહોંચાડ્યા કે નગર બહાર યોગીવૃંદ આવી પહોંચ્યું છે. મીનનાથ સત્વર સામૈયું કરવા નગર બહાર આવ્યો. યોગીવૃંદને જોતાં જ તેણે પગપાળા ચાલવાનું શરૂ કર્યું. નજીક આવતાં જ તેણે ગોરક્ષનાથને "આદેશ" કહી દંડવત્ પ્રણામ કર્યા. ગોરક્ષનાથે તેને પ્રેમથી ઊઠાડી આલિંગન આપ્યું. મીનનાથ ધ્રૂસકે ધ્રૂસકે રડતો હતો. ગોરક્ષનાથે તેને શાંત કર્યો. ગોરક્ષે અલગ અલગ યોગીઓની ઓળખાણ કરાવી. તેણે પૃથક્ પૃથક્ સર્વને વંદન કર્યા. સર્વ યોગીઓને ઉત્તમ સ્થળે નિવાસની વ્યવસ્થા કરી.

મીનનાથ યોગીજનોનું નિત્ય પૂજન કરતો અને ઈચ્છિત ભોજન આપી તેમની સાથે નમ્ર ભાષણ કરતો. રાજાનો અતિથિસત્કાર જોઈ યોગીઓનું મન પ્રસન્ન થયું. તેઓએ આશીર્વાદ આપતાં કહ્યું: તમારી સેવા સફળ થાવ. યોગીનાથોની અભયવાણી સાંભળી મીનનાથે સર્વને વંદન કર્યાં. ગોરક્ષનાથને પણ નમ્રવચનો સાંભળી પ્રસન્નતા છવાઈ. ચકાસણી કરવા ગોરક્ષનાથે સર્વ યોગીઓ તરફ જોઈ મીનનાથને પ્રશ્ન પૂછ્યો: અરે, આ રાજવૈભવ કોનો છે? મીનનાથ એ મચ્છિંદ્રનો શાંત, સુજ્ઞ, પરમ સુશીલ, ચતુર, વિવેકી અને પ્રેમળ પુત્ર હતો.

મીનનાથે હાથ જોડી ઉત્તર આપતાં કહ્યું: હે સ્વામી દયાઘન, આ દાસનાં વચનો સાંભળો. અહીંના રાજા સદ્‌ગુરુ છે. આ સર્વ વૈભવ

મચ્છિંદ્રનાથનો છે. આ શરીર તેમનું આજ્ઞાંકિત છે. તેમની સેવામાં હું કાર્યરત છું. હું રાજ્યકર્તા નથી, ઉપભોક્તા નથી. સર્વ સત્તા સદ્‌ગુરુની છે. કર્તા, કરાવનાર તે જ સમર્થ છે. આ સર્વ સામ્રાજ્ય સદ્‌ગુરુનું જ છે. હું કાયા વાચા મનથી તેમનો સેવક છું. હું અસત્ય બોલતો નથી. હું તમારો પણ દાસ છું. તમારી આજ્ઞા શિરસાવંદ્ય કરી રાજ્યની ધૂરા હાથમાં લીધી છે. તમારાં ચરણો પ્રતિ ચાતકદૃષ્ટિ રાખી પ્રતીક્ષા કરું છું.

મીનનાથ ભાવ પ્રગટ કરતાં કહે છેઃ મારો અકસ્માત ભાગ્યોદય થયો છે અને આપનાં ચરણનાં દર્શન થયાં છે. આપ અને સદ્‌ગુરુ (મચ્છિંદ્રનાથ) બંને મને વંદનીય છો. આપના ચરણોના દર્શન કરતાં જ મનમાં આનંદ ઉલ્લાસ મહેંકી ઊઠે છે. મારી આપના ચરણે વિનંતી છે કે મને સદ્‌ગુરુચરણની પ્યાસ લાગી છે. તે ચરણોનાં સત્વર દર્શન કરાવો. તેમની સેવા ખંતથી કરીશ. બીજી મને કોઈ ખ્વાઈશ નથી. આ રાજ્ય, છત્ર, સિંહાસન, વૈભવ, સંપત્તિ, ધનભંડાર તમતમારે સંભાળો. આપ મને અહીંથી છોડાવો. આ રાજકારભાર મને સદ્‌ગુરુચરણ વગર મહત્ત્વનો લાગતો નથી. આ સર્વ પ્રપંચ મિથ્યા માયિક છે. સત્યસાર સદ્‌ગુરુપદ છે. તેમની સેવા હું કરીશ. આ બધું તમે સંભાળો, જેને સોંપવાનું હોય તેને સોંપો. મને દીનને તમારી સાથે લઈ જાવ અને સ્વામીચરણોનાં દર્શન કરાવો.

મીનનાથે ગોરક્ષનાથની પ્રાર્થના કરતાં મીનનાથના અષ્ટ સાત્ત્વિક ભાવો જાગ્રત થયા. તેણે ગોરક્ષચરણોમાં માથું મૂક્યું. તેની નમ્રતા જોઈ ગોરક્ષનાથે કહ્યુંઃ મીનનાથની ભક્તિને ધન્ય છે. ઈતર યોગીઓ ગોરક્ષને કહેવા લાગ્યાઃ હે યોગીરાજ, મીનનાથની મનોકામના પૂરી કરો. આ સાચો સદ્‌ગુરુભક્ત છે. તેને શાંતિ પ્રદાન કરી અભય આપો. આ બધું જોઈ ગોરક્ષનાથનું અંતઃકરણ પણ દ્રવ્યું. ગોરક્ષનાથે તેને

પ્રેમથી ઊઠાડ્યો અને સપ્રેમ આલિંગન આપ્યું. ગોરક્ષનાથે વાત્સલ્યથી તેના પર હાથ ફેરવતા કહ્યું: બેટા, મારી વાત સાંભળ. તારું મન ઉદાસ થવા ન દઈશ. મેં તારા અંતઃકરણને ઓળખ્યું છે. તું સદ્‌ગુરુચરણે તત્પર છે.

ગોરક્ષનાથે વધુમાં કહ્યું: તને સંસારનો કોઈ પણ વિકારબંધન નહીં કરાવે. તું નિશ્ચલ રીતે નિર્ભય રહે. આ રાજય, સિંહાસન, છત્ર, સંપત્તિ, વૈભવ સદ્‌ગુરુનું સમજી તેનું જતન કર. તેમ કરતાં તને કોઈ દોષ નહીં લાગે. જયારે તું એમ કહે છે કે સર્વસ્વ સદ્‌ગુરુનું છે તો તું તેમનાથી જુદો છે? જીવભાવે આ બધું સંભાળતાં સદ્‌ગુરુની સેવા જ થાય છે. એક બીજું સૂચન કરું છું તેને ધ્યાનમાં રાખી વર્તજે. જે જે કામ દેહ, મનથી કરીશ, ઉપભોગ લઈશ, અનેક પ્રકારના વ્યવહારો આચરીશ તે બધા સદ્‌ગુરુને અર્પણ કરજે.

ગોરક્ષનાથે વિગતવાર સમજાવતાં કહ્યું: હંમેશાં કામ કરતાં, જતાં, આવતાં, શયન કરતાં, ભોજન કરતાં "સર્વ સદ્‌ગુરુને અર્પણ" તેવી મનમાં ભાવના રાખ. આ જ મુખ્ય સાધનનો ઉપયોગ કર. આ પ્રમાણે આચરણ કરતાં તને કોઈ પણ દોષ લાગશે નહીં. આ જ તારા માટે સદ્‌ગુરુની સેવા છે. આ સેવામાં ખંડ પડવા દઈશ નહીં. તને સદ્‌ગુરુનાં દર્શન અવશ્ય થશે. તેં સમર્થ સદ્‌ગુરુને સર્વ સમર્પણ કર્યું હોવાથી તેમને અવશ્ય તારી કાળજી છે. તું હવે શાંત ચિત્તથી કાળ નિર્ગમન કર. મીનનાથને ગોરક્ષ દ્વારા અભય મળતાં જ તેણે ગોરક્ષચરણોમાં વંદન કર્યા. વિનંતીના સ્વરમાં તેણે કહ્યું: હે કૃપાદયાળ, મારી ઉપેક્ષા ન કરશો.

ગોરક્ષનાથે ઉત્તરમાં કહ્યું: અમે કદી પણ તને ભૂલીશું નહીં. તું સદ્‌ગુરુના સામ્રાજયની કાળજી રાખ. અમે સદ્‌ગુરુ પાસે જઈ તારો સંદેશો અવશ્ય પહોંચાડીશું. તે કૃપાનિધાન તને અવશ્ય આવી મળશે.

આ પ્રમાણે મીનનાથને આશ્વાસન આપી ગોરક્ષનાથે સત્વર ત્યાંથી પ્રયાણ આદર્યું. મીનનાથે સર્વને નમસ્કાર કરી વિદાય આપી. ચર્પટનાથ અને બીજા યોગીઓ સાથે ગોરક્ષે ત્યાંથી પ્રસ્થાન કર્યું. સ્વકર્મસાધનમાં રત રહી રસ્તામાં જ્ઞાનગોષ્ઠી કરતા શરણાગતોને બોધ આપી અભેદપણે વર્તન દાખવી તેઓ પશ્ચિમ સમુદ્રે આવી પહોંચ્યા. અનેક વનોપવનને પાર કરતાં તેઓ એક રમ્ય સ્થળે પહોંચ્યા. ત્યાં તેમણે મઠ સ્થાપ્યો. હજુ પણ લોકો તે સ્થળની મુલાકાત લે છે. અહીં જ ગોરક્ષનાથનો નિવાસ છે અને યોગીસમૂહ ત્યાં તપ કરે છે.

સર્વ સિદ્ધોથી વીંટળાઈ ગોરક્ષ મહાયોગી ત્યાં અનેક પ્રકારની યોગસાધના કરે છે. ભૂચરી, ખેચરી ઇત્યાદિ મુદ્રાઓનો આશ્રય લઈ યોગાનંદમાં રમમાણ રહેતાં કદી તેઓ ત્રિશૂળ પર પલાંઠી વાળી આસન લગાવતા. કદી જમીનથી અદ્ધર આસન પર હવામાં જપમગ્ન રહેતા. કદી શીર્ષાસન, કદી પદ્માસન, કદી અધરાસન સાધી ચોર્યાસી આસનોનો આશ્રય લઈ યોગસાધના કરતા. અનેક પ્રકારની યોગસિદ્ધિ તેમણે બતાવી. સર્વ સિદ્ધિઓ તેમને વંદન કરી તેમની સેવામાં હાજર રહેતી.

યોગીઓએ અહિંસા સિદ્ધ કરી હોવાથી ગોરક્ષનાથની આસપાસ શિયાળ, વરુ, વાઘ અને હરણો વેર ભૂલી મૈત્રીપૂર્વક રહેતા. હિંસ્ર પશુઓ ગોરક્ષની આજ્ઞાનું પાલન કરતા. તેઓ ઊઠ કહેતાં ઊઠતા અને બેસ કહેતા બેસતા. બીજી ગોરક્ષનાથની એ રીત હતી કે તેઓ ભિક્ષા માટે ક્યાંય જતા નહીં અને કોઈ પાસે માંગણી પણ કરતા નહીં. તેમ છતાં તેમની ભિક્ષાની વ્યવસ્થા થતી. ગોરક્ષનાથ એ શંકરનો અવતાર, યોગમુગટમણિ, યોગસિદ્ધિનો સ્વામી અને મચ્છિંદ્રનાથનો વિશેષ ભક્ત. જગતના ઉદ્ધાર માટે આ શિવવિષ્ણુના અવતાર ગુરુશિષ્યરૂપે સર્વ પર સત્તા ચલાવતા વિરક્તપણે જગતમાં વિચરણ કરતા હતા. તેઓ કોઈ પણ વસ્તુની અપેક્ષા રાખ્યા વગર શરણાગતનાં બંધનો તોડતા.

યોગીદ્વય સ્વસામર્થ્યથી અઘટિત પરિણામો કરાવીને જગતમાં સ્વમહિમા પ્રગટ કરાવતા. મહાતપસ્વી પોતાની ઝોળી અને દંડને આજ્ઞા કરતા અને તે ઝોળી દંડો કોઈ પણ મનુષ્યસહાય વગર મલ્યાળદેશમાં દરેક ઘરની સામે બપોરે આવી પહોંચતો. જે કોઈ ઝોળીમાં ભિક્ષા આપે તે પછી તે ઝોળી આગળ વધતી. ઝોળી ભરાઈ જાય એટલે તે ગોરક્ષનાથ પાસે પાછી આવતી. રોજ આજ્ઞા થતાં ઝોળી અને દંડ ભિક્ષા માગવા પ્રસ્થાન કરતા અને ઝોળી ભરાય એટલે તે પાછી પોતાને સ્થાને આવી જતી. નિર્જિવ ઝોળી દંડ પાસેથી કામ લેવાની ગોરક્ષનાથની આ શક્તિ ખરેખર અદ્‌ભુત કહેવાય. સર્વ સિદ્ધો આ ચમત્કાર જોઈ આશ્ચર્ય પામતા.

ગોરક્ષનાથ પર્વતશિખર પર તપશ્ચર્યારત હતા. તે તપ અંતર્ગત તેમણે સર્વ વનસ્પતિનું આવાહન કર્યું. સર્વ વનસ્પતિ ત્યાં હાજર થઈ. ગોરક્ષે તેમને આજ્ઞા કરી કે આ પર્વત પર જ વાસ કરો. આ પર્વત છોડીને જશો નહીં. યોગીઓ અહીં ખેલ ખેલશે. વનસ્પતિઓએ ત્યાં અત્યાર સુધી નિવાસ કર્યો છે. ગોરક્ષનાથે તેમના પર અનેક રસક્રિયા કરી. વનસ્પતિ ઔષધિનું સંયોજન કરી અનેક નવી ધાતુનું નિર્માણ કર્યું. સર્વ ક્રિયા સિદ્ધ કરી અનુભવ લઈ ગ્રંથની રચના કરી. યોગીઓને પેટ ભરવાની ચિંતા રહેતી હોય છે. આથી ઉદરપૂર્તિ વગર યોગસાધના કરી શકાય તેવી વનસ્પતિ શોધી. (કાળિયો કંદ નામની વનસ્પતિથી અનેક દિવસો સુધી અન્ન વગર રહી શકાય છે જે ગિરનારના જંગલોમાં ઉપલબ્ધ છે.)

ગોરક્ષનાથનો હેતુ એ જ હતો કે સાંસારિક લોકોની સહાય વગર યોગી લોકો પેટની ચિંતા વગર સાધના કરી શકે. આ યોગધન સાંસારિક લોકોને માટે ઉપયોગી નથી. જેમના પર યોગસિદ્ધોની કૃપા હોય છે તેઓ જ આ માર્ગ ગ્રહણ કરી શકે છે. ગોરક્ષનાથે અપાર

કાવ્યોની રચના કરી છે. તે અનુસાર ક્રિયા કરતાં ફળપ્રાપ્તિ થતી નથી. તેને માટે ગુરુકૃપા જોઈએ અને રહસ્યમય અર્થ જાણવો જોઈએ. મૂર્ખ લોકો તે રહસ્યને ન જાણતાં વ્યર્થ પ્રયત્નો કરે છે. તેમની ક્રિયા સફળ થતી નથી. જેઓ ગુરુસેવા કરી તેમનો પ્રસાદ પ્રાપ્ત કરે છે તેમની ક્રિયા સફળ થાય છે.* ઘણા ઓછા સાધકો હોય છે જેઓ ગુરુસેવા કરી રહસ્ય સમજી કાર્ય સાધે છે.

ગુરુકૃપાંકિત યોગસાધકો રહસ્યને આત્મસાત કરી સિદ્ધિ મેળવે છે. આ રહસ્યને તેઓ કોઈને પણ બતાડતા નથી. કાર્યસફળતા સાધી ઉત્તમ ફળ મેળવી અપ્રગટ રહે છે. (મંત્રયોગમાં તેના ૧૬ અંગોમાં ગુપ્તિ એક અંગ છે. તેમાં મંત્ર (કે સાધના કે ક્રિયા)ને બીજાથી ગુપ્ત રાખવો તે છે.) રિદ્ધિ સિદ્ધિનું રહસ્ય ફક્ત યોગીજનો જ જાણે છે. જે રીતે ભસ્મમાં અગ્નિ ગુપ્ત હોય છે તેવી જ રીતે તેવા યોગીઓ સમાજમાં રહેવા છતાં અપ્રગટ હોય છે. તેઓ બાહુકની જેમ વિચરી પોતાનું માહાત્મ્ય પ્રગટ કરતા નથી. જગતમાં જિજ્ઞાસુઓની આકરી કસોટી કરી તેમાં જે ઉત્તીર્ણ થાય તેના ઉપર પ્રસન્ન થઈ અમૂલ્ય દાન આપે છે. આવા યોગીઓ માટે ગોરક્ષનાથે આ રસાયણક્રિયા નિર્માણ કરી. સંસારી લોકોને તે દેખાતી નથી. ફક્ત યોગસિદ્ધો જ તેને જાણી શકે છે. ગોરક્ષનાથે જ્યાં રસાયણક્રિયાના પ્રયોગો કર્યા તે સ્થળ ગોરખપર્વત (ગિરનાર પર્વત) નામે ઓળખાય છે.

ગોરખટેકરી (ગોરખટૂંક ગિરનાર)માં લોકો અમૂલ્ય વનસ્પતિ મેળવવા પુષ્કળ પરિશ્રમ ઊઠાવે છે. એક વખત ગોરક્ષનાથને વિચાર આવ્યો કે આ વનસ્પતિ તો પુરાતનકાળથી છે. આ બધી વનસ્પતિમાંથી એક નવી જ વનસ્પતિ નિર્માણ કરવાની છે. સર્વ વનસ્પતિનો રસ

---

* કથે જ્ઞાન અરુ ક્રિયા સિખાવે પકડ દસ્ત સલૂના... પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ.

કાઢી વિશેષ દિવ્ય ધાતુ નિર્માણ કરી. તેનાં છોતરાં ગોટલાંમાંથી નાખી દેવાનો કૂચો પડી રહ્યો. તે કૂચો સડીને તેમાંથી વાસ આવતી હતી. ત્યારે તે બધી વનસ્પતિ હાથ જોડીને ગોરક્ષનાથને વિનંતી કરવા લાગીઃ હે સમર્થ યોગી, રસક્રિયા કર્યા પછી તમે અમારો ત્યાગ કરો છો તે યોગ્ય નથી. યોગીએ જેને હાથ લગાડ્યો તેની ઉન્નતિ થવી જોઈએ. ગોરક્ષનાથે તે વિનંતી સાંભળી અને તેમણે કહ્યુંઃ મારા મનમાં આ જ વિચાર હતો.

ગોરક્ષનાથે તે કૂચામાંથી રસ કાઢ્યો અને તેને જમીનમાં દાટી દીધો. ઉપર જમીન નાંખી પાણી સિંચતા રહ્યા. સંજીવની મંત્ર બોલી જળ પ્રોક્ષણ કર્યું. ત્યારે તેમાંથી એક વનસ્પતિ ઊગી નીકળી. તેનું નામ ગોરખ આમલી. (ગોરસ આમલી અપભ્રંશ.) તેમાં બધી જ વનસ્પતિઓનાં ગુણ આવી જાય છે. આમ વિવિધ રીતે ગોરક્ષનાથે અનન્ય લીલા બતાવી. આ રીતે સિદ્ધયોગી ગોરક્ષનાથ હંમેશાં પ્રસન્ન મનથી યોગસાધના કરતા. ભિક્ષા માટે કામધેનુ (ઝોળી દંડો) વસતીમાં મોકલી ભિક્ષા મંગાવી સર્વ સિદ્ધોને સંતુષ્ટ કરતા. પોતે તો મઠ છોડી ક્યાંય જતા નહીં. આમ અત્યાર સુધી ગોરક્ષનાથની કથા આપણે સાંભળી હવે આગળની કથા સાંભળો.

શ્રીદત્ત દિગંબર મૂર્તિ ગિરનાર પર્વત ઉપર આવી. અનેક સિદ્ધ યોગીઓ તેમને વીંટળાઈ વળ્યા. આત્મગોષ્ઠી, જ્ઞાનગોષ્ઠી શરૂ થઈ. સિદ્ધ યોગીઓ ગુરુ દત્તાત્રેયની મધુર વાણી શ્રવણ કરતા હતા. અનેક શાસ્ત્ર સિદ્ધાંતોનું રહસ્યોદ્‌ઘાટન થતું હતું. તે સમય દરમ્યાન આકાશમાં વાદળા ન હોવા છતાં જમીન પર તેનો છાંયડો દેખાયો. આકાશમાં કોઈ વસ્તુ જતી હતી. ગુરુ દત્તે પૂછ્યુંઃ યોગીજનો, પેલી વસ્તુ કઈ છે? વાદળાં તો નથી તો પછી આ છાંયડો કોઈ પક્ષીનો છે કે બીજી કોઈ વસ્તુનો?

યોગીજનોએ કહ્યું: ગુરુદેવ, તે વસ્તુ એટલે ઝોળી છે. મચ્છિંદ્રનાથ યોગીના શિષ્ય ગોરક્ષનાથની ઝોળી ભિક્ષા માગવા સ્વતઃ જાય છે. આ ગોરક્ષનાથની નિત્ય લીલા છે. આ જ સમયે તે ભિક્ષા માટે વ્યોમમાર્ગથી વસતીમાં જશે. લોકો તેમાં ભિક્ષા નાંખશે. ઝોળી ભરાઈ જાય એટલે પોતે થઈને ગોરક્ષનાથ પાસે આવશે. ગોરક્ષનાથ તે ભિક્ષાથી સિદ્ધોને જમાડશે. દત્ત ભગવાને ઈચ્છા પ્રગટ કરી: તેવા યોગીનાં દર્શન તો અવશ્ય કરવાં જ જોઈએ! તેના માટે એક યુક્તિ કરું છું. તે થકી તે સિદ્ધ યોગીનું અહીં આગમન થશે.

દત્ત દિગંબર એ સર્વાત્મક, અવિનાશ, સર્વજ્ઞ, યોગેશ્વર, માયાતીત નિર્વિકાર, સાકાર થઈ પરબ્રહ્મનું જ અવતરણ થયું. ષડ્ગુણસંપન્ન, સનાતન, વેદશાસ્ત્રોથી પણ અગમ્ય, જગતના ઉદ્ધાર માટે પ્રગટ થઈ જગતને પાવન કરે છે. તેમની દેવ, ઋષિ, ગંધર્વ, યક્ષ, કિન્નર, માનવ આદિ સ્તુતિ કરે છે. તેવા દત્ત ભગવાને આ યોગસિદ્ધિને જોઈ અને સિદ્ધિ દ્વારા પોતાના અહંને પોષવાનો હેતુ જોઈ મનમાં હસ્યા. ગોરક્ષના અહંકારને ચૂર કરવાની આ ઉત્તમ સંધિ છે તેમ ગુરુ દત્તને લાગ્યું. પ્રગટપણે તેઓ બોલ્યા: ગોરક્ષનાથના સામર્થ્યને ધન્ય છે. તેવા સમર્થ યોગીરાજનાં દર્શન થાય તેમ અમારી ઈચ્છા છે. આ હેતુની પૂર્તિ માટે હવે પ્રયત્ન કરવા પડશે.

દત્ત ભગવાને આકાશમાં ઊર્ધ્વ દૃષ્ટિ કરી અને ઝોળીને જોઈ આજ્ઞા કરી "નીચે આવી જા." શ્રીદત્ત ભગવાને આજ્ઞા કરતાં ઝોળી આકાશમાંથી નીચે ઉતરી અને દત્ત ભગવાનનાં ચરણો પાસે આવી ગઈ. બધા સિદ્ધોને આશ્ચર્ય થયું. ગોરક્ષનાથની ઝોળી તેમના વગર કોઈની આજ્ઞા માનતી ન હતી. દત્ત ભગવાને ફક્ત દૃષ્ટિ કરી અને સંકલ્પથી ઝોળીને નીચે લાવ્યા. શ્રીગુરુ દત્તના સામર્થ્યને ધન્ય છે. પરંતુ ગોરક્ષનાથ હઠીલા છે. તેમની ઝોળીને કોઈ બળજબરીથી નીચે

ઉતારે તો શું પરિણામ આવશે તેની કલ્પના થઈ ન શકે. શ્રી અત્રિનંદન દત્તે કહ્યું: તમે કોઈ ભય રાખશો નહીં. જે જે થાય તે જોતા રહો. આ ઝોળીને લીધે તમને ચમત્કાર જોવા મળશે. અવધૂતનાં વચન સાંભળી સર્વ યોગી શાંતિથી વેદાંતચર્ચા શ્રવણ કરવા લાગ્યા.

ગોરક્ષનાથે આશ્રમમાં જોયું તો ઝોળી ભિક્ષા લઈ પાછી આવી ન હતી. નિત્ય મુજબનો સમય થઈ ગયો હતો. તેઓ ચિંતાક્રાંત થયા. તેઓ વિચાર કરવા લાગ્યા કે આજે ઝોળી પાછી કેમ ન આવી? કયાં રોકાઈ ગઈ? તેમણે ધ્યાન લગાવી જોયું તો ઝોળી એક સ્થળે જમીન પર ઉતરી હતી. તેની આજુબાજુ અનેક સિદ્ધો વીંટળાએલા હતા. ત્યાં વેદાંતચર્ચા ચાલતી હતી. કદાચ ગોરક્ષનાથ કરતાં કોઈ ચઢિયાતો યોગી ત્યાં આવ્યો હશે જેણે ઝોળી નીચે ઉતારી હોવી જોઈએ. જો કે તેની શક્તિનું પરીક્ષણ તો કરવું જ પડશે. કોણે મારા સામર્થ્યને પડકાર કર્યો?

ગોરક્ષનાથે તેમના ચુનંદા શિષ્યો સાથે ઝોળીની શોધ માટે વ્યોમગમન કર્યું. શોધ કરતાં તેમણે ગિરનાર પર તેમની ઝોળી ઉતરેલી જોઈ. તેની બાજુમાં એક દિવ્ય યોગમૂર્તિ બિરાજમાન હતી અને સિદ્ધો તેમની આસપાસ બેઠેલા જણાયા. ગોરક્ષને મનમાં ક્રોધ આવ્યો કે આણે જ અટકચાળો કરી મારી ઝોળીને નીચે ઉતારી હશે. તેની તો ખબર લેવી જ પડશે. શ્રીદત્તાત્રેય સર્વજ્ઞ હતા. તેઓએ યોગીજનોને કહ્યું: જુઓ, જુઓ, યોગીરાજ ગોરક્ષનાથ તેમના શિષ્યો સાથે અંતરીક્ષમાંથી આવી રહ્યા છે. બધાએ નજર કરી તો વ્યોમમાર્ગથી ગોરક્ષનાથ અને તેમના શિષ્યો શિખર પર ઉતરતા હતા.

ગોરક્ષનાથ ઝડપથી દિવ્યમૂર્તિ પાસે આવ્યા જયાં ઝોળી પણ બાજુમાં પડી હતી. ગોરક્ષનાથ તો ઝગડવા આવ્યા હતા. પરંતુ દિવ્યમૂર્તિ નજીક આવતાં જ તેમની શીતળતા તેમને સ્પર્શી ગઈ. શાંતિ પમાડે

તે સંત. સંતનો બાહ્ય પહેરવેશ ગમે તેવો હોય, જેની નજીક જતાં આપણું મન શાંત થાય તે વિભૂતિ સંત હોય. દત્ત ભગવાન અનેક વેષે વિચરણ કરે છે. કદી બાળક સ્વરૂપે લીલા કરે છે, કદી ઉન્મત્ત-ગાંડાની જેમ વર્તે છે અને કદી પિશાચની જેમ વર્તન કરે છે. આમ હોવાથી ગોરક્ષનાથ શ્રીદત્તને ઓળખી શક્યા નહીં. આ દિવ્ય વિભૂતિ ભલે સંત હોય પરંતુ લૌકિક દૃષ્ટિએ ગોરક્ષનાથ ક્રોધાન્વિત થઈ આવ્યા હતા. આથી પીછેહઠ કરવી એ અહંકારને ઠેસ લાગવા બરાબર હતું. ગોરક્ષનાથે નાથપંથના સૂત્ર "આદેશ"નો ઉચ્ચાર ન કર્યો જે પોતાની ઓળખ આપવા જરૂરી હતું. હાજર યોગીઓમાં તે ક્રોધ કરી અવધૂતમૂર્તિને કઠોરપણે બોલ્યાઃ

એય, વિપરીત કર્મ કરનાર, તું કોણ છે? ક્યાં રહે છે? તારું નામ અને નિવાસ કથન કર. તારો વર્ણ કયો? કોણે તને દીક્ષા આપી? ઉપાસના પરંપરા કઈ? આચાર પદ્ધતિ કઈ? તારા માતાપિતા, આશ્રમ, પરિવાર, આપ્ત, વેદ, ગોત્ર, શાખા, મુદ્રા, આસન, વૃત્તિ, ધ્યાન કયું? તું ક્યાંથી આવ્યો અને ક્યાં જવાનો છે?

અવધૂતમૂર્તિએ ગોરક્ષનાથના અનેક પ્રશ્નો સાંભળ્યા પરંતુ તે બધા હૃદયમાં સંગ્રહી રાખ્યા. એક પણ સવાલનો જવાબ ન આપ્યો અને મૌન બેસી રહ્યા. સવાલના જવાબ ન મળવાથી ગોરક્ષ ચીડાયા. તેઓએ પુનઃ સવાલ કર્યોઃ હે યોગી, તમે શ્રેષ્ઠ હોવા છતાં કેમ બોલતા નથી? જો જવાબ આપવાની શક્તિ ન હોય તો ઝોળી ઉતારવાની હિંમત કેમ કરી? આ યોગીવૃંદ સમક્ષ બડાશ હાંકવા આ સાહસ કર્યું પરંતુ તમે મને ઓળખ્યો નથી. હું મહાન યોગી મચ્છિંદ્રનાથનો શિષ્ય ગોરક્ષનાથ છું. અમારો નાથપંથ ભગવાન શંકરથી શરૂ થાય છે. મેં ખડતર યોગને સિદ્ધ કર્યો છે.

ગોરક્ષનાથે પોતાની મહત્તા બતાવતાં કહ્યું: ગુરુ મચ્છિંદ્રની કૃપાથી મને સર્વ જ્ઞાન છે. સર્વ સિદ્ધિઓ મારી દાસી છે. હું જન્મમરણથી પર છું. આ બધી સદ્‌ગુરુની કૃપા છે. હું વેદ-વેદાંતના સિદ્ધાંતોને જાણું છું. હું આકાશમાં ગમન કરું છું. મારી પાસે અઘટિત યોગશક્તિ છે. અત્યાર સુધી મને પડકાર ફેંકનાર કોઈ મળ્યો નથી. આજે તમે મને પડકાર ફેંક્યો અને મારી ઝોળી અંતરીક્ષમાંથી નીચે ઉતારી. આ સમાચાર મને પ્રાપ્ત થતાં હું તરત જ અહીં દોડી આવ્યો. હવે મને કહે, શા માટે મારી ઝોળીને ઉતારી? મેં પૂછેલા બધા સવાલોના જવાબ આપ. તારું સામર્થ્ય બતાવ. તારા મહિમાનું વર્ણન કર.

ગોરક્ષના વચન સાંભળી અવધૂત હસ્યા. તેઓના મુખથી મધુર શબ્દો નીકળ્યા: હે યોગીરાજ, તમારો યોગ પ્રશંસનીય છે. તેનો ઉપહાસ કોણ કરશે? તમે પોતાને યોગમુગટમણિ કહેવડાવો છો. તમારી યોગચર્યા જોઈ લોકોને આનંદ થાય છે. તેઓના મુખથી તમારી પ્રશંસા સાંભળી અમારા મનમાં તમને મળવાની ઈચ્છા થઈ. અકસ્માત આકાશમાં ઝોળીનું ગમન જોયું. તેની સમક્ષ નજર કરતાં જ ઝોળીને અમારી ઈચ્છાની ખબર પડી અને તે અમારા પાસે આવી અને સ્થિર થઈ. તેણે અમને જાણ કરી કે ગોરક્ષનાથ અત્યારે જ તમને મળવા આવશે. તેના કહેવાથી અમને આનંદ થયો. તેની જ અસર તમારા હૃદયમાં થઈ અને તમારું સત્વર અહીં આગમન થયું.

અવધૂતમૂર્તિએ વધુમાં કહ્યું: તારા આગમનથી અમને હર્ષ થયો છે. આવતાંની સાથે તેં મને પ્રશ્ન પૂછ્યા છે. ખરેખર તું ચતુર અને દક્ષ છે. આ પ્રમાણે ગોરક્ષ સાથે વાર્તાલાપ કરી ગોરક્ષના મનમાં શું છે તે જાણવા માટે શ્રીદત્તે મૌન રહી શું થાય છે તે જોયા કર્યું. અગામી પ્રસંગમાં વાદ-વિવાદ ઊભો થઈ મોટો ચમત્કાર થવાનો છે. તે સુંદર કથામૃત સવિસ્તર શ્રવણ કરવું. સિદ્ધો અનેક ચમત્કાર સર્જે છે.

તેમને કોઈ પણ નિયમ હોતા નથી. આ પૃથ્વીને પાવન કરવા માટે ચૈતન્યમય આત્માઓ પ્રગટ થાય છે. તે મનોહર કથા ભાવાર્થથી શ્રવણ કરી ચિત્તને બોધ થાય છે અને સર્વ મનોરથો પૂર્ણ થાય છે.

શ્રીદત્ત-ગોરક્ષની લીલા જોવા સર્વ યોગીઓ પ્રતીક્ષા કરવા લાગ્યા. શું ચમત્કાર થશે તેની સર્વને ઉત્કંઠા થઈ. તે કથા અતિ સુરસ હોઈ સાવધાન થઈ તેનું શ્રવણ કરો. શ્રીદત્ત શાંત, ઉદાર, દયાળુ હોઈ દીનોદ્ધાર કરવા તેનું પ્રાગટ્ય થયું છે. પોતાના આચરણ દ્વારા બોધ આપી અહંકારનો નાશ કરી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે. આ સમર્થ દત્તદેવ સર્વ સિદ્ધોનો અધિપતિ હોઈ તેના ચરણે ભક્તિ કરીએ તો તે ભક્તોનો સંકલ્પ સફળ કરે છે. અનન્ય પ્રેમ જોઈ તે ભક્તોની ઈચ્છા પૂરી કરે છે. આનંદના કંદસ્વરૂપ શ્રીદત્તને સંતવૃંદ જાણે છે. તેમના ચરણોની સેવા કરવાથી તેઓ ભક્તોને સ્વાત્માનંદમાં સ્નાન કરાવે છે. વ્રત, તપ, દાન આદિ અનેક વિહિત કર્મો છે. પરંતુ સત્સંગ કે સત્સેવાની તોલે આવે એવું એકેય કાર્ય નથી.

વિવિધ દેવતા, તીર્થો, ક્ષેત્રો છે. તેમની પૂજા કરવાથી સંતસેવા પ્રાપ્ત થતી નથી. સંતચરણોનું માહાત્મ્ય શિવ, વિષ્ણુ જાણે છે. દેવોના દેવ પણ મનઃપૂર્વક સંતોની પૂજા કરે છે અને તેમ આચરનાર ઉપર સંતુષ્ટ થાય છે. ઈશ્વર પોતાના મુખે કહે છે કે તેનાથી પણ સંતો શ્રેષ્ઠ છે. સંતોની સેવા કરી એટલે મારી જ સેવા થઈ એમ તમે માનો. સંતો અને મારામાં બિલકુલ તફાવત નથી. સંતોના સેવકોને પણ હું પ્રાપ્ત થાઉં છું. અનેક ગ્રંથોમાં પણ આ જ વર્ણવ્યું છે. આથી મેં હૃદયમાં નિર્ધાર કર્યો છે અને સંતચરણે રત થયો છું. રાતદિવસ અનન્યભાવે હું સંતચરણે અહોભાવ રાખું છું.

સંતો મને ગમતી વસ્તુ આપે છે આથી હું વારંવાર આદરપૂર્વક હાથ જોડી સંતોને વિનંતી કરું છું કે આપની કૃપા થકી સુંદર વક્તવ્ય

થવા દો. હું દીન, રંક, પરંતુ સંતોનો દાસ છું. આથી તમે કૃપા કરો. હું તમારું બાળક છું. અનંતસુત સંતોનો દાસ હોઈ સંતો જ તેની ઈચ્છા પૂરી કરે છે. આથી દૃઢ મનથી હું તેમનો આશ્રય કરી વિનંતી કરું છું કે આપના ચરણે વિશ્રાંતિ આપો.

॥ ઈતિ ચતુશ્ચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૪૫

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

હે શ્રી વરમૂર્તિ, તું દિગંબર, સર્વેશ્વર, ઉદાર છે. તને છ હાથ, છ નેત્રો અને તું ષડ્‌ગુણસંપન્ન છે. હે ત્રિશૂલ ધારણ કરનાર, ભૂપતિ, ચક્રધારી, ઘનશ્યામ, દંડકમંડલુધારી, બ્રહ્મમૂર્તિ, તારો જયજયકાર. હે ભસ્મોદ્‌ધૂલિત શંકર, શેષાસન, પીતાંબરધારી, કમલોદ્‌ભવ, કમલાસન, ત્રિતાપ શમન કરનાર, ત્ર્યંબક, નાનારૂપ ધારણ કરનાર, દયાસિંધુ, કરુણાકર, અવિનાશ દત્ત, પરાત્પર, જગદુદ્ધારક, તારો જયજયકાર. તને નમસ્કાર. સર્વવ્યાપક, જગદ્‌ગુરુ, તારો જયજયકાર. તારો પાર આગમોને પણ લાગતો નથી. તું અમારો દાતાર છે. તારો કૃપારૂપી અભયહસ્ત અમારા પર મૂક. તારી કૃપાનો દીપ જો પ્રકાશમાન નહીં થાય તો વૈખરી સુરસ કથાને આગળ વધારશે નહીં. બુદ્ધિ ચાલશે નહીં, મન સ્થિર રહેશે નહીં. ખિસ્સામાં પૈસા ન હોય તો વ્યવહાર કેમ આગળ વધશે?

‘બી’ વગર ખેડૂતનો પાક કેમ તૈયાર થશે? તારી કૃપા વગર કોઈ પણ કાર્ય પૂરું થશે નહીં. આથી તારા ચરણે કરુણા વાંછું છું. સદ્‌ગુરુ દત્ત, તું દયાળુ છે. તું શરણાગતનો રક્ષક છે. શરણાગતની ઈચ્છા તું ત્વરિત પૂરી કરે છે. તું સ્નેહાળ અને ઉદાર છે. તારી આવી કીર્તિ સાંભળી લોકો તારી સ્તુતિ કરી પોતાનો મનગમતો વર માંગે છે. તું તેમને અપેક્ષિત વરદાન આપે છે. તું ઉદાર હોવાથી કૃપાદાન માટે હું તારા બારણે યાચક થઈ આવ્યો છું. તમારી કૃપાનો ધોધ વહાવશો એટલે કથાનો પ્રવાહ હું ચલાવીશ. અન્યથા હું મતિમંદ છું. દીપમાં અવારનવાર તેલ પૂરીએ એટલે દીપ પ્રકાશમાન રહે છે. અંધકારનો નાશ થાય છે. અનેક વસ્તુઓ દૃશ્યમાન થાય છે. માળીએ છોડવાને પાણી પાયું તો વનસ્પતિ તાજી દેખાય છે. તેમની વૃદ્ધિ થાય છે અને રસાળ ફળો આપે છે અને લોકોને તૃપ્ત કરે છે.

આ પ્રમાણે તારી કૃપા અમારા પર વરસે એટલે ગ્રંથ વધુને વધુ રસપૂર્ણ થઈ મનોરથો પૂરા થશે. અહીં સંત સજ્જનો, ભાવિક ભક્તો શ્રવણપાત્રો લઈ પ્રતિક્ષા કરે છે. તારું કથામૃત કર્ણને મધુર લાગતું હોઈ શ્રોતાઓને તે ગમે છે. શ્રોતાઓના કોડ પૂરવા તું વક્તાની ઈચ્છા પૂરી કર. તમે કૃપા કરી ગોરક્ષની કથા વર્ણવી. હે દત્ત દયાઘન, તેણે તમને અનેક પ્રશ્નો કર્યા. શ્રોતાઓએ પણ તે સાંભળ્યા છે. હવે શ્રવણાર્થીઓને તેની ભૂખ લાગી છે. તેમની ઈચ્છાપૂર્તિ કર. શ્રોતાઓ સાંભળોઃ ગોરક્ષના પ્રશ્નો સાંભળી દત્ત ભગવાને કોઈ પણ જવાબ ન આપ્યો. શ્રી દત્તાત્રેય ફક્ત તેમની તરફ જોઈ રહ્યા. શ્રીદત્તનું મૌન જોઈ ગોરક્ષનાથ ધૂંધવાઈને કહેવા લાગ્યાઃ કેમ મોં સીવીને બેઠો છે? જવાબ આપવાની હિંમત નથી તો ઝોળી ઉતારવાનું સાહસ કેમ કર્યું?

વીંછી ઉતારવાનો મંત્ર આવડે તે બૃહસ્પતિને જીતવા જાય અથવા શિયાળને ઘમંડ ચઢે અને સિંહ સાથે લઢવા જાય તે પ્રમાણે તેં મને

ન ઓળખીને મારી સાથે વેર બાંધ્યું છે. ઘેટું ઉન્મત્ત થઈ વાઘ સામે આવે અને તે મરણ પામે છે. વર્ષાઋતુમાં નાની જીવાત પાંખોના બળે બ્રહ્માંડ ઉપર ઝડપ મારવા જાય છે પરંતુ પવનના સૂસવાટામાં તેની પાંખો કપાઈને મૃત્યુ પામે છે તેવી જ તારી દશા થશે. મારા પ્રશ્નોનો ઉત્તર આપ. શરણે આવ્યો તો માફ કરીશ નહીં તો ખાખ કરીશ. ગોરક્ષનાં આવાં ઉગ્ર વચનો સાંભળી હાજર યોગીવૃંદ ભયથી કાંપવા લાગ્યું. તેમને થયું કે શું અજુગતું બનશે? દત્ત અવધૂત તો ઉગ્ર વચનો સાંભળવા છતાં શાંત જ હતા. તેમણે કોઈ ઉત્તર ન આપ્યો. જે પ્રમાણે ઘાસના તણખલાના પ્રહારથી પર્વત પર કોઈ અસર થતી નથી તેમ શ્રી અવધૂત પૂર્ણ શાંત, ધીરગંભીરપણે બેસી રહ્યા.

ગોરક્ષનાથે શ્રીદત્તને ક્ષુબ્ધ કરવા ફરી કહ્યું: અરે પાડા જેવા ડોબા, વિસ્ફારિત નેત્રે શું નીરખે છે? તને મચ્છરની જેમ મસળી નાંખીશ. વર્ષાઋતુમાં બધી જ વહેતી નદીનું જળ સાગરમાં ઠલવાય છે. સાગરનું પાણી માત્ર તે પાણીને લીધે ડહોળાતું નથી. તે જ રીતે શ્રીદત્ત નિશ્ચલ રહી ચિત્તમાં વિક્ષેપ ન લાવતાં ગોરક્ષ તરફ જોઈ રહ્યા. શ્રીદત્ત એક પણ શબ્દ બોલતા નથી તેથી ગોરક્ષ અતિ ક્રોધિત થયા. તેમણે હાથમાં ત્રિશૂળ લઈ મોટી ત્રાડ પાડી. તેમના નેત્રો ક્રોધથી લાલ થયાં. તેનું શરીર ક્રોધથી ધ્રૂજવા લાગ્યું. હાજર સિદ્ધો દીન થઈ જોઈ રહ્યા કે હવે કોઈ અઘટિત ઘટના બનવાની તો નથીને?

ઘણે દૂર ગોરક્ષનાથના ગુરુ મચ્છિંદ્રનાથ ધ્યાનમગ્ન હતા. ધ્યાનમાં તેમને કંઈક વિપરીત બનવાનું છે તેમ લાગ્યું. ગોરક્ષ ક્રોધાગ્નિમાં સળગી રહ્યો છે. કાળને કોળિયો કરશે કે અગ્નિને ભસ્મ કરશે કે ગોળ બ્રહ્માંડને સપાટ કરશે તેમ અંતરની આંખથી દેખાયું. તેમનું હૈયું હચમચી ગયું. તેઓ આસન પરથી ઊઠ્યા. ત્યારે ચપટિ હાથ જોડી પૂછ્યું: સ્વામી, મારી વાત સાંભળો. આજે ગોરક્ષની ઝોળી આશ્રમમાં પાછી આવી નથી.

ક્યાંક અટવાઈ છે. ઝોળીનો વિચાર કરી તે સિદ્ધોને લઈ ઘટનાસ્થળે ગયો છે. તે પૂર્વદિશામાં ગયો છે.

ચર્પટનું કથન સાંભળી મચ્છિંદ્રનાથ સત્વર પ્રસ્થાન માટે તૈયાર થયા અને તેમણે ચર્પટને કહ્યું: ચર્પટ તું સત્વર મારી સાથે ચાલ. કશું વિપરીત થાય તેમ મને લાગે છે. ગોરક્ષ અભિમાનમાં આંધળો થયો છે. તમોગુણ નાશને કારણરૂપ બને છે. આમ કહી બંને ક્ષણમાત્રમાં અંતરીક્ષમાર્ગથી ગિરનાર પર્વત પર આવી પહોંચ્યા. ત્યાં ત્રિગુણાત્મક અવિનાશમૂર્તિને જોઈ મચ્છિંદ્રને આનંદ થયો. તેઓ બોલ્યા: આ તો અત્રિનંદન જ છે. ભૂમિને પાવન કરવા તે આવ્યા છે. તેના મહિમાને ન ઓળખતાં ગોરક્ષે વ્યર્થ ઘમંડ કર્યો છે. કથીર (કલાઈ) કોઈ દિવસ કંચનની બરોબરી ન કરી શકે. કાગડો ગરુડ સાથે, બગલો રાજહંસ સાથે અને પથ્થર પારસમણિ સાથે બરોબરી કેમ કરી શકે? સૂર્યપ્રકાશમાં આગિયો જો કહે કે મારા જાજ્વલ્યમાન પ્રકાશમાં રાચો તે પ્રમાણે મને ગોરક્ષનો અહંકાર દેખાય છે.

મચ્છિંદ્રનાથે ગોરક્ષને સાવધ કરતાં કહ્યું: બાલિશતા કેમ ધારણ કરી છે? સાવધાન થા. તમોગુણનો ત્યાગ કરી આ અવિનાશ છે તે અચલ, અભંગ છે. તું અજ્ઞાનતાને લીધે તમોગુણથી કેમ વ્યાપ્ત છે? આનાથી શું ફાયદો મેળવીશ? આ સંઘર્ષ/વિરોધનો ત્યાગ કર. દ્વેષરૂપી દુષ્ટની સંગતિ છોડી દે. વિવેક રાખી નિર્મળ દૃષ્ટિથી જો. આ કોઈનાથી તૂટે/ફૂટે તેવો નથી. આ કોઈથી સંઘર્ષ કરનાર કે સંઘર્ષ મિટાવનાર નથી. તારા ભ્રમનો ત્યાગ કર. આ અવિનાશની હાર નહીં થાય. તેને હરાવી શકાય એવો મનમાં ઉચાટ શા માટે રાખે છે? ક્રોધને કાબૂમાં રાખ. મનને વિવેકથી શાંત કર અને પ્રેમભાવથી તેને ભેટી સત્વર લાભ કરી લે. મારું વચન તું માન. વચનનો અસ્વીકાર કરીશ નહીં. અવિનાશના રંગમાં રંગાઈને સુખસમૃદ્ધિ પામીશ.

મચ્છિંદ્રની વાણી સર્વ સિદ્ધોએ પણ સાંભળી. તેમને સંતોષ થયો. પરંતુ ગોરક્ષને તે ગમ્યું નહીં. સદ્‌ગુરુનાં વચન ન માનતાં ત્રિશૂળથી પ્રાણ લેવાનું તેણે નક્કી કર્યું. ગોરક્ષે ત્રિશૂળ ઊઠાવ્યું અને અવધૂતમૂર્તિની છાતીમાં એટલા જોરથી પ્રહાર કર્યો કે તે છાતીની આરપાર જઈ જમીનમાં ખૂંપી ગયું. બધા લોકો કહેવા લાગ્યાઃ શું છાતીમાં ઘા માર્યો કે ત્રિશૂળ છાતીની આરપાર નીકળી ગયું? પરંતુ ન તો લોહીનો ફુવારો છૂટ્યો કે સહેજ પણ ઉહંકારો દત્ત ભગવાનના મુખમાંથી નીકળ્યો. શ્રીદત્તની છાતી કોઈ પણ ઈજા કે ઘા વગર અક્ષત હતી. દત્ત ભગવાનની મુખમુદ્રા એકદમ શાંત હતી.

કેટલાકને લાગ્યું કે દત્ત અવધૂતે ઘા ચૂકવ્યો, પ્રહાર ચૂકવ્યો તેથી ત્રિશૂળ જમીનમાં ખૂંપી ગયું. સત્ય હકીકત એ હતી કે ત્રિશૂળ છાતીની આરપાર નીકળવા છતાં વાયુસ્વરૂપ શરીર હોવાથી તેમના શરીરને બિલકુલ ઈજા થઈ ન હતી. કોક વળી કહેતું હતુંઃ આ કેટલી ક્રૂરતા! ત્રિશૂળ છાતીની આરપાર નીકળી ગયું! ત્રીજાએ વળી મંતવ્ય વ્યક્ત કરતાં કહ્યુંઃ શ્રીદત્ત એ અવિનાશ પુરુષ છે. તેના શરીર પર કોઈ પણ શસ્ત્ર ઈજા ન પહોંચાડી શકે. ચોથાએ ટાપશી પૂરાવતા કહ્યુંઃ ધારદાર શસ્ત્ર આગળ શરીર લાચાર છે. એક ઘા (વાર) ચૂકવ્યો પરંતુ દરેક વાર સામે તો કોઈ પણ શરીર લાચાર જ છે! કોકને લાગ્યું કે અવધૂતની છાતીમાં મોટો ઘા થઈને લોહીના ફુવારા ઊડતા હશે. પરંતુ નજર કરતા શ્રીદત્તની છાતી તો પૂર્વના જેવી જ હતી. લોકોને ખબર ન પડી કે આ શો ચમત્કાર છે!

કોઈએ અભિપ્રાય વ્યક્ત કર્યોઃ શ્રીદત્તયોગી ચતુર, ચપળ છે. સમર્થ અને શક્તિશાળી! ગોરક્ષનું તેમની સામે શું ચાલશે? આ બધું સાંભળી ગોરક્ષનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. વાર ચૂકી જવાથી ગોરક્ષને ક્ષોભ થયો. દોડી જઈને ગોરક્ષ ત્રિશૂળ પાસે પહોંચ્યો. તેને જોસથી જમીનમાંથી

ખેંચી કાઢ્યું. એક વખત છાતીની સામે ત્રિશૂળ ભોંક્યું અને તે પીઠ તરફ ફંગોળાયું. હવે ગોરક્ષે તે જ ત્રિશૂળને પીઠ તરફથી એટલા ખુન્નસથી ભોંક્યું કે તે છાતીની બહાર સોંસરવું નીકળી ગયું. સર્વ જનોએ જોયું તો શ્રીદત્ત એકદમ શાંત બેઠા હતા. તેમના શરીરને નાનો ઉઝરડો પણ પડ્યો ન હતો.

બે વખતના પ્રહાર નિષ્ફળ જવાથી ગોરક્ષ અતિ ક્રોધાન્વિત થયો. ફરી તેણે ત્રિશૂળ હાથમાં ઊઠાવ્યું. મચ્છિંદ્રનાથે ગોરક્ષનું ગાંડપણ જોઈ તેને ચેતવણી આપતાં કહ્યું: ગોરક્ષ, મૂર્ખ થયો છે? હજુ અવધૂતમૂર્તિને ઓળખી નથી? આ અવિનાશમૂર્તિ આગળ તારું કંઈ પણ ચાલવાનું નથી. મનમાં વિવેક રાખ. તારા અહંકારને વશમાં રાખ. વિનય, પ્રેમ, ભક્તિભાવ ધારણ કર. આ દિવ્ય વિભૂતિ સર્વવંદ્ય, શ્રેષ્ઠ છે. તેમની સામે તારું કશું પણ ચાલવાનું નથી. વૃથા નિષ્ફળ પ્રયત્નો કેમ કરે છે? મારું કહ્યું માન. દ્વેષભાવ છોડી અંતઃકરણને શુદ્ધ કરી તેની સાથે સખ્ય કર. ગોરક્ષ તો વેરથી દુશ્મન જેવો વર્તાવ શ્રીદત્ત સાથે કરતો હતો. દુશ્મનને મિત્ર બનાવવા ગુરુ મચ્છિંદ્રનાથ કહેતા હતા. ગુરુને સર્વ સંપ્રદાયોમાં શ્રેષ્ઠત્વ આપવામાં આવ્યું છે. "ગુરોરાજ્ઞા હ્યવિચારણીયા" એમ કહ્યું છે. પરંતુ ષડ્રિપુ પૈકી ક્રોધ તે વિવેકને ભૂલાવી દે છે. આથી જ સાધકે, ભક્તે ક્રોધનો ત્યાગ કરવો જોઈએ.

મચ્છિંદ્રનાથ વધુમાં ગોરક્ષને સમજાવે છેઃ આ વિભૂતિ નિર્મળ, અદ્વય હોવાથી તે ક્યારેય મલિન થશે નહીં. સર્વજ્ઞ, શક્તિમાન હોવાથી તે કદી પણ સંતોષ પામશે નહીં. અવધૂતનું અંતઃકરણ અત્યંત કોમળ છે. તેની સાથે જીવભાવે પ્રેમ કર. પછી સુખ સુખ અને સુખ જ પ્રાપ્ત કરીશ. અભિમાન મહાન ઘાતક છે. અભિમાનને લીધે કેટલાંયની કીર્તિ ધૂળમાં મળી છે. વિષ્ણુનું મસ્તક ઊડી જઈ તેને અશ્વનું મસ્તક ચોંટ્યું. દક્ષ પ્રજાપતિને અભિમાન થયું અને શિવશંકરે તેનું મસ્તક

તોડ્યું. અભિમાન જેને તેને ભસ્મ કરે છે. આથી અભિમાનનો ત્યાગ કરવો ઘટે. હે ગોરક્ષ, તારા અહંકારને પૂર્ણ નષ્ટ કર અને અંતઃકરણના ક્રોધાગ્નિને બુઝાવી નાંખ. ચિત્ત શુદ્ધ થાય અને નમ્રભાવ કેળવીએ એટલે શત્રુ પણ મિત્ર થાય છે. મચ્છિંદ્રનાથના સોનેરી સૂચનોની ગોરક્ષ ઉપર કોઈ અસર ન થઈ. ગોરક્ષના મનમાં ઠાંસીને દ્વેષ ભરેલો હતો. પછી તો હારેલો જુગારી બમણું રમે તે હિસાબે ગોરક્ષે આડા, ઊભા, ત્રાંસા અનેક પ્રહાર કર્યા. દરેક પ્રહાર કર્યા પછી અવધૂતમૂર્તિ તો તેવી જ નિશ્ચલ, નિર્વિકાર, શાંત હતી.

સિદ્ધોએ ગોરક્ષના અભિમાનને નિષ્ફળ થતું જોઈ જોરથી હસીને કહ્યું: તારા સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા છે. તારું મન ભ્રાંત થયું છે. દત્તાત્રેય એ યોગીઓનો ઇંદ્ર છે. તેના પર કોઈ પણ પ્રહાર અથવા શસ્ત્રની અસર થઈ ના શકે. અહીં કઠોર થઈ કાંઈ ઉપજવાનું નથી. સર્વ પ્રાણી પદાર્થ સાથે શ્રીદત્ત આત્મવત્ વર્તે છે. તેને માટે પર (બીજો) એવો કોઈ શબ્દ નથી. ગોરક્ષે કડવાં વેણ કીધાં, મર્મસ્થળે ત્રિશૂળનો પ્રહાર કર્યો છતાં તેની શાંતિમાં જરાકે ખલેલ નથી. તે આનંદપૂર્ણ શાંત છે. આથી જ તે આનંદઘન કહેવાય છે. જે રીતે આકાશ નિશ્ચળ, નિર્મળ, અથવા પર્વત અઢળ હોય છે તેમ અવધૂત નિશ્ચળ, ચંદનની જેમ શીતળ છે. આ અનુપમ મૂર્તિ જીવોને તારવા માટે પ્રગટ થઈ છે. ગોરક્ષ પોતાને મોટો સમજી તેમના પર વિજય મેળવવા ઈચ્છે છે.

આકાશનું ચંદ્રબિંબ આગિયાના પ્રકાશમાં નષ્ટ થતું નથી. ખોબાભર પાણીમાં મેરુ પર્વત કેમ કરીને ડૂબશે? તે જ પ્રમાણે ગોરક્ષની જહેમતથી શ્રીદત્ત ક્રુદ્ધ થવાનો નથી. તે તો કૃપાદૃષ્ટિથી જ જોશે. શ્રીદત્ત એ ઉદાર, જ્ઞાની, ગુણગંભીર હોઈ ગોરક્ષ વૃથા મોટાઈ બતાડે છે. અગ્નિમાં ઘી પડતાં અગ્નિ પ્રજ્વલિત થાય છે અને આકાશને આંબવા ઊંચે ઊઠે છે તેમ સિદ્ધોનું વચન સાંભળી ગોરક્ષ પ્રલયાગ્નિની જેમ

ઉગ્ર થયો અને સિદ્ધો પ્રતિ તીક્ષ્ણ વાગ્બાણો છોડી કહેવા લાગ્યોઃ મારો મહિમા ન જાણીને તમે મને દોષી ઠરાવો છો. તેની શિક્ષા સ્વરૂપે તમારા હાડકાં રંગું છું અને તમાચા મારી ગાલને લાલ બનાવું છું. તમે જેનું ગૌરવ કરો છો તેને પ્રથમ શાસન કરું છું-રગદોળું છું. પછી તમારી ખબર લઈશ. તમે બધા મંદમતિવાળા હોઈ મારા સામર્થ્યની તમને કલ્પના નથી.

ઉપર પ્રમાણે ક્રુદ્ધ થઈ હાથમાં ત્રિશૂળ ઉઠાવી આરક્ત નેત્રો સાથે ધુંવાપુંવા થતો ગોરક્ષ શ્રીદત્ત તરફ દોડ્યો. આ વખતે પણ તે ત્રિશૂળ સાથે શ્રીદત્તની આજુબાજુ જમીન પર અથડાયો. તેના માથાને એટલો તે માર પડ્યો કે તેને મૂર્છા આવી. દૂરથી તો ગોરક્ષ નિષ્પ્રાણ જેવો જણાતો હતો. મચ્છિંદ્રનાથને દયા આવી. તેઓ ગોરક્ષની નજીક આવ્યા. ગોરક્ષ નિશ્ચેષ્ટ થયો જાણી ઇતર યોગીજનો ચિંતાક્રાંત થયા. હવે શું થશે? અજુગતું બનતું જોઈ મચ્છિંદ્રનું અંતઃકરણ હચમચી ગયું. તેમની આંખોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. તેમણે હૃદયોદ્‌ગાર કાઢ્યાઃ અરે, સિદ્ધ સાધનસંપન્ન, વિદ્યાકળાપારંગત, તેની તુલનામાં બીજો કોઈ પણ તપસ્વી આવી ન શકે. પરંતુ અભિમાન કરી તે બીજાને ઘાસનું તણખલું સમજવા લાગ્યો. તેના દર્પનું ખંડન કરવા જ આ પૂર્ણ અવિનાશનું અહીં પ્રાગટ્ય થયું.

મચ્છિંદ્ર વિચાર કરવા લાગ્યા કે ગોરક્ષે ક્રોધ કર્યો હોવા છતાં દત્ત ભગવાન એકદમ સહિષ્ણુ રહ્યા છે. શ્રીદત્તે કોઈ પ્રતિપ્રહાર કર્યો નથી. આમ દરેકને પોતાનું જ કર્મ આડે આવે છે કે મદદકર્તા થાય છે. રાવણે સીતાનું હરણ કર્યું. ઘમંડમાં તેણે સીતા પાછી ન આપી આથી તે કુળસહ નાશ પામ્યો. હિરણ્યકશ્યપે વિષ્ણુનો દ્વેષ કર્યો. પુત્રની ભક્તિ જોઈ તેને ત્રાસ આપ્યો અને મનમાં પ્રચંડ અભિમાન હતું. આથી નરસિંહે તેનો નાશ કર્યો. ગોરક્ષનું કૃત્ય તો તેનાથી પણ વધુ ખરાબ છે. ગોરક્ષે પોતે જ પોતાને શિક્ષા કરી. મચ્છિંદ્રે ગોરક્ષનું માથું

ખોળામાં લીધું અને માથા પર હાથ ફેરવી કહ્યું: બેટા સાવધ થા અને મારી સામે જો. આજુબાજુ યોગીવૃંદ ઊભું છે. તેમની સાથે કાંઈક બોલ. મને એકલાને મૂકી તું ક્યાં અવિનાશપદ મેળવવા જાય છે?

લક્ષ્મણને શક્તિનો ઘાત થયા પછી જેમ શ્રીરામ તેનું માથું ખોળામાં લઈ વિલાપ કરતા હતા તેવી જ રીતે શ્રી મચ્છિંદ્રે ગોરક્ષનું માથું ખોળામાં લઈ અશ્રુપૂર્ણ નયનોથી વિહ્વળ થયા. વારંવાર તેઓ ગોરક્ષને બૂમો પાડતા હતા. મચ્છિંદ્રનો શોક જોઈ શ્રીદત્તે કૃપા કરી અને કહ્યું: હવે ગોરક્ષ ભાનમાં આવશે. ચિંતા કરશો નહીં. વાક્ય પૂરું થયું નથી અને ગોરક્ષ ઊઠ્યો અને દોડતાં તેનો સ્પર્શ શ્રીદત્તઅંગ સાથે થતાં તેનું અભિમાન ઓગળી ગયું. તેની વૃત્તિ શાંત થઈ, હું-તુંપણું નષ્ટ થયું. દ્વૈત ઓગળી ગયું. ગોરક્ષને સમાધિ લાગી. તેનો દેહભાવ નષ્ટ થયો. તેનું જન્મમરણ દૂર થયું. સુવર્ણ દાગીનો સુવર્ણમાં ભળી ગયો તેમ થયું.

પરંતુ આ સત્ય ન સમજવાને લીધે લોકો શોક કરવા લાગ્યા. મચ્છિંદ્રે શ્રીદત્ત તરફ યાચનાભરી નજરે જોયું. શ્રીદત્ત મચ્છિંદ્રની સ્થિતિ સમજી ગયા. તેઓ ગોરક્ષની નજીક આવ્યા અને એક કરુણાપૂર્ણ નજર ગોરક્ષના દેહ પર નાંખી. ગોરક્ષ આનંદની પરમોચ્ચ સ્થિતિએ પહોંચેલો હતો. શ્રીદત્તે કહ્યું: હે ગોરક્ષ, જગતના કલ્યાણ માટે તારું પ્રાગટ્ય થયું છે તે નિષ્ફળ ન જાય તે માટે સાવધાન થા અને કાયારૂપી પ્રાવરણ ફરી પહેરી લે. એવું કર જેથી આ સજ્જન શાંત અને આનંદી થાય. આટલું કહી શ્રીદત્ત યોગીન્દ્રે પોતાના સ્થળે જઈ આસન લીધું. ઈતર લોકોને શી વાતચીત થઈ તે સમજાયું નહીં. બધા યોગીજનો સ્તબ્ધતાથી જોતા હતા. ગોરક્ષ ઊંઘમાંથી ઊઠ્યો હોય તેમ જાગ્રત થયો, તેણે સદ્‌ગુરુચરણોને વંદન કર્યા. ગુરુએ શિષ્યને આલિંગન આપ્યું. સિદ્ધોને ખબર પડી કે ગોરક્ષને આજે જીવનદાન મળ્યું છે.

સદ્‌ગુરુ મચ્છિંદ્રનાથ ગોરક્ષને કહે છેઃ તને શું ભ્રાંતિ થઈ છે? અહંકારે તને શિકાર બનાવ્યો છે. તેનું પરિણામ જોયું ને? તમોગુણને વશ થઈ દુઃખી થયોને? હવે સાવધાન થઈ આ દિવ્યમૂર્તિને નીરખ. આ સચ્ચિદાનંદ મૂર્તિ સર્વ જીવોનું વિશ્રાંતિસ્થાન છે. તેનાં દર્શનથી ત્રિવિધ તાપ નાશ પામે છે. અને પ્રાણી મોક્ષ પામે છે. અવધૂતમૂર્તિનાં જેને દર્શન થાય છે તેના જન્મમરણનું ચક્ર ભંગ પામે છે. તે લાભ સર્વશ્રેષ્ઠ હોઈ અનંત જન્મોના પુણ્યસંચયના ફળસ્વરૂપે શ્રીદત્તનાં દર્શન થાય છે. તેમનાં દર્શન માટે દેવ, ઋષિ, તપસ્વી અને બ્રહ્મા પણ તપ કરે છે. તેવો દત્ત અવધૂત સહજ પ્રગટ થયો છે. આ અલભ્ય લાભ પ્રાપ્ત થયો છે.

કલ્પતરુ પ્રાંગણમાં સહજ ઊગે અને કોઈ તેને ઊખેડી નાંખે, કામધેનુ ગમાણમાં આવે અને અભાગી તેને લાકડી મારીને ભગાવી દે અથવા ચિંતામણિ મળે અને તેને ગિલોલ થકી દૂર ફેંકી દઈએ તેમ અહંકારથી ગ્રસ્ત થઈ તારું વર્તન તને હાનિ પહોંચાડી રહ્યું છે. હજુ પણ સાવધ થા અને આ વિમલ ચરણોનો આશ્રય કર. મિથ્યા ઘમંડમાં રહીશ નહીં. અહીં કોઈનું ચાલતું નથી. અહંકારનું અંગરખું ત્યાગીને તેના શરણે જા. તે જગતના ઉદ્ધાર માટે સગુણરૂપે પ્રગટ્યો છે. તે જીવોના કષ્ટોને દૂર કરે છે.

જીવો અજ્ઞાનથી કષ્ટ પામે છે, માયા મોહથી ભ્રમ પામે છે, ઊંડા દુઃખસાગરમાં ડૂબ્યા અને જન્મમરણના ચક્રમાં ફસાયા. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, દંભ અને અહંકાર જીવને જર્જર કરે છે. ષડ્‌રિપુના પ્રવાહથી જીવને ભ્રમ થયો અને ષડ્‌રિપુઓના સંતાનો એટલે નિંદા, દ્વેષ, કુમતિ, ભેદ, ભ્રમ, ઘાતકી વૃત્તિ, લોલુપતા, આશા, તૃષ્ણા, કલ્પના, ભ્રાંતિ, ઈચ્છા, વાસના તો હંમેશાં જીવને હેરાન કરે છે. તેના થકી વિપરીત ભાવના ઉત્પન્ન થાય છે અને વિવેક નષ્ટ થાય છે.

અવિવેકને લીધે અપવિત્રતા અને અપવિત્રતા હોય તો મુક્તિ ક્યાંથી મળે? પાપનાં પોટલાં ભેગાં કર્યાં જે થકી જીવને રૌરવ નરક પ્રાપ્ત થયું અને જન્મમરણના ચક્રમાં સપડાયો.

અનેક યાતનાઓ ભોગવતા જીવને તેમાંથી છૂટવા સામર્થ્ય તેની પાસે ન હતું. હંમેશાં યમપાશમાં બંધાઈને અજ્ઞાનરૂપી અંધકારથી અંધ થઈ પોતે જ પોતાને નુકસાન કરાવી આત્મસુખથી તે વંચિત થયો. ત્રિવિધ તાપની જવાળામાં જીવ અત્યંત દાઝીને દુઃખી થયો. તેમાંથી છૂટકારો કેવી રીતે મેળવવો તેની તેને સમજ પડતી ન હતી. મદને લીધે તેની આંખો અંધ હતી. જીવને ખરાબ કર્મો કરતાં બીક લાગતી ન હતી. પરંતુ દુઃખ થાય એટલે જીવ રડવા લાગે. આ રીતે જીવ અઘોર નરકમાં સડતો હતો. આ રીતે જીવ પોતાના કર્મથી જ દુઃખી હતો અને સ્વહિતનો માર્ગ તેને સૂઝતો ન હતો.

જીવોને દુઃખના સાગરમાં તડપતા જોઈ અવિનાશને પરમ કરુણા ઉપજી અને દિગંબરરૂપ ધારણ કરી જીવોને તારવા અવતીર્ણ થયો. દિગંબર, ઉદાર, ધીર, આનંદનો ખજાનો અપેક્ષિત દાન આપવા માટે દત્ત એમ નામ ધારણ કરી સિદ્ધ સમર્થ પ્રગટ થયો. તેની કરુણાનો પાર નથી. તેનો મહિમા શાસ્ત્ર-પુરાણોને પણ અગમ્ય છે. આપણું પુણ્ય ઉદય પામ્યું છે આથી દિગંબરનાં દર્શન થયાં છે. તેમના ચરણે શરણે જવું. આ સર્વાંતરયામી અને વ્યાપક છે. તેની કૃપા થતા કલ્યાણનું પણ કલ્યાણ થાય છે. દુઃખસાગર સૂકાઈ જાય છે અને સુખને પણ સુખ પ્રાપ્ત થાય છે.

હે ગોરક્ષ, તેં સૂક્ષ્મતાથી અને કડકાઈથી પરીક્ષા કરી છે આથી તેનું (દત્તનું) પૂર્ણત્વ તારા ધ્યાનમાં આવ્યું જ હશે. હજુ તારા મનમાં કશી ઈચ્છા છે? આવતાવેંત જ મેં તને બોધ કર્યો પણ તેં સાંભળ્યો નહીં. સંઘર્ષ કરી છેવટે શું થયું? ગુરુનાં વચન સાંભળી ગોરક્ષે વિનયથી

કહ્યું: ગુરુજી, મેં આપની આજ્ઞાને ઉલ્લંઘી નથી. મારી ઝોળીને અટકાવવામાં આવી આથી મારે અહીં આવવાનું થયું. આ દિવ્યમૂર્તિને જોઈ મારા મનને અપાર સંતોષ થયો અને એમ લાગ્યું કે આ વિભૂતિને આલિંગન આપું. પરંતુ બુદ્ધિમાં બે વિચાર પ્રગટ્યા તેનું આપનાં ચરણે નિવેદન કરું છું તે કૃપા કરી શ્રવણ કરો. તમારી કૃપા ફળરૂપ થઈ છે. આથી આ સિદ્ધયોગીઓનાં દર્શન થયા. તેની વચમાં આ અવિનાશ બેઠેલા હતા. મેં તેમને જોઈને આનંદ અનુભવ્યો. આ શ્રેષ્ઠ યોગીને જોતાં જ દેહનો તમોગુણ ઓગળી ગયો. તેને આલિંગન આપું એમ મનમાં થયું. પરંતુ લોકો શું કહેશે તે વિચાર મનમાં આવ્યો.

ગોરક્ષનાથ વધુમાં કહે છે કે યોગીવૃંદ કદાચ કહેશે કે ગોરક્ષ શ્રેષ્ઠ યોગી હોવા છતાં આ નવા આગંતુકને પગે પડ્યો? પોતાની સિદ્ધિને શ્રેષ્ઠ સમજી અમને બધાને સામાન્ય સમજે છે જયારે આ નવા યોગીને તરત જ નમી પડ્યો? આવો વિચાર મનમાં આવ્યો અને તમે આવો તો તમને તકરાર કરશે. આથી હું અવિનાશને ન મળ્યો કે ન તેનું ગૌરવ કર્યું. લૌકિક રીતે મને તે અયોગ્ય લાગ્યું. ગમે તે થાય પરંતુ લૌકિક પક્ષને સ્વીકારવો. આથી મેં કૃત્રિમ ક્રોધ ધારણ કર્યો અને તેનું ઘોર અપમાન કર્યું. એક દૃષ્ટિએ જોતાં મને તે રૂપ જોઈને ખૂબ જ આનંદ થયો હતો.

હવે બીજો હેતુ કહું છું. અનેક વસ્તુઓ નજરે દેખાય છે તેનો અવશ્ય સ્વીકાર કરવો. પરંતુ પરીક્ષા કર્યા વગર તેનો અંગીકાર ન કરવો તેમ શ્રેષ્ઠજનો કહે છે. કસોટી કર્યા વગર સ્વીકારીએ તો તે મોટી ભૂલ છે. આથી ચતુર માણસે પરીક્ષા કરીને વસ્તુનો સ્વીકાર કરવો. સોનાની કસોટી તેને અગ્નિમાં તપાવીને કરવામાં આવે છે. બજારમાં પાકી કેરી વેચાણ માટે આવે તો હાથથી દબાવીને જોઈએ તો ખબર પડે કે અંદર રસ (ગર્ભ) કેટલો છે અથવા ચાખીએ ત્યારે ખબર પડે

કે તેનો સ્વાદ અને રસાળ કેટલી છે? ગ્રાહ્ય-અગ્રાહ્યનો વિચાર કર્યા પછી જ દ્રવ્ય વેચવું જોઈએ. આ બાબતનો ખ્યાલ ન રાખીએ તો ફજેત થવું પડે.

હીરો અમૂલ્ય હોય છે. તેને ખરીદવા ઘણા બધા લોકો દોડે છે. પરંતુ નિષ્ણાત માણસ જ તેની પરીક્ષા જાણે છે. હીરાને એરણ પર મૂકી તેના પર જોરથી પ્રહાર કરવામાં આવે છે. સાચો હીરો હોય તો અભંગ રહે છે. નકલી હોય તો તેનો ચૂરો થાય છે. મહોર સુતરમાં વીંટાળી અગ્નિમાં તપાવવામાં આવે છે. દોરો બળી જાય છે પરંતુ મહોર સૂતર સાથે સુરક્ષિત રહે છે. આપે વડાં ખાવા મારી આવી જ પરીક્ષા કરી હતી. તમારી કૃપાથી તમારો ઉપદેશ હું સમજ્યો હતો. તમારા ચરણે મારો મનોદય પ્રગટ કર્યો છે. આ અપરાધને ક્ષમા કરો. ઝોળી નિમિત્તે આગમન થયું અને દર્શન થયું. મનમાં સમાધાન થયું અને આલિંગન આપવાની ઈચ્છા થઈ. તેમાં જેણે અવરોધ આણ્યો તેનું આપને નિવેદન કર્યું છે.

જાણી જોઈને ન બોલવાનાં વેણ ક્રોધાન્વિત થઈ બોલ્યો. આ સ્વામી દત્ત દિગંબર પૂર્ણ શાંતિનો સાગર છે. તે ક્ષમાશીલ છે અને મધુર વાણી જ બોલે છે. તેનું સર્વાંગી તત્ત્વ લોકોને જાણ થાય તેથી કડવા વેણ દ્વારા ફરી મેં ત્રાસ આપ્યો. ફરી ફરી બોલવા ઉશ્કેર્યો પરંતુ તે શાંત જ રહ્યો. આથી મેં બળજબરીથી દ્વંદ્વ કર્યું. તમે મને વાર્યો છતાં મેં આપનું કહ્યું ન માન્યું. મનમાં એક જ ઈચ્છા કે શ્રીદત્તનાં મધુર વચનો સાંભળવા મળે. અહીં સિદ્ધોનો મેળો ભરાયો છે તે દત્ત-વચનામૃતથી શીતળ થાય. હું પણ પ્રસાદ માટે વ્યાકુળ છું તે મારી ઈચ્છા પૂર્ણ થાય.

ગોરક્ષ કહે છેઃ હે ગુરુવર્ય, હું તેમના શરીર સાથે અથડાઈને જમીન પર પડ્યો, મૂર્ચ્છિત થયો. શ્રીદત્તના અંગસંગથી મારું અભિમાન

ભંગ પામ્યું અને હું આનંદસાગરમાં આનંદના રંગમાં રંગાઈ ગયો. હું દેહી હતો કે વિદેહી તે પણ ભૂલી ગયો. લેશમાત્ર ત્યાં દુઃખ ન હતું. શું બોલવું તે સમજાતું ન હતું. આનંદનાં મોજાં ઉછળતાં હતાં તેજોમય વર્તુળમાં જેને બ્રહ્માંડના કોઈ પણ વસ્તુની ઉપમા આપી ન શકાય તેમાં લય પામ્યો. હું અને તુંપણું ઓગળી ગયું, સુખસાગરમાં સુખી થયો અને હું- મને જ ભૂલી ગયો. જેમ બરફ પાણીમાં ઓગળી જાય છે તેમ હું તદાકાર થઈ અહંનો સમૂળ નાશ થયો.

હે ગુરુવર્ય, તે સુખસાગરમાં નિમગ્ન હતો. ત્યાં અવિનાશે આવીને મને કહ્યું: ત્વરિત સાવધાન થા. તારા અવતારનું કાર્ય ક્રિયાન્વિત કર. જગદુદ્ધાર માટે ઘણી મહેનત કરવી પડશે. હવે સિદ્ધોને મળવા ચાલ. આ પ્રમાણે ગુરુશિષ્યનો સંવાદ સાંભળી યોગીજનોને આનંદ થયો કે બાહ્યતઃ દેખાતો ઝઘડો એ ઝઘડો ન હતો. ગોરક્ષનો પણ વિરોધ શમી ગયો છે. લોકોમાં ઉત્સાહ પ્રગટેલો જોઈ અવિનાશ બોલ્યા: હે ગોરક્ષ, તું ખૂબ થાકી ગયો છે. વિવેકથી વિષાદને શમાવ. તેં મને પ્રશ્નો પૂછ્યા હતા. તે વખતે મેં જવાબ આપવાનું ટાળ્યું હતું. આથી તારું ચિત્ત ક્ષોભ પામ્યું. તેં મનના કહ્યા પ્રમાણે વર્તન કર્યું. લૌકિક વિશેનો તારો ભ્રમ મેં દૂર કર્યો. હવે તો સદ્‌ગુરુની શ્રેષ્ઠ સેવા કરી વિશ્રાંતિ કર. સાવધાન થઈ જા અને અંતઃકરણ શુદ્ધ કર. તારા પ્રશ્નોના ઉત્તરો આપી તારા મનનું સમાધાન કરું છું. તેને સાવધ થઈ શ્રવણ કર.

ઉપર પ્રમાણેની શ્રીદત્તની અમૃતવાણી સાંભળી સિદ્ધયોગીઓને આનંદ થયો. વક્તા કહે છે કે શ્રીદત્તની અમૃતવાણી સાંભળી સંસાર પાર થવાશે. શ્રીગુરુ દત્ત યોગીન્દ્ર કેવળ કૃપાસાગર છે. ચકોર માટે જેમ ચંદ્ર દ્રવે છે તેમ ભક્તો માટે દ્રવે છે. દીનોની ઈચ્છાપૂર્તિ માટે, ચિત્તના સંશયરૂપી કિલ્બિષને દૂર કરવા આ દયાળુ પ્રગટ થયો છે. ભક્તો પર કૃપા કરવા તે વાણી દ્વારા વક્તાને માધ્યમ બનાવી જ્ઞાન નિરૂપણ

કરે છે. મતિમંદ વક્તા તેની કૃપા વગર બોલવા અશક્તિમાન છે. આ ગ્રંથનું નામ જ શ્રીદત્તપ્રબોધ છે. તેમાં જેણે બોલવું તે જ બોલે છે. અનંતસુતને નિમિત્ત કરી તે ગ્રંથને અંગે વિવેચન કરે છે.

લોકો કાષ્ઠમાપથી અનાજ તોલે છે. કેટલાક ત્રાજવાથી તોલે છે. તુલા કરનાર જુદો જ હોય છે. આ વિવેચન પણ તેવું જ છે. કર્તા-કરાવનાર પૂર્ણરૂપે અવધૂત છે. શ્રોતાઓ, આ અપૂર્વ રસનું સેવન કરો. અગામી અધ્યાયમાં અવધૂત ગોરક્ષના પ્રશ્નોના ઉત્તરો આપશે. તે વચનો અમૃત કરતાં પણ મધુર હોઈ શ્રવણ કરતાં જ અંતઃકરણ સુખ પામશે. આથી અનંતસુતની વિનંતી છે કે શ્રોતાઓએ મન એકાગ્ર કરી દત્તવચનોને સાંભળવા.

॥ ઈતિ પંચચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૪૬

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

હે નિરાલંબ, નિર્વિકાર, પ્રણવરૂપ દત્ત, અખિલસાર, નિશ્ચળ, નિર્મળ, પરાત્પર, તું આકારવિકારરહિત છે. તને નમસ્કાર. હે તત્ત્વાતીત, નિરંજન, ત્રિગુણરહિત, સનાતન, નિર્વિકાર, અપરંપાર ગહન, સચ્ચિદ્ઘન, તને નમન. હે સર્વસાક્ષી સર્વજ્ઞ, વેદવંદ્ય, પુરુષ પ્રાજ્ઞ, અદ્વય, અભેદ, ગુણજ્ઞ, સુજ્ઞ, તારાં ચરણે નમસ્કાર. તારો જયજયકાર. તું નિરામય,

નિષ્કલંક, ષડ્‌ગુણસંપન્ન, સુખદાયક, સર્વાત્મક હોઈ અદૃશ્ય છે અને સર્વનું પાલન કરે છે. તું સર્વનિયંતા, સદ્‌ગુરુ દત્ત, તું વિશ્વવ્યાપી વિશ્વનાથ તું જ છે. ત્રિગુણરૂપાત્મક રૂપ ધારણ કરી તું ત્રણ કાર્ય કરે છે (સર્જન, પાલન, નાશ). છેવટે ત્રિપદાતીત રહી સ્વસ્વરૂપમાં નિમગ્ન રહે છે. દીનોદ્ધાર કરવા માટે પ્રગટ થઈ પોતાને અત્રિકુમાર કહેવડાવે છે અને આ ભૂમિ પર ઉદારતાથી નિઃસ્પૃહતાથી વિચરણ કરે છે.

તું વિરક્તપણે વિચરણ કરે છે. તું નિષ્કામ, નિર્દ્વંદ્વ, નિર્ભય, નિઃસંગ, અભેદ, ખેદરહિત, અહંકારશૂન્ય છે. તું હંમેશાં સ્વાનંદમાં રમમાણ હોય છે. તું સ્વચ્છંદતાથી પૃથ્વી પર ખેલે છે અને શરણાગતનો મનોભાવ જાણી તેને અભય પ્રદાન કરે છે. તું સત્યસંકલ્પ અને અનન્ય તેમજ કૃપાસાગર છે. તું શરણાગતના ગુણદોષ ન જોતાં તેના ભયનું નિવારણ કરી ક્ષણાર્ધમાં તેને પાવન કરે છે. તું જેના તરફ કૃપાદૃષ્ટિ કરે છે અને જેના મસ્તક પર કૃપાહસ્ત મૂકે છે તે સર્વને વંદનીય થાય છે અને સિદ્ધપદે પહોંચે છે. હે સર્વોત્તમ દત્ત, તારો જયજયકાર! તારો મહિમા અગાધ છે. તેનું વર્ણન કરવા આગમ-નિગમો અશક્તિમાન છે તો બીજાની તો શી ગતિ? તું કૃપા કરીશ તો જ તારી કીર્તિનું વર્ણન કરવું શક્ય બનશે. તે પણ અલ્પ કીર્તિનું વર્ણન શક્ય બનશે. આથી હે સ્વામી દત્ત, હું તને પ્રાર્થના કરું છું કે તારી શક્તિ થકી જ આ ગ્રંથને આગળ વધાર. હું કર્તા નથી પરંતુ તું જ સાચો કર્તા છે.

હે દત્ત મારું હુંપણું તને સમર્પું છું. દયા કરી આ ગ્રંથને પૂર્ણ કરાવ. તારું ચરિત્ર અત્યંત મધુર છે અને શ્રોતાઓને ખૂબ જ ગમે છે. તેની પૂર્તિ તું જ કર અને કથાને આગળ વધાર. પિસ્તાળીસ અધ્યાય સુધી સુંદર કથા વર્ણવાઈ. તે કથા શ્રવણ કરી શ્રોતાઓની પિપાસા વધી છે. તેઓ સર્વ અવયવોના કાન કરી કથા શ્રવણ કરવા બેઠા છે.

તેમને તૃપ્ત કરવા તારા વગર કોણ સમર્થ છે? તારું નામ અવિનાશ દત્ત, ઈચ્છિત પદાર્થ ભક્તોને પ્રદત્ત કરે છે. આથી ઉદાર હોવાથી હવે અદત્ત (ન આપનાર) ન બનીશ. તેની જ હું વિનંતી વારંવાર કરું છું. તારા બિરુદને સાચું ઠેરવ. સર્વના મનોરથો પૂર્ણ કરવા, અનન્યને પાવન કરવા અને શરણે આવેલાને હૃદયસરસા રાખ. હે સ્નેહાળ, તારા વગર અમારી ઈચ્છા કોણ પૂરી કરશે? અમે તમારા બાળકો છીએ. અમે ભૂખ્યા હોવાથી તારું કથામૃત પીવડાવ. શ્રવણરૂપી મુખ ખોલી પ્રતિક્ષા કરીએ છીએ.

ગત અધ્યાયમાં ગિરનાર પર્વત પર પ્રશ્નોત્તરો શ્રવણ કરવા યોગીઓ ઉત્સુક હતા. વક્તાનો હેતુ જાણી યોગીઓના રાજા શ્રીદત્ત તેમના સ્વમુખે કહેવા લાગ્યા. તે સાત શ્લોકોમાં અનુભવપૂર્ણ જ્ઞાનબોધ છે.

૧. દેવા ન લોકા ન સુરા નરા વા
વર્ણાશ્રમં નૈવ કુલં ચ જાતિઃ ।
ન ધૂમ્રમાર્ગો ન ચ દીપ્તિમાર્ગો
બ્રહ્મૈવ રૂપં પરમાર્થ તત્ત્વમ્ ॥૧॥

ટીકાઃ- હું ઈંદ્ર, સવિતા, કુબેર, ગંધર્વ, યક્ષ, કિન્નર, રુદ્ર, રુદ્રગણ, અપ્સરા ઇત્યાદિથી નિરાળો છું. યમ, પિતૃગણ, પ્રજાપતિ, સનકસનંદન મહામૂર્તિ, સનત્કુમારાદિ વિભૂતિથી પણ નિરાળો છું. અષ્ટલોક, અષ્ટદિક્પાલ, એકવીસ સ્વર્ગ, ગોલોક આદિ લોક પૈકી કોઈ નથી. રાક્ષસ, દૈત્ય, દાનવ, ચતુર્લક્ષમાનવ પૈકી હું નથી. હું ગ્રહ, તારા, નક્ષત્ર, મેઘ, ઋષિગણથી અલગ છું. દ્વિપદ, ચતુષ્પદ, ષટ્પદ, જીવજંતુ, શ્વાપદ, જળચર, ભૂચર, નિષ્પદ પૈકી પણ હું નથી. હું જારજ, અંડજ, સ્વેદજ કે ઉદ્ભિજ પૈકી કોઈ નથી. વર્ણ, જ્યાતિ, બીજથી નિરાળો છું. હું સપ્ત ધાતુ, સપ્ત સાગર, સપ્ત પાતાળ, સપ્ત વારથી અલગ છું. મારું અસ્તિત્ત્વ પંચભૂત, પચ્ચીસ તત્ત્વો, ત્રણ પ્રકારના ગુણોથી અલગ છે. હું અંક, વાચા, નેત્ર, માતૃકા, મન, રૂપ નથી.

હું આશ્રય, આશ્રમ, નાદ-બિંદુ, અસ્તોદય, અજવાળું, અંધારું ઇત્યાદિથી નિરાળો છું. કાળ, સમય, ઘડી, પ્રહર, તિથિ, માસ, સંવત્સર, ઋતુ, અયન, પર્વ કરતાં હું અલગ છું. વેદ, શાસ્ત્રો, પુરાણો, શાખા, વિદ્યા, વૈભવ, ધન કરતાં નિરાળો છું. હું કર્મ, ધર્મ, અક્રય, વિક્રય, કળા, કાળ, અકાળથી ભિન્ન છું. હે ગોરક્ષ, તું આ બરાબર સમજી લે. તું ગુરુપુત્ર (ગુરુનો ઉત્તમ શિષ્ય) છે. તું જો મારા આ કથનને અસત્ય સમજીશ કે બકવાસ કહીશ તો સાંભળઃ

૨. મૂર્ખોઽપિ નાહં ન ચ પંડિતોહં
મૌનં ચ વાર્તા ન ચ મે કદાચિત્ ।
વિતર્કતર્કં ચ કથં વદામિ
સ્વરૂપનિર્વાણમનામયોઽહમ્ ॥

ટીકાઃ- મૂર્ખ, બાળક, અજ્ઞાની, અવિચારી કરતાં હું ભિન્ન છું. મારામાં ગુણ દેખાય પરંતુ તે ગુણો મારા નથી (નિર્ગુણ). આવો જડસો કોણ તે કોઈ ઓળખી શકતું નથી. ફક્ત અનુભવી જ ઓળખી શકે છે. મને કોઈ વિચક્ષણ કહે તો હું વિચક્ષણ પણ નથી. હું પંડિત નથી તથા જ્ઞાની હોવાનો મને અહંકાર પણ નથી. હું અજ્ઞાની કે જ્ઞાની નથી. વિષયો એ માયિક પદાર્થો છે. લોભ, મોહ, આશાથી ખરડાઈને મન આદિ ઇંદ્રિયો વિષયોમાં લિપ્ત થાય છે ત્યારે જીવ ઘાત પામે છે. આ જ મૂર્ખત્વનો યોગ. તેથી સ્વાત્મસુખથી વંચિત થવાય છે. નાશવંત ચીજોને નજીક કરે છે અને જન્મમરણના ફેરામાં ફસાય છે.

ઉપર દર્શાવેલા માર્ગને છોડી જેઓ નિરીચ્છપણું સ્વીકારે છે અને નિર્વિકલ્પતા, અભેદત્વ પામે છે તેને મૂર્ખતા કઈ રીતે કહી શકાય? આ મારી સમજ છે. વિવેકપૂર્વક આ ઉપદેશને ગ્રહણ કર. તે પછી તું પણ તેવો જ થઈશ. આ વિચારસરણીને તું જો પાંડિત્ય કહીશ અને મનમાં તે જ વિચારો ઘોળાશે. તો પાંડિત્ય એટલે શું તે સાંભળ.

વિષયોથી લિપ્ત સ્વાર્થ કામનાની સાથે વાસના સહઅસ્તિત્વ ધરાવે છે. કામના સફળ કરવા અનેક ઉપાયો કરવામાં આવે છે. વેદશાસ્ત્રપુરાણનું પઠન, પદબોધ, અર્થનિરૂપણ, રાગ, તર્ક, આચાર-વિચારનો બાહ્યાચાર, વિનમ્ર ભાષણ, મનોરંજક શ્રૃંગાર ઇત્યાદિ. તેનો અભ્યાસ કરી સારા સદ્‌ગુણોનું આચરણ, વાક્‌ચપળતા મેળવવી, ઇત્યાદિ. આ પ્રમાણે વિષયસ્વાર્થ માટે વિવિધ આચરણનો આશ્રય કરવામાં આવે છે. સભાઓનું આયોજન, સન્માન, ધન મેળવવું, પાંડિત્યનું પ્રદર્શન કરવું, બીજાઓનું અપમાન કરવું ઇત્યાદિ. પરંતુ અહીં તે પ્રમાણે કોઈ આચરણ કરવામાં આવ્યું નથી. જેને લૌકિક લાભ મેળવવો છે તે ભલે પાંડિત્યનું પ્રદર્શન કરે. જેને શ્રેષ્ઠત્વ માટે ઉત્કંઠા નથી તે સર્વ તરફ સમદૃષ્ટિથી જુએ છે. ત્યાં સ્વાત્મસ્થિતિના ઉદ્‌ગાર જ છે.

શ્રીદત્ત કહે છેઃ આ સાંભળી તું પૂછીશ કે શું તું મૌન છે? હવે તને મૌનનું લક્ષણ કહું છું તે સાંભળ. જેનું અંતઃકરણ વિષયલોભ, આશા તૃષ્ણાથી ભરેલું છે, મન વિવિધ રંગોમાં ડૂબેલું છે, રસનાને વિવિધ સ્વાદની લાળ ટપકી રહી છે અને ઉપર ઉપરથી મુખ મૌન છે. કામ, ક્રોધ, મદ, મત્સર, દંભ અને અહંકારનો તલમાત્ર પણ ત્યાગ કર્યો નથી- આ બાહ્ય મૌન છે. ઇચ્છા અનુસાર વસ્તુ જોઈએ છે એટલે બોલ્યા વગર ઇશારાથી બોલાવવું, વસ્તુ ન આપવી હોય તો ભ્રમર ખેંચી હાથ ઝાટકવા. જીભને લાકડી ખોસવી તેને મૌન ન કહેવાય. તું તેને વાચાળ કહીશ તો સાંભળ. હું બિનજરૂરી બબડતો નથી.

પૂછનારને હું સરળ શબ્દોમાં સમજાવું છું. પ્રત્યુત્તર માટે સ્વાત્મબોધના શબ્દો કહું છું જેના થકી વિવેકી માણસમાં સ્વાનંદ પ્રગટે છે. આને તર્ક વિતર્ક કેમ કહેવું? સૂર્ય સામે કાદવ ફેંકીએ તો તે ગંદો થશે? આ જ પ્રમાણે બ્રહ્મ નિશ્ચળ, નિર્મળ, અખંડ, અભેદ, અચલ હોઈ તે સ્વરૂપને તર્ક વિતર્કનો ડાઘ કેમ લાગશે? જ્યાં મન અને વાણી

સ્પર્શ કરી શકતું નથી. તો બીજાની શી વિસાત? તે નિરામય, નિઃસંગ, અખિલ, અભંગ છે. આના વિશે પણ તું ન સમજતા અજ્ઞાનથી પ્રશ્ન કરીશ કે તું સુસંપત્કામી થઈશ? આ વિશેનું વિવેચન સાવધાનતાથી શ્રવણ કર અને અન્ય વ્યવધાન છોડી દે.

૩. ન મે ચ માતા ન પિતા ન બંધુર્
ન મે ચ પત્ની ન ચ પુત્રમિત્રં ।
ન પક્ષપાતો ન વિપક્ષપાતઃ
કથં સુસંપત્સુ ન કામકામી ॥

ટીકાઃ- અખિલ નિરુપાધિક બ્રહ્મએ પોતાની ઈચ્છાથી દૃશ્યસૃષ્ટિ નિર્માણ કરી. તે બ્રહ્મ જ મારા રૂપે સાકાર થયું છે. વેદ કેવળ અનુમાનથી તેનું વર્ણન કરે છે. હું શુદ્ધ, અકળ, નિઃશબ્દ, અરૂપ એવો વેદોને ખબર પડતી નથી. શ્રુતિએ તેની પ્રશંસા કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેનો પાર ન લાગતાં તેણે નેતિ, નેતિ (પાર નથી લાગ્યો-પાર નથી લાગ્યો) એમ જાહેર કર્યું. ભક્તોનો પરિશ્રમ જાણી જીવોને આરામ આપવા માટે હું અયોનિ સુખધામ અવતર્યો. આવા અયોનિ અવતરેલા મને ન તો માતા છે ન તો પિતા છે. ના ભાઈ ના પિતરાઈ, ના બહેન ના આપ્ત. ન તો પત્ની છે; હું માયાની પેલે પાર, નિરંજન, ગુણાતીત, નિર્ગુણ, નામરૂપાતીત, શૂન્યાતીત અને નિઃશૂન્ય છે. આ નિઃશૂન્ય જ શૂન્ય થયું. તેણે જ ઉદ્‌ઘોષ કર્યો અહં બ્રહ્માસ્મિ ।

તે સ્ફૂરણ તે જ ચૈતન્ય. એકોહં બહુ સ્યામ્ । આ ઈચ્છા તે ચૈતન્યને ઈચ્છા થઈ. તેના સંયોગથી (ચૈતન્ય + ઈચ્છા) મહાતત્ત્વમાં માયાનો ઉદય થયો. તે પ્રણવાત્મક પ્રગટી. તે જ આગળ જતાં પુરુષ-પ્રકૃતિરૂપે બે રૂપમાં પરિણમી. તેમની પ્રીતિ બંધાઈ અને બ્રહ્મપણાની વિસ્મૃતિ થઈ અને જીવપણું પ્રાપ્ત થયું. ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરીએ તો તે બ્રહ્મ ત્રિગુણપદ ધારણ કરી 'તત્ ત્વમ્ અસિ' આ નામથી ઉદય

પામ્યું. જે પ્રણવ ૐકાર અર્ધમાત્રા સાથેનો પ્રકાર, જયાંથી ત્રિમાત્રાનો વિસ્તાર થઈ દેવતા-ગુણ આદિ પરિણમ્યા. મુખ્ય પ્રણવ પ્રકૃતિ દેહ. તેમાંથી ત્રણ દેહ નિર્માણ થયા. તેની અભિમાની વાણી, માતૃકા, વર્ણ, અવસ્થા આ વૈવિધ્યસભર પ્રાપ્ત થયું. રજ, સત્ત્વ, તમ આ ત્રણ અહંકાર. તેના થકી પૃથક્ ઉદ્‌ભવ થયો.

સાત્ત્વિક અહંકારમાં અંતઃકરણ પંચક, રાજસ અહંકારમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો અને માત્રા, તેમજ તામસ અહંકારથી આકાશ, આકાશથી વાયુ, વાયુથી તેજ, તેજથી જળ, જળથી પૃથ્વી નિર્માણ થઈ. આ સર્વ વિસ્તારના મૂળમાં બ્રહ્મ જ છે. સાગર શું પોતે મોજાં ઉત્પન્ન કરે છે? વાયુ થકી તરંગો પેદા થાય છે. તરંગો આવે છે અને જાય છે. સાગરને તેની કોઈ અડચણ, વ્યથા થતી નથી. આકાશમાં ચંદ્ર અને તારાઓ રત્ન જડ્યા પ્રમાણે શોભે છે. તે પોતપોતાના ગુણધર્મ પ્રમાણે વર્તે છે. તેઓ આકાશના અંગિભૂત નથી. તે જ રીતે હું સર્વની પાર હોઈ કદી પણ કર્મથી લિપ્ત નથી હોતો. કોઈના પણ આશ્રય વગર સ્વાનંદમાં વિચરું છું. પછી મને પક્ષપાત ક્યાંથી?

જેને ધન એકઠું કરવાનું હોય છે તે જ પક્ષપાત કરે છે. જેઓ વૈરાગ્યમય હોઈ નિર્દ્વંદ્વ હોય છે તેમને પક્ષપાત સ્પર્શી શકતો નથી. જે સર્વાતીત, નિર્લોભ, નિશ્ચલ, શાંત, નિર્મોહ, નિરહંકાર, નિર્ભ્રાંત, સર્વસાક્ષી હોય છે તે નિશ્ચિતપણે નિષ્કામ હોય છે. તેને કામ હોતો જ નથી પછી તે સુખસંપત્તિ, સંતતિ, પરિવારને ક્યાંથી સ્પર્શ કરશે? તેવા શબ્દો અહીં વ્યર્થ છે. સર્વ ઉત્પત્તિને આ જ મૂળ છે. તેનો સાર ન જાણતા સંશય રાખી તું બોલે છે, વિશેષ વાર્તાલાપ કરે છે, હું-તું કરી વાદ-વિવાદ વધારે છે, મનમાં ભેદ માને છે. આવો વ્યર્થ પરિશ્રમ કેમ કરે છે? જિતેંદ્રિપણું, સંયમ આ કલ્પના મારામાં રાખે છે તે વિશે મારે શું કહેવું તે સાંભળઃ

૪. જિતેન્દ્રિયોઽહં હ્યજિતેન્દ્રિયોઽહં
ન સંયમી નાપિ ચ મોહ જાતં ।
ત્વયા મયા તત્ર કથં વદામિ
સ્વરૂપનિર્વાણમનામયોઽહમ્ ॥

ટીકાઃ- હે ગોરક્ષ, તું ગુણવાન છે ત્યારે ધ્યાનપૂર્વક સાંભળ. હું ઈન્દ્રિયદમન જાણતો નથી. હું ઇંદ્રિયોથી જુદો છું. બહારથી ઇંદ્રિયોનું દમન કર્યું છે પરંતુ મન સ્વેચ્છાચારી બન્યું છે. વાસના સર્વત્ર સંચાર કરે છે તેમાં શું વિશેષ છે? મન, વાસનાની પેલે પાર મારું સ્થાન છે. હું મનને જાણતો નથી અને મન મને વ્યથા કરતું નથી. હું સકામ નથી કે નિષ્કામ નથી. હું વિષયોથી પર હોઈ સહજ રીતે જિતેન્દ્રિય છું. તે માટે કોઈ પણ આચરણ કરવું પડતું નથી. ન આચરતાં જ સહજ રીતે આચરાય છે. બળજબરીથી આચરવું તેમ પણ નથી. જેના માટે યમ-નિયમનું પાલન કરવાનું હોય છે તે હું જ છું. કશું પણ કામ ન કરતા મારું તત્ત્વ અસ્તિત્ત્વ ધરાવે છે.

મારા તત્ત્વને જાણવા માટે મોટા ભાગના લોકો યમ, નિયમ, શમ, દમ આદિ યુક્તિથી શરીરને ક્ષીણ કરે છે. તેઓ પોતાને ભૂલી સંયમ આચરે છે પરંતુ અહંકારની ભાવનાથી પીડાય છે અને અનંત કાળ સુધી ભ્રમમાં પડે છે. જે અખંડ, અભેદ, ઓતપ્રોત છે, સર્વત્ર વ્યાપીને શેષ વધ્યો છે તે અલક્ષ્યને મનમાં સ્થિર કરવો એ જ શ્રેષ્ઠ યોગ છે. મોહ રાખવો હોય તો તેમાં જ રાખો. તે સંમોહનથી જ નજર કરવી. જેને જે રીતે જરૂર હોય તે રીતે જ હું પ્રગટ થાઉં છું. બીજા સર્વ મોહ ઘાતક હોય છે. તે સંકટમાં નાંખી જીવને અનેક દુઃખનો અનુભવ કરાવે છે. અવિનાશ દત્ત આ મોહની પેલે પાર હોઈ તે અખંડ આનંદયુક્ત નિઃસંગી છે અને જગતમાં તે "બ્રહ્મૈવાહં" ભાવથી હોય છે.

અવિનાશીનો ભોગ નિજરૂપમાં હોય છે. તેને પારકાપણું તલમાત્ર નથી. 'સર્વં બ્રહ્મેતિ' તે જ છે. તેમાં હું-તું ની વાત ક્યાંથી ટકે? સર્વથા અદ્વૈત જ. અભેદમાં ભેદ ક્યાંથી રહે? આ કથન સાંભળી ગોરક્ષે કહ્યું: આપે મહત્ત્વની વાત કહી છે. મારે આપને પૂછવું છેઃ જે સનાતન શિવ છે તેને તમે જાણો છો? આ પ્રશ્ન સાંભળી અવધૂત વિસ્મય પામ્યા. તેમને થયું: આના ખ્યાલમાં હજુ આવ્યું નથી લાગતું. સંશય નષ્ટ થયો નથી. તે નષ્ટ કરવા મારે બોલવું જ પડશે. આથી તેઓએ કહ્યું: સાંભળ.

૫. શિવં ન જાનામિ કથં વદામિ
વયં શિવઃ સ્વં પરમાર્થતત્ત્વમ્ ।
સત્યં સ્વભાવો ગગનોપમોઽહં
જ્ઞાનામૃતં તુર્યમતીંદ્રિયોઽહમ્ ॥

ટીકાઃ- સર્વ જ્ઞાનનું જ્ઞાન, ધ્યાત્વા, ધ્યાનનું ધ્યાન, વેદગર્ભનું બીજઘન તે શિવ સચ્ચિદ્ઘન વ્યાપક છે. સર્વજ્ઞ, સર્વસાક્ષી, સર્વગત, જે ભૂતપતિ, ભૂતાતીત, સંગી, નિઃસંગ, વિરક્ત, જેને આદિ-અંત નથી તેવો, શિવ આબ્રહ્મસ્તંબ પર્યંત વ્યાપક હોઈ તે જ આ હૃદયમાં શુદ્ધ શાંત ગગન પ્રમાણે નિવાસ કરે છે. તે બુદ્ધિનો દાતા, ઇંદ્રિયોનો ચાલક, જ્ઞાનામૃત પીવડાવનાર અને સર્વ સત્તાધારી છે. તે સર્વ બીજનું બીજ, સકળ તેજનું તેજ, સર્વ ગુહ્યનું ગુહ્ય- સ્વાત્મ શિવ જ છે. શિવ એ સનાતન, સર્વજ્ઞ, અજ, અજિત, પ્રાજ્ઞ, ગુણાતીત, ગુણજ્ઞ અને અપરંપારજ્ઞ છે.

શિવ એ તત્ત્વાતીત તત્ત્વ, ગુણાતીત નિર્ગુણ, નિરાકાર નિરંજન અને પૂર્ણત્વથી સંપૂર્ણ છે. અંડપિંડ બ્રહ્માંડ, સૂક્ષ્મ, સ્થૂળ, પ્રચંડ, શબ્દ, સ્વાદ, રસ, નાદ, વિતંડ, તાંડવ શિવ જ છે. તે સજીવ, નિર્જીવ,

ભાવ, અભાવ, દૃશ્યાદૃશ્ય છે. તેના સિવાય એકેય જગ્યા ખાલી નથી. 'શિવોઽહં' એ પ્રત્યક્ષ અનુભવ છે. 'સર્વં શિવેતિ'નો અનુભવ લે. ત્યાં હું-તું પણું નથી. "અહં શિવોઽહં" આ વચન ખોટું નથી. શિવ સત્ય, જ્ઞાનપ્રકાશ છે. તેની ઓળખાણ આત્માનુભવથી જ થાય છે. આ શબ્દ ફક્ત વાચક નથી. તેને અંગુલિનિર્દેશથી બતાડી ન શકાય. વાચાથી ગાઈ શકાતું નથી. નેત્રો દ્વારા દેખાતો નથી અને મન ત્યાં સુધી પહોંચી જ શકતું નથી. સર્વ કાંઈ તે જ છે. "ન જાનામિ" એમ બોલી શકાતું નથી. તું (ગોરક્ષ) તેને જાણતો નથી આથી તું આમ પ્રશ્ન કરે છે. તારો યોગ હું ઓળખું છું તેને ધ્યાનપૂર્વક સાંભળ.

૬. અતત્ત્વરૂપં ન હિ વસ્તુ કિંચિત્
તત્ત્વસ્વરૂપં ન હિ વસ્તુ કિંચિત્ ।
આત્મસ્વરૂપં પરમાર્થ તત્ત્વં
ન હિંસકઃ કોઽપિ ન ચાપિ હિંસા ॥

ટીકાઃ- નાના આકાર વિકાર, વિવિધ વસ્તુઓના પ્રકાર, નાના ભૂતો, તેનો આડંબર એ તત્ત્વસાર નથી. અનેકવિધ બીજ, વૃક્ષ, શ્વાપદો, જળચર, કૃમિ-કીટક, સર્પ, નાગ એ તત્ત્વસાર નથી. ચોર્યાસી લાખ યોનિનો વિસ્તાર, આકાશ, ચંદ્ર, નક્ષત્રો, તારા, વનસ્પતિ, પર્વત, ભૂમિ, જળ, વાયુ, એ તત્ત્વસાર નથી. સપ્ત પાતાળ એ તત્ત્વસાર નથી. એકવીસ સ્વર્ગ, દ્વીપ, સપ્ત સાગર, દેવ, દાનવ, ઋષિગણ, અષ્ટ દિક્પાલ, સર્વ લોક, ભૂ, સ્વર્ગ, પાતાળના દેવતા તત્ત્વસાર નથી. નાના ધાતુ, અલંકાર, રત્નો, કાષ્ઠ, મૃણમય વસ્તુ એ તત્ત્વસાર નથી. વર્ણ, ન્યાત-જાત, આચાર-વિચાર, પંથ, માનાપમાન, યોગ્યતા, ભાગ્યસંપત્તિ એ તત્ત્વસાર નથી. દાન-ધર્મ, કર્મ, ભેદ, અભેદ, લૌકિક સંબંધ, આરામ, સુખ-દુઃખ, ભય, તાપ, યશકીર્તિ, જ્ઞાન, અજ્ઞાન, સ્ફૂર્તિ,

બુદ્ધિ, મતિ, ધૃતિ, નાના ઘટપટ આદિ યોગ અનેક મહાયાગ, વ્રત, તપાચરણ એ તત્ત્વસાર નથી.

યોગ, શુચિ, અશુચિ, ચાંડાળ, સુબુદ્ધિ, દુર્બુદ્ધિ, અમંગળ, વિવિધ વિદ્યા અને ખેલ, કળ, વિકળ, રાગ-વિરાગ, નાદ-ભેદ, સુરસ તાલ, ઘાત-અઘાત જેવી વાતો તત્ત્વસાર નથી; શરીર, ઘર, પુત્ર, પત્ની, સ્વાર્થ-પરમાર્થ, પ્રપંચ ક્રિયા, લોભ, મોહ, દયા એ તત્ત્વસાર નથી. દૃશ્ય અને અદૃશ્યમાનનો ફેલાવો, ક્રિયા-અક્રિયા એ અણુમાત્ર તત્ત્વસાર નથી. આટલો વિસ્તાર બહુ થયો. પરંતુ આ બધો વિસ્તાર તત્ત્વસાર નથી. પરંતુ તે તત્ત્વ તેના વગર દેખાઈ શકતું નથી, અનુભવી શકાતું નથી. તેને બીજો આધાર નથી. સર્વને વ્યાપેલો હોવા છતાં અવ્યાપ્ત છે. તે ગુપ્ત આત્મતત્ત્વ સર્વત્ર વ્યાપેલું છે. તેની ખૂબી એ છે કે તેને સ્પર્શ કરતાં તે હાથમાં આવતું નથી. તેને આત્મસાત્ કર્યા વગર સમજી શકાતું નથી. જો ધ્યાનથી સાંભળવું હોય તો શ્રવણ કર. તે વ્યાપકતત્ત્વની આછી ઝલક તને જાણવા મળશે.

શબ્દધ્વનિમાં નાદ છુપાએલો છે. ગ્રંથમાં અર્થ વિવરણ સંનિહિત છે, વાદમાં વિવાદ છે. સુવર્ણમાં કાંતિ છે, દીપમાં તેજ છે, રત્નમાં પ્રભા છે, ફૂલમાં મહેંક છે. અનેક વાનગીમાં આવશ્યકતાનુસાર ખારો, ખાટો, મધુર, કડવો, તીખો સ્વાદ હોય છે. પંચમહાભૂતમાં વાયુ, દેહમાં હલનચલન કરાવનાર ચૈતન્ય, રસ જાણનાર રસજ્ઞ અને ડાહ્યા માણસમાં ડહાપણ તે જ છે. દરેક વસ્તુમાં એક પ્રકારનું તેજ હોય છે. હે યોગીરાજ, તેને દરેક જોઈ શકતો નથી. સર્વત્ર તેની જ સત્તા છે. તેના વગર બ્રહ્માંડમાં એક પણ વસ્તુ સ્વતંત્ર અસ્તિત્ત્વ ધરાવતી નથી. અનેક પુષ્પોથી ગૂંથેલો સુંદર હાર હોય છે. પરંતુ તેને દોરાનો આધાર હોય છે. તે જ પ્રમાણે જગદીશ્વર સર્વવ્યાપક છે.

વસ્ત્રના મૂળમાં સૂતર છે. વસ્ત્રો ભલે રંગબેરંગી હોય, તે પાતળું, જાડું, સુંવાળુ એમ અનેક પ્રકાર હોય, તેનાં નામ પણ ગુણ પ્રમાણે અલગ અલગ હોય, તેને જોઈ લોકો ભ્રમમાં પડે છે અને તેના વડે શરીરને સુશોભિત કરે છે. ઈશ્વર થકી આ જગત નિર્માણ પામ્યું છે. પરંતુ વિશ્વમાં કઈ કઈ વસ્તુ અંતર્ગત છે તે નિશાની કોઈ ઓળખતું નથી. સુવર્ણના વિવિધ અલંકાર હોય છે. ઈતર ધાતુના વિવિધ વાસણો હોય છે. માટીના પણ અનેક ઉપયોગ થાય છે. તે પ્રકાર જોઈ આકાર અનુસાર આપણે અલગ કલ્પના કરીએ છીએ પરંતુ મૂળ પદાર્થ એક જ છે. તે જ પ્રમાણે દેખાય છે તે દૃશ્ય પ્રપંચ એ જગતનો પસારો બ્રહ્મ થકી ઉદ્‌ભવ્યો છે અને તે જ સર્વમાં વ્યાપેલો હોવા છતાં તે સર્વથી નિરાળો છે. તે સર્વાત્મક હોવા છતાં સર્વથી જુદો છે. તે સૂત્રની જેમ યંત્રને ચલાવે છે. થનારાં બધાં કૃત્યો સાક્ષીભાવથી જુએ છે.

એક ગોળ આકૃતિના તળિયે સીસા જેવો ભારે પદાર્થ મૂકવામાં આવે છે. તેને રંગીને તેના પર આંખો, હાથ, નાક, પેટ દોરવાથી ત્યાં પહેલવાન જેવો ભાસ થાય છે. તેને બળજબરીથી આડી પાડીએ તો પણ તે સીધી ઊભી થઈ જાય છે. કઠપૂતળીની ઢીંગલી પોતાના હાથપગ હલાવી નૃત્યના હાવભાવ દર્શાવે છે. અથવા લાકડાના હરણને લાકડાનો શિકારી બાણ મારે છે. પ્રત્યક્ષ સૂત્રની હાલચાલ દ્વારા કાર્ય કરાવનાર સૂત્રધાર પડદા પાછળ હોય છે. તે જ પ્રમાણે આ માયાની લીલા છે. સર્વ ઘટનાક્રમ અને તેનું મૂળ જુદું જ છે. તે કોઈનો દ્વેષ કરતું નથી અથવા કોઈના પર પ્રેમ વરસાવતું નથી. તે કોઈને સુખદુઃખ આપતું નથી. પ્રાણીનું આયુ ખૂટ્યું એટલે તે મૃત્યુ પામે છે. આથી તેના વારસદારો દુઃખ કરે છે અને કહે છે કે ઈશ્વરે આ ઘાત કર્યો. સત્યને ન જાણતા તે મૂર્ખની જેમ ઈશ્વર પર આરોપ કરે છે.

ઈશ્વર એ હત્યા પણ કરતો નથી અને જન્મ પણ આપતો નથી. તે હિંસક કેવી રીતે મનાય? થયું થનારું આપોઆપ જ થતું રહે છે. જીવ જે કાર્ય કરે છે તે જ પ્રમાણે ફળ ભોગવે છે. હું મરતો નથી, મારતો નથી, કરતો નથી, કરાવતો નથી, હારતો નથી, હરાવતો નથી, જેનું તેનું આચરણ જેને તેને અસર કરે છે. મારામાં જરાકે શત્રુતા નથી. હું સર્વથી પર હોઈ વિદેહી સર્વાત્મક છું. તું પણ એક દૃષ્ટિએ હું જ છું. મારા અદ્વય, અભેદ, વિમળ સ્વરૂપ અંગે શબ્દોની ગંદકી ચાલતી નથી. હું અંતર્બાહ્ય સર્વ રીતે શીતળ છું. મારામાં બિલકુલ તાપ કે તમોગુણ નથી. તું કદાચ પ્રશ્ન કરે કે આ સ્થિતિએ પહોંચવા કયો યોગ કે સાધના કરી હશે? અન્યથા મનનો નાશ કેવી રીતે શક્ય બનશે? હે ગોરક્ષ, તારા મનમાં વિવિધ કલ્પના આવી. મારી સાથે વાદવિવાદ કરવાની તારી ઈચ્છા હોય તો વ્યર્થ વાદ-વિવાદ કરીશ નહીં. સાવધાનતાથી શ્રવણ કર. નિર્વિકલ્પના માટે કેમ વૃથા કલ્પના કરે છે? વિતર્ક ભાવનાને મૂળમાંથી જ કાઢી નાંખ. અંતઃકરણને શુદ્ધ કર અને સાતમા શ્લોકને સ્વહિતાર્થ સમજી લે.

૭. ષડંગયોગો ન ચ નૈવ શુદ્ધમ્
ગુરુપદેશો ન ચ નૈવ શુદ્ધમ્ ।
મનોવિનાશો ન ચ નૈવ શુદ્ધમ્
વયં ચ તત્ત્વં વયમેવ શુદ્ધમ્ ॥

ટીકાઃ- યોગીઓ અને સિદ્ધો માટે અનેક પ્રકારના યોગોનું આયોજન છે. લોકો *ષડંગ હઠયોગનું આચરણ કરે છે. તેમાં ઘણી બધી ખટપટો કરે છે. આહાર દિવસે દિવસે ઓછો કરે છે. એક ગ્રાસ ખાઈને પણ રહે છે. ફરી એક કોળિયો વધારે છે. આને તે આહારવિહાર

* યમ અને નિયમને યોગનો પાયો ગણતા આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ આમ મળીને યોગના છ અંગો ગણતાં તે ષડંગયોગ કહેવાય છે.

કહે છે. તેને સિદ્ધ કરવા તેઓ કામ અને નિદ્રાનું નિયમન કરે છે. ધીમી ગતિએ આગળ વધે છે. તે પછી તેઓ આસનદૃઢતા સિદ્ધ કરે છે. તે પછી તેઓ પ્રણવ ઉપાસનામાટે મનનો નિરોધ કરે છે. રેચક, કુંભક, પૂરક, ત્રાટકને આચરે છે. અંતઃકરણને શુદ્ધ કરવા ત્રિકાળ સાધના કરે છે. પ્રાણ અને અપાન વાયુ શરીરના ઉપરના અને નીચેના દ્વારથી વિહાર કરે છે. યોગીઓ ઉભય પ્રાણ પર સંયમ કરી અપાનમાં પ્રાણની આહુતિ આપે છે (શોષણ કરે છે). તે એકઠો થઈ કુંડલિનીના મુખમાં પ્રવેશે છે ત્યારે કુંડલિની શક્તિ છંછેડાય છે. અંતર્મળનો નાશ કરે છે. તેને લીધે આધ્યાત્મિક (શરીરસ્થિત) ચક્રોનાં દ્વાર ખૂલે છે.

કુંડલિની શક્તિનું તેજ અદ્‌ભુત છે. પ્રાણવાયુ ગભરાઈને ગમે તે દ્વાર પાસે જઈને ઊભો રહે છે. યોગી ધીમે ધીમે તેનો સંયમ કરે છે. કેટલાક હઠપૂર્વક યોગ કરે છે. આંતરડાંને બહાર કાઢી તેને સ્વચ્છ કરે છે. ધૌતિ, નેતિ ક્રિયા આચરે છે અને ફરી આંતરડાને શરીરમાં પૂર્વવત્ ગોઠવે છે. કેટલાક લંબિનીનો પ્રયોગ આચરે છે. કેટલાંક મધ્યમા-વૈખરીનો આશ્રય લે છે. આ પ્રમાણે વાયુ-ઉપાસના (પ્રાણાયામ) માટે યોગના અનેક પ્રકાર છે. દીર્ઘકાળ સુધી તેનું આચરણ કરવાથી વાયુ (પ્રાણ) ધીમે ધીમે સ્થિર થવા લાગે છે. વાયુ (પ્રાણ) સ્થિર થવા લાગ્યો કે મન પણ અંતઃકરણમાં સ્થિર થવા લાગે છે અને ઇંદ્રિયવ્યાપારમાં ક્ષીણ થાય છે. આ પ્રમાણે આચરણ રાખી અભ્યાસ ચાલુ રાખવો જોઈએ.

અભ્યાસનો પ્રારંભ કર્યા પછી યોગીએ ક્રમાનુસાર ષડંગ એટલે કે યમ, નિયમ, પ્રાણાયામ ઇત્યાદિ ક્રિયાઓનો પ્રારંભ કરવો. આ સાડા ત્રણ હાથ લાંબા શરીરમાં ષડંગ યોગ આચરવાનો હોય છે. કુંડલિનીના મુખમાં પ્રાણે પ્રવેશ કર્યા પછી કુંભક, ત્રાટકનો અભ્યાસ સુદૃઢ થઈ વાયુ મણિપુરચક્રમાં થઈને ઉપર ચઢે છે. આ પ્રવાસમાર્ગમાં તેને

સિદ્ધિઓનો સમૂહ મળે છે અને તેને અટકાવવાનો પ્રયત્ન કરે છે. જીવ વાસનાથી ઘેરાએલો હોય છે. સિદ્ધિઓ તેને વર પ્રદાન કરવા ઈચ્છે છે. આથી જીવને ભ્રમ થાય છે.

કેટલાક યોગી માર્ગમાં પ્રગતિ કરતા સિદ્ધિઓ તેને અપેક્ષિત વરદાન આપી તેને શાંત કરવા (પ્રગતિ રૂંધવા) પ્રયત્ન કરે છે. તે સિદ્ધિઓના સામર્થ્ય પર યોગી અઘટિત કર્મો કરી તેનું પ્રદર્શન કરી શકે છે. કોઈ યોગી આવાગમન, કોઈ અદ્ધરાસન (હવામાં અદ્ધર બિરાજમાન થવું), કોઈ પાણી ઉપર ચાલીને અને કેટલાંક અગ્નિસ્તંભ કે જળસ્તંભ કરી લોકોને અચંબામાં પાડે છે. કેટલાક વળી પરકાયા પ્રવેશ કરે છે અને કેટલાક પશુપક્ષીઓનો આકાર ધારણ કરે છે. કેટલાક વળી પ્રાણીને મારી જીવતાં કરે છે. કેટલાક યોગી નિર્જીવ શબને ઊઠાડી ચલાવવાના પ્રયોગો કરે છે. કેટલાક વળી હવામાંથી અનેક વસ્તુઓ કાઢી બતાવે છે. કેટલાક ભૂતભવિષ્યનું કથન કરે છે. કેટલાંક યોગીઓ વિવિધ સ્થળે સમાધિ લઈ પોતે જ બીજે સ્થળે અચાનક પ્રગટ થાય છે. કેટલાક ધાતુક્રિયા કરે છે, કેટલાક કાળને દૂર ઠેલે છે.*

કેટલાક યોગીઓ ગમે તેટલું ખાવા છતાં તેમને કશું નુકસાન થતું નથી. સિદ્ધમાર્ગની ગતિ ત્રિમાર્ગગામી હોય છે. યંત્ર, મંત્ર, તંત્ર આ ત્રણ તેના ફાંટાઓ છે. આ ષડંગયોગની ક્રિયા શ્રેષ્ઠ છે. તેને જેટલી વધારીએ તેટલી ઓછી છે. આ ષડંગ યોગ પણ આચરવામાં શુદ્ધ નથી. તે કીર્તિના ખાડામાં ડૂબાડે છે. તેનું રહસ્ય તમને સમજાશે નહીં. તમે તમારી સાધનામાં છેતરાયા. તેના થકી તમને અભિમાન થયું. બિનજરૂરી હું-તુંપણું નિર્માણ થયું. આત્મવૈભવનું વિસ્મરણ થયું. જેઓ

* મૃત્યુ સમયે પ્રાણ-અપાનને સમાન કરી સમાધિમાં જવાથી મૃત્યુ દૂર ઠેલાય છે. આમ યોગી ચાંગદેવે મૃત્યુને દૂર કરી ૧૬૦૦ વર્ષ સુધી દેહને ટકાવી રાખ્યો હતો.

આત્મતત્ત્વને ઓળખ્યા, પ્રાણીમાત્ર પ્રત્યે સમતા કેળવી, દ્વૈતથી પર થયા તેઓ જ ષડંગયોગના અધિકારી છે.

બીજી એક વાત યાદ રાખ. આ શરીરમાં ષડ્વિકાર વિદ્યમાન છે. તેમને જેર કર્યા વગર ષડંગયોગ સફળ થતો નથી. એક જ વસ્તુએ ઘણાને ગાંડા કર્યા. છેવટે તારા ગુરુ તને મળ્યા. તે સમયે તને ખૂબ ત્રાસ થયો તે ધ્યાનમાં રાખ. તેં ગુરુને એકથી બચાવ્યા (કામ). બીજાએ તેને ઘેરી લીધો. ત્યાં પણ તેં પરિશ્રમ કર્યો અને અદ્‌ભુત પરાક્રમ બતાવ્યું. તે બંનેનો નાશ કરવાથી તે નષ્ટપ્રાય થયા. તું ધન્યવાદને પાત્ર છે. શ્રેષ્ઠ પ્રકારના યોગનું આચરણ કરવાથી તેં તારી ફરજ ઉત્તમ રીતે બજાવી છે. પરંતુ તેમ કરતાં તને છઠ્ઠો વિકાર ચોંટ્યો. આથી છએ છે શત્રુઓએ તારા શરીરમાં પ્રવેશ કર્યો. તેમનું નિર્મૂલન તને ફાવ્યું નહીં. આથી બધી રીતે દુર્ગતિ થઈ. હવે જે કહું છું તે સાવધાનતાથી શ્રવણ કર.

યોગસાધનાની તારી ઈચ્છા હતી. તેની સાધના દ્વારા તને સિદ્ધિઓ પ્રાપ્ત થઈ. તે થકી તને ભ્રમ થયો. હવે તને નિષ્કામ કેમ કહેવાય? આનાથી સર્વોત્તમ પદ કેમ પ્રાપ્ત થશે? અસ્તુ. સિદ્ધિના ક્રમમાં વ્યત્યય આવતાં જ તારા ચિત્તમાં ક્રોધ ઉપજ્યો. સર્વ યોગીઓની સમક્ષ આમ થવાથી તને અનિવાર સંતાપ થયો. સિદ્ધિ થકી મેળવેલા ઐશ્વર્યને લીધે તને મદ ચઢ્યો. ક્રોધ અને મદ થકી અવિવેકી થઈ તેં હાથમાં ત્રિશૂળ ધારણ કર્યું. તે પછી તારામાં મત્સર પેદા થયો. આથી તેં અનાફ-શનાફ બકવાસ કર્યો. અયોગ્ય શબ્દો ઉચ્ચારતાં તને જરાકે બીક ન લાગી. તેવા સમયે તારા ગુરુ મચ્છિંદ્રે તને યોગ્ય બોધ પણ કર્યો. પરંતુ દંભને લીધે તેં ગુરુના શબ્દોને પણ માન ન આપ્યું.

યુદ્ધ (વાક્‌યુદ્ધ)ના સમયે સિદ્ધોએ તને ડહાપણના બે વાક્યો કહ્યા. પણ તેં તેનો આદર ન કર્યો. તને વિશેષ અહંકાર થયો. મારી

સાથે વાદ કરતાં તને શું મળ્યું? આ છ શત્રુઓના દુર્ગુણનો તને અનુભવ થયો ને? તેના નિયમન વગર ષડંગ સાધન કેમ કરીને શુદ્ધ થશે? આ ષડંગ યોગની ઉપાધિ એકાદના ધ્યાન પર આવે છે. તે પછી કાળજીપૂર્વક સમાધિ સુધી પહોંચે છે. હું માત્ર આ બધાથી જુદો છું. કેટલાક આ યોગપ્રાપ્તિ માટે ગુરુનો ઉપદેશ સ્વીકારે છે અને મનમાં ફળની આશાથી નિરંતર ગુરુસેવામાં રત હોય છે. આશાથી બદ્ધ ગુરુ પણ શિષ્ય તરફથી વિવિધ સેવાની અપેક્ષા કરે છે અને શિષ્યની મરજી સંભાળવાની કાળજી લે છે. લૌકિક પ્રસાદ આપે છે. શિષ્યનો સત્તાવૈભવ જોઈ ગુરુ તેને ઉપદેશ આપે છે.

માન-માન્યતાની આશાથી તે ગુરુનું ચિત્ત શિષ્યના વિત્તથી દૂષિત થાય છે-મલિન થાય છે. કેટલીક વાર ગુરુનો વૈભવ જોઈ શિષ્યોનું આવાગમન થાય છે. તેઓ કહે છેઃ ગુરુજી કૃપા કરો. આ દીનનો અંગીકાર કરો. જે જે ગુરુનો વૈભવ જુએ છે તે તે ગુરુના કામ માટે દોડે છે અને તેમની રીતથી તૃપ્ત થવાનો તેમનો ઉદ્દેશ હોય છે. ગુરુના કુટુંબ પર આફત આવે તો તેવા શિષ્યો જતા રહે છે. કોઈ શિષ્ય ધનવાન હોય તો પણ મદદે આવતો નથી. જેને આત્મતત્ત્વની ઓળખ નથી પરંતુ શિષ્યો એકત્ર કરવામાં જ તેને રસ છે. કર્ણમાં મંત્રબીજ કહ્યો. તેનો કોઈ પણ ઉપયોગ નથી. આત્મબોધ થયો નથી. આત્મરંગમાં રંગાએલો નથી. અવિનાશપદ પ્રાપ્ત કર્યું નથી. ફક્ત કહેવાતા જ્ઞાનનો ભાર વહન કરે છે.

બોધનાં લક્ષણો કયાં? શિષ્યને બોધ કેવી રીતે કરવો? તેની પાસેથી શું વસૂલ કરવું? અને તેને શું પ્રદાન કરવું? તેનું તેને (અપૂર્ણ જ્ઞાનવાળાને) જ્ઞાન નથી. આવી વ્યક્તિને ગુરુ શી રીતે કહેવો? તેઓ તો પેટ ભરનાર ગુરુ જ છે. પોતાના જ સ્વાત્મવિચારમાં તેમની નિષ્ઠા નથી તો તેઓ બીજાનો (અજ્ઞાનરૂપી) ભાર કેમ હલકો કરશે? શિષ્ય

પણ લોભથી સ્વાર્થી બની ઉપર ઉપરથી સેવાનો દંભ કરે છે. કસોટીનો સમય આવે તો પલાયન થઈ જાય છે. આ કારણથી જ હું ન ચ નૈવ શુદ્ધં એમ બોલ્યો. સદ્‌ગુરુની પ્રાપ્તિ શિષ્યે સેવા કરીને કરવાની હોય છે. ગુરુપદની વ્યાખ્યા અનેક પ્રકારે કરી શકાય. પરંતુ તેમ કરવાથી ગ્રંથનો વિસ્તાર ખૂબ જ થાય. સદ્‌ગુરુપદ તેનાથી પણ શ્રેષ્ઠ છે. ત્યાં રહેવાની રીત જુદી જ છે. બુદ્ધિ સ્થિર કરી ધ્યાનપૂર્વક સાંભળ.

સદ્‌ગુરુ સંગરહિત, નિર્દ્વંદ્વ, નિર્લોભ, અભેદ, આશાખેદરહિત, હર્ષઆલ્હાદયુક્ત હોય છે. તેઓ શાંત, દાંત, નિર્મલ, ક્રોધરહિત, વિરાગી, સુશીલ, ઉદાર, ધીર, અચલ અને દેહથી શીતળ હોય છે. તેમનામાં નિંદા, દ્વેષ તલમાત્ર પણ હોતાં નથી. દેહી હોવા છતાં દેહભાવ નષ્ટ થયેલો તેમનામાં જોવામાં આવે છે. તેઓ આપ-પરની ભાવનાથી પેલે પાર હોય છે, જે રીતે દીપમાં પણ આપ-પર ભાવ હોતો નથી. તેમનો નિવાસ હંમેશાં સચ્ચિદાનંદમાં હોય છે. પ્રાણીમાત્રમાં તેઓ ઈશ્વરને જુએ છે. તેમનામાં લેશમાત્ર પણ દ્વૈત હોતું નથી. જ્ઞાન-અજ્ઞાન બંનેને પચાવી તેઓ વિજ્ઞાનની મસ્તીમાં રહે છે. હંમેશાં સ્વાત્મનિષ્ઠ રહી આત્મરંગમાં ઉન્મની અવસ્થામાં રહે છે.

સદ્‌ગુરુ જગતમાં પ્રગટ રીતે હોવા છતાં કેટલીય વાર તેઓ બાલકવત્, કોકવાર પિશાચવત્ અને કેટલીક વાર ઉન્મત્ત-ગાંડાની જેમ વર્તન કરે છે. તેઓ પોતાની ઈચ્છા પ્રમાણે વિચરણ કરે છે. પરંતુ યોગ્ય જિજ્ઞાસુ પ્રતિ તેઓ દયાળુ વર્તન દાખવે છે. જે જિજ્ઞાસુને સ્વહિત કરવાની ઈચ્છા છે તે જ તેઓને શરણે જાય છે અને તેમની સેવા કરી કૃપા સંપાદન કરે છે. તેને જ સત્ શિષ્ય કહેવો. શિષ્યો અનેક પ્રકારના હોય છે. તેઓ વિવિધ કામના રાખી ગુરુસેવા કરે છે. કેટલાક સમાજમાં મોટાઈ મેળવવા ગુરુસેવા કરે છે. બીજી પણ અનેક પ્રકારની ઐહિક કામનાથી સેવા કરે છે. તેઓને અનુરાગ કેમ ઉત્પન્ન થાય? તેવા શિષ્યો સ્વાત્મસાધનથી ઘણા દૂર હોય છે.

જે શિષ્ય પોતાના મનની ગૂંચ ઉકેલતો નથી તેવાને સત્ શિષ્ય કહેવો બેકાર છે. કીર્તિની ઈચ્છા તેને ભવસાગર પાર કેમ કરીને કરાવી શકે? સત્‌શિષ્ય પાસે કયા ગુણ જોઈએ તે કહું છું, શ્રવણ કર. જે શિષ્યને સંસારસાગરની ભયંકર બીક લાગીને શરીરમાં અનુતાપ થયો છે, જેના ચિત્તમાં વિષયો પ્રતિ આકર્ષણ નથી, જે હંમેશાં વિરક્તોનો સંગ કરે છે, જેમાં લોભ, અહંકાર તલમાત્ર નથી, જે સદ્‌ગુરુનાથની શોધમાં હોય છે, જે હંમેશાં સાધુસંતોને શરણે જઈ મનોભાવથી દેહ તેમને અર્પણ કરે છે અને જાહેર કરે છે કે તે અનાથ છે, તેનો ઉદ્ધાર થવો ઘટે. હું હીનદીન છું. કાયા, વાચા, મનથી હું આપને શરણે આવ્યો છું આથી મારો અંગીકાર કરી ઉદ્ધાર કરો.

તેવા શિષ્યના હૃદયમાં કેવળ પ્રેમ હોય છે. કેવળ સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત થવી તેટલી જ એક ઈચ્છા મનમાં હોય છે. તેવો જિજ્ઞાસુ કંટાળો ન લાવતાં તત્પરતાથી સદ્‌ગુરુની સેવા કરે છે. નિંદા-અપવાદથી દૂર રહે છે અને ગુરુને મધુર શબ્દોથી સંતોષ આપે છે. અહર્નિશ તેને સેવા વગર કશું જ જોઈતું નથી હોતું. તે કોઈ પણ જીવને ત્રાસ ન આપતાં હંમેશાં સમાધાન જ આપે છે. સદ્‌ગુરુએ કરેલો કૃપાબોધ તે પોતાના હૃદયમાં સાચવી રાખે છે. સદ્‌ગુરુ કદાચ શિક્ષા કરે તો તે કદી પણ ગુરુપ્રતિ ક્રોધ કરતો જ નથી પરંતુ ચરણોની સેવા અંતઃકરણપૂર્વક કરે છે. તેવો શિષ્ય મનમાં કોઈ પણ પ્રકારનો દુરાગ્રહ રાખતો નથી. સદ્‌ગુરુ સંતુષ્ટ થઈ જયારે કૃપાદાન આપે છે અને અનુગ્રહ કરે છે ત્યારે તે પ્રસાદ સ્વીકારે છે.

હે ગોરક્ષ, આ રીતે ગુરુની કસોટીમાં ઉત્તીર્ણ થવા તેં વડાને બદલે તારી એક આંખ કાઢી આપી હતી અને બીજી આંખ સદ્‌ગુરુને અર્પણ કરી હતી. બંને આંખો જવા છતાં તને ગુરુકૃપાથી સારી દૃષ્ટિ પ્રાપ્ત થઈ. આ એક સત્ શિષ્યનું લક્ષણ તારામાં હતું. પરંતુ અહંકારે

તારો કબજો લઈ લીધો. ક્રોધને લીધે બધું નષ્ટ થયું. સિદ્ધિને લીધે મન ભ્રમિત થયું. આત્મધન ખોયું. હવે તે ધન પ્રાપ્ત કરવા હઠપૂર્વક મનોનાશ કરવા ઈચ્છે છે. તે પણ નિષ્ફળ ખટપટ જ જાણવી. સર્વ ઇંદ્રિયોનું અધિષ્ઠાન એક મન છે. તે મન પણ અદૃશ્ય હોઈ તેનું દમન કેમ કરવું? મનની એક વર્તણુંક એવી છે કે તેને જે રસ્તે વાળવું હોય તે રસ્તે લઈ જઈ શકાય છે. બંધન કે મોક્ષ એ મને કરેલા સંગનું પરિણામ હોય છે. મન એ સ્ફટિક જેવું છે. તેના પર જે રંગ આપીએ તેની તે ચમક આપે છે. તૂટેલો, ફાટેલો, તિરાડવાળો રંગ ફક્ત સંગને લીધે દેખાતો રંગ છે.

મન પોતાની રીતે તો શુદ્ધ જ હોય છે. તેનો કોઈ પણ અપરાધ નથી. તેને જ્યાં ચોંટાડવું હોય ત્યાં તે ચોંટે છે. આથી મનોનાશ માટે ક્યારેય પ્રયત્ન કરીશ નહીં. તેને સન્માર્ગે વાળી હંમેશાં પ્રસન્ન રહેવું. મન અને મારુત (વાયુ) બંને ચંચલ હોય છે. જેવો સંગ હોય તેને સાથે લઈ ઊડે છે. સંગમાં બંધાઈને રહેતા નથી. આસક્તિ રહિતપણાને લીધે હંમેશાં શુદ્ધ હોય છે. "બ્રહ્મૈવાહં" જ સર્વાત્મકમાં વ્યાપેલું છે ત્યારે મન તેનાથી જુદું કેમ હશે તે તું જ વિચાર કરીને નક્કી કર. જેને બ્રહ્મ કહે છે તે જ પરમાત્મ તત્ત્વ છે. તે જ આદિ, મધ્ય અને અંતમાં વિદ્યમાન છે. પદાર્થમાત્ર એ તે સર્વોત્તમનું સગુણ રૂપ છે. તે સર્વોત્તમ, સર્વવ્યાપક પરંતુ અવ્યાપ્ત અને નિષ્કામ છે. આ રીતે તેને ઓળખનારને કદી ભ્રમ થતો નથી.

મનને સ્વાનંદ સાથે કામ હોય છે. જે સ્વાનંદનું રૂપ છે તે જ પ્રગટપણે અંતર્બાહ્ય રીતે સ્થિત છે. અહંકારી મનુષ્યને તે કદી પણ જડતું નથી. સર્વશ્રેષ્ઠ વેદ પણ ત્યાં લડખડે છે. તે વિશે નિર્ણય થતો નથી. આથી બ્રહ્મદેવ 'ખલુ બ્રહ્મ' કહે છે. શ્રુતિ સર્વ બ્રહ્મ કહે છે. માયા બ્રહ્મ આકારથી રંગાય છે તે ત્રિગુણરૂપે આવિર્ભાવ પામ્યું,

વ્યાપકપણે પ્રસર્યું અને સાક્ષીરૂપે સર્વાતીત શેષ રહ્યું. સાક્ષીરૂપથી પ્રગટપણે તે વિલસે છે. ત્યાં દ્વૈતલક્ષણ ક્યાંથી આવ્યું? બ્રહ્મ સનાતન અવિનાશ છે.

આ પ્રમાણે સાત શ્લોકમાં શ્રીદત્તે સદુપદેશ આપી ભાષણ કર્યું. તેનું શ્રવણ કરી સિદ્ધો દેહભાન ભૂલી ગયા. ગોરક્ષ તો શ્રીદત્ત પ્રતિ આશ્ચર્યથી જોતો જ રહ્યો. તેને થયું કે આ જ્ઞાનના ભંડાર સમક્ષ કાયા અર્પણ કરવી. ભૂજા પહોળી કરી તેને આલિંગન આપવું. આ પ્રમાણે સર્વના ચિત્તમાં આનંદની લહેરો ઉછળી. મચ્છિંદ્રનાથે તરત જ ઊઠીને શ્રીદત્તને આલિંગન આપ્યું. યોગીજનોએ પણ ઊઠીને અવધૂતને વંદન કર્યાં. અવધૂતે પણ સર્વને આલિંગન આપ્યું. મચ્છિંદ્રનાથે સ્તુતિ કરતાં જણાવ્યુંઃ આ અવિનાશ મૂર્તિને ધન્ય છે, ધન્ય છે. સર્વ જીવોને શાંતિ આપવા તે સાકારરૂપે પ્રગટ થયો છે. મચ્છિંદ્રે ગોરક્ષને પ્રશ્ન કર્યોઃ હજુ કોઈ પરીક્ષા કરવાની બાકી છે? તેમની સર્વજ્ઞતાને સ્વીકારી તેમને શરણે જા. હવે મનમાં વિકલ્પ લાવીશ નહીં. અભિમાન છોડી મનને નિર્વિકલ્પ કર. તેમનાં ચરણોને વંદન કર. આ અલભ્ય લાભ છે. આમ સદ્‌ગુરુએ આજ્ઞા કરવા છતાં તેનું મન હા-ના કરવા લાગ્યું.

ગોરક્ષના મનમાં ઈચ્છા હતી કે કોઈ ચમત્કાર સર્જાય. તે માટે જ તેણે અવિનાશને વંદન કરવા આળસ દાખવ્યું. આ વાત અવિનાશ ઓળખી ગયા. ગોરક્ષને યોગને લીધે વિશેષ અભિમાન છે તે તેમણે જાણ્યું. આગામી અધ્યાયમાં તેમનો સંવાદ કંડારવામાં આવશે. તેને શ્રવણ કરી હૃદયમાં સાચવજો. અહીં દિગંબર જ સાચો વક્તા છે. ગ્રંથને તેની કૃપાનો જ આધાર છે. હું કેવળ મતિમંદ પામર છું. બોલાવનાર તે જ છે. શ્રીદત્ત પૂર્ણ કૃપારાશિ હોઈ તેણે જ આ બાળકને નજીક કરી તેના હૃદયમાં નિવાસ કરી પોતાનું ચરિત્રવર્ણન કર્યું છે. તે અતિ મધુર હોઈ શ્રોતાઓની મનોકામના પૂરી કરે છે.

શ્રોતાઓને આ ચરિત્ર ગમે છે. અભક્ત તેને શું જાણે? આ ગ્રંથરૂપી માનસસરોવરના હંસ તો તમે શ્રોતાઓ છો. તમે દૂધ અને પાણી છૂટું પાડો છો અને અર્થરૂપી મોતીઓનું સેવન કરો છો. તમે સંતસ્વરૂપ દયાઘન હોઈ અવધૂત આનંદમાં નિમગ્ન રહો છો. હું અનાથ દીન તમારા શરણે આવી કૃપાદાન યાચું છું. સંતવિભૂતિઓ એ અનંતનાં જ રૂપો છે. આથી આ પુત્ર વિનંતી કરે છે કે આ દીન તરફથી પુષ્કળ સેવા લો.

॥ ઈતિ ષટ્ચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૪૭

॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥ શ્રીગણેશસરસ્વતિભ્યો નમઃ ॥

હે વિભુ, સ્વામી દત્ત, તારો વિજય થાવ. તું સચ્ચિદાનંદ, શાશ્વત, અચલ, અખંડ, માયાતીત છે. તને નમન. તું ઉદાર, શાંત, દીનવત્સલ અને કૃપાવંત છે. તું દીનોનું મન જાણીને અજ્ઞાનીને જ્ઞાની કરે છે. હું પણ અત્યંત દીન હોવાથી અનન્યભાવે તારે શરણ આવ્યો છું. મારા મનની ઈચ્છા પૂરી કર. અત્યાર સુધીનું વિવેચન તારી કૃપાથી જ શક્ય બન્યું હતું. તારા મધુર કથામૃતને આગળ વધાર. તારી સહાય વડે જ હું તારા ગુણાનુવાદ કરી શકું છું. તેની સફળતા માટે તું મને શક્તિ આપ. તું દીનોનો ઉદ્ધારક છે. વિવેચન દ્વારા સર્વને સંતોષ આપ.

દત્ત દયાસાગર છે. હૃદયમાં તેણે નિવાસ કરી જવાબ આપવા શરૂઆત કરી. આથી વિવેચન કરવાનું ખૂબ જ સુલભ થયું. આ પરિસ્થિતિમાં શ્રોતાઓ પૂછવા લાગ્યાઃ ગોરક્ષે વંદન કેમ ના કર્યું? તેનું

મન વિકલ્પ કેમ કરવા લાગ્યું? વક્તાએ કહેવાનો પ્રારંભ કર્યો. તમે શ્રવણ માટે સાવધાન થાવ. તમારી પસંદગી જાણી મને પણ આનંદ થાય છે. ઉભય હૃદયનો આનંદ એટલે જ શ્રીદત્ત. તેમની કૃપાથી આ ગ્રંથ રસાળ થયો છે. તે ભક્તિરસનું તમે શ્રોતાઓ સેવન કરો છો અને તમારા માટે જ આ વિવેચન થઈ રહ્યું છે.

ગત છેંતાલીસમા અધ્યાયમાં જોયું કે સર્વ સિદ્ધોએ શ્રીદત્તાત્રેયને વંદન કર્યાં છે. શ્રીદત્તે પણ સર્વ સિદ્ધયોગીઓને આલિંગન આપ્યું છે. બધા જ આનંદના રંગમાં રંગાયા. ત્યારે મચ્છિંદ્ર કહે છેઃ ગોરક્ષ, ઊભો થા, શ્રીદત્તને ભેટ. ગોરક્ષ કહે છેઃ કશા કારણ વગર કેમ ભેટું? તેણે યુક્તિપૂર્વકનું ભાષણ કર્યું છે. તેનાથી મને પણ આનંદ થયો છે. પરંતુ તે મધુર વાણીનો સર્વને આનંદ થવો જોઈએ. ત્યારે અવિનાશ દત્તે પૂછ્યુંઃ ગોરક્ષ, તારે કઈ પરીક્ષા લેવી છે? અત્યારે જ કહે એટલે તેનો નિકાલ કરીએ. તારા મનમાં શું છે તે નિવેદન કર. તારી ઈચ્છા પૂરી કરીએ. ઈચ્છાનો કોઈ પણ અંશ બાકી નહીં રહે.

ગોરક્ષે કહ્યુંઃ બધા સાવધાન થઈ સાંભળો. આપણે બે, સંતાકૂકડી રમીએ. બધા જ લોકો તેને નિહાળશે. કોણ કોને શોધી કાઢે છે અને કોણ જીતે છે તે જોવા મળશે. અવધૂત બોલ્યાઃ મને ખ્યાલ આવ્યો કે તારા મનમાં શું છે. સર્વ સિદ્ધોને પણ આ સ્પર્ધા જોવા મળશે. ગોરક્ષે પણ સર્વ સિદ્ધોને કહ્યુંઃ સ્પર્ધા જોઈને તમને ખબર પડશે કે કોણ શ્રેષ્ઠ છે. કોણ કોને શોધી કાઢે છે તેની ખબર પડશે. અહીં શબ્દપાંડિત્યને સ્થાન નથી. અવધૂત કહે છેઃ હવે વાણીશ્રમમાં પડીશ નહીં અને સંતાવામાં વાર લગાડીશ નહીં. લીલા ચમત્કાર જોવા આ સર્વ યોગેશ્વર ઉત્સુક છે.

ગોરક્ષ કહેઃ ખૂબ આવેશપૂર્વક અને હાવભાવપૂર્વક તું કહે છે પરંતુ આ સ્પર્ધા સાધારણ નથી. તેમાં યશસ્વી થવું અત્યંત કઠિન છે.

યુદ્ધમાં ત્રિશૂળનો ઘા અંગ સમેટી ચૂકવી છે તેમાં શી મોટાઈ છે? હવે જ તારી મોટાઈ ખબર પડશે. હે યોગી, ત્રિશૂળનો ઘા ચૂકવી કૂલાઈ ગયો છે; હવે સત્યતાનું ભાન થશે. મચ્છિંદ્રે ગોરક્ષનો બબડાટ સાંભળી કહ્યું: વૃથા બકબક શા માટે કરે છે? પોતે જ વૈખરીનો વ્યય કરી ઝગડો કેમ વધારે છે? દીવો ઓલવવા જેમ પતંગિયું ઝડપ મારે, આગ ઓલવવા જેમ ઘાસનું પૂતળું દોડે, ક્રુદ્ધ થયેલો સાપ જેમ ગરુડને જોઈને 'હું તેને ગળી જઈશ' એમ કહે, માખી પોતાની પાંખોના પવનથી મેરુ પર્વતને ઉડાડવા ઈચ્છે, આગિયો સૂર્યને યુદ્ધનું આવાહન કરે તેમ અવિચાર કરી તું અનર્થને વધારે છે.

મચ્છિંદ્રે ક્રોધપૂર્વક આમ કહ્યું. અવિનાશ દત્તે તેના જવાબમાં કહ્યું: બાળકને ભલે રમત રમવા દો. બાળકોની રમતમાં મોટેરાઓને પણ આનંદ આવે છે. બાળકની રમવાની ઈચ્છા જો પૂરી ન થાય તો તે રિસાઈ જાય છે. ત્રાગું કરે છે અને પછી તે તરત શાંત થતું નથી. આથી હે મચ્છિંદ્ર, તું બિલકુલ ગુસ્સે ના થઈશ. તેને સંતુષ્ટ કરી તેને શાંત કરવો જોઈએ. તેના પર ક્રોધ કરવો જોઈએ નહીં. બાળગોરક્ષના મનમાં શું છે તે થવા દે. જે થકી તેને સંતોષ થશે તેમ જ આપણે કરીશું. તેને હું ખૂબ જ પ્રેમ કરું છું. તેને મારો વિરોધી માનીશ નહીં.

તે પછી અવધૂતે ગોરક્ષને કહ્યું: જલદી સંતાઈ જા. જો તને શોધી કાઢવા આ આવ્યો. રમતમાં સાવધ રહેજે. અહીંથી શ્રોતાઓએ પણ આ રમત એકાગ્રતાથી શ્રવણ કરવી. ગિરનાર પર્વત પર અનેક યોગીઓ તટસ્થ રીતે તે સ્પર્ધા જોઈ રહ્યા છે. આ ચમત્કાર જોવા સ્વર્ગમાંથી મુનિગણો, યક્ષો, કિન્નરો, અપ્સરાગણ તેને વિસ્ફારિત નેત્રથી જોઈ રહ્યા છે. તે જ અરસામાં ગોરક્ષ એકદમ અદૃશ્ય થયો. વિદ્યાધર આદિ સર્વ જોતાં જ રહી ગયા. ગોરક્ષ માછલીનું રૂપ ધારણ કરી સાગરમાં અસંખ્ય મત્સ્યસમૂહમાં ભળી જળવિહાર કરવા લાગ્યો.

સિદ્ધોએ જોયું તો ગોરક્ષ ક્યાંય દેખાતો ન હતો. તેઓ અંદરોઅંદર વાતચીત કરવા લાગ્યા કે ગોરક્ષ ક્યાંય દેખાતો નથી. તેઓએ શ્રીદત્તને કહ્યું: હવે તમે જલદી ગોરક્ષને શોધી લાવો. શ્રીદત્ત તો સર્વજ્ઞ. તેમણે ત્યાંજ બેસીને શોધ કરી અને સંતાવાનું સ્થળ શોધ્યું. તેણે એક વિશાળ વિચિત્ર પક્ષીનું રૂપ લીધું, જેનો રંગ સફેદ, કાળો અને લીલો એમ મિશ્ર હતો. તેની ચાંચ લાંબી અને અણીદાર હતી. પાંખો ફેલાવી તે પક્ષી આકાશમાં ઊડ્યું અને પશ્ચિમસાગરમાં જઈ જ્યાં ગોરક્ષ માછલીનું રૂપ લઈ જળવિહાર કરતો હતો તેને ધ્યાનથી જોયું. તીરની ગતિથી પક્ષીએ પાણીમાં ડૂબકી લગાવી અને મત્સ્યરૂપી ગોરક્ષને ઓળખી તેને ચાંચમાં પકડી સર્વ સિદ્ધોની વચ્ચે લાવી મૂક્યો.

સર્વ યોગીઓ શ્રીદત્તની શક્તિ જોઈ ચકિત થયા. ગોરક્ષે ધારણ કરેલું રૂપ છોડીને પૂર્વદેહ ધારણ કર્યો. તેથી સર્વ સિદ્ધોને આનંદ થયો. ગોરક્ષે કહ્યું: શ્રીદત્ત, તું કુશળ, બુદ્ધિમાન છે. પક્ષીનું રૂપ લઈ મને શોધી કાઢ્યો અને યોગીવૃંદ પાસે લાવી મૂક્યો. એક દૃષ્ટિએ તારી ચપળતા દેખાઈ આવે છે. પરંતુ ભવિષ્યનો માર્ગ સરળ નહીં રહે. હવે તમે છૂપાઈ જાવ. હું તમને શોધી કાઢીશ. શ્રીદત્તે કહ્યું: છૂપાઈ જવું, લપાઈ જવું, તે તારા માટે જ. હું આ પ્રકારનો યોગ આચરતો નથી. લપાતો છૂપાતો કોણ ફરે? જેને બીક હોય તેવો ચોર ભય પામે છે. શુક યોગીંદ્ર બાર વર્ષ ગર્ભમાં છૂપાઈને રહ્યો. ભયને લીધે દશરથરાજા સ્ત્રીઓના સમૂહમાં સ્ત્રી થયો. ભગવાન શંકરે પલાયન કરી ન્યગ્રોધ પક્ષીનું રૂપ લીધું. યોગીઓ પણ કાળને હાથતાળી આપવા (સમાધિમાં) છૂપાઈ જાય છે.

શ્રીદત્ત કહે છે કે ઉપર વર્ણવેલી વાતો તો મહાન વ્યક્તિઓની છે તો નાના માણસની તો વાત જ કયાં રહી? જેમના ચિત્તમાં સંતાઈ જવાનું હોય છે તેઓ અનેક પ્રકારના દુઃખો ભોગવે છે. (અલીબાબા

ચાળીસ ચોરમાં કોઠીમાં ચોર છુપાઈ જાય છે તેમના માથા પર ઉકળતું તેલ રેડવામાં આવે છે.) આમ છુપાવાથી અનેક દુઃખો ભોગવવાં પડે છે. હે ગોરક્ષ, તને છુપાવવાનું ગમે છે તો તું છુપાઈ જા. તને શોધી કાઢવામાં મને કોઈ પણ અડચણ પડશે નહિ. આવા વચનો સાંભળી ગોરક્ષ તરત જ ત્યાંથી પલાયન થઈ અલોપ થઈ ગયો. અદૃશ્ય થઈ જળચરોમાં પ્રવેશ કર્યો અને નવ લાખ જળચરોનું સ્વરૂપ લીધું. શ્રીદત્તે માછીમારનું સ્વરૂપ લઈ અત્યંત મોટી જાળ સમુદ્રમાં નાખી અને ગોરક્ષને પકડી યોગીસમૂહ સમક્ષ લઈ આવ્યા.

આ જળચરલીલા જોઈને યોગીસમૂહને આશ્ચર્ય થયું અને તેઓના ઉદ્‌ગાર હતાઃ ધન્ય છે અવધૂત! તને કેમ ખબર પડી કે આ અસંખ્ય જળચરોમાં ગોરક્ષ છૂપાયો છે? તું કુશળ શોધનાર છે. તું તેને કેવી રીતે ઓળખી કાઢે છે અને અમારી સમક્ષ પ્રગટ કરે છે તે અમારી સમજણ બહાર છે. અવધૂતનું કૌશલ્ય જોઈ ગોરક્ષ પણ ચકિત થયો. તેમ છતાં તેણે ધીરજ ધરી કહ્યુંઃ દત્ત, સાવધાન થા. હવે મારી ચપળતા જો. તને હું એક ક્ષણમાં ચકિત કરું છું. અત્યારે જ સ્પર્ધાની પરિસમાપ્તિ થઈ નથી. તને ચિંતામાં પાડું છું.

ગોરક્ષનું કથન સાંભળી અવિનાશ દત્ત કહેઃ વૃથા કેમ અભિમાન કરે છે? આ અભિમાનથી અનેકનું નુકસાન થયું છે. શુકયોગીની શી ગતિ થઈ? જનકના વાડા (દરબાર)માં તેની ફજેતી થઈ. આવા કેટલા પ્રસંગો તને વર્ણવું? વિધિ બકદાલભને લીધે અભિમાની થયો. પવને તેને ફંગોળ્યો અને બ્રહ્માંડમાં ભ્રમણ કરાવ્યું. અનંત બ્રહ્માંડોની માળાને જોઈ તો આઠ આંખોને બદલે હજાર આંખો થઈ. બંનેના અભિમાનનું ખંડન થઈ બંનેને જીવતદાન મળ્યું. પછી પૂર્વસ્થિતિ પ્રાપ્ત થઈ. તને વધુ શું કહું? તું તો યોગસંપન્ન છે અને તે સિદ્ધિને પૂર આવ્યું છે. તેનો કેમ પ્રતિરોધ કરું? તારે જે કરવું હોય તે કર. થાકી ગયા વગર અભિમાન

કેમ નષ્ટ થશે? યોગીઓને પણ આ રમત જોઈ આનંદ થાય છે. તારી ત્રિભુવનમાં કીર્તિ પ્રસરશે. હવે પારોઠના પગલાં ન ભરીશ. સર્વને જે થકી આનંદ થશે તે પ્રમાણે જ તારું વર્તન રાખ. સર્વને આનંદ એટલે અમને પણ આનંદ જ થશે. મારું વચન સાંભળી થોભીશ નહીં. ફરી સંતાઈ જા.

ગોરક્ષે કહ્યુંઃ મને સંતાઈ જતાં કેટલી વાર? આમ કહી ગોરક્ષ તરત જ અદૃશ્ય થયો. ગોરક્ષે પક્ષીનું રૂપ લીધું. પક્ષીઓની દસ લાખ યોનિ છે. તેમાં પણ અસંખ્ય સમૂહો હોય છે. ગોરક્ષે તેમાં સંચાર કર્યો. ગોરક્ષની યુક્તિ જોઈ જ્યાં ગોરક્ષે નાના પક્ષીનું રૂપ લીધું હતું ત્યાં શ્રીદત્તે બાજનું રૂપ લીધું છે. તેને પકડી યોગીઓ સમક્ષ પ્રગટ કર્યો છે એટલે ફરી બીજું રૂપ ધારણ કર્યું. ફરી દત્ત તેને શોધી કાઢતા. આમ બંનેએ અનેક પક્ષીઓનાં રૂપ ધારણ કર્યાં. જે તે પ્રસંગે શ્રીદત્તે જે તે પક્ષીના પ્રતિસ્પર્ધી પક્ષીનું રૂપ લઈ ગોરક્ષને દર વખતે પકડી પાડ્યો.

પક્ષીયોનિ સમાપ્ત થયા પછી ગોરક્ષે સ્થૂળ દેહ ધારણ કર્યો એટલે શ્રીદત્તે વ્યાઘ્રરૂપ ધારણ કરી તેને પકડી પાડ્યો. જાળમાં પકડી શ્રીદત્ત તેને મચ્છિંદ્ર સમક્ષ લાવીને કહેતાઃ આ લે તારો ગોરક્ષ. અનેક પક્ષીઓના ચિત્રવિચિત્ર રૂપો જોઈ યોગીઓ આનંદિત થઈ પેટ પકડીને હસતા. ગોરક્ષને તેઓ સલાહ આપતા કે અભિમાન છોડી દે. શું કામ કષ્ટ કરે છે? તારા દરેક પ્રયત્નને શ્રીદત્તે અયશસ્વી બનાવ્યો છે. કોઈ પણ દાવ ખાલી ગયો નથી. તેના પરથી બોધ લે. ગોરક્ષ કહેઃ મને હીન કેમ માનો છો? હું તો આને ખૂબ જ થકવી નાંખીશ. તમે ડરશો નહીં. આટલું કહી ગોરક્ષ ફરી ગુપ્ત થયો અને કૃમિ કીટકમાં ભળી ગયો. તેમની સંખ્યા અગિયાર લાખ છે. તેમાં પણ અનેક પ્રકાર-સમૂહ છે.

ગોરક્ષે કૃમિકીટકનું રૂપ ધારણ કર્યું અને શ્રીદત્તે તેના શત્રુનું રૂપ ધારણ કરી તેને પકડી પાડ્યા. પરંતુ ગોરક્ષનો અહંકાર શાંત થતો

નથી. મચ્છિંદ્ર દત્તને કહે છેઃ કોઈ પણ પ્રયાસમાં કચાશ રાખશો નહીં. શ્રીદત્ત કહેઃ ધીરજ ધરો, શાંતિથી અવલોકન કરતા રહો. તેની યોગયુક્તિને વિરામ આવશે. આટલું સાંભળી ગોરક્ષ ગુપ્ત થયો અને સર્પયોનિમાં ભળી ગયો. શ્રીદત્તે પક્ષીરૂપ ધારણ કર્યું. ગોરક્ષ નાના મોટા અનેક શરીરને ધારણ કરતો ગયો. શ્રીદત્ત તેને પક્ષીરૂપ ધારણ કરી ચાંચમાં પકડી યોગીઓ સમક્ષ પ્રગટ કરતા. તે પછી કૃમિકીટકની યોનિ સમાપ્ત થઈ. તે પછી ગોરક્ષે સ્થાવરરૂપ ધારણ કર્યું. ૨૦ લાખ યોનિમાં સંચર્યો. શ્રીદત્તે તેને દરેક વખતે શોધી યોગીવૃંદ સમક્ષ હાજર કર્યો. શ્રીદત્ત પ્રત્યેક સ્થાવર-જંગમ રૂપને ઓળખે છે. આથી શ્રીદત્તથી અજાણ કોઈ યોનિ નથી અથવા સ્વરૂપ નથી. સિદ્ધ અને યોગીવૃંદ આ સંતાકૂકડીની રમત જોઈ આશ્ચર્યથી છક્ક થઈ ગયા.

યોગીવૃંદ આ અનોખી સંતાકૂકડી જોઈ દંગ રહી ગયા. તેટલામાં ગોરક્ષે કહ્યુંઃ હે દત્ત, તું સાવધ થા. મને શોધતાં તું થાકી જઈશ. ત્યારે અવિનાશ દત્તે કહ્યુંઃ તારી દૃષ્ટિએ તું સાચો હોય તો પણ મારા વ્યાપકપણાને કોઈ આંચ નથી. તારી શક્તિ થાકશે. તારે જેટલું છુપાવું છે તેટલું છુપાઈ જા. તું જ્યાં પણ લપાઈ જઈશ ત્યાંથી તને હું શોધી કાઢીશ. તારા પ્રયત્નોથી સર્વ યોગીઓને આનંદ થાય છે. સમયને વેડફીશ નહીં. થાકી ગયો હોય તો વિશ્રાંતિ લે. શ્રીદત્ત આટલું બોલતા હતા તેટલામાં ગોરક્ષ ચતુષ્પાદ પ્રાણીઓમાં ગુપ્ત થયો.

ચતુષ્પાદ પ્રાણીઓની ૩૦ લાખ યોનિ છે. તેમાં હિંસ્ર, શાંત, તૃણાહારી, માંસાહારી, વિવિધ રંગના પ્રાણીઓ, શિંગડાવાળાં, શિંગડા વગરનાં ઇત્યાદિ પ્રકાર છે. વેદપુરાણોને પણ અગમ્ય તેવો યોગમુગટમણિ અનસૂયાનંદન સર્વના ચિન્હો-ગુણો જાણે છે. સર્વ કર્તા હોવા છતાં અકર્તા છે. જે રૂપ ગોરક્ષે ધારણ કર્યું તેના શત્રુરૂપ ધારણ કરી શ્રીદત્તે દરેક વખતે તેને શોધી કાઢ્યો. કેટલીક વાર તેને છટકામાં પકડ્યો.

કેટલીક વાર તેના પર સવાર થઈને યોગીઓ સામે પ્રગટ કર્યો. કેટલીક વાર ખાડામાંથી, કેટલીક વાર ખાબોચિયામાંથી કે કેટલીક વાર દોડતા ગોરક્ષના પગ પકડી તેને સિદ્ધટોળી સમક્ષ હાજર કર્યો.

ચતુષ્પાદની હરોળમાંથી ગોરક્ષને મોતીને જેમ સૂત્રમાં પરોવીએ તેમ શોધી યોગીઓ સમક્ષ હાજર કરતા. તેને કોઈ પણ પ્રકારની ઈજા કર્યા વગર પકડી મચ્છિંદ્ર સમક્ષ હાજર કરતા અને કહેતા કે આ ક્યાં લપાયો છે? લો તમારો ગોરક્ષ. મને કદી પણ ન જડે તે રીતે ગોરક્ષે છુપાઈ જવું જોઈએ. તે જો શક્ય ન હોય તો તેણે કષ્ટ કરવાનું છોડી દેવું જોઈએ. ગોરક્ષ તેના જવાબમાં કહેતોઃ આટલામાં પોતાને મોટો ના સમજીશ. અત્યારે જ ખબર પડશે કે તું મને કેમ શોધી કાઢીશ? આમ બોલી ગોરક્ષે ચાર લાખ મનુષ્યયોનિમાં સંચાર કર્યો. તેમાં વિભક્ત વર્ણ, વિવિધ સમૂહ. જ્યાં ગોરક્ષ જતો ત્યાં શ્રીદત્ત પહેલેથી હાજર જ હોય. ગોરક્ષ વિચાર કરવા લાગ્યા કે જ્યાં જ્યાં હું સંતાવા જાઉં છું ત્યાં ત્યાં શ્રીદત્ત હોય જ છે. તેને શું કરું?

સપ્ત દ્વિપ, સપ્ત સાગર, દશ ખંડ, દશ મહેંદ્ર, મેરુ, મંદાર સર્વ સ્થળે તે છુપાયો. એકવીસ સ્વર્ગ, ચૌદ ભુવનો, સપ્ત પાતાળ, સકળ યોનિ, સર્વ વર્ણમાં સંતાવા છતાં શ્રીદત્તે તેને શોધી કાઢ્યો હતો. અણુ-પરમાણુ જેટલું રૂપ ધારણ કર્યું છતાં શ્રીદત્તે તેને શોધી કાઢ્યો. શ્રીદત્તે દરેક સ્થળે તેને શોધી કાઢ્યો. હવે શું કરવું? ગોરક્ષનું મન વિષણ્ણ થઈ ગયું. ગમગીન થઈ ગયું. તેના મનમાં આવ્યું કે આની કરણી અદ્‌ભુત છે. હું વિચાર કરું તે પહેલાં તે છુપાવાના સ્થળે હાજર થઈ જાય છે. એક પણ વખત શ્રીદત્તની ભૂલ થતી નથી. મચ્છિંદ્રે તેને પૂછ્યુંઃ રમત પૂરી થઈ કે બાકી રહી?

ગોરક્ષે ઉત્તર આપતા કહ્યુંઃ મેં રમતમાં બિલકુલ કચાશ રાખી નથી. પરંતુ જ્યાં જ્યાં ગયો ત્યાં શ્રીદત્તે મારો પીછો કર્યો. અનેક સ્વરૂપો

ધારણ કર્યાં. (યોગસિદ્ધિના બળે એક સિદ્ધિ છે કામરૂપતા- જેના થકી વિવિધ સ્વરૂપો ધારણ કરી શકાય છે.) પરંતુ શ્રીદત્તે મને શોધી કાઢ્યો. અનેક સ્થળે છુપાઈ ગયો. તેમ કરતાં થાકી ગયો. અવધૂતનું કૃત્ય જોઈ ભય પણ પામ્યો પરંતુ રમતનો આનંદ જોઈ શાંત થયો. ત્યારે મચ્છિંદ્ર કહેઃ બેટા, તું આ અવધૂતની બરોબરી ક્યારેય નહીં કરી શકે. વેદો પણ તેનો મહિમા ન જાણીને 'નેતિ, નેતિ' (આ નથી- આ નથી) એમ કહે છે. તો બીજા કોણ તેને જાણી શકે?

મચ્છિંદ્ર કહે છે કે જે જે રૂપ ધારણ કરી તું તે તે સ્થળે પહોંચ્યો તો શ્રીદત્ત પણ ત્યાં તરત જ પહોંચ્યા. પહોંચ્યા નહીં પરંતુ તેઓ ત્યાં જ હતા. તેઓ સર્વવ્યાપી છે. તેઓ ક્યાંય ગયા નથી. તારી પાછળ આવવા છતાં તેઓ અમારી સમક્ષ ઉપસ્થિત હતા જ. તું હવે ભ્રમને તિલાંજલિ આપ. બુદ્ધિ નિર્વિષય, નિષ્કામ કર અને તેમના ચરણે વિશ્રામ લે. વિશ્રામ લેવાથી તને સુખધામ પ્રાપ્ત થશે. આમ મચ્છિંદ્રનું કથન સાંભળી સર્વ યોગીજનો કહેવા લાગ્યાઃ આ ગોરક્ષે ખરેખર ખૂબ કરી. આ અવિનાશ મૂર્તિ પણ ધન્ય છે. ઉભયની લીલા જોઈને આનંદ થાય છે. તેને કોઈ પણ ઉપમા લાગુ પડતી નથી. આકાશને શાની ઉપમા આપવી? અથવા સાગરને કોની સાથે સરખાવવા? અમારી વિનંતી છે કે બંનેની રમતમાં અમારું ચિત્ત લીન થયું છે તો અમને હજુ લીલા જોવી છે.

સિદ્ધયોગીઓ કહે છે કે અત્યાર સુધી ગોરક્ષ અનેક વખત છુપાઈ ગયો અને શ્રીદત્તે તેને શોધી કાઢ્યો. હવે શ્રીદત્ત છુપાઈ જાય અને ગોરક્ષ તેને શોધી કાઢે તેમ અમારે જોવું છે. શ્રીદત્તને પણ યોગીન્દ્રોએ વિનંતી કરી. દેવ-અસુરો, ગંધર્વ-કિન્નરો, ઋષિવૃંદ સર્વ આ કૌતુક જોવા ઉપસ્થિત છે. તો હે અવિનાશ, તમે પણ અમારી આ ઈચ્છા પૂરી કરો. સર્વની વિનંતી સાંભળી શ્રીદત્તને હૃદયમાં કરુણા

ઉપજી. તેમણે કહ્યું: ગોરક્ષના મનમાં જેમ હશે તે ઈચ્છા હું પૂર્ણ કરીશ. અત્યાર સુધીની રમત તેની ઈચ્છા થકી જ થઈ છે.

યોગીઓએ ગોરક્ષને પણ વિનંતી કરી કે હવે શ્રીદત્ત અંતર્ધાન થશે. તેમને તું શોધી કાઢ. તેના તરફ અમારું ધ્યાન છે. ગોરક્ષે યોગીઓની વાત સાંભળી કહ્યું: હવે શ્રીદત્ત ભલે ગુપ્ત થઈ જાય, હું તેમને શોધી કાઢીશ. છુપાવાના જે કોઈ સ્થળો છે તે બ્રહ્માંડના બધા જ સ્થળો હું જાણું છું. તે ક્યાં છુપાઈને રહેશે? એક જ ક્ષણમાં હું તેને શોધી કાઢીશ. ગોરક્ષનું આ કથન સાંભળી શ્રીદત્ત પેટ પકડીને હસ્યા છે. તેમણે કહ્યું: ગોરક્ષ, વિશ્વમાં તારી ખ્યાતિ છે. તારી યોગસિદ્ધિને ધન્ય છે. શ્રીદત્ત દ્વારા ગોરક્ષની પ્રશંસા સાંભળી મચ્છિંદ્ર કહેવા લાગ્યા: ગોરક્ષ, તારા હાથમાં અવિનાશ આવે તેમ મને અશક્ય લાગે છે. વૃથા યોગનું અભિમાન ન કરીશ.

મચ્છિંદ્ર કહે છે: ગોરક્ષ, તું ખાલી રઝળપાટ કરી થાકી જઈશ. મેં તને ઘણું સમજાવ્યું પરંતુ તેં મારું માન્યું નથી. તને અનુભવ થયો છતાં વસ્તુસ્થિતિને તું સ્વીકારતો નથી. મિથ્યાભિમાન ઘણાંને ધૂળ ચાટતો કરે છે. હજુ પણ વસ્તુસ્થિતિ સમજ. અવધૂત એ અગમ્ય-અતર્ક્ય છે. તું તેમના શરણે જા. તું તેની સામે એકદમ પામર છે. અનેક બ્રહ્માંડોમાં તપાસ કરીશ તો પણ તને પત્તો લાગવાનો નથી.

મચ્છિંદ્રનું આવું કથન સાંભળી યોગીઓ કહેવા લાગ્યા: હે મચ્છિંદ્ર, ગોરક્ષ અમારામાં શ્રેષ્ઠ યોગી છે. તેનો હંમેશાં વિજય જ છે. તમે પણ તે કૌતુક સુખપૂર્વક જુઓ. યોગીઓની ઈચ્છા જોઈ કરુણામૂર્તિ દત્તે પ્રસન્ન થઈને ગોરક્ષના અહંકારને છેદવા લીલાનો પ્રારંભ કર્યો. બધા લોકો તેને જોતા હતા અને શ્રીદત્ત એકદમ ગુપ્ત થયા. યોગીજનો પણ અત્યંત વિસ્મય પામ્યા. તેઓ વિચાર કરવા લાગ્યા કે અત્યાર સુધી ઉપસ્થિત અવધૂત ક્યાં જતા રહ્યા? ગોરક્ષ, તું તેમને શોધી કાઢ. મચ્છિંદ્રે કહ્યું: જો શોધી શકે તો તું ડાહ્યો કહેવાઈશ.

ગોરક્ષે શ્રીદત્તને શોધવા માટે ત્યાંથી પ્રસ્થાન કર્યું. યોગમાર્ગથી તે શોધવા લાગ્યો. પ્રથમ તેણે સ્વયં જે જે રૂપ ધારણ કર્યાં હતાં ત્યાં ત્યાં તેણે તપાસ કરી. જરાયુજ, અંડજ, સ્વેદજ, ઉદ્‌ભિજજ ચારે પ્રકારના જીવાત્મામાં શોધ કરી. ચાર વર્ણ, પશુ પક્ષી, માનવ, જળચર, વનચર, કૃમિકીટક, સ્થાવર જંગમ સમૂહમાં શ્રીદત્તને શોધ્યા. પરંતુ તે દેખાયા નહીં. પાછો ફરી પર્વત પર આવ્યો તો ત્યાં પણ શ્રીદત્ત ન હતા. તેનું મન ઉદાસ થયું. સિદ્ધો પૂછવા લાગ્યા કે શ્રીદત્તને શોધી લાવ્યો? અમારી સાથે જલદી મુલાકાત કરાવ. તેના વગર ઠીક લાગતું નથી. ગોરક્ષ કોઈ પણ જવાબ આપી શક્યો નહીં.

રઝળપાટથી તે એકદમ થાકી ગયો. તેનું મુખ કરમાઈ ગયું. સિદ્ધોએ ફરી પૂછ્યુંઃ ગોરક્ષ, શું થયું? મોઢું ઉતરી ગયું છે અને શ્રીદત્ત અહીં પણ નથી. ગોરક્ષે જવાબ આપતાં કહ્યુંઃ મેં પુષ્કળ શોધ કરી પરંતુ અવધૂત જડ્યા નહીં આથી અહીં પાછો આવ્યો તો અહીં પણ તેઓ નથી. હવે તો તેઓ ક્યાં હશે? ક્યાં શોધું? સૂર્યલોક, વરુણલોક, ઇંદ્રલોક, ગંધર્વલોક, સત્યલોક, કૈલાસ, સપ્તપાતાળ, સપ્તસાગર, બધી જ નદીઓ, પર્વતો મેં શોધ્યા પરંતુ શ્રીદત્તનો પત્તો નથી. હવે કોને જઈને પૂછું? કઈ સિદ્ધિનો ઉપયોગ કરું? મને અદૃશ્ય વસ્તુઓ પણ દેખાય છે. મારી તે યોગશક્તિ પણ કામમાં આવતી નથી. મેં પોતે જ આ શોધખોળનો ઉદ્યોગ ઊભો કર્યો.

ફરી ગોરક્ષ શ્રીદત્તની શોધ માટે નીકળ્યો. દશે દિશા, હરક્ષેત્ર, પુરી, મઠ, સરિતા, ગુફા, ઉદ્યાન, એકવીસ સ્વર્ગ, લોકાલોક, ચૌદ ભુવનો, સર્વે શોધ કરી પરંતુ અવધૂત તો હાથતાલી આપી ગુપ્ત થયા છે. શ્રોતાઓ પૂછે છેઃ શ્રીદત્ત ક્યાં ગયા તેની ખબર ગોરક્ષને કેમ ન પડી? વક્તા કહે છેઃ શ્રીદત્તે યાદ અપાવ્યું કે શ્રીદત્ત એ સર્વાત્મક અને સર્વવ્યાપી છે. તે શ્રુતિ અને વેદોને પણ અગોચર છે. તેનું નામ અવિનાશ

દત્ત છે. તે આકારવિકારરહિત, ત્રિમૂર્તિ, પરંતુ ગુણાતીત, નિર્મળ, નિશ્ચળ, ઉદાર, શાંત, નિઃસંગ અને નિર્ભય આવાગમન કરે છે. ગોરક્ષની ઈચ્છા પૂરી કરવા તેણે આ લીલા કરી.

શ્રીદત્ત પંચતત્ત્વના મિશ્રણ પછી પણ બાકી વધ્યો છે તે યોગીરાજને કાયા નથી અને માયા નથી. શ્રીદત્ત જો એક ઠેકાણે હોય તો દેખાય. જે સર્વત્ર ભરેલો સર્વવ્યાપી હોય તો કેમ દેખાય? આ કથનથી શ્રોતાઓનું સમાધાન થયું. વક્તા કહે છે હવે આગળનું કથાનક સાંભળો. ગોરક્ષ થાકી ગયો. તેનો યોગસિદ્ધિનો અહંકાર પૂર્ણ થઈ ગયો. તે થાકીને લોથપોથ થઈ શ્રીસદ્‌ગુરુ પાસે આવ્યો. તેણે ગુરુચરણોને ગાઢ આલિંગન આપ્યું છે અને અશ્રુપૂર્ણ નયને કહે છેઃ શ્રીદત્ત જડતા નથી. હવે શું કરું?

સર્વ યોગી તેને સલાહ આપતાં કહે છેઃ તેં હસ્તગત લાભ ગુમાવ્યો. તને શી સલાહ આપીએ? તને યોગ સામર્થ્યનો અહંકાર થયો તેથી મચ્છિંદ્રની સલાહ તેં કાને ન ધરી. વૃથા ઝગડો વધારી શોધીને થાકી ગયો. દૈવથી ચિંતામણિ મળ્યો તેને તેં ગોફણ દ્વારા દૂર ફેંક્યો. તારા આત્મઘાતી કૃત્ય દ્વારા કલ્પવૃક્ષને ઉખેડી નાંખ્યો અને કામધેનુને આગળ ધકેલી દીધી. અલભ્ય લાભ તેં ગુમાવ્યો. તને ગુણવાન કહેવો કે અવગુણી? તારી કીર્તિને ડાઘ લાગ્યો. જીવ બચાવવા રસાયણ લેવું કે જીવ જવા માટે? સદ્‌ગુરુની કૃપા કલ્યાણ માટે સંપાદન કરવાની કે અકલ્યાણ માટે?

યોગીઓ કહેવા લાગ્યાઃ તેં સ્વહિત ગુમાવ્યું છે. અમારા બધાનો પણ અવધૂત સાન્નિધ્યનો લાભ ગુમાવ્યો. આજ પર્યંત આચરેલા યોગનો તેં સારો સદુપયોગ કર્યો! અનેક જન્મોનું તપ એકઠું થયું હોય ત્યારે અવધૂતદર્શનનો લાભ થાય છે. તેના દર્શન વિના અમારા પ્રાણ ટકશે નહીં. ગોરક્ષ, તારો ઉપકાર બસ થયો. સર્વ સિદ્ધોએ ગદ્‌ગદિત થઈ

શ્રીદત્તનું સ્મરણ કર્યું અને કહેવા લાગ્યાઃ હે દયાળુ, અનાથનાથ જલદી દોડી આવીને અમને દર્શન આપ.

સિદ્ધોની આંખોમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી. તેમનું શરીર કાંપવા લાગ્યું. તેઓ આર્દ્ર હૃદયે કહેવા લાગ્યાઃ હે કરુણાકર, દીનબંધુ, તું જલદી પાછો આવ. શ્રીદત્તના સ્મરણથી તેઓ આક્રંદ કરવા લાગ્યાઃ દીનદયાળ, ફક્ત એક વખત તારાં ચરણકમળ અમને બતાવ. આ પ્રમાણે સર્વ યોગીઓને દુઃખી જોઈ મચ્છિંદ્રે ગોરક્ષને ફિટકાર કરતાં કહ્યુંઃ ધિક્કાર છે તને! તેં સર્વસ્વનો ઘાત કર્યો. ધિક્કાર હજો તારા યોગને! તારી યોગ્યતાને! તારા અભિમાનને! બળીને ભસ્મ થાવ તારી મોટાઈ! બળો તારું મૂર્ખતાભર્યું જ્ઞાન, તારા દુષ્ટ ગુણ. હવે તારું મુખ કેમ બતાવે છે? અમૃત છૂપાવી ઝેર પાનાર કોઈક જ હોય. ઘી-કેળાંમાં જો ખાંડને બદલે સર્પગરલ મિશ્રિત કરે તો તે દુષ્ટ જ હોય. તારું કૃત્ય તેવું જ થયું.

મચ્છિંદ્ર કહેવા લાગ્યાઃ આ સર્વને ચિંતાસાગરમાં નાખ્યા. શ્રીદત્તના વિરહથી આકુળવ્યાકુળ થઈ યોગીઓ પ્રાણત્યાગ કરશે તેનો અપયશ તારે માથે આવશે. તું હવે યમયાતના ભોગવીશ. હવે તને સુખ ક્યાંય નહીં મળે. દરેક કર્મનો કર્તા એ જ તેના ફળને ભોગવનારો થાય. મચ્છિંદ્રે આ વાક્‌બાણ જાણી જોઈને ગોરક્ષ પ્રતિ છોડ્યું હતું. જેથી તેને પશ્ચાત્તાપ થાય. મચ્છિંદ્રની ભ્રૂકુટી ખેંચાઈને વક્ર થઈ અને પગથી તેમણે ગોરક્ષને દૂર હડસેલી દીધો. સદ્‌ગુરુનો ક્રોધ જોઈ ગોરક્ષના મનમાં પશ્ચાત્તાપ થયો. તેનું શરીર ભયથી કંપવા લાગ્યું. આંખમાં અશ્રુઓ સાથે તે બોલ્યોઃ મેં ખૂબ મોટું પાપ કર્યું છે. અભિમાનનો શિકાર થઈ વિના કારણ ઝગડો વધાર્યો. તે બધું મને દૂષણ જ લાગે છે.

ગરુડ સામે સર્પ પોતાના સામર્થ્ય પર જીતવા પ્રયત્ન કરે અથવા સાપને હરાવવા દેડકો શરીર ફુલાવે અથવા સિંહને જીતવા માટે ઘેટું

સામે થઈને દોડે તેમ મેં કર્યું. યોગના અભિમાનથી હું જ દેવાદાર થયો. વિરલ લાભ ગુમાવ્યો અને દુષ્કર્મ વધાર્યું. એકંદરે જોઈએ તો સર્વ પાપના મૂળમાં આ અહંકાર જ છે. તે મારામાં ઉછર્યો અને સર્વસ્વનો ઘાત થયો. આ એક જ દુર્ગુણથી હું સંકટમાં પડ્યો અને અવિનાશની કૃપા ગુમાવી. યોગીઓ રુષ્ટ થયા અને સદ્‌ગુરુ પણ કોપાયમાન થયા. જન્મ લઈને મેં આ જ પ્રાપ્ત કર્યું? મારા જીવતરને ધિક્કાર છે. મારે લીધે સર્વને પણ કષ્ટ પડ્યું.

ગોરક્ષ વિચાર કરવા લાગ્યો કે પ્રયત્ન કરવા છતાં અવિનાશ નજરે પડતા નથી. તેમના દર્શન માટે શું કરું? તે શ્રીદત્તનાં દર્શન ન થાય તો સિદ્ધો પ્રાણત્યાગ કરશે. તેનો શો ઉપાય? આમ વિચાર કરતાં ગોરક્ષના મનમાં અપાર પશ્ચાત્તાપ થયો. તેણે આર્તસ્વરે પ્રાર્થના કરવી શરૂ કરી. તેના નયનોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. તેણે અંતઃકરણના ઊંડાણમાંથી હાક મારીઃ હે દત્ત દયાઘન, જલદી દોડી આવ. આટલું બોલતા તેનું શરીર થરથર કાંપવા લાગ્યું. આજુબાજુ નજર ફેરવતાં તે બોલ્યોઃ હે દાતાર, તું ક્યાં લપાઈ ગયો છે? મારા દોષો તરફ તું ધ્યાન આપીશ નહીં. હું તારા શરણે આવ્યો છું, આ દીનનો ઉદ્ધાર કર. હે કૃપાસાગર, હું અન્યાયી હોઈ અપરાધી છું અને તારે શરણે આવ્યો છું. તું પતિતપાવન હોઈ મને પતિતને તાર. તારા વગર સર્વ દિશા મને શૂન્ય ભાસે છે.

હે ત્રિગુણેશ, ત્વરિત દોડી આવીને તારું બિરુદ સાચું ઠેરવ. મેં તમને ભ્રમણ કરાવ્યું અને કષ્ટ આપ્યું તેથી તમે મારા પર ગુસ્સે થયા છો? બાળક ભલે માતાને પેટમાં લાતો મારે, માતા કદી બાળક પર કોપ કરતી નથી. ઉલટું, તેને હૈયાસરસો ચાંપે છે. હું પાપી, ચંડાળ, છિછરી બુદ્ધિનો, દુર્ગુણી હોઈ મારા જેવો દુર્ગુણી ત્રિભુવનમાં જડવો મુશ્કેલ છે. તું પરાત્પર પાવન છે. મારો સિદ્ધોએ ત્યાગ કર્યો છે;

સદ્‌ગુરુએ પણ મારો ત્યાગ કર્યો છે. તેં મારા પર પ્રથમ વાત્સલ્ય દર્શાવ્યું અને હવે તને ઉપેક્ષા શોભે નહીં. તમે જ મારો ત્યાગ કરશો તો બીજો કોણ મારો હાથ ઝાલશે? તું ઉદાર, દયાળુ, શાંત, કૃપાળુ અને અનાથનાથ એવી તારી ત્રિભુવનમાં કીર્તિ છે. હવે મારો અંત ન જોઈશ.

ગોરક્ષ વધુમાં કહે છે કે તું અનન્ય શરણે આવેલાને તારે છે. તારા મનમાં ભેદભાવ નથી તો પછી મારા પ્રત્યે નિષ્ઠુર કેમ? શરણે આવેલાનો ત્યાગ કરવો તારા માટે ઉચિત છે? તારું નામ દત્ત હોઈને (દા = આપનાર) અદત્ત (ન આપનાર) કેમ થાય છે? હવે મારી છેલ્લી પ્રાર્થના છે કે તું પ્રગટ થા અને સર્વને દર્શન આપી સંતુષ્ટ કર. પશ્ચાત્તાપથી ગોરક્ષનું અંતઃકરણ નિર્મળ થયું. તેનું અભિમાન પૂર્ણતઃ નષ્ટ થયું.

ગોરક્ષે અતિ પ્રેમપૂર્વક શ્રીદત્તને બોલાવ્યા ત્યારે સિદ્ધોના સખા શ્રીદત્તે આ પ્રમાણે લીલા બતાવી. ગોરક્ષના નયનોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. તેનો શુદ્ધભાવ જોઈ સર્વ બાજુથી ૐકાર ધ્વનિ સંભળાવા લાગ્યો. ગોરક્ષ જેટલા મોટા અવાજે આર્તનાદ કરતો તેટલા જ મોટા અવાજે ૐકારનો પ્રતિધ્વનિ સાંભળવા મળતો. આથી સર્વ સિદ્ધો પણ ચારે તરફ જોવા લાગ્યા. જે પ્રમાણે શુકયોગીની શોધમાં વ્યાસમુનિ હે શુક, હે શુક તેમ બૂમો મારતા અને તેનો પ્રતિધ્વનિ સર્વ બાજુથી સંભળાતો તેવું જ આ કિસ્સામાં થયું. દેવોને તે ધ્વનિ આકાશમાં સંભળાયો.

હિરણ્યકશ્યપે પ્રહ્‌લાદને પૂછ્યુંઃ તારો રક્ષણકર્તા ક્યાં રહે છે? પ્રહ્‌લાદે જવાબ આપ્યોઃ સર્વત્ર. ભક્તની તે વાણી સાંભળી શ્રીહરિ સભાસ્થળે પ્રગટ થયા. તેવી જ રીતે કાષ્ઠ, પાષાણ સર્વમાંથી ગુરુ, ગુરુ તેવો શબ્દ સંભળાવા લાગ્યો. સર્વ યોગીઓ પણ આ શબ્દને સાંભળતા થયા. કાષ્ઠ, પાષાણ, પૃથ્વી, આપ, તેજ, વાયુ સર્વમાંથી

ૐકાર ધ્વનિ સંભળાવા લાગ્યો. કોઈ પણ સ્થળ ખાલી ન રહ્યું. તે સાંભળી યોગીઓ આશ્ચર્યચકિત થયા. યોગીઓ બોલ્યાઃ અવધૂતનો પ્રતિધ્વનિ સંભળાય છે પરંતુ તે ક્યાં છે તે જણાતું નથી. તે ક્યારે પ્રગટ થશે?

ગોરક્ષે જવાબ આપ્યોઃ તેને શોધીને હું થાકી ગયો પરંતુ તે જડ્યો નહીં. હું પણ શ્રમિત થયો. છેવટે અંતઃકરણના ઊંડાણથી મેં તેને બોલાવ્યો. મારી કરુણ વાણી સાંભળી તે રીઝ્યો આથી તે પ્રતિધ્વનિ સ્વરૂપે જવાબ આપે છે. પરંતુ તે પ્રત્યક્ષ દેખાતો નથી. હવે કોને પૂછું? કોણ તેની સાથે મારું મિલન કરાવશે? અવધૂતદર્શન માટે કોને શરણે જાઉં? કોણ મારો થાક ઉતારશે? ત્યારે યોગીઓ કહેવા લાગ્યાઃ ગોરક્ષ, સાવધ થા. સદ્‌ગુરુ મચ્છિંદ્રનાથનાં ચરણો પકડ. તેઓ જ સર્વની ઈચ્છા પૂરી કરશે. યોગીઓની સલાહ પ્રમાણે ગોરક્ષે મચ્છિંદ્રના ચરણે મસ્તક મૂક્યું, વિનંતી કરીઃ શરણાગતની ઉપેક્ષા કરશો નહીં.

મચ્છિંદ્રનાથે ગોરક્ષની અહંકારશૂન્ય થયેલી વૃત્તિ જાણી તેને કહ્યુંઃ શ્રીદત્ત એ સચ્ચિદ્‌ઘન, સદાનંદ, અભેદ, અખંડ, ત્રિગુણરહિત, સર્વસાક્ષી અને સર્વજ્ઞ છે. તે સર્વગત છે અને સર્વ સ્થળે ન હોવા છતાં સર્વવ્યાપી છે. તે વિકારરહિત હોઈ દેવતાઓને પણ અતર્ક્ય છે. જન્મમરણથી પર હોઈ તેની કોઈ પણ લીલા સમજથી પર છે. તેની લીલા અતર્ક્ય હોઈ તેને જન્મ કે મૃત્યુ નથી. તે સર્વાત્મક છે. તેને પ્રગટ થવું, ગુપ્ત થવું ક્યાંથી હોય? તેની ગતિ અગમનિગમથી પણ અજાણ છે તો બીજાઓ તો કેમ જાણી શકે? તેની સામે યોગમાર્ગ કે તપમાર્ગનો ઉપયોગ થઈ શકતો નથી.

શ્રીદત્ત છૂપાઈ ગયા તેમ તમને લાગ્યું પરંતુ તે સર્વવ્યાપી છે, સર્વાત્મક છે. વિશ્વમાં તે જ આત્મા તરીકે બિરાજમાન છે. તેનું અવિનાશરૂપ બ્રહ્માંડમાં વ્યાપીને પણ બાકી રહ્યું છે. અહંકારશૂન્ય થયા

પછી તે પ્રગટ થાય છે. અહીં સાચો ભક્તિભાવ, પ્રેમ આવશ્યક છે. કાયા, વાચા, મનથી તેના દાસ થઈએ ત્યારે તે સ્વામી પ્રેમવર્ષાવ કરે છે. અનન્ય ભક્તોને માટે તે ઝડપથી દોડી જાય છે અને તપાવેલા સ્તંભમાંથી પણ પ્રગટ થાય છે. તેની વેશભૂષા, રહેણીકરણી અનેક પ્રકારની છે. તે બાલોન્મત્ત પિશાચ વેષે ભ્રમણ કરે છે. તે નિષ્ઠા, સુદૃઢભાવ, પ્રેમની હૂંફ જોઈ પ્રગટ થવા વાર લગાડતો નથી. ભક્તોની ઈચ્છા તરત જ પૂરી કરે છે.

સોનું વેચાતું લેવાનું હોય ત્યારે કસોટી કરીને ખરીદાય છે. હીરાની પરીક્ષા હથોડીના ઘા મારીને થાય છે. તને વધુ તો શું કહું? તેને જીવભાવે શરણે જઈએ એટલે તે દયાસાગર દયા કરશે. શુકનું અભિમાન દૂર કરવા જનક રાજાએ તેને બરાબર તપાવીને શુદ્ધ કર્યો. તે જ પ્રમાણે મચ્છિંદ્રે પણ ગોરક્ષને દત્તરંગમાં રંગ્યો. ગોરક્ષ વિનયશીલ થયો. ગોરક્ષે કહ્યું: હે દત્તરાય, તું આવ. તારા વિના આ બાળકનું શરીર ક્ષીણ થયું છે. આ બાળક પર દયા કર અને તારા સુકોમળ ચરણકમળનાં દર્શન કરાવ. હે માતા, આ બાળકો ભૂખ્યા થયા છે.

અનંતસુત (કાવડીબુવા) કહે છે કે સ્તવન કરતા યોગીઓનું અંતઃકરણ પ્રેમથી ઉભરાવા લાગ્યું. આગામી અધ્યાયમાં તે કરુણાસાગરને દીન પ્રત્યે દયા ઉપજશે. દીનબંધુ એ કૃપાળુ તેમજ સમર્થ છે. દીનજનોના મનનો ભાવ જોઈ પ્રગટ થાય છે. નિષ્ઠા, પ્રેમ અને ભક્તિ વિના તે પ્રગટ થતો નથી. આથી આ ત્રણ સદ્‌ગુણોનું જતન કરવું. તેનાથી મહત્ લાભ થાય છે. આ ગુણો સંતોમાં અંતર્બાહ્ય રીતે સ્થિત હોય છે. આથી શ્રીદત્ત તમને અંતઃકરણપૂર્વક ચાહે છે. તે કદી પણ તમારો ત્યાગ કરતો નથી.

આ રહસ્ય જાણીને હું (કાવડીબુવા) સંતોને શરણે આવ્યો છું. આ દીનનો તમો સ્વીકાર કરી નિરંતર સેવાનો લાભ આપો. સંતચરણોના

સહવાસ વડે જીવન સાર્થક થાય છે. આથી તમારા પ્રતિ આશાની નજરે જોઉં છું. આ બાળકને નિરાશ ના કરશો. સંતકૃપા થાય એટલે ત્રિવિધ તાપને ક્યાંય સ્થાન રહેતું નથી. તે કૃપા અઘોર પાપને પણ બાળી નાંખે છે. તે થકી જન્મમરણનું ચક્ર સહેજે ભેદાય છે. તમે સંતસાધુ દયાઘન અવધૂતમૂર્તિ જ છો. તમે ઉદાર પતિતોદ્ધારક છો. અનન્ય શરણને તમે આશ્રય આપો છો. આથી વારંવાર હાથ જોડી હું તમારી પ્રાર્થના કરું છું. તમે સમર્થ સાધુસંતોના ચરણે અનંતસુત કૃપાદાન યાચે છે. તેના મનોરથ પૂર્ણ કરો. આ શ્રીદત્તપ્રબોધ ગ્રંથ શ્રવણ કરવાથી જ સર્વ મનોરથ પૂરા થાય છે. ભાવિક શ્રોતાઓએ તે ગ્રંથ શ્રવણ કરવો.

॥ ઈતિ સપ્તચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૪૮

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીસદ્‌ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

હે દત્ત દિગંબર, કરુણાસાગર, તારો જયજયકાર. તું ભવભયહર્તા, વિશ્વોદ્ધારક, પરાત્પર અને પરંજ્યોતિ છે. તું સર્વજ્ઞ, સર્વસાક્ષી હોઈ આ દીન તરફ નજર નાંખ. તારા કથામૃત તરફ નજર રાખનાર ભક્તોની ઉપેક્ષા કરીશ નહીં. શ્રવણાતુર શ્રોતાઓને કથામૃતનું પાન કરાવ. આ સરસ વિવેચન કરનાર અવધૂત, તું જ પરિપૂર્ણ છે. ગત અધ્યાયમાં ગોરક્ષને પૂર્ણ પશ્ચાત્તાપ થયો. ૐકાર ધ્વનિ સાંભળી યોગીઓ તારી

સ્તુતિ કરવા લાગ્યા. હે કૃપાળુ, તારા દર્શન માટે વિનયપૂર્વક બે હાથ જોડી, નેત્રોમાંથી આંસું વહાવતા કરુણ વચનોથી દીર્ઘ સ્વરે તારી સ્તુતિ કરવા લાગ્યા.

તેઓ બોલ્યાઃ હે સ્વામી અવધૂત, તારો જયજયકાર! હે કરુણાઘન શ્રીદત્ત, ત્રિગુણરહિત, માયાતીત, કૃપાળ, અમે તારા શરણે આવ્યા છીએ. હે સચ્ચિદ્‌ઘન, સિદ્ધાધિપતિ, યોગી, અમે સહુ અનાથ પર દયા કરી તમારાં ચરણોનાં દર્શન કરાવ. હે નિઃસંગ, નિષ્કામ, મંગલધામ, યોગીજનવિશ્રામ, અમ દીન પર કૃપા કર. હે અવિનાશ, પરાત્પર, અખિલ, અભંગ, નિર્વિકાર, તું દીનબંધુ છે. આ યોગીવૃંદ તારી રાહ જુએ છે, તે સર્વને સંતોષ આપ. તે સર્વ દીન વચનોથી તને બોલાવે છે માટે હે કરુણાઘન, કૃપામૂર્તિ, સત્વર આવ.

આ યોગીજનો તારી શોધ કરી ખૂબ થાકી ગયા છે. પરંતુ કોઈને પણ તારો પત્તો લાગ્યો નથી. તેવી પરિસ્થિતિમાં મારો (ગોરખનો) પ્રયત્ન ક્યાં સફળ થાય? આ વાત જાણી મને દુઃખ થાય છે. મારા અભિમાનથી હું જાતે જ સંકટગ્રસ્ત થયો અને તેથી તારા દર્શનથી વંચિત થયો અને કષ્ટ ભોગવ્યું. હનુમાનજીના સમુદ્રઉડાન સામે એક નટે (દોરી ઉપર ચાલનાર) અહંકાર કરવો અથવા બૃહસ્પતિને કોઈ મૂર્ખ અજ્ઞ સમજે તેમ મેં દુષ્કર્મ કર્યું. તારી મહાનતા ન જાણતા મેં અહંકારને વશ થઈ મારું જ અહિત કર્યું. મારી ભૂલ જણાતાં હું તમને અનન્ય ભાવે શરણે આવ્યો છું. અમારી લાજ રાખી અમારું રક્ષણ કર. અમ દીન પર કરુણા કરી કૃપા કર. તું જ અમારી માતા અને તું જ અમારો પિતા છે. તારા ચરણે અમારા પ્રાણ અને શરીર ન્યોચ્છાવર છે. હવે આ પતિતની કસોટી કરીશ નહીં. હે સ્વામી, અમને દર્શન દો.

ઉપર પ્રમાણે શરણાગતના પ્રેમપૂર્વકનાં વચનો સાંભળી દીનદયાળ શ્રીદત્ત તત્કાળ પ્રગટ થયા. તેમની તેજસ્વી ભવ્ય મૂર્તિ જોઈ સર્વને

આનંદ થયો. સર્વ સિદ્ધોએ તાળીઓના ગડગડાટ સાથે શ્રીદત્તનો જયજયકાર કર્યો. સુરવરોએ આકાશમાંથી પુષ્પવર્ષાવ કર્યો. શ્રીદત્તના અંતર્ધાનરૂપી દુષ્કાળથી દેવઋષિઓનાં શરીર સૂકાઈ ગયાં હતાં. ચિંતારૂપી જવાલાથી દાઝીને તપસ્વીઓ-યોગીઓ આક્રંદ કરતા હતા. જવાબમાં સર્વાત્માએ કૃપાવર્ષાવ કર્યો. તેના દર્શનરૂપી વર્ષાવથી યોગીઓના ચિત્તરૂપી બગીચા ખીલી ઊઠ્યા. પુષ્પો સહિત છોડ પ્રફુલ્લિત લાગતા હતા. શ્રીદત્ત કૃપારૂપી મેઘવર્ષાવ થતાં જ પ્રેમભાવનાનું પૂર આવ્યું. જેમાં પાપરૂપી મેલ-કચરો ધોવાઈ ગયો- નષ્ટ થયો. હવે ખેતીના ભક્તિરૂપી પાક માટે ભૂમિ સ્વચ્છ-સુંદર, રોપણી માટે યોગ્ય થઈ. અવધૂતદર્શનથી અંતઃકરણ શુદ્ધ અને આર્દ્ર થયું. તેનું દર્શન કરવા સ્વર્ગમાં દેવોની વિમાનમાં જમાવટ થઈ.

અવધૂત પર સુમનવર્ષાવ થયો અને મોટા અવાજે જયજયકાર થયો. વિમાનોમાં પણ વાજિંત્રોનો અવાજ શરૂ થયો. સમગ્ર આકાશ તે નિનાદથી ગૂંજી ઊઠ્યું. સર્વ દેવો હાથ જોડી સ્તવન કરવા લાગ્યા. સુરવરોએ સદ્‌ભાવથી ચરણોને આલિંગન આપ્યું અને "અવધૂત" એ નામથી મોટા અવાજે ગર્જના કરી. આ આનંદનો અવસર જોવા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઇંદ્ર સાથે આવ્યા. નારદ, તુંબર, યક્ષ, કિન્નર, ગંધર્વ, નળ, કુબેર, વરુણ, સવિતા, વિદ્યાધર, સનત્કુમાર, સનક, સનંદન, અષ્ટ દિક્‌પાળ, રુદ્રગણ, વસુગણ, પિતૃગણ, સિદ્ધ, ચારણ, ઋષિ, દૈત્ય, દાનવ સર્વેએ આવી નમસ્કાર કર્યા. સર્વેએ પરસ્પર આલિંગન આપ્યાં અને વેરભાવ ક્યાંયનો ન રહ્યો. તે સમયે એક વધુ ચમત્કાર થયો કે ત્યાં વસંત અને વાયુનું પણ આગમન થયું.

વસંતઋતુના આગમનથી ગિરનારની વનસ્પતિ સૃષ્ટિને અપાર આનંદ આવ્યો. વનસ્પતિ ફળફૂલથી લચીને પ્રસન્નતાથી ડોલવા લાગી. ગિરનારનું અરણ્ય અસંખ્ય વૃક્ષોથી શોભી ઊઠ્યું. અનેક ઉધાનો

પુષ્પોની મહેંકથી મહેંકવા લાગ્યા. ઠેકઠેકાણે વિપુલ ઝરણાં જળથી પરિપૂર્ણ દેખાવા લાગ્યાં. કેટલેક સ્થળે તે ઘોધરૂપે દેખાતા હતા. આથી તપ્ત થએલા જીવોને ટાઢક વળી. ભૂખ્યાઓની ભૂખ ભાંગી ગઈ અને શરીરની તૃષા-આળસ ગાયબ થઈ ગઈ. મનમાંથી ચિંતા, કલ્પના (વિકલ્પ) જતાં રહ્યાં. તેવા દિવ્ય આનંદને ભોગવીએ તેમ દરેક જીવને ઈચ્છા થઈ. ગૃહપ્રપંચથી ત્રાસીને પણ અનેક લોકો દર્શન કરવા આવ્યા.

પક્ષી, પર્વત, સર્પ, ગાય, વ્યાઘ્ર, હરણો, સર્વ નિર્વૈરપણે વિચરવા લાગ્યાં. શ્રીદત્તદર્શનનો આનંદ સર્વને થયો. તેમાં સરિતા, સાગર અને અગ્નિ પણ દર્શનસુખ ભોગવવા ત્યાં હાજર થયા. ગિરનાર પર્વત પણ વજ્રની બીક રાખ્યા વગર દર્શન માટે ત્યાં હાજર રહ્યો. જીવ માત્રને સંતોષ થઈ તેમણે સામૂહિક રીતે દત્તનામનો જયઘોષ કર્યો. અવિનાશ દત્તે પણ તે સાંભળી પ્રસન્નતા અનુભવી. આ રીતે સર્વને દર્શન થઈ આનંદમાં ગરકાવ થયા. તે સમયે ભૃગુ, નારદ અને શુકમુનિ શ્રીદત્તાત્રેય પાસે હતા. તેઓએ કહ્યું: હે દિગંબર, તારો મહિમા અગાધ છે. તારી લીલા અદ્‌ભુત અને ધન્ય છે. તેં સર્વને પાવન કર્યા છે. તારી લીલા આગમ, નિગમોને પણ અગમ્ય છે. તો સામાન્ય મનુષ્યની શી વાત કરવી?

તું સર્વને પેલે પાર, નિઃસંગ, નિર્વિકાર, સચ્ચિદ્‌ઘન, પરાત્પર, અગોચર અને સર્વાધાર છે. તું માયાતીત, નિરંજન, પ્રકૃતિ-પુરુષથી ભિન્ન, અજ, અજિત, સનાતન, પ્રણવપ્રિય છે. તું સાક્ષીનો સાક્ષી, અલક્ષ્યનો લક્ષી, પક્ષમાં કે વિપક્ષમાં ન રહેનાર, દીનો પર કૃપાનજર કરનાર છે. તું ક્ષર અને અક્ષરથી પણ ઉપર છે. તું નિરાકારનો આધાર હોઈ તારા આશ્રયે આ ચર-અચર વર્તે છે. તું અભંગ, આનંદકંદ, જીવને પરમાનંદ આપવા માટે અને પોતાના ભક્તોની ઈચ્છા પૂરી કરવા અવતર્યો છે.

અત્રિપત્ની સુશીલ અનસૂયાની પવિત્રતા, શુદ્ધ ભક્તિ, પવિત્ર કર્મ તને ગમ્યું, તને દયા આવી અને તને તે સ્થળ ગમ્યું આથી ત્રણેય દેવતાઓને ત્રાસ આપવા એકઠા કર્યા, તેમનામાં લોભ ઉત્પન્ન કર્યો અને તેના હાથથી બાળકત્વ સ્વીકાર્યું અને તેની સેવા સ્વીકારી. પાછા ફરતાં સતીનાં નેત્રોમાં અશ્રુઓ જોઈ તેના દ્વારા કરુણ વચનો દેવતાઓને સંભળાવ્યા અને દેવતાઓને દયા કરવા મજબૂર કર્યા અને વરદાન આપવા પણ બદ્ધ કર્યા અને પોતાના અવતારના ઉદ્‌ભવ માટે સ્થાન નિર્માણ કર્યું. આ તારી મોટી કૃપા છે.

માયારૂપે ગર્ભમાં બ્રહ્મા અને શંકરને જુદી રીતે અવતરણ કરાવી પોતે ત્રિગુણાત્મક રીતે પ્રગટ થયો. તું જગદુદ્ધાર માટે યોગસિદ્ધિને ધારણ કરે છે. ધન્ય છે આ ત્રિપુટીને! તેના દર્શનથી આંખોને ટાઢક વળી. હે સર્વોત્તમ, અમારા અપરાધોની ક્ષમા આપ. આ સર્વ દીનોના કષ્ટ દૂર કરી તેમને સુખ આપ. આ પ્રકારની પ્રાર્થના સાંભળી અવધૂતને સંતોષ થયો. અવધૂત બોલ્યાઃ તમે મારા પ્રત્યક્ષ પ્રાણ છો. આમ કહી તેમણે ભૃગુ, નારદ અને શુકયોગીંદ્રને આલિંગન આપ્યું. તે સુખને કોણ વર્ણવી શકે? તેની અનુભૂતિ જેને થાય તે જ જાણે! સુવર્ણની સરખામણી પિત્તળ સાથે કદી થઈ શકે? નિલમની સરખામણી કાચ સાથે થઈ શકે? આથી તેવું ઉદાહરણ આપ્યું નથી. અમૃતને અમૃતની જ ઉપમા આપવી યોગ્ય છે. ઉભયના આલિંગનથી રત્ન અને તેની પ્રભાની સમરસતા પ્રમાણે સમરસતા પ્રાપ્ત થઈ.

સ્વાનંદલહરીની અનુભૂતિ લઈ અવધૂતે ત્રણેને સાવધાન કર્યા. તેમણે શુક તરફ જોઈ કહ્યુંઃ તું મુક્ત હોવા છતાં બંધકની જેમ કેમ વર્ત્યો? ખોટા ભયને લીધે ચિંતામાં ડૂબી ઘોર કષ્ટ કેમ ભોગવ્યું? તું વ્યાસ અને અરુણીનો પુત્ર. માયાનું દુસ્તર આવરણ જાણી ૧૨ વર્ષ ગર્ભમાં જ કેમ લપાઈ બેઠો? ગર્ભમાં વ્યાસના મુખથી જ્ઞાન શ્રવણ કરી

તેને આત્મસાત કરી પ્રગટ થયો અને તીવ્ર વૈરાગ્યને ધારણ કર્યો. જ્યાં જન્મ લીધો ત્યાં જન્મતાં જ કષ્ટ આપ્યું. સર્વાત્મક થયો પરંતુ ભયનું દૂષણ રહ્યું. વ્યાસ તારી પાછળ દોડ્યા ત્યારે કુમારીએ તેમને કડવાં વેણ કહ્યાં. પરંતુ તારી સ્તુતિ કરી. આથી તને અભિમાન થયું. તે અભિમાનને લીધે તારી સર્વાત્મકતાને ડાઘ લાગ્યો.

વ્યાસે ઉપરની હકીકત જાણી તને જનકરાજાને મળવા જણાવ્યું. જનક રાજર્ષિને વિદેહપુરમાં તું તેની સામે અગડંબગડં વાક્યો બોલ્યો. આ દૂષણને દૂર કરવા રાજાએ તારા પર દયા કરી. તારી પરીક્ષા લેવા કરેલી કસોટીને તેં દેહલોભને લીધે નિષ્ફળ કરી. તે પછી ભોજન સમયે રાજાએ તને સારી જગ્યાએ બેસાડ્યો પરંતુ શસ્ત્રોને જોઈ તું ડરી ગયો અને અવ્યવસ્થિતપણે જમ્યો. આ સર્વ જાણી જનકરાજાએ તને પુષ્કળ બોધ કર્યો અને તારાં દેહાભિમાન અને લોભમોહને નષ્ટ કર્યા. તારા ચિત્તને ધોઈને સ્વચ્છ કર્યું. દૃઢ વિવેક, દયા, સમતા હૃદયમાં સીંચી સર્વ પ્રકારનો બોધ કર્યો.

અનેક પ્રકારની આંચ (ગરમી) આપી તારા શરીરરૂપી મૂસ (CRUCIBLE)ને તપાવી. તેમ છતાં તારી હજુ વધુ પરીક્ષા કરવા રાજાએ બીજી એક યુક્તિ કરી. એકાંતમાં સુંદર શૈયા તૈયાર કરી અને પોતાની પત્નીને કહ્યું: મારા જેવી જ સેવા આ યોગી પ્રત્યે અર્પણ કરી તેને પીગળાવવો. ઉભયતામાં જે હાલચાલ-વર્તન થાય તેની મને જાણ કરવી. સેવામાં જરીકે ઉણપ આવવી ન જોઈએ. તેની સાથે શારીરિક સંગ થાય તો પણ કોઈ દોષ નથી. પતિની આજ્ઞા શિરસાવંદ્ય કરી તને પલંગ પર શયન કરાવ્યું. રાજાએ રાણીને સેવા કરવા રાખી પોતે અન્યત્ર ગમન કર્યું.

રાણીએ સેવા કરતાં તારા ચિત્તમાં વિપરીત ભાવના થઈ. રાણીએ કામપીડિતની જેમ તરત આલિંગન આપતાં તું શરીરથી સંકોચ કરવા લાગ્યો. દેહભાવ ન રાખવો જોઈએ છતાં સંકોચ કર્યો. મનમાં ભયભીત

થયો અને તે પારોઠના પગલાં ભર્યા. આમ રાત્રી સમાપ્ત થઈ. પ્રભાત થતાં જ રાણી ઊઠી અને રાજાના ચરણે મસ્તક મૂકી થએલો પ્રસંગ નિવેદન કર્યો. પછી રાજા તને મળવા આવ્યો. તેણે પ્રશ્ન પૂછતા તેં જવાબ આપ્યો નહીં. આથી રાજાને લાગ્યું કે રાણીએ તારી સેવા યોગ્ય રીતે કરી નહીં. આથી તને રોષ આવ્યો. હે શુકયોગીંદ્ર, તે સમયે તેં પ્રસંગનું આદ્યંત નિરૂપણ કર્યું. રાજાએ ભાવાર્થ જાણી તને કહ્યુંઃ અરે, તારું કર્મ વિપરીત થયું. મેં કરેલો બોધ વ્યર્થ ગયો. તારું ચિત્ત હજુ શુદ્ધ થયું નથી. મન તેવું જ મેલું છે. જો અંતઃકરણ શુદ્ધ હોત તો ભય કેમ થાય? નગ્ન માતા આગળ બાળક આનંદથી સ્તનપાન કરે છે. કામિનીના બીજા ભાગ જોઈને પણ વિકાર ઉત્પન્ન ન થાય અથવા વિકારનો ભય ઉત્પન્ન ન થાય તો જ તેનો યોગ સિદ્ધ થયો કહેવાય. નહીં તો જગતમાં ફજેતી થાય.

તારું મન જો શુદ્ધ હોત, મન વિકારરહિત હોત તો સ્તનપાન કર્યું હોત. સંકોચવશ શરીરને બાજુ ખસેડ્યું. ધિક્કાર છે તારી સાધનાને! ધિક્કાર છે તારા યોગને, ધિક્કાર છે તારા વૈરાગ્યને! ભગવાં પહેરી તેં નાટક જ કર્યું છે. તે યોગ નહીં પણ રોગ જ છે. રાજાનાં આવાં શબ્દબાણ તારા હૃદયમાં સોંસરવાં ઉતર્યાં. તેનો તને પશ્ચાત્તાપ થયો. તેં જનકરાજાને કહ્યુંઃ આપે મને અનુસાશન કર્યું. આપે કરેલો ઉપદેશ મેં હૃદયમાં સંગ્રહી રાખ્યો. આપે મને તાર્યો. તમારા ચરણે આ મસ્તક સમર્પિત છે. જનકે તારા પર પૂર્ણ કૃપા કરી. વૈરાગ્યનો માર્ગ સહેલો કર્યો; હૃદયમાં જ્ઞાનદીપ પ્રગટાવીને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો. તે બોધ તને આગળ જતા કામમાં આવ્યો.

દત્ત ભગવાન વધુમાં કહે છેઃ ઇંદ્રે તારો તપભંગ કરવા રંભા અપ્સરાને મોકલી. કામદેવ, રંભા, વસંત આ બધાએ સામૂહિક રીતે તને મોહિત કરવા પ્રયત્ન કર્યો. તે ઝેરને તેં અમૃત કર્યું. તે સંવાદ ખૂબ

મધુર છે. તેનાથી ત્રણેયને ઉપરતિ થઈ. તે ઉપદેશનો અનુભવ તને આ રીતે આવ્યો. સર્વાત્મકતા નિઃશુલ્ક નથી. તે નાશક, અભિમાનનું ઘર છે. અભિમાનને લીધે ગોરક્ષના પ્રયત્નો નિષ્ફળ થયા. માટે તું સાવધાન થા. નિર્દ્વંદ્વ, નિરભિમાની થા અને સર્વ પ્રત્યે સમાન વલણ ધરાવ એમ મારું કહેવું છે.

એકમાંથી અનેક થયા, અનેકમાં એક જ વસે છે. નિઃસંગ સંગમાં રંગાયા. તે કેવી રીતે તે તું જ ધ્યાનપૂર્વક જો. આ પ્રમાણે શુકદેવ અને શ્રીદત્ત વચ્ચે સંવાદ થયો અને મનનો સંશય નાશ પામ્યો. તેને આત્મબોધ થયો અને અવિનાશીપદ પામ્યો. આ રીતે શુકયોગીંદ્રને કરેલો બોધ તેને ફળ્યો. બીજા બધા તેને ફક્ત શ્રવણ કરવા ભાગ્યશાળી થયા.

નારદને ઉદ્દેશી શ્રીદત્ત બોલ્યાઃ નારદજી, તમે બ્રહ્મનિષ્ઠ, ઋષિશ્રેષ્ઠ, વૈષ્ણવ-વરિષ્ઠ, હરિભજનનિષ્ઠ છો. તમારો નિઃસીમ વૈરાગ્ય, વિરક્તિ, આત્મજ્ઞાનમાં અનુરક્તિ, પ્રપંચ પ્રત્યે નિરાસક્તિ અને ભગવદ્‌ભક્તિ વિશે તમારી ચોમેર ખ્યાતિ છે. તમારી અવરજવર સંતસાધુ, ઋષિ, યોગી અને તપસ્વી વચ્ચે છે. તમે સારાસારને જાણો છો.

દત્ત ભગવાન વધુમાં કહે છે કે તમે શાંત, દાંત, નિઃસંગી, વિતરાગી હોઈ તમારા દર્શનથી અન્ય જીવોના ક્લેષ નષ્ટ થાય છે. તમે આત્મરંગમાં રંગાએલા છો. તમે સત્કર્મ કરનાર, સુશીલ, નિર્મળ અંતઃકરણવાળા છો અને તમારું ચિત્ત જાણે શુદ્ધતમ ગંગાજળ જ જોઈ લો. તમે હંમેશાં સાવધ રહી વિવેકપૂર્ણ રીતે સાધનસંપન્ન, અંતર્નિષ્ઠ અને જ્ઞાનધન ઉપાર્જન કરેલા છો. તમે વયોવૃદ્ધ, તપોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, યોગવૃદ્ધ અને શુદ્ધ આચરણકર્તા હોવા છતાં સાવધ રહો છો. તેનું કારણ એ જ કે વિકારો અનંત છે અને તે સાધકને/જીવને કનડવા એક પણ તક જતી કરતા નથી.

સાપને દૂધ પીવડાવીએ તો પણ તે કરડે તો વિષબાધા જ થવાની. સંગતિ અનુસાર કર્મ કરવું તે વૃત્તિનો ધર્મ જ થઈ પડ્યો છે. તેમાં ક્યાંય ઢીલાશ રહે તો નુકસાન થવાનો ભય છે. એક વખત તમે જળચરોને ક્રીડા કરતા જોયા. તેમને જોઈને તમારા મનમાં વિકાર ઉત્પન્ન થઈ તમે વિચાર કરવા લાગ્યા કે અરે! આપણું અત્યાર સુધીનું આયુષ્ય એળે ગયું. પ્રપંચસુખ બિલકુલ ભોગવ્યું નહીં. આ રીતે કામરૂપી બાણે તમારા મનને જખ્મી કર્યું. ત્યાં જ સર્વ તપ નષ્ટ થયું. વિષયોના સ્મરણમાત્રથી તમારું મન ભ્રમિષ્ઠ થયું. ઈચ્છાપૂર્તિ માટે તમે ઉપાયો શોધવા લાગ્યા. તેનાથી નુકસાન જ થવાનું છે તે તમે સમજ્યા નહીં. તમને લાગ્યું કે પ્રયત્ન કર્યા વગર તે સફળ થાય તો સારું.

નારદજીને શ્રીદત્ત કહે છેઃ ત્વરિત ભોગ પ્રાપ્ત થાય તે માટે તેને ઈચ્છાપૂર્તિ તુરંત થાય તે માટે તમે દ્વારકા જવા પ્રસ્થાન કર્યું. સોળ હજાર એકસો આઠ સ્ત્રીઓ સાથે શ્રીકૃષ્ણ ત્યાં રાજ્ય કરે છે. તેઓ તમારી ઈચ્છા પૂર્ણ કરશે તે હેતુથી તમે તેમની સભામાં ગયા અને સચિંત બેઠા. તમારા ચિંતાતુર ચહેરાને જોઈ હૃષિકેશે તમને તે વિશે પૂછપરછ કરી. તમારા મનની ઈચ્છા જાણી તેમણે તમારા વિવાહની યોજના બનાવી. તે યોજના તમને ન ગમી. તમે કહ્યુંઃ તને પુષ્કળ પત્નીઓ છે તેમાંથી એક મને અર્પણ કર. તારાં આવાં વચન સાંભળી રમાકાંત બોલ્યાઃ તો તેમાં વિલંબ કેમ? ઊઠો, જ્યાં મારો નિવાસ ના હોય ત્યાંની સ્ત્રીને તમે સ્વીકારી શકો છો.

ભગવદ્‌ભક્તનું રક્ષણ કરવું, તેની ઈચ્છા પૂરી કરવી, તેના દૂષણનું ભૂષણ કરવું તે નારાયણનું કર્તવ્ય જ છે. હે નારદ, શ્રીકૃષ્ણનો ઉપદેશ તમે જરીકે સમજ્યા નહીં. શરત બકવાની રીતે તમે ઉત્સાહમાં પત્નીની શોધમાં નીકળ્યા. તમને દરેક પત્ની સાથે શ્રીકૃષ્ણનું અસ્તિત્વ જણાયું. તો પણ તમે હાર ન સ્વીકારી. કામજવાળા ભભૂકતાં ઈશ્વરશક્તિ પર

નજર બગાડી. સર્વેશ્વરની કળા ન જાણવાને લીધે, કુસંગને લીધે હાર પામ્યા. કપટથી નટવર નારાયણને ભાંડીને તમે ક્રોધથી દ્વારકા છોડી.

તમારા મનમાં ખેદ અને ક્રોધ ભારોભાર ભરેલો હતો. આથી અવિવેકે તમારા મનનો કબજો લીધો. સ્વકર્મ વિશે ચિત્ત ભ્રષ્ટ થયું અને મહા અનર્થ ઉદ્‌ભવ્યો. માર્ગક્રમણ કરતાં વચ્ચે સરોવર આવ્યું. ત્યાં તમે સ્નાન માટે પ્રવેશ્યા. અઘમર્ષણ કરતા તમે પોતે સ્ત્રીસ્વરૂપ પામ્યા. હે નારદ, પોતાના સ્ત્રીઅવયવો જોઈ તમે લજ્જિત થયા અને ભય પામ્યા. આમ તો જેને જેની ચાહ હોય તેણે તદ્રૂપ થવું પડે છે. તેનું આ લક્ષણ હતું. આ પરિણામ કીટ-ભ્રમરના ઉદાહરણ પરથી પણ લઈ શકાય. આ બોધ તમે મેળવ્યો.

ત્યાં માયિક પુરુષે તમારો અંગીકાર કર્યો. તમને તે થકી પ્રભવ આદિ સાઈઠ પુત્રો થયા. એક કપિલાષષ્ઠી નામની કન્યા પણ થઈ. વિષયો ભોગવતાં મન ધરાયું. છેવટે ત્યાંથી તમે પલાયન થયા. ત્યારે તે પુરુષ તારી પાછળ દોડ્યો. ભય પામીને તમે શ્રીકૃષ્ણની પાછળ છુપાઈ ગયા. ત્યાં પણ ખૂબ ઠઠ્ઠા-વિનોદ થયો. તે સાંભળી તમે ખૂબ ત્રાસ ભોગવ્યો. તેં ત્રાહિમામ્, ત્રાહિમામ્ એમ આર્તભાવે પ્રાર્થના કરતાં શ્રીહરિએ તે માયિકરૂપ અદૃશ્ય કર્યું. પુત્રકન્યા માન્ય કર્યા અને દયાળુ થઈ તમને પૂર્વરૂપ આપ્યું. હે નારદ, તું મોટો સિદ્ધ છે. તને લાંછન લાગવું ન જોઈએ. કુસંગને લીધે દુર્ગુણ લાગી જ્ઞાન ભૂલાયું.

તમારો વિકાર બળવાન થયો અને તમારું બળ હણાયું. તેવે સમયે સર્વોત્તમ તમારો શરણાગત થયો, તમારો ભવભ્રમ દૂર કર્યો અને બોધ કરી તમારી બુદ્ધિને નિષ્કામ કરી. સત્કર્મ આચરણ કરતાં અસત્કર્મે પીછો પકડ્યો. અનેક સંકટોનો સામનો કરવાનો આવ્યો જેથી પુણ્યનો સંચય થવા દીધો નહીં. આ માટે હંમેશાં સાવધાન રહેવું જોઈએ. મન સત્સંગમાં રાખવું. બીજાં વ્યવધાન બાજુ મૂકી સ્વસ્વરૂપે લીન રહેવું.

દેહના વિકારોનું દમન કરવું, તર્ક-વિતર્કનું ખંડન કરવું. શાંતિ ક્ષમાનો ત્યાગ ન કરવો, લોભ-મોહને કાબુમાં લેવો. ખરાબ વાસનાનો ત્યાગ કરવો, મમતાનો પાશ તોડવો, તૃષ્ણા, આશા, કલ્પનાને તોડવાં. દયા અને વૈરાગ્યનો પ્રેમથી આશ્રય કરવો, પ્રેમભાવ, ભક્તિ અને સત્સંગમાં મનને જોડવું. ભેદ-અભેદને દૂર કરવો, વિવેકથી અંતઃકરણને શુદ્ધ કરવું. ષડ્રિપુઓના શિકાર ન થવું, સર્વ પ્રત્યે સમાન ભાવ રાખવો.

ઇંદ્રિયોને સન્માર્ગે વાળવી, ચિત્ત અને મનને તૈયાર કરવાં. શમદમથી શરીરને સુશોભિત કરવું અને આ તૈયારીમાં પાછળ ન રહેવું. હંમેશાં સત્સમાગમમાં રહેવું, સ્વહિત પ્રત્યે જાગ્રત રહેવું. સચ્ચિદાનંદસ્વરૂપ ભોગવવું અને હરિભજનમાં રત રહેવું. આ તમારું આચરણ જોઈ મને ખૂબ જ આનંદ થાય છે. મને તમારા જેવા સાધુનું અલભ્ય દર્શન થાય છે. તમને મારા પર પ્રીતિ છે. મને પણ તમે ગમો છો. આજે આનંદની હેલી વરસી રહી છે. આ શબ્દગૌરવ કરતાં જાણે કે પરમ અમૃત જ સ્રવે છે. તે સમયે નારદે દોડી જઈને શ્રીદત્તાત્રેયને આલિંગન આપ્યું. શિવ ને જીવનું આલિંગન થયું. પ્રેમાનંદ ઊભરાઈને વહી રહ્યો હતો. અમૃતનો દેગડો છલકાઈને વહી રહ્યો હતો. સર્વને અત્યાનંદ થયો.

તે દિવ્ય આનંદને કોઈ સીમા ન હતી. જાણે કે સિંધુ સાગરનું મિલન! ચિત્સ્વરૂપમાં વૃત્તિઓ વિલય પામી. બ્રહ્માનંદ અંદર-બહાર વિલસી રહ્યો. ભેદાભેદ વિલય પામ્યો અને કોણે કોને જાગ્રત કરવા તે એક કોયડો હતો. શ્રીદત્તાત્રેયે સ્વાનંદને અનુભવી નયનો ખોલી નારદ તરફ નજર નાખી. નારદ તો ચિદાનંદમાં ડૂબી ગયેલા હતા. શ્રીદત્તે તેમને સાવધ કર્યા. નારદે ત્યારે ઉન્મની વૃત્તિથી ઉપર ઊઠી શ્રી દત્તાત્રેય તરફ દૃષ્ટિ નાખી. તે જ શ્રીદત્તનું સ્વરૂપ તેમના અંતરંગમાં જોયું. નારદે કહ્યું: તારી કૃપાથી જ તે સ્વરૂપ સ્થિર થશે. આ પ્રમાણે શ્રીદત્ત અને નારદનો સંવાદ થયો. સર્વ સાધુસંતોને આનંદ થયો.

તે સમયે મહર્ષિ ભૃગુમાં પ્રેમ આવિર્ભાવ થઈ તેમનું હૈયું છલકાતું હતું ત્યારે શ્રી દત્તાત્રેયે અતિ નમ્રતાથી તેમને કહ્યું: મહર્ષિ, તમે અને નારદ અમને અત્રિ જેવા જ વંદનીય છો. તમે મારા પિતાશ્રીના બંધુ હોઈ ત્રિદેવ પણ તમારી પાછળ ઘેલા છે. તમે તપોધન, સ્વતેજથી પ્રકાશમાન તુલનામાં સૂર્ય પણ ગૌણ લાગે તેવા અને સર્વને માટે સહૃદયી છો. તમે વેદાંતજ્ઞાનમાં નિષ્ણાત, સારાસાર જાણનાર, તમારા વાણીવિલાસને લીધે શેષનાગ પણ આનંદથી ડોલવા લાગે છે. તમો સર્વજ્ઞ, ઉદાર, પંડિત, શાંત, દાંત, વિરક્ત, વિખ્યાત, આત્મજ્ઞાની અને સર્વને વંદ્ય છે. તમારામાં ક્ષમા અને દયા હંમેશાં નિવાસ કરે છે. તમો સર્વ સાથે અદ્વયતાથી અભેદતાથી વર્તો છો. તમારા મનમાં નિર્મળ પવિત્રતા છે. તમારા જેવો વિદ્યાવિનયસંપન્ન કોઈ દેખાતો નથી.

શ્રીદત્ત વધુમાં કહે છે: હે ભૃગુઋષિ, તમારા તેજસ્વી પ્રતાપની કીર્તિ વડે ત્રિભુવન ભરેલું છે. તમે સર્વજ્ઞ, વસ્તુના પરીક્ષક હોઈ તમને ઉપમા આપવા કોઈ વસ્તુ વિદ્યમાન નથી. નારદની ઉપમા આપવી તો તે ઝઘડો કરાવનાર છે. પરંતુ તે જે બોલે તે સત્ય હોય છે અને લોકો માટે હિતકારક હોય છે. તે ત્રણેય લોકમાં ભ્રમણ કરે છે અને આનંદ વિનોદમાં તેનો સમય પસાર થાય છે. તેના થકી કોઈ અપાય થતો નથી. ક્યાંક સારું જ હંમેશાં થાય છે. નારદની લીલા એવી હોય છે કે તે કોઈને ત્રાસ આપતા નથી. ક્યાંક કલહ થતો દેખાય તો તેમાંથી આનંદ જ સર્જન થવાનો. નારદનું કૃત્ય કલ્યાણકારક અને સર્વને સુખકારક હોય છે. તે જ રીતે તમારું પણ કાર્ય અલૌકિક હોય છે. તે મને ભૂષણાસ્પદ લાગે છે.

હે ભૃગુમહર્ષિ, તમો શ્રેષ્ઠ, તપસ્વીઓમાં વરિષ્ઠ, અંતર્નિષ્ઠ અને પરીક્ષક છો. શ્રેષ્ઠ કોણ છે? યોગ્યતા ક્યાં રાચે છે, ષડ્‌ગુણ ક્યાં છે? દયાળુ કોણ છે તેની શોધમાં હંમેશાં તમો હોવ છો. તમે ત્રૈલોક્યમાં

તપાસ કરી, સર્વ જીવજંતુઓને ઓળખ્યા, માનવ, દાનવની મુલાકાત લીધી, સર્વ દેવોની પણ તપાસ કરી. દરેકમાં એક હકારાત્મક તો બીજી ચીજ નકારાત્મક જણાઈ. ષડ્‌ગુણ દયાળુતા, નિરભિમાનપણું ક્યાંય દેખાયું નહીં. સર્વત્ર શોધ કરી. સર્વના નિયંતાઓની શોધ બાકી હતી. તેમની પણ પરીક્ષા કરવાનું તમે નક્કી કર્યું. નિર્ણય મુજબ તમે સહુ પ્રથમ કૈલાસમાં ગયા.

કૈલાસમાં તમે શંકર-પાર્વતીને જોયાં. તમને આનંદ થયો. પરીક્ષા કરવાની હોવાથી તમે નમસ્કાર કર્યા વગર ત્યાં ઊભા રહીને અવલોકન કરવા લાગ્યા. તમારો અવિનય જોઈ શંકરને ક્રોધ આવ્યો. આમ તમને તમોગુણનો અનુભવ થયો. તમોગુણને દુર્ગુણ સમજી તમે સત્યલોકમાં ગયા. ત્યાં ચતુર્ભુજ બ્રહ્મદેવને જોયા. બ્રહ્માજી તમારા પ્રત્યક્ષ પિતા. માતાપિતા વંદન કરવા યોગ્ય હોય છે. તમે પરીક્ષા કરવા વંદન કરવા હાથ ન જોડ્યા. તમારો અવિનય જાણી બ્રહ્માજી મનમાં ધૂંધવાયા. અંતઃકરણમાં ક્રોધ ઉપજ્યો પરંતુ પુત્રલોભથી ક્ષમાદાન કરી ક્ષેમકુશળની પૃચ્છા કરી.

પુત્રમોહથી તેમણે બેસવા કહ્યું અને પૂછ્યું: આજે કેમ નિયમનું ઉલ્લંઘન કર્યું? અવિનય કેમ કર્યો? અવિચારી કૃત્ય તેમને ગમશે નહીં. આવું અપમાન તેમને નહીં ગમે. બ્રહ્મદેવનો પુત્રલોભને લીધે થયેલો મોહ તમે ઓળખ્યો. આ તેમનો રજોગુણ હતો તે તમે ઓળખ્યો. તમે સમજી ગયા કે મનની શાંતિ એ ઉપરછલ્લી છે. ત્યાં ષડ્‌ગુણોનો ભંડાર નથી. આથી તમે ત્યાંથી ક્ષીરસાગર તરફ ગયા.

શેષનાગના શરીર પર નિદ્રાધીન વિષ્ણુએ જાણ્યું કે ભૃગુ આવ્યા છે. વિધિસુત પરીક્ષા કરવા આવ્યો છે તે જાણી વિષ્ણુએ લક્ષ્મીને આશ્રમની અંદર મોકલી દીધી. વિષ્ણુએ કૌસ્તુભમણિ હાથમાં લીધો અને વક્ષઃસ્થળ ખુલ્લુ કર્યું અને નિદ્રિત હોવાનું નાટક કર્યું.

જાગ્રત રહે તો ભૃગુનો ઉદ્દેશ સિદ્ધ થવાનો ન હતો. આથી વિષ્ણુએ ગાઢ નિદ્રા આવી તેમ ઢોંગ કર્યો. દ્વિજચરણનો પ્રસાદ પ્રાપ્ત કરવા માટે તેમણે સાવધ રહી હૃદયરૂપી પાત્ર ખુલ્લુ રાખ્યું. તેને નિદ્રા ન સમજી ધ્યાન જ સમજવું જોઈએ. દ્વિજચરણનો પ્રસાદ પ્રાપ્ત કરવા માટે એકાગ્રતાથી આરંભેલું અનુષ્ઠાન જ સમજવું જોઈએ.

શ્રી હરિએ વિચાર કર્યોઃ આ દ્વિજવર છે પરંતુ માનપૂર્વકનો સસરો છે. લક્ષ્મી તેની કન્યા. આથી તેનો યોગ્ય સત્કાર કરવો જોઈએ. પરંતુ બીજી બાજુ તે અમારી કસોટી કરવા આવ્યો છે અને મને તેનો પ્રસાદ જોઈએ છે. તે પ્રસાદની રીત જોતાં લક્ષ્મીને ક્રોધ ઉપજશે અથવા હું આળસુ, નિષ્ક્રિય, સતત ઉંઘણશી અને અશક્ત જોઈ સસરો ક્રોધે ભરાશે અને પોતાની કન્યાને પિયર લઈ જશે. આથી વિષ્ણુએ લક્ષ્મીને ઘરની અંદર મોકલી દીધી. અથવા ભૃગુઋષિ લત્તાપ્રહાર કરે અને લક્ષ્મી તેને શાપ આપવા તૈયાર થાય એથી લક્ષ્મીને તેમણે ઘરની અંદર મોકલી દીધી. અથવા પોતાના થયેલા અપમાનની જાણ પત્નીને ન થાય તેથી પણ વિષ્ણુએ લક્ષ્મીને ઘરની અંદર મોકલી દીધી.

કૌસ્તુભમણિ હાથમાં લેવાનું કારણ એ કે તેના પર લાતનો પ્રહાર થાય તો દ્વિજના પગને ઈજા થાય અથવા દ્વિજની પગમુદ્રા સંપૂર્ણપણે છાતી પર ન ઉપસે તે હેતુથી કૌસ્તુભમણિને વિષ્ણુએ હાથમાં પકડ્યો. વિપ્રના ચરણની છાપ છાતી પર સરસ રીતે ઉપસે તે માટે શ્રી હરિએ કૌસ્તુભમણિ હાથમાં લીધો. દ્વિજવરના ચરણની છાપ સામે કૌસ્તુભમણિની વિષ્ણુને કોઈ કિંમત નથી. છાતીને મણિરહિત કરવાનું કારણ એ જ કે બ્રાહ્મણનો જમણો પગ પવિત્ર અને પાવન ગણાય છે. તેનો સ્પર્શ થતા ક્ષણાર્ધમાં પાપનું મોચન કરે છે. ગંગા, યમુના, સરસ્વતી, રેવા, તાપી, ભાગીરથી, કૃષ્ણા, વેણા, ગોમતી, ભીમરથી, સિંધુ, પયોષ્ણી, ભોગાવતી, મહી, પાર્વતી, ગંડિકા, વૈતરણી, તામ્રપર્ણી, મણિકર્ણિકા,

ગોકર્ણી, જયા, પુષ્પવતી, પુષ્કરિણી, પ્રવરા, ઇંદ્રાયણી, સરયૂ આ રીતે અનેક સરિતાઓ, તીર્થો, સરોવરો, સપ્ત દ્વીપ, સપ્ત સાગર, સામૂહિક રીતે બ્રાહ્મણના જમણા પગના અંગૂઠામાં નિવાસ કરે છે.

દ્વિજના જમણા પગ નીચેની માટી મળે તો મહાયાત્રાનું પુણ્ય પ્રાપ્ત થાય છે. આથી શ્રી હરિ છાતી ખુલ્લી કરી દ્વિજની રાહ જોતા રહ્યા. વિપ્રચરણની છાપ હૃદય પર ધારણ કરીશ. ચરણામૃત જઠરમાં સંગ્રહી રાખીશ. પ્રેમથી તેને ભૂષણ તરીકે ધારણ કરીશ. તેથી મહિમા વધશે. આવા વિચારો શ્રી હરિના મનમાં હતા ત્યાં જ અચાનક ભૃગુ ત્યાં આવ્યા. શ્રી હરિ નિદ્રિત અને નજીકમાં કોઈ ન હતું. શ્રી હરિ સમક્ષ ભૃગુ ચાર ઘટિકા ઊભા રહ્યા. તેમનો કોઈએ સત્કાર ન કર્યો કે આવકારવાચક શબ્દો ન કહ્યા. આથી મનમાં ખૂબ જ ક્રોધ આવ્યો અને જે કામ માટે તેઓ આવ્યા તે કામ સંપન્ન કરવું તેમ નક્કી કરી જમણા પગની લાત શ્રી હરિની છાતી પર જોરથી મારી.

લાત મારીને વિચારપૂર્વક દૂર નાસી ગયા. મનમાં એક પ્રકારનો ખેદ હતો. ત્યાં સુધી શ્રી હરિ દોડીને નજીક આવ્યા અને ચરણ પર માથું મૂકી પ્રેમપૂર્વક આલિંગન આપ્યું. તે પછી શ્રી હરિએ તમારો હાથ પકડી તમને આસન પર બેસાડ્યા. ષોડશોપચારે તમારું પૂજન કર્યું અને તમારા ચરણ સ્વહસ્તે દબાવ્યા. શ્રી હરિ બોલ્યાઃ સ્વામી, તમે મારી કઠોર છાતી પર પ્રહાર કરી કૃપા કરી પણ તમારાં કોમળ ચરણોને ઈજા પહોંચી હશે. મારા અપરાધની ક્ષમા કરો. મારું વક્ષઃસ્થળ ખડકની જેમ કઠોર છે. તેના પર લત્તાપ્રહારથી તમારા ચરણોને અતિ શ્રમ થયો. મારા જેવા ઉંઘણશીને તમે દયા કરી ઊઠાડ્યો તે તમારા જેવા દયાસાગરની મારા પર મોટી કૃપા છે. હે દાતાર, મને તમારા વિના કોઈ આશરો નથી.

શ્રી હરિ ભૃગુને કહે છેઃ તમે જ મારો ઉછેર કર્યો, મને નામરૂપ આપ્યું. તમારા લીધે હું રૂપને પામ્યો. હું નિરાકાર, નિર્ગુણ. તમે જ મને

સગુણ કર્યો. તમારા માટે હું વિવિધ અવતાર ધારણ કરું છું. તે અવતારોના ગુણો તમે જ ગાઓ છો. જો કે મારે જવું-આવવું, પ્રગટ થવું તેમ કશું જ નથી. બધું કર્તૃત્વ તમારું જ છે. જ્યાં મને રાખો છો ત્યાં રહું છું અને કરાવો તે કામ કરું છું. મને તમારા પ્રત્યે ખૂબ હેત છે. હું તમારો મુદ્રાંકિત છું. તમારા ચરણની છાપ અંકિત હોવાથી હું સંપૂર્ણ રીતે તમારી આજ્ઞામાં છું. શ્રી હરિનાં વચનો સાંભળી ભૃગુઋષિની આંખમાંથી અશ્રુઓ વહી રહ્યા હતા.

શ્રી હરિ એ ષડ્‌ગુણ સંપન્ન હોઈ તે સર્વ પ્રકારના ઐશ્વર્યથી શોભાયમાન છે તેમ જાણી તમે નારાયણની સ્તુતિ આરંભી. પરસ્પર એકબીજાનું ગૌરવ કર્યું. તમે તે રૂપ હૃદયમાં સંગ્રહી રાખ્યું અને ધ્યાન ચરણો તરફ દોર્યું. આ પ્રમાણે શ્રીદત્તે ભૃગુઋષિને તે પ્રસંગ સહજ રીતે કહ્યો. તે સાંભળી ભૃગુ ગદ્‌ગદ્‌ થયા. તેમણે જોયું તો શ્રીદત્ત પણ તે જ સ્વરૂપના શ્યામસુંદર, સુહાસ્યવદન, કિરીટકુંડલધારી, કૌસ્તુભ, વૈજયંતિ ધારણ કરનાર, પીતાંબરધારી, ચતુર્ભુજ, શંખચક્રગદાપદ્મધારી દેખાયા.

શ્રીદત્તના ઝાંઝરવાળા, કોમળ, આરક્તવર્ણ, જેમની સેવા સ્વયં લક્ષ્મી કરે છે તેવાં ચરણો જોયાં. તે આનંદઘન સ્વરૂપને જોઈ નેત્રો પાછાં ફરતાં ન હતાં. વૃત્તિ તન્મય થઈ મન લય પામ્યું. ભૃગુએ જોયું તો હૃદય પર વત્સલાંછન દેખાયું. તેના પર પોતાના સ્વપદચિહ્નો દેખાયા અને તેઓ લજ્જિત થયા. તેમણે દોડી જઈને ચરણોને જકડીને આલિંગન આપ્યું. તેઓના મુખ દ્વારા શબ્દો નીસર્યા. હે મોક્ષદાતા, મારા દ્વારા અપરાધ થયો. મેં વિપરીત કામ કર્યું. તારો મહિમા ન જાણતાં હે પુરુષોત્તમ, મેં તને લાત મારી! મને અધમને શિક્ષા કરો. ભૃગુની આવી સ્થિતિ જોઈ સર્વ સિદ્ધ-યોગીઓએ શ્રીદત્તચરણ ગ્રહી વિનવણી કરીઃ અમને આમાંથી કાંઈ સમજાતું નથી. તેમણે નારદજીને પૂછ્યુંઃ અરે! આ ભૃગુની સ્થિતિ આમ કેમ થઈ?

ત્યારે નારદે શ્રીદત્તને ફરિયાદના સ્વરમાં કહ્યું: હે અવિનાશ, જે ભૃગુને બતાડ્યું તે ઈતરથી કેમ છૂપાવી રાખ્યું? વાછરડા માટે ધાવણ આવવા દેજે. ભૃગુને જે બતાવ્યું તે સર્વને બતાવ. તેનાથી આ દીનજનો પાવન થશે અને આ પ્રસંગ સફળ થશે. સર્વની પ્રાર્થના સાંભળી તેમનું અંતઃકરણ જોઈ સર્વેશ્વર મૂળરૂપમાં પ્રગટ થયા. ભક્તો માટે સગુણ, સાકાર થયો. રમાધવે દેવ, સિદ્ધ, માનવ, બ્રહ્માદિ સર્વ સમુદાયને અપૂર્વ દર્શન આપ્યું. સર્વ હર્ષાન્વિત થઈ તેમણે જયઘોષ કર્યો. અનેક વાજિંત્રો વાગવા લાગ્યાં. દેવોએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. પરસ્પર આલિંગન થયાં. શ્રી મચ્છિંદ્ર અને ગોરક્ષે શ્રીદત્તના ચરણોને ચૂમ્યા અને પૂજન કરી પ્રાર્થના કરી.

પંચારતી લઈ દેવલલનાઓ ત્યાં આવી. તેમણે શ્રીદત્તની પ્રદક્ષિણા કરી અને તેમનાં ચરણો પર મસ્તક મૂક્યું. આનંદકંદના દર્શન કરી સર્વ બ્રહ્માનંદમાં ડૂબ્યા. સર્વ પ્રકારનો તાપ દૂર થઈ ભેદાભેદ નષ્ટ થયો. સર્વને અનુપમ પ્રકારનું દર્શન થયું. વૃત્તિ સ્વરૂપમાં લીન થઈ અને સમાધાન પ્રાપ્ત થયું. ભૂખ-તરસ આળસ અદૃશ્ય થઈ, સર્વ વિકારોનું શમન થયું. હું-તુંપણાનો વિલય થયો અને દેહભાન દૂર થયું. બધા જ બ્રહ્મમય થયા. નદીઓનો પ્રવાહ સાગરમાં ભળી ગયા પછી તે જળનો પ્રવાહ પાછો ફરતો નથી તે જ પ્રમાણે અહીં પણ થયું.

તે પછી શ્રી હરિએ વિચાર કર્યો કે હવે સર્વની વૃત્તિઓ મદાકાર થઈ છે. આથી તેમના સર્વ વ્યવહારો થંભી જશે. આથી તે સ્વરૂપ અદૃશ્ય કરી ફરી ત્રિગુણાત્મક રૂપ ધારણ કર્યું. સર્વ સાવધાન થયા. બધાએ આંખો ખોલી જોયું તો સામે અવધૂતમૂર્તિ હાજર હતી. ત્યારે સર્વએ ધન્યતાના ઉદ્‌ગાર કાઢી શ્રીદત્તનાં ચરણોને વંદન કર્યાં. અવિનાશ દત્ત બોલ્યાઃ અરે ભૃગુઋષિ, તમે સર્વનો સંશય દૂર કર્યો. તમારો શુદ્ધ પ્રેમ હોવાથી બધાને તેનો લાભ મળ્યો. નારદે પણ સૂર પૂરાવતાં કહ્યું: સારું

થયું, બધાને લાભ મળ્યો. ભ્રાંતિનો નાશ થયો અને અભિમાનનો છેદ ઊડ્યો. ભેદાભેદ દૂર કરી અંતર્બાહ્ય રીતે નિર્મળ બનાવ્યા અને ભક્તિપ્રેમની સ્થાપના કરી. બધા ઉપર કૃપા કરવા હે દત્તાત્રેય, તમો સાકાર થયા છો.

નારદ વધુમાં કહે છેઃ હે દત્તાત્રેય, ત્રણેય લોકને બોધ કરી તમો ત્રિતાપને નિવારો છો. તમો દીનબંધુ, અનાથના નાથ, દાતાર, નિર્બળોના સખા છો. જે લોકો તમારા શરણે આવે છે, તે ભવસાગર પાર કરી જાય છે. તમારું નામસ્મરણ કરવાથી ભક્તો ખરેખર પાવન થાય છે. તમારા ધ્યાનથી લોકોનું કલ્યાણ થાય છે એવું તમારું ઉજજવળ માહાત્મ્ય છે.

ભૃગુઋષિ કહેઃ હે નારદ, તમે સાચી હકીકત કહો છો. આજના અનુભવથી સર્વનાં મન નિઃસંશય થયા. શ્રીદત્ત એ સર્વ આનંદનું મૂળ છે. જવાબમાં શ્રીદત્તે કહ્યુંઃ હે ભૃગુ, તું પરીક્ષા લેવા માટે યોગ્ય છે. પૂર્ણત્વની શોધ અચૂક કરી. પરંતુ તેનાથી પણ આગળ વધ્યો તે માટે અજુગતુ થયું. લત્તાપ્રહાર થતાં જ શ્રી હરિએ ક્ષમાદાન કરી સત્કાર કર્યો. ત્યારે જ તને તેની શ્રેષ્ઠતા સમજાઈ. આ પ્રમાણે તેં યોગ્ય કસોટી કરી. શ્રી હરિની આજ્ઞા લઈ તમે પ્રસ્થાન કર્યું પરંતુ પોતાનું અહિત કર્યું તે તને ન સમજાયું.

તારા ગયા પછી સર્વેશ્વર નિદ્રાધીન થયો. સેવા કરવા લક્ષ્મી આવી. ત્યારે શેષ મોટેથી હસ્યો અને બોલ્યોઃ કેટલો નિષ્ઠુર? અંતઃકરણમાં બીક પણ ન લાગી? પગચંપી કરતી લક્ષ્મી બોલીઃ સ્વામી, તમને શાનું આશ્ચર્ય થાય છે? મને કથન કરો. જગદીશે કહ્યુંઃ દર્શન કરવા ભૃગુઋષિ આવ્યા હતા. હું નિદ્રાધીન છું તેથી તેઓ સામે પ્રતીક્ષા કરતા રહ્યા. હું જાગ્રત ન થયો આથી તેમણે ક્રોધ કરી મને જોરથી લાત મારી. આ બ્રાહ્મણ ઘણો નિષ્ઠુર નીકળ્યો. તેણે વિચાર કર્યા વગર આવું

કૃત્ય કર્યું. સનાતન બ્રહ્મને લાત મારવી યોગ્ય નથી. જેનો મહિમા વેદ ગાય છે, શ્રુતિ જેને માટે નેતિ નેતિ કહે છે, છ શાસ્ત્રો અને અઢાર પુરાણો જેની પ્રશંસા કરે છે તેને લત્તાપ્રહાર કરવો શું યોગ્ય છે?

શ્રી હરિનું આવું કથન સાંભળી લક્ષ્મીને ક્રોધ ઉપજયો. તે હાથમાં જીવન (પાણી) લઈ શાપ આપવા તૈયાર થઈ. શ્રી વિષ્ણુને ખબર પડી. તેઓ આસન પરથી ઊઠ્યા અને લક્ષ્મીને પૂછવા લાગ્યાઃ તું શું કરે છે તેનું ભાન છે? બિનજરૂરી ખટપટ કશી કરીશ નહિ. બ્રાહ્મણ એટલે મારું શરીર છે. હું તેમનો પ્રાણ છું. જો શાપ આપી તેમને ભસ્મ કરીશ તો મારા માટે કોઈ સ્થાન જ રહેશે નહીં. ત્યારે લક્ષ્મી બોલીઃ શાપજીવન નિષ્ફળ જશે નહીં. શ્રી હરિ બોલ્યાઃ તારું મન સંતપ્ત થયું હોય તો પણ બ્રાહ્મણોને ભસ્મ ન કરીશ. તેમને હયાત રાખી જે કરવું હોય તે કર. લક્ષ્મીએ શાપવચન કહ્યાંઃ આવા દુષ્ટબુદ્ધિ બ્રાહ્મણો હંમેશાં દારિદ્રની પીડા ભોગવશે. તેમની હંમેશાં માનહાનિ થશે અને તેમને હીનજનોની સેવા કરવી પડશે. બોલાવ્યા વગર બ્રાહ્મણો ઘેર ઘેર ભટકશે. શ્રી હરિએ કહ્યુંઃ સમય જતાં આ સત્ય થશે.

લક્ષ્મી કન્યાનાં આવા વચનો સાંભળી તમને ક્રોધ આવ્યો અને તમે વિચાર્યુંઃ મારી કન્યા હોવા છતાં શાપ આપ્યો. તમે સામો શાપ આપ્યોઃ તને અનેક લોકો ભોગવશે. તું એક ઠેકાણે સ્થિર રહીશ નહીં. તું કોઈ એક સાથે સ્થિર રહીશ નહીં. તારા પર અનેક લોકોની નજર રહેશે. હીનના ઘેર તારો વિશેષ પ્રેમ હશે. તું પાપી કે પુણ્યવંત એમ કોઈ ભેદ કરીશ નહીં. તું જારિણીની જેમ કોઈ એકની થઈ રહીશ નહીં. આ દુર્ગુણ તારી પાસે કાયમનો રહેશે. તમારી આ કાર્યવાહી ઉભય પક્ષે ઘાતક ઠરી. હે ઋષિવર્ય તે શું યોગ્ય છે? તે અવિવેકભર્યું કર્મ છે. તમારા જેવા વિચક્ષણ તપસ્વી માટે આ ભૂષણાસ્પદ નથી.

શ્રીદત્ત કહે છેઃ તમારા બંનેનાં વચનો કદી પણ નિષ્ફળ નહીં જાય. ભવિષ્યમાં કાયમની મુશ્કેલી સર્જશે. તમને અપજશ મળશે. કોઈ પણ કામમાં અભિમાન ઘાતક ઠરશે. અભિમાન એ બીજા દુર્ગુણોની વૃદ્ધિ કરશે અને તપની હાનિ કરાવશે. છેવટે સર્વનાશ કરાવશે. વગર વિચાર્યે આચરણ કરતાં અપયશ ભોગવવાનો વારો આવ્યો. આનો અનુભવ ગોરક્ષને આવ્યો છે. તેને પૂછો. જે થવાનું હતું તે થઈને જ રહ્યું. હજુ પણ સાવધાનતા રાખવી. કર્મમાં લીન રહેવું. શરીરમાં અહંકાર ન રહેવો જોઈએ. તમારા ચિત્તમાં હંમેશાં શાંતિ, ક્ષમા, દયા રહેવી જોઈએ. દ્વેષભાવ નષ્ટ થવો જોઈએ. મનમાં તત્ત્વચિંતન થતું રહેવું જોઈએ. અંતઃકરણમાં અહોનિશ પ્રેમલક્ષણા ભક્તિ વહેવી જોઈએ.

શ્રીદત્ત વધુમાં કહે છેઃ જ્ઞાન થકી જાજ્વલ્યમાન વૈરાગ્ય વિલસવું જોઈએ. ચિત્તમાં ઉપરતિ રહેવી જોઈએ અને ક્યારેય વિકાર બાધવો ન જોઈએ. પ્રૌઢ વિવેક તમારી પાસે હોવો જોઈએ. જે બોધ કર્યો તે હૃદયમાં સંગ્રહી રાખવો. બોધ પ્રમાણે આચરણ કરવાથી દરેકનું કલ્યાણ થશે. આ પ્રમાણે શ્રીદત્તનાં વચનો સાંભળી સર્વેએ જયજયકાર કર્યો. ત્યાં ઉપસ્થિત સર્વ ઋષિમુનિઓએ અવધૂતને નમસ્કાર કરી સ્તવન કરી ગમન કર્યું. દેવોએ પણ અવધૂતની આજ્ઞા લઈ સ્વસ્થળે પ્રસ્થાન કર્યું. અવધૂતના નામથી માનવોનું ચિત્ત પણ રંગાયું અને તેઓ ભજનમાં લીન થયા. ગિરનાર પર્વતની મધ્યપીઠ પર શ્રીદત્ત અને સર્વ યોગી, સિદ્ધ આનંદમાં બિરાજમાન હતા. આગામી પ્રસંગમાં સિદ્ધયોગીઓનો વાગ્‌વિલાસ શ્રવણ કરવાથી અંતઃકરણના સર્વ દોષો નષ્ટ થશે. શ્રીદત્તકૃપાથી બધાના ભવપાશ તૂટશે.

દત્ત દયાગુરુ દયાનો સાગર છે. તે શરણાગતનું પિયર છે. દીન-અશક્તોનો મદદકર્તા હોઈ ભાવિકો માટે ઉદાર છે. સાધુસંત, સિદ્ધ, યોગી, મહંતો વચ્ચે શ્રીદત્ત સમર્થ આનંદથી ડોલતો રહે છે. જેમને શ્રીદત્તકૃપાની

આશા હોય તેમણે સંતોને શરણે જવું. તેમના ચરણે વિશ્વાસ રાખવો અને તેમની સેવા કરવી. જેને સંતચરણે ભક્તિ નથી તેને શ્રીદત્તની પ્રાપ્તિ ક્યાંથી થશે? મનુષ્ય જન્મ લઈને જે ઈષ્ટ પ્રતિ દૃઢ ભક્તિ ધરાવતો નથી તેના વૈભવને ધિક્કાર હો. જે સ્થળે સંતસેવા નથી તેમનાં દર્શન કરવાં નહીં. તેમનું ભાષણ શ્રવણ ન કરવું. નહીં તો દૂષણ લાગે છે. જેને સંતપૂજા વિશે પ્રીતિ છે, સંતભજનમાં રસ છે, સંતચરણો પ્રતિ જેની ગતિ છે તેને જ સુખપ્રાપ્તિ સહજ છે. સંતો ભવસાગરના નાવિક, સુખના સાગર, શરણાગત પ્રતિ ઉદાર હોઈ સર્વેશ્વરનો વાસ તેમનામાં હોય છે. આથી અનંતસુત (કાવડીબુવા) સંતોનો શરણાગત કહેવડાવે છે. તેઓ અનન્ય શરણાગતના મનોરથો પૂરા કરે છે.

॥ ઈતિ અષ્ટચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

અધ્યાય - ૪૯

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

હે સિંહાચલનિવાસી, અત્રિહૃદયમાં નિવાસ કરનાર, અનસૂયાપુત્ર, સિદ્ધરૂપી માનસ સરોવરમાં વિહાર કરનાર હંસરૂપ, અવિનાશી તને નમસ્કાર. હે ઋષિકુલભૂષણભૂષિત, તપસ્વીઓમાં મુખ્ય, ચૈતન્યવિલાસ-રૂપ સ્વામીદત્ત, કૃપાવંત, તને નમસ્કાર. હે પ્રણવરૂપપરાત્પર, ત્રિગુણાત્મક, વિશ્વોદ્ધારક, સ્વાનંદજીવન, સુખકર, દયાળુ, ઉદાર, તને નમન. તું

શરણાગતનું સુખાલય છે. અનાથ પતિતનું કલ્પવૃક્ષ, સર્વ ઈચ્છાપૂર્તિકર્તા અને જીવને આરામ આપનાર છે. તારા ચરણકમળનું ધ્યાન ધરી તારા કીર્તનનો પ્રારંભ કર્યો છે. તે સત્કીર્તિ વિવેચન કરનાર અને કરાવનાર તું જ છે. આનંદથી દેવઋષિ પોતપોતાના સ્થળે ગયા પછી ત્યાં હાજર સિદ્ધમહંત સ્વાનંદમાં બિરાજમાન હતા.

શ્રોતાઓએ કહ્યું: તે અનુપમ કથન શ્રવણ કર્યું. તે કથન ભવશોષક-રસાયણ જીવન માટે નિર્માણ થયું. ત્રિવિધ તાપનું શમન થાય, ભવાબ્ધિ સૂકાઈ જાય, માયારૂપી મૃગજળમાં કદી ન છેતરાઈએ, તેને પાર કરવા માટે અને કદી પણ ગર્ભવાસ કરવો ના પડે તે માટે કયો ઉપાય કરવો તે વિશે મુમુક્ષુઓને ચિંતા હતી. તે માટે આજ શ્રેષ્ઠ ઔષધિ-માત્રા અનાયાસે હાથમાં આવી. આ શ્રીદત્તપ્રબોધિની માત્રા અત્યંત પવિત્ર હોઈ ભવરોગીને પીવડાવવાથી જન્મ-મરણની યાત્રા કરવી પડતી નથી. તને શ્રીદત્તકૃપાનો યોગ પ્રાપ્ત થયો. આ દિવ્ય રસરાજ સિદ્ધ થયો. હવે વિલંબ ન કરતા તે (કાન) શ્રવણરૂપી મુખમાં પીવડાવ. શ્રવણ માટે શ્રોતાઓનો પ્રેમ જોઈ વક્તાનું મન વિવેચન માટે આનંદથી થનગની ઊઠ્યું. તેણે શ્રીદત્તપદનું ચિંતન કરી કથા નિરૂપણનો પ્રારંભ કર્યો.

શ્રોતાઓ, સાવધાન થઈ શ્રીદત્તકથામૃત શ્રવણ કરો. ગિરનાર પર્વત પર યોગીજનો અવધૂતને વીંટળાઈ બેઠા છે. થએલો ચમત્કાર સિદ્ધોએ સ્વચક્ષુએ જોયો. અભિમાનનો નાશ થઈ ગોરક્ષ નમન કરતા થયા. રોમાંચિત કાયા, હૃદયમાં અષ્ટ સાત્ત્વિકભાવ, પ્રેમનું ઝરણું વહેતું હતું. તેવી પરિસ્થિતિમાં ગોરક્ષે દત્તચરણોને જોરથી પકડી રાખ્યા અને વારંવાર બોલવા લાગ્યો: હું દીન, તમારો પૂર્ણ અપરાધી છું. મને તારો અથવા મારો. હું અનાથ તમારા દ્વારે આવ્યો છું. આ બ્રહ્માંડમાં તમારા સિવાય મને તારનાર કોઈ નથી. હે શ્રીદત્ત, દીન શરણાગતનો ત્રાતા સ્વામી તું એકલો જ છે. તું જ ભયનિવારણ કરી અભય પ્રદાન કરનાર છે.

ગોરક્ષની આ પ્રમાણેની કરુણ વાણી સાંભળી સિદ્ધોનું અંતઃકરણ હચમચી ગયું. શ્રીદત્ત સમક્ષ તેઓએ ઊભા થઈ હાથ જોડી પ્રાર્થના કરવાની શરૂઆત કરીઃ હે શ્રીદત્ત, તું પતિતપાવન છે, અનાથરક્ષક અને કરુણાઘન પણ છે. તું દયાળુ, દીન વત્સની ગાય, અનન્ય પ્રેમળ માતા છે. શ્રમિતનો છાંયડો થઈ તું તેને ડગલે પગલે મદદ કરે છે. તેવો ઉદાર, કોમળ હૃદયવાળો હોવા છતાં તારા પદે લીન થયેલા આ દીન પર હજુ સુધી કૃપા કેમ કરતો નથી?

જવાબ આપતા અવધૂતે કહ્યુંઃ તમે કરેલા ગૌરવરૂપ ભાષણને અમાન્ય કોણ કરશે? જળને હંમેશાં વહેવા માટે નીચેની સપાટી જોઈએ. નીચેથી ઉપર કદી વહેણ જતાં જોયું છે? શ્રીદત્તવાક્યનો ગર્ભિત અર્થ મચ્છિંદ્ર સિવાય કોઈને સમજાયો નહીં. મચ્છિંદ્રે વિનંતી કરતા કહ્યુંઃ તારામાં દ્વૈત કે ભેદભાવ નથી ત્યારે મનમાં આવા વિચારો કેમ આવે છે? તું દયાળુ, વાત્સલ્યપૂર્ણ, ઉદાર, કૃપાળુ, સર્વજ્ઞ અને અનાથરક્ષક છે. તું સર્વ પ્રાણીઓ પર સમાનતાથી દયા કરે છે. તેથી બાળકની ઉપેક્ષા કેમ કરે છે?

સત્ત્વગુણથી તું સર્વનું પોષણ કરે છે. તમોગુણથી તું જ સર્વનો નાશ કરે છે. સર્વ સત્તાધીશ તું જ છે. સર્વાત્મમાં તારો જ નિવાસ છે. સર્વ સૂત્રો તારા જ હાથમાં છે. માયાનો વિસ્તાર કરી તેં જ આ ખેલ વધાર્યો છે. ચૈતન્યને ચેતના આપી કર્મનો આ તમાશો તેં જ આરંભ્યો છે. તે લીલાના સાક્ષી તરીકે તું તેનાથી જુદો છે? જીવો અજ્ઞાનથી ગૂંચવાયા, લોભમોહથી ગ્રસ્ત થયા, ષડ્વિકારથી પછડાયા અને નરકવાસમાં સપડાયા. માયિક બંધનમાં પડી પોતે જ પોતાના ઘાતક થયા. હું-તુંપણું એટલું જટિલ બન્યું કે તેમાંથી છૂટવું લગભગ અશક્ય જ! ભ્રમથી મૂળ સ્થિતિનું વિસ્મરણ થયું અને સંકટમાં પડ્યા. તેમાંથી બહાર નીકળવા યુક્તિ ન મળવાને લીધે ત્રિવિધ તાપ ભોગવતા રહ્યા.

સંસારમાં દુઃખરૂપી પર્વત ઊંચકીને જરીકે વિસામો મળતો નથી પરંતુ તેની પ્રીત પણ છૂટતી નથી. પરિણામે જીવને કાયમની હાયહાય ભોગવવી પડે છે. જીવ દુઃખસાગરમાં વહે છે અને તેમાં ડૂબે છે. ત્યાં અનેક પ્રકારે જળચરો (કામક્રોધાદિ) ત્રાસ આપે છે. યમ એ પહેરો ભરી ત્યાં હાજર જ હોય છે જેથી જીવ યાતનામાંથી છૂટી ન જાય. જીવ અત્યંત ત્રાસી ગયો, કર્મ ભોગવતાં ત્રસ્ત થયો પરંતુ તેમાંથી છૂટવા તેને કાંઈ સૂઝ પડતી નથી. આથી તને દયા ઉપજી. તું ભવસાગરનો નાવિક. ડૂબતાને બચાવવા દોડી આવ્યો. જીવને વિસ્મરણ થયું. તેને યાદ અપાવવા અને તેનું કલ્યાણ કરવા તેં ત્રિગુણાત્મક રૂપ ધારણ કર્યું. વેદાદિ શાસ્ત્રો તેની સાક્ષી પૂરાવે છે કે તારી કૃપા અગાધ છે. આ સાંભળીને હું તારે શરણે આવ્યો છું. મારું ત્વરિત રક્ષણ કર.

શ્રીદત્ત કહે છેઃ ગુરુપદની ગરિમા જાળવવા યોગીઓને ગૂઢ સૂચવું છું. તે વિશે કાંઈ બોલું તેમ મનમાં થાય છે. યોગીજનો સમજે તે માટે કશું બોલું છું. પદભાવ પ્રકરણ વિશે સમજણ પાડું છું. માતા, પિતા, જયેષ્ઠ બંધુ, વિદ્યા શીખવનાર, નાની મોટી વસ્તુઓમાં માર્ગદર્શક એ સર્વ ગુરુ ગણાય. સદ્‌બુદ્ધિ આપનાર, દેહમાં સદ્‌ગુણો વધારનાર, બોધ કરનાર અને શ્રેષ્ઠતા અપાવનાર એ પરમ ગુરુ છે. વ્રતબંધાદિ ગાયત્રી ઉપદેશ કરનાર, તેનું રહસ્યોદ્‌ઘાટન કરનાર અને દ્વિજના અર્થ પ્રમાણે બીજો જન્મ આપનાર તે પરમેષ્ઠિ ગુરુ. વિશેષ તારક ઉપદેશ કરનાર, બોધવિવેક કરાવનાર, કલ્પનાનો નાશ કરી ભવપાશને તોડનાર તે પરાત્પર ગુરુ. તે દેહનું અજ્ઞાન નષ્ટ કરે છે. તત્ત્વનો બોધ કરાવે છે.

જે દ્રષ્ટા અને દૃશ્યનો ભેદ મિટાવનાર યોગયુકત સાધન બતાવનાર, સાક્ષાત્કારનો અનુભવ કરાવનાર, પરાત્પરનું ધ્યાન કરાવનાર અને વૃત્તિને તદાકાર કરાવનાર પરાત્પર ગુરુનાં આ પ્રમાણે લક્ષણો કહ્યાં. તેમાં પણ વિશેષ કહેવા જેવી વાત એ છે કે પરાત્પર ગુરુ શિષ્યની

પાત્રતા જોઈ કૃપા કરે છે. પરમ ગુરુ, પરમેષ્ઠિ ગુરુ, પરાત્પર ગુરુ કરતાં શ્રેષ્ઠ એવો તું સદ્‌ગુરુ, જગદ્‌ગુરુ, જગદાત્મા છે. તું સ્વતઃ સિદ્ધ, સ્વયંભૂ, સર્વાધાર છે તેના કરતાં પણ તું સ્વયંપ્રભ છે. (સ્વયં પ્રકાશિત). તું દૃશ્ય-અદૃશ્યથી પર હોવાથી તને ઉપમા આપવા કોઈ વસ્તુ યોગ્ય જણાતી નથી.

તું અનુપમ, અગોચર, નિઃસંગ, નિર્વિકાર હોઈ તને આપ-પર એવું કશું નથી. તેમ હોવા છતાં હે શ્રીદત્ત, તું શરણાગત ઉપર કૃપા કેમ કરતો નથી? તેનાથી પોતાને વિભક્ત કેમ બતાડે છે તે મને સમજાતું નથી. સર્વ પદ એકઠા કરી જે પદ આવે તે પદ એટલે તું છે. ફક્ત લીલા બતાવવા માટે પૃથક્ પદ નિર્માણ કર્યાં. અસ્તુ. જે જે કાંઈ જોવા અનુભવવા મળ્યું તે તારી કૃપાનો પ્રસાદ છે. વધુ બોલવા જઈએ તો વૈખરીનો વિસ્તાર થશે. અંતમાં સ્વામીચરણે એક જ વિનંતી છે કે આ વત્સ (ગોરક્ષ) શ્રમિત થયો છે. તેનો થાક ધ્યાનમાં લઈ ભલે તે અપરાધી હોય, હીનદીન હોય, તે તારે શરણે આવ્યો છે. હવે તેના અંતઃકરણની પરીક્ષા કેમ લે છે? તેનો અંગિકાર કર.

હે અવધૂત, તું વિશ્વમાઉલી છે. ભૂખ્યું વાછરડું તારી તરફ નજર કરે છે. તેની ઈચ્છા જાણી તેને સંતુષ્ટ કર. ત્યાં સુધીમાં ગોરક્ષે નેત્રજળથી અવધૂતનાં ચરણો ધોઈ કાઢ્યાં. તેનું મન ત્યાં જ ચોંટી રહ્યું. અવિનાશે તેનું અંતઃકરણ ઓળખ્યું અને તેનું હૃદય દ્રવ્યું. અવધૂતે ગોરક્ષના મસ્તક પર અભયહસ્ત મૂકી તેને દૃઢ આલિંગન આપ્યું. તેમણે કહ્યુંઃ અરે બાળક, તું થાકી ગયો છે. આમ કહી ગોરક્ષના ચહેરા પર પ્રેમથી હાથ ફેરવ્યો. તેને અભય આપતાં કહ્યુંઃ હવે ભય ન રાખીશ. તું પાવન થયો છે. હવે દેહ અભિમાન રાખીશ નહીં. સાધુસંતોની સંગત કરજે. ચિત્તમાં વિવેક ધારણ કરજે. વૃત્તિને કદી પણ અધોગતિ તરફ જવા ન દઈશ અને સ્વરૂપસ્થિતિ પ્રત્યે જાગ્રત રહેજે.

શ્રીદત્ત વધુમાં કહે છેઃ વિષયભોગનો ત્યાગ કરવો, ક્રોધરૂપી ચંડાળનો સંગ કદી પણ ન કરવો, આત્મચિંતન કરવું અને મન ઉન્મન થવા દેવું. કામનાથી વિરક્ત થવું, સચ્ચિદ્‌ઘનમાં અનુરક્તિ રાખવી, માયાથી વિભક્તિ રાખવી અને ભજનમાં આસક્તિ રાખવી. નિંદા દ્વેષ, તર્ક-વિતર્કનો કુસંગ ન થવા દેવો. સૂર્ય જે રીતે જમીન અને આકાશથી અલિપ્ત રહે છે તે રીતે રહેવું. કોઈ પણ પ્રકારનો લોભ ન કરવો, મોહનો ત્યાગ કરવો, આશાપાશમાં લપેટાવું નહીં. કઠોર શબ્દો બોલવા નહીં, કોઈને ત્રાસ ન આપવો, કોઈનો ઉપકાર રાખવો નહીં. કોઈનો વિરોધ કરવો નહીં.

વિરોધ કરવો તો એ પ્રકારનો કરવો કે દાંત વડે જીભ કચડાય તો કોને શિક્ષા કરવી? સર્વ પ્રાણી માત્ર પ્રત્યે આત્મવત્ રીતે જોવું. ક્ષમા, દયા, શાંતિનો અંગીકાર કરવો. પછી ત્યાં શત્રુત્વ ક્યાંથી રહેશે? લૌકિક વસ્તુની અપેક્ષા કદી કરવી નહીં અને મધુર વચન બોલવાં. સદ્‌ગુરુચરણે નિષ્ઠા રાખવી, વડીલોને પ્રણામ કરવા. શરીર અક્કડ ન રાખવું (ઘમંડ). દેહ દ્વારા કષ્ટો સહન કરવાં. બીજાઓની સેવા કરી તેમને સુખ આપવું. શરણે આવેલાને તારવા. શરીરને શમ-દમથી શણગારવું. થાય તો બીજાઓ પર ઉપકાર કરવો. બીજાના દોષોને પ્રગટ ન કરવા.

મનમાં નિંદાદ્વેષ આવવા ન દેવાં. કોઈને દોષ ન આપવો, પ્રશંસાથી ફુલાઈ ન જવું. મોટાઈ કોઈ દિવસ પ્રદર્શિત ન કરવી, હું-મારું કદી ન કરવું. નાનાથી પણ નાના થવું અને સર્વને વંદન કરવાં. શરીરને અક્કડ ન રાખવું. એક જ સ્થળે રહેવું નહીં. ખોટા માર્ગનું અવલંબન ન કરવું. આળસુ ન બનવું. દેવ તીર્થક્ષેત્રમાં જવા આનંદ માનવો, ત્રાસ ન માનવો. હંમેશાં સત્સંગમાં રહી ઇંદ્રિયોને સારા કામમાં પરોવવી. મનમાં વિકલ્પ આણવા નહીં અને ધ્યાનમાં એકાગ્રતા કેળવવી. સ્વહિત માટે

તત્પર રહેવું, કોઈનો અનાદર ન કરવો. જેવો સમય આવે તેવું સહન કરવું અને ભિક્ષાટન કરી ઉદરનિર્વાહ કરવો.

હે ગોરક્ષ, આ મચ્છિંદ્રની કૃપાથી તને આ જ્ઞાન થયું છે. તેના ઉપર આ ક્રિયા-ઉપદેશ હૃદયમાં કાળજીપૂર્વક જતન કરી રાખ. જવાબમાં ગોરક્ષે કહ્યું: તેં દયાળુ થઈ મારા બધા જ અપરાધોની ક્ષમા આપી. મને પ્રેમપૂર્વક ઉપદેશ આપ્યો. તારા ચરણે મારી પ્રાર્થના છે કે આ યાચકને પૂર્ણ કૃપાદાન આપ. મારી વૃત્તિ તારા જેવી નિર્મળ બનાવી તારા ચરણમાં મને સુખી રાખ. મચ્છિંદ્રે કહ્યું: હે દત્તાત્રેય, આ વત્સ તારા ચરણો પાસે આવ્યો છે, તેના પર દયા કરી પૂર્ણ કૃપા કર. તારી કૃપારૂપી છાંયડો તેને ઠંડક આપશે.

ચંદ્રકાંત (મણિ) ચંદ્રકિરણોમાં જે રીતે ઝરે છે તે પ્રમાણે શ્રીદત્તભગવાને ગોરક્ષ ઉપર વરદામૃતની વૃષ્ટિ કરી. મેઘ જે રીતે વર્ષાવ કરી ચાતકને સંતુષ્ટ કરે છે તે જ રીતે શ્રીદત્ત ગોરક્ષને વર આપવા હર્ષાન્વિત થયા. જળથી ભરેલા મેઘની વૃષ્ટિથી મયૂરના મનમાં આનંદ થઈ તે પ્રેમથી કળા કરતો નાચે છે તે જ પ્રમાણે ગોરક્ષે ઉત્સાહિત થઈ શ્રી દત્તાત્રેયના મુખારવિંદ તરફ જોઈ પોતાના બે હાથ જોડ્યા. યોગીજનો સાવધાન થઈ શ્રીદત્તની અમૃતવાણી સાંભળવા લાગ્યા.

અવિનાશ બોલ્યા: હે ગોરક્ષબાળ, તારી યોગીલીલા ઉત્તરોત્તર વૃદ્ધિ પામો. હદ્‌ગત પ્રેમ વધતો જ રહે, ભક્તિધનનો ભંડાર અખૂટ રહે, વૈરાગ્ય અઢળ રહે. મારો ઉપદેશ તારામાં સમરસ થાય. તું યોગૈશ્વર્ય સંપન્ન થઈ મારી પૂર્ણ કૃપા તારા પર ઉતરો. તારી વૃત્તિ હંમેશાં જાગ્રત રહે અને જીવનમાં બોધ ફલદ્રૂપ થાય. યોગીવૃંદની તારા પર કૃપા રહે અને તારા અંતરની ઈચ્છા ફળો. તારાથી બીજા અનેકના ભવપાશ તૂટશે. તને હું અવિનાશપદ પ્રદાન કરું છું. તું જેને જે આપીશ તે યથાર્થ રીતે તેને ફળશે. મારો અભયવર તારી સાથે હંમેશાં રહેશે. તું આનંદપૂર્વક

આ પૃથ્વી પર ક્રીડા કર. પૂર્વે તેં મચ્છિંદ્રની કૃપાથી વિશેષ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. હઠયોગ અને તપાચરણથી તેં સર્વ સિદ્ધિઓને પ્રસન્ન કરી છે.

સિદ્ધિઓના બળે તેં અનેક ચમત્કારની ઘટમાળા સર્જી. સર્વ વનસ્પતિ એકઠી કરી ધાતુમર્દન કર્યું. સિદ્ધાંત ક્રિયા આચરી દારિદ્ર્યનો નાશ કર્યો. મચ્છિંદ્રને ચમત્કાર બતાવી તેને માયાપાશમાંથી છોડાવ્યો. તેના પુત્રને (મીનનાથ) મારીને જીવંત કર્યો. અવંતિરાજ ભર્તૃહરિને અમર કર્યો. સહુ પ્રથમ એક અને પછી અસંખ્ય પિંગળાને નિર્માણ કરવાનું અદ્‌ભુત કૃત્ય કરી ભર્તૃહરિના મનમાં અનુતાપ પેદા કરી તેને યોગી બનાવ્યો. તેં સર્વ દેવતાઓને પ્રસન્ન કરી મંત્રોની રચના કરી. જુદા જુદા ખટકર્મો જેમ કે જારણ, મારણ, ઉચ્ચાટન, સ્તંભન, મોહન, ઈચ્છાગમન ઇત્યાદિ પ્રગટ કર્યાં. આ રીતે તારો મહિમા સદ્‌ગુરુકૃપાથી વધ્યો. તારા કઠોર પરિશ્રમથી તેં આ સિદ્ધ કર્યું, તેમાં પરિપક્વ થયો અને સર્વને ઉપયોગી થયો. અસ્તુ.

યોગશક્તિને લીધે તને મદ ઉત્પન્ન થયો અને અભિમાનનો શિકાર થઈ તું કૃતાંત પ્રમાણે બધા સાથે વર્તવા લાગ્યો. તું કોઈની આમન્યા પાળવા તૈયાર ન હતો. તારો ચમત્કાર જોઈ સર્વના અંતઃકરણ ભયથી વિહ્વળ થતાં હતાં. યોગીજન તને દાસવત્ બે હાથ જોડી વિનંતી કરતા. તારા દર્પને લીધે સર્વ ભયભીત થઈ શરણાગત પ્રમાણે તારી સમક્ષ દીન બની જતા. તેં જગમાં કીર્તિ ખૂબ પ્રાપ્ત કરી પરંતુ સાચે માર્ગે નહીં. પ્રત્યેક કર્મ ત્રિગુણ પૈકી કોઈ એક ગુણનું અવલંબન કરે છે. તારામાં અતિશય અભિમાન પેદા થયું.

રજસ્ અને તમોગુણયુક્ત આચરણ કરવાને લીધે ષડ્‌રિપુઓ તને વીંટળાઈ વળ્યા. તેથી જ તારો નાશ થયો. અભિમાને જ તને દંડ આપ્યો. વિપરીત કર્મને લીધે તને અપયશ પ્રાપ્ત થયો. મેળવેલી કીર્તિ ધૂળમાં રગદોળાઈ. તારી કાયા નિઃસત્ત્વ થઈ ગઈ. યોગીવૃંદ આ બધું જોતા

હતા. તને પોતાને કેમ ન દેખાયું? અભિમાનના ભાર તળે જ તું દબાયો. હજુ પણ અંતઃકરણની શુદ્ધતા જાળવી સાવધાન થા.

શ્રીદત્તની આવી બોધપ્રદવાણી શ્રવણ કરી ગોરક્ષે હાથ જોડ્યા અને અવધૂત ચરણે નતમસ્તક થયો. તેણે કરુણસ્વરમાં પ્રાર્થના શરૂ કરીઃ હે સ્વામી દત્તાત્રેય, કરુણાસાગર, ગુણાલય, ત્રિતાપહારક, દયાળુ, આ દીનને માર્ગદર્શન કર. આપે જે જે દોષ ગણાવ્યા તે તે દોષ મારામાં છે જ. તેને લીધે મેં મરણતુલ્ય દુઃખ ભોગવ્યું છે. અભિમાનના પૂરમાં હું વહી રહ્યો હતો ત્યારે દસ જળચરોએ મને ગળી જવા ઘેર્યો. તેવા સમયે કયા પુણ્યબળે ખબર નથી પરંતુ તેં મને તારણહાર બની બચાવ્યો. પૂરમાં ડૂબતો હતો ત્યારે અનેક વાર પાણી મારા પેટમાં ભરાયું. શરીરમાં પાણી પ્રવેશવાને લીધે મારું શરીર ફૂલી ગયું. આંખો ઘેરાઈ ગઈ.

તેવી વિકટ પરિસ્થિતિમાં તમે તારણહાર તરીકેની ક્રિયાઓ શરૂ કરી. પ્રથમ શાંતિચક્ર પર સૂવડાવ્યો. શરીર પર ક્ષમાદંડ ફેરવ્યો જેથી મદરૂપી ઉદક શરીરમાંથી બહાર નીકળી ગયું. પછી તમે મને સાવધાન કર્યો. અભિમાનમદ ઉતરી જવાને લીધે શરીર નિશ્ચેષ્ટ થયું. દૃષ્ટિ શૂન્ય તરફ મંડાઈ. આથી તેં દયાળુએ ઔષધિયોજના કરી. દિવ્ય બોધરૂપી રસાયણનું શ્રવણ દ્વારા પ્રાશન કરાવ્યું. તેથી પશ્ચાત્તાપરૂપી ઉષ્ણતા શરીરમાં પેદા થઈ. તે પછી તેં પ્રબોધરૂપી માત્રા મને આપી. તે થકી અવયવોમાં સંતૃપ્તિ આવી. મારી બિનજરૂરી માત્રા ભૂલાવી. તે પછી વિવેકરૂપી પૌષ્ટિક પાક મને સેવન માટે આપ્યો. સાથે સાથે અસારનો ત્યાગ કરવાની પરેજી મને તેં કહી. તારી કૃપા થકી મારો રોગ પૂર્ણતઃ નષ્ટ થયો અને મને આરોગ્ય પ્રાપ્ત થયું.

આરોગ્ય સાથે તાજગી આવે તે માટે તેં મને બ્રહ્મરસ પીવડાવ્યો. જ્ઞાનામૃતનું ભોજન કરાવી દર્શન પ્રસાદ આપ્યો. આ પ્રમાણે મને સર્વતોપરિ પાવન કરી મારા ભયનું નિવારણ કર્યું. સમર્થનું શરણું

સ્વીકાર્યા પછી કયો શત્રુ બાધા કરી શકે? ધનવંતરીએ જ જો રસાયણ પ્રાશન કરાવ્યું હોય તો શરીરમાં રોગ ક્યાંથી બાકી રહે? ભાસ્કરના ઉદય પછી અંધકાર ક્યાંથી બાકી રહે? ચંદ્રબિંબની પ્રભા સર્વત્ર ફેલાય પછી તસ્કરો ક્યાંથી રહેશે? તે પ્રમાણે તારી કૃપા થયા પછી કોઈ પણ વિકાર બાધા કરી શકે નહીં. ભય, લોભ, મોહ અને ચિંતા સ્પર્શ પણ કરી શકતાં નથી. સર્વ પ્રકારના ભયનું નિવારણ એ તારા કૃપાદાનનું ફળ છે. તેની સામે સાધન મને ગૌણ લાગે છે.

ગોરક્ષ કહે છેઃ મૂળમાં સ્વામી મચ્છિંદ્રનાથ એ મારા સમર્થ ગુરુ છે. તેમના દ્વારા સર્વ યોગરહસ્ય પ્રાપ્ત થયું. તેનાથી પણ વિશેષ તું મને પ્રાપ્ત થયો. તારી મધુર વાણીથી સુરસ બોધ પ્રાપ્ત થઈ મન શુદ્ધ થયું. મને ઉપદેશ કરી મારું ચિત્ત પવિત્ર કર્યું. કૃપા કરી તેં આ શરણાગતનો સ્વીકાર કર્યો. મારા ઉપર અભયહસ્ત મૂકી મને અલભ્ય લાભ કરાવ્યો. તે સિવાય પણ જે કાંઈ કરવું હોય તે રીતે બાળકની કાળજી રાખજે. બાળકની ભૂખ તરસ માતા જ જાણે. બાળકની તકલીફ માટે માતા જ ત્વરિત ઉપાય કરે છે. ઋતુ અનુસાર માતા જેમ બાળકની વેષભૂષા કરે છે તે જ પ્રમાણે દવાનો ઘસરકો અને કાજળ શું બાળક માતા પાસે માંગે છે? તે તો માતા જ તેની યોજના કરે છે.

માતા બાળકના હિતની અહર્નિશ કાળજી રાખે છે. તું પણ અનન્ય શરણાગતને માટે માતા સમાન છે. તને ગમે તે રીતે તું તેનો શૃંગાર કરે છે. બાળકના કાલાઘેલા શબ્દો સાંભળી તેની માતાને આનંદ થાય છે. ગોરક્ષનાં તેવાં વચનો સાંભળી શ્રીદત્ત બોલ્યાઃ હે ગોરક્ષબાળ, તારી સર્વ કામનાઓ પૂરી થશે. સર્વ પ્રકારના યોગનો ત્યાગ કરી તું મારા શરણે આવી શાંતિનો અનુભવ કર. ક્ષમા, દયા, વૈરાગ્યને ચિત્તમાં દૃઢ સ્થાન આપવું જોઈએ. ભક્તિમાર્ગે આગળ વધી પ્રેમપૂર્વક સંતોની સંગત કરવી જોઈએ. સર્વ પ્રાણીઓ પ્રતિ નમન કરવું અને સદ્‌ગુરુ

પ્રત્યે અનન્ય નિષ્ઠા રાખવી. અહર્નિશ ભજન, પૂજન, ધ્યાન અને મંત્રજપ કરતા રહેવું.

જે જે સાધુસંતો થઈ ગયા તેમણે જગતના કલ્યાણ માટે વિવિધ ગ્રંથોની રચના કરી છે, કાવ્યો રચ્યાં છે, સ્તુતિઓ ગાઈ છે. તેનું અધ્યયન કરી તેનો સાર ગ્રહણ કરવો. જગતમાં અદ્વય રીતે રહેવું, અભેદપણે વિચરણ કરવું અને મધુર વાણી હંમેશાં બોલવી અને સર્વના અંતઃકરણને આનંદ થવા દેવો. જગતમાં હોવા છતાં ન હોવું અને ન હોવા છતાં વિદ્યમાન રહેવું, શરણાગતને આશ્રય આપવો અને સંપ્રદાયનું રક્ષણ કરવું, ઉત્તમ ભૂમિ પસંદ કરી તેની ચકાસણી કરી બાષ્પવાળા વાતાવરણમાં બીજની રોપણી કરવી. પાણી સીંચી અંકુરનું રક્ષણ કરવું અને જરૂર પડે તેને ટેકો આપવો અથવા નાજુક દોરીથી બાંધવું. આ રીતથી તે છોડનો ધીમે ધીમે ઉછેર કરવો.

ઘટાદાર છોડનો વિકાસ થઈ વૃક્ષમાં પરિણમશે. તેનો વિસ્તાર થવાથી છાંયડાનો લાભ થશે. વૃક્ષ મોટું થાય ત્યાં સુધી ઉછેર કરવો. તેને ફૂલ બેસે એટલે ફળો પણ લાગશે. ફળોનું વૃક્ષ પર જ રક્ષણ કરવું. સમય આવે તે ઉતારવાં પડશે, તેમાં રસ ભરાશે, તેનું સેવન કરવાથી લોકો તૃપ્ત થશે. તે વૃક્ષ પ્રસિદ્ધિ પામશે. ફળોના ઉપયોગથી વૃક્ષ અનેકને જીવન આપશે. આ રીતે ઈહપરત્ર આનંદ જ થશે. તે સુખને ક્યાંય વિરામ નથી. કૈવલ્યપ્રાપ્તિ માટે આ રહસ્ય કહ્યું. શ્રીદત્ત કહે છેઃ હે ગોરક્ષ, મેં કહેલા બોધને હૃદયમાં સંગ્રહ કરી આનંદપૂર્વક તેનું આચરણ કર. તારી સાથે સંવાદ કરતાં અનેક પ્રકારનો આનંદ થયો અને યોગીવૃંદે પણ સુખ સરોવરમાં સ્નાન કર્યું.

મચ્છિંદ્ર, તને પણ ધન્ય છે કે જેણે ગોરક્ષ જેવા શિષ્યને તૈયાર કર્યો. તારી કૃપા થકી તેનું કલ્યાણ થાવ. તેણે મારી પણ કૃપા સંપાદન

કરી છે. મને દર્શન આપવા તમારા સહુનું આગમન થયું છે. આથી સર્વને લાભ થયો. હવે શરણાગતની કામનાપૂર્તિ કરી તેમને પણ સુખ આપ. આ પ્રમાણેનો સર્વને બોધ કર્યો છે તે પ્રમાણે આચરણ કરજો. હવે અમારે જવાની ઉતાવળ છે. આ સાંભળી સર્વ યોગીઓનું મન ઉદાસ થયું. તેઓ એકી અવાજે બોલ્યાઃ હે શ્રીદત્ત, પતિતપાવન, દયાળુ, કૃપાઘન, દીનપાલક, ભવભંજન, સ્વાનંદભૂવન, જગદ્‌ગુરુ, તું કરુણાની સાક્ષાત્ મૂર્તિ છે. હવે દીનોની ઉપેક્ષા કેમ કરે છે? અમને તરછોડીને કેમ પ્રયાણ કરે છે? તું અમારો પ્રાણ, જીવનું જીવન છે. આ પ્રમાણે બોલતાં તેમની આંખોમાંથી અશ્રુઓ વહી રહ્યાં હતાં. તેઓ કરુણાની ભીખ માગતા હતા.

સર્વ યોગીઓના અંતઃકરણના ભાવ ઓળખી શ્રીદત્તને દયા ઉપજી. તેમણે કહ્યુંઃ ચિંતા કરશો નહીં. નર્મદા નજીક મારી માતા તપાચરણ કરે છે. તેની સાથે મુલાકાત કરી હું પાછો આવું છું. અનસૂયા નામની મારી માતા ઘણા સમયથી તપશ્ચર્યામાં રત છે. તેના ચરણે હું સેવાર્થી હોઉં છું. મને યાદ આવ્યું કે તેનાં દર્શન માટે મારે જવાનું છે. આ માટે મેં પ્રસ્થાન કરવાનું નક્કી કર્યું. બીજું કોઈ કારણ નથી. માતૃસેવાનું સ્થળ અનેકનું વિશ્રામસ્થળ છે. શ્રીદત્તનું કથન સાંભળી યોગીવૃંદે પૂછ્યુંઃ ગોરક્ષે આપને પ્રશ્નો પૂછ્યા ત્યારે આપે સાત શ્લોકોમાં સુંદર વિવેચન કર્યું. હવે આ (માતૃસેવાની) નૂતન વાત શા માટે કહો છો? શ્રીદત્તે કહ્યુંઃ મૂળ વાત જે કહી તે નિવૃત્તિ વિશેની હતી. હવે પ્રવૃત્તિ બાબત પણ તત્ત્વ તમને કહું છું તે ધ્યાન દઈ સાંભળો.

શ્રીદત્ત-યોગી સંવાદ અત્યંત મધુર છે. જેમ ટોચથી મૂળ તરફ જતા શેરડી વધુ મધુર લાગે છે તેવો જ કથામૃતરસ પણ અધિકાધિક મધુર છે. ભક્તોને તે વિશેષ મધુર લાગે છે અને જ્ઞાનીઓ તેના વિશેષ

ચાહક છે. બીજા જે પાપી, મૂઢ લોકો છે જેમને કથામૃતમાં પ્રીતિ નથી તેવા દુર્ભાગ્યશાળી માણસોને આ ધનરાશિ કોલસા જેમ ભાસે છે. કાગડાઓને જેમ કેરી ભાવતી નથી તેવી જ રીતે તેવા અભાગી લોકોને કથામૃત ભાવતું નથી. આ પ્રમાણે ગિરનાર પર્વત પર નિવાસ કરનાર સર્વ ભાગ્યશાળી છે. તેમના પર ષડ્ગુણઐશ્વર્યમૂર્તિ દત્ત મહેરબાન થઈ સિદ્ધ યોગીઓના મનનો હેતુ જાણી શ્રીદત્ત વિવેચન દ્વારા તેમને સંતુષ્ટ કરશે.

શ્રોતાઓએ તે મધુર વિવેચન આગામી અધ્યાયમાં શ્રવણ કરવું. શ્રીદત્ત-અવિનાશ સર્વને સંતુષ્ટ કરે છે. તે અનન્ય શરણાગતનો અસ્વીકાર કરતો નથી. જેવી જેની ભક્તિ, શુદ્ધભાવ તે જ રીતે શ્રીદત્ત તેમનો મનોરથ પૂર્ણ કરે છે. તેવો શુદ્ધભાવ સિદ્ધ યોગીઓમાં મૂર્તિમંતપણે વિદ્યમાન હોય છે. આથી ગિરનાર એ શ્રીદત્તનું મનગમતું વિશ્રાંતિસ્થાન છે. શ્રીદત્તને સાધુસંતો, ભક્તો પર પ્રીતિ છે. આથી ગિરનાર સ્થળનો કદી પણ ત્યાગ કરતો નથી. તે પ્રેમરંગથી રંગાયો છે. આથી સંતોની સેવા હંમેશાં કરવી અને શ્રીદત્તની કૃપા સંપાદન કરવી. ભક્તિમાં નિષ્ઠા રાખી હંમેશાં જાગ્રત રહેવું જેથી સહજ સુખ પ્રાપ્ત થાય છે.

સંતો સુખનો સાગર, દીનનું પિયર, ભક્તો પ્રત્યે ઉદાર અને ભાવિકો પ્રત્યે દાતા છે. આ જ રહસ્ય જાણી અનંતસુત તેમને શરણે આવ્યો. સંતચરણ તરફ દૃષ્ટિ રાખી તે સેવાનું દાન માગે છે. સંતોની કીર્તિ ત્રિભુવનમાં વિખ્યાત છે. જે પામર લોકો તેમને શુદ્ધ અંતઃકરણથી ભજે છે તેમનો તેઓ ઉદ્ધાર કરે છે. શેષ પણ સંતોના મહિમાનું યથાર્થ વર્ણન કરી શકતો નથી તો પામરની શી કથા? હું પોતે હીન, અલ્પમતિ, અનાથ હોવાથી તેમના ચરણે લીન થવા પ્રયત્નરત છું. તેમને સ્પર્શ કરવા મને અધિકાર નથી. ચાતકની દૃષ્ટિથી હું તેમના દ્વારે

પ્રતીક્ષા કરું છું. તમે સાધુસંત મને કોમલ અંતઃકરણથી પાવન કરો. હું બળજબરીથી તમારો સેવક કહેવડાઉં છું. આથી દયા કરી તમે મારી ઈચ્છા પૂરી કરો. મને નિરાશ ન કરતાં મારો અંગિકાર કરો.

॥ ઈતિ નવચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋ ❋ ❋

દિવ્ય પંચમૂર્તિ દર્શન